ગુજરાત વિધાનસભા
તા. ૧૦મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૧૯, ૧૯૩૮ શાકે
સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

<#B /તારાંકિત પ્રશ્નો/B #>

<#S B /સુરત જિલ્લાના ગામોને સિંચાઈ સુવિધા આપવાની યોજના/S B #>

<#M /* ૨૯૩૭૭ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા /M #> (કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના દીણોદ, બોરીદ્રા અને કંટવા ગામોને સિંચાઈ સુવિધા આપવાની યોજના કયા તબક્કે છે, | (૧) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) ઉક્ત યોજનાની વિગતો શું છે અને તેની અંદાજીત કિંમત કેટલી છે, અને | (૨) ઉક્ત યોજનાથી માંગરોળ તાલુકાના દીણોદ, બોરીદ્રા અને કંટવા ગામોની બિન સિંચાઈ જમીનને ઉદવહન સિંચાઈથી પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે, જેની અંદાજિત કિંમત રૂ. ૩૫૫૬.૮૩ લાખ છે. |
| (૩) ઉક્ત યોજનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) કુલ – ૧૮૧૨ હેક્ટર |

શ્રી પ્રફુલભાઈ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતની અંદર ઉકાઈ જમણા કાંઠાની ૩૬૦ કરોડ રૂપિયાના ખર્ચે ૬૦ દિવસની અંદર સિંચાઇ યોજના પૂર્ણ કરવાની હતી ત્યારે હર્ષ અને ગૌરવની લાગણી સાથે હું કહી રહ્યો છું કે, એ કામો ૫૮ દિવસની અંદર પૂર્ણ કર્યા હતા એ બદલ હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દીણોદ અને બોરીદ્રા ઉદ્વહન સિંચાઇ યોજના બનાવવાની જરૂર કેમ પડી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાનો મોટા ભાગનો વિસ્તાર ઉકાઇ અને કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં આવે છે, પરંતુ માંગરોળ તાલુકાનો થોડોક ભાગ કે જે ઉકાઇના કમાન્ડથી લગભગ ૩૦ મીટરની ઉંચાઇએ આવેલો હોવાથી ઉકાઇના પાણીનો એને લાભ મળતો ન હતો અને આ વિસ્તાર સંપૂર્ણપણે આદિવાસી વિસ્તાર છે એટલે આદિવાસી વિસ્તારના આદિવાસી ખેડૂતોને ઉકાઇના પાણીનો લાભ મળે એ માટે અમારા માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા અને એ વિસ્તારના બધા ધારાસભ્યશ્રીઓ અવારનવાર રજૂઆત કરતા હતા કે, આ વિસ્તારને પણ ઉકાઇ અને કાકરાપારના પાણીનો લાભ મળવો જોઇએ અને એમની રજૂઆતના અંતે રાજય સરકારે નક્કી કર્યું એટલે આ આદિવાસી વિસ્તારમાં ૩૨ મીટરનું હેડ હોવા છતાંય આ દીણોદ, બોરીદ્રા અને કંટવા ગામ સુધીની ઉદ્વવહન સિંચાઇ યોજના કરવાનું રાજય સરકારે નકકી કર્યું છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે નવી ઉદ્વહન સિંચાઇ યોજના માંગરોળ તાલુકાની બોરીદ્રા એમાં કયા કયા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને ક્યાંથી લીફ્ટ કરવા માગો છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દીણોદ, બોરીદ્રા અને કંટવા આ ત્રણ ગામો છે એમાં દીણોદની અંદર ૧૧૨૪ હેક્ટર, બોરીદ્રામાં ૬૨૨ હેક્ટર અને કંટવાની અંદર ૬૬ હેક્ટર એમ ટોટલ ૧૮૧૨ હેક્ટર વિસ્તારની અંદર એનો લાભ મળશે અને ૧૦૪૪ ખેડૂતો એના લાભાર્થી રહેશે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, દીણોદ અને બોરીદ્રા ઉદ્વહન સિંચાઇ યોજનામાં પાણીનો સ્ત્રોત કયો છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ યોજનાની પાઇપલાઇનની નેટવર્કની કુલ લંબાઇ કેટલી છે અને ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, આ યોજનાથી તળાવો ભરવાનું આયોજન છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદ્વહન સિંચાઇ યોજના અંગે મેં મારા શરૂઆતના જવાબમાં કહ્યું એમ કાકરાપાર આધારિત ઉકાઇ જમણા કાંઠા મુખ્ય નહેરના પાણી આધારિત બનાવવાનું આયોજન છે અને આ યોજનાની પાઇપલાઇનના નેટવર્કની કુલ લંબાઇ ૧૩૪.૮૮ કિલોમીટર છે. આ યોજનાથી કુલ નવ તળાવો ભરવામાં આવશે. આ

યોજનાની ખાસીયત એ છે કે, પાઇપલાઇન દ્વારા તળાવોમાં પાણી નાખવામાં આવશે અને એ તળાવોના પાણી નાની નાની સિંચાઇ મંડળીઓ દ્વારા ઉદ્વહન કરીને દરેક ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવામાં આવશે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનાનું શરૂઆતનું સ્થળ અને અંતનું સ્થળ કયુ આવેલ છે, તેમજ શરૂઆતના સ્થળે કેટલો પાણીનો જથ્થો ઉદ્વહન કરવાના છો અને છેલ્લા સ્થળે કેટલો મળશે, શરૂઆતના તબક્કે કેટલા એમ.એમ.ના વ્યાસવાળી પાઇપ હશે અને અંતમાં કેટલા વ્યાસની પાઇપ લાઇન વાપરવાના છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : દિણોદ બોરીદ્રા સિંચાઇ યોજનાનું શરૂઆતનું સ્થળ છે ઉકાઇના જમણા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૨૫.૧૦ કિલોમીટર પાસે તથા અંતિમ સ્થળ માંગરોળ તાલુકાના બોરીદ્રા ગામ પાસે આવેલ છે. આ સિંચાઇ યોજનાના શરૂઆતના સ્થળે ૩૬.૧૭ કયુસેક અને અંતમાં ૯.૬૨ કયુસેક પાણીનો જથ્થો ઉદ્વહન કરવાનો થાય છે. આ યોજનામાં શરૂઆતના સ્થળે ૪૫૦ એમ.એમના વ્યાસની તથા અંતિમ સ્થળે ૧૬૦ એમ.એમ. વ્યાસની પાઇપ લાઇન છે.

<#S B /રાજ્યમાં ખેતી હેતુ માટે એક જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છૂટ/S B #>

<#M /* ૩૦૯૯૮ શ્રીમતી સંગીતાબેન પાટીલ /M#> (લિંબાયત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડુતોને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છૂટ આપવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડુતોને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છૂટ આપવામાં આવી છે. જેનાં નિયત શરતો/ધારા ધોરણો નીચે મુજબ છે.

૧. અરજદાર/ગ્રાહક (દક્ષિણ, મધ્ય, ઉત્તર, પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા હાલની મંજુર કરાયેલ કરારિત વીજભારની મર્યાદામાં અને એક જ સર્વે નંબરમાં/અથવા અરજદારની માલિકીના અડીને આવેલા અન્ય સર્વે નંબરમાં ૨ (બે) વીજ મોટરોનો જ ઉપયોગ કરી શકશે અને તે હેતુ સબબ લાગુ પડતી પેટા વિભાગીય કચેરીમાં જાણ કરવાની રહેશે. કરારિત વીજભારથી વધુ વીજભારની જરૂર હોય તેવા કિસ્સામાં ગ્રાહક અરજી કરી વધુ વીજભાર મંજૂર કરાવ્યા બાદ જ બે મોટરોનો ઉપયોગ કરી શકશે.

૨. કોઈપણ અન્ય લાગુ પડતા કિસ્સામાં, જેમ કે ખેતી વિષયક વીજ જોડાણના સ્થળમાં ફેરફાર, પુનઃ જોડાણ વગેરેમાં, પ્રવર્તમાન પરિપત્ર મુજબના નિયમો/શરતોને આધિન, ખેતી વિષયક વીજ જોડાણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, તેમજ અરજદાર/ગ્રાહક, જો ૨ (બે) વીજ મોટરો ઉપયોગ કરવા માંગે તો નિયત અરજી પત્રકમાં બન્ને મોટરોની તમામ વિગતોનો ક્ષમતા સાથે ઉલ્લેખ કરવાનો રહેશે.

૩. ખેતી વિષયક વીજ જોડાણમાં, કંપનીના હાલના પોઈન્ટ ઓફ સપ્લાય બાદ, વીજ મોટર/મોટરો જોડવા માટેની સંપૂર્ણ સુરક્ષિત, ઈન્સુલેટેડ વાયરીંગની વ્યવસ્થા અરજદાર/ગ્રાહક દ્વારા કરવાની રહેશે અને આવા વાયરીંગની સાર-સંભાળ રખ-રખાવ, તેમજ વીજ-સુરક્ષાની જવાબદારી અરજદાર ગ્રાહકની રહેશે. તેમજ અરજદાર ગ્રાહક દ્વારા આ વાયરીંગની વ્યવસ્થા અરજીમાં દર્શાવેલ સર્વે નંબરમાં કે અડીને આવેલા પોતાની માલીકીના અન્ય સર્વે નંબરમાં જ કરવાની રહેશે.

૪. બન્ને વીજ મોટરોના પ્રસ્થાપન, વાયરીંગ વગેરે માટેનો જરૂરી નવો ટેસ્ટ રીપોર્ટ, નિયત ફી સાથે રજુ કરવાનો રહેશે. સદર ટેસ્ટ રીપોર્ટમાં, નિયમાનુસાર કરેલ બંને મોટરોના વાયરીંગ, કુવા કે બોર સુધીના વાયરોની લંબાઈ, વાયરોનો પ્રકાર અને ક્ષમતા, બન્ને કુવા કે બોર વચ્ચેનું અંતર વગેરેના ઉલ્લેખ સાથેનો સ્પષ્ટ આંકનવાળો નકશો સાદા કાગળ પર રજુ કરવાનો રહેશે. તેમજ નિયમાનુસાર જરૂરી માનક અને ક્ષમતા સાથેની RCD/ELCB ફરજીયાત પ્રસ્થાપન કરીને જોડવાની રહેશે જેનો ઉલ્લેખ પણ ટેસ્ટ–રીપોર્ટમાં સ્પષ્ટપણે કરવાનો રહેશે.

૫. અરજદાર ગ્રાહક દ્વારા ૨ (બે) વીજ મોટરોના ઉપયોગ કરવા હેતુ જરૂરી નવા ટેસ્ટ રીપોર્ટ સાથે સાથે બીડાણ મુજબનું બાંહેધરી પત્ર સાદા કાગળ પર આપવાનું રહેશે. ટેસ્ટ–રીપોર્ટ સ્વીકાર્યેથી બે મોટરો વાપરવાની મંજૂર થયેલી ગણાશે અને ગ્રાહક તે મુજબ ઉપયોગ કરી શકશે. અન્ય કિસ્સામાં વીજ કંપની દ્વારા દિન ૧૫માં ગ્રાહકને જાણ કરવાની રહેશે.

૬. હોર્સપાવર આધારિત ખેતી વિષયક વીજ જોડાણમાં, અરજદાર ગ્રાહકને ૨ (બે) વીજ મોટર વાપરવાની પરવાનગી સાથે જે તે લાગુ પડતા ટેરીફ મુજબ વખતો વખત મંજુર થયેલ દરે (દક્ષિણ–મધ્ય–ઉત્તર–પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ બીલ આપવામાં આવશે તે સમયસર ભરપાઈ કરવાનું રહેશે. આમ છતાં અરજદાર ગ્રાહક દ્વારા મીટર ટેરીફ પ્રમાણે વીજ મીટર લગાડવાના વિકલ્પને પસંદ કરી શકશે, તેમજ આ વિકલ્પની પસંદગી કર્યેથી ગુજરાત વિદ્યુત નિયમન આયોગ દ્વારા, વખતોવખત મંજુર થયેલ દરે (દક્ષિણ–મધ્ય–ઉત્તર–પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ બીલ આપવામાં આવશે તે સમયસર ભરપાઈ કરવાનું રહેશે.

૭. આવા ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ગ્રાહકને, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ દ્વારા, વખતોવખત મંજુર થયેલ દરે વીજ બીલ આપવામાં આવશે અને તે ગ્રાહકે ભરપાઈ કરવાનું રહેશે.

૮. આવા ખેતી વિષયક વીજ જોડાણના ગ્રાહક, જો ગેરરીતિના કોઈપણ કિસ્સા જેમ કે વીજચોરી, અનધિકૃત વીજ ભાર/વપરાશ કરવો વગેરે કરતા માલુમ પડે તો, વીજ અધિનિયમ ૨૦૦૩ અને વખતો વખત લાગુ પડતા અન્ય સુધારાઓને આધીન કાર્યવાહી કરવામાં આવશે.

૯. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના તા. ૨૫–૧૦–૨૦૧૬ના પરિપત્ર જાહેર કર્યાની તારીખથી અમલમાં રહેશે અને આ બાબતને લાગુ પડતા અગાઉના પરિપત્રોના નિયમો રદ ગણાશે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : તારીખ ૨૮-૨-૧૭ની સ્થિતિએ રાજયમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર બે મોટરો વાપરવા અંગેની કેટલી અરજીઓ નોંધાયેલ છે અને તેમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરાયો અને કેટલી અરજીઓની કામગીરી પ્રગતિમાં છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : આપના માધ્યમ દ્વારા આ સન્માનનીય સભાગૃહને જણાવવાનું કે સભ્ય શ્રીમતી સંગીતાબહેનનો જે પ્રશ્ન છે કે એક કનેકશનની અંદર બે મોટર ચલાવવા માટે જિલ્લા વાઇઝ કેટલી અરજીઓ આવી છે ત્યારે ૨૮-૨-૨૦૧૭ની સ્થિતિએ રાજયમાં ૪૧૧૪ અરજીઓ નોંધાયેલ છે. જેમાં ૨૧૬૩ અરજીઓનો નિકાલ થયેલ અને ૨૬૬ અરજીઓની કામગીરી પ્રગતિ હેઠળ છે. બનાસકાંઠામાં નોંધાયેલ ૧૦૭૮ અરજીઓ જેમાંથી નિકાલ ૪૯૮, કામગીરી પ્રગતિમાં હોય તેવી અરજી ૮૦ છે. સાબરકાંઠામાં ૭૫૩ અરજીઓ એની સામે નિકાલ થયેલ ૩૩૬, પડતર ૨૯ છે. અમરેલી જિલ્લામાં ૪૪૩ અરજીઓ સામે નિકાલ થયેલ ૩૬૫, ૪ પડતર છે. જુનાગઢ જિલ્લાની અંદર ૪૧૮ અરજીઓ આવેલ છે એની સામે નિકાલ થયેલ ૩૩૦ છે જયારે ૩૬ પ્રગતિ હેઠળ છે. અરવલ્લી જિલ્લામાં ૩૫૮ અરજીઓ આવેલ છે એની સામે નિકાલ થયેલ ૧૧ અને પ્રગતિ હેઠળ ૧૩. કચ્છમાં આવેલ અરજીઓ ૨૭૮ એની સામે ૯૦નો નિકાલ જયારે ૫૭ પ્રગતિ હેઠળ છે. જામનગર જિલ્લામાં ૧૯૪ અરજીઓ આવેલ છે એની સામે ૧૮૦નો નિકાલ થયેલ છે જયારે ૧૩ પડતર છે. મહેસાણા જિલ્લામાં ૧૧૩ અરજીઓ આવેલ એની સામે ૯૦નો નિકાલ થયેલ, બાકીની કામગીરી હેઠળ. સુરેન્દ્રનગરમાં ૮૨ અરજીઓ આવેલ અને નિકાલ થયેલ ૧૮ અને કામગીરી પ્રગતિ હેઠળ ૬, મોરબીની અંદર ૬૮, નિકાલ ૩૨, કામગીરી હેઠળ ૧૧, રાજકોટમાં ૫૭, નિકાલ થયેલ ૫૧ અને ૧ કામગીરી હેઠળ. ગીર સોમનાથમાં ૫૦, નિકાલ થયેલ ૩૩, ૧ કામગીરી હેઠળ. બોટાદની અંદર ૪૪ અરજીઓ આવેલ જયારે ૪૪ નો નિકાલ. ભાવનગરની અંદર ૩૯ અરજીઓ આવેલ છે એની સામે ૩૮ નો નિકાલ, ગાંધીનગરની અંદર ૨૬,૧૨નો નિકાલ, મહીસાગર ૨૪, દેવભૂમિ દ્વારકામાં ૧૮, નિકાલ ૧૨, પોરબંદરની અંદર ૧૮, નિકાલ ૨, સુરતમાં ૧૬ એની સામે નિકાલ ૬, ખેડામાં ૧૪ નિકાલ ૮, વડોદરામાં ૯, નિકાલ ૩ નવસારીમાં ૪, ૪ પડતર આણંદ જિલ્લામાં ૩ નિકાલ ૨, નર્મદામાં ૨, નિકાલ ઝીરો, પાટણમાં ૨ નિકાલ ૨, તેમજ છોટાઉદેપુર અને ભરૂચ એમ કુલ મળીને ૪૧૧૪ અરજીઓ આવેલ છે એની સામે નિકાલ ૨૧૬૩ નો થયેલ છે જયારે ૨૬૬ પ્રગતિ હેઠળ છે.

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી : માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે આ યોજનાનો લાભ કોને મળવાનો છે, અને આ યોજનામાં જે બીજી મોટર વાપરવાની છૂટ હાલની કરારિત વીજભારની મર્યાદામાં જ મળશે કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા રાજયના તમામ ખેડૂતને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર કરારિત વીજ ભારની મર્યાદામાં ધારાધોરણને આધીન બે મોટર વાપરવાની છૂટ આપવામાં આવી છે. આ છૂટના કારણે બીજી મોટરના વપરાશ ઉપર અગાઉમાં આવતા પૂરવણી બિલમાંથી ખેડૂતોને મુકિત મળશે અને ખેડૂતે પોતાના જ ખેતરમાં બનાવેલ અન્ય કૂવો અથવા બોર પર બીજું કનેકશન નવું કનેકશન માગ્યા સિવાય એક જ કનેકશનની અંદર મંજૂરી મેળવી અને બીજા કનેકશનનો ઉપયોગ કરીને મોટર પોતાના ખેતરમાં વાપરી અને પિયત કરી શકશે. ગ્રાહકને હાલની મંજૂર કરાયેલ કરારીત વીજભારની મર્યાદામાં જે તે પેટા વિભાગીય કચેરીમાંથી મંજૂરી મેળવી બીજી મોટર વાપરવાની છૂટ આપવામાં આવી છે. ઉપરાંત કરારિત વીજભારથી વધુ વીજભારની જરૂરિયાત હોય તેવા કિસ્સામાં ગ્રાહક અરજી કરી વધુ વીજભાર મંજૂર કરાવ્યા બાદ જ બે મોટરનો ઉપયોગ કરી શકશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપે બીજી મોટર આપવાની વાત કરી, સારી વાત છે. સૌથી પહેલાં અમારા વિસ્તારનું આપે વાંચ્યુ હશે કે બનાસકાંઠાના ૧૦૭૮ કનેકશન. આમ અમારા વિસ્તારમાં કનેકશન વધુ થતાં હોય છે. પેરેગ્રાફ-૩માં આપે જે વિગત આપી છે કે આ કનેકશનનો તમામ ખર્ચ ખેડૂતને ભોગવવાનો રહેશે અને તેની જાળવણી પણ ખેડૂતને કરવાની રહેશે. તો મારો પહેલો પ્રશ્ન એ છે કે જો ખેડૂતને ખર્ચ કરવાની આપણે વાત કરતા હોઇએ, ખેડૂતના હિતમાં એક સારો નિર્ણય લીધો છે. તો આ જે ખર્ચ છે એ સરકાર ભોગવવા માગે છે કે કેમ અને જે જાળવણીની આપ વાત કરો છો એ તો બહુ અઘરું છે. તો ખેડૂતને એ જવાબદારીમાંથી બાદ કરવા માગો છો કે કેમ? બીજું એક સારું સૂચન એ છે કે જયાં જમીન હોય ત્યાં બાજુમાં પણ બીજી એક લાઇન નીકળતી હોય છે. તો ખર્ચ પણ ન થાય, પૈસા પણ બચે. તો આપ બીજું કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇને મારે જણાવવું છે કે રાજય સરકાર ખેડૂતોને વીજળીનું કનેકશન આપે છે તેમાં લગભગ ૧,૬૮,૦૦૦ રૂપિયા જેવો ખર્ચ રાજય સરકાર વહન કરે છે. માત્ર નોમિનલ રકમ લઇને ખડૂતોને વીજળીનું કનેકશન આપવામાં આવે છે. જયારે આપનો પ્રશ્ન છે એ કરારિત વીજભારની મર્યાદામાં ખેડૂતને બીજી મોટર ચલાવવી હોય એવા કિસ્સામાં બીજી મોટરની પરવાનગી જયારે ખેડૂત માગે ત્યારે એક કનેકશન સુધી રાજયના ઉર્જા વિભાગની જવાબદારી છે પણ એક કનેકશનથી બીજા કનેકશન સુધી જે કંઇ માગણી કરી હોય, જે કંઇ પોતે કેબલ લંબાવીને મોટર ચલાવવા માટેની પરવાનગી મેળવી હોય, એ કનેકશનથી બીજા કનેકશન સુધીની એ ખેડૂતની જવાબદારી રહેશે. બીજી વાત આપે કરી કે એક લાઇન નજીકમાંથી પસાર થતી હોય તો તેમાંથી વીજળીનું કનેકશન આપવા માગો છો કે કેમ? મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે આવી બીજી લાઇન પસાર થતી હોય અને ખેડૂત બીજું નવું વીજળીનું કનેકશન તેમના ખેતરની અંદર માગણી કરશે તો આપી શકાશે. કારણ કે બીજી લાઇનમાંથી બીજું કનેકશન આપવામાં આવે તો એ કનેકશન નવું ગણવામાં આવે છે. કરારિત વીજભારની અંદર એ ગણી શકાય નહીં. એટલે માનનીય સભ્યશ્રીને વિનંતી કે

આવી કોઇ માગણી હશે તો અમે ચોક્કસ મંજૂર કરીશું અને ખર્ચની બાબતમાં તેમનું સૂચન છે, પણ બલવંતસિંહભાઇ, તમારે વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપવા જોઇએ કે વર્ષો સુધી તમારી, મારી અને તમામ લોકોની માગણી હતી. આવો ઐતિહાસિક નિર્ણય માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ  પટેલના નેતૃત્વ હેઠળ સરકારે લીધો છે. આનાથી ખેડૂતોને ખૂબ મોટો લાભ થનાર છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગુજરાતની સરકારને એક વીજ કનેકશનમાં બે મોટર ચલાવવા માટેનો નિર્ણય લીધો એ બદલ વિજયભાઇ રુપાણી સાહેબ અને નીતિનભાઇ પટેલ સાહેબ અને આપણાં મંત્રીશ્રીએ જે નિર્ણય લીધો એ અદભૂત નિર્ણય છે અને આ નિર્ણયથી એક વીજ કનેકશનથી બે મોટર ચલાવવાથી ખેડૂતોને શું ફાયદા થશે?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે એક કનેક્શનની અંદર બે મોટર ચલાવવાની મંજૂરી આપવામાં આવતા ખેડૂતોને એનો શું લાભ મળે? મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે ભૂતકાળની અંદર એક જ સરવે નંબર હોય અને એક જ કનેક્શન હોય. આ મોટો સરવે નંબર હોય અને પિયત પોતાના ખેતરની અંદર આપવાનું હોય અને એવા સંજોગોમાં વીજ પુરવઠો પૂરો ઉપલબ્ધ ન હોય ત્યારે એવા સંજોગોમાં ખેડૂતને પોતાનો પાક બચાવવા માટે એક કરતાં વધુ કનેક્શન મેળવી અને પોતાનો પાક બચાવતા હોય અને એવા સંજોગોમાં કંપની દ્વારા ચેકીંગ કરવામાં આવે અને ત્યારે ખેડૂતોને વીજ બિલનો દંડ આપવામાં આવતો હતો. આવી દંડનીય રકમમાંથી ખેડૂતોને સંપૂર્ણ મુક્તિ મળશે.

<#S B /સુરત અને તાપી જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૫૦ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા /M #>  (સુરત પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧)  વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતી ખેડુતોના કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨)  ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)  અને (૨) : આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત સુરત અને તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડુતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૫૨૯ | ૫૪૦૭.૭૪ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૯૧૭ | ૩૮૭૮.૬૪ |
| કુલ | ૪૪૪૬ | ૯૨૮૬.૩૮ |
| તાપી જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૩૫૦૨ | ૫૯૩૭.૦૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૮૨૭ | ૩૫૫૬.૬૪ |
| કુલ | ૫૩૨૯ | ૯૪૯૩.૬૬ |

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લા અને તાપી જિલ્લામાં કેટલા જોડાણો આપવાના બાકી રહ્યા છે?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ, ૨૦૧૫–૧૬ની અંદર ૩૫૦૨ જોડાણો આપવામાં આવ્યા તે માટે રૂ.૫૯૩૭.૦૨ લાખનો ખર્ચ થયો છે અને એ જ રીતે ૨૦૧૬–૧૭ની અંદર ૧૮૨૭ કનેક્શન આપવામાં આવ્યા અને તે માટે રૂ.૩૫૫૬.૬૪ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે હોર્સ પાવર આધારીત તેમજ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતો માટે ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા જાહેર કરેલા વીજ દર શું છે તેની સામે ખેડૂતો પાસેથી ખરેખર શું દર વસૂલવામાં આવે છે?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે વીજ કંપનીને સરેરાશ રૂ.૧.૬૮ લાખનો ખર્ચ થાય છે. ૫ હોર્સ પાવર હોય તો એમાં રૂ.૭૬૫૫/– અને ૭.૫ હોર્સ પાવર હોય રૂ.૮૦૭૫/– ખર્ચ લેવામાં આવે છે. આમ વીજ ભાર કનેક્શન માટેનો ખર્ચ ખેડૂતોએ ભોગવવો પડે છે અને જ્યારે વીજ નિયમન પંચમાં એના દર હોર્સ પાવર આધારીત નક્કી કરવામાં આવ્યા છે. એમાં હાલ ગુજરાતમાં વીજ નિયમન પંચ દ્વારા હોર્સ પાવર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતો માટે પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ જાહેર કરેલ કૃષિ વિષયક વીજ દર રૂ.૨૪૦૦/– છે. છેલ્લા ૧૬ વર્ષથી રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી વસૂલવામાં આવતા વીજ દરમાં વધારો થવા દીધેલ નથી. વર્ષ ૨૦૦૦માં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરેલ વીજ દર રૂ.૧૬૮૦/– પ્રતિ હોર્સ પાવર, પ્રતિ વર્ષ અને વર્ષ ૨૦૧૦માં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરેલ વીજ દર રૂ.૧૯૨૦/– પ્રતિ હોર્સ પાવર, પ્રતિ વર્ષ. વર્ષ ૨૦૧૧માં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરેલ વીજ દર રૂ.૨૧૦૦/– પ્રતિ હોર્સ પાવર, પ્રતિ વર્ષ. વર્ષ ૨૦૧૩ અને વર્ષ ૨૦૧૬માં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નકકી કરેલ વીજ દર ૨૪૦૦ રૂપિયા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ નકકી કરવામાં આવ્યા પરંતુ વીજ નિયમન પંચ દ્વારા જાહેર કરવામાં આવતા વીજ દરનો બોજો ખેડૂત ઉપર પડવા દેવામાં આવતો નથી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આદિજાતિ ખેડૂતોને જે રીતે વીજ જોડાણ આપવામાં આવ્યું છે ૨૦૧૬–૧૭માં તાત્કાલિક યોજના હેઠળ કેટલો લાભ આપવામાં આવ્યો અને રેગ્યુલર કેટલો આપવામાં આવ્યો? ૨૦૧૭–૧૮ના વર્ષમાં કેટલી અરજીઓ આવી અને એ અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવશે?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે સભ્યશ્રીને જણાવવાનું છે કે એમનો પ્રશ્ન તાત્કાલિક યોજના હેઠળ કેટલા કૂવાનું વીજળીકરણ કરવામાં આવ્યું ત્યારે માનનીય સભ્યશ્રી પુનાભાઇને હું જણાવીશ કે રાજ્યના તમામ ખેડૂતોને જબરજસ્ત વિશ્વાસ ઉભો થયો છે કે અમારું કનેકશન અમે માગણી કરીશું એટલે સમયમર્યાદામાં અમને કનેકશન મળી જશે, ભૂતકાળમાં ખેડૂતો તત્કાલનું કનેકશન મેળવવા માટે ખૂબ પ્રયત્નો કરતા હતા, હવે તત્કાલની બહુ ડીમાન્ડ છે નહીં કારણ કે ખેડૂતોને વિશ્વાસ છે કે અમે માગણી કરીશું એટલે અમને સમયસર કનેકશન મળશે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડૂતો માટે કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટે કઇ કઇ યોજના અમલમાં આવી છે? કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે સરેરાશ કેટલો ખર્ચ થાય છે અને તેની સામે ખેડૂતને કેટલી રકમ ભરવાની થાય છે અને ખેડૂતોને ચોવીસ કલાક સીંગલ ફેઝ કનેકશન આપવાની કામગીરી કયાં સુધી પહોંચી?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે અત્યારે ખેડૂતને કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટે ચાર યોજના અમલમાં છે. સામાન્ય યોજના, આ યોજના હેઠળ રાજ્યના આદિજાતિ વિસ્તાર સિવાયના તમામ વિસ્તાર ડાર્ક ઝોન વિસ્તાર સહિતના તમામ ખાતેદાર ખેડૂતને વીજ જોડાણ મળી શકે છે. આદિજાતિ વિસ્તાર પેટા યોજના– આ યોજના હેઠળ રાજ્યના આદિજાતિ વિસ્તાર તરીકે જાહેર થયેલ વિસ્તારમાં કોઇપણ વર્ગ કે જ્ઞાતિના ખેડૂતને વીજ જોડાણ મળી શકે છે. અનુસૂચિત જાતિ પેટા યોજના– આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તાર સિવાયના ગમે તે વિસ્તારમાં વસવાટ કરતા અનુસૂચિત જાતિના ખેડૂતોને વીજ જોડાણ મળી શકે છે. તાત્કાલિક યોજના–આ યોજના હેઠળ રાજ્યના તમામ વિસ્તારમાં ખાતેદાર ખેડૂતને વીજ જોડાણ મળી શકે છે. એક કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે સરેરાશ ૧.૬૮લાખ જેટલો ખર્ચ વીજ કંપનીને થાય છે જેમાંથી ખેડૂતને સામાન્ય યોજના હેઠળ પાંચ હોર્સ પાવરનું વીજળીનું કનેકશન મેળવવું હોય તો ૭૬૫૫ રૂપિયા ભરવાના થાય. સાડા સાત હોર્સ પાવરનું કનેકશન મેળવવું હોય તો ૮૦૭૩ રૂપિયા ભરવાના થાય. દસ હોર્સ પાવરનું કનેકશન મેળવવું હોય તો ૧૪૩૪૦ રૂપિયા ભરવાના થાય છે. જયારે આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ ખેડૂતને વીજળી માટેનો કોઇ ચાર્જ ભરવાનો થતો નથી પરંતુ ખેડૂતને માત્ર ડિપોઝીટની રકમ, ટેસ્ટ રીપોર્ટ, ચાર્જ અને એગ્રીમેંટની રકમ ભરવાની થાય છે. પાંચ હોર્સ પાવરનું ખેડૂતને ૯૫૫ રૂપિયા જ માત્ર ભરવાના થાય છે.

<#S B /રાજકોટ જિલ્લામાં ખારેકના વાવેતર માટે સહાય/S B #>

<#M /* ૨૯૩૫૯ શ્રી ગોવિંદભાઈ પટેલ/M #> (રાજકોટ–દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં રાજકોટ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂ. ૨,૧૪,૪૮૦/–
(રૂપિયા બે લાખ ચૌદ હજાર ચારસો એંસી પુરા)

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ટીશ્યુ કલ્ચર એ ખેડૂત સમાજ માટે આશીર્વાદરૂપ છે. ૧૯૯૭માં મેં ૫૦ ખારેકના છોડ વાવ્યા હતા. ચાર વર્ષ પછી પરિણામ એ આવ્યું કે એમાંથી ચાર જ માદા હતી બાકીના ૪૬ છોડ નર હતા. આ ટીશ્યુ કલ્ચર આવતા ખેડૂતને સો ટકા એનાથી ફાયદો થાય છે કારણ કે નર એટલે નર અને માદા એટલે માદા. એમાંથી સો ટકા રીઝલ્ટ મળે છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજકોટ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં આવી? કેટલી મંજૂર થઇ અને કેટલી પેન્ડીંગ છે? ખારેકના આ વાવેતર માટેના સહાયના ધોરણો શું છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવાનું કે, રાજકોટ જિલ્લામાં ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે સને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાલુકાવાર લોધીકામાં એક અરજી આવેલ, એક અરજી મંજૂર પણ કરવામાં આવેલ અને લાભાર્થીને ચૂકવાયેલ સહાય રૂપિયા ૧ લાખ ૪૮ હજાર ૧૮૦ છે. ઉપલેટામાં એક અરજી આવી હતી તે મંજૂર કરવામાં આવી અને ૬૬,૩૦૦ રૂપિયા સહાય ચૂકવવામાં આવી.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ સરકારને હું અભિનંદન આપવા માગું છું કે, ૨૦૦૨માં આ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી...

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછો.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : ગુજરતમાં ૭૦ ટકા ખેડૂતો ગામડાંમાં વસે છે ત્યારે એની આવક વધે એના માટેના સતત કૃષિ મહોત્સવ દ્વારા જે પાકના વાવેતર હતા એમાં બાગાયત પાકો વાવતા થયા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખારેકનો પાક છે તો ખારેકના પાકની ખેતી પદ્ધત્તિ શું છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : ખારેકના પાકની પદ્ધત્તિ વિશે જણાવું તો રેતાળ, ગોરાડું, સંપૂર્ણ નીતાર વાળી જમીનની જરૂરિયાત છે. ખારેકમાં ઝાડને શિયાળામાં ૧૨ થી ૧૫ દિવસે અને ઉનાળામાં આઠથી દસ દિવસે પિયતની જરૂર પડે છે. પુખ્ત ઝાડને ટપક પદ્ધત્તિથી એકાંતરા દિવસે અંદાજે ૫૦ થી ૬૦ લિટર પાણીની જરૂરિયાત રહે છે. ખારેકની જાતમાં બડહઇ, ખાદરાવી, ખળસ, સેવી, બીન, ખજૂર હોય છે. રોપણીનું અંતર સામાન્ય રીતે આઠ બાય આઠ મીટરના અંતરે રોપણી કરવાની હોય. ખેડૂતને દસ બાય આઠ મીટરના અંતરે અને ખાડા ખોદવા માટેનું સામાન્ય રીતે બે બાય બે બાય બે ફૂટના ખોદવામાં આવે છે. ખારેક પાકનું વાવેતર સામાન્ય રીતે માર્ચ–એપ્રિલમાં થાય છે. ટીસ્યુ કલ્ચર અને પીલાના વાવેતરથી કરેલ ખારેકનું ઉત્પાદન સામાન્ય રીતે ચાર વર્ષ પછી શરૂ થતું હોય છે અને પુખ્ત વયના ઝાડ સરેરાશ આશરે ૧૦૦ થી ૧૫૦ કિલો તાજા ફળનું ઉત્પાદન આપે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ટીસ્યુ કલ્ચર પદ્ધત્તિ શું છે અને તેનાથી શું ફાયદો થાય છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સારી ઉચ્ચ ગુણવત્તાવાળા માતૃ છોડમાંથી કોષ પેશી લઇ તેને કૃત્રિમ ખોરાક ધરાવતા કાચના પાત્રમાં નિયંત્રિત અને રોગ–જીવાત મુક્ત વાતાવરણમાં ઉછેરી તેમાંથી માતૃ છોડ જેવા જ ગુણધર્મો વાળા છોડ પ્રયોગશાળામાં ઉત્પન્ન કરવાની પદ્ધત્તિને ટીસ્યુ કલ્ચર પદ્ધત્તિ એટલે કે પેશી સંવર્ધન પદ્ધતિ કહે છે. લેબમાં શરૂઆતમાં ટીસ્યુને મિડિયમ ઉછેરવામાં આવે છે ત્યારબાદ પ્રાથમિક હાર્ડનીંગ ગ્રીન હાઉસમાં અને સેકન્ડરી હાર્ડનીંગ નેટ શેડ હાઉસમાં ઉછેર કરવામાં આવે છે. આ તમામ પ્રક્રિયામાં અંદાજે ત્રણ વર્ષનો સમયગાળો રહે છે. ત્યારબાદ રોપા રોપણી લાયક બને છે. આ રોપા વાવ્યા પછી સામાન્ય રીતે ત્રણ વર્ષથી ફળ આવવાની શરૂઆત થાય છે અને ચોથા વર્ષથી સારું ઉત્પાદન મળે છે. ટીસ્યુ કલ્ચર પદ્ધતિના લાભની વાત કરીએ તો જેનરિક રીતે એક સરખા છોડ વાવેતર માટે ઉપલબ્ધ થાય છે. જેથી એકીસાથે પાક મેળવી શકાય છે. તંદુરસ્ત અને રોગ–જીવાત મુક્ત છોડ ઉત્પાદિત થાય છે અને કોઇપણ પાકમાં નર અને માદા છોડ જુદા જુદા હોય તો ટીસ્યુ કલ્ચર પદ્ધત્તિથી માત્ર માદા છોડ ઉત્પન્ન કરવાનું શક્ય બને છે. ટીસ્યુ કલ્ચર પદ્ધત્તિ સમગ્ર વર્ષ દરમિયાન પ્લાન્ટીંગ મટિરિયલ રોપા ઉત્પન્ન કરી શકાય છે.

<#S B /સાંથલી સિંચાઇ યોજનાની મંજુરી/S B #>

<#M /* ૩૦૩૬૨ શ્રી પરેશ ધાનાણી /M#> (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી તાલુકાની સાંથલી સિંચાઇ યોજનાને સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરીઓ ક્યારે અને કેટલી રકમના ખર્ચે અને કેવા પ્રકારના કામો માટે આપી, | (૧) સાંથલી સિંચાઇ યોજનાનો દાર્શનીક અહેવાલ તા. ૦૬–૦૫–૧૯૯૯થી મંજુર થયેલ અને વહીવટી મંજુરી તા. ૦૮–૦૮–૨૦૧૨ના પત્રથી રૂ. ૩૧૯.૭૬ કરોડની આપવામાં આવેલ છે. મુખ્યત્વે માટી બંધ, સ્પીલવે, મુખ્ય |

| | |
|---|---|
| | બહીર્ધાર અને નહેરના કામો માટે મંજુરી આપેલ છે. |
| (૨) ઉપરોક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે, અને | (૨)<br>• યોજનાના મુખ્ય બંધ અને નહેરોના કામો ડીઝાઈન અને નકશા–અંદાજ તબક્કે.<br>• જમીન સંપાદન તથા પુનઃવસવાટની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) ૧૨૩૦ હેક્ટર જમીન સંપાદન થયા બાદ નાણાકીય ઉપલબ્ધિ અનુસાર કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી તાલુકાની સાંથલી સિંચાઇ યોજના ૧૯૯૯ની અંદર એને સૈધ્ધાંતિક મંજૂરી મળી. ૨૦૧૨ની અંદર એને વહીવટી મંજૂરી મળી. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ ૫ વર્ષ ઉપરાંતનો સમય થયો આ કામ હજુય યોજનાના મુખ્ય બંધ અને નહેરોની ડિઝાઇનના તબક્કે છે. એટલે કાગળ ઉપરથી આ યોજના જમીન ઉપર ઉતરે એવું અમરેલી તાલુકા સહિત જિલ્લાના લોકો ઇચ્છે છે. ૧૯૯૯ની અંદર આ યોજનાને સૈધ્ધાંતિક મંજૂરી મળી અને જમીન સંપાદનના કામો શરૂ થયા. ૧૮ વર્ષ ઉપરાંતનો સમયગાળો વીત્યો પણ હજુ સુધી આ જમીન સંપાદનના પ્રશ્નો પતતા નથી. એટલે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ જમીન સંપાદનમાં ૧૮ વર્ષ ઉપરાંતનો સમયગાળો ગયો તો એમાં વિલંબના મુખ્ય કારણો શું છે? બીજો પ્રશ્ન પૂછવો છે કે, આ હું જે માનું છું ૧ નંબર અને ૫ નંબરની યોજના વચ્ચેનો વિવાદ હતો તો હવે સરકારે આ પૈકી કઇ યોજનાને મંજૂરી આપી છે? અને આ જમીન સંપાદનમાં ક્યા ક્યા ગામના, ખાલી આમાં ૪ ગ્રામ અસરગ્રસ્ત છે એટલે ક્યા ગામના કુલ કેટલા ખેડૂત ખાતેદારોએ વાંધો લીધો છે? અને આ વાંધો લેનારા લોકો છે એના હલ માટે સર્વ પક્ષીય સમાધાન પંચની રચના કરીને આ યોજનાનું અમલીકરણ થાય કાગળ ઉપરથી આ યોજના જમીન ઉપર ઉતરે અને ખેડૂતોને સિંચાઇનું પાણી મળે એવી અમરા તાલુકાની જિલ્લાની લાગણી છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારા ત્રણજ પ્રશ્ન છે કે, ૧ નંબર અને ૫ નંબરની યોજનામાંથી કઇ યોજના મંજૂર કરી છે? આ જમીન સંપાદનમાં ૧૮ વર્ષ ઉપરાંતનો સમયગાળો થયો તો વિલંબના મુખ્ય કારણો કયા છે? કયા ગામના કુલ કેટલા ખેડૂતોએ વાંધા અરજી લીધી છે અને એ સમાધાન માટે થઇને સર્વ પક્ષીય સમાધાન પંચની રચના કરીને સ્થાનિક ધારાસભ્ય, સંસદ સભ્ય, તાલુકા–જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ બધાને સાથે રાખીને ખેડૂતો સાથે એક સમાધાન પંચની રચના કરીને આ યોજનાને અમલીકરણ તબક્કે જમીન ઉપર ઉતારવા માટે સરકાર શું પગલા ભરવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું કે, અમરેલી જિલ્લાના ખેડૂતોની એવી લાગણી છે કે આ યોજના જમીન ઉપર વાસ્તવિક સ્વરૂપ ધારણ કરે. સરકારની પણ આ જ લાગણી છે. આ સરકાર ખેડૂતોની લાગણીને વાચા આપવાવાળી સરકાર છે એટલે ખેડૂતોની લાગણી અને આ સરકારની લાગણી જુદી નથી આ એક વાત. બીજું, ૧ નંબર અને ૫ નંબર આ વાત મારી સમજણમાં આવી નથી. એટલે મારી સમજણમાં જે વાત ના આવી હોય એનો હું જવાબ ના આપી શકું. ત્રીજી વાત, કેટલા ખેડૂતોની આમાં અસંમતિ આવી છે તો આમાં ડૂબમાં જતા મુખ્ય પાંચ ગામ છે મોટા ભંડારીયા, જાળીયા, બાબાપુર, ટીમલા અને પાણીયા. મોટા ભંડારીયાની અંદર ૨૧ ખેડૂતો અસરગ્રસ્ત છે એમાં ૧૭ ખેડૂતોની અસંમતિ છે. જાળીયા તાલુકાના ૭૭ ખડૂતો એમાં ૫૦ ની અસંમતી છે. બાબાપુરમાં ૧૮૬ ખેડૂતો એમાં મોટા ભાગના ખેડૂતોની સંમતિ છે માત્ર ૧૨ ખેડૂતોની અસંમતી છે અને ટીમલાના૧૬૯ ખેડૂતોમાં ૮૧ ની અસંમતિ છે. પાણીના ૧૯૨ ખેડૂતોમાં ૧૭૯ ની અસંમતિ છે એટલે જમીન સંપાદનમાં ખેડૂતોની અસંમતિ હોવાના કારણે આ યોજનાનું કામ આપણે આગળ વધારી શક્યા નથી. એમાંય ખાસ કરીને પાણીયા ગામ છે એ ડૂબમાં જાય છે અને એનું સ્થળાંતર કરવાનું છે એમાંય તે મત–મતાંતર છે કોઇ એમ કહે છે કે અમારે સ્થળાંતર કરવું છે, કોઇ એમ કહે છે કે અમારે બધાને કરવું છે એટલે આ વાદ–વિવાદના કારણે આ યોજના આગળ લઇ જઇ શકતા નથી બાકીનું સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ બહુ સ્પષ્ટ હતો, આ યોજનાના એલાઇમેન્ટ વન, ટુ, થ્રી, ફોર અને ફાઇવ, પાંચ એલાઇમેન્ટ નક્કી કર્યા હતા એમાંથી એક નંબરની સ્કીમ અને પાંચ નંબરની સ્કીમ વચ્ચેના વિવાદો હતા એટલે માનનીય મંત્રીશ્રી પાસે એટલી સ્પષ્ટતા કે,એક નંબરના એલાઇમેન્ટ ઉપર આપણે યોજનાને આગળ વધારી રહ્યા છીએ કે પાંચ નંબર?

બીજો મુદ્દો મારો બહુ સ્પષ્ટ હતો કે, આ જમીન સંપાદનના વિવાદોમાં નિરાકરણ માટે, અમે બધા જ સાથે મળી અને એનો ઉકેલ લાવવા માગીએ છીએ. આ બધા ગામના પ્રવાસોમાં અમારો જે આમ મત માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરું, પૂર્વ મુખ્યમંત્રીશ્રી અમરેલીમાં આવીને જાહેરાત કરી ગયા હતા. અમરેલીના લોકોને આશા બંધાઇ હતી અને આજે અઢાર વર્ષ પછી આ યોજના જમીન ઉપર ઉતરે એવી શક્યતા છે. બધા જ લોકોની સંમતિ છે અને એ સંમતિમાં ક્યાંય અટકતું હોય તો બધા સાથે મળી અને એનું સમાધાન પંચ નીમી દો. સાથે મળી અને અમે જે કાંઇ જમીનના પ્રશ્નો છે એનો ઉકેલ કરી દઇએ પણ આ યોજના થશે તો અમારા હેબી કરતાં પાંચ ગણું પાણી સાંથલીમાં ભરાશે અને ખારાપાટના અમારા ગામડાંના ખેડૂતો છે એની ખેતી જીવતી થશે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવુ કોઇ સમાધાન પંચની રચના માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે એક નંબર અને પાંચ નંબરની જે વાત કરી એ હવે એમણે જ્યારે પ્રશ્ન પૂછ્યો ત્યારે સ્પષ્ટ થયું. સ્વાભાવિક વાત છે કે, કોઇ પણ ડેમ કે કોઇ પણ યોજના બનતી હોય ત્યારે આ યોજના કયા સ્થળે બનાવવી એના વિકલ્પ–એક, વિકલ્પ–બે, વિકલ્પ–ત્રણ અને વિકલ્પ–ચાર, એમ એક કરતાં વધારે વિકલ્પો હોય છે. તો એ બધા જેટલા પણ વિકલ્પો સુચવાયેલા હોય, એ વિકલ્પો પ્રમાણે એની ચર્ચા વિચારણા થતી હોય છે, ખર્ચના અંદાજો થતા હોય છે, વાયેબીલીટી જોવાતી હોય છે. આ બધું જ જોયા પછી બાબાપુર પાસેનો જે અત્યારનો વિકલ્પ છે એ પસંદ કરવામાં આવ્યો છે. એટલે અત્યારે આ બાબાપુર ગામે આ ડેમ બનાવવો એ વિકલ્પ પ્રમાણે યોજના આગળ વધી રહી છે, બાકીનું સભ્યશ્રીનું સુચન છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આ અમરેલીની સાંથલી યોજનામાં આ ડેમની અંદર કેટલા એમ.એલ.ડી. પાણીનો સંગ્રહ થવાનો છે, એનો કમાન્ડ એરિયા કેટલો છે અને એની ક્ષમતા કેટલી છે? આમાં જે પાણી આપવાનું છે એ ખેડૂતોને એમાં ફ્લો ઇરિગેશનથી આપવાનું છે કે, ડ્રિપ ઇરિગેશનથી ? જો ડ્રિપથી ન આપવાના હોય તો હવે એમાં સુધારો કરીને આખો ડેમ ડ્રિપ આધારિત કરવા માગો છો કે નહીં? કારણ કે, આ પાંચ ગામની અંદર જો ફ્લો ઇરિગેશનથી આપવામાં આવે તો પાંચ ગામના જ કમાન્ડ એરિયા આવે અને ડ્રિપથી આપવામાં આવે તો બીજા વીસ થી પચ્ચીસ ગામોનો એમાં ઉમેરો થઇ શકે, તો એમાં શું કરવા માગો છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી કે, આમાં સંગ્રહ શક્તિ કેટલી છે? તો આ યોજનામાં પાણીનો મૃત જથ્થો ૨૧૫ એમ.સી.એફ.ટી. અને જીવંત જથ્થો ૧,૧૦૦ એમ.સી.એફ.ટી. મળી કુલ ૧૩૧૬ એમ.સી.એફ.ટી.ની ક્ષમતા રહેશે અને આ યોજનાથી સિંચાઇ શક્તિ ૩૯૨૫ હેકટર છે. માનનીય સભ્યશ્રીએ જે સુચન કર્યું કે, ફ્લો ઇરિગેશનથી જો પાણી આપવામાં આવે તો સ્વાભાવિક વાત છે કે, સિંચાઇ શક્તિ ઓછી થાય. અત્યારે જે ડિઝાઇન બનેલી છે એ ફ્લો ઇરિગેશનની છે. ખેડૂતોની માગણી હશે તો કટિંગ કેનાલમાં પણ પરિવર્તીત કરવાની સરકારની તૈયારી છે અને ડ્રિપનું કરે તો સરકાર એને આમ હૃદય સાથે આવકારીને આ યોજના કરવા માટેની સરકારની તૈયારી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ ખેડૂતોની ચિંતા કરતો બહુ વાજબી પ્રશ્ન પૂછ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં પાણીદાર લોકો છે પરંતુ પાણી નથી. પાણી આવે તો ખેડૂતો ખૂબ સદ્ધર બની શકે એમ છે ત્યારે ખૂબ વિલંબ થયો છે. માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યું કે, ખૂબ વિલંબ થયો છે અને આ સંજોગોમાં હું એમની પાસેથી બે વસ્તુ જાણવા માગુ છું. એક તો જમીન સંપાદન ક્યા સ્ટેજે છે? ચાર નંબર, છ નંબર, નવ નંબર કે બાર નંબર, કયા કલમ સુધીનું જાહેરનામું બહાર પાડ્યું છે અને ક્યા સ્ટેજે છે? બીજું એક સિદ્ધાંત સ્પષ્ટ છે કે, Personal interest should give way to public interest. મારો વ્યકિતગત ઇન્ટરેસ્ટ હોય પરંતુ જાહેર હિત હોય તો મારો વ્યકિતગત ઇન્ટરેસ્ટ મારે જતો કરવો જોઇએ અને સરકારે, આપણે ઘણા ઉદ્યોગો માટે, SIR માટે ફરજિયાત સંપાદનો કરીને પણ કરીએ છીએ ત્યારે આટલા લાંબા સમય સુધી સંપાદન નથી થયું એ કેટલા સમયમાં સંપાદન પુરું કરીને આખી યોજના, કારણ કે, થાય છે એવું વારંવાર કહેવાય છે દરેક જિલ્લામાં કોઇપણ જિલ્લામાં નજર નાખશો તો સિંચાઇ યોજનામાં મોટા મોટા ડેમો કોંગ્રેસના સમયમાં થયેલા. આપના સમયમાં કમ સે કમ સૌરાષ્ટ્રમાં એક ડેમ બને એવી આપના મારફતે માનનીય નાનુભાઇને વિનંતી કરું છું. નહીં તો પેલા બોરીવાળા, એક જગ્યાએ મુકયો, બોરીબંધ બન્યો, ફોટો પાડયો, એની એ બોરી બીજે મૂકી, ગતિશીલ બોરીબંધ બન્યા છે. એમાંથી બહાર નીકળીને આ કેટલી સમયમર્યાદામાં પૂરું કરવા માગો છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જમીન સંપાદનની જે વાત કરી, જમીન સંપાદનમાં તો સૌથી પહેલા કેટલા ખેડૂતોની સહમતિ છે એ દિશામાં સરકાર આગળ વધતી હોય છે એટલે ઓછામાં ઓછા વાદવિવાદ થાય અને કોર્ટ મેટર ન થાય. ત્યારપછી કલેકટરશ્રી દ્વારા માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ૧ નંબર, ૪ નંબર, ૬ નંબર, ૯ નંબર એ કાર્યવાહી થતી હોય છે તો અત્યારે જમીન સંપાદનની દરખાસ્ત કલેકટરશ્રીને મોકલવામાં આવી છે પરંતુ જે નવી જમીન સંપાદન ધારો અમલમાં આવ્યો એટલે એના બધા જ નિયમો બદલાઇ ગયા અને હવે જે જમીન સંપાદન કરવાની છે એ નવી જમીન સંપાદન ધારા અન્વયે કરવાની હોઇ, નવેસરથી બધી કાર્યવાહી કરવાની રહેશે એમાં ત્યારપછી ખેડૂતોની ફરી વખત સહમતિ લઇ અને સરકાર આગળ વધવા માગે છે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : મૂળ પ્રશ્ન ૨૦ વર્ષ પછી ત્યાં આવ્યો કે હજુ જમીન સંપાદનની કાર્યવાહી એકડે એકથી શરૂ કરવાની છે. મારો સ્પેસીફીક સવાલ હતો કે આ ૨૦ વર્ષથી તો કાગળ ઉપર યોજના છે માનનીય તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આપણા હાલના પ્રધાનમંત્રીશ્રી અમરેલીમાં આવીને જાહેરાત પણ કરી ગયા. એની વહીવટી મંજૂરી મળી એને પાંચ વર્ષ થયા. હવે આપણે જમીન સંપાદનની કાર્યવાહી એકડે એકથી કરીએ હું ફરી વખત કહું છું કે આ કાગળ ઉપરથી જમીન ઉપર યોજના ઉતારવાની સરકારની ઇચ્છાશક્તિનો અભાવ દેખાય છે. મારું રાજકીય અવલોકન નથી, માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મેં વિનંતી કરી કે સર્વપક્ષીય બધા ચૂંટાયેલા આગેવાનોનું સમાધાન પંચ મૂકો, ખેડૂતોની સાથે સરકાર બેસે અને જે કાંઇ એનો ઉકેલ આવતો હોય, અમે ઉકેલની દિશામાં સાથ આપવા તૈયાર છીએ એટલે અમારી વિનંતી છે કે આને રાજકીય રીતે નહીં મુલવી એક દાખલો બેસશે અમે બધા શરૂઆત કરીશું તો રાજયની અંદર નવી પરંપરા વિકાસના કામમાં ચાલુ થશે એટલે આમાં માનનીય મુખ્યમંત્રીશ્રી પણ ઇન્ટરવીયરીંગ કરી અને આ યોજનાનું અમલીકરણ થાય એના માટે અમને માર્ગદર્શન આપે, મદદ કરે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરીને, માનનીય મુખ્યમંત્રીશ્રીનો ઉલ્લેખ કરીને માનનીય પરેશભાઇએ જે વાત કરી છે તો સ્વાભાવિક છે કે સરકાર તરફથી અમે ખૂબ ગંભીરતાથી અને ખેડૂતલક્ષી વિચારથી આ વાતને લઇએ છીએ. પરેશભાઇ બે ત્રણ વખત બોલ્યા કે મુખ્યમંત્રી આવ્યા, જાહેરાત કરી ગયા, બજેટમાં કોઇપણ વસ્તુનું આયોજન થાય, પહેલા સૈદ્ધાંતિક જોગવાઇ થાય, નાણાકીય જોગવાઇ થાય પછી ફીલ્ડ ઉપરના બધા કામો જોવાતા હોય છે. ત્યાં રેલ્વે લાઇન જતી હોય, ત્યાં વન વિભાગ આવતો હોય, કયાંય બીજા નાનામોટા પ્રશ્નો આવતા હોય અને સૌથી અગત્યનું સિંચાઇ યોજના કરવી હોય, રસ્તાઓ કરવા હોય કે કોઇપણ બાંધકામ મોટું કરવું હોય કોલેજ કે મેડિકલ કોલેજ સહિત તો જમીન સંપાદન એ ખૂબ મોટો અને અગત્યનો વિષય છે. ખેડૂતોની જમીન મેળવ્યા પછી જ એના ઉપર આપણે સિંચાઇ યોજનાઓ કરી શકતા હોઇએ છીએ, અન્ય યોજનાઓ કરી શકતા હોઇએ છીએ એટલે સરકારની લાગણી, ઇચ્છા અમે બજેટમાં વ્યકત કરી ચૂકયા, જોગવાઇઓ કરી દીધી, વહીવટી મંજૂરી આપી દીધી એ બધું બરાબર જ છે એના ઉપર અમે વળગી રહીએ જ છીએ પરંતુ ખેડૂતોની લાગણી દુભાતી હોય, ખેડૂતોનો વિરોધ થતો હોય, અમારે જમીન નથી આપવી એ જ વિસ્તારના ખેડૂતો માટે સરકાર યોજના બનાવતી હોય, એ જ ખેડૂતોને લાભ આપવા માટે સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરતી હોય અને એ જ ખેડૂતોનો જો વિરોધ હોય તો બધું સમજાવટ પછી જ, પરામર્શ કર્યા પછી જ સરકાર બધું કરતી હોય છે માટે મુખ્યમંત્રી આવીને કહી ગયા, આ આવીને કહી ગયા, સાહેબ આવું બધું જો ન થયું હોત અને આપણે ઇચ્છીએ એમ સડસડાટ ગાડી શક્તિસિંહજી ચાલી હોત તો નર્મદા યોજના ૧૯૬૦માં જવાહરલાલ નહેરુએ કરી હતી. આ પર્યાવરણના પ્રશ્નો, આ મેધા પાટકર, આ ટ્રીબ્યુનલ, આ સુપ્રિમ કોર્ટ એ બધું વચમાં આવે અને આવી એટલે મોડું થયું આ બધું જો બોલીને અને પૈસાની જોગવાઇ કરીને થઇ ગઇ હોત. તો તો નર્મદાનું પાણી ગુજરાતમાં ૩૦ વર્ષથી ચાલુ થઇ ગયું હોત. એટલે આ બધા પ્રશ્નો આવે છે. તમારા વખતમાં આ બધુ થયેલ. ભવિષ્યમાં થશે. એટલે અમારી લાગણી છે. અમારા નાનુભાઇ એના માટે સક્રિય છે. સરકારે સૌરાષ્ટ્રમાં ઘણાં કામ કર્યાં છે. બીજી રાજકીય ટિપ્પણી નહિ કરું. સમય આવશે એટલે કરીશ.

અધ્યક્ષશ્રી : નાનુભાઇ, બહુ લાંબુ બોલો છો. ટૂંકું બોલો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીએ વાત કરી. જમીન સંપાદનની કાર્યવાહી અત્યાર સુધી થયેલ નથી. જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ હતી. એ દરમ્યાન નવો જમીન સંપાદનનો અધિનિયમ આવ્યો(અંતરાય) અને માનનીય સભ્યશ્રી તમે તો અભ્યાસુ છો.

અધ્યક્ષશ્રી : જમીન માટેના અભ્યાસુ નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : એ અધિનિયમ અન્વયે ૭૦ ટકા ખેડૂતોની સંમતિ હોય તો જ એમાં કાર્યવાહી આગળ વધારવી એવો નિયમ છે. હવે, ખેડૂતોની સંમતિ લેવી એ પહેલી ફરજ છે. આ દિશામાં સરકાર અત્યારે કાર્યવાહી કરી રહી છે.

<#S B /વલસાડ જીલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૩૩૬ શ્રી ભરતભાઈ પટેલ /M#> (વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત વલસાડ જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૧.૬૪૫ લાખના ખર્ચે કુલ ૪૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઘર વપરાશના વીજ જોડાણ આપવા માટે ઝૂંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલાં લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં અને તે માટે કેટલો ખર્ચ થયો?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : વલસાડ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ બે વર્ષમાં ઘર વપરાશનાં વીજ જોડાણ આપવાં માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના ચાલુ છે, તેમાં વલસાડ તાલુકાની અંદર વર્ષ-૨૦૧૫ માં ૯ અરજી આવેલી. આ ૯ અરજીમાં ખર્ચ ૦.૩૧૫ લાખનો થયેલ છે. વર્ષ-૨૦૧૬ માં ૨૦ અરજી અને ખર્ચ ૦.૭ લાખનો થયેલ અને કુલ લાભાર્થીની સંખ્યા ૨૯ ની અને કુલ ખર્ચ ૧.૦૧૫ લાખનો થયેલ છે. આમ પાટડીમાં કોઇ અરજી મળેલ નથી. ધરમપુરમાં, કપરાડામાં કોઇ અરજી મળેલ નથી. ઉંમરગામમાં વર્ષ-૨૦૧૫ માં ૧૭ અરજી મળી છે. એની પાછળ ૦.૫૯૫ લાખ ખર્ચ થયો છે. ૨૦૧૬ માં ૧ અરજી મળી છે. તેની પાછળ ૦.૦૩૫ લાખ ખર્ચ થયેલ છે. લાભાર્થીની સંખ્યા કુલ ૧૮ અને ખર્ચ ૦.૬૩ લાખનો થયેલ છે. વાપીમાં કોઇ અરજી મળેલ નથી. વલસાડમાં ૨૬ અરજી મળેલ છે. ૦.૯૧ લાખનો ખર્ચ થયેલ છે. ૨૦૧૬ માં ૨૧ અરજી મળેલ છે અને ખર્ચ ૦.૭૩૫ લાખનો થયેલ છે. કુલ લાભાર્થીની સંખ્યા ૪૭ છે. કુલ ખર્ચ ૧.૬૪૫ લાખ રૂપિયાનો થયેલ છે.

શ્રી રમણલાલ ના. પાટકર : વલસાડ જિલ્લામાં સરકારશ્રીની યોજનાઓ જેવી કે, ઝૂંપડપટ્ટી યોજના, કુટિર જ્યોત યોજના, પરા વીજ જોડાણ અને જ્યોતિ ગ્રામ યોજના આ વિવિધ યોજના હેઠળ ગરીબ લોકોને વીજ જોડાણ મળતું હોય છે.

મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઝૂંપડપટ્ટી યોજના હેઠળ વીજ જોડાણ મેળવવા માટેનાં નિયમો શું છે? અને કેટલાં દિવસમાં વીજ જોડણ આપવામાં આવે છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડપટ્ટી યોજના હેઠળ વીજ જોડાણ મેળવવા માટેનાં નિયમોમાં તમામ જાતિનાં લોકો વીજ જોડાણ મેળવવા માટેની લાયકાત ધરાવે છે. ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ ઉપર દર્શાવેલ બી.પી.એલ. લાભાર્થીઓ લાભ મેળવવા પાત્ર છે. તે ઉપરાંત બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગ્રામીણ વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબ કે જેમની વાર્ષિક આવક ૪૭,૦૦૦ રૂપિયા અને શહેરી વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબ કે જેમની વાર્ષિક આવક ૬૮,૦૦૦ રૂપિયાથી વધુ ન હોય તેવા તમામ લાભાર્થીઓને આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. તદ્દુપરાંત રાજ્ય સરકારની મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજના અંતર્ગત ઊભા કરેલ આવાસમાં રાજ્યના ઝૂંપડપટ્ટી યોજનામાં આવરી લેવામાં આવેલ છે. જે ઝૂંપડા સલામતીની દ્રષ્ટીએ વીજળીકરણ કરવા યોગ્ય હોય અને એની ઉંચાઇ ૭ ફૂટ કરતા વધારે હોય તેવા તમામ ઝૂંપડાઓ આ યોજના હેઠળ વીજળીકરણમાં સામેલ કરવામાં આવેલ છે. લાભાર્થીના નામ માટે ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અથવા તાલુકા પંચાયત કચેરી અને શહેરી વિસ્તારમાં નગરપાલિકા અથવા મહાનગરપાલિકા દ્વારા ભલામણ કરેલ હોવી જોઇએ.

<#S B /રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૩૩ શ્રી બાવનજીભાઈ મેતલીયા /M #> (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂ. ૮૮૫.૯૮ લાખના ખર્ચે કુલ ૫૮૮ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા :માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં છેલ્લા ૧૮ વર્ષથી વીજળી વિભાગમાં અનેક ખર્ચાઓ વધવા છતાં અને ખેડૂતોની સતત ચિંતા કરવા છતાં વીજળીમાં એકપણ વખત કોઇપણ જાતનો ભાવ વધારો ન કરી ૪૧૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની બજેટમાં જોગવાઇ કરી છે તેના માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કનેકશન આપવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે ૩–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ જે કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું તેમાં સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ અરજીઓમાંથી અનુસૂચિત જાતિના ખેડૂતોને અગ્રતાક્રમે કૃષિ હેતુ માટેના વીજ જોડાણો આપવામાં આવે છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૫૮૮ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું છે અને તેની પાછળ ૮૮૫.૯૮ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. રાજકોટ જીલ્લામાં તાલુકાવાર અપાયેલ વીજળીના કનેકશનની વાત કરુ તો..

અધ્યક્ષશ્રી : ટોટલ બોલી જાઓ. આટલા આટલા તાલુકા, આટલા વીજ જોડાણ અને આટલો ખર્ચ એટલું બોલી જાઓ.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૫૮૮ કૂવાઓના વીજળીકરણ પાછળ ૮૮૫.૯૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવા માગુ છું કે આટલી મોંઘી જમીનો ખેતીની હોય છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પૂછો. સૂચન નહીં કરો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આટલી મોંઘી જમીનો હોય છે અને તેમાં આ વીજળીના થાંભલા જે નાંખવામાં આવે છે, ટાવર નાંખવામાં આવે છે. અત્યારે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું થાય છે.

અધ્યક્ષશ્રી : મને ખબર હતી તો પણ મેં તમને પ્રશ્ન પૂછવા દીધો. લાગતુ વળગતું કંઇ નથી તો પણ. કયારેક તો સીધી વાત કરો. સળગતું લાકડું લઇને જ ઉભા થાઓ છો. મને ખબર હતી તો પણ મેં હા પાડી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સાહેબ દર મહિને ખેડૂતોને તેનું ભાડું ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવાનું કે આ પ્રશ્ન જે પૂછવામાં આવ્યો છે તે અનુસૂચિત જાતિના ખેડૂતોને વીજળીકરણ માટેનો પ્રશ્ન છે. આપે પૂછેલો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. આ આપનું સૂચન છે. અલગથી તમે નોટીસ આપશો તો હું વિગતવાર આપને જવાબ આપીશ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા: માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજકોટ જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પમ્પ આપવાની યોજના હેઠળ સોલાર પંપ આપવામાં આવેલ છે કે કેમ અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા સોલાર પમ્પ આપવામાં આવ્યા છે અને તેનાથી ખેડૂતોને શું ફાયદો થયો છે?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સન્માનનીય ગૃહને જણાવવાનું કે રાજયની અંદર સોલાર પમ્પ યોજના અમલમાં છે. તેમાં રાજકોટ જિલ્લામાં ખેડૂતોને જે સોલાર પમ્પ આપવામાં આવ્યા છે તેમાં વિંછીયા તાલુકાની અંદર ૨૦૧૪–૧૫માં ૬૪ પમ્પ, ૨૦૧૫–૧૬માં ૭૪ પમ્પ અને ૨૦૧૬–૧૭માં ૧૧ એમ કુલ ૧૪૯ સોલાર પમ્પ આપવામાં આવ્યા છે. જસદણ તાલુકાની અંદર ૨૦૧૪–૧૫માં ૧૮ પમ્પ, ૨૦૧૫–૧૬માં ૧૬ પમ્પ અને ૨૦૧૬–૧૭માં ૩૫ એમ કુલ ૬૯ સોલાર પમ્પ આપવામાં આવ્યા છે. ગોંડલ તાલુકાની અંદર ૨૦૧૪–૧૫માં ૨૫ પમ્પ, ૨૦૧૫–૧૬માં ૧૪ પમ્પ અને ૨૦૧૬–૧૭માં ૧૧ પમ્પ એમ કુલ ૫૦ સોલાર પમ્પ આપવામાં આવ્યા છે. પડધરી તાલુકાની અંદર ૨૦૧૪–૧૫માં ૦૬ પમ્પ, ૨૦૧૫–૧૬માં ૨૦ પમ્પ અને ૨૦૧૬–૧૭માં ૧૪ પમ્પ એમ કુલ ૪૦ સોલાર પમ્પ આપવામાં આવ્યા છે. રાજકોટમાં ૨૦૧૪–૧૫માં ૯, ૨૦૧૫–૧૬માં ૧૦, ૨૦૧૬–૨૦૧૭માં ૭ અને કુલ ૨૬, જામકંડોરણાની અંદર ૨૦૧૪–૧૫માં ૧૦, ૨૦૧૫–૧૬માં ૧૨, ૨૦૧૬–૨૦૧૭માં ૫ અને કુલ ૨૭, ધોરાજીમાં ૨૦૧૫–૧૬માં ૫, ૨૦૧૬–૨૦૧૭માં ૧૩ અને કુલ ૧૮, લોધીકામાં ૨૦૧૪–૧૫માં ૧, ૨૦૧૫–૧૬માં ૧૨, ૨૦૧૬–૨૦૧૭માં ૨ અને કુલ ૧૫, જેતપુરમાં ૨૦૧૪–૧૫માં ૫, ૨૦૧૫–૧૬માં ૬, ૨૦૧૬–૨૦૧૭માં ૧ અને કુલ ૧૨, કોટડામાં ૨૦૧૪–૧૫માં ૧૫, ૨૦૧૫–૧૬માં ૬, ૨૦૧૬–૨૦૧૭માં ૨ અને કુલ ૨૩, ઉપલેટામાં ૨૦૧૪–૧૫માં ૩, ૨૦૧૫–૧૬માં ૬, ૨૦૧૬–૨૦૧૭માં ૬ અને કુલ ૧૫ આમ જિલ્લામાં કુલ ૨૦૧૪–૧૫માં ૧૫૬, ૨૦૧૫–૧૬માં ૧૮૧, ૨૦૧૬–૧૭માં ૧૦૭ અને કુલ ૪૪૪ આવા સોલાર પંપ આપવામાં આવ્યા છે અને તેની પાછળ ૧૯૨૪.૨૯ લાખ રૂપિયાનો ખર્ચ થયેલ છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખેડૂતો જે લાઇટનું બિલ ભરે છે એ એક હોર્સ પાવર ઉપર અને મીટર ઉપર એ બંને યોજના આપણે આપી છે, તો એમાં ખેડૂતો પાસેથી શું ભાવ વસુલાત કરવામાં આવે છે અને વીજળી પંચે જે નક્કી કર્યું એનો શું ભાવ છે? આ બંનેમાં કેટલો તફાવત છે? અને સરકાર તરફથી જી.ઇ.બી.ને કેટલી સબસીડી આપવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : આખો પ્રશ્ન જુદો છે, અનુસૂચિત જાતિ પેટા વિભાગનો.

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે સંન્માનીય સભ્યશ્રીને જણાવવાનું કે, હાલ અત્યારે ખેડૂતોને હોર્સ પાવર આધારિત અને મીટર આધારિત જે ચાર્જ યુનિટના લેવામાં આવે છે એમાં હાલમાં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા હોર્સ પાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો માટે પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ જાહેર કરેલ કૃષિ વિષયક વીજ દર રૂપિયા ૨૪૦૦ છે. છેલ્લા ૧૬ વરસથી રાજય સરકારે ખેડૂતો પાસેથી વસૂલવામાં આવતા વીજ દરમાં વધારો થવા દીધેલ નથી.

અધ્યક્ષશ્રી : ઓ.કે. સરસ જવાબ છે. નેકસ્ટ.

<#S B /તલોદ તાલુકાને ૧૩માં નાણાપંચની રકમમાંથી મંજુર થયેલ ચેકડેમો/S B #>

<#M /* ૩૦૩૯૦ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા /M #> (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં આવેલ લુણી નદી ઉપર ૧૩મા નાણા પંચની રકમમાંથી મંજુર થયેલ ચેકડેમોના કામો નથી થયા તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) ઉક્ત ચેકડેમો કઈ જગ્યાએ કેટલા ખર્ચે બનાવવાના હતાં, અને | (૨) લુણી નદી પર નવાવાસ ગામે રૂ. ૩૫.૬૩ લાખના ખર્ચે. |
| (૩) મંજુર થયેલ ઉક્ત ચેકડેમોનું કામ પુનઃચાલુ કરી કેટલા સમયમાં પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) કામ પૂર્ણ થયેલ છે. |

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન પૂછવા પાછળનો મુખ્ય હેતુ મારા વિસ્તારના ખેડૂતોને સિંચાઇનું પાણી યોગ્ય સમયસર મળી રહે એ માટેનો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના તલોદ તાલુકાના થારૂની મુવાડી, મહેકાલ, બોરિયા બેચરાજી, અદાપુર, આંબજીના મુવાડા, જોરાજીના મુવાડા, સબરાજીના મુવાડા આ ગામોમાં ખેડૂતોને સિંચાઇ માટે ખૂબ વિકટ પ્રશ્ન પાણીનો છે ત્યારે આ વિસ્તારમાંથી લૂણી નદી પસાર થાય છે આ લૂણી નદીમાં સુજલામ સુફલામનું પાણી વહે છે તો આ પાણીને રોકી અને ચેકડેમ બનાવવામાં આવે તો આ વિસ્તારના ખેડૂતોને પાણીનો સ્ત્રોત મળી રહે એમ છે અને ભૂગર્ભ તળ પણ ઉંચા આવે તેમ છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અગાઉ નાણાં પંચમાંથી જોગવાઇ થઇ હોય કે જે કોઇ યોજનામાંથી જોગવાઇ થઇ હોય પણ એક અહીંયા સરવે થયેલો અને એ સરવે થયા મુજબ અહીંયા પુનઃ ચેકડેમ કરવા માટે, મોટી યોજનાનો સિંચાઇ ચેકડેમ બનાવવા માગો છો કે કેમ? કારણ કે, આ ખેડૂતોના હિતની વાત છે ત્યારે આપ આ અમારો પ્રશ્ન સોલ કરો એ માટે આપશ્રીને વિનંતી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, લૂણી નદી ઉપર એક ચેકડેમ તો થઇ ગયો છે અને બીજો ચેકડેમ બનાવવા માટે સરકારનું મન ખુલ્લું છે. જો સભ્યશ્રી સ્થળ બતાવશે તો એ સ્થળનો સરવે કરી અને જો વાયેબલ હશે તો સરકાર ત્યાં ચેકડેમ જરૂરથી બનાવશે.

<#S B /ભાવનગર જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ/S B #>

<#M/* ૩૦૯૪૭ શ્રી પ્રવિણભાઇ રાઠોડ /M#> (પાલીતાણા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ૨૪૪૨૩ ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત અરજીઓ પૈકી ૧૫૩૧૫ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ખેડૂતોને જે કનેકશનો આપવામાં આવ્યા નથી એમાં મોટા ભાગના ૨૪૦૦૦ કરતા વધારે અને ૨ વર્ષ કરતા વધારે સમયના ૧૫૦૦૦ કરતા વધારે કનેકશનો આ ભાવનગર જિલ્લામાં નહીં આપવાના કારણો શું છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ.

<#B /અતારાંકિત પ્રશ્નો/B #>

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

<#S B /રાજ્યમાં કપાસ, મગફળી પાકના પોષણક્ષમ ભાવો/S B #>

<#M/* ૩૧૨૭૪ શ્રી મહેશકુમાર પટેલ /M#> (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા કપાસ અને મગફળી પાકના પોષણક્ષમ ભાવો તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયત કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉપરોક્ત ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો નક્કી કરી ખેડૂતોને રક્ષણ આપવા ક્યાં સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સદરહુ બાબત રાજ્ય સરકારશ્રીની સત્તા મર્યાદામાં આવતી ન હોય.

(૩) કેન્દ્ર સરકારશ્રી દ્વારા કપાસ તથા મગફળી પાકોની વર્ષવાર જાહેર કરેલ ટેકાના ભાવની વિગત નીચે મુજબ છે.

(રૂ./ક્વિન્ટલ)

| પાકનું નામ | | વર્ષ (ખરીફ સીઝન) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ |
| | પ્રસિદ્ધિની તારીખ | તા. ૨૩–૬–૨૦૧૫ | તા. ૩–૬–૨૦૧૬ |
| કપાસ | (અ) લંબતારી કપાસ | ૪૧૦૦ | ૪૧૬૦ |
| | (બ) મધ્યમતારી કપાસ | ૩૮૦૦ | ૩૮૬૦ |
| મગફળી | | ૪૦૩૦ | ૪૨૨૦ |

| | | | |
|---|---|---|---|
| | | | (રૂ. ૧૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ સહિત) |

---------

<#S B /વલસાડ જિલ્લામાં વોટરવર્કસ કનેકશન માટેની અરજીઓ/S B #>

<#M /* ૩૦૪૬૧ શ્રી જીતુભાઈ ચૌધરી/M #> (કપરાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વોટર વર્કસના કનેકશન માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કનેકશન આપેલ છે, અને કેટલા કનેકશન આપવાના બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે ?

જવાબ

(૧), (૨) અને (૩) : વલસાડ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા. ૦૧–૦૨–૨૦૧૫ થી તા. ૩૧–૦૧–૨૦૧૭ ની સુધીમાં વોટર વર્કસનાં વીજ જોડાણ માટેની મળેલ અરજીઓ, આપવામાં આવેલ વીજ જોડાણો અને વીજ જોડાણ આપવાની પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | રદ થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| વલસાડ | ૯૯ | ૮૭ | ૫ | ૭ |
| પારડી | ૧૦૫ | ૯૮ | ૨ | ૫ |
| ધરમપુર | ૨૨૬ | ૧૯૭ | ૧૭ | ૧૨ |
| કપરાડા | ૨૩૦ | ૨૧૯ | ૩ | ૮ |
| ઉમરગામ | ૧૦૭ | ૮૭ | ૧૫ | ૫ |
| વાપી | ૩૯ | ૨૬ | ૭ | ૬ |
| કુલ | ૮૦૬ | ૭૧૪ | ૪૯ | ૪૩ |

---------

<#S B /પંચમહાલ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૨૫ શ્રીમતી નિમિષાબેન સુથાર /M #> (મોરવા હડફ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ.૫૪૨૨.૩૫ લાખનાં ખર્ચે ૨૭૬૭ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

<#S B /દાહોદ જિલ્લામાં ઉદવહન સિંચાઇ યોજનાઓની રજુઆત/S B #>

<#M /* ૨૯૭૪૬ શ્રી વજેસિંગભાઇ પણદા /M #> (દાહોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઉદવહન સિંચાઇ યોજનાઓની દરખાસ્ત અન્વયે યોજનાના એસ્ટીમેન્ટ તથા મંજુરી માટે સરકારને ક્યારે મળ્યા, અને

જવાબ

(૧)

| વર્ષ | મળેલ દરખાસ્તની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮ | ૦૧ |
| ૨૦૧૦ | ૦૩ |
| ૨૦૧૧ | ૧૬ |
| ૨૦૧૨ | ૧૬ |
| ૨૦૧૩ | ૦૭ |

| | |
|---|---|
| ૨૦૧૪ | ૦૧ |
| ૨૦૧૫ | ૦૩ |
| ૨૦૧૬ | ૦૫ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલી યોજનાઓ ક્યારે મંજુર થઇ અને તેના કામો ક્યા તબક્કે છે?

(૨)

| મંજુર થયાનું વર્ષ | મંજુર થયેલ યોજનાઓની સંખ્યા | વર્તમાન પરિસ્થિતિ |
|---|---|---|
| ૨૦૦૯ | ૦૧ | પૂર્ણ |
| ૨૦૧૦ | ૦૩ | પૂર્ણ |
| ૨૦૧૧ | ૧૬ | ૦૯ પૂર્ણ, ૭ તાંત્રિક કારણોસર પડતી મુકેલ/સ્થગિત કરેલ છે. |
| ૨૦૧૨ | ૧૬ | ૧૩ પૂર્ણ, ૦૨ પ્રગતિ હેઠળ, ૦૧ સ્થગિત |
| ૨૦૧૩ | ૦૭ | ૦૬ પૂર્ણ, ૦૧ પ્રગતિ હેઠળ |
| ૨૦૧૪ | ૦ | ૦૧ મંજુરીની પ્રક્રિયા હેઠળ |
| ૨૦૧૫ | ૦૨ | ૦૧ પ્રગતિ હેઠળ, ૦૧ ટેન્ડર મંજુરીની હેઠળ, ૦૧ મંજુરીની પ્રક્રિયા હેઠળ |
| ૨૦૧૬ | ૦ | ૦૫ મંજુરીની પ્રક્રિયા હેઠળ |

---------

<#S B /બોટાદ જિલ્લામાં ગામ તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M /* ૨૯૩૮૯ ડૉ. ટી.ડી.માણીયા /M #> (બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૧) ૫૫.

(૨) ઉક્ત ગામ તળાવો ઉંડા ઉતારવા માટે ઉક્ત સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫ | ૨૫૫.૮૮ |
| ૨૦૧૬ | ૯૫.૫૭ |

(૩) ઉક્ત ગામ તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં કેટલો વધારો થયો?

(૩) ૬૩.૨૬ ઘન ફુટ.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં ક્ષાર નિયંત્રણની કામગીરી/S B #>

<#M /* ૨૯૩૫૨ શ્રી હસમુખભાઇ પટેલ /M #> (અમરાઇવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષાર નિયંત્રણની કામગીરી કેટલા વિસ્તારમાં થઇ, અને

(૧) અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકામાં ૩૬ કી.મી જેટલી લંબાઇમાં દરિયાઇ પટ આવેલ છે, ક્ષાર અંકુશ નિવારણ અંગેની કોઇ રજૂઆત મળેલ નથી કે કોઇ પ્રશ્ન ધ્યાને આવેલ નથી. જેથી કોઇ કામગીરી કરેલ નથી.

(૨) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /વડોદરા જિલ્લામાં કેળ પાકના વાવેતર માટે સહાય/S B #>

<#M /* ૨૯૩૬૦ શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા/M #> (સયાજીગંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેળ(ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ` ૭૭,૨૮,૨૨૫/– (રૂપિયા સિત્યાતેર લાખ અઠ્ઠાવીસ હજાર બસ્સો પચીસ પૂરા). |

---------

<#S B /ભરૂચ જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃધ્ધિ માટે સહાય/S B #>

<#M /* ૨૯૩૭૩ શ્રી દુષ્યંતભાઇ પટેલ /M #> (ભરૂચ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના દરમિયાન ભરૂચ જિલ્લામાં કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ વૃધ્ધિ અને થાપણ વૃધ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચુકવવામાં આવી?

જવાબ

| નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૨ | ૧૧,૦૦,૦૦૦/– | –– | ૧૧,૦૦,૦૦૦/– |

| નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૫ | ૧૨,૧૩,૮૦૦/– | –– | ૧૨,૧૩,૮૦૦/– |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં મહિલા ખેડૂતોને તાલીમ/S B #>

<#M /* ૨૯૩૫૫ શ્રી સુરેશભાઇ પટેલ/M #> (મણિનગર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખેડૂતને તાલીમ કેન્દ્ર દ્વારા કેટલી મહિલા ખેડૂતોને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૫૨૩૮. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૧૫,૫૪,૩૯૯/– |

---------

<#S B /સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત વીજ સબસ્ટેશનો/S B #>

<#M /* ૨૯૩૪૨ શ્રીમતી વર્ષાબેન દોશી /M#> (વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા વીજ સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૭ (સાત) સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

---------

<#SB /તાપી જિલ્લામાં ઉકાઇ યોજનામાં નહેર સુધારણાના મંજૂર કામો/SB #>

<#M /* ૨૯૩૭૬ શ્રી મોહનભાઇ ઢોડિયા /M#> (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ–૨૦૧૬–૧૭ માં ઉકાઇ યોજના અંતર્ગત તાપી જિલ્લામાં ઉકાઇ ડાબાકાઠાં નહેર સુધારણાના કામો મંજુર કરવામાં આવ્યા છે કે કેમ. | (૧) હા. |
| (૨) જો હા. તો આ કામો નહેરની કુલ કેટલા કિ.મી. લંબાઇમાં અને કુલ કેટલી રકમના કામો હાથ ધરવાનું આયોજન છે, અને | (૨) કુલ–૫૦.૨૨ કિ.મી. લંબાઇમાં રૂપિયા ૪૯૩૩.૮૨ લાખની રકમના કામો હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) આ કામો થવાથી તાપી જિલ્લાના કેટલા સિંચાઇ વિસ્તારને લાભ થશે? | (૩) ૧૮૦૦૦ હેક્ટર. |

---------

<#SB /છોટાઉદેપુર જિલ્લામાં પાઇપલાઇન પ્રોજેકટ હેઠળના કામો/SB #>

<#M /* ૩૦૩૦૫ શ્રી મોહનસિંહ રાઠવા/M#> (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પાઇપલાઇન પ્રોજેકટ હેઠળ તાલુકાવાર ક્યા કામો કેટલી રકમના છેલ્લા બે વર્ષમાં મંજૂર થયા છે, | (૧) તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ સાઇટ ઉપલબ્ધ ન હોઇ કોઇ પાઇપલાઇન પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા કામો પુરા થયા અને તેની પાછળ કેટલી રકમ ખર્ચાઇ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) ઉકત તાલુકાવાર ક્યા કામો કેટલા સમયથી બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

---------

<#SB /રાજકોટ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ/SB #>

<#M /* ૨૯૩૫૮ શ્રી પ્રવિણભાઇ માંકડીયા /M#> (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જંતુનાશક દવાઓના કૂલ કેટલા નમુનાઓ લેવામાં આવ્યા, | (૧) ૪૦૪ નમુના |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૩૯૮ નમુના પ્રમાણિત થયા અને ૦૬ નમુના બિન પ્રમાણિત થયા. |
| (૩) ઉકત બીન પ્રમાણિત નમુનાઓમાં ગુણવતા નિયંત્રણ અંતર્ગત શા પગલા લેવામાં આવ્યા? | (૩) |

| અ. નં. | બિન પ્રમાણિત નમુનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૨ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં |
| ૩ | ૦૧ | રી–એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૦૧ | કાર્યવાહીમાં |

---------

<#S B /રાજ્યમાં આવેલ નવા વીજ મથકો/S B #>

<#M /* ૩૧૧૪૧ શ્રી અમીત ચાવડા/M #> (આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ મથકો બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની કાર્યવાહી ક્યા તબક્કે છે?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નીચે મુજબના નવા વીજ મથકો કાર્યરત થયેલ છે.

| વીજ મથકનું નામ | મે.વો. |
|---|---|
| જી.પી.પી.સી પીપાવાવ | ૭૦૨ |
| જી.એસ.ઇ.સી.એલ સિક્કા એક્સ્પાનશન (યુનિટ ૩ અને ૪) | ૫૦૦ |
| જી.એસ.ઇ.સી.એલ ધુવારણ એક્સ્પાનશન | ૩૭૬ |
| ભાવનગર એનર્જી કંપની લિ. (૨ × ૨૫૦) | ૨૫૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તેની કાર્યવાહી નીચે મુજબ છે

- જી.પી.પી.સી પીપાવાવ, જી.એસ.ઇ.સી.એલ સિક્કા એક્સ્પાનશન તથા જી.એસ.ઇ.સી.એલ ધુવારણ એક્સ્પાનશન વીજ મથકો કાર્યાન્વિત થઇ ચૂકેલ છે.
- ભાવનગર એનર્જી કંપની લિ. ૫૦૦ મે. વો. પ્રોજેક્ટમાંથી ૨૫૦ મે. વો. (યુનિટ–૧) મે–૨૦૧૬માં કાર્યાન્વિત થઇ ચૂકેલ છે તથા બાકીના ૨૫૦ મે. વો. (યુનિટ–૨) વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં કાર્યાન્વિત થવાનું આયોજન છે.

---------

<#S B /ગીર સોમનાથ જિલ્લામાં ખેતીથી વાવેલા ફળપાકો માટે સહાય/S B #>

<#M /* ૨૯૩૬૨ શ્રી ગોવિંદભાઇ પરમાર/M #> (તલાલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ગીર સોમનાથ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૪,૫૫,૬૧૭/–
(ચાર લાખ પંચાવન હજાર છસો સત્તર પુરા)

---------

<#S B /જામનગર જિલ્લામાં તળાવો ઊંડા ઉતારવા બાબત/S B #>

<#M/* ૨૯૩૮૮ પ્રો. વશુબેન ત્રિવેદી/M#> (જામનગર દક્ષિણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવો ઊંડા કરવામાં આવ્યા, | (૧) ૫૮ |
| (૨) ઉક્ત ગામ તળાવો ઊંડા ઉતારવા માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) |

| વર્ષ | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૫ | રૂ. ૬૬.૩૭ |
| ૨૦૧૬ | રૂ. ૧૪૮.૫૯ |
| કુલ | રૂ. ૨૧૪.૯૬ |

| | |
|---|---|
| (૩) ઉક્ત ગામ તળાવો ઊંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં કેટલો વધારા થયો, અને | (૩) ૨૨.૩૮ મીલીયન ઘનફુટ |
| (૪) કેટલા વધારાના વિસ્તારને સિંચાઇનો લાભ મળ્યો? | (૪) ૯૪૭ હેકટર |

---------

<#SB/મહેસાણા અને પાટણ જિલ્લામાં ધરોઇ કેનાલથી તળાવો જોડવા બાબત/SB#>

<#M/* ૨૯૩૮૧ શ્રી રજનીકાન્ત પટેલ /M#> (બેચરાજી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધરોઇ કેનાલથી કેટલા તળાવો જોડવામાં આવ્યા, અને | (૧) ૩૯. |
| (૨) તે અન્વયે ચોમાસાના વધારાના વરસાદી પાણીથી કેટલા તળાવો ભરવામાં આવ્યા? | (૨) ૩૯. |

---------

<#SB/વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય/SB#>

<#M/* ૨૯૩૬૯ શ્રી સતીષભાઇ પટેલ /M#> (કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) ઉક્ત યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવેલ છે? | (૨) ૨૮૧ લાભાર્થી<br>રૂ. ૭૨,૬૨,૯૨૦/– (રૂપિયા બોત્તેર લાખ બાસઠ હજાર નવસો વીસ પુરા) |

---------

<#SB/પાટણ જિલ્લામાં ઉદ્વવહન પાઇપલાઇનથી મુક્તેશ્વર જળાશયમાં પાણી નાખવા બાબત /SB#>

<#M/* ૩૦૯૯૩ શ્રી જગરૂપસિંહ રાજપૂત /M#> (બાપુનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારીત પાટણ–ડીંડરોલ ઉદ્વવહન પાઇપલાઇનને આગળ લંબાવી મુકતેશ્વર | (૧) હા. |

| | |
|---|---|
| જળાશયમાં પાણી નાખવાનું કોઇ આયોજન છે કે કેમ, અને | |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૨) પાઇપલાઇનની પથરેખા મંજુરી હેઠળ છે. |

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત વીજ સબસ્ટેશનો/S B #>

<#M /* ૨૯૩૪૧ શ્રી મોતીલાલ વસાવા/M #> (દેડીયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા વીજ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૭ (સાત) વીજ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે |

---------

<#S B /ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ઉદ્ધવહન પાઇપલાઇન યોજનાની કામગીરી/S B #>

<#M /* ૨૯૩૭૯ શ્રી અશોકકુમાર પટેલ/M #> (ગાંધીનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારીત પિયજ ઉણાદ–ધરોઇ ઉદ્ધવહન પાઇપલાઇન યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) ટેન્ડરે તબક્કે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૨૦.૨૦ લાખ |
| (૩) આ પાઇપલાઇન સાથે ક્યા જિલ્લાના કેટલા તાલુકાના તળાવો જોડાવામાં આવનાર છે? | (૩)<br>● ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસા તાલુકાના.<br>● મહેસાણા જિલ્લાના વિજાપુર, વડનગર અને ખેરાલુ તાલુકાના તળાવો જોડાવામાં આવનાર છે. |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં ડેમોમાં પાણી ભરવાનું આયોજન/S B #>

<#M /* ૨૯૩૮૫ શ્રીમતી ભાનુબેન બાબરીયા /M #> (રાજકોટ ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં સૌની યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા ડેમોમાં પાણી ભરવાનું આયોજન છે, અને | (૧) સૌની યોજનાની કામગીરી પુર્ણ થયે ૨૪ ડેમો ભરવાનું આયોજન છે. |
| (૨) તેનાથી કેટલા વિસ્તારોને સિંચાઈનો લાભ મળશે ? | (૨) ૭૪૧૩૭ હેક્ટર. |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૨૯૩૪૪ શ્રી રાકેશભાઈ શાહ /M #> (એલિસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કૂલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૬૭.૬૧ લાખનાં ખર્ચે ૩૬.૦૮ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૨૦૦૭ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે. |

---------

<#S B /વડોદરા મહાનગરપાલિકા હેઠળ ડી આઈ એસ યોજના/S B #>

<#M /* ૨૯૩૪૫ શ્રીમતી મનિષાબેન વકીલ /M #> (વડોદરા શહેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડીઆઇએસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કેટલા વીજ થાંભલા અને વીજ વાયરો ખસેડવાની કામગીરી કરવામાં આવી, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) રાજ્યમાં ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શીફટીંગ (ડી.આઈ.એસ.) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં વડોદરા મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં રૂ.૨૦.૨૪ કરોડનાં ખર્ચે જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કુલ ૧૩૩.૦૮ કી.મી. વીજ લાઈનો અને ૧૨૦૨ નંગ વીજ થાંભલા ખસેડવાની કામગીરી કરવામાં આવેલ છે. |

---------

<#S B /ખેડા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે સહાય/S B #>

<#M /* ૨૯૩૬૮ શ્રી કેસરીસિંહ સોલંકી/M #> (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં ખેડા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૩,૪૨,૪૪૫/- (રૂપિયા તેર લાખ બેત્તાલીસ હજાર ચારસો પિસ્તાલીસ પુરા) |

---------

<#S B /મહિસાગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૨૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ/M #> (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) મહિસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ.૮૪૧.૧૭ લાખનાં ખર્ચ ૭૭૭ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

<#S B /પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય/S B #>

<#M /* ૨૯૪૯૩ શ્રી પ્રો.હીરાભાઈ પટેલ/M #> (લુણાવાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) પંચમહાલ જિલ્લામાં ૧૩૮ અરજીઓ અને મહીસાગર જિલ્લામાં ૪૬ અરજીઓ એમ કુલ ૧૮૪ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી મૃતક ખેડૂત દીઠ કેટલી રકમ ચુકવવામાં આવી, | (૨) સરકારશ્રીના હાલના ધારાધોરણ મુજબ અકસ્માતે મૃત્યુના કિસ્સામાં મૃતક ખેડૂતના વારસદારને રૂ.૧,૦૦,૦૦૦/- વીમા સહાય ચુકવવામાં આવે છે. તે મુજબ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ રૂ.૫૨.૦૦ લાખ અને મહિસાગર જિલ્લામાં કુલ રૂ.૯.૦૦ લાખ એમ કુલ રૂ.૬૧.૦૦ લાખની રકમ ચુકવવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ અને તેના કારણો શા છે, અને | (૩) પંચમહાલ જિલ્લાની ૨ અરજીઓ નામંજૂર થઈ. ના મંજૂરના કારણોની વિગત નીચે મુજબ છે.<br>૧. મૃતકનું મૃત્યુ કુદરતી રીતે થયેલ હોવાથી<br>૨. મૃતક ખાતેદાર ખેડૂત ન હોવાથી. |
| (૪) ઉકત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર સહાય ચુકવવામાં આવશે ? | (૪) વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી ચુકવવા/ નિકાલની કાર્યવાહી કરવામાં આવશે. |

---------

<#S B /દાંતીવાડા તથા સીપુ ડેમ નર્મદા નીરથી ભરવાની માંગણી/રજૂઆતો/S B #>

<#M /* ૩૧૧૦૮ શ્રી જોઈતાભાઈ પટેલ/M #> (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તથા સીપુ ડેમ, નર્મદા નીરથી ભરવા અંગેની કેટલી માંગણી કે રજુઆતો, રાજ્ય સરકારને મળેલ છે, અને | (૧) ૦૨ |
| (૨) તે પૈકી ક્યા ડેમને ભરવાની મંજુરી, ક્યારે આપવામાં આવી ? | (૨) દાંતીવાડા ડેમની વહિવટી મંજુરી તા.૧૫-૪-૨૦૧૦ ના રોજ આપવામાં આવી છે. તથા દાંતીવાડા ડેમમાં માહે માર્ચ-૨૦૧૫ માં પાણી નાખવામાં આવેલ છે. |

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં ટ્રેલીઝ મંડપની સહાય/S B #>

<#M /* ૨૮૮૨૯ શ્રી ગોવાભાઈ રબારી/M #> (ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વેલાવાળા શાકભાજીના પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૧) (અ) કાચા મંડપ (૩ વર્ષમાં એકવાર)<br>સામાન્ય ખેડૂત-ખર્ચના ૫૦% મહત્તમ રૂ.૨૬,૦૦૦/- અનુ.જાતિ અને અનુ.જનજાતિ ખેડૂત-ખર્ચના ૭૦% મહત્તમ રૂ.૩૯,૦૦૦/-<br>દેવીપૂજક ખેડૂત ૯૦ % મહત્તમ રૂ.૪૬,૮૦૦/-<br>(બ) અર્ધ પાકા મંડપ (૫ વર્ષમાં એકવાર)<br>સામાન્ય ખેડૂત-ખર્ચના ૫૦% મહત્તમ રૂ.૪૦,૦૦૦/- અનુ.જાતિ અને અનુ.જનજાતિ ખેડૂત-ખર્ચના ૭૫% મહત્તમ રૂ.૬૦,૦૦૦/-<br>દેવીપૂજક ખેડૂત ૯૦% મહત્તમ રૂ.૭૨,૦૦૦/-<br>(ક) પાકા મંડપ (૮ વર્ષમાં એકવાર) |

સામાન્ય ખેડૂત–ખર્ચના ૫૦% મહત્તમ રૂ.૮૦,૦૦૦/– અનુ.જાતિ અને અનુ.જનજાતિ ખેડૂત–ખર્ચના ૭૫% મહત્તમ રૂ.૧,૨૦,૦૦૦/–

દેવીપૂજક ખેડૂત ૯૦% મહત્તમ રૂ.૧,૪૪,૦૦૦/–

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને તે અન્વયે કેટલી રકમની સહાય અપાઈ ?

(૨)

| તાલુકાનું નામ | લાભાર્થી | સહાય રૂ. |
|---|---|---|
| વડગામ | ૪ | ૮૬૮૨૦ |
| પાલનપુર | ૨૭૬ | ૬૨૭૧૨૦૦ |
| ડીસા | ૦ | ૦ |
| દાંતા | ૬૨ | ૧૨૩૫૫૨૦ |
| અમીરગઢ | ૯૪ | ૨૯૮૩૨૪૦ |
| દાંતિવાડા | ૧ | ૫૦૪૦૦ |
| ધાનેરા | ૦ | ૦ |
| લાખણી | ૦ | ૦ |
| ભાભર | ૦ | ૦ |
| દિયોદર | ૦ | ૦ |
| કાંકરેજ | ૧૫ | ૧૫૬૭૨૦ |
| સુઈગામ | ૦ | ૦ |
| થરાદ | ૦ | ૦ |
| વાવ | ૦ | ૦ |
| કુલ | ૪૫૨ | ૧૦૭૮૩૯૦૦ |

---------

<#S B /જુનાગઢ જિલ્લામાં ખેડુત અકસ્માત વીમાની સહાય અરજીઓ/S B #>

<#M /* ૩૦૩૯૯ શ્રી બાબુભાઈ વાજા /M #> (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી મૃતક ખેડૂતદીઠ કેટલી રકમ ચુકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ અને તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરી સહાય ચુકવવામાં આવનાર છે ?

જવાબ

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) સરકારશ્રીના હાલના ધારા ધોરણ મુજબ અકસ્માતે મૃત્યુના કિસ્સામાં મૃતક ખેડૂતના વારસદારને રૂ.૧,૦૦,૦૦૦/– વીમા સહાય ચુકવવામાં આવે છે. ચુકવેલ રકમની વિગતો *પત્રક–૨ મુજબ છે.

(૩) નામંજૂર અરજીઓ–૧૩

નામંજૂર થવાના કારણો *પત્રક–૩ મુજબ.

(૪) પડતર બાકી રહેલ અરજીઓમાં વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ ચુકવવા/ નિકાલની કાર્યવાહી કરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

<#S B /ભાવનગર જિલ્લામાં મહિલા ખેડુતોને તાલીમ/S B #>

<#M /* ૨૯૩૫૬ શ્રીમતી ભાવનાબેન મકવાણા /M #> (મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખેડુત તાલીમ કેન્દ્ર દ્વારા કેટલી મહિલા ખેડુતોને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૩૩૨૯ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૧૧,૨૪,૧૭૫/– |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય/S B #>

<#M /* ૨૯૩૭૧ શ્રી અરવિંદકુમાર પટેલ/M #> (સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૩૨૬ લાભાર્થી,<br>રૂ.૭૩,૦૬,૦૨૨/–<br>(રૂપિયા તોત્તેર લાખ છ હજાર બાવીસ પુરા). |

---------

<#S B /રાજ્યમાં લીફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણમાં ફેરફાર/S B #>

<#M /* ૩૦૯૯૫ શ્રી હર્ષ સંઘવી /M #> (મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણમાં મેળવવા માંગતા હોય તો તે અંગેના નિયમમાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લે ક્યારે ફેરફાર કરવામાં આવ્યા છે, અને | (૧) રાજ્યનાં ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તે અંગેના નિયમમાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. અલબત્ત, રાજ્ય સરકાર દ્વારા કિસાનલક્ષી નિર્ણય લઈ, આ અંગેની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ની દરખાસ્તને આપવામાં આવેલ મંજૂરી અન્વયે રાજ્ય સરકાર દ્વારા તા.૦૭–૦૧–૨૦૧૭ ના પત્રથી પિયત સહકારી મંડળીના સદસ્યોને તેમનાં વ્યક્તિગત હયાત કૃષિ વીજ જોડાણ રદ/પરત ન કરવાની શરતે એચટીપી–૫ વીજ જોડાણ આપવા અંગે સુચનાઓ પાઠવવામાં આવેલ છે, જેના આધારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તેમના તા.૦૮–૦૨–૨૦૧૭ ના પરિપત્ર ક્રઃ જીયુવીએનએલ–ટેક–૨–એનએએસ–૨૮૬૩ થી સંલગ્ન વીજ વિતરણ કંપનીઓને ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તેના અમલીકરણ અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) તેની વિગતો શી છે ? | (૨) પરિપત્રની મુખ્ય બાબતો નીચે મુજબ છેઃ<br>૧. અરજદારને બીજા એચ.ટી. અરજદારોની જેમ જી.ઇ.આર.સી. ના પ્રવર્તમાન સપ્લાય કોડ મુજબ |

નિયત ભાવ પત્રક (એસ્ટીમેટ) આપવાનું રહેશે. અરજદાર દ્વારા સીક્યુરીટી ડીપોઝીટ ભરાયા બાદ અને જરૂરી એગ્રીમેંટ થયા બાદ નવા વિજ જોડાણ માટેનું લાઇન કામ શરૂ કરવામાં આવશે.

૨. સીક્યુરીટી ડીપોઝીટની ગણતરી એચ.ટી.પી.–૫ ટેરીફ મુજબ કરવાની રહેશે.

૩. સદર જોડાણથી મળતા પાણીનો ઉપયોગ ફક્ત જે તે મંડળીના સભ્યો દ્વારા તેમની જમીનની હદમાં જ કરી શકાશે.

૪. પાણીનો દુર્વ્યય ન થાય તે માટે સદર વીજ જોડાણ થકી કેનાલ કે નદીમાં એક કરતા વધુ જગ્યાએ મોટરો મુકવા દેવામાં આવશે નહીં. આમ છતાં, જો પમ્પ હાઉસમાં એક કરતાં વધુ મોટર મુકવાની જરૂર જણાશે તો ટેકનિકલ ચકાસણી બાદ પરવાનગી આપવાની રહેશે.

૫. અરજદાર દ્વારા સુક્ષ્મ પિયત પદ્ધતિ/ટપક સિંચાઇ પધ્ધતિનો ફરજ્યાતપણે અમલ કરવાનો રહેશે જેથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે.

૬. એચ.ટી.પી.–૫ જોડાણ ફક્ત નજીકના જ્યોતિગ્રામ ફીડરને ટેપ કરીને આપવાનું રહેશે. ઇન્ડસ્ટ્રીયલ, અર્બન, જી.આઇ.ડી.સી., વોટર વર્કસ કે એચ.ટી એક્ષપ્રેસ ફિડર પરથી આવા વીજ જોડાણ આપી શકાશે નહીં.

૭. સલામતીને ધ્યાને રાખીને પોઇંટ ઓફ સપ્લાય અને મીટર પોઝીશન એચ.ટી. વીજ કનેકશનની જેમ સલામત સ્થળે રાખવાનો રહેશે.

૮. એચ.ટી.પી.–૫ જોડાણ રીલીઝ થયા પછી મંડળીના તમામ સભાસદો પોતાના હયાત વિજ જોડાણ ચાલુ રાખી શકશે.

૯. સભાસદોના પોતાના હયાત વ્યક્તિગત અને એચ.ટી.પી–૫ બન્ને વીજ જોડાણની રકમ ભરવાની બાકી હશે તો જેનું બીલ બાકી હોય તે વીજ જોડાણ કાપી નાંખવાનું રહેશે.

---------

<#S B /ઉંઝા તાલુકાના માતપુરથી ધરોઇ એક્ષટેન્ડેડ કેનાલ સુધીની પાઇપલાઇન યોજનાની કામગીરી/S B #>

<#M /* ૨૯૩૮૨ શ્રી નારાયણભાઈ પટેલ/M #> (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાની માતપુરથી ધરોઇ એક્ષટેન્ડેડ કેનાલ (બ્રાહ્મણવાડા) સુધીની પાઇપલાઇન યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) પ્રાથમિક સર્વેક્ષણ તબક્કે છે. |
| (૨) ઉક્ત યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) જરૂરી તમામ મંજુરીઓ મળ્યા બાદ શક્ય તેટલું જલદી પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) ઉક્ત યોજનાથી કેટલા તળાવો જોડવામાં આવશે અને કેટલા વિસ્તારોને સિંચાઇનો લાભ મળશે ? | (૩) આ યોજનાથી ૧૦ તળાવોને જોડાણ માટેનું આયોજન થઇ રહેલ છે અને જેનાથી આશરે ૧૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે. |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ/S B #>

<#M /* ૨૯૩૫૭ શ્રી જયરાજસિંહ જાડેજા/M #> (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમુનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમુનાઓ પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિન પ્રમાણિત થયા, અને

(૩) ઉક્ત બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) કુલ ૪૦૪ નમુનાઓ.

(૨) ૩૯૮ નમુના પ્રમાણિત અને
૦૬ નમુના બિન પ્રમાણિત.

(૩)

| અ. નં. | બિન પ્રમાણિત નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૨ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં |
| ૩ | ૦૧ | રી–એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૦૧ | કાર્યવાહીમાં |

---------

<#S B /ભરૂચ જિલ્લામાં કાર્યરત વીજસબ–સ્ટેશનો/S B #>

<#M /* ૨૯૩૪૦ શ્રી છત્રસિંહજી મોરી /M #> (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા વીજ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ ૯ (નવ) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા.

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં તળાવ ઉંડા ઉતારવા બાબત/S B #>

<#M /* ૨૯૩૮૩ શ્રી પરબતભાઈ પટેલ /M #> (થરાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ?

જવાબ

(૧) ૭૮.

(૨) ૪૫૫.૮૦ લાખ.

(૩) ૭૬૬ હેક્ટર.

---------

<#S B /રાજ્યમાં રાસાયણિક ખાતરના જથ્થાની જરૂરિયાત/S B #>

<#M /* ૨૮૮૩૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ /M #> (દરિયાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા રાસાયણિક ખાતરના જથ્થાની જરૂરિયાત હતી,

જવાબ

(૧) (ખાતરનો જથ્થો લાખ–મે.ટનમાં)

| ક્રમ | ખાતરનું નામ | વર્ષવાર જરૂરી રાસાયણિક ખાતરનો જથ્થો | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૧ | યુરીયા | ૨૬.૯૦ | ૨૪.૯૦ |
| ૨ | ડી.એ.પી. | ૫.૭૦ | ૫.૩૦ |
| ૩ | એમ.ઓ.પી. | ૧.૭૦ | ૧.૬૨ |
| ૪ | એન.પી.કે. | ૫.૫૧ | ૫.૪૦ |

(૨) તે અન્વયે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે રાસાયણિક ખાતરનો કેટલો જથ્થો ફાળવવા માંગણી કે દરખાસ્ત કરેલ, અને

(૨)

| ક્રમ | ખાતરનું નામ | વર્ષવાર માંગણી કરેલ રાસાયણિક ખાતરનો જથ્થો | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | યુરીયા | ૨૬.૯૦ | ૨૪.૯૦ |
| ૨ | ડી.એ.પી. | ૫.૭૦ | ૫.૩૦ |
| ૩ | એમ.ઓ.પી. | ૧.૭૦ | ૧.૬૨ |

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી રાસાયણિક ખાતરનો જથ્થો મળેલ ?

(૩)

| ક્રમ | ખાતરનું નામ | વર્ષવાર મળેલ રાસાયણિક ખાતરનો જથ્થો | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | યુરીયા | ૨૩.૮૬ | ૨૪.૫૭ |
| ૨ | ડી.એ.પી. | ૮.૪૧ | ૮.૩૭ |
| ૩ | એમ.ઓ.પી. | ૨.૨૫ | ૧.૫૭ |

---------

<#S B /નવસારી જિલ્લામાં કાકરાપાર યોજનામાં નહેર સુધારણાના મંજૂર કામો/S B #>

<#M /* ૨૯૩૭૫ શ્રી પિયુષભાઈ દેસાઇ /M #> (નવસારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઇમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને

(૨) કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં કુલ ૬૬.૯૪ કી.મી. નહેરની લંબાઇમાં નહેર સુધારણાનાં કામો અંદાજીત રૂ.૫૦૦૮.૬૪ લાખના ખર્ચે કરવાનું આયોજન છે.

(૩) આ કામો થવાથી નવસારી જિલ્લાના કેટલા સિંચાઇ વિસ્તારને લાભ થશે ?

(૩) ૩૩,૬૨૯ હેક્ટર.

---------

<#S B /વાંકાનેર અને રાજકોટ તાલુકામાં પાઇપલાઇનથી ચેકડેમો/તળાવો ભરવાની યોજના/S B #>

<#M /* ૩૦૦૭૦ શ્રી મહંમદ જાવીદ પીરઝાદા /M #> (વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સૌની યોજના હેઠળ વાંકાનેર અને રાજકોટ તાલુકાના ચેકડેમો નદી અને તળાવો ભરવાની સરકારની કોઇ યોજના છે, કે કેમ,

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં પાણીની મુશ્કેલી હોય તેવી રાજ્ય સરકારને ફરીયાદ મળી, અને

(૨) હા, જી.

(૩) ઉક્ત સ્થિતિએ ફરિયાદ અંગે રાજ્ય સરકારે શા પગલા લીધા ?

(૩) સૌની યોજના હેઠળ મોરબી જિલ્લાના મચ્છુ–૧, મચ્છુ–૨, મચ્છુ–૩, બંગાવડી, ડેમી–૨ તથા રાજકોટ જિલ્લાના આજી–૩ અને ખોડીપીપર જળાશયમાં પાણી આપવામાં આવેલ છે.

---------

<#S B /નવસારી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૨૯ શ્રી મંગુભાઈ પટેલ/M #> (ગણદેવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયા ?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ.૪૭૯૧.૩૮ લાખનાં ખર્ચે ૩૦૯૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

<#S B /ભિલોડા અને મેઘરજ તાલુકામાં સિંચાઈ માટે કામગીરી/S B #>

<#M /* ૩૦૮૮૦ ડૉ. અનિલ જોષીયારા /M #> (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં મધ્યમ સિંચાઈમાં અને મોટી સિંચાઈમાં હેડ નીચે તાલુકાવાર અને વર્ષવાર શું કામગીરી સિંચાઇ માટે કરવામાં આવી, અને

(૨) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) ભિલોડા તાલુકામાં મેશ્વો મધ્યમ સિંચાઇ યોજના અને હાથમતી મોટી સિંચાઇ યોજનાના હેડ નીચે નહેર સુધારણા, નહેરને લગત અન્ય કામો તેમજ બંધ સલામતીને લગતી કામગીરી કરવામાં આવી.
મેઘરજ તાલુકામાં મધ્યમ કે મોટી સિંચાઇ યોજના આવેલ નથી.

(૨)

| તાલુકો | યોજનાનું નામ | કરેલ કામગીરી | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|---|
| | | | તા.૧/૨/૧૫ થી ૩૧/૧/૨૦૧૬ | તા.૧/૨/૧૬ થી ૩૧/૧/૨૦૧૭ |
| ભિલોડા | મેશ્વો | નહેર સુધારણા તથા નહેરને લગત અન્ય કામો.(૪૭૦૧–૮૩–૮૦૦) | ૭.૨૬ | ૫.૭૧ |
| | | બંધ સલામતી (૪૭૦૧–૪૧–૮૦૦) | ૨૮.૯૨ | ૩૮.૬૪ |
| | હાથમતી | નહેર સુધારણા તથા નહેરને લગત અન્ય કામો.(૪૭૦૧–૮૩–૮૦૦) | ૦ | ૦ |
| | | બંધ સલામતી (૪૭૦૧–૪૧– | ૬૯.૬૪ | ૨૫.૨૯ |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં ગામ તળાવ બનાવવા બાબત/S B #>

<#M /* ૨૯૩૫૦ શ્રી કિશોરસિંહ ચૌહાણ/M #> (વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવ બનાવવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) નવા ગામ તળાવ બનાવવામાં આવેલ નથી.

પરંતુ અમદાવાદ જિલ્લામાં કુલ ૪૨ તળાવો ઉંડા કરવામાં આવેલ છે.

(૨) ઉંડા કરેલ તળાવો પાછળ કુલ રૂ.૨૬૪.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

<#S B /કચ્છ જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય/S B #>

<#M /* ૨૯૩૬૩ શ્રી રમેશભાઇ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતરમાં બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં કચ્છ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૧૪,૮૨,૯૫૦/- (રૂપિયા ચૌદ લાખ બ્યાશી હજાર નવસો પચાસ રૂપિયા પુરા)

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવાના કામ/S B #>

<#M /* ૨૯૬૮૩ શ્રી કાંતિભાઇ ખરાડી/M #> (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તળાવો ઉંડા કરવા માટે કઇ એજન્સીને કામ આપવામાં આવ્યું.

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૫માં કામ કરેલ એજન્સીના નામ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | અશોકભાઇ ડી.મેવાડા, રાજપુર.<br>મે.મા.કૃપા કન્સ્ટ્રકશન, પાલનપુર. |
| ૨ | દાંતા | બી.કે.પ્રજાપતિ, નાનાસડા.<br>આનંદ કન્સ્ટ્રકશન, કુંડેલ. |
| ૩ | વડગામ | આલોક કોર્પોરેશન, થલવાડા.<br>ડી.સી.પટેલ, મેગાળ.<br>મે.ચૌધરી કન્સ્ટ્રકશન, એદ્રાણા. |
| ૪ | દાંતીવાડા | રોબર્ટ કન્સ્ટ્રકશન, મોરબી<br>મફતસિંહ એન. દેવાડા, રૂપાલ.<br>બ્રહ્માણી કન્સ્ટ્રકશન, ધાનેરી.<br>જય જશનાથ કન્સ્ટ્રકશન, ડીસા. |
| ૫ | પાલનપુર | શ્રી જીતેન્દ્ર એફ. પટેલ, મુ.પુંજપુર.<br>ભેમજીભાઇ. ડી. પટેલ, પાલનપુર.<br>દિલાવરખાન કે. પરમાર, મુ.ધાણધા.<br>ચાવડા કન્સ્ટ્રકશન, ધાણધા.<br>નિર્મલ કન્સ્ટ્રકશન, અજુજા.<br>મે.સોના બિલ્ડર્સ, ઉંઝા. |

| | | |
|---|---|---|
| | | યાસીનભાઇ મુસાભાઇ સુમરા,<br>મુ.પો.ધાણધા.<br>શિવ બિલ્ડર્સ, ઉમિયાનગર. |
| ૬ | ડીસા | શિવમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગાંધીનગર.<br>પરેશ આર. પટેલ. પાટણ.<br>રાખશીયા ડેવલોપર્સ, રાજકોટ.<br>નિર્મળ કન્સ્ટ્રકશન, અજુજા.<br>જય રામદેવ કન્સ્ટ્રકશન, વિરૂણા.<br>નરેશ આઇ. પટેલ, મક્તુપુર.<br>આસ્થા કન્સ્ટ્રકશન, ગાંભુ. |

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૬માં કામ કરેલ એજન્સીના નામ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | વી.એમ.રાજપુત, વરવાડિયા. |
| ૨ | દાંતા | પ્રભુ એંટરપ્રાઇઝ, હરીગઢ. |
| ૩ | પાલનપુર | શ્રી ડી.સી.પટેલ, મેગાળ.<br>દિલાવરખાન કે. પરમાર, ધાણધા.<br>શિવમ એંજીનીયર્સ, કહોડા. |
| ૪ | ડીસા | જી.એલ.પટેલ પાલનપુર.<br>નવિન કન્સ્ટ્રકશન, પાલનપુર.<br>રબારી પ્રવિણભાઇ લીલાભાઇ.<br>જય રામદેવ કન્સ્ટ્રકશન, વિરૂણા.<br>નરેશ આઇ. પટેલ, મક્તુપુર.<br>જગદીશભાઇ એમ. રાવલ. ડીસા<br>રવિ કન્સ્ટ્રકશન, ધાનેરા.<br>ડી.સી.પટેલ, મેગાળ. |
| ૫ | દિયોદર | નવરંગ કન્સ્ટ્રકશન, પીપલી.<br>નવજીવન કન્સ્ટ્રકશન, પીપલી.<br>કનુભાઇ આર. પરમાર, તાજપુરા<br>એલ.કે.પટેલ, લાખણી<br>બી.એમ.પટેલ. અર્થ મુવર્સ, થરા. |
| ૬ | સુઇગામ | શ્રી મહાલક્ષ્મી કું., ઝેરડા.<br>એ.આર. પટેલ, કોઠાગામ.<br>ધેંગાભાઇ મહાદેવભાઇ રાજપુત, વાવ.<br>આર.ડી. પટેલ, સુઇગામ.<br>દિનેશચંદ્ર આર. પંડ્યા, થરાદ.<br>પટેલ રવજીભાઇ ખેમાભાઇ, કોઠીગામ.<br>શરદ કન્સ્ટ્રકશન, સાદપુર.<br>ભગાભાઇ જી.ચૌધરી, રાધનપુર.<br>રામેશ્વર કન્સ્ટ્રકશન,રાધનપુર. |
| ૭ | કાંકરેજ | દિનેશભાઇ કાળુભાઇ ભાંડવા, ગઢ.<br>પ્રગતિ કન્સ્ટ્રકશન, પાલનપુર.<br>શીવશક્તિ કન્સ્ટ્રકશન, થલવાડા.<br>ફલજીભાઇ સરદારભાઇ ઉપલાણા,<br>મગરવાડા.<br>રમેશકુમાર વી.પટેલ, કુંભાસણ<br>જય જશનાથ કન્સ્ટ્રકશન, ડીસા. |

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે, અને ઉક્ત કામો ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) તમામ કામો પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલી છે?

(૩) ૪૫૫.૮૦ લાખ.

---------

<#S B /રાજ્યમાં કપાસ, મગફળી પાકના પોષણક્ષમ ભાવો/S B #>

<#M /* ૩૧૨૫૪ શ્રી રાઘવજી પટેલ/M #> (જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા કપાસ અને મગફળી પાકના પોષણક્ષમ ભાવો તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયત કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, કે કેમ

(૧) હા,જી

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૨) સદરહું બાબત રાજ્ય સરકારશ્રીની સત્તા મર્યાદામાં આવતી ન હોય,

(૩) ઉપરોક્ત ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો ક્યાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે?

(૩) કેન્દ્ર સરકારશ્રી દ્વારા કપાસ તથા મગફળી પાકોની વર્ષવાર જાહેર કરેલ ટેકાના ભાવની વિગત નીચે મુજબ છે.

રૂ./ક્વિન્ટલ

| પાકનું નામ | | વર્ષ (ખરીફ સીઝન) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| | પ્રસિધ્ધની તારીખ | તા.૨૩-૬-૨૦૧૫ | તા.૩-૬-૨૦૧૬ |
| કપાસ | (અ)લંબતારી કપાસ | ૪૧૦૦ | ૪૧૬૦ |
| | (બ)મધ્યમ તારી કપાસ | ૩૮૦૦ | ૩૮૬૦ |
| મગફળી | | ૪૦૩૦ | ૪૨૨૦ (રૂ.૧૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ સહિત) |

---------

<#S B /મહીસાગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૩૩૭ શ્રી ભૂષણ ભટ્ટ /M #> (જમાલપુર ખાડીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા?

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

(૧) અને (૨) મહીસાગર જિલ્લામાં ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૬૬.૫૨ લાખનાં ખર્ચે કુલ ૧૧૨૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા

---------

<#S B /ડાંગ જિલ્લામાં તળાવ બનાવવા મળેલ અરજીઓ/S B #>

<#M /* ૨૯૮૦૮ શ્રી મંગળભાઇ ગાવિત/M #> (ડાંગ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર તળાવ બનાવવા કેટલી અરજીઓ સરકારને મળી, અને

(૧) તાલુકાવાર મળેલ અરજીઓ.

| તાલુકો | મળેલ અરજી |
|---|---|
| આહવા | ૧૩ |
| વઘઇ | ૧ |
| સુબીર | ૪ |
| કુલ | ૧૮ |

(૨) ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલી અરજીઓ મંજુર કરી અને તે પૈકી કેટલાના કામો શરૂ કરવામાં આવ્યા?

(૨) મળેલ મંજુરીઓ તથા શરૂ કરેલ કામો.

| તાલુકો | મંજુર કરેલ અરજીઓ | શરૂ કરેલ કામો |
|---|---|---|
| આહવા | ૧૩ | ૮ |
| વઘઇ | ૧ | ૧ |
| સુબીર | ૪ | ૨ |
| કુલ | ૧૮ | ૧૧ |

---------

<#S B /ભરૂચ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના/S B #>

<#M /* ૩૦૯૭૭ શ્રી અરૂણસિંહ રણા/M #> (વાગરા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાની આમોદ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૧૫.૦૫/– લાખ

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

(૨) રૂ.૧૫.૦૫/– લાખ

---------

<#S B /ધરમપુર તાલુકામાં ગામોને સિંચાઇનું પાણી આપવા બાબત/S B #>

<#M /* ૨૮૮૩૨ શ્રી ઇશ્વરભાઇ પટેલ /M #> (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં નહેર દ્વારા સિંચાઇનું પાણી કેટલા ગામોને આપવામાં આવે છે, અને

(૧) ૧

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા ગામોને નહેર દ્વારા સિંચાઇનું પાણી કેટલા સમયમાં આપવામાં આવશે?

(૨) ધરમપુર તાલુકાનો વિસ્તાર પર્વતાળ તથા જંગલની જમીન મોટા પ્રમાણમાં ડુબાણમાં જતી હોઇ મોટી/મધ્યમ સિંચાઇ યોજના આધારિત નહેરોથી સિંચાઇ શક્ય નથી. તેના વિકલ્પ રૂપે ધરમપુર તાલુકાના બાકી રહેતા ૧૦૬ ગામોમાં કુલ ૧૩૩૮ ચેકડેમો તથા ૫ ઉØ û વહન સિંચાઇ દ્વારા સિંચાઇનો લાભ આપવામાં આવે છે.

---------

<#S B /વડોદરા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજુર રકમ/S B #>

<#M /* ૨૯૩૭૪ શ્રી દિનેશભાઈ પટેલ /M #> (પાદરા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાની પાદરા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૦૭.૮૦/- લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૦૭.૮૦/- લાખ |

---------

<#S B /વડોદરા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૨૬ શ્રી કેતનભાઈ ઇનામદાર /M #> (સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કૂવા વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

વડોદરા જિલ્લો

| વર્ષ | વીજળીકરણ કરેલ કૂવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૪૧૯ | ૨૭૭૭.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૪૦૮ | ૨૯૭૨.૪૮ |
| કુલ | ૨૮૨૭ | ૫૭૪૯.૫૨ |

---------

<#S B /રાજ્યમાં કોલસા આધારિત વીજ મથકો/S B #>

<#M /* ૩૧૩૧૪ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં કોલસા આધારિત વીજ મથકો ક્યા છે ?

જવાબ

તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબના કોલસા/લિગ્નાઇટ આધારિત વીજ મથકો છે.

| | પાવર પ્લાન્ટનું નામ |
|---|---|
| અ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન |
| | ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન |

| | |
|---|---|
| | કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન |
| બ | રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકો |
| | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. એસએલપીપી (લિગ્નાઇટ) – સુરત |
| | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન – લિગ્નાઇટ (અકરીમોટા) |
| | ભાવનગર એનર્જી કંપની લી. (લિગ્નાઇટ) |
| ક | ખાનગી સાહસો–આઇપીપી |
| | ટોરેન્ટ પાવર એઇસી (થર્મલ)–અમદાવાદ |
| | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી |
| | એસ્સાર પાવર ગુજરાત લી.–વાડીનાર |
| | મુન્દ્રા યુ.એમ.પી.પી.–કોસ્ટલ ગુજરાત પાવર લી. |

---------

<#S B /દહેગામ તાલુકામાં તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M /* ૨૮૮૨૭ શ્રીમતી કામિનીબા રાઠોડ /M #> (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વર્ષવાર ક્યા ગામમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) નીચે મુજબ ૧૦ ગામોમાં કુલ ૧૪ તળાવો

| | ગામ | તા.૩૧–૧૨–૧૫ અંતિત | તા.૩૧–૧૨–૧૬ અંતિત |
|---|---|---|---|
| ૧ | ઇસનપુર (ડોડીયા) | ૧ | – |
| ૨ | બહીયલ | – | ૧ |
| ૩ | ભાદરોડા | – | ૨ |
| ૪ | બીલમણા | – | ૧ |
| ૫ | ચિસકારી | – | ૨ |
| ૬ | સાંપા | | ૩ |
| ૭ | શિયાવાડા | – | ૧ |
| ૮ | સુજાના મુવાડા | – | ૧ |
| ૯ | પાટના કુવા | – | ૧ |
| ૧૦ | અંતોલી | | ૧ |
| | કુલ | ૧ | ૧૩ |

(૨) ઉક્ત તળાવો ઉંડા કરવા પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૮૨,૭૩,૧૧૦/–.

---------

<#S B /ભાવનગર જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ/S B #>

<#M /* ૨૯૩૭૦ શ્રી કેશુભાઈ નાકરાણી /M #> (ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ જંતુનાશક દવાઓના કેટલા નમુનાઓ લેવામાં આવ્યા,

(૧) ૨૮૫ નમુનાઓ.

(૨) આ નમુનાઓ પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા, અને

(૨) ૨૭૫ નમુના.

(૩) ઉક્ત બીન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલા લેવામાં આવ્યા ?

(૩)

| અ.નં. | બીન પ્રમાણિત નમુનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં |
| ૩ | ૦૭ | કાર્યવાહીમાં |

---------

<#S B /ઉના તાલુકાની મચ્છુન્દ્રી તથા રાવલ સિંચાઇ યોજના મરામતના કામો/S B #>

<#M /* ૩૧૧૩૯ શ્રી પુંજાભાઈ વંશ /M #> (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાની મચ્છુન્દ્રી સિંચાઇ યોજના તથા રાવલ સિંચાઇ યોજનામાં ક્યા પ્રકારના મરામતના કામો કરવામાં આવ્યા છે,

(૧) કેનાલ મરામત, કેનાલ સફાઇ, કેનાલ સ્ટ્રક્ચરની મરામત જેવા સિંચાઇ માટેની પાયાની જરૂરિયાત મુજબના કામો કરવામાં આવ્યા છે.

(૨) ઉક્ત કામો કરવાની જવાબદારી કઇ એજન્સીને સોંપવામાં આવેલ, અને

(૨) ઉક્ત કામો કરવાની જવાબદારી નીચે મુજબની એજન્સીઓને સોંપવામાં આવેલ.

(૧) શકિત કન્સ્ટ્રક્શન, મુ.સુપાસી
(૨) જોષી કન્સ્ટ્રકશન, મુ.ગડુ (શેરબાગ)
(૩) બાબુભાઈ વિરાભાઈ ડોડીયા, મુ.ઉના
(૪) જય સુખનાથ કન્સ્ટ્રકશન, મુ.રામપરા
(૫) પૃથ્વી બિલ્ડર્સ, મુ.કોડીનાર
(૬) પારસ કન્સ્ટ્રક્શન, મુ.ઉના
(૭) વૃજ કન્સ્ટ્રક્શન, મુ.ઉના
(૮) રસીકલાલ શિવાભાઈ ટાંચક, મુ.ભાચા
(૯) મહાવીર કન્સ્ટ્રક્શન, મુ.રાજુલા

(૩) ઉક્ત મરામત પાછળ ઉક્ત વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) ઉક્ત મરામત પાછળ નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| યોજનાનું નામ | વર્ષ ૨૦૧૫ દરમ્યાન થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | વર્ષ ૨૦૧૬ દરમ્યાન થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| મચ્છુન્દ્રી સિંચાઇ યોજના | ૧૦.૯૬ | ૯૧.૩૬ | ૧૦૨.૩૨ |
| રાવલ સિંચાઇ યોજના | ૬.૯૪ | ૩૩.03 | ૩૯.૯૭ |
| કુલ | ૧૭.૯૦ | ૧૨૪.૩૯ | ૧૪૨.૨૯ |

---------

<#S B /વડોદરા જિલ્લામાં ડાંગર યોજના હેઠળ બિયારણ સહાયથી વિતરણ/S B #>

<#M /* ૨૯૩૬૬ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ/M #> (ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન ડાંગર યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૭૬૩.૨૪ ક્વિન્ટલ. |
| (૨) કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ? | (૨) કુલ રૂ.૯,૭૧,૨૨૧/–. |

---------

<#S B /ખેડા જિલ્લામાં શેઢી અને મહી શાખાની ડિસ્ટ્રીબ્યુટરી નહેરોનું બાકી કામ/S B #>

<#M /* ૨૮૮૧૧ શ્રી નટવરસિંહ ઠાકોર /M #> (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં શેઢી અને મહી શાખાની ડિસ્ટ્રીબ્યુટરી નહેરોનું જે કામ બાકી છે તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | ડીસ્ટ્રીબ્યુટરી નહેરોનું કોઇ કામ બાકી નથી. |

---------

<#S B /વલસાડ જિલ્લામાં પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા ચેકડેમો બનાવવા બાબત/S B #>

<#M /* ૨૯૩૯૦ શ્રી કનુભાઈ દેસાઇ /M #> (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, | (૧) ૯૪ ચેકડેમો. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૯૯૦.૯૬ લાખ. |
| (૩) આ ચેકડેમોથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ થયો ? | (૩) ૪૪૯ હેક્ટર વિસ્તારને આડકતરો લાભ થયેલ છે. |

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં પાકવીમાના દાવા મંજૂર કરવા/S B #>

<#M /* ૩૦૮૪૩ શ્રી મણિલાલ વાઘેલા/M #> (વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ પાકવીમાનાં કેટલા દાવા પડતર છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ચુકવવાપાત્ર થયેલ કોઇ પણ પાકવીમાના દાવા પડતર નથી. |
| (૨) કેટલા સમયથી ઉક્ત દાવા પડતર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત પડતર દાવાઓનો કેટલા સમયમાં નિકાલ કરી બાકી રકમ ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /વડોદરા જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો/S B #>

<#M /* ૨૯૩૬૪ શ્રી શિવાભાઈ ગોહિલ /M #> (તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તેલીબિંયા પાકોનું ઉત્પાદન વધારવા સંબંધિત યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) કુલ છત્રીસ (૩૬) ખેડૂત તાલીમ શિબિર. |
| (૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) કુલ ૧૩૩૭ ખેડૂતો. |
| (૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૮,૪૭,૮૦૬/-. |

---------

<#SB /સાંતલપુર તાલુકાના રાજુસરા ગામે આડબંધ અને વેસ્ટવીયર બનાવવાની કામગીરી/SB #>

<#M /* ૨૯૩૮૪ શ્રી નાગરજી ઠાકોર /M #> (રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લાના સાંતલપુર તાલુકાના રાજુસરા ગામે આડબંધ અને વેસ્ટવીયર બનાવવાની કામગીરી કયા તબક્કે છે, | (૧) વર્ક ઓર્ડર સ્ટેજે છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) ઓકટોબર-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ? | (૩) ૧૦૦ હેકટર. |

---------

<#SB /રાજ્યમાં કપાસ મગફળી પાકના પોષણક્ષમ ભાવો/SB #>

<#M /* ૩૧૨૭૮ શ્રી જવાહરભાઈ ચાવડા /M #> (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કપાસ અને મગફળી પાકના પોષણક્ષમ ભાવો તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયત કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) સદરહું બાબત રાજ્ય સરકારશ્રીની સત્તા મર્યાદામાં આવતી ન હોય. |
| (૩) ઉપરોકત ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો ક્યાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે ? | (૩) કેન્દ્ર સરકારશ્રી દ્વારા કપાસ તથા મગફળી પાકોની વર્ષવાર જાહેર કરેલ ટેકાના ભાવની વિગત નીચે મુજબ છે. |

(રૂ./કિવન્ટલ)

| પાકનું નામ | | વર્ષ (ખરીફ સીઝન) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| | પ્રસિધ્ધિની તારીખ | તા.૨૩-૬-૨૦૧૫ | તા.૩-૬-૨૦૧૬ |
| કપાસ | (અ)લંબતારી કપાસ | ૪૧૦૦ | ૪૧૬૦ |
| | (બ)મધ્યમતારી કપાસ | ૩૮૦૦ | ૩૮૬૦ |
| મગફળી | | ૪૦૩૦ | ૪૨૨૦ (રૂ.૧૦૦ પ્રતિ કિવન્ટલ બોનસ |

---------

<#SB /સુરત જિલ્લામાં જળસંગ્રાહક સ્ટ્રકચર બનાવવાની અરજીઓ/SB #>

<#M /* ૨૯૩૫૪ શ્રી મુકેશભાઈ પટેલ /M #> (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

| | |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં આઈ ખેડૂત પોર્ટલમાં જળસંગ્રાહક સ્ટ્રકચર બનાવવા માટે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓના જળસંગ્રાહક સ્ટ્રકચર બનાવવામાં આવ્યા, અને | (૨) ૧૭૮ જળસંગ્રાહક સ્ટ્રકચર. |
| (૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ.૧૭૧.૦૮ લાખ. |

---------

<#S B /જુનાગઢ જિલ્લામાં ગામમાં તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M /* ૨૯૩૮૭ શ્રી અરવિંદભાઈ લાડાણી/M #> (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) ૧૨૦ |
| (૨) ઉકત ગામ તળાવો ઉંડા ઉતારવા માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) |

| વર્ષ | ખર્ચ લાખમાં |
|---|---|
| ૩૧-૧૨-૨૦૧૫ | ૩.૧૮૨.૮૯ |
| ૩૧-૧૨-૨૦૧૬ | ૩.૪૫૦.૦૯ |
| કુલ | ૩.૬૩૨.૯૮ |

| | |
|---|---|
| (૩) ઉકત ગામ તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં વધારો થયો ? | (૩) હા, જી. |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં વરસાદી/પુરના પાણીથી થતુ નુકસાન અટકાવવા બાબત/S B #>

<#M /* ૨૯૩૭૮ શ્રી લાલજીભાઈ કોળી પટેલ /M #> (ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરમતી નદી કાંઠાના અમદાવાદ જિલ્લાના ગામોના પાળાને ચોમાસા દરમ્યાન વરસાદી/પુરના પાણીથી થતુ નુકસાન અટકાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યાં સ્થળે/ગામોમાં કરવામાં આવેલ છે ? | (૨) સાબરમતી નદી કિનારાના દસક્રોઈ તાલુકાના કાસીન્દ્રા ગામે અને ધોળકા તાલુકાના ઈંગોલી ગામે ચોમાસા દરમ્યાન વરસાદી પુરના પાણીથી થતુ નુકશાન અટકાવવા માટે પાયલોટ પ્રોજેકટ તરીકે પાળાના સંરક્ષણને લગત પુર નિયંત્રણ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

<#S B /ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં હાથમતી-ગુહાઈ પાઈપલાઈનનું કામ/S B #>

<#M /* ૨૯૩૮૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા /M #> (હિંમતનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારિત હાથમતી–ગુહાઈ પાઈપલાઈનનું કામ ક્યા વર્ષમાં પુર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૦૮–૦૯ માં. |
| (૨) ઉક્ત પાઈપલાઈનથી કેટલા ગામોના તળાવો ભરવામાં આવે છે ? | (૨) ૩૭ ગામોના ૫૬ તળાવો. |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં આજી ડેમ ભરવાની કાર્યવાહી/S B #>

<#M /* ૨૯૬૮૧ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ /M #> (રાજકોટ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌની યોજના અન્વયે રાજકોટ જિલ્લામાં આવેલ આજી ડેમ ભરવાની કાર્યવાહી તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) રૂ.૪૭૯.૬૩ કરોડ. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરીને આજી ડેમ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વર્ષ ૨૦૧૭ માં આજી ડેમ ભરવાનું આયોજન છે. |

---------

<#S B /જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય/S B #>

<#M /* ૨૯૩૯૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા/M #> (જામનગર ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) જામનગર જિલ્લામાં ૭૩ અરજીઓ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૪ અરજીઓ એમ કુલ ૧૦૭ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી મૃતક ખેડૂત દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૨) જામનગર જિલ્લામાં કુલ રૂ.૩૭.૦૦ લાખ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ રૂ.૧૬.૦૦ લાખ એમ કુલ રૂ.૫૩.૦૦ લાખની રકમ ચુકવવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ અને તેના કારણો શા છે, અને | (૩) કુલ ૨ અરજીઓ નામંજૂર થઈ.<br>જિલ્લોઃ જામનગર<br>૧. વિદ્યાર્થીઓ માટેની ''વિદ્યાદીપ'' યોજનામાં લાભ મળેલ હોવાથી.<br>જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા<br>૧. મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર સહાય ચુકવવામાં આવશે ? | (૪) વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી ચુકવવા/ નિકાલની કાર્યવાહી કરવામાં આવશે. |

---------

<#S B /નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના/S B #>

<#M /* ૨૯૩૬૫ શ્રી ઋષિકેશ પટેલ /M #> (વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૩ |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૬૬.૦૦ લાખ. |

---------

<#S B /અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કૃષિ વિષયક વીજ જોડાણની અરજીઓ/S B #>

<#M /* ૩૧૦૨૮ શ્રી શકિતસિંહજી ગોહિલ/M #> (અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કૃષિ વિષયક વિજ જોડાણની કેટલી અરજીઓ વર્ષવાર પડતર છે ? | તા.૦૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાઓમાં કૃષિ વીજ જોડાણ માટેની પડતર અરજીઓની વર્ષવાર માહિતી આ સાથે સામેલ પત્રક–અ મુજબ છે. |

પ ત્ર ક – અ

| તાલુકા | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| અબડાસા | ૬ | ૫૭૧ | ૩૫૫ | ૩૦૧ | ૨૬૭ | ૨૧૭ | ૩૧૨ | ૨૦૨૯ |
| લખપત | ૦ | ૦ | ૦૦૨ | ૦૦૯ | ૫૦ | ૩૫ | ૧૦૮ | ૨૦૪ |
| નખત્રાણા | ૦ | ૨૩૯ | ૩૯૧ | ૪૧૭ | ૫૪૩ | ૪૫૬ | ૫૦૫ | ૨૫૫૧ |
| કુલ | ૬ | ૮૧૦ | ૭૪૮ | ૭૨૭ | ૮૬૦ | ૭૦૮ | ૯૨૫ | ૪૭૮૪ |

---------

<#S B /મહીસાગર જિલ્લામાં ખેડુતોને નવા વીજ કનેકશનોની પડતર અરજીઓ/S B #>

<#M /* ૨૮૮૪૪ શ્રી માનસિંહ ચૌહાણ /M #> (બાલાશીનોર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખેડુતોને નવા વીજ કનેકશનો આપવાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) મહીસાગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની કુલ પડતર અરજીઓની વિગતો, તાલુકાવાર નીચે મુજબ છે. |

| તાલુકો | કુલ પડતર અરજીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૭૩૭ |
| ખાનપુર | ૯૫૩ |
| સંતરામપુર | ૨૭૨ |
| કડાણા | ૩૯૫ |
| બાલાસિનોર | ૨૧૬ |
| વિરપુર | ૬૧૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત અરજીઓને સત્વરે નિકાલ કરી વિજ કનેકશનો કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે ? | (૨) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુ ને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે. |

---------

<#S B /દાહોદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૩૦ શ્રી વિછીંયાભાઈ ભુરીયા /M #> (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ. ७૯૦૮.૮૦ લાખનાં ખર્ચે ૫૧૧૨ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

<#S B /અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં પાકોનો જથ્થો ટેકાના ભાવે ખરીદવા બાબત/S B #>

<#M /* ૩૦૦૬૩ ડૉ. રાજેન્દ્રસિંહ ઠાકોર /M #> (મોડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને કૃષિ ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે તે માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને બનાસકાંઠા જીલ્લામાં કયા પાકોનો કેટલો જથ્થો કયા ટેકાના ભાવે રાજ્ય સરકાર દ્વારા ખરીદવામાં આવ્યો ? | (૨) વિગત પત્રક–૧ અને ૨ મુજબ છે. |

પત્રક–૧

અરવલ્લી જિલ્લો

| પાકનું નામ | વર્ષ | ખરીદેલ જથ્થો ક્વિન્ટલમાં | ટેકાના ભાવ (રૂપિયા/ક્વિન્ટલ) |
|---|---|---|---|
| કપાસ | ૨૦૧૫–૧૬ | ૨७૪૨.૮૦ | ૪૦૫૦ |
| | | ૨૧૪.૪૫<br>(તા.૧૬–૧૨–૧૫ પછી) | ૪૦૫૦+૫૫૦=૪૬૦૦<br>(ગુજરાત સરકારશ્રી દ્વારા બોનસ સહિત) |
| મગફળી | ૨૦૧૬–१७ | ૮૧७૨૨.૪૨ | ૪૨૨૦ |

પત્રક–૨

બનાસકાંઠા

| પાકનું નામ | વર્ષ | ખરીદેલ જથ્થો ક્વિન્ટલમાં | ટેકાના ભાવ (રૂપિયા/ક્વિન્ટલ) |
|---|---|---|---|
| મગફળી | ૨૦૧૬–१७ | ૧૮૧૨૦૩.૦૫ | ૪૨૨૦ |

---------

<#S B /સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૩૧ શ્રી કિશોરભાઈ કાનાણી /M #> (વરાછા રોડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ. ૧૦૨૦૦.૩૫ લાખનાં ખર્ચે કુલ ૫૦૫૨ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

<#S B /દાહોદ જિલ્લામાં જળસંગ્રાહક સ્ટ્રક્ચર બનાવવાની અરજીઓ/S B #>

<#M /* ૨૯૩૫૩ શ્રી રમેશભાઈ કટારા /M #> (ફતેપુરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં આઈ ખેડૂત પોર્ટલમાં જળસંગ્રાહક સ્ટ્રક્ચર બનાવવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૪૫૫ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલા જળસંગ્રાહક સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યા, અને | (૨) ૧૪ જળસંગ્રાહક સ્ટ્રક્ચર |
| (૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૨૬.૯૯ લાખ |

---------

<#S B /રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતો માટે રાહત સહાય પેકેજની જાહેરાત/S B #>

<#M /* ૨૯૩૯૯ ડૉ. તેજશ્રીબેન પટેલ/M #> (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે કપાસ પકવતા રાજ્યના ખેડૂતો માટે રાહત સહાય પેકેજની જાહેરાત કરી હતી તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા તો કેટલી રકમના સહાય પેકેજની જાહેરાત ક્યારે કરવામાં આવેલ હતી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય રાજ્ય સરકારે ચૂકવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /સુરત જિલ્લામાં કાર્યરત વીજ સબ–સ્ટેશનો/S B #>

<#M /* ૨૯૩૩૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ /M #> (ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં કેટલા વીજ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ? | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં કુલ ૧૨ (બાર) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

---------

<#S B /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાંધેલ ચેકડેમો/S B #>

<#M /* ૨૯૩૮૬ શ્રી મેઘજીભાઈ ચાવડા/M #> (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા, | (૧) ૭ |
| (૨) ઉક્ત ચેકડેમો બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) |

| વર્ષ | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૫ | રૂ. ૪૫.૭૯ |
| ૨૦૧૬ | રૂ. ૨૮.૬૯ |
| કુલ | રૂ. ૭૪.૪૮ |

| | |
|---|---|
| (૩) ઉક્ત ચેકડેમો બાંધવાથી જળસંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૩) ૧૩.૪૫ મીલીયન ઘનફુટ |
| (૪) કેટલા વધારાના વિસ્તારને સિંચાઈનો લાભ મળ્યો ? | (૪) ૧૨૨ હેક્ટર |

---------

<#S B /વિજાપુર તાલુકામાં ધરોઈ કેનાલ અને ભીમપોર પ્રશાખાના અધુરા કામો/S B #>

<#M /* ૩૦૪૦૪ શ્રી પ્રહલાદભાઈ પટેલ/M #> (વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં ધરોઈ કેનાલ પ્ર.શાખા અને ભીમપોર પ્રશાખાના કામો કેટલા સમયથી અધુરા પડ્યા છે, | (૧) જમીન સંપાદન ન થવાથી આયોજન થઈ શકેલ નથી. |
| (૨) તેના કારણો શા છે, અને | (૨) ખેડૂતોના વિરોધના કારણે જમીન સંપાદન ન થવાથી. |
| (૩) આ અધુરા કામને કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે ? | (૩) જમીન સંપાદન પૂર્ણ થયેથી બે વર્ષમાં. |

---------

<#S B /સાબરકાંઠા જિલ્લામાં ખાતર ફાળવવા બાબત/S B #>

<#M /* ૩૧૩૧૭ શ્રી અશ્વિન કોટવાલ /M #> (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા મેટ્રીક ટન ખાતર ફાળવવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર ખાતરની ફાળવણી કયા ડેપો પરથી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તાલુકાવાર રાસાયણિક ખાતરોની ફાળવણી અલગથી કરવામાં આવતી નથી. તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે વિવિધ રાસાયણિક ખાતરોનો જથ્થો ફાળવવામાં આવેલ.

(જથ્થોઃ મેટ્રિક ટન)

| ક્ર. | માસ/વર્ષ | યુરીયા | ડી.એ.પી. | એમ.ઓ.પી. | એન.પી.કે. |
|---|---|---|---|---|---|
| ૧ | ફેબ્રુ.૧૫થી જાન્યુ.૧૬ (અરવલ્લી જિલ્લા સહિત) | ૧,૪૬,૭૭૫ | ૪૧,૭૮૪ | ૨૦,૨૨૪ | ૪૩,૭૫૯ |
| ૨ | ફેબ્રુ.૧૬થી સપ્ટે.૧૬ (અરવલ્લી જિલ્લા સહિત) | ૯૫,૮૦૦ | ૩૫,૧૭૦ | ૭.૦૩૫ | ૩૫,૦૬૦ |
| ૩ | ઓક્ટો.૧૬થી જાન્યુ.૧૭ (અરવલ્લી જિલ્લા સિવાય) | ૩૬,૫૭૫ | ૧૦,૦૩૩ | ૪,૦૬૪ | ૧૧,૮૨૦ |

(૨) રાસાયણિક ખાતરોની ડેપો વાર અલગથી ફાળવણી કરવામાં આવતી નથી. સાબરકાંઠા જિલ્લામાં ખાતર વિક્રેતાઓની માંગણી મુજબ ખાતર કંપનીઓ દ્વારા ખાતર સપ્લાય કરવામાં આવેલ છે.

---------

<#S B /ડી.આઇ.એસ.એસ. યોજનામાં રાજયને ફાળવેલ રકમ/S B #>

<#M /* ૨૯૩૪૭ શ્રી નરોત્તમભાઇ પટેલ/M #> (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર શીફ્ટીંગ સ્કીમ (DI SS) યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કુલ કેટલી રકમની નાણાકીય સહાય ફાળવેલ છે? | રાજ્યમાં ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર શીફ્ટીંગ સ્કીમ (ડી.આઇ.એસ.એસ.) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સુધીમાં રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૫૦.૦૦ કરોડની નાણાંકીય સહાય શેરમૂડી રૂપે ફાળવેલ છે. |

---------

<#S B /દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય /S B #>

<#M /* ૨૯૩૯૬ ડૉ. મિતેશભાઇ ગરાસીયા/M #> (ઝાલોદ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી મૃતક ખેડૂત દીઠ કેટલી રકમ ચુકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર થઇ અને તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર સહાય ચુકવવામાં આવશે ?

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં ૧૦૫ અરજીઓ અને પંચમહાલ જિલ્લામાં ૧૩૮ અરજીઓ એમ કુલ ૨૪૩ અરજીઓ મળી.

(૨) સરકારશ્રીના હાલના ધારાધોરણ મુજબ અકસ્માતે મૃત્યુના કિસ્સામાં મૃતક ખેડૂતના વારસદારને રૂ.૧,૦૦,૦૦૦/– વીમા સહાય ચુકવવામાં આવે છે. તે મુજબ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ રૂ.૨૪.૦૦ લાખ અને પંચમહાલ જિલ્લામાં કુલ ૫૨.૦૦ એમ કુલ રૂ.૭૬.૦૦ લાખની રકમ ચુકવવામાં આવી.

(૩) નામંજુર અરજીઓની સંખ્યા – ૧૦

દાહોદ

| અ.ન. | નામંજુરના કારણો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતા વધુ હોવાથી | ૧ |
| ૨ | અરજી સમય મર્યાદા બહાર મળેલ હોવાથી | ૫ |
| ૩ | મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ સંતાન ન હોવાથી | ૧ |
| ૪ | મૃતક ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| કુલ | | ૮ |

પંચમહાલ

| અ.ન. | નામંજુરના કારણો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મૃતકનુ મૃત્યુ કુદરતી રીતે થયેલ હોવાથી | ૧ |
| ૨ | મૃતક ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| કુલ | | ૨ |

(૪) વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી ચુકવવા/નિકાલની કાર્યવાહી કરવામાં આવશે.

---------

<#S B /વલસાડ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૨૯૩૪૩ શ્રી રમણલાલ પાટકર /M #> (ઉમરગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ

જવાબ

(૧) અને (૨)
રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ

સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા,

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૨૧.૭૬ લાખનાં ખર્ચે ૩૪.૬૭ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૭૪૧ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે.

---------

<#S B /મહિસાગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૩૨ શ્રી જગદીશભાઇ પંચાલ/M #> (નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨)

મહિસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કલેન્ડર વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂ.૨૪૩.૯૭ લાખનાં ખર્ચે ૧૭૨ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૩૩૫ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની 'ઝૂંપડા વીજળીકરણ યોજના' અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૩૭૮.૩૬ લાખનાં ખર્ચે ૫૯૩૯ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

<#S B /તાપી જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય/S B #>

<#M /* ૨૯૩૬૧ શ્રી કાંતિલાલભાઇ ગામીત /M #> (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ વર્ષે ૨૦૧૬-૧૭ માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચુકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૩૮,૪૩,૩૪૬/- (રૂપિયા આડત્રીસ લાખ તેતાલીસ હાજર ત્રણસો છેતાલીસ પુરા)

---------

<#S B /મહેમદાવાદ તથા ખેડા તાલુકા ખાતે સેલ્ફ ફાઇનાન્સ માર્કેટયાર્ડની દરખાસ્ત/S B #>

<#M /* ૨૯૩૧૬ શ્રી ગૌતમભાઇ ચૌહાણ/M #> (મહેમદાવાદ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકા ખાતે સેલ્ફ ફાઇનાન્સ માર્કેટયાર્ડની મંજૂરી મેળવવા માટેની

જવાબ

(૧) માંગણી કે દરખાસ્ત સરકારશ્રીને મળેલ નથી.

માંગણી કે દરખાસ્ત સરકારશ્રીને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં ઉક્ત માંગણી કે દરખાસ્તનો નિર્ણય કરવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---------

<#S B / છોટા ઉદેપુર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ/S B #>

<#M /* ૩૦૩૫૮ શ્રી ધીરૂભાઇ ભીલ /M #> (સંખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૧)અને(૨) છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની મળેલ અરજીઓ અને પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| સંખેડા | ૪૦૯ | ૨૯૨ |
| બોડેલી | ૯૭૯ | ૮૪૦ |
| પાવી જેતપુર | ૧૨૮૨ | ૧૧૫૦ |
| છોટા ઉદેપુર | ૧૧૪૭ | ૯૧૯ |
| કવાંટ | ૯૨૦ | ૮૯૧ |
| નસવાડી | ૬૮૦ | ૫૨૬ |
| કુલ | ૫૪૧૭ | ૪૬૧૮ |

(૩) ઉક્ત પડતર અરજીઓવાળા ખેડુતો ને કેટલા સમયમાં ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં આવશે?

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુ ને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

---------

<#S B /સુરેન્દ્રનગર જિલ્લામાં જળસંગ્રાહક સ્ટ્રકચર બનાવવા બાબત/S B #>

<#M /* ૩૧૦૦૦ શ્રી કિરીટસિંહ રાણા /M #> (લીંબડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જળસંગ્રાહક સ્ટ્રકચર બનાવવામાં આવ્યા, અને

(૧) ૮૬ જળસંગ્રાહક સ્ટ્રકચર

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને તેનાથી કેટલો ફાયદો થયો?

(૨) કુલ રૂ. ૨૨૮.૦૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, અને આ કામગીરી કરવાથી ૪.૩૦ લાખ ઘ.મી. વરસાદી પાણીનો જળ સંગ્રહ થયેલ છે. જેનાથી ૫૧૬ હેક્ટર વિસ્તારમાં પૂરક પિયત આપી પાક ઉત્પાદનમાં વધારો

મેળવી શકાશે.

---------

<#S B /રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ /S B #>

<#M /* ૨૮૮૪૩ શ્રી ગેંદાલભાઇ ડામોર/M #> (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧)(૨)અને(૩)હા, જી. રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી, રાજ્ય સરકારને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ (તા.૩૧/૦૩/૨૦૧૬ અંતિત) સુધી એટલે કે યોજના પૂર્ણ થઇ ત્યાં સુધી રકમ મળેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમ અને તે પૈકી કરવામાં આવેલ ખર્ચની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ. લાખમાં) | કરવામાં આવેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૧૮.૦૦ | ૨૦.૦૦ |
| ૨૦૧૬ | ૨૦૧.૦૦ | ૦.૦૦ |
| કુલ | ૩૧૯.૦૦ | ૨૦.૦૦ |

વર્ષ ૨૦૧૪ સુધીમાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરી પેટે રૂ. ૨૯૯.૦૦ લાખ મળવાપાત્ર હતા, જે રકમ કેન્દ્ર સરકાર પાસેથી લેવાની બાકી હતી, જે વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬ દરમિયાન મળેલ રકમ સામે સરભર થયેલ છે. આમ, વર્ષ ૨૦૧૪ અંતિત મળવાપાત્ર રૂ. ૨૯૯.૦૦ લાખ અને વર્ષ ૨૦૧૫માં કરવામાં આવેલ રૂ. ૨૦ લાખનો ખર્ચ મળી કુલ રૂ. ૩૧૯.૦૦ લાખ ખર્ચ થયેલ છે.

---------

<#S B /મહેસાણા જિલ્લામાં સિંચાઈ માટે ગ્રાન્ટની ફાળવણી/S B #>

<#M /* ૩૦૮૯૮ શ્રી રમેશભાઈ ચાવડા /M #> (કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સિંચાઈ માટે તાલુકાવાર કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે કડી, જોટાણા અને બહુચરાજી તાલુકાઓમાં ઉકત સ્થિતિએ ક્યા કામો મંજુર કરવામાં આવ્યા, અને

(૩) તે માટે કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) સિંચાઈ વિભાગ અને નર્મદા યોજના અન્વયે તાલુકાવાર કોઈ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી નથી.

(૨) અને (૩) કડી,જોટાણા અને બહુચરાજી તાલુકાઓમાં સિંચાઈ વિભાગ અને નર્મદા યોજના અન્વયે મંજુર થયેલ કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સિંચાઈ વિભાગ | | નર્મદા યોજના | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર થયેલ કામો | ખર્ચ રૂ.લાખ | મંજુર થયેલ કામો | ખર્ચ રૂ.લાખ | મંજુર થયેલ કામો | ખર્ચ રૂ.લાખ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કડી | ૪૭ | ૩૮૭.૦૪ | ૫૧૨ | ૯૩.૪૩ | ૫૫૯ | ૪૮૦.૪૭ |
| જોટાણા | ૯ | ૬૨.૦૧ | ૧૯ | ૨.૪૫ | ૨૮ | ૬૪.૪૬ |
| બહુચરાજી | ૨૦ | ૧૫૫.૦૫ | ૨૭૯ | ૫૯.૧૦ | ૨૯૯ | ૨૧૪.૧૫ |
| | | | | કુલ | ૮૮૬ | ૭૫૯.૦૮ |

---------

<#S B /સરસ્વતી નદીમાં સિધ્ધપુર ખાતે ઠાલવવામાં આવેલ નર્મદાનું પાણી/S B #>

<#M /* ૨૬૯૦૬ શ્રી બલવંતસિંહ રાજપૂત/M #> (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરસ્વતી નદીમાં સિધ્ધપુર ખાતે નર્મદાનું કુલ કેટલું પાણી ઠાલવવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૨૬૨.૦ મીલીયન ઘનફૂટ.

(૨) રૂ.૧.૮૨ કરોડ.

---------

<#S B /રાજકોટ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૩૩૪ શ્રી કાંતિલાલ અમૃત્તીયા/M #> (મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૩૫૫.૧૩ લાખનાં ખર્ચે કુલ ૭૫૩૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

<#S B /સુરત અને સાબરકાંઠા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૫૮ શ્રી જનકભાઈ કાછડીયા /M #> (કરંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ ખેડુતોના કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત સુરત અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૫૨૯ | ૫૪૦૭.૭૪ |
| ૨૦૧૬-૧૭ | ૧૯૧૭ | ૩૮૭૮.૬૪ |

| | | |
|---|---|---|
| (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | | |
| કુલ | ૪૪૪૬ | ૯૨૮૬.૩૮ |
| સાબરકાંઠા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૫૭૯ | ૯૪૫.૨૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૧૩ | ૧૧૫૬.૭૦ |
| કુલ | ૧૨૯૨ | ૨૧૦૧.૯૦ |

---------

<#S B /રાજ્યમાં કપાસ મગફળી પાકના પોષણક્ષમ ભાવો/S B #>

<#M /* ૩૧૨૬૨ શ્રી મેરામણભાઈ આહીર/M #> (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા કપાસ અને મગફળી પાકના પોષણક્ષમ ભાવો તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયત કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૨) સદરહું બાબત રાજ્ય સરકારશ્રીની સત્તા મર્યાદામાં આવતી ન હોય.

(૩) ઉપરોક્ત ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો ક્યાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે ?

(૩) કેન્દ્ર સરકારશ્રી દ્વારા કપાસ તથા મગફળી પાકોની વર્ષવાર જાહેર કરેલ ટેકાના ભાવની વિગત નીચે મુજબ છે.

(રૂ./કિવન્ટલ)

| પાકનું નામ | | વર્ષ (ખરીફ સીઝન) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| | પ્રસિધ્ધિની તારીખ | તા.૨૩-૬-૨૦૧૫ | તા.૩-૬-૨૦૧૬ |
| કપાસ | (અ)લંબતારી કપાસ | ૪૧૦૦ | ૪૧૬૦ |
| | (બ)મધ્યમતારી કપાસ | ૩૮૦૦ | ૩૮૬૦ |
| મગફળી | | ૪૦૩૦ | ૪૨૨૦ (રૂ.૧૦૦ પ્રતિ કિવન્ટલ બોનસ |

---------

<#S B /કચ્છ જિલ્લામાં કઠોળનું બિયારણ સહાયથી વિતરણ/S B #>

<#M /* ૨૯૩૬૭ શ્રી પંકજભાઈ મહેતા/M #> (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નેશનલ ફૂડ સિકયુરીટી મિશન અંતર્ગત કઠોળનું કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) ૩૪૪.૭૨ કિવન્ટલ.

(૨) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) કુલ રૂ.૮,૬૧,૮૦૦/-

---------

<#S B /કચ્છ જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો/S B #>

<#M /* ૨૯૩૯૨ ડૉ. નીમાબેન આચાર્ય /M #> (ભૂજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મોટો નદી પરના ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૮૭ ચેકડેમો. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ.૫૦૯૩.૪૭ લાખ. |
| (૩) આ ચેકડેમોથી કેટલા મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે ? | (૩) ૬૭૯.૭૯ મીલીયન ઘનફૂટ. |

---------

<#S B /વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં વર્ષ-૨૦૦૩ માં કરેલ એમ.ઓ.યુ. /S B #>

<#M /* ૩૧૧૫૧ શ્રી શૈલેષ પરમાર/M #> (દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫ માં ઉર્જા ક્ષેત્રે વર્ષવાર અને સમિટવાર કેટલા પ્રોજેકટ માટે કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા, | (૧) પરંપરાગત ક્ષેત્રેઃ<br>પરંપરાગત પાવર પ્રોજેકટ ક્ષેત્રે સને ૨૦૦૩ માં ૧૩ (તેર) એમઓયુ કુલ રૂપિયા ૨૦,૭૨૦ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે અને સને-૨૦૦૫ માં ૧૭ (સત્તર) એમઓયુ કુલ રૂપિયા ૩૬,૨૫૩.૩૦ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે.<br>બિન પરંપરાગત ક્ષેત્રેઃ<br>વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૦૩ માં બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે કુલ ૩ પ્રોજેકટ માટે રૂ.૪,૯૫૦ કરોડના ૩ એમ.ઓ.યુ. થયા. જ્યારે વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૦૫ માં બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે કુલ ૪ પ્રોજેકટ માટે રૂ.૭,૭૫૦ કરોડના ૪ એમ.ઓ.યુ. થયા. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટ ઉકત સમિટવાર અમલીકરણમાં આવ્યા, તથા કેટલા ઉત્પાદનમાં ગયા, અને કેટલા પ્રોજેકટ પડતા મૂકાયા, | (૨) પરંપરાગત ક્ષેત્રેઃ<br>તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ-૨૦૦૩ માં થયેલ એમઓયુ પૈકી ૭ પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે અને ૧ પ્રોજેકટ અમલીકરણના તબક્કે છે જ્યારે અન્ય પાંચ પ્રોજેકટો પડતા મુકેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૫ માં થયેલ એમઓયુ પૈકી ૭ પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે અને ૪ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે જ્યારે અન્ય ૬ પ્રોજેકટો પડતા મુકેલ છે.<br>બિન પરંપરાગત ક્ષેત્રેઃ<br>તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સમિટ-૨૦૦૩ માં ૩ પ્રોજેકટ અમલીકરણ થઈ ઉત્પાદનમાં આવ્યા અને એકપણ પ્રોજેકટ પડતો મુકાયેલ નથી. જ્યારે સમિટ-૨૦૦૫ ના ૩ પ્રોજેકટ અમલીકરણ થઈ ઉત્પાદનમાં આવ્યા અને એક પ્રોજેકટ પડતો મુકાયેલ છે. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમલમાં આવેલ અને ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટોમાં કેટલું મૂડીરોકાણ થયું, અને | (૩) પરંપરાગત ક્ષેત્રેઃ<br>સામાન્યતઃ વિશાળ કદના વીજમથકોએ આંતર માળખાકીય પ્રોજેકટ છે. આમ, એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજપ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજપ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક બને છે. વધુમાં, ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીનાં વેચાણ અંગેના કરારો |

આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે.

વળી, આ વીજયોજનાઓ તાંત્રિક રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તથા તેમાંથી ઉત્પાદન મેળવવા માટે સામાન્યતઃ પાંચ થી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે પરંતુ ગુજરાત સરકારનાં સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેકટોનું અમલીકરણ ઝડપી થાય છે.

મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ-૨૦૦૩ માં થયેલ એમઓયુ પૈકી કુલ રૂપિયા ૩,૨૫૦ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂ.૮,૯૩૦ કરોડના મૂડીરોકાણવાળા પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૫ દરમ્યાન થયેલ એમઓયુ પૈકી રૂપિયા ૫,૭૯૨.૨૦ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂ.૧૪,૨૬૩.૭૪ કરોડના મૂડી રોકાણનાં પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે.

બિનપરંપરાગત ક્ષેત્રેઃ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સમિટ-૨૦૦૩ ના કુલ ૩ પ્રોજેકટ અમલમાં આવી ઉત્પાદનમાં ગયેલ જેમાં કુલ મૂડી રોકાણ રૂ.૪,૯૫૦ કરોડનું થયેલ જ્યારે સમિટ-૨૦૦૫ ના કુલ ૩ પ્રોજેકટ અમલમાં આવી ઉત્પાદનમાં ગયેલ, જેમાં કુલ મૂડી રોકાણ રૂ.૩,૪૭૦ કરોડ થયેલ છે.

(૪) ઉકત ઉત્પાદન પ્રોજેકટોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન મી.યુ. માં થયેલ છે ?

(૪) પરંપરાગત ક્ષેત્રેઃ

સાથેના પત્રક મુજબ છે.

બિનપરંપરાગત ક્ષેત્રેઃ

ઉકત ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટમાં છેલ્લા બે વર્ષમાં ૬૪૫૮ જેટલા મિલીયન યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે.

પત્રક

| અ. નં. | ડેવલોપરનું નામ | વીજ ઉત્પાદન (મી.યુ.) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| વર્ષ ૨૦૦૩ માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીનાં પ્રોજેકટ | | | |
| ૧ | ટોરેન્ટ પાવર જનરેશન લિમિટેડ, સુરત | ૩૧૩૩.૬૬ | ૪૧૩૯.૯૨ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસિટી કોર્પોરેશન લિમિટેડ-ધુવારણ | ૧૯૬.૮૮ | ૯૭.૬૨ |
| | કુલ | ૩૩૩૦.૫૪ | ૪૨૩૭.૫૪ |
| વર્ષ ૨૦૦૫ માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીનાં પ્રોજેકટ | | | |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી (જીઆઈપીસીએલ), માંગરોળ | ૧૪૨૦.૯૯ | ૧૭૦૧.૮૪ |
| ૪ | અદાણી ગ્રુપ, મુંદ્રા એસઈઝેડ | ૭૮૯૩.૧૬ | ૮૫૧૯.૩૮ |
| ૫ | ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનપીસીઆઈએલ), તારાપુર, મહારાષ્ટ્ર* | ૧૯૮૦.૦૮ | ૧૯૬૮.૧૫ |
| | કુલ | ૧૧૨૯૪.૨૩ | ૧૨૧૮૯.૩૭ |

*કેન્દ્રિય ક્ષેત્રનું વીજ મથક હોઈ, જીયુવીએનએલએ મેળવેલ

---------

<#S B /સુરત જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૩૩૮ શ્રી ઈશ્વરભાઈ પરમાર /M #> (બારડોલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) સુરત જિલ્લામાં ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૩૮.૦૧ લાખનાં ખર્ચે કુલ ૯૦૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

<#S B /રાજકોટ જિલ્લામાં નાની સિંચાઈ યોજના/S B #>

<#M /* ૨૯૭૨૪ શ્રી ભોળાભાઈ ગોહેલ /M #> (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી અને કઈ નાની સિંચાઈ યોજના આવેલી છે, અને

(૨) તે અન્વયે યોજનાની જાળવણી અને નિભાવણી માટે સરકારે છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા પંચાયતને કેટલી ગ્રાન્ટ ફાળવી હતી તે પૈકી કેટલો ખર્ચ થયો અને કેટલો ખર્ચ કરવો બાકી છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ૬૬ નાની સિંચાઈ યોજના આવેલી છે. જેની વિગત *પત્રક–૧ મુજબ સામેલ છે.

(૨)

| વર્ષ | ગ્રાન્ટ રૂ.લાખમાં | થયેલ ખર્ચ રૂ.લાખમાં | બાકી ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૫.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ |
| ૨૦૧૬–૧૭ | ૦.૦૦ | ૦.૮૧ | ૦.૦૦ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

<#S B /આણંદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૨૯૩૨૭ શ્રી સંજયકુમાર પટેલ /M #> (ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સામાન્ય યોજના હેઠળ રૂ. ૪૬૬૫.૪૫ લાખના ખર્ચે ૨૯૯૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

<#S B /સુરત જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત/S B #>

<#M /* ૩૧૦૧૭ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા /M #> (કામરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં સુરત જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજજોડાણ માટે સોલારપંપ ફાળવવામાં આવેલ છે ?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં સુરત જિલ્લામાં ૪૨ ખેડૂતોને કૃષિ વિષયક વીજજોડાણ માટે સોલારપંપ ફાળવવામાં આવેલ છે.

---------

<#S B /સુરત અને નવસારી જીલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M/* ૩૧૩૩૯ શ્રીમતી સંગીતાબેન પાટીલ /M#> (લિંબાયત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત સુરત અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં સુરત જિલ્લાનાં બે અને નવસારી જિલ્લાનાં બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| સુરત | ૨૦૧૫-૧૬ | ચોર્યાસી | ૧૬.૩૮ | ૩૪૧ | ૧૦.૧૨ |
| | | ઓલપાડ | ૪૦.૭૬ | ૩૦૦ | ૧૫.૪૪ |
| | | કુલ | ૫૭.૧૪ | ૬૪૧ | ૨૫.૫૬ |
| સુરત | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ચોર્યાસી | ૨૭.૭૩ | ૯૮ | ૮.૬૨ |
| | | ઓલપાડ | ૧૨.૦૮ | ૧૨૮ | ૫.૨૭ |
| | | કુલ | ૩૯.૮૧ | ૨૨૬ | ૧૩.૮૯ |
| | | સુરત જિલ્લો કુલ | ૯૬.૯૫ | ૮૬૭ | ૩૯.૪૫ |
| નવસારી | ૨૦૧૫-૧૬ | જલાલપોર | ૬.૫૦ | ૧૩૩ | ૩.૯૭ |
| | | ગણદેવી | ૬.૫૦ | ૨૭ | ૨.૦૯ |
| | | કુલ | ૧૩.૦૦ | ૧૬૦ | ૬.૦૬ |
| નવસારી | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | જલાલપોર | ૮.૦૦ | ૧૪૦ | ૪.૪૭ |
| | | ગણદેવી | ૧૦.૦૦ | ૭૦ | ૩.૭૨ |
| | | કુલ | ૧૮.૦૦ | ૨૧૦ | ૮.૧૯ |
| | | નવસારી જિલ્લો કુલ | ૩૧.૦૦ | ૩૭૦ | ૧૪.૨૫ |

---------

<#SB/રાજકોટ જિલ્લામાં ખુશી યોજના/SB#>

<#M/* ૩૧૦૧૬ શ્રી ગોવિંદભાઈ પટેલ /M#> (રાજકોટ-દક્ષિણ)) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ખેડુતોને પુરતા દબાણે વીજ પૂરવઠો પૂરો પાડવા માટે સરકાર દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નાની ક્ષમતામાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) અને (૨) : ખેડુતોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ રૂ. ૪૨૬૨.૦૦ લાખના ખર્ચે ૩૩૨૪ નાની ક્ષમતાનાં ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા.

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કિટ્સનું વિતરણ/S B #>

<#M /* ૩૧૨૭૬ શ્રી મહેશકુમાર પટેલ/M #> (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા ખેડૂતોને કૃષિ મહોત્સવમાં બાગાયત પાકોના કેટલા લાભાર્થીઓને વિના મૂલ્યે કિટ્સ વિતરણ કરવામાં આવી, અને

(૨) તે અન્વયે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) કીટ્સ આપવાની યોજના બંધ કરવામાં આવેલ હોઈ વિતરણ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /ડાંગ જિલ્લામાં ખેતીથી વાવેલા ફળ પાકો માટે સહાય/S B #>

<#M /* ૩૦૯૬૧ શ્રી ભરતભાઈ પટેલ /M #> (વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળ પાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં ડાંગ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૧૧,૫૭,૭૩૦/–
(રૂપિયા અગિયાર લાખ સત્તાવન હજાર સાતસો ત્રીસ પુરા)

---------

<#S B /મોરબી જિલ્લામા કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૭૮ શ્રી બાવનજીભાઈ મેતલીયા /M #> (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયા ?

જવાબ

(૧) અને (૨) : મોરબી જિલ્લામાં કૂવાઓના વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજ જોડાણ આપેલ કૂવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૨૩૭૦ | ૩૫૪૮.૯૦ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૨૧૭૨ | ૩૬૪૬.૪૩ |
| કુલ | ૪૫૪૨ | ૭૧૯૫.૩૩ |

---------

<#S B /પ્રાંતિજ અને તલોદ તાલુકામાં પાઈપલાઈનથી તળાવો ભરવાની દરખાસ્તો/S B #>

<#M /* ૩૦૩૯૧ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા/M #> (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાંથી પસાર થતી નર્મદા આધારીત પાઈપલાઈનથી વજાપુર-પ્રાંતિજ, વજાપુર-તલોદ, ખેરોલ તેમજ બોરીયા-બેચરાજી ગામોના તળાવો ભરવા માટેની દરખાસ્તો સરકારમાં પડતર છે તે હકીકત સાચી છે,

(૧) હા, મળેલ ચાર દરખાસ્તો પૈકી ત્રણ દરખાસ્તો પડતર છે.

(૨) જો હા, તો ઉક્ત દરખાસ્તો કયા તબક્કે પડતર છે, અને

(૨)

- વજાપુર, તા. તલોદનું સર્વે નં. ૧૩૯૧નું તળાવ જોડવાની રજુઆત તા. ૧૩-૨-૧૭ના રોજ થયેલ છે. જે તાંત્રિક ચકાસણી હેઠળ છે.
- વજાપુર, તા. પ્રાંતિજ, અને ખેરોલ, તા. તલોદના તળાવ હાલમાં "ગૌચર" તરીકે હોઈ "તળાવ" તરીકે નીમ કરવાની પ્રક્રિયા હેઠળ છે.

(૩) ઉક્ત દરખાસ્તોને ક્યાં સુધીમાં મંજુરી આપવામાં આવશે ?

(૩)

- વજાપુર, તા. તલોદનું તળાવ, તાંત્રિક રીતે શક્ય હશે તો સત્વરે મંજુરી આપવામાં આવશે.
- વજાપુર, તા. પ્રાંતિજ અને ખેરોલ, તા. તલોદનાં તળાવો નીમ થયા બાદ તાંત્રિક રીતે શક્ય હશે તો સત્વરે મંજુરી આપવામાં આવશે.

---------

<#S B /ભાવનગર જિલ્લામાં ખુલ્લા વીજ વાયર તથા ખામી ભરેલા ઈલિક્ટ્રીક સાધનોને લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ/S B #>

<#M /* ૩૦૯૪૯ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ભાવનગર જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલિક્ટ્રીક સાધનોના લીધે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈંસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જીલ્લામાં છેલ્લા એક વર્ષમાં એટલે કે, કેલેન્ડર વર્ષ ૨૦૧૬માં નાગરિકોના ૯ (નવ) પ્રાણઘાતક તથા ૮ (આઠ) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૩૧ (એકત્રીસ) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા. નાગરિકોના ૮ (આઠ) બીન પ્રાણઘાતક અકસ્માત પૈકી ૧ (એક) કિસ્સામાં વ્યક્તિએ પોતાની ભૂલના કારણે એક હાથ ગુમાવેલ.

(૨) ઉક્ત બાબતે ઉર્જા કંપનીની બેદરકારી બદલ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ

શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.
નાગરિકોના કિસ્સાઓમાં :-

- ધોળા પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૭-૪-૨૦૧૬ ના રોજ થયેલ પ્રાણઘાતક અકસ્માત બાબતે કચેરીના ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટને ફરજમાં બેદરકારી દાખવવા (સલામતીના નિયમો ન અનુસરવા) બદલ પ્રવર્તમાન નિયમ અનુસાર તેમને તા.૬-૫-૨૦૧૬ ના પત્રથી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ અને કાર્યવાહીના અંતે તા.૧૫-૨-૨૦૧૭ થી ચેતવણી પત્ર આપવામાં આવેલ છે.
- ખારગેટ પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૪-૬-૨૦૧૬ ના રોજ થયેલ પ્રાણઘાતક અકસ્માત બાબતે કચેરીના લાઈનમેન શ્રી એ.એસ.આરબ અને ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ શ્રી ડી. બી. રાજ્યગુરૂને તા.૨૪-૬-૨૦૧૬ ના રોજ કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ અને કાર્યવાહીના અંતે તા.૨૧-૧૦-૨૦૧૬ ના પત્રથી બન્ને કર્મચારીઓને તહોમતનામું આપવામાં આવેલ અને તહોમતનામાં અંગેની તપાસ અંગેની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઈ, પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિ સુધીમાં અસરગ્રસ્તોને વળતર પેટે આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી તથા કેટલી રકમ બાકી છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ.ના માર્ગદર્શક સર્ક્યુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેક્ટ્રીક સાધનોના કારણે તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર, તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ, છેલ્લા એક વર્ષમાં,
(૧) નાગરિકોના કુલ ૯ (નવ) પ્રાણઘાતક કિસ્સાઓ પૈકી,

- ૫ (પાંચ) કિસ્સાઓમાં પ્રાથમિક સહાય સ્વરૂપે રૂ. ૫૦,૦૦૦/- પેટે કુલ રૂ. ૨,૫૦,૦૦૦/- સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતા વળતર પેટે, ૨ (બે) કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઈ બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૩

(ત્રણ) કિસ્સાઓમાં વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, ચકાસણી કરી, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ અને બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે ધ્યાનમાં રાખીને વળતર ચૂકવી આપવામાં આવશે.

- બાકી રહેતા, ૪ (ચાર) કિસ્સાઓમાંથી ૨ (બે) કિસ્સાઓમાં કોર્ટ કેસ ચાલુ હોઈ, કોર્ટના નિર્ણય આવ્યે વળતરની રકમ ચૂકવી આપવામાં આવશે, ૧ (એક) કિસ્સામાં પોસ્ટ મોર્ટમ રિપોર્ટ મુજબ એફ.એસ.એલ. રીપોર્ટ બાકી હોવાથી વળતર ચૂકવાયેલ નથી, ૧ (એક) કિસ્સામાં વારસદારનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતાં સંપર્ક થઈ શકેલ ન હોઈ, વળતર ચૂકવી શકાયેલ નથી.

(૨) પ્રાણીઓના કુલ ૩૧ (એકત્રીસ) કિસ્સાઓ પૈકી,

- ૧૯ (ઓગણીસ) કિસ્સાઓમાં ૧૦૦% વળતરની રકમ પેટે રૂ. ૨,૭૩,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે.
- ૬ (છ) કિસ્સાઓમાં પ્રાથમિક સહાય સ્વરૂપે ૫૦% વળતરની રકમ પેટે રૂ. ૫૨,૫૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. બાકીની ૫૦% રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મળ્યા બાદ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે, અને
- બાકી રહેતા ૬ (છ) કિસ્સાઓ પૈકી ૩ (ત્રણ) કિસ્સાઓમાં પ્રાણી બિનવારસુ હોઈ, ૧ (એક) કિસ્સામાં પ્રાણીના માલિકનો સંપર્ક કરવા છતાં વળતર લેવા આવેલ ન હોવાથી અને ૨ (બે) કિસ્સામાં માલિકો દ્વારા પોસ્ટમોર્ટમ કરાવેલ ન હોવાથી, વળતર ચૂકવી શકાયેલ નથી.

---------

<#S B /મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૩૬૧ શ્રીમતી નિમિષાબેન સુથાર/M #> (મોરવા હડફ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| મહીસાગર જિલ્લો |
| --- |

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૫૨૪ | ૫૪.૧૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૬૯ | ૨૪.૯૨ |
| કુલ | ૯૯૩ | ૭૯.૧૦ |
| પંચમહાલ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૩૮૧ | ૧૮૦.૮૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૨૭૩ | ૫૯.૭૧ |
| કુલ | ૨૬૫૪ | ૨૪૦.૫૯ |

---------

<#S B /દાહોદ જિલ્લામાં ઉદવહન સિંચાઇ યોજનામાં ખેડુતોને સિંચાઇનો લાભ/S B #>

<#M/* ૨૯૭૪૭ શ્રી વજેસિંગભાઈ પણદા /M#> (દાહોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં ઉદવહન સિંચાઇ યોજના અંતર્ગત કેટલા વિસ્તારના ખેડુતોને સિંચાઇનો લાભ અપાયો ?

જવાબ

કુલ ૮૧૬ હેક્ટર વિસ્તાર.

---------

<#S B /અમરેલી જિલ્લામાં ગામ તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M/* ૩૦૯૮૯ ડૉ. ટી. ડી. માણીયા /M#> (બોટાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા ગામ તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) ઉક્ત ગામ તળાવો ઉંડા કરવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત ગામ તળાવો ઉંડા કરવાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થયો ?

જવાબ

(૧) ઉંડા કરેલ ગામ તળાવોની વિગત

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ | ૧૭ ગામ તળાવો |
| તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતએ | ૪૯ ગામ તળાવો |
| કુલ | ૬૬ ગામ તળાવો |

(૨) વર્ષવાર ખર્ચની વિગત

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ | રૂ.૧૨૨.૧૦ લાખ |
| તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતએ | રૂ.૨૯૨.૯૯ લાખ |
| કુલ | રૂ.૪૧૫.૦૯ લાખ |

(૩) જળ સંગ્રહમાં ૯૪.૮૦ મિલિયન ક્યુબિક ફીટનો વધારો થયો.

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી/S B #>

<#M/* ૩૦૯૭૯ શ્રી હસમુખભાઈ પટેલ /M#> (અમરાઈવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૫–૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ચાલુ સિઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે કેટલા કેન્દ્ર ખોલવામાં આવેલ છે, | (૧) ૮ (આઠ). |
| (૨) તે અન્વયે તા.૨૫–૧–૨૦૧૭ની સ્થિતિ સુધીમાં કેટલી મગફળી ખરીદવામાં આવી, અને | (૨) ૮૭૪૧૪.૬૦ ક્વિન્ટલ. |
| (૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે ? | (૩) હાલ કેન્દ્ર સરકારશ્રીની સૂચના મુજબ તા.૨૩–૦૨–૨૦૧૭ સુધી ખરીદવામાં આવેલ છે. |

---------

<#SB /છોટા ઉદેપુર જિલ્લામાં બિયારણ સહાયથી વિતરણ/SB #>

<#M/* ૩૧૦૦૭ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીઆ/M#> (સયાજીગંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન બરછટ ધાન્ય યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧,૨૪,૨૦૮ કિલોગ્રામ. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) કુલ રૂ.૧,૯૫,૩૪,૯૩૪/–. |

---------

<#SB /ભરૂચ જિલ્લામાં કૂવાઓનું વીજકરણ/SB #>

<#M/* ૩૧૦૨૨ શ્રી દુષ્યંત પટેલ /M#> (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ભરૂચ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ.૨૫૩૯.૦૧ લાખનાં ખર્ચે ૮૯૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | |

---------

<#SB /અરવલ્લી જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/SB #>

<#M/* ૩૦૯૯૯ શ્રી સુરેશભાઈ પટેલ/M#> (મણિનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર ખરીદીમાં સહાયની કેટલી અરજીઓ પડતર છે,

(૧) કુલ ૧૩૩૦ અરજીઓ પડતર છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધનસુરા | ૧૪૩ |
| ૨ | બાયડ | ૩૧૦ |
| ૩ | ભિલોડા | ૨૩૬ |
| ૪ | મેઘરજ | ૨૧૩ |
| ૫ | માલપુર | ૧૬૯ |
| ૬ | મોડાસા | ૨૫૯ |
| | કુલ | ૧૩૩૦ |

(૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પડતર ૧૩૩૦ અરજીઓ પૈકી તા.૧૯-૦૨-૧૭ની સ્થિતિએ ૮૦ અરજીઓમાં સહાય ચુકવવામાં આવેલ છે. જ્યારે ૧૮૭ અરજીઓમાં સ્થળ ચકાસણી કરી નિયમાનુસાર કિસ્સામાં સહાય ચુકવવામાં આવશે અને ૧૦૬૩ અરજીઓમાં ખેડુત અરજદાર તરફથી ટ્રેક્ટર ખરીદી બાદ સહાય દરખાસ્ત મળ્યેથી, પડતર અરજીઓનો શક્ય તેટલો વહેલો નિકાલ કરવામાં આવશે.

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શું છે અને ક્યારે મંજુર કરવામાં આવશે ?

(૩) ઉક્ત અરજીઓ પૈકી ૧૦૬૩ અરજીઓમાં ખેડુત અરજદાર તરફથી ટ્રેક્ટર ખરીદીને કેસ પરત ન મળેલ હોઇ તેમજ ૧૮૭ કેસોમાં સ્થળ ચકાસણી ચાલુ હોઇ અરજીઓ પડતર રહેલ છે. જેમાં દરખાસ્ત અન્વયે નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં ચુકવણીની કાર્યવાહી કરવાની રહે છે.

---------

<#S B /સુરેન્દ્રનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૦૨૫ શ્રીમતી વર્ષાબેન દોશી/M #> (વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૧૩૧.૬૫ લાખના ખર્ચે કુલ ૨૮૯૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

<#S B /તાપી અને છોટા ઉદેપુર જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૫૪ શ્રી મોહનભાઈ ઢોડીયા /M #> (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને છોટા ઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતી ખેડુતોના કેટલા કુવાઓનું વીજળીકરણ

જવાબ

(૧) અને (૨)

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત

કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત તાપી અને છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાપી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૩૫૦૨ | ૫૯૩૭.૦૨ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૮૨૭ | ૩૫૫૬.૬૪ |
| કુલ | ૫૩૨૯ | ૯૪૯૩.૬૬ |
| છોટા ઉદેપુર જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૬૯૬ | ૫૦૯૯.૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૨૭૮ | ૩૦૨૬.૭૮ |
| કુલ | ૪૯૭૪ | ૮૧૨૫.૭૮ |

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં ગામવાર પંચાયત હસ્તકના સિંચાઇ તળાવો/S B #>

<#M /* ૩૦૩૦૬ શ્રી મોહનસિંહ રાઠવા /M #> (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ગામવાર પંચાયત હસ્તકના સિંચાઇ તળાવોની કેટલા હેક્ટર સિંચાઇની ક્ષમતા આ તળાવો બનાવ્યા ત્યારે હતી, | (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પંચાયત હસ્તકના ૧૩ તળાવોની આલેખિત સિંચાઇ ક્ષમતા કુલ ૪૮૬૯ હેક્ટર હતી. તેની તાલુકાવાર/ગામવાર વિગતો *પત્રક-૧ થી સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટર સિંચાઇ, તળાવો દીઠ થાય છે, | (૨) ઉક્ત સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પંચાયત હસ્તકના તળાવોની સિંચાઇ ક્ષમતા ૯૧૮ હેક્ટર છે. જેની વિગતો તાલુકાવાર/ગામવાર *પત્રક-૨ થી સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ સિંચાઇ ક્ષમતા વધારવા માટે કેટલી રકમની કેવા કામો માટે સરકારે ફાળવેલ છે, અને | (૩) સિંચાઇ ક્ષમતા વધારવા વિભાગ દ્વારા રૂ.૪૫.૪૦ લાખ અને ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે રૂ.૧૧૨ લાખનું *પત્રક-૩ માં દર્શાવ્યા મુજબ આયોજન કરાયેલ છે. |
| (૪) આ રકમ કેટલા સમયમાં વપરાશે ? | (૪) આયોજન અન્વયે કામોની પ્રોયોરીટીને આધારે વહેલી તકે કામો પૂર્ણ કરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

<#S B /રાજકોટ જિલ્લામાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા

<#M /* ૩૦૨૭૧ શ્રી પ્રવિણભાઈ માંકડીયા /M #> (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલી ક્ષમતાનાં પવન ઊર્જા વીજ મથકો સ્થાપિત કરવામાં આવેલ છે?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે ૧૯૯.૫૦ મેગાવોટ ક્ષમતાનાં પવન ઊર્જા વીજ મથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

---------

<#S B /રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન ક્ષમતા/S B #>

<#M /* ૩૧૧૪૨ શ્રી અમીત ચાવડા /M #> (આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓ દ્વારા છેલ્લા એક વર્ષમાં વીજળીનું ઉત્પાદન કેટલું થયું, અને

જવાબ

(૧) માંગવામાં આવેલ માહિતી ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની હોઈ, અત્રે જણાવવાનું કે સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર દ્વારા સ્ટેટ એનર્જી એકાઉન્ટ (SEA) જે તે માસ પૂરો થયા પછી ૧૦ દિવસમાં રજૂ કરવામાં આવે છે. SEA રજૂ થાય ત્યાર પછી જે તે કંપનીઓએ વીજ ઉત્પાદન કરીને વીજ સપ્લાય કર્યો હોય તે પોતાના વીજ બીલ જી.યુ.વી.એન.એલ.ને મોકલાવે છે. તે પછી તેની ચકાસણી બાદ બીલની ચુકવણી કરવામાં આવે છે. આ સઘળી પ્રક્રિયા ૧-૧.૫ માસના અંતે પુરી થાય છે. ઉપરોક્ત પ્રક્રિયાને કારણે જી.યુ.વી.એન.એલ. પાસે તા. ૩૧-૦૧-૨૦૧૭ની માહિતી ન હોવાથી, તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| વિગત | મી.યુ. |
| --- | --- |
| રાજ્ય સરકારની કંપનીઓ | ૨૦૦૧૮ |
| ખાનગી કંપનીઓ | ૩૧૮૦૫ |
| બિનપરંપરાગત સ્ત્રોત અને અન્ય | ૫૯૯૪ |

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર પાસેથી કેટલી વીજળી ખરીદી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન રાજ્યમાં સ્થિત કેન્દ્ર સરકારના વીજ મથકો પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| વિગત | મી.યુ. |
| --- | --- |
| રાજ્યમાં સ્થિત કેન્દ્ર સરકારના વીજ મથકો | ૧૮૧૪ |

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની વાર્ષિક વીજળીની જરૂરિયાત સામે વીજળીની કેટલી વધ કે ઘટ છે ?

(૩) રાજ્યની હાલની મહત્તમ વીજ માંગ ૧૫૧૪૨ મે.વો. છે તથા સ્થાપિત વીજ ક્ષમતા ૨૫૨૫૬ મે.વો. છે. જે પૈકી ૫૬૩૦ મે.વો. બિનપરંપરાગત સ્ત્રોતમાંથી તથા ૧૯૬૨૬ મે.વો. પરંપરાગત સ્ત્રોત માંથી છે. આમ રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા રાજ્યની વીજ માંગને પૂરી પાડવા માટે પૂરતી હોવાથી રાજ્યમાં વીજળીની કોઈ ઘટ નથી.

---------

<#S B /જામનગર જિલ્લામાં ખારેક વાવેતર માટે સહાય/S B #>

<#M /* ૩૦૯૬૬ શ્રી ગોવિંદભાઈ પરમાર /M #> (તલાલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને

જવાબ

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં જામનગર જિલ્લામાં કેટલી સહાય ચુકવવામાં આવેલ છે ? | (૨) શૂન્ય. |

---------

<#S B /રાજ્યમાં સૌર ઊર્જા મથકો/S B #>

<#M /* ૩૦૨૭૪ પ્રો. વસુબેન ત્રિવેદી /M #> (જામનગર–દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી ક્ષમતાના સૌર ઉર્જા મથકો સ્થાપિત કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૨૧૨.૨૦ મેગાવોટ ક્ષમતાના સૌર ઉર્જા મથકો સ્થાપિત કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યરત થયેલ સૌર ઉર્જા મથકો કયા જિલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યા ? | (૨) આ કાર્યરત થયેલ સૌર ઉર્જા મથકો પાટણ, વડોદરા, કચ્છ, આણંદ, ભરૂચ, જામનગર, પંચમહાલ, સુરત, સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યા છે. |

---------

<#S B /મહેસાણા જિલ્લામાં મોટા ચેકડેમ બનાવવાની મંજૂરી/S B #>

<#M /* ૩૦૯૮૪ શ્રી રજનીકાંત પટેલ /M #> (બેચરાજી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા મોટા ચેકડેમ બનાવવાની મંજૂરી આપી, | (૧) ૬ મોટા ચેકડેમ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને | (૨) બાંધકામ સ્ટેજે : ૧<br>ડીટીપી હેઠળ : ૧<br>તાંત્રિક મંજુરી હેઠળ : ૧<br>આલેખન હેઠળ : ૩<br>કુલ : ૬ |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ? | (૩) ૧૦૩૦ હેક્ટર. |

---------

<#S B /વડોદરા જીલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૦૨૬ શ્રી સતીષભાઈ પટેલ/M #> (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે, અને<br>(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જીલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ રૂ. ૨૮૫.૦૩ લાખનાં ખર્ચે ૪૩૧૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

---------

<#S B /જામનગર અને અમદાવાદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૩૨૭ શ્રી જગરૂપસિંહ રાજપૂત /M #> (બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭નાં વર્ષમાં રાજ્યનાં દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭નાં વર્ષમાં જામનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં જામનગર જિલ્લાના બે અને અમદાવાદ જિલ્લાના બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે. જેમાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબ છે. |

પત્રક–અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વીજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| જામનગર | ૨૦૧૫–૧૬ | જામનગર | ૧૨૯.૫૬ | ૧૮૦ | ૪૮.૦૯ |
| | | જોડીયા | ૪૬.૮૮ | ૧૩૪૯ | ૩૯.૯૯ |
| | | કુલ | ૧૭૬.૪૪ | ૧૫૨૯ | ૮૮.૦૮ |
| જામનગર | ૨૦૧૬–૧૭ (ડીસે–૧૬ અંતિત) | જામનગર | ૫૪.૦૬ | ૧૭૬ | ૨૮.૭૪ |
| | | જોડીયા | ૧૪.૨૫ | ૧૩૧ | ૧૦.૫૨ |
| | | કુલ | ૬૮.૩૧ | ૩૦૭ | ૩૯.૨૬ |
| જામનગર જિલ્લો કુલ | | | ૨૪૪.૭૫ | ૧૮૩૬ | ૧૨૭.૩૪ |
| અમદાવાદ | ૨૦૧૫–૧૬ | ધંધુકા | ૧૩.૪૮ | ૯૭૬ | ૩૧.૯૪ |
| | | ધોલેરા | ૯.૬૦ | ૦ | ૫.૪૮ |
| | | કુલ | ૨૩.૦૮ | ૯૭૬ | ૩૭.૪૨ |
| અમદાવાદ | ૨૦૧૬–૧૭ (ડીસે–૧૬ અંતિત) | ધંધુકા | ૧.૦૦ | ૨૬૬ | ૭.૦૮ |
| | | ધોલેરા | ૧૧.૦૦ | ૬૪૫ | ૧૯.૮૧ |
| | | કુલ | ૧૨.૦૦ | ૯૧૧ | ૨૬.૮૯ |
| અમદાવાદ જિલ્લો કુલ | | | ૩૫.૦૮ | ૧૮૮૭ | ૬૪.૩૧ |

---------

<#S B /નર્મદા અને ભરૂચ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૫૨ શ્રી મોતીલાલ વસાવા /M #> (ડેડિયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતી ખેડૂતોના કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.<br>તદ અંતર્ગત નર્મદા અને ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| નર્મદા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ | થયેલ ખર્ચ |

| | આપેલ કુવાઓની સંખ્યા | (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૦૬૪ | ૨૮૩૨.૪૭ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૧૯૦૬.૬૧ |
| કુલ | ૧૮૮૪ | ૪૭૩૯.૦૭ |
| ભરૂચ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૦૭૦ | ૨૭૫૧.૨૧ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૩૩ | ૧૮૩૮.૭૯ |
| કુલ | ૧૮૦૩ | ૪૫૯૦.૦૦ |

---------

<#S B /ગાંધીનગર જિલ્લામાં વીજ જોડાણ આપવા બાબત/S B #>

<#M /* ૩૧૩૮૦ શ્રી અશોકકુમાર પટેલ/M #> (ગાંધીનગર -ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘરવપરાશનાં વીજજોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ગાંધીનગર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર વપરાશનાં વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૩૧૦ | ૩૪.૧૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૩૨૬ | ૩૧.૯૦ |
| કુલ | ૬૩૬ | ૬૬.૦૦ |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા/S B #>

<#M /* ૩૦૨૭૨ શ્રીમતી ભાનુબેન બાબરીયા/M #> (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલી ક્ષમતાના પવન ઉર્જા વિજમથકો સ્થાપિત કરવામાં

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે ૧૯૯.૫૦ મેગાવોટ ક્ષમતાના પવન ઉર્જા વિજમથકો

આવેલ છે ?

સ્થાપિત કરવામાં આવેલ છે.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ/S B #>

<#M /* ૩૦૯૭૦ શ્રી રાકેશ શાહ /M #> (એલીસબ્રીજ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ દરમિયાન અમદાવાદ જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ વૃધ્ધિ અને થાપણ વૃધ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચુકવવામાં આવી ?

જવાબ

| નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૮ | ૪,૦૦,૦૦૦/ | -- | ૪,૦૦,૦૦૦/- |

| નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૧૨ | ૫,૧૩,૪૦૦/ | ૩૦,૦૦૦/- | ૫,૪૩,૪૦૦/- |

---------

<#S B /રાજ્યમાં સૌર ઉર્જા મથકો/S B #>

<#M /* ૩૦૨૬૯ શ્રીમતી મનિષાબેન વકીલ /M #> (વડોદરા શહેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી ક્ષમતાના સૌર ઊર્જા મથકો સ્થાપિત કરવામાં આવેલ છે, અને

(૨) આ કાર્યરત થયેલ સૌર ઊર્જા મથકો કયા કયા જિલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૨૧૨.૨૦ મેગાવોટ ક્ષમતાના સૌર ઊર્જા મથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

(૨) આ કાર્યરત થયેલ સૌર ઊર્જા મથકો પાટણ, વડોદરા, કચ્છ, આણંદ, ભરૂચ, જામનગર, પંચમહાલ, સુરત, સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યા છે.

---------

<#S B /ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ સહાય/S B #>

<#M /* ૩૦૯૬૭ શ્રી કેસરીસિંહ સોલંકી /M #> (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૩૦૮ લાભાર્થી રૂ. ૬૭,૪૬,૦૨૦/- (રૂપીયા સડસઠ લાખ છેત્તાલીસ હજાર વીસ પુરા)

---------

<#S B /બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં કુવાઓનુ વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૭૩ શ્રી અરવિંદસિંહ રાઠોડ /M #> (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં

જવાબ

(૧) અને (૨)

તા.૩૧.૧૨.૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કુવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| બનાસકાંઠા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૯૩૯૬ | ૧૬૬૩૦.૮૬ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૩૫૪ | ૧૬૦૧૯.૫૯ |
| કુલ | ૧૭૭૫૦ | ૩૨૬૫૦.૪૫ |
| પંચમહાલ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૩૭૦ | ૨૬૫૮.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૩૦૬ | ૨૫૯૩.૪૮ |
| કુલ | ૨૬૭૬ | ૫૨૫૧.૫૨ |

---------

<#S B /પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/S B #>

<#M /* ૨૯૪૯૪ પ્રો. હીરાભાઈ પટેલ/M #> (લુણાવાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પંચમહાલ અને મહિસાગર જીલ્લામાં જીલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડૂતોને સહાય ચુકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શા છે,અને

જવાબ

(૧) કુલ ૯૬૦ અરજીઓ મળી,તેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | પંચમહાલ | ૪૬૧ |
| ૨. | મહિસાગર | ૪૯૯ |
| | કુલ | ૯૬૦ |

(૨) તે પૈકી ૫૦૪ અરજીઓ મંજુર કરી અને ૨૦૯ ખેડૂતોને સહાય ચુકવવામાં આવી, જેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | સહાય ચુકવવામાં આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | પંચમહાલ | ૨૧૮ | ૮૨ |
| ૨. | મહિસાગર | ૨૮૬ | ૧૨૭ |
| | કુલ | ૫૦૪ | ૨૦૯ |

(૩) ૬૩ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. તેના કારણો નીચે મુજબ છે.

૧. ૬૦ અરજીઓના લાભાર્થીને પુર્વ મંજુર આપેલ, પરંતુ ટ્રેક્ટર ખરીદ કરવા માંગતા ન હોવાને કારણે.

૨. ૩ અરજીઓના લાભાર્થીઓને પુર્વ મંજુરી આપેલ,પરંતુ ભૌતિક ચકાસણી કરતા અરજી કરતા પહેલા ટ્રેક્ટર ખરીદ

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

કરેલ હોવાને કારણે.

(૪) ઉક્ત સ્થિતિએ ૨૩૨ અરજીઓ પડતર છે, લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં ચુકવણીની કાર્યવાહી કરવાની રહે છે.

---------

<#S B /બંધ રહેલ વીજ ઉત્પાદક એકમો/S B #>

<#M /* ૩૧૧૦૯ શ્રી જોઈતાભાઇ પટેલ/M #> (ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન, રાજ્ય સરકારનાં કયાં વીજ ઉત્પાદક એકમો, કેટલા સમય માટે કયા કારણે બંધ રહ્યા,

(૨) ઉક્ત બંધ રહેલ પ્રત્યેક એકમથી વીજળીનું કેટલું ઉત્પાદન ઘટ્યું, અને

(૩) ઉક્ત ઘટેલ ઉત્પાદન સામે કોની પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવી અને તે અન્વયે વીજ ખરીદી પાછળ કેટલું ખર્ચ થયું ?

જવાબ

(૧) સામાન્ય રીતે ઉક્ત સમયગાળા દરમ્યાન તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ રહેલ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસ દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઈ જવું, સમારકામની જરૂરીયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે તેમજ જે તે સમયે સીસ્ટમની જરૂરિયાત પ્રમાણે મેરીટ ઓર્ડરની માર્ગદર્શિકા મુજબ જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન કરવામાં આવતું હોય છે. તેથી જો સીસ્ટમની જરૂરિયાત ન હોય તો મેરીટ ઓર્ડર પ્રમાણે વીજ એકમો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં લો ડીમાન્ડના અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૨) રાજ્યમાં સીસ્ટમની જરૂરીયાત મુજબ વીજળીનું પૂરતું ઉત્પાદન મેળવાયેલ હોઈ, વીજળીની કોઈ ઘટ નથી.

(૩) રાજ્યની હાલની મહત્તમ વીજ માંગ ૧૫૧૪૨ મે.વો. છે તથા સ્થાપિત વીજ ક્ષમતા ૨૫૨૫૬ મે.વો. છે. જે પૈકી ૫૬૩૦ મે.વો. બિનપરંપરાગત સ્ત્રોત માંથી તથા ૧૯૬૨૬ મે.વો. પરંપરાગત સ્ત્રોત માંથી છે. આમ રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા રાજ્યની વીજ માંગને પૂરી પાડવા માટે પૂરતી હોવાથી વીજળીનું પૂરંતુ ઉત્પાદન થયેલ છે તથા વીજળીની ઘટ ન હોવાથી વધારાની વીજ ખરીદીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાખવા બાબત/S B #>

<#M /* ૨૮૮૩૦ શ્રી ગોવાભાઈ રબારી/M #> (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાખવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) તે અન્વયે આ કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે અને આ કામ કેટલા સમયમાં પુર્ણ થશે ?

જવાબ

(૧) સર્વેક્ષણના તબક્કે છે.

(૨)

- પથરેખા મંજૂર થયેથી અંદાજીત ખર્ચની ગણતરી થઈ શકે.
- આ કામગીરી બાબતે તમામ પ્રકારની મંજુરીઓ મળ્યા બાદ શક્ય તેટલું જલદી પૂર્ણ કરવામાં આવશે.

---------

<#S B /જુનાગઢ જિલ્લામાં ખુલ્લા વીજ વાયર તથા ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનોને લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ/S B #>

<#M /* ૩૦૪૦૦ શ્રી બાબુભાઈ વાજા /M #> (માંગરોળ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનોના લીધે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

(૨) ઉક્ત બાબતે ઉર્જા કંપનીની બેદરકારી બદલ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

જવાબ

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અક્સ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઇંસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે,

વર્ષ ૨૦૧૫માં નાગરિકોના ૯(નવ) પ્રાણઘાતક તથા ૩ (ત્રણ) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૦(દસ) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા, અને વર્ષ ૨૦૧૬માં નાગરિકોના ૭(સાત) પ્રાણઘાતક તથા ૭ (સાત) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૦(દસ) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા.

જ્યારે જુનાગઢ જિલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈપણ અકસ્માતનો બનાવ નોંધાયેલ નથી.

તાલુકાવાર વિગતો પત્રક ‘‘અ’’ મુજબ છે.

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૫ માં નાગરિકોના કિસ્સામાં –

- વિસાવદર–૧ પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૩/૧૧/૨૦૧૫ના રોજ થયેલ પ્રાણઘાતક અકસ્માત બાબતે કચેરીના નાયબ ઈજનેરને

લાઈનના કામ માટે સુપરવાઈઝર ન ફાળવવા બદલ પ્રવર્તમાન નિયમ અનુસાર તેમને તા.૨૩/૦૨/૨૦૧૬ના પત્રથી તહોમતનામું આપવામાં આવેલ છે અને તેની તપાસ હાલમાં ચાલુ છે.

- મણાવદર–૧ પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૩–૦૬–૨૦૧૫ના રોજ થયેલ પ્રાણઘાતક અકસ્માત બાબતે સબસ્ટેશન ઓપરેટર શ્રી એસ.એ.દેસાઇ (એસ.બી.ઓ.)ને કોન્ટ્રાક્ટર દ્વારા લાઇન ચાલુ કરવા કહેલ અને શ્રી દેસાઇએ પૂરતી ખરાઇ કર્યા વગર જ લાઇન ચાલુ કરી દેવા બદલ શ્રી દેસાઇને તા.૬–૬–૨૦૧૫ થી સસ્પેન્ડ કરેલ અને કાર્યવાહિના અંતે તેમનો એક વાર્ષિક ઈજાફો કાયમી અસરથી બંધ કરી તેઓને પુનઃસ્થાપિત કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૬ માં નાગરિકોના કિસ્સામાં –

- માધવપુર પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૨૯/૧/૨૦૧૬ના રોજ થયેલ પ્રાણઘાતક અકસ્માત બાબતે કચેરીના નાયબ ઈજનેરને ફિડરનું સમારકામ સમયસર કરાવવામાં બેદરકારી દાખવવા બદલ પ્રર્વતમાન નિયમ અનુસાર તેમને તા.૧૦/૦૧/૨૦૧૭ના પત્રથી તહોમતનામું આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત અક્સમાત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઈ, પોલીસ ફરિયાદ કરવામાં આવેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિ સુધીમાં અસરગ્રસ્તોને વળતર પેટે આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી તથા કેટલી રકમ બાકી છે અને તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ. ના માર્ગદર્શક સર્કયુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેક્ટ્રીક, સાધનોના કારણે તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર, તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં

(૧) નાગરીકોના કુલ ૧૬ (સોળ) પ્રાણઘાતક કિસ્સાઓ પૈકી,

- ૨(બે) કિસ્સામાં આખરી સહાય રૂપે રૂ.૪,૦૦,૦૦૦/– ચુકવેલ છે.
- ૯(નવ) કિસ્સાઓમાં પ્રાથમિક સહાય સ્વરૂપે રૂ.૫૦,૦૦૦/– પેટે કુલ ૪,૫૦,૦૦૦/– સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતા વળતર પેટે, ૮ (આઠ) કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઈ

બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૧(એક) કિસ્સામાં વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવી આપવામાં આવશે.

- બાકી રહેતા, ૫(પાંચ) કિસ્સાઓમાંથી ૨ (બે) કિસ્સાઓમાં કોન્ટ્રાક્ટર દ્વારા વળતર ચૂકવાયેલ છે, ૧ (એક) કિસ્સામાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકનાં અહેવાલ મુજબ  વીજ કંપનીના નેટવર્કમાં અકસ્માત થયેલ નથી, ૧ (એક) કિસ્સામાં અકસ્માતનો ભોગ બનનાર બહારના રાજ્યના હોઈ, વારસદારનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતા સંપર્ક થઇ શકેલ નથી અને (એક) કિસ્સામાં અકસ્માતો ભોગ બનનારના વારસદાર હયાત ન હોઈ, વળતર ચૂકવી શકાયેલ નથી.

(૨) પ્રાણીઓના કુલ ૨૦ (વીસ) કિસ્સાઓ પૈકી,

- ૧૭(સત્તર) કિસ્સાઓમાં ૧૦૦ % વળતરની રકમ પેટે રૂ.૩,૦૦,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે.

- ૧(એક) કિસ્સામાં કોર્ટ કેસ ચાલુ હોઈ, કોર્ટના નિર્ણય આવ્યે વળતરની રકમ ચૂકવી આપવામાં આવશે.

  જ્યારે, બાકીના ૨(બે) કિસ્સાઓમાંથી એક કિસ્સામાં પ્રાણી બિનવારસી (વન્ય જીવ) હોઈ અને એક કિસ્સામાં પ્રાણીના માલિકનો સંપર્ક કરવા છતાં વળતર લેવા આવેલ ન હોવાથી, વળતર ચૂકવી શકાયેલ નથી.

પત્રક ''અ''

| ક્રમ | તાલુકા | વીજતંત્રના નેટવર્કમાં થયેલ અકસ્માતો | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુદરતી આફતો/આકસ્મીક કારણોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનને લીધે થયેલ વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રાણઘાતક/બિન પ્રાણઘાતક અકસ્માતો | | | | | | | | | | | |
| | | વર્ષ ૨૦૧૫ | | | | વર્ષ ૨૦૧૬ | | | | બે વર્ષના કુલ (૨૦૧૫ અને ૨૦૧૬) | | | |
| | | નાગરિકો | | પ્રાણી | કુલ | નાગરિકો | | પ્રાણી | કુલ | નાગરિકો | | પ્રાણી | કુલ |
| | | પ્રાણઘાતક | બિન પ્રાણઘાતક | | | પ્રાણઘાતક | બિન પ્રાણઘાતક | | | પ્રાણઘાતક | બિન પ્રાણઘાતક | | |
| ૧ | કેશોદ | ૦ | ૦ | ૪ | ૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | ૪ | ૬ |
| ૨ | જુનાગઢ | ૩ | ૦ | ૨ | ૫ | ૨ | ૨ | ૩ | ૭ | ૫ | ૨ | ૫ | ૧૨ |
| ૩ | ભેસાણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૪ | માંગરોળ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૪ | ૧ | ૩ | ૨ | ૬ |
| ૫ | માણાવદર | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૫ |
| ૬ | માળિયા હાટીના | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૨ | ૧ | ૦ | ૩ |
| ૭ | મેંદરડા | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૮ | વંથલી | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩ | ૪ | ૨ | ૧ | ૩ | ૬ |
| ૯ | વિસાવદર | ૨ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૩ |
| કુલ | | ૯ | ૩ | ૧૦ | ૨૨ | ૭ | ૭ | ૧૦ | ૨૪ | ૧૬ | ૧૦ | ૨૦ | ૪૬ |

---------

<#S B /અમરેલી જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી/S B #>

<#M /* ૩૦૯૮૨ શ્રીમતી ભાવનાબેન મકવાણા/M #> (મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૫–૧–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ચાલુ સિઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે કેટલા કેન્દ્ર ખોલવામાં આવેલ છે, | (૧) ૧૦ (દસ) |
| (૨) તે અન્વયે તા. ૨૫–૧–૨૦૧૭ની સ્થિતિ સુધીમાં કેટલી મગફળી ખરીદવામાં આવી, અને | (૨) ૧૪૯૮૬૩ ક્વિન્ટલ |
| (૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે? | (૩) હાલ કેન્દ્ર સરકારશ્રીની સૂચના મુજબ તા.૨૩–૦૨–૨૦૧૭ સુધી ખરીદવામાં આવેલ છે. |

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ/S B #>

<#M /* ૩૦૯૭૬ શ્રી અરવિંદકુમાર પટેલ /M #> (સાબરમતી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ દરમિયાન અરવલ્લી જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ વૃધ્ધિ અને થાપણ વૃધ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચુકવવામાં આવી ?

જવાબ

| નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૨ | ૧૦,૧૫,૧૦૦/– | ૨,૫૦,૭૫૦/– | ૧૨,૬૫,૮૫૦/– |

| નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૬ | ૧૨,૧૬,૮૦૦/– | ૬,૮૮,૪૦૦/– | ૧૯,૦૫,૨૦૦/– |

---------

<#S B /સુરત અને નવસારી જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૩૮૫ શ્રી હર્ષ સંઘવી /M #> (મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરત અને નવસારી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યો, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)
અને
(૨)

ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરત અને નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં | થયેલ ખર્ચ |

| | આવેલ વીજ જોડાણ | (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૫૭૩ | ૨૧.૯૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૪૪ | ૮.૫૪ |
| કુલ | ૮૧૭ | ૩૦.૫૨ |
| નવસારી જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૦૯ | ૧૦.૮૨ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૯૧ | ૧૭.૧૯ |
| કુલ | ૮૦૦ | ૨૮.૦૧ |

---------

<#S B /મહેસાણા જિલ્લાની કડી બજાર સમિતિ હેઠળ મંજૂર રકમ/S B #>

<#M /* ૩૦૯૭૩ શ્રી નારાયણભાઈ પટેલ/M #> (ઉંઝા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાની કડી બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૫૦/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ? | (૨) રૂ.૫૦/- લાખ. |

---------

<#S B /દેવભૂમિ દ્વારકા અને રાજકોટ જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૩૬૬ શ્રી જયરાજ સિંહ જાડેજા /M #> (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા અને રાજકોટ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા અને રાજકોટ જીલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૧૯૫ | ૮.૩૨ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૦૩ | ૧૬.૧૦ |
| કુલ | ૫૯૮ | ૨૪.૪૨ |
| રાજકોટ જીલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૮૯૭ | ૧૨૭.૧૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ | ૩૩૩૭ | ૧૪૭.૯૧ |

| | | |
|---|---|---|
| અંતિત) | | |
| કુલ | ૬૨૩૪ | ૨૭૫.૦૯ |

---------

<#S B /ભરૂચ જીલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૦૨૭ શ્રી છત્રસિંહજી મોરી/M #> (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જીલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ભરૂચ જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૪૦.૯૧ લાખના ખર્ચે ૧૧૪.૭૮ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૭૦૧ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે. |

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે સહાય/S B #>

<#M /* ૩૦૯૬૫ શ્રી પરબતભાઈ પટેલ/M #> (થરાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં બનાસકાંઠા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) રૂ.૭૯,૯૦,૬૯૧/– (રૂપિયા અગણ્યા એંશી લાખ નેવુ હજાર છસો એકાણું પુરા) |

---------

<#S B /અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા ખાતેદાર ખેડૂતો/S B #>

<#M /* ૨૮૮૩૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ /M #> (દરિયાપુર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા ખાતેદાર ખેડૂતો નોંધાયેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાવાર ખાતેદાર ખેડૂતનુ મૃત્યુ થયુ હોય તેવા કિસ્સાઓમાં અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને

(૩) તે પૈકી કેટલી જિલ્લાવાર કેટલી અરજીઓ

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં ૨૧૭૬૮૫ અને ગાંધીનગર જિલ્લામાં ૧૧૮૨૮૧

(૨)

| જિલ્લો | સમયગાળો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | ૭૭ |
| | તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | ૭૩ |
| | કુલ | ૧૫૦ |
| ગાંધીનગર | તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | ૬૭ |
| | તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | ૫૨ |

(૩) વિગતો પત્રક–૧ મુજબ છે.

મંજુર કરી કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ?

પત્રક-૧

| જિલ્લો | સમયગાળો | મંજૂર અરજીઓની સંખ્યા | ચૂકવેલ રકમ રૂ. લાખમાં | નામંજુર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| અમદાવાદ | તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | ૪૪ | ૪૪.૦૦ | ૧૫ |
| | તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૩૩ | ૩૩.૦૦ | ૦૫ |
| | કુલ | ૭૭ | ૭૭.૦૦ | ૨૦ |
| ગાંધીનગર | તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | ૪૬ | ૪૬.૦૦ | ૫ |
| | તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૧૫ | ૧૫.૦૦ | ૪ |

---------

<#S B /નવસારી જિલ્લામાં ટ્રેલીઝ મંડપ સહાય/S B #>

<#M /* ૩૦૯૬૮ શ્રી પિયુષ દેસાઈ/M #> (નવસારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨) ૪૯૬ લાભાર્થી ` ૪૦,૯૪,૪૫૦/- (રૂપિયા ચાલીસ લાખ ચોરાણુ હજાર ચારસો પચાસ પુરા)

---------

<#S B /મોરબી અને રાજકોટ જિલ્લામાં મગફળી અને કપાસનો પાક વિમો ચૂકવવા બાબત/S B #>

<#M /* ૩૦૧૭૭ શ્રી મહમદ જાવીદ પીરઝાદા/M #> (વાંકાનેર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં મગફળી અને કપાસનો પાક નિષ્ફળ જવાના કારણે કેટલી રકમનો પાક વિમો ચૂકવવામાં આવ્યો,

(૧) રૂ.૧૧૮૭.૮૫ કરોડ.

(૨) ઉપરોક્ત રકમમાં રાજ્ય સરકારનો હિસ્સો કેટલો, અને

(૨) રૂ.૩૭૪.૪૬ કરોડ.

(૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં પાક વિમાની કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને તે રકમ ક્યાં સુધી ચૂકવવામાં આવશે?

(૩) કોઈપણ રકમ ચૂકવવાની બાકી નથી.

---------

<#S B /નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના/S B #>

<#M / * ૩૧૦૦૪ શ્રી મંગુભાઈ પટેલ /M #> (ગણદેવી) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૩. |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૬. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ. ૬૬.૦૦ લાખ. |

---------

<#SB /અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને ટ્રેક્ટર સહાય/SB #>

<#M / * ૩૦૮૮૧ ડૉ. અનિલ જોષીયારા /M #> (ભિલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવામાં આવી છે,

(૧) અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૭૦ ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવામાં આવી છે, તેની વર્ષવાર અને તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં | તાલુકાનું નામ | વર્ષવાર ખેડૂતોને સહાય આપેલ અરજીઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૦૧–૧૭ની સ્થિતિએ) | |
| ૧ | ધનસુરા | ૫૮ | ૧૭૦ | ૨૨૮ |
| ૨ | બાયડ | ૧૧૫ | ૧૯૧ | ૩૦૬ |
| ૩ | ભિલોડા | ૭૪ | ૬૩ | ૧૩૭ |
| ૪ | મેઘરજ | ૬૫ | ૮૩ | ૧૪૮ |
| ૫ | માલપુર | ૫૫ | ૪૨ | ૯૭ |
| ૬ | મોડાસા | ૮૫ | ૧૬૯ | ૨૫૪ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા એસ.ટી. અને એસ.સી કેટેગરીના લાભાર્થીઓને ટ્રેક્ટર સહાય આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર એસ.ટી. અને એસ.સી કેટેગરીના અનુક્રમે ૫૩ અને ૨૪ મળી કુલ ૭૭ લાભાર્થીઓને ટ્રેક્ટર સહાય આપવામાં આવી છે. તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં | તાલુકાનું નામ | એસ.ટી. અને એસ.સી ખેડૂતોને સહાય આપેલ અરજીઓની સંખ્યા | | | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૦૧–૧૭ની સ્થિતિએ) | | એસ.ટી | એસ.સી | |
| | | એસ.ટી | એસ.સી | એસ.ટી | એસ.સી | | | |
| ૧ | ધનસુરા | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૪ | ૪ |
| ૨ | બાયડ | ૦ | ૨ | ૧ | ૨ | ૧ | ૪ | ૫ |
| ૩ | ભિલોડા | ૧૪ | ૨ | ૧૮ | ૧ | ૩૨ | ૩ | ૩૫ |
| ૪ | મેઘરજ | ૮ | ૧ | ૧૧ | ૧ | ૧૯ | ૨ | ૨૧ |
| ૫ | માલપુર | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૨ | ૨ |
| ૬ | મોડાસા | ૦ | ૦ | ૧ | ૯ | ૧ | ૯ | ૧૦ |

(૩) એની પાછળ વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) એની પાછળ વર્ષવાર અને તાલુકાવાર કુલ ૩૫.૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. જેની વર્ષવાર અને તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં | તાલુકાનું નામ | વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૦૧–૧૭ની સ્થિતિએ) | | એસ.ટી | એસ.સી | |
| | | એસ.ટી | એસ.સી | એસ.ટી | એસ.સી | | | |
| ૧ | ધનસુરા | ૦.૦૦ | ૦.૪૫ | ૦.૦૦ | ૧.૬૫ | ૦.૦૦ | ૨.૧૦ | ૨.૧૦ |
| ૨ | બાયડ | ૦.૦૦ | ૦.૯૦ | ૦.૪૫ | ૦.૯૦ | ૦.૪૫ | ૧.૮૦ | ૨.૨૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ભિલોડા | ૬.૪૫ | ૦.૯૦ | ૮.૨૫ | ૦.૪૫ | ૧૪.૭૦ | ૧.૩૫ | ૧૬.૦૫ |
| ૪ | મેઘરજ | ૩.૬૦ | ૦.૪૫ | ૪.૯૫ | ૦.૪૫ | ૮.૫૫ | ૦.૯૦ | ૯.૪૫ |
| ૫ | માલપુર | ૦.૦૦ | ૦.૪૫ | ૦.૦૦ | ૦.૪૫ | ૦.૦૦ | ૦.૯૦ | ૦.૯૦ |
| ૬ | મોડાસા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૪૫ | ૪.૩૫ | ૦.૪૫ | ૪.૩૫ | ૪.૮૦ |
| | કુલ | ૧૦.૦૫ | ૩.૧૫ | ૧૪.૧૦ | ૮.૨૫ | ૨૪.૧૫ | ૧૧.૪૦ | ૩૫.૫૫ |

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી/S B #>

<#M/* ૩૦૯૮૧ શ્રી કિશોરસિંહ ચૌહાણ/M#> (વેજલપુર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૫–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ચાલુ સિઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે કેટલા કેન્દ્ર ખાલવામાં આવેલ છે, | (૧) ૮(આઠ) |
| (૨) તે અન્વયે તા. ૨૫–૦૧–૨૦૧૭ ની સ્થિતિ સુધીમાં કેટલી મગફળી ખરીદવામાં આવી છે, અને | (૨) ૮૭૪૧૪.૬૦ ક્વિન્ટલ |
| (૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે ? | (૩) હાલ કેન્દ્ર સરકારશ્રીની સૂચના મુજબ તા.૨૩–૦૨–૨૦૧૭ સુધી ખરીદવામાં આવેલ છે. |

---------

<#S B /કચ્છ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી/S B #>

<#M/* ૩૦૯૯૨ શ્રી રમેશ મહેશ્વરી /M#> (ગાંધીધામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવોની ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) ૮૮ તળાવો. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૬૮૮.૬૫ લાખ. |
| (૩) આ કામો પૂર્ણ કરવાથી કેટલા મીલીયન ઘનફૂટ પાણીનો વધારાનો સંગ્રહ થયેલ છે ? | (૩) ૧૦૨.૩૦ મીલીયન ઘનફૂટ પાણીનો વધારાની સંગ્રહ શક્તિ ઉત્પન્ન થશે. |

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની અરજીઓ/S B #>

<#M/* ૩૧૨૯૩ શ્રી કાંતિભાઈ ખરાડી/M#> (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે. |

| તાલુકા | પડતર અરજીઓ |
|---|---|
| અમીરગઢ | ૯૫૮ |
| ભાભર | ૩૩૦ |
| દાંતા | ૫૪૮ |
| દાંતીવાડા | ૧૭૦૮ |
| ડીસા | ૧૬૭૪ |
| દિયોદર | ૩૬૦ |
| ધાનેરા | ૧૮૦૪ |

| | |
|---|---|
| કાંકરેજ | ૭૧૩ |
| લાખાણી | ૯૭૬ |
| પાલનપુર | ૧૫૭૦ |
| સુઇગામ | ૪૩ |
| થરાદ | ૫૮૮૬ |
| વડગામ | ૧૨૫૦ |
| વાવ | ૯૨૭ |

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી ૭૦૨૩ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુ ને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

---------

<#S B /જામનગર તાલુકાના ગામોના તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M /* ૩૧૨૫૫ શ્રી રાઘવજી પટેલ/M #> (જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર તાલુકાના ખીજડીયા, જાંબુડા, ચંદ્રાગા, ઠેબા, ધુડશીયા, મોટા બાણુગાર તથા જોડીયા તાલુકાના હડિયાણા આણંદા, કુનડ અને ધ્રોલ તાલુકાના મોટા ઇટાળા, લલિપુર, ખારવા તથા મોટી ગરેડીયા ગામના તળાવો ડિસેમ્બર ૨૦૧૬ ની સ્થિતિમાં કાપ ભરાઇ ગયો છે અને તેને ઉંડા કરવાની ખાસ જરૂરિયાત છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉપરોક્ત ગામોના તળાવો ઉંડા કરવા શું આયોજન થયુ છે અને તે ક્યાં સુધીમાં ઉંડા કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) સદર રજુઆત વાળા તાલુકાના તળાવોના ઉપરવાસના વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ પાણી સાથે કાંપ આવતો હોય છે. અને તળાવમાં કાંપ ભરાતો હોય છે. તે સ્વાભાવિક છે. પરંતુ જે તે ગામમાંથી જે તે તળાવ ઉંડા કરવા માટે આઇ ખેડૂત પોર્ટલમાં અરજી નોંધણી કરાવવામાં આવે અને સાધનિક જરૂરી કાગળો જે તે કચેરીમાં રજુ કરવામાં આવે ત્યારબાદ સ્થળ મુલાકાત લઇ સત્ય હકીકત જાણી શકાય.

(૨) પ્રશ્નવાળા ગામો પૈકી ધ્રોલ તાલુકાના ખારવા ગામે વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧ તળાવ ઉંડું કરવામાં આવેલ તથા જામનગર તાલુકાના જાબુડા ગામે વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧ તળાવ ઉંડું કરવામાં આવેલ તથા જોડીયા તાલુકાના કુનડ ગામે વર્ષ ૨૦૧૬–૧૭ માં ૨ તળાવો ઉંડા કરવામાં આવેલ છે. પ્રશ્નવાળા ગામો પૈકી બાકી રહેતા ગામોના તળાવો ઉંડા કરવા માટે જે તે ગ્રામ્ય લેવલેથી અરજી મળ્યા બાદ સ્થળ ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નીતિ નિયમ મુજબ લોકફાળો ઉપલબ્ધ થયેથી આયોજન મુજબ તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M/* ૩૧૦૧૯ શ્રી ભુષણ ભટ્ટ/M#> (જમાલપુર ખાડીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

અમદાવાદ જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના હેઠળ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજળીકરણ કરેલ કૂવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૯૬૯ | ૧૭૯૧.૪૬ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૦૯૪ | ૨૦૦૧.૮૯ |
| કુલ | ૨૦૬૩ | ૩૭૯૩.૩૫ |

---------

<#SB/હાંસોટ અને વાગરા તાલુકામાં જર્જરીત વીજ વાયરો/SB#>

<#M/* ૩૧૩૪૩ શ્રી અરૂણસિંહ રણા /M#> (વાગરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાના હાંસોટ અને વાગરા તાલુકામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના હાંસોટ અને વાગરા તાલુકામાં બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષ | બદલવામાં આવેલ જર્જરીત વાયરો (કી.મી.) | બદલવામાં આવેલ થાંભલા | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| નહાંસોટ | ૨૦૧૫-૧૬ | ૨.૮૦ | ૬૩ | ૧.૮૧ |
| | ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪.૭૦ | ૩૪ | ૧.૭૭ |
| | કુલ | ૭.૫૦ | ૯૭ | ૩.૫૮ |
| વાગરા | ૨૦૧૫-૧૬ | ૧૬.૨૪ | ૧૨૭ | ૬.૨૮ |
| | ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૩૫.૭૪ | ૨૪૪ | ૧૩.૨૦ |
| | કુલ | ૫૧.૯૮ | ૩૭૧ | ૧૯.૪૮ |

---------

<#SB/વલસાડ જિલ્લામાં મોટા તળાવો બનાવવાની કામગીરી/SB#>

<#M/* ૨૮૮૩૩ શ્રી ઇશ્વરભાઈ પટેલ /M#> (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ સિંચાઇ માટે વલસાડ જિલ્લામાં પાણીની તંગી કાયમી રીતે દુર કરવા મોટા તળાવો બનાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી ?

તા.૩૧-૧૨-૨૦૧૬ ની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ વલસાડ જિલ્લામાં સિંચાઇ માટે પાણીની તંગી કાયમી દુર કરવા મોટા તળાવો બનાવવામાં આવેલ નથી, પરંતુ તેના વિકલ્પ તરીકે વર્ષ ૨૦૧૫ માં ૧૨૨ અને વર્ષ ૨૦૧૬ માં ૧૭૪ ચેકડેમો બાંધવામાં આવેલ છે.

---------

<#SB /છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના/SB #>

<#M /* ૩૧૩૬૫ શ્રી દિનેશભાઈ પટેલ /M #> (પાદરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ નાં વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૧૭૨ | ૮.૯૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૯ | ૮.૩૭ |
| કુલ | ૨૬૧ | ૧૭.૩૪ |
| વડોદરા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૧૩૫ | ૧૨૩.૯૩ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૮૦૪ | ૯૬.૫૬ |
| કુલ | ૩૯૩૯ | ૨૨૦.૪૯ |

---------

<#SB /વડોદરા જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ/SB #>

<#M /* ૩૦૯૮૩ શ્રી કેતનભાઈ ઇનામદાર /M #> (સાવલી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન વડોદરા જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ વૃધ્ધિ અને થાપણ વૃધ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી ?

જવાબ

| નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃધ્ધિ સહાય રૂ. | થાપણ વૃધ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૨ | ૮,૮૭,૧૦૦/- | - | ૮,૮૭,૧૦૦/- |
| નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ | | | |
| ૨૮ | ૧૦,૫૩,૬૦૦/- | - | ૧૦,૫૩,૬૦૦/- |

---------

<#S B /આણંદ જિલ્લામાં અને શહેરમાં લીફ્ટ ધરાવતી ઇમારતો/S B #>

<#M /* ૩૧૩૧૬ શ્રી નિરંજન પટેલ /M #> (પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આણંદ શહેર સહિત જોખમકારક લીફ્ટ ધરાવતી ઇમારતો વિરૂધ્ધ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ગુજરાત લીફ્ટ અને એસ્કેલેટર્સ નિયમો, ૨૦૦૧ ની જોગવાઇઓ સંતોષાય તે રીતે ઉભું કરાયેલ લીફ્ટ સ્થાપન, સલામત જણાય તેની તપાસણી કર્યા બાદ જ, મુખ્ય લીફ્ટ નિરીક્ષકશ્રીની કચેરી દ્વારા લીફ્ટ અંગેનું લાયસન્સ એનાયત કરવામાં આવતું હોય છે. આ જોતા, તા.૩૧–૧–૧૭ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આણંદ શહેર સહિત, કોઇપણ લીફ્ટ જોખમકારક સ્થિતિમાં હોય તેવું ધ્યાને આવેલ નથી. |
| (૨) તે અન્વયે વિદ્યુત વિભાગનું એન.ઓ.સી. ન મળેલ હોય છતા લીફ્ટ કાર્યરત હોય તેવી કેટલી ઇમારતો જણાઇ ? | (૨) ગુજરાત લીફ્ટ અને એસ્કેલેટર્સ એક્ટ, ૨૦૦૦ અને તે હેઠળ ઘડાયેલ નિયમોની જોગવાઇઓ મુજબ લીફ્ટના માલિકે લીફ્ટનું લાયસન્સ ચીફ ઇન્સ્પેક્ટર ઓફ લીફ્ટ પાસેથી મેળવવું અને તેની મુદત પૂરી થયે તેને તાજું કરાવવું જરૂરી છે. તદ્નુસાર, આણંદ શહેર સહિત લીફ્ટ ઇન્સ્પેક્ટરની મંજૂરી વગર લીફ્ટ કાર્યરત હોય તેવી કોઇ ઇમારત ધ્યાનમાં આવેલ નથી. |

---------

<#S B /દહેગામ તાલુકામાં મંજૂર કરેલ ચેકડેમ/S B #>

<#M /* ૨૮૮૨૮ શ્રીમતી કામિનીબા રાઠોડ /M #> (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો મંજુર કરવામાં આવ્યા, અને | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે અન્વયે કેટલા કામો પ્રગતિમાં છે, કેટલા કામ પૂર્ણ થયા અને કેટલા કામો શરૂ થવાના બાકી છે ? | (૨) – પ્રગતિમાં – ૦૧<br>– શરૂ થવાના બાકી – ૦૨. |

---------

<#S B /ભાવનગર જિલ્લામાં ગામ તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M /* ૩૦૯૮૮ શ્રી કેશુભાઈ નાકરાણી /M #> (ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) ઉંડા કરેલ ગામ તળાવોની વિગત |

| | |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | ૧૫ ગામ તળાવો |
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ | ૭૮ ગામ તળાવો |
| કુલ | ૯૩ ગામ તળાવો |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત ગામ તળાવો ઉંડા ઉતારવા માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષવાર ખર્ચની વિગત |

| | |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | રૂ.૯૨.૦૨ લાખ |
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ | રૂ.૬૪૪.૨૩ લાખ |
| કુલ | રૂ.૭૩૬.૨૫ લાખ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉકત ગામ તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં કેટલો વધારો થયો ? | (૩) જળસંગ્રહ શકિતમાં ૧૩૫.૫૧ મિલિયન ક્યુબિક ફીટનો વધારો થયો. |

---------

<#S B /ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ક્ષારનું પ્રમાણ અટકાવવા/S B #>

<#M /* ૩૧૧૪૦ શ્રી પુંજાભાઈ વંશ/M #> (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર ક્ષારનું પ્રમાણ અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શાં પગલાઓ લીધાં, અને | (૧) યોજનાકીય અને નિભાવણીની કામગીરી કરવામાં આવેલ છે. |

| જિલ્લો | કામોની સંખ્યા વર્ષ ૨૦૧૫ | | | કામોની સંખ્યા વર્ષ ૨૦૧૬ | | |
|---|---|---|---|---|---|---|
| | યોજનાકીય | નિભાવણી | કુલ | યોજનાકીય | નિભાવણી | કુલ |
| ગીર સોમનાથ | ૧૧ | ૩ | ૧૪ | ૨ | ૫ | ૭ |
| જુનાગઢ | ૨ | ૩ | ૫ | ૧ | ૧ | ૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) |

| જિલ્લો | વર્ષ ૨૦૧૫ માં થયેલ ખર્ચ રૂ.લાખમાં | | | વર્ષ ૨૦૧૬ માં થયેલ ખર્ચ રૂ.લાખમાં | | |
|---|---|---|---|---|---|---|
| | યોજનાકીય | નિભાવણી | કુલ | યોજનાકીય | નિભાવણી | કુલ |
| ગીર સોમનાથ | ૧૪૫.૯૭ | ૧૬.૭૪ | ૧૬૨.૭૧ | ૩૨૨.૦૯ | ૩૮.૩૭ | ૩૬૦.૪૬ |
| જુનાગઢ | ૧૯.૮૯ | ૧૫.૫૪ | ૩૫.૪૩ | ૮૯.૪૯ | ૮.૫૬ | ૯૮.૦૫ |

---------

<#S B /વડોદરા જિલ્લામાં જંતુનાશક દવાઓની ચકાસણી/S B #>

<#M /* ૩૧૦૦૯ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ/M #> (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જંતુનાશક દવાઓની ગુણવતાની ચકાસણી માટે કેટલી પ્રયોગશાળાઓ આવેલી છે તથા તેની ક્ષમતા કેટલી | (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જંતુનાશક દવાઓની ગુણવતાની ચકાસણી માટે ખેતીવાડી ખાતાની કોઈપણ અધિકૃત જંતુનાશક દવા |

છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નમુનાની ચકાસણી કરેલ છે ?

ચકાસણી પ્રયોગશાળા કાર્યરત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /વસો તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રચના/S B #>

<#M /* ૩૦૩૯૮ શ્રી નટવરસિંહ ઠાકોર /M #> (મહુધા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ વસો તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રચના માટે સરકારને ક્યારે દરખાસ્ત મળી, અને

(૨) ઉકત દરખાસ્ત ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) તા.૨૫–૩–૨૦૧૫ના રોજ દરખાસ્ત મળેલ છે.

(૨) વિચારણા હેઠળ.

---------

<#S B /વલસાડ અને ભરૂચ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૮૯ શ્રી કનુભાઈ દેસાઈ/M #> (પારડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ અને ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોના કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત વલસાડ અને ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વલસાડ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૧૧૨૩ | ૨૭૦૨.૩ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૯૧૭ | ૧૫૬૯.૦૫ |
| કુલ | ૨૦૪૦ | ૪૨૭૧.૩૫ |
| ભરૂચ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૧૦૭૦ | ૨૭૫૧.૨૧ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ ) | ૭૩૩ | ૧૮૩૮.૭૯ |
| કુલ | ૧૮૦૩ | ૪૫૯૦.૦૦ |

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ/S B #>

<#M /* ૩૦૮૪૪ શ્રી મણિલાલ વાઘેલા/M #> (વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણની કેટલી અરજીઓ પડતર છે,

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણની કુલ ૧૭૭૯૫ અરજીઓ પડતર છે, તે પૈકી છેલ્લા બે વર્ષની ૧૧૧૨૪ અરજીઓ
પડતર છે.

(૨) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં ૪૭૮૧ અરજીઓ વર્ષ ૨૦૧૨ થી, ૫૯૪ અરજીઓ વર્ષ ૨૦૧૩થી, ૮૭૭ અરજીઓ વર્ષ ૨૦૧૪થી, ૨૭૧૯ અરજીઓ વર્ષ ૨૦૧૫થી, ૮૫૦૩ અરજીઓ વર્ષ ૨૦૧૬થી, અને ૩૨૧ અરજીઓ વર્ષ ૨૦૧૭માં તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ પડતર છે.

(૩) તે કેટલા સમયમાં નિકાલ કરી આપવામાં આવશે ?

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કવાર નિકાલ કરવામાં આવશે.

---------

<#S B /અમરેલી જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી/S B #>

<#M /* ૩૦૯૭૮ શ્રી શિવાભાઈ ગોહિલ /M #> (તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૫-૧-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ચાલુ સિઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે કેટલા કેન્દ્ર ખોલવામાં આવેલ છે, | (૧) ૧૦ (દસ) |
| (૨) તે અન્વયે તા.૨૫-૧-૨૦૧૭ની સ્થિતિ સુધીમાં કેટલી મગફળી ખરીદવામાં આવી, અને | (૨) ૧૪૯૮૬૩ કિવન્ટલ. |
| (૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે ? | (૩) હાલ કેન્દ્ર સરકારશ્રીની સૂચના મુજબ તા.૨૩-૦૨-૨૦૧૭ સુધી ખરીદવામાં આવેલ છે. |

---------

<#S B /પાટણ જિલ્લાની વારાહી બજાર સમિતિ હેઠળ ફાળવેલ રકમ/S B #>

<#M /* ૩૦૯૭૪ શ્રી નાગરજી ઠાકોર /M #> (રાધનપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાની વારાહી બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૫૦/- લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ? | (૨) રૂ.૫૦/- લાખ. |

---------

<#S B /જૂનાગઢ જિલ્લામાં ક્ષાર પ્રમાણ માટે માટીના નમૂનાઓ/S B #>

<#M /* ૩૧૨૭૯ શ્રી જવાહરભાઈ ચાવડા /M#> (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામોમાં જમીનમાં ક્ષારનું પ્રમાણ વધવા અંગે માટીના નમુના લેવાયેલ છે, | (૧) આ વિભાગ દ્વારા ક્ષારનું પ્રમાણ વધવા અંગેની ચકાસણી માટે માટીના નમૂના લેવામાં આવતા નથી. પરંતુ પોષકતત્વોની ચકાસણી માટે નમૂના લેવામાં આવે છે. |
| (૨) તે પૈકી ગામવાર કેટલા હેકટરમાં જમીનમાં ક્ષારનું પ્રમાણ વધારે જણાયેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેના નિવારણ માટે સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કાર્યવાહી પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#SB /સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય/SB #>

<#M /* ૩૧૦૧૩ શ્રી મુકેશભાઈ પટેલ /M#> (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૧૨૮ લાભાર્થી<br>રૂ.૧૯,૪૩,૮૪૦/– (રૂપિયા ઓગણીસ લાખ ત્રેતાલીસ હજાર આઠસો ચાલીસ પુરા) |

---------

<#SB /જુનાગઢ જિલ્લામાં મગફળી પાકના નિદર્શન/SB #>

<#M /* ૩૦૯૬૩ શ્રી અરવિંદભાઈ લાડાણી /M#> (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ મગફળી પાકના કુલ કેટલા નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૯૮૨ નિદર્શન |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૩૯.૮૯ લાખ |

---------

<#SB /અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂનાઓ/SB #>

<#M /* ૩૧૦૧૦ શ્રી લાલજીભાઈ કોળી પટેલ /M#> (ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કૂલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) કુલ ૨૪૦૧ નમૂનાઓ |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) પ્રમાણિત નમૂના – ૨૩૯૩<br>બિનપ્રમાણિત નમૂના – ૦૮ |
| (૩) ઉક્ત બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) |

| ક્ર. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટ કેસ કરેલ છે. |

| | | |
|---|---|---|
| ૨ | ૦૪ | વહીવટી પગલાં |
| ૩ | ૦૧ | રિ–એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૦૨ | કાર્યવાહીમાં |

---------

<#S B /સાબરકાંઠા જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય/S B #>

<#M /* ૩૦૯૬૪ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા /M #> (હિંમતનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં સાબરકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૧૧૬૯ લાભાર્થી રૂ.૨,૧૫,૮૭,૪૪૭/– (રૂપિયા બે કરોડ પંદર લાખ સિત્યાસી હજાર ચારસો સુડતાલીસ પુરા) |

---------

<#S B /રાજકોટ શહેર અને જીલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૬૮૨ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ /M #> (રાજકોટ–પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ શહેર અને જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલાને વીજ જોડાણ આપવામાં આવેલ છે,

જવાબ

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજકોટ શહેર અને જિલ્લામાં "ઝૂંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત વર્ષવાર નોંધાયેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ | નોંધાયેલ કુલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|---|
| રાજકોટ શહેર | ૧૮૧૫ | ૧૬૫૭ | ૩૪૭૨ | ૩૪૭૨ |
| રાજકોટ જિલ્લો | ૪૨૦૦ | ૩૩૩૭ | ૭૫૩૭ | ૭૫૩૭ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલાને વીજ જોડાણ આપવાના બાકી છે, અને

(૪) બાકી જોડાણો કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૩) અને (૪) : તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં "ઝૂંપડા વીજળીકરણ યોજના" માટે નોંધાયેલ તમામ અરજીઓમાં વીજ જોડાણ આપવામાં આવેલ હોઈ કોઈ અરજી પડતર નથી.

---------

<#S B /જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/S B #>

<#M /* ૨૯૩૯૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા/M #> (જામનગર (ઉત્તર)) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જીલ્લાવાર તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧) કુલ ૧૯૫૭ અરજીઓ મળી, તેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | જામનગર | ૧૧૧૫ |
| ૨. | દેવભૂમિ દ્વારકા | ૮૪૨ |
| | કુલ | ૧૯૫૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી,

(૨) તે પૈકી કુલ ૮૩૧ અરજીઓ મંજુર કરી અને કુલ ૨૦૧ ખેડૂતોને સહાય ચુકવવામાં આવી. જેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | સહાય ચુકવવામાં આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | જામનગર | ૫૦૮ | ૨૦૧ |
| ૨. | દેવભૂમિ દ્વારકા | ૩૨૩ | ૦ |
| | કુલ | ૮૩૧ | ૨૦૧ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શાં છે, અને

(૩) કોઈ પણ અરજી નામંજુર કરવામાં આવેલ ન હોઈ, કારણો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૪) ઉક્ત સ્થિતિએ ૬૩૦ અરજીઓ પડતર છે, લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં ચુકવણીની કાર્યવાહી કરવાની રહે છે.

---------

<#SB /મહેસાણા જિલ્લામાં તળાવો ઉંડા ઉતારવા બાબત/SB #>

<#M /* ૩૦૯૯૪ શ્રી ઋષિકેસભાઈ પટેલ /M #> (વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા તળાવોને ઉંડા ઉતારવામાં આવ્યા,

(૧) ૯૪

(૨) ઉક્ત સ્થિતિએ આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) ૫૮૭.૮૯ લાખ

(૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ?

(૩) ૯૪૦ હેક્ટર.

---------

<#SB /જી.યુ.વી.એન.એલ.માં રોસ્ટર બેઈઝ ઈન્ટર કંપની ટ્રાન્સફર પોલીસી/SB #>

<#M /* ૩૧૦૩૪ શ્રી શક્તિસિંહજી ગોહિલ /M #> (અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ઉર્જા વિભાગ હસ્તકની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. (જી.યુ.વી.એન.એલ)માં રોસ્ટર બેઈઝ ઈન્ટર કંપની ટ્રાન્સફર પોલીસી તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અમલમાં નથી તે હકીકત સાચી છે, અને

(૧) અને (૨) : હા, જી. તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન કંપનીઓના કર્મચારીઓને એક કંપનીમાંથી બીજી કંપનીમાં ટ્રાન્સફર કરવા અંગેની કોઈ રોસ્ટર બેઈઝ ઈન્ટર

(૨) જો હા, તો સરકારનું ઉક્ત કંપનીમાં આ પોલીસીનું અમલીકરણ ક્યારથી કરવાનું આયોજન છે ?

કંપની ટ્રાન્સફર પોલીસી અમલમાં નથી.

પરંતુ, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન કંપનીઓના કર્મચારીઓને ઈન્ટર કંપની ડેપ્યુટેશન પોલીસી અંતર્ગત સ્પાઉસ અને મેડિકલ ગ્રાઉન્ડના આધારે રાજ્ય સરકારની મંજૂરીથી, જીયુવીએનએલના તા. ૦૮–૦૨–૨૦૧૨ના પરિપત્રથી પ્રતિનિયુક્તિના ધોરણે ઈન્ટર કંપની ટ્રાન્સફર કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ અને ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા શારીરિક અશક્ત કર્મચારીઓને પણ આ પોલીસી અંતર્ગત લાભ આપવાનું નક્કી કરવામાં આવતાં, જીયુવીએનએલએ તેના તા. ૦૮–૦૪–૨૦૧૩ના પરિપત્રથી તે અંગેની જોગવાઈઓ કરેલ.

હાલમાં, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન કંપનીઓના કર્મચારીઓ માટે આ ઈન્ટર કંપની ડેપ્યુટેશન પોલીસી ચાલુ રાખવામાં આવી છે. પરંતુ રોસ્ટર બેઈઝ ઈન્ટર કંપની ટ્રાન્સફર પોલીસી ઘડવા અંગેની કોઈ વિચારણા સરકાર/જીયુવીએનએલ દ્વારા હાથ ધરાઈ નથી.

---------

<#S B /મહીસાગર જીલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના/S B #>

<#M /* ૨૮૮૪૫ શ્રી માનસિંહ ચૌહાણ /M #> (બાલાશીનોર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા વીજ જોડાણ આપવાના બાકી છે તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| લુણાવાડા | ૧૩૭ |
| ખાનપુર | ૬૪ |
| સંતરામપુર | ૦ |
| કડાણા | ૦ |
| બાલાસિનોર | ૨૭૪ |
| વિરપુર | ૯૦ |
| કુલ | ૫૬૫ |

(૨) ઉક્ત સ્થિતિે ૧૮૪ અરજીઓ પડતર છે. જેમાં નિયમાનુસાર ચકાસણી કરી બને એટલા ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે.

---------

<#S B /દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૪૯ શ્રી વિછીંયાભાઈ ભુરીયા/M #> (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ

જવાબ

(૧) અને (૨) : આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ

આદિજાતી ખેડૂતોના કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

વિસ્તારના તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| દાહોદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૩૧૭૭ | ૪૯૦૦.૬૪ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૪૩૬ | ૨૧૨૫.૧૨ |
| કુલ | ૪૬૧૩ | ૭૦૨૫.૭૬ |
| પંચમહાલ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૯૭૯ | ૧૪૧૨.૮૮ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૫૪૮ | ૮૧૬.૦૩ |
| કુલ | ૧૫૨૭ | ૨૨૨૮.૯૧ |

---------

<#S B /મોડાસા તાલુકાના લીંભોઈ ગામના પાણીના નિકાલના માર્ગને પાકુ કરવા બાબત/S B #>

<#M /* ૩૦૦૬૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર /M #> (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામના સરકાર હસ્તકના તળાવમાંથી પાણીના નિકાલના માર્ગને પાકુ કરવા માટેની દરખાસ્ત સરકારમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પડતર છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત સરકારને ક્યારે મળેલ છે, અને મળેલ દરખાસ્ત અન્વયે શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરખાસ્તને મંજુરી ન આપવામાં આવી હોય તો તેના કારણો શા છે અને કયાં સુધીમાં મંજુરી આપવામાં આવશે ?

જવાબ

(૧) ના

(૨) વર્ષ ૨૦૧૪માં મળેલ રૂ. ૭૮.૫૦ લાખની દરખાસ્તને સરકારશ્રી કક્ષાએ ચકાસણી કરી તળાવમાંથી પાણીના નિકાલ ના થયેલ વ્હેળા (કોતર)ને સેકશન બનાવવાના રૂ. ૪.૧૫ લાખના કામને તા. ૨૦–૯–૨૦૧૪ થી મંજુર કરી ૨૦૧૫માં પુર્ણ કરવામાં આવેલ છે.

(૩) રજુઆતકર્તા દ્વારા સુચવેલ કામગીરીની રૂ. ૭૮.૫૦ લાખની દરખાસ્તમાં સમાવિષ્ટ વરસાદી પાણીના નિકાલના વ્હેરા (કાંસ)ની બંન્ને બાજુ સીમેન્ટ કોંક્રીટની દિવાલો કરી પાકુ કરવાની કામગીરી તેમજ નાળાની કામગીરીનો સમાવેશ કરેલ, જે તાંત્રિક જરૂરિયાત ન જણાતા તેને ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

---------

<#S B /સુરત જિલ્લામાં ટ્રેક્ટર સહાયની મંજુર અરજીઓ/S B #>

<#M /* ૩૧૦૦૮ શ્રી કિશોરભાઈ કાનાણી /M#> (વરાછા રોડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ટ્રેકટર સહાયની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) કુલ ૮૫૭ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓની સહાય ચૂકવવામાં આવી? | (૨) કુલ ૫૨૭ અરજીઓ (તા.૧૭–૦૨–૧૭ની સ્થિતિએ) ની સહાય ચુકવવામાં આવી. |

---------

<#SB /દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના/SB #>

<#M /* ૩૧૩૨૫ શ્રી રમેશભાઈ કટારા/M#> (ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| દાહોદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૭૯૩ | ૨૮.૩૧ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૫૩૫ | ૨૨.૪૯ |
| કુલ | ૧૩૨૮ | ૫૦.૮૦ |
| પંચમહાલ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૧૩૮૧ | ૧૮૦.૮૮ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૨૭૩ | ૫૯.૭૧ |
| કુલ | ૨૬૫૪ | ૨૪૦.૫૯ |

---------

<#SB /રાજ્યમાં નવી કૃષિ ઉધ્યોગ નીતિ જાહેર કરવાની વિચારણા/SB #>

<#M /* ૨૯૪૦૦ ડૉ. તેજશ્રીબેન પટેલ /M#> (વિરમગામ) : તા.૧–૩–૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૬૦ (અગ્રતા–૮૭) ના અનુસંધાને માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્યમાં નવી કૃષિ ઉધ્યોગ નીતિ જાહેર કરવાનું વિચારણા હેઠળ હતું તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ક્યારે કઈ કક્ષાએ વિચારણા કરવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં છે. |
| (૨) તે અન્વયે રાજ્યના ખેડુતોના હિતમાં અને કૃષિને વેગ મળે તે માટે ક્યાં સુધીમાં નવી કૃષિ ઉધ્યોગ નિતિ જાહેર કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપ સહાય/S B #>

<#M /* ૩૧૦૧૨ શ્રીમતી ઝંખનાબેન પટેલ /M #> (ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૧૨૮ લાભાર્થી<br>રૂ.૧૯,૪૩,૮૪૦/- (રૂપિયા ઓગણીસ લાખ ત્રેતાલીસ હજાર આઠસો ચાલીસ પુરા) |

---------

<#S B /જુનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય/S B #>

<#M /* ૩૦૯૬૨ શ્રી મેઘજીભાઈ ચાવડા/M #> (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં જુનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સહાય ચુકવવામાં આવેલ છે ? | (૨) |

| જિલ્લો | ચૂકવેલ સહાય (રૂ.) |
|---|---|
| જૂનાગઢ | ૨૪,૨૦,૦૮૯/- |
| દેવભૂમિ દ્વારકા | ૫૪,૩૯,૮૭૩/- |

---------

<#S B /મહેસાણા જિલ્લામાં ખેડુત ખાતેદાર અકસ્માત વીમા યોજના/S B #>

<#M /* ૩૦૪૧૦ શ્રી પ્રહલાદભાઈ પટેલ/M #> (વિજાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૧-૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેડુત અકસ્માત વિમાની જાહેરાત છેલ્લે ક્યારે કરી, | (૧) તા.૧૯-૦૩-૨૦૧૬. |
| (૨) તે અન્વયે ખેડૂત ખાતેદાર મૃત્યુ પામે તો તેના વારસદારોને કેટલી રકમનું વિમા કવચ આપવાનું નક્કી કરેલ છે, અને | (૨) રૂ.૧,૦૦,૦૦૦/- |
| (૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂત ખાતેદારોના મૃત્યુ પછી તેમના વારસદારોને કેટલી રકમ આપવામાં આવી ? | (૩) પત્રક-૧ મુજબ છે. |

પ ત્ર ક - ૧

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧૬-૦૧-૨૦૧૫ થી તા.૧૫-૧-૨૦૧૬ | | તા.૧૬-૦૧-૨૦૧૬ થી તા.૧૫-૧-૨૦૧૭ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) |
| ૧ | મહેસાણા | ૨૦ | ૨૦.૦૦ | ૦૮ | ૦૮.૦૦ | ૨૮ | ૨૮.૦૦ |
| ૨ | કડી | ૧૨ | ૧૨.૦૦ | ૧૪ | ૧૪.૦૦ | ૨૬ | ૨૬.૦૦ |
| ૩ | બેચરાજી | ૦૬ | ૦૬.૦૦ | ૦૧ | ૦૧.૦૦ | ૦૭ | ૦૭.૦૦ |
| ૪ | વિસનગર | ૦૪ | ૦૪.૦૦ | ૦૯ | ૦૯.૦૦ | ૧૩ | ૧૩.૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | વિજાપુર | ૧૦ | ૧૦.૦૦ | ૦૭ | ૦૭.૦૦ | ૧૭ | ૧૭.૦૦ |
| ૬ | ખેરાલુ | ૦૮ | ૦૮.૦૦ | ૦૧ | ૦૧.૦૦ | ૦૯ | ૦૯.૦૦ |
| ૭ | વડનગર | ૦૪ | ૦૪.૦૦ | ૦૧ | ૦૧.૦૦ | ૦૫ | ૦૫.૦૦ |
| ૮ | સતલાસણા | ૦૬ | ૦૬.૦૦ | ૦૧ | ૦૧.૦૦ | ૦૭ | ૦૭.૦૦ |
| ૯ | ઉંઝા | ૦૬ | ૦૬.૦૦ | ૦૬ | ૦૬.૦૦ | ૧૨ | ૧૨.૦૦ |
| ૧૦ | જોટાણા | ૦૨ | ૦૨.૦૦ | ૦૧ | ૦૧.૦૦ | ૦૩ | ૦૩.૦૦ |
| | કુલ | ૭૮ | ૭૮.૦૦ | ૪૯ | ૪૯.૦૦ | ૧૨૭ | ૧૨૭.૦૦ |

---------

<#S B /સાબરકાંઠા જિલ્લામાં બિયારણના નમુનાઓ/S B #>

<#M /* ૩૧૩૧૮ શ્રી અશ્વિન કોટવાલ /M #> (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ પાકના બિયારણના કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૧)

| તાલુકાનું નામ | લેવાયેલ નમૂના |
|---|---|
| હિંમતનગર | ૯૧ |
| ઈડર | ૯૮ |
| વડાલી | ૬૯ |
| તલોદ | ૭૩ |
| પ્રાંતિજ | ૭૫ |
| ખેડબ્રહ્મા | ૭૬ |
| વિજયનગર | ૪૪ |
| પોશીના | ૨૮ |
| કુલ | ૫૫૪ |

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા બિન પ્રમાણિત થયા, અને

(૨)

| તાલુકાનું નામ | પ્રમાણિત | બિન પ્રમાણિત |
|---|---|---|
| હિંમતનગર | ૯૧ | ૦ |
| ઈડર | ૯૫ | ૩ |
| વડાલી | ૬૭ | ૨ |
| તલોદ | ૭૩ | ૦ |
| પ્રાંતિજ | ૭૧ | ૪ |
| ખેડબ્રહ્મા | ૭૫ | ૧ |
| વિજયનગર | ૪૨ | ૨ |
| પોશીના | ૨૮ | ૦ |
| કુલ | ૫૪૨ | ૧૨ |

(૩) ઉકત બિન પ્રમાણિત નમુના અંગે ગુણવત્તા નિયંત્રણ દ્વારા ઉકત સ્થિતિએ વર્ષવાર શા પગલાં લેવામાં આવ્યા ?

(૩)

| ફેબ્રુઆરી–૨૦૧૫ થી જાન્યુઆરી–૨૦૧૬ | | |
|---|---|---|
| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
| ૧ | ૦૩ | કોર્ટ કેસ કરેલ છે. |
| ફેબ્રુઆરી–૨૦૧૬ થી જાન્યુઆરી–૨૦૧૭ | | |
| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
| ૧ | ૦૫ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૧ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૩ | કાર્યવાહી ચાલુ છે. |

---------

<#S B /સુરત અને અરવલ્લી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૫૭ શ્રી નરોત્તમભાઈ પટેલ/M #> (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોના કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત સુરત અને અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૫૨૯ | ૫૪૦૭.૭૪ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૯૧૭ | ૩૮૭૮.૬૪ |
| કુલ | ૪૪૪૬ | ૯૨૮૬.૩૮ |
| અરવલ્લી જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૧૬૮૦ | ૩૫૭૪.૪૬ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૮૯૨ | ૧૩૫૬.૨૧ |
| કુલ | ૨૫૭૨ | ૪૯૩૦.૬૭ |

---------

<#S B /દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ટ્રેકટર ખરીદીમાં સહાય મેળવવાની અરજીઓ/S B #>

<#M /* ૨૯૩૯૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા/M #> (ઝાલોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટ્રેકટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડૂતોને સહાય ચુકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શા છે, અને

(૪) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

જવાબ

(૧) કુલ ૧૦૦૯ અરજીઓ મળી, તેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૪૮ |
| ૨ | પંચમહાલ | ૪૬૧ |
| | કુલ | ૧૦૦૯ |

(૨) તે પૈકી કુલ ૪૫૧ અરજીઓ મંજુર કરી અને કુલ ૧૩૪ ખેડૂતોને સહાય ચુકવવામાં આવી.

(૩) ૩૮ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. તેના કારણો નીચે મુજબ છે.

૧. લાભાર્થી તરફથી સમયમર્યાદામાં ટ્રેકટર ખરીદ થઈ દરખાસ્ત મળેલ નથી.

૨. અગાઉ લાભ મેળવેલ છે.

૩. અરજી કર્યા પછી ટ્રેકટર ખરીદી કરેલ છે.

(૪) ઉકત સ્થિતિએ ૨૭૯ અરજીઓ પડતર છે, લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી

નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં ચુકવણીની કાર્યવાહી કરવાની રહે છે.

---------

<#S B /વલસાડ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો/S B #>

<#M /* ૩૧૦૧૪ શ્રી રમણલાલ પાટકર /M #> (ઉમરગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ–૫. |
| (૨) તે અન્વયે કેટલા ખેડૂતોએ લાભ લીધો અને તે પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) તે અન્વયે કુલ ૧૫૦ ખેડુતોએ લાભ લીધો અને તે પાછળનો ખર્ચ રૂ.૦.૭૦ લાખ થયેલ છે. |

---------

<#S B /રાજ્યમાં રાસાયણિક ખાતરોની અછત/S B #>

<#M /* ૩૧૦૦૬ શ્રી જગદીશભાઈ પંચાલ/M #> (નિકોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતરોની અછત ન સર્જાય તેના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા કોઇ યોજના અમલમાં મુકેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા સદર યોજના હેઠળ વર્ષઃ ૨૦૧૬–૧૭ માટે કેટલી બજેટ જોગવાઇ કરેલ છે, અને | (૨) રૂ.૨૮૫૦.૦૦ લાખ. |
| (૩) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૯૪૨.૩૩ લાખ. |

---------

<#S B /રાજ્યમાં સૌર ઉર્જા મથકો/S B #>

<#M /* ૩૦૨૭૩ શ્રી રજનીકાંત પટેલ/M #> (અસારવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી ક્ષમતાના સૌર ઉર્જા મથકો સ્થાપિત કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૨૧૨.૨૦ મેગાવોટ ક્ષમતાના સૌર ઉર્જા મથકો સ્થાપિત કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યરત થયેલ સૌર ઉર્જા મથકો ક્યા ક્યા જિલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યા ? | (૨) આ કાર્યરત થયેલ સૌર ઉર્જા મથકો પાટણ, વડોદરા, કચ્છ, આણંદ, ભરૂચ, જામનગર, પંચમહાલ, સુરત, સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યા છે. |

---------

<#S B /તાપી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૦૨૩ શ્રી કાંતિલાલભાઈ ગામીત /M #> (નિઝર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ.૧૧૦૮૨.૦૧ લાખના ખર્ચે ૬૩૧૮ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

<#S B /ખેડા જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા બાબત/S B #>

<#M /* ૨૯૩૧૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ/M #> (મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કેટલા સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂત ખાતેદારોને ક્યા કારણોસર આપવાના બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત બાકી સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે ?

જવાબ

(૧) તાલુકાવાર આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૧૩૬૨૨ |
| ૨ | મહુધા | ૫૮૧૯ |
| ૩ | ખેડા | ૫૦૨૭ |
| ૪ | મહેમદાવાદ | ૮૭૨૭ |
| ૫ | માતર | ૮૩૮૦ |
| ૬ | કપડવંજ | ૯૦૨૨ |
| ૭ | કઠલાલ | ૭૦૦૭ |
| ૮ | બાલાસિનોર | ૩૪૭૪ |
| ૯ | વીરપુર | ૭૨૧ |
| ૧૦ | ઠાસરા | ૧૨૨૧૭ |
| | કુલ | ૭૪૦૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૦૫ મુજબના મહેમદાવાદ અને ખેડા તાલુકામાં તમામ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપી દેવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /સુરેન્દ્રનગર જિલ્લામાં કૂવાઓનું વીજકરણ/S B #>

<#M /* ૩૧૦૨૧ શ્રી કિરીટસિંહ રાણા/M #> (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ.૧૦૭૯૦.૭૯ લાખનાં ખર્ચે કુલ ૬૮૫૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

<#S B /ત્વરિત સિંચાઇ લાભ કાર્યક્રમ અને અન્ય જળસંપત્તિ કાર્યક્રમ અન્વયે રાજ્યને મળેલ રકમ/S B #>

<#M /* ૩૦૧૬૯ શ્રી બલવંતસિંહ રાજપૂત/M #> (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ત્વરિત સિંચાઇ લાભ કાર્યક્રમ અને અન્ય જળસંપત્તિ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે પ્રમાણે રકમ મળેલ છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | મળેલ રકમ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૧૮૩.૪૯ |
| ૨૦૧૫-૧૬ | ૪૮૨.૭૨ |

| | |
|---|---|
| ૨૦૧૬-૧૭ (૩૧-૧૨-૧૭ સુધી) | ૧૦૫૫.૬૫ |

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ ખર્ચ નીચે પ્રમાણે છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૨૬૨૮.૩૬ |
| ૨૦૧૫-૧૬ | ૩૩૩૯.૯૭ |
| ૨૦૧૬-૧૭ (૩૧-૧૨-૧૭ સુધી) | ૨૩૩૬.૦૩ |

---------

<#S B /મોરબી જિલ્લામાં ખારેકના વાવેતર માટે સહાય/S B #>

<#M /* ૩૧૦૧૧ શ્રી કાંતીલાલ અમૃતિયા/M #> (મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં મોરબી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૨,૦૩,૪૫૦/- (રૂપિયા બાવીસ લાખ ત્રણ હજાર ચારસો પચાસ પુરા) |

---------

<#S B /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્ષાર પ્રમાણ માટે માટીના નમૂનાઓ/S B #>

<#M /* ૩૧૨૬૩ શ્રી મેરામણભાઈ આહીર /M #> (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામોમાં ક્ષારનું પ્રમાણ વધવા અંગે માટીના નમૂના લેવાયેલ છે, | (૧) આ વિભાગ દ્વારા ક્ષારનું પ્રમાણ વધવા અંગેની ચકાસણી માટે માટીના નમૂના લેવામાં આવતા નથી. પરંતુ જમીનના પોષકતત્વોની ચકાસણી માટે માટીના નમૂના લેવામાં આવે છે. |
| (૨) તે પૈકી ગામવાર કેટલા હેક્ટર જમીનમાં ક્ષારનું પ્રમાણ વધારે જણાયેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે નિવારવા સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કાર્યવાહી પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /કચ્છ જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૦૨૦ શ્રી પંકજભાઈ મહેતા/M #> (રાપર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સામાન્ય યોજના હેઠળ રૂ.૧૮૩૨૦.૨૧ લાખનાં ખર્ચે ૮૮૮૬ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

<#S B /કચ્છ જિલ્લામાં ક્ષાર પ્રવેશ નિવારણ પૂર્ણ કામો/S B #>

<#M /* ૩૦૯૯૧ ડૉ. નિમાબેન આચાર્ય /M #> (ભુજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષાર પ્રવેશ નિવારણ અંગેના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૨૦૫. |
| (૨) આ કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૩૭૫૫.૨૪ લાખ. |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને સિંચાઇનો પરોક્ષ લાભ થયો ? | (૩) ૬૨૦૬.૧૪ હેક્ટર વિસ્તાર. |

---------

<#S B /વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં વર્ષ–૨૦૦૭માં કરેલ એમ.ઓ.યુ. /S B #>

<#M /* ૩૧૧૫૨ શ્રી શૈલેષ પરમાર /M #> (દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે વર્ષવાર અને સમિટવાર કેટલા પ્રોજેક્ટ માટે કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા, | (૧) પરંપરાગત ક્ષેત્રેઃ<br>પરંપરાગત પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે સને ૨૦૦૭માં ૧૯ (ઓગણીસ) એમઓયુ કુલ રૂપિયા ૧,૩૩,૪૨૯ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે અને સને–૨૦૦૯માં ૩૧ (એકત્રીસ) એમઓયુ કુલ રૂપિયા ૨,૧૧,૮૯૫ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે.<br>બિન પરંપરાગત ક્ષેત્રેઃ<br>વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૦૭માં કુલ ૧ પ્રોજેક્ટ માટે બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે ૧૨૦ કરોડનો ૧ એમ.ઓ.યુ. થયેલ. જ્યારે વર્ષ ૨૦૦૯માં કુલ ૭૧ પ્રોજેક્ટસના રૂ. ૧,૦૯,૧૪૯ કરોડના ૭૧ એમ.ઓ.યુ. થયેલ. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટ ઉકત સમિટવાર અમલીકરણમાં આવ્યા, તથા કેટલા ઉત્પાદનમાં ગયા, અને કેટલા પ્રોજેક્ટ પડતા મૂકાયા, | (૨) પરંપરાગત ક્ષેત્રેઃ<br>તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ–૨૦૦૭માં થયેલ ૧૯ એમઓયુ પૈકી ૯ પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે અને ૮ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે જ્યારે માત્ર બે પ્રોજેકટો ડેવલપર્સ રસ ન ધરાવતા હોઈ પડતા મુકવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯માં કરવામાં આવેલ ૩૧ એમઓયુ પૈકી ૨ પ્રોજેક્ટો કાર્યાન્વિત થયેલ છે અને ૨૮ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે જ્યારે ૧ પ્રોજેકટ પડતો મુકવામાં આવેલ છે. બિન પરંપરાગત ક્ષેત્રેઃ<br>તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સમિટ–૨૦૦૭ નો ૧ પ્રોજેકટ અમલીકરણ થઈ ઉત્પાદનમાં આવેલ અને એકપણ પ્રોજેકટ પડતો મુકાયેલ નથી. જ્યારે સમિટ–૨૦૦૯માં ૨૫ પ્રોજેકટ અમલીકરણ થઈ ઉત્પાદનમાં આવ્યા અને ૪૬ પ્રોજેકટ પડતા મુકાયેલ છે. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમલમાં આવેલ અને ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટોમાં કેટલું | (૩) પરંપરાગત ક્ષેત્રેઃ |

મૂડીરોકાણ થયું, અને

સામાન્યતઃ વિશાળ કદના વીજમથકોએ આંતર માળખાકીય પ્રોજેકટ છે. આમ, એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજપ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજપ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક બને છે. વધુમાં, ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીનાં વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે.

વળી, આ વીજયોજનાઓ તાંત્રિક રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તથા તેમાંથી ઉત્પાદન મેળવવા માટે સામાન્યતઃ પાંચ થી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે પરંતુ ગુજરાત સરકારનાં સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેકટોનું અમલીકરણ ઝડપી થાય છે.

મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ-૨૦૦૭માં થયેલ એમઓયુ પૈકી કુલ રૂપિયા ૮૫,૨૦૯ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂ. ૩૫,૮૧૮ કરોડના મૂડીરોકાણનાં પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૯ દરમ્યાન થયેલ એમઓયુ પૈકી રૂપિયા ૨,૦૧,૬૧૫ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂ. ૨,૨૮૦ કરોડના મૂડીરોકાણનાં પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે.

બિનપરંપરાગત ક્ષેત્રેઃ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સમિટ-૨૦૦૭નો ૧ પ્રોજેકટ અમલમાં આવી ઉત્પાદનમાં ગયેલ, જેમાં કુલ મૂડી રોકાણ રૂ. ૧૦૭ કરોડનું થયેલ. જ્યારે સમિટ-૨૦૦૯માં કુલ ૨૫ પ્રોજેકટ અમલમાં આવી ઉત્પાદનમાં ગયેલ, જેમાં કુલ મૂડી રોકાણ રૂ. ૬,૫૫૩ કરોડ થયેલ.

(૪) ઉકત ઉત્પાદન પ્રોજેકટોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન મી.યુ. માં થયેલ છે ?

(૪) પરંપરાગત ક્ષેત્રેઃ

સાથેના પત્રક મુજબ છે.

બિનપરંપરાગત ક્ષેત્રેઃ

ઉકત ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટમાં છેલ્લા બે વર્ષમાં ૨૩૧૬.૪ જેટલા મિલીયન યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે.

પ ત્ર ક

| અ. નં. | ડેવલોપરનું નામ | વીજ ઉત્પાદન (મી.યુ.) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| વર્ષ ૨૦૦૭ માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીનાં પ્રોજેકટ | | | |
| ૧ | કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ)-અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ (યુએમપીપી), મુંદ્રા* | ૧૧૫૪૪.૩૧ | ૧૧૯૬૧.૧૨ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ-ઉતરાણ | ૯૪૨.૬૫ | ૧૩૬.૬૫ |
| ૩ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ-ધુવારણ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ-ઉકાઈ | ૨૪૮૨.૦૮ | ૨૭૯૬.૪૧ |
| ૫ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ-સિક્કા | ૫૨૮.૯૫ | ૧૬૫૫.૬૧ |
| ૬ | જીએસપીસી પીપાવાવ પોએવર કંપની લિમિટેડ, કોવાયા | ૩૫૧.૨૨ | ૨૨૬.૫ |
| ૭ | અદાણી પાવર | ૯૪૪૯.૯૪ | ૮૫૪૦.૪૩ |
| ૮ | એસ્સાર પાવર, વાડીનાર | ૫૭૬૪.૭૨ | ૫૨૧૮.૮૩ |
| | કુલ | ૩૧૦૬૩.૮૭ | ૩૦૫૩૫.૫૫ |

વર્ષ ૨૦૦૯માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીના પાવર પ્રોજેક્ટો કાર્યાન્વિત થયેલ નથી.

*કેન્દ્રિય ક્ષેત્રનું વીજ મથક હોઈ, જીયુવીએનએલએ મેળવેલ વીજળીની વિગતો આપી છે.

---------

<#S B /સુરત જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત/S B #>

<#M /* ૩૧૦૧૮ શ્રી ઈશ્વરભાઈ પરમાર /M #> (બારડોલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજજોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જિલ્લામાં ૪૨ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલારપંપ ફાળવવામાં આવેલ છે.

---------

<#S B /રાજકોટ અને બોટાદ જિલ્લામાં સૌની યોજનામાં લીંક કેનાલની કામગીરી/S B #>

<#M /* ૨૯૭૨૫ શ્રી ભોળાભાઈ ગોહેલ /M #> (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને બોટાદ જીલ્લામાં સૌની યોજના અંતર્ગત લીંક કેનાલની કેટલા તાલુકામાં કામગીરી પુર્ણ થઈ, અને

(૨) તે પાછળ ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

| જીલ્લો | તાલુકાવાર પુરી થયેલ કામગીરી |
|---|---|
| રાજકોટ | ૧ |
| બોટાદ | ૨ |

(૨)

| વર્ષ | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૫ | ૭૩૯૫૧ |
| ૨૦૧૬ | ૨૦૫૯૩ |
| કુલ | ૯૪૫૪૪ |

---------

<#S B /પોરબંદર અને આણંદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૩૪૧ શ્રી સંજયકુમાર પટેલ /M #> (ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ

જવાબ

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ

સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં પોરબંદર અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલાવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

સર્વાંગી વિકાસ યોજનામાં પોરબંદર જિલ્લાનો એક અને આણંદ જિલ્લાનો એક તાલુકાનો સમાવેશ થયેલ છે. જેમાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| પોરબંદર જિલ્લો | | | | |
|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ | જર્જરીત વિજવાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
| પોરબંદર | ૨૦૧૫–૧૬ | ૧૫૮.૨૦ | ૧૭૩ | ૫૯.૧૮ |
| | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | ૧૪૧.૬૦ | ૨૭૫ | ૫૭.૩૪ |
| પોરબંદર જિલ્લો કુલ | | ૨૯૯.૮૦ | ૪૪૮ | ૧૧૬.૫૨ |
| આણંદ જિલ્લો | | | | |
| ખંભાત | ૨૦૧૫–૧૬ | ૩૭.૮૩ | ૧૦૫ | ૨૪.૦૩ |
| | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | ૨૩.૬૨ | ૧૮૮ | ૨૦.૦૯ |
| આણંદ જિલ્લો કુલ | | ૬૧.૪૫ | ૨૯૩ | ૪૪.૧૨ |

---------

<#SB /સુરત અને નવસારી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/SB #>

<#M /* ૩૧૩૮૮ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા/M #> (કામરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને નવસારી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતી ખેડૂતોના કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયા ?

જવાબ

(૧) અને (૨) : આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત સુરત અને નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૫૨૯ | ૫૪૦૭.૭૪ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૯૧૭ | ૩૮૭૮.૬૪ |

| | | |
|---|---|---|
| કુલ | ૪૪૪૬ | ૯૨૮૬.૩૮ |
| નવસારી જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૧૨૯ | ૧૬૮૪.૭૦ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૨૭૯ | ૧૯૩૬.૮૬ |
| કુલ | ૨૪૦૮ | ૩૬૨૧.૫૬ |

---------

<#S B /અમરેલી અને રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૭૪ શ્રી ગોવિંદભાઈ પટેલ /M #> (રાજકોટ (દક્ષિણ)) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી અને રાજકોટ જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : અમરેલી અને રાજકોટ જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અમરેલી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૫૩૭૮ | ૭૮૦૬.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૬૩૩૭ | ૯૭૨૧.૫૮ |
| કુલ | ૧૧૭૧૫ | ૧૭૫૨૭.૬૩ |
| રાજકોટ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૮૦૩૯ | ૧૧૭૫૧.૯૬ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૬૯૪૮ | ૧૨૦૩૨.૭૦ |
| કુલ | ૧૪૯૮૭ | ૨૩૭૮૪.૬૬ |

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં પાકવીમા પ્રિમીયમની મંજૂરી/S B #>

<#M /* ૩૧૨૭૭ શ્રી મહેશકુમાર પટેલ/M #> (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં પાક ધિરાણ મેળવતા ખેડૂતોએ મેળવેલ લોન પર વિમાપાત્ર પાકો મગફળી અને કપાસનું વીમા પ્રિમીયમ તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વસુલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં ફરજીયાત વીમા પ્રિમીયમ ઓનલાઈન અરજી ન કરનાર ખેડૂતનું નોડેલ એજન્સી દ્વારા વસુલી વીમા કંપનીને ચુકવવાના શા કારણો છે?

જવાબ

(૧) હા

(૨) પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના PMFBY ની ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા તેમજ રાજ્ય સરકારના ઠરાવો મુજબ નિયત સમયમર્યાદામાં વિમાપાત્ર (નોટીફાઈડ) પાકોનું ધિરાણ મંજૂર થયેલ હોય તેવા ખેડૂતો પૈકી ઓનલાઈન અરજી ન કરનાર ખેડૂતોનું પણ બેંકોએ

વીમા પ્રિમીયમ વસૂલી રાજ્ય સરકારે નિયુક્ત કરેલ વીમા કંપનીને ચૂકવવું ફરજિયાત હોય બેંકોએ વીમા પ્રિમીયમની રકમ ખેડૂતોના ખાતામાંથી વસૂલી વીમા કંપનીને ચૂકવેલ છે.

---------

<#S B /ગીર સોમનાથ અને વલસાડ જીલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૩૨૬ શ્રી ભરતભાઈ પટેલ /M #> (વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં ગીર સોમનાથ જિલ્લાનાં પાંચ અને વલસાડ જિલ્લાનાં ચાર તાલુકાઓનો સમાવેશ થયેલ છે. વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૫–૧૬ | વેરાવળ | ૫૪.૫૭ | ૧૩૭ | ૩૪.૩૦ |
| | | સુત્રાપાડા | ૧૨૪.૦૦ | ૨૧૬ | ૬૯.૯૬ |
| | | ઉના | ૮૮.૮૫ | ૨૬૮ | ૪૦.૯૩ |
| | | ગીર ગઢડા | ૧૬.૮૦ | ૧૩૫ | ૭.૪૩ |
| | | કોડીનાર | ૭૯.૮૫ | ૪૦૩ | ૩૦.૭૪ |
| | | કુલ | ૩૬૪.૦૭ | ૧૧૫૯ | ૧૮૩.૩૬ |
| ગીર સોમનાથ | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | વેરાવળ | ૧૧૨.૨૦ | ૧૧૫ | ૫૨.૪૧ |
| | | સુત્રાપાડા | ૧૦૩.૦૦ | ૮૨ | ૪૪.૦૩ |
| | | ઉના | ૭૫.૨૦ | ૧૮૩ | ૩૬.૬૦ |
| | | ગીર ગઢડા | ૧૫.૬૫ | ૭૦ | ૮.૭૫ |
| | | કોડીનાર | ૯૬.૦૫ | ૧૮૮ | ૪૪.૨૩ |
| | | કુલ | ૪૦૨.૧૦ | ૬૩૮ | ૧૮૬.૦૨ |
| ગીર સોમનાથ જિલ્લો કુલ | | | ૭૬૬.૧૭ | ૧૭૯૭ | ૩૬૯.૩૮ |
| વલસાડ | ૨૦૧૫–૧૬ | પારડી | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| | | વાપી | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| | | વલસાડ | ૧.૯૩ | ૬ | ૦.૫૯ |
| | | ઉમરગામ | ૩.૧૫ | ૨૦૦ | ૪.૩૪ |
| | | કુલ | ૫.૦૮ | ૨૦૬ | ૪.૯૨ |
| વલસાડ | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | પારડી | ૦.૦૦ | ૩ | ૦.૦૫ |
| | | વાપી | ૧૩.૩૧ | ૨૪૧ | ૭.૫૮ |

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| | | વલસાડ | ૪.૯૦ | ૦ | ૧.૨૨ |
| | | ઉમરગામ | ૧૦.૮૮ | ૨૭૫ | ૭.૫૮ |
| | | કુલ | ૨૯.૦૯ | ૫૧૯ | ૧૬.૪૪ |
| વલસાડ જીલ્લો કુલ | | | ૩૪.૧૭ | ૭૨૫ | ૨૧.૩૬ |

---------

<#S B /સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય અરજીઓ/S B #>

<#M/* ૩૦૩૯૨ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા /M#> (પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જીલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૯૯ |
| ૨ | અરવલ્લી | ૯૩ |
| કુલ | | ૧૯૨ |

(૨) તે પૈકી મૃતક ખેડૂતદીઠ કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) મૃતક ખેડૂતના વારસદારોને રૂ.૧,૦૦,૦૦૦/- વીમાસહાય ચુકવવામાં આવે છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ચુકવેલ રકમ |
|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૨૪ લાખ |
| ૨ | અરવલ્લી | ૧૭ લાખ |
| કુલ | | ૪૧ લાખ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ અને તેના કારણો શા છે, અને

(૩) કુલ પાંચ અરજીઓ નામંજૂર થઈ.

જિલ્લો : સાબરકાંઠા

| અ.નં. | અરજી નામંજૂર થવાના કારણ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી | ૧ |
| ૨ | મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ સંતાન ન હોવાથી | ૨ |

જિલ્લો : અરવલ્લી

| અ.નં. | અરજી નામંજૂર થવાના કારણ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મૃતક ૭૦-વર્ષ કરતાં વધુ ઉંમર ધરાવતા હોવાથી | ૨ |

(૪) ઉક્ત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરી સહાય ચુકવવામાં આવનાર છે ?

(૪) પડતર બાકી રહેલ અરજીઓમાં વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઈ ચુકવવા/નિકાલની કાર્યવાહી કરવામાં આવશે.

---------

<#S B /દાહોદ જિલ્લામાં કૃષિ મેળાઓમાં ખેડૂતોને ખાતર અને બિયારણની કીટો/S B #>

<#M/* ૨૯૭૫૦ શ્રી વજેસિંગભાઈ પણદા /M#> (દાહોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે

(૧) ૩ (ત્રણ)

વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા કૃષિ મેળાઓ યોજાયા,

(૨) ઉક્ત મેળામાં કેટલા આદિવાસી ખેડૂતોને ખાતર-બિયારણની કિટો આપવામાં આવી છે, અને

(૩) ખેતીના ઉપયોગી કેટલા અને કયા સાધનો અપાયા?

(૨) કૃષિ મેળામાં ખેડૂતોને ખાતર-બિયારણ કીટોનું વિતરણ કરવામાં આવતું નથી.

(૩) શૂન્ય.

---------

<#S B /બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં કુવાઓનુ વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૭૬ ડૉ. ટી.ડી.માણીયા/M #> (બોટાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| બનાસકાંઠા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૯૩૯૬ | ૧૬૬૩૦.૮૬ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૩૫૪ | ૧૬૦૧૯.૫૯ |
| કુલ | ૧૭૭૫૦ | ૩૨૬૫૦.૪૫ |
| બોટાદ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૧૭૮ | ૩૦૩૩.૬૯ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૩૭૨ | ૩૩૪૭.૨૬ |
| કુલ | ૪૫૫૦ | ૬૩૮૦.૯૫ |

---------

<#S B /ગીર સોમનાથ અને અમદાવાદ જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૩૨૧ શ્રી હસમુખભાઈ પટેલ /M #> (અમરાઈવાડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ગીર સોમનાથ અને અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણ માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગીર સોમનાથ અને અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ગીર સોમનાથ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયોલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૪૩૨ | ૯૧.૫૧ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૬૨૧ | ૯૧.૭૯ |

| | | |
|---|---|---|
| કુલ | ૫૦૫૩ | ૧૮૩.૩૦ |
| અમદાવાદ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૪૧૯ | ૧૨૬.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૨૧૫ | ૯૧.૨૩ |
| કુલ | ૪૬૩૪ | ૨૧૭.૨૭ |

---------

<#S B /વડોદરા અને સાબરકાંઠા જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના/S B #>

<#M /* ૩૧૩૬૩ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીઆ /M #> (સયાજીગંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા અને સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વડોદરા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૧૩૫ | ૧૨૩.૯૩ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૮૦૪ | ૯૬.૫૬ |
| કુલ | ૩૯૩૯ | ૨૨૦.૪૯ |
| સાબરકાંઠા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૭૪૦ | ૧૨૦.૪૮ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૪૦૩ | ૧૨૯.૭૪ |
| કુલ | ૪૧૪૩ | ૨૫૦.૨૨ |

---------

<#S B /વલસાડ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૮૬ શ્રી દુષ્યંતભાઈ પટેલ /M #> (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) તેમા ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) વલસાડ જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૬૦ | ૬૭.૦૭ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૮ | ૪૧.૭૯ |

| | | |
|---|---|---|
| કુલ | ૭૮ | ૧૦૮.૮૬ |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M/* ૩૧૩૬૭ શ્રી સુરેશભાઈ પટેલ/M#> (મણિનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ખેડા અને અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) ખેડા અને અમદાવાદ જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ખેડા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૪૦૫૫ | ૬૧૪૯.૬૮ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૮૦૬ | ૪૨૪૧.૬૬ |
| કુલ | ૬૮૬૧ | ૧૦૩૯૧.૩૪ |
| અમદાવાદ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૯૬૯ | ૧૭૯૧.૪૬ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૦૯૪ | ૨૦૦૧.૮૯ |
| કુલ | ૨૦૬૩ | ૩૭૯૩.૩૫ |

---------

<#S B /જુનાગઢ અને સુરેન્દ્રનગર જીલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M/* ૩૧૩૭૭ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) જુનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કુવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| જુનાગઢ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૪૩૫૨ | ૫૯૭૬.૨૪ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૩૩૭૯ | ૪૮૮૫.૫૬ |

| | | |
|---|---|---|
| કુલ | ૭૭૩૧ | ૧૦૮૬૧.૮૦ |
| સુરેન્દ્રનગર જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૫૬૨ | ૫૪૨૨.૮૮ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૭૨૭ | ૪૫૬૯.૦૨ |
| કુલ | ૬૨૮૯ | ૯૯૯૧.૯૦ |

---------

<#S B /રાજકોટ જિલ્લાની જામકંડોરણા બજાર સમિતિ હેઠળ મંજૂર રકમ/S B #>

<#M /* ૩૦૯૭૨ શ્રી પ્રવિણભાઈ માંકડીયા /M #> (ધોરાજી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાની જામકંડોરણા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦/- લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૫૦/- લાખ |

---------

<#S B /આણંદ જિલ્લામાં ખેડૂતોને કીટ્સનું વિતરણ/S B #>

<#M /* ૩૧૧૪૪ શ્રી અમીત ચાવડા /M #> (આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યોજાયેલ કૃષી મેળામાં વર્ષવાર તાલુકાવાર કેટલા ખેડૂતોને કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) કૃષિ મેળામાં ખેડૂતોને ખાતર-બિયારણ કીટ્સનું વિતરણ કરવામાં આવતું નથી. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /ગીર સોમનાથ તથા પોરબંદર જિલ્લામાં ખુશી યોજના/S B #>

<#M /* ૩૧૩૩૨ શ્રી ગોવિંદભાઈ પરમાર /M #> (તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત ગીરસોમનાથ તથા પોરબંદર જિલ્લામાં તાલુકાવાર નાની ક્ષમતામાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં લગાવવામાં આવેલ નાની ક્ષમતાનાં ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર અને તે માટે થયેલ ખર્ચની, તાલુકાવાર વિગતો, પત્રક-અ મુજબ છે.

ગીર સોમનાથ પત્રક-અ

| તાલુકો | વર્ષ ૨૦૧૫-૧૬ | | વર્ષ ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) |

| | | | | |
|---|---|---|---|---|
| કોડીનાર | ૫૯૮ | ૬૭૬ | ૩૩૫ | ૪૯૩ |
| વેરાવળ | ૧૩૩ | ૧૫૦ | ૭૨૪ | ૮૦૭ |
| ઉના | ૧૯૧ | ૨૧૬ | ૧૬૦ | ૨૧૫ |
| સુત્રાપાડા | ૩૫૩ | ૩૯૯ | ૧૦ | ૧૨ |
| તાલાલા | ૦ | ૦ | ૨૫૬ | ૩૪૦ |
| ગીરગઢડા | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૨૭૫ | ૧૪૪૧ | ૧૪૮૫ | ૧૮૬૭ |

પોરબંદર

| તાલુકો | વર્ષ ૨૦૧૫-૧૬ | | વર્ષ ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) |
| રાણાવાવ | ૩૭૨ | ૪૮૭ | ૧૦૨ | ૧૩૩ |
| કુતિયાણા | ૨૯૯ | ૩૯૨ | ૦ | ૦ |
| પોરબંદર | ૧૪૪ | ૧૮૯ | ૦ | ૦ |
| કુલ | ૮૧૫ | ૧૦૬૮ | ૧૦૨ | ૧૩૩ |

---------

<#S B /જામનગર અને જુનાગઢ જીલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૩૩૪ પ્રો. વસુબેન ત્રિવેદી/M #> (જામનગર દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ જામનગર અને જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) જામનગર અને જુનાગઢ જીલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના તથા સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના અંતર્ગત બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ *પત્રક-અ મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે.)

---------

<#S B /મોરબી અને મહેસાણા જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૮૭ શ્રી રજનીકાન્ત પટેલ/M #> (બેચરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મોરબી અને મહેસાણા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) મોરબી અને મહેસાણા જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| મોરબી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૩૭૦ | ૩૫૯૭.૯૬ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨- | ૨૧૭૨ | ૩૬૪૬.૪૩ |

| | | |
|---|---|---|
| ૨૦૧૬ અંતિત) | | |
| કુલ | ૪૫૪૨ | ૭૨૪૪.૩૯ |
| મહેસાણા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૪૭૭ | ૪૮૪૧.૮૯ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૩૭૦ | ૨૨૭૬.૭૧ |
| કુલ | ૩૮૪૭ | ૭૧૧૮.૬૦ |

---------

<#S B /બનાસકાંઠા અને વડોદરા જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૬૮ શ્રી સતીષભાઈ પટેલ /M #> (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને વડોદરા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) બનાસકાંઠા અને વડોદરા જિલ્લામાં કૂવાઓના વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| બનાસકાંઠા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૯૩૯૬ | ૧૬૬૩૦.૮૬ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૩૫૪ | ૧૬૦૧૯.૫૯ |
| કુલ | ૧૭૭૫૦ | ૩૨૬૫૦.૪૫ |
| વડોદરા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૪૧૯ | ૨૭૭૭.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૪૦૮ | ૨૯૭૨.૪૮ |
| કુલ | ૨૮૨૭ | ૫૭૪૯.૫૨ |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં ગામ તળાવો ઉંડા કરવા બાબત/S B #>

<#M /* ૩૦૯૮૬ શ્રીમતી ભાનુબેન બાબરીયા /M #> (રાજકોટ ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) ઉકત ગામ તળાવો ઉંડા ઉતારવા માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

જવાબ

(૧) ઉંડા કરેલ ગામ તળાવોની વિગત

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ | ૧૫ ગામ તળાવો |
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ | ૭ ગામ તળાવો |
| કુલ | ૨૨ ગામ તળાવો |

(૨) વર્ષવાર ખર્ચની વિગત

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ | રૂ.૫૯.૫૧ લાખ |
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ | રૂ.૩૬.૨૮ લાખ |

| | |
|---|---|
| કુલ | ૩.૯૫.૭૯ લાખ |

(૩) ઉકત ગામ તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં કેટલો વધારો થયો, અને

(૩) જળસંગ્રહ શકિતમાં ૧૭.૩૨ મિલિયન ક્યુબિક ફીટનો વધારો થયો.

(૪) કેટલા વધારાના વિસ્તારને સિંચાઈનો લાભ મળ્યો?

(૪) ૯૮૩.૧૬ હેકટર.

---------

<#S B /અમદાવાદ અને વલસાડ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૩૨૮ શ્રી રાકેશભાઈ શાહ /M #> (એલીસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલાવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાગી વિકાસ યોજનામાં અમદાવાદ જિલ્લાનાં બે અને વલસાડ જિલ્લાનાં ચાર તાલુકાઓનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પ ત્ર ક – અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૫–૧૬ | ધંધુકા | ૧૩.૪૮ | ૯૭૬ | ૩૧.૯૪ |
| | | ધોલેરા | ૯.૬૦ | ૦ | ૫.૪૮ |
| (૨૦૧૫–૧૬) કુલ | | | ૨૩.૦૮ | ૯૭૬ | ૩૭.૪૨ |
| અમદાવાદ | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬) | ધંધુકા | ૧.૦૦ | ૧૫૬ | ૭.૦૮ |
| | | ધોલેરા | ૧૧.૦૦ | ૬૪૫ | ૧૯.૮૧ |
| (૨૦૧૬–૧૭ ડિસે–૧૬ અંતિત) કુલ | | | ૧૨.૦૦ | ૮૦૧ | ૨૬.૮૯ |
| અમદાવાદ જિલ્લો કુલ | | | ૩૫.૦૮ | ૧૭૭૭ | ૬૪.૩૧ |
| વલલાડ | ૨૦૧૫–૧૬ | પારડી | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| | | વાપી | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| | | વલસાડ | ૧.૯૩ | ૬ | ૦.૫૯ |
| | | ઉમરગામ | ૩.૧૫ | ૨૦૦ | ૪.૩૪ |
| (૨૦૧૫–૧૬) કુલ | | | ૫.૦૮ | ૨૦૬ | ૪.૯૨ |
| વલસાડ | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | પારડી | ૦.૦૦ | ૩ | ૦.૦૫ |
| | | વાપી | ૧૩.૩૧ | ૨૪૧ | ૭.૫૮ |
| | | વલસાડ | ૪.૯૦ | ૦ | ૧.૨૨ |
| | | ઉમરગામ | ૧૦.૮૮ | ૨૭૫ | ૭.૫૮ |
| (૨૦૧૬–૧૭ ડિસે–૧૬ અંતિત) કુલ | | | ૨૯.૦૯ | ૫૧૯ | ૧૬.૪૪ |

---------

<#S B /વીજ પ્રવહન માટે સ્ટ્રકચર/ટાવર ઉભા કરવા બાબત/S B #>

<#M /* ૩૦૯૯૬ શ્રીમતી મનીષાબેન વકીલ /M #> (વડોદરા શહેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વિજ પ્રવહન માટે ઉભી કરવામાં આવતી અતિ ભારે દબાણની લાઈનો માટે સ્ટ્રકચર/ટાવર ખેડૂત પોતાના

જવાબ

(૧) અને (૨) હા, જી. સરકારશ્રીના પરિપત્ર ક્રમાંકઃ જીયુવી–૨૦૧૬–૩૪૪૨–ક૧, તા.૩૦–૧૨–૨૦૧૬ મુજબ રાજ્યમાં વીજ પ્રવહન માટે ઉભી કરવામાં આવતી

ખેતરમાં ઉભા કરવા દે તો તેને કોઈ વિશેષ લાભ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

અતિ ભારે દબાણની લાઈનો માટેના સ્ટ્રક્ચર/ટાવર ખેડૂત પોતાના ખેતરમાં ઉભા કરવા દે તો તેવા ખેડૂતોને નવું ખેતી વિષયક વિજ જોડાણ અગ્રતાના ધોરણે આપવાની મંજુરી પરિપત્રમાં દર્શાવેલ શરતો/ધારાધોરણોને આધિન આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

---------

<#S B /આણંદ અને ખેડા જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૭૯ શ્રી કેશરીસિંહ સોલંકી/M #> (માતર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આણંદ અને ખેડા જિલ્લામાં કૂવા વીજળીકરણની સામાન્ય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| આણંદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૧૦૧ | ૩૨૩૭.૩૮ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૮૫૬ | ૧૩૮૪.૭૯ |
| કુલ | ૨૯૫૭ | ૪૬૨૨.૧૭ |
| ખેડા જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૪૦૫૫ | ૬૧૪૯.૬૮ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૨૮૦૬ | ૪૨૪૧.૬૬ |
| કુલ | ૬૮૬૧ | ૧૦૩૯૧.૩૪ |

---------

<#S B /પંચમહાલ અન મહિસાગર જિલ્લામાં ખુલ્લા વીજ વાયર તથા ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ/S B #>

<#M /* ૨૯૪૯૫ પ્રો. હીરાભાઈ પટેલ /M #> (લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોના લીધે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

જવાબ

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

પંચમહાલ જિલ્લો :–

નાગરિકોના ૩ (ત્રણ) પ્રાણઘાતક તથા ૪ (ચાર) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૮(આઠ) પ્રાણઘાતક વીજઅકસ્માત નોંધાયા હતા.

ઉપરોકત નાગરિકોના ૪ (ચાર) બીન પ્રાણઘાતક વીજઅકસ્માત પૈકીના કોઈપણ કિસ્સામાં વ્યકિતએ અંગો ગુમાવ્યા નથી.

મહીસાગર જિલ્લામાં :–

નાગરિકોના ૧(એક) પ્રાણઘાતક તથા ૧ (એક) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૫(પાંચ) પ્રાણઘાતક વીજ અકસ્માત નોંધાયા હતા.

ઉપરોકત નાગરિકના ૧ (એક) બીન પ્રાણઘાતક વીજ અકસ્માતના કિસ્સામાં વ્યકિતએ અંગો ગુમાવ્યા નથી.

(૨) ઉકત બાબતે ઉર્જા કંપનીની બેદરકારી બદલ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોકત અકસ્માતો બાબતે એમ.જી.વી.સી.એલ. કંપનીના કર્મચારી/ અધિકારીઓની બેદરકારી જણાયેલ ન હોઈ, કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉકત સ્થિતિ સુધીમાં અસરગ્રસ્તોને વળતર પેટે આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી તથા કેટલી રકમ બાકી છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યકિતઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ. ના માર્ગદર્શક સર્કયુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણે તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી.

પંચમહાલ જિલ્લામાં :–

(૧) નાગરિકોના કુલ ૩(ત્રણ) પ્રાણઘાતક કિસ્સાઓ પૈકી, ૧(એક) કિસ્સામાં આખરી સહાય રૂપે રૂ.૨,૦૦,૦૦૦/– ચૂકવેલ છે.

બાકી રહેતા, ૨ (બે) કિસ્સાઓમાંથી ૧ (એક) કિસ્સામાં વળતર આપવા માટે વારસદારોનું સંમતિપત્રક મળેલ ન હોવાથી વળતર ચૂકવી શકાયેલ નથી અને ૧ (એક) કિસ્સામાં કોર્ટ કેસ ચાલુ હોઈ, કોર્ટનો નિર્ણય આવ્યે, વળતર ચૂકવી આપવામાં આવશે.

(૨) પ્રાણીઓના કુલ ૮(આઠ) કિસ્સાઓ પૈકી,

૨(બે) કિસ્સાઓમાં ૧૦૦ ટકા વળતરની રકમ પેટે રૂ.૨૦,૦૦૦/– વળતર ચૂકવવામાં આવેલ છે.

૪ (ચાર) કિસ્સાઓમાં ૫૦ ટકા રકમ એટલે કે, કુલ રૂ.૫૦,૦૦૦/–ની ચૂકવણી કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ૫૦ ટકા રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મળ્યા બાદ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે.

જ્યારે, બાકીના ૨ (બે) કિસ્સામાંથી ૧(એક) કિસ્સામાં પ્રાણી બિનવારસી (વન્ય જીવ) હોઈ અને ૧(એક) કિસ્સામાં પ્રાણીના માલિકનો સંપર્ક કરવા છતાં વળતર લેવા આવેલ ન હોવાથી, વળતર ચૂકવી શકાયેલ નથી.

મહીસાગર જિલ્લામાં :-

(૧) અને (૨) પાટણ જિલ્લામાં ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત વર્ષ ૨૦૧૫માં રૂ.૧૪૮.૦૮ લાખનાં ખર્ચે ૨૭૬૨ વીજ જોડાણો, અને વર્ષ ૨૦૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રૂ.૧૭૯.૩૪ લાખનાં ખર્ચે ૪૨૫૮ વીજ જોડાણો એમ કુલ બે વર્ષમાં રૂ.૩૨૭.૪૨ લાખનાં ખર્ચે કુલ ૭૦૨૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

<#S B /પોરબંદર તથા મોરબી જિલ્લામાં ખુશી યોજના/S B #>

<#M /* ૩૧૩૩૩ શ્રી કાંતીલાલ અમૃતિયા/M #> (મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડુતોને પૂરતા દબાણે વીજ પૂરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત પોરબંદર તથા મોરબી જિલ્લામાં તાલુકાવાર નાની ક્ષમતામાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પોરબંદર અને મોરબી જિલ્લામાં લગાવવામાં આવેલ નાની ક્ષમતાનાં ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર અને તે માટે થયેલ ખર્ચની તાલુકાવાર વિગતો, પત્રક–અ મુજબ છે.

પ ત્ર ક – અ

પોરબંદર

| તાલુકો | વર્ષ ૨૦૧૫–૧૬ | | વર્ષ ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) |
| રાણાવાવ | ૩૭૨ | ૪૮૭ | ૧૦૨ | ૧૩૩ |
| કુતિયાણા | ૨૯૯ | ૩૯૨ | ૦ | ૦ |
| પોરબંદર | ૧૪૪ | ૧૮૯ | ૦ | ૦ |
| કુલ | ૮૧૫ | ૧૦૬૮ | ૧૦૨ | ૧૩૩ |

મોરબી

| તાલુકો | વર્ષ ૨૦૧૫–૧૬ | | વર્ષ ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) |
| વાંકાનેર | ૩૯૩ | ૪૦૪ | ૦ | ૦ |
| હળવદ | ૧૫૪ | ૧૫૮ | ૬૩ | ૭૯ |
| ટંકારા | ૦ | ૦ | ૭૦ | ૯૨ |
| મોરબી | ૦ | ૦ | ૬૩ | ૮૧ |
| માળિયા | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૫૪૭ | ૫૬૨ | ૧૯૬ | ૨૫૨ |

---------

<#S B /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કિટસ વિતરણ/S B #>

<#M /* ૩૧૨૬૪ શ્રી મેરામણભાઈ આહીર /M #> (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા ખેડૂતોને કૃષિ મહોત્સવમાં બાગાયત માટે કેટલા લાભાર્થીઓને વિના મૂલ્યે કિટ્સ વિતરણ કરવામાં આવી, અને

(૨) તે અન્વયે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) કીટ્સ આપવાની યોજના બંધ કરવામાં આવેલ હોઈ વિતરણ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /કચ્છ અને જામનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો/S B #>

<#M /* ૩૧૩૩૭ શ્રી પંકજભાઈ મહેતા/M #> (રાપર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ અને જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલાવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં કચ્છ જિલ્લાનાં સાત અને જામનગર જિલ્લાનાં બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પ ત્ર ક – અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૨૦૧૫–૧૬ | અંજાર | ૬૨.૧૦ | ૬૪૨ | ૨૭.૯૦ |
| | | ભચાઉ | ૮૫.૪૫ | ૯૩૫ | ૪૨.૫૬ |
| | | ગાંધીધામ | ૧૦૧.૪૨ | ૧૫૬ | ૩૮.૭૩ |
| | | અબડાસા | ૧૨૨.૨૭ | ૬૪૧ | ૪૨.૩૩ |
| | | માંડવી | ૨૧.૧૦ | ૧૪૧ | ૭.૨૩ |
| | | મુન્દ્રા | ૧૩.૪૦ | ૧૧૩ | ૫.૩૨ |
| | | લખપત | ૧૨૨.૨૫ | ૭૦૨ | ૪૨.૫૭ |
| | | કુલ | ૫૨૭.૯૯ | ૩૩૩૦ | ૨૦૬.૬૪ |
| કચ્છ | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | અંજાર | ૧૬.૯૭ | ૧૨૩ | ૧૩.૭૮ |
| | | ભચાઉ | ૫૯.૫૦ | ૨૪૩ | ૩૧.૪૯ |
| | | ગાંધીધામ | ૫૨.૭૮ | ૬૯ | ૨૭.૫૭ |
| | | અબડાસા | ૫૨.૬૦ | ૧૮૯ | ૨૫.૫૨ |
| | | માંડવી | ૧૦૮.૫૫ | ૩૨૫ | ૫૩.૬૮ |
| | | મુન્દ્રા | ૯૭.૧૪ | ૫૨૫ | ૫૬.૮૯ |
| | | લખપત | ૩૩.૫૦ | ૨૪૫ | ૨૩.૦૨ |
| | | કુલ | ૪૨૧.૦૪ | ૧૭૧૯ | ૨૩૧.૯૫ |
| | | કચ્છ જિલ્લો કુલ | ૯૪૯.૦૩ | ૫૦૪૯ | ૪૩૮.૫૯ |
| જામનગર | ૨૦૧૫–૧૬ | જામનગર | ૧૨૯.૫૬ | ૧૮૦ | ૪૮.૦૯ |
| | | જોડીયા | ૪૬.૮૮ | ૧૩૪૯ | ૩૯.૯૯ |
| | | કુલ | ૧૭૬.૪૪ | ૧૫૨૯ | ૮૮.૦૮ |
| જામનગર | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | જામનગર | ૫૪.૦૬ | ૧૭૬ | ૨૮.૭૪ |
| | | જોડીયા | ૧૪.૨૫ | ૧૩૧ | ૧૦.૫૨ |
| | | કુલ | ૬૮.૩૧ | ૩૦૭ | ૩૯.૨૬ |

---------

<#S B /ગીર સોમનાથ તથા કચ્છ જિલ્લામાં ખુશી યોજના/S B #>

<#M /* ૩૧૩૩૦ ડૉ. નીમાબેન આચાર્ય /M #> (ભુજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડુતોને પૂરતા દબાણે વીજ પૂરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત ગીર સોમનાથ તથા કચ્છ જિલ્લામાં નાની ક્ષમતામાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) અને (૨) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં લગાવવામાં આવેલ નાની ક્ષમતાનાં ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર અને તે માટે થયેલ ખર્ચ નીચે મુજબ છે.

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

પત્રક – અ

| જિલ્લો | વર્ષ ૨૦૧૫–૧૬ | | વર્ષ ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) | લગાવવામાં આવેલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | તે માટે થયેલ ખર્ચ (લાખમાં) |
| ગીર સોમનાથ | ૧૨૭૫ | ૧૪૪૧.૦૦ | ૧૪૮૫ | ૧૮૬૭.૦૦ |
| કચ્છ | ૮૪૪ | ૧૩૩૪.૦૦ | ૫૨૪ | ૮૦૪.૦૦ |

---------

<#S B / વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં વર્ષ–૨૦૧૧ માં કરેલ એમ.ઓ.યુ. /S B #>

<#M /* ૩૧૧૫૩ શ્રી શૈલેષ પરમાર /M #> (દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૩ માં ઉર્જા ક્ષેત્રે વર્ષવાર અને સમિટવાર કેટલા પ્રોજેકટ માટે કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટ ઉકત સમિટવાર અમલીકરણમાં આવ્યા, તથા કેટલા ઉત્પાદનમાં ગયા, અને કેટલા પ્રોજેકટ પડતા મૂકાયા,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમલમાં આવેલ અને ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટોમાં કેટલું મૂડીરોકાણ થયું, અને

જવાબ

(૧) પરંપરાગત ક્ષેત્રેઃ

પરંપરાગત પાવર પ્રોજેકટ ક્ષેત્રે સને ૨૦૧૧ માં ૫૫ (પંચાવન) એમઓયુ કુલ રૂપિયા ૩,૭૩,૩૧૦.૦૩ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે અને સને–૨૦૧૩માં ૧૪ (ચૌદ) એમઓયુ કુલ રૂપિયા ૩૭,૩૪૫ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે.

બિન પરંપરાગત ક્ષેત્રેઃ

વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૧૧ માં બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે કુલ ૬૬ પ્રોજેકટ માટે રૂ. ૭૩,૩૩૭ કરોડના ૬૬ એમ.ઓ.યુ. થયા. જ્યારે વાયબ્રન્ટ ગુજરાત સમિટ વર્ષ ૨૦૧૩માં કુલ ૧૫૩ પ્રોજેક્ટસ માટે રૂ. ૫૨,૦૭૭ કરોડના ૧૫૩ એમ.ઓ.યુ. થયા.

(૨) પરંપરાગત ક્ષેત્રેઃ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ–૨૦૧૧ માં થયેલ ૫૫ એમઓયુ પૈકી સાત પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે અને ૪૮ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે જ્યારે વર્ષ ૨૦૧૩માં કરવામાં આવેલ ૧૪ એમઓયુ અમલીકરણના વિવિધ તબક્કે છે.

બિન પરંપરાગત ક્ષેત્રેઃ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સમિટ–૨૦૧૧માં ૧૦ પ્રોજેકટ અમલીકરણ થઈ ઉત્પાદનમાં આવ્યા અને ૫૬ પ્રોજેકટ પડતા મુકાયેલ છે. જ્યારે સમિટ–૨૦૧૩ માં ૨૦ પ્રોજેકટ અમલીકરણ થઈ ઉત્પાદનમાં આવ્યા અને ૧૨૮ પ્રોજેકટ પડતા મુકાયેલ છે.

(૩) પરંપરાગત ક્ષેત્રેઃ

સામાન્યતઃ વિશાળ કદના વીજમથકોએ આંતર માળખાકીય પ્રોજેકટ છે. આમ, એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન રસ્તા, વીજપ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજપ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક બને છે. વધુમાં, ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીનાં વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે.

વળી, આ વીજયોજનાઓ તાંત્રિક રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તથા તેમાંથી ઉત્પાદન મેળવવા માટે સામાન્યતઃ પાંચ થી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે પરંતુ ગુજરાત સરકારનાં સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેકટોનું અમલીકરણ ઝડપી થાય છે.

મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ-૨૦૧૧ માં થયેલ એમઓયુ પૈકી કુલ રૂપિયા ૩,૪૫,૪૫૨.૩૦ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂ. ૨૮,૪૯૪ કરોડના મૂડીરોકાણનાં પ્રોજેકટો કાર્યાન્વિત થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૩ દરમ્યાન થયેલ એમઓયુ પૈકી રૂપિયા ૩૭,૩૪૫ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેકટો અમલીકરણના પ્રાથમિક તબક્કે છે.

બિનપરંપરાગત ક્ષેત્રેઃ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સમિટ-૨૦૧૧માં કુલ ૧૦ પ્રોજેકટ અમલમાં આવી ઉત્પાદનમાં ગયેલ, જેમાં કુલ મૂડી રોકાણ રૂ. ૫,૩૮૫ કરોડનું થયેલ. જ્યારે સમિટ-૨૦૧૩ માં કુલ ૨૪ પ્રોજેકટ અમલમાં આવી ૨૦ ઉત્પાદનમાં ગયેલ, જેમાં રૂ. ૫,૬૬૨ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

(૪) ઉકત ઉત્પાદન પ્રોજેકટોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન મી.યુ. માં થયેલ છે ?

(૪) પરંપરાગત ક્ષેત્રેઃ

સાથેના પત્રક મુજબ છે.

બિનપરંપરાગત ક્ષેત્રેઃ

ઉકત ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટમાં છેલ્લા બે વર્ષમાં ૫૨૮૮ જેટલા મિલીયન યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે.

| અ. નં. | ડેવલોપરનું નામ | વીજ ઉત્પાદન (મી.યુ.) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| વર્ષ ૨૦૧૧ માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીનાં પ્રોજેકટ | | | |
| ૧ | અદાણી પાવર, મુંદ્રા | ૧૪૨૨૦.૪૩ | ૧૩૭૯૦.૯૭ |

વર્ષ ૨૦૧૩માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીના પાવર પ્રોજેક્ટો કાર્યાન્વિત થયેલ નથી.

---------

<#S B /તાપી અને સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ/S B #>

<#M /* ૩૧૩૫૩ શ્રી ઈશ્વરભાઈ પરમાર/M #> (બારડોલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને સુરત જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતી ખેડૂતોના કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત તાપી અને સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાપી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૩૫૦૨ | ૫૯૩૭.૦૨ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૮૨૭ | ૩૫૫૬.૬૪ |
| કુલ | ૫૩૨૯ | ૯૪૯૩.૬૬ |
| સુરત જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૨૫૨૯ | ૫૪૦૭.૭૪ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૯૧૭ | ૩૮૭૮.૬૪ |
| કુલ | ૪૪૪૬ | ૯૨૮૬.૩૮ |

---------

<#S B /રાજકોટ અને બોટાદ જિલ્લામાં કલ્પવૃક્ષ યોજના હેઠળ રજુ થયેલ અરજીઓ/S B #>

<#M /* ૨૯૭૨૬ શ્રી ભોળાભાઈ ગોહેલ /M #> (જસદણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫ તથા સને ૨૦૧૫–૧૬ના નાણાકીય વર્ષ દરમ્યાન કિશાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજકોટ અને બોટાદ જીલ્લામાં કુલ કેટલી અરજીઓ રજુ થઈ હતી, | (૧) – રાજકોટ જીલ્લામાં – ૦૩<br>– બોટાદ જીલ્લામાં – ૦૪ |
| (૨) તે પરત્વે કેટલી અરજી મંજુર અને કેટલી અરજીઓ નામંજુર થઈ અને ઉક્ત જીલ્લાવાર કુલ કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) – કુલ –૦૭ અરજીઓ મંજુર કરવામાં આવી છે.<br>– એકપણ અરજી નામંજુર થયેલ નથી<br>– રાજકોટ જીલ્લામાં રૂ. ૨૧૫.૭૫/– લાખ<br>– બોટાદ જીલ્લામાં રૂ. ૧૪૪.૧૧/– લાખ |
| (૩) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર કઈ બજાર સમિતિઓને સહાયની કેટલી રકમ ચુકવવાની બાકી છે ? | (૩) રાજકોટ જીલ્લાની જેતપુર બજાર સમિતિને રૂ.૫૦.૦૦/– લાખ ચુકવવાના બાકી છે. |

---------

<#B /તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)/B #>

<#S B /સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટીના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી મેડિકલની પરીક્ષા પાસ કરાવવા ઉઘરાવાતા લાખો રૂપિયા અંગે./S B #>

શ્રી <#M/પૂંજાભાઇ ભી. વંશ/M#>(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજયકક્ષા)નું ધ્યાન દોરું છું અને તેમને તે સબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટીના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને મેડિકલની પરીક્ષા પાસ કરાવવા માટે લાખો રૂપિયા લેવામાં આવે છે આ સંજોગોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. "

શ્રી <#Mi /શંકરભાઇ લ.ચૌધરી/Mi #> (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અરજદાર ડો. જસ્મીનાબેન વાઇફ ઓફ ડો. દિલીપભાઇ દેવડા, રહેવાસી–વાસણા, અમદાવાદ. જેમની દીકરી સુમનદીપ વિદ્યાપીઠમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતી હોઇ તે અભ્યાસ પેટે તમામ સેમેસ્ટરની કાયદેસરની તમામ ફી ભરેલ છે અને તેની રસીદો પણ મેળવેલ છે તેમ છતાં આ વિદ્યાપીઠના પ્રેસીડેન્ટ શ્રી મનસુખભાઇ શાહે કાયદેસરની ફી કરતા વધારાની રકમ

મેળવવા માટે વિદ્યાર્થિનીને પરીક્ષા આપવાના ફોર્મ ભરવા દેવા પેટે અને જો વધારાની રકમ ન આપે તો પરીક્ષા ફોર્મ ન ભરવા દઇ પરીક્ષા નહિ આપવા દેવાની ધમકી આપી રૂપિયા ૨૦ લાખની માગણી કરેલ છે. આ પ્રમાણે અન્ય વિદ્યાર્થીઓના વાલીઓને ધમકીઓ આપી અને વિદ્યાર્થીઓના ભવિષ્યને હોડમાં મૂકાય તે સ્વરૂપે તેમના તરફથી ધમકીના સ્વરૂપમાં મોટી રકમ કે જે કાયદેસરની ફી કરતા વધારાની હોય તે મેળવવા માટે પ્રેસીડેન્ટ અને તેમના મળતિયા માણસો- (૧) ભરતભાઇ સાવંત, (૨) ડો. ધ્રુવિલ શાહ અને અન્યોની મદદથી કાવતરૂ રચી વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી મોટી રકમો લાંચ પેટે પડાવવાનું મોટું કૌભાંડ આચરતા હોઇ અને જે કૌભાંડના ભાગરૂપે અરજદાર પણ ભોગ બનેલ છે. જેથી સુમનદીપ વિદ્યાપીઠના પ્રેસીડેન્ટ શ્રી મનસુખ શાહ અને તેમની સંસ્થાના કર્મચારીઓ તથા તેમના મળતિયાઓ ભરત સાવંત અને ધ્રુવિલ શાહ વિરુદ્ધ કાયદેસર તપાસ થવા એ.સી.બી. ફિલ્ડ, મુખ્ય મથક, ટ્રાન્સફરી હોસ્ટેલ રૂમ નંબર-૨ શાહીબાગ, અમદાવાદ ખાતે તા.૨૩-૨-૨૦૧૭ના રોજ ફરિયાદ નોંધેલ છે.

(૨) તાત્કાલિક કરેલ કાર્યવાહીઃ-

ફરિયાદીની ઉપરોકત ફરિયાદ આધારે પો. ઇ. અમદાવાદ ગ્રામ્ય એ.સી.બી. પો. સ્ટે. અમદાવાદનાઓએ પંચો તરીકે બે રાજય સેવકોની મદદ મેળવી, ઓડીયો-વિડીયો રેકોર્ડરની વ્યવસ્થા કરી પંચો અને એ.સી.બી. ટ્રેપિંગ પાર્ટીના માણસોને હકીકતથી વાકેફ કરી, તા.૨૭-૨-૨૦૧૭ના રોજ એ-૩ કલ્યાણનગર સોસાયટી, વૃંદાવન ચાર રસ્તા પાસે, વાઘોડીયા રોડ, વડોદરા ખાતે લાંચના છટકાનું આયોજન કરતાં, છટકા દરમિયાન આરોપી નં.(૨) વિનોદભાઇ ઉર્ફે ભરતભાઇ યાદવરામ સાવંતે ફરિયાદી સાથે પંચ-૧ની હાજરીમાં લાંચ બાબતે હેતુલક્ષી વાતચીત કરી ફરિયાદી પાસેથી રૂ.૨૦,૦૦,૦૦૦/- ની લાંચ તરીકે માંગી અને સ્વીકારતા ઝડપાઇ જઇ ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના આર્થિક લાભ સારૂ પોતાના હોદ્દાનો દૂરુપયોગ કરી ગુનો કરેલ છે.

(૩) લીધેલ પગલાં:-

ઉપરોકત ત્રણેય આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ની જોગવાઇઓ હેઠળ વડોદરા શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશન વડોદરા ખાતે ગુન્હા રજીસ્ટર નં.૦૩/૨૦૧૭ નોંધેલ છે. તે ગુના કામે વડોદરા શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશને ગુન્હા રજીસ્ટર નં.૦૩/૨૦૧૭ ભ્રષ્ટાચાર નિવારણ અધિનયમ, ૧૯૮૮ની કલમ.૭,૮,૯,૧૦,૧૨,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબના કામના આરોપીઓ નં.(૧) મનસુખભાઇ શાહ, રહે. ઉદ્યોગનગર સોસાયટી, આયુર્વેદિક કોલેજની પાછળ, પાણીગેટ, વડોદરા (પ્રજાજન) નં.(૨) વિનોદભાઇ ઉર્ફે ભરતભાઇ યાદવરામ સાવંત, (પ્રજાજન) તથા નં.(૩) અશોકકુમાર નરસિંહભાઇ ટેલર (પ્રજાજન) વિરુદ્ધ રૂ.૨૦,૦૦,૦૦૦/-ની લાંચના છટકાના કેસમાં તા.૨૮-૨-૨૦૧૭ના રોજ ૧૧.૧૫ વાગ્યે અટક કરવામાં આવેલ છે. જે ગુનામાં તમામ આરોપીઓને તા.૪-૩-૨૦૧૭ના ૧૫.૩૦ કલાક સુધી પોલીસ કસ્ટડીમાં રીમાન્ડ મળેલ છે. ગુનાની તપાસ શ્રી પી.આર.ગેહલોત, મદદનીશ નિયામક, એ.સી.બી.વડોદરા એકમ, વડોદરાએ હાથ ધરેલ છે. હાલ તપાસ ચાલુ છે.

(૪) લેવા ધારેલા પગલાં:-

- સુમનદીપ વિદ્યાપીઠ, વાઘોડિયા કે જે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન એકટ,૧૯૫૬ની કલમ-૩ હેઠળ સ્થપાયેલ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી છે.
- સુમનદીપ વિદ્યાપીઠ કે જેના પ્રોફેશનલ મેડીકલ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા, ફી નિર્ધારણ અને પરીક્ષા તેઓ દ્વારા જાતે જ યોજવામાં આવે છે.
- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા રાજયમાં આવેલ તમામ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીઓએ સ્નાતક કક્ષાના પ્રોફેશનલ મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા માટે રાજય સરકાર દ્વારા કરવામાં આવતા કોમન કાઉન્સેલીંગ પ્રક્રિયામાં જોડાવા અંગે જાણ કરેલ છે. નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા કન્ટેમ્પ્ટ પીટીશન (સી) નં.૫૮૪ ઓફ ૨૦૧૬ ઇન સીવીલ અપીલ નં.(એસ) ૪૦૬૦ ઓફ ૨૦૦૯ અન્વયે આપેલ નિર્દેશાનુસાર અને તદઉપરાંત ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અનુસાર રાજયમાં આવેલ ડી ટુ બી યુનિવર્સિટીઓએ અનુસ્નાતકના પ્રોફેશનલ મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા માટે પણ રાજય સરકાર દ્વારા કરવામાં આવતા કોમન કાઉન્સેલીંગની પ્રક્રિયામાં જોડાવાનું રહેશે.
- રાજય સરકાર દ્વારા પ્રોફેશનલ મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા માટે સુમનદીપ વિદ્યાપીઠના પ્રોફેશનલ મેડીકલ વિદ્યાશાખાના તમામ પ્રવેશ રાજય સરકાર દ્વારા કરવામાં આવતા કોમન કાઉન્સેલીંગ પ્રક્રિયા મારફતે કરવાનું સક્રિય વિચારણા હેઠળ છે.
- આ સંજોગોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા જરૂર જણાયે ભારત સરકાર સાથે પરામર્શ કરી સુમનદીપ વિદ્યાપીઠના શિક્ષણ અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશનાં તમામ રાજયોમાં ગુજરાત શિક્ષણના વ્યાપારીકરણનું હબ બની ગયું છે. આજે ગુજરાતના શિક્ષિણ બેરોજગાર યુવાનોની અંદર એક હતાશા અને અજંપો વ્યાપી રહ્યો છે. એક બાજુ

૭૫ ટકા ગરીબ માણસ કે પછાત વર્ગનો વિદ્યાર્થી હોય અને ૭૫ ટકા લઇ આવે તેને મેડિકલમાં એડમિશન જોઇતું હોય તો મળતું નથી. અને બીજી બાજુ આર્થિક રીતે સુખી સંપન્ન લોકો હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપણે ૧૧૬ની પરંપરા બદલવી પડશે. માત્ર પ્રશ્નોને અવકાશ છે આમાં બીજો વિષય આવતો નથી. માત્ર તમારા પ્રશ્ન ઉપર આવી જાવ. પૂર્વ ભૂમિકા મૂકીને આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ ખાલી ૪૫ ટકામાં એડમિશન લે છે અને એટલા માટે સુમનદીપ વિદ્યાપીઠની અંદર મેડિકલમાં પ્રવેશ મેળવવા માટે જે પરિસ્થિતિ છે તેમાં હું આ સભાગૃહનું અને સરકારનું ધ્યાન દોરું છું કે, એમ.બી.બી.એસ.માં લેવો હોય તો ૧ કરોડ રૂપિયા, પોસ્ટ ગ્રેજયુએટ હોય તો ૨ કરોડ, ડી.એન.ડી.એસ.પી.માં એડમિશન લેવું હોય તો ૩ કરોડ, ડેન્ટલ એડમિશનમાં ૫૦ લાખ, એમ.ડી.એસ.ડેન્ટલની અંદર ૧.૨૫ કરોડ, નર્સિંગ એડમિશનમાં ૧૦ લાખ, ફિઝિયોથેરાપીસ્ટના એડમિશનમાં ૨૦ લાખ, એમ.બી.એ.કોલેજમાં ૨૦ લાખ ઉપર મુજબની ફી લેવાય છે તે ઉપરાંત પાસ થવા માટેની અલગ, હાજરી ઓછી હોય તો તેના માટેની અલગ ફી લેવામાં આવે છે. આવા કરોડો રૂપિયા ઉઘરાવીને આ સુમનદીપ વિદ્યાપીઠની અંદર ડોકટરો તૈયાર કરવામાં આવે છે ત્યારે સરકારને મારે પૂછવું છે કે, સૌ પ્રથમ આ જસ્મીનાબેન જે અરજદાર છે જેમણે એ.સી.બી.માં ફરિયાદ કરી છે તેમને ખૂબ ખૂબ હ્રદયપૂર્વકની શુભકામનાઓ અને શુભેચ્છાઓ પાઠવું છું કે તેના કારણે એમણે હિંમત કરી ફરિયાદ કરવાની અને આખે આખું આ પ્રકરણ બહાર આવ્યું છે. તો પહેલો સવાલ સરકારને મારો એ છે કે, અરજદાર જસ્મીનાબેન પહેલાં આ યુનિવર્સિટીની અંદર આ પ્રકારનો ભ્રષ્ટાચાર થાય છે એવી રાજય સરકારને કેટલી ફરિયાદો મળી? અને ફરિયાદો મળી હોય તો રાજય સરકારે તેમાં શું પગલાંઓ લીધાં ?

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે અહીંયા માનનીય નાણામંત્રીશ્રીએ, નાયબ મુખ્યમંત્રીશ્રીએ એક વાત કરી કે કોંગ્રેસની યુ.પી.એ.સરકારે આ યુનિવર્સિટીની મંજૂરી..

અધ્યક્ષશ્રી : આપ વિષયાંતર ના કરો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ ડીમ્ડ યુનિવર્સિટીને મંજૂરી આપતાં પહેલાં ગુજરાત સરકારનું એન.ઓ.સી. લેવામાં આવેલ હતું કે કેમ ?

અધ્યક્ષશ્રી : કયારેય ના લેવાય, આ કયારેય લેવામાં ના આવે તે આપના ધ્યાનમાં હોવું જોઇએ. આ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને સીધી કેન્દ્ર સરકારે મંજૂર કરવાની છે એમાં રાજય સરકાર આવતી નથી એ તમારી સમજણ ના હોય તો એના માટે આખા ગૃહનો સમય ના બગાડાય પ્લીઝ આપ મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ જાણવાનો મારો અધિકાર છે અને બીજો મુદ્દો મારો એ છે કે,

અધ્યક્ષશ્રી : મારું એટલુ જ કહેવાનું છે કે આપ ગૃહનો સમય ખોટો બગાડી રહ્યાં છો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જણાવ્યું છે કે, ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અનુસાર રાજયમાં આવેલ ડીમ્ડ ટુ યુનિવર્સિટીના અનુસ્નાતક પ્રોફેશનલ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા માટે રાજય દ્વારા કરવામાં આવતાં કોમન કાઉન્સેલિંગની પ્રક્રિયામાં જોડાવાનું રહેશે. આ સૂચના ભારત સરકારે કયારે આપી ? આ યુનિવર્સિટી રાજય કાઉન્સેલિંગમાં જોડાવા માટે કયારે એમણે અરજી કરી, કે રજૂઆત કરી ? અને એ પ્રસંગે અત્યાર સુધીમાં રાજય સરકારે કાઉન્સેલિંગમાં જોડાવા માટે કયા કયા પ્રકારની શું કાર્યવાહી કરવામાં આવી છે ?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ કહેવાય તેવો એક મુદ્દો છે અને ગુજરાતના વિદ્યાર્થીઓના હિતનો મુદ્દો છે એટલે હું નથી ઇચ્છતો કે એને કોઇ પોલિટીકલી રીતે કહેવાય, પરંતુ આ વિધાનસભા ગૃહ વિદ્યાર્થીઓની સાથે છે એ પ્રતિપાદિત કરવા માટેનો આ સમય છે. માનનીય પૂંજાભાઇએ જનરલ એક વાત કરી કે ગુજરાતમાં બધા વિદ્યાર્થીઓ માટે આવી ફી લેવાય છે, ખરેખર એ પ્રમાણેનો વિષય નથી, એના પરિપ્રેક્ષમાં કહું તો એમ.જી.આર.એસ. જે મેડિકલ કોલેજ છે એમાં માત્ર ૩ લાખ રૂપિયા ફી છે, કરમસદમાં ૬.૩૮ લાખ રૂપિયા ફી છે, અદાણી છે એમાં ૩.૯૦ લાખ રૂપિયા, એન.એચ.એલ. છે એમાં ૪.૩૦ લાખ રૂપિયા ફી છે, આ એકમાત્ર એવી કોલેજ છે કે જે કોલેજે કાયદાનો સહારો લઇને લોકોને–વિદ્યાર્થીઓને લુંટવા માટેનો જે પ્રયત્ન કર્યો છે એ બાબતમાં હું સંમત થાઉં છું. કઇ રીતે આ લોકો લુંટતા હોય છે અને કઇ રીતે આ કાયદાનો સહારો લેતા હોય છે એ આનાથી બીજું કોઇ ઉદાહરણ ના હોઇ શકે. યુ.જી.સી.ના જે નિયમો હતા તેમાં ૧૫ વરસ જેટલો સમય જે સંસ્થાએ કામ કરેલું હોય એ જ ડિમ્ડ યુનિવર્સિટી માટે એપ્લાય કરી શકે. આ કોલેજને તે વખતે પંદર વરસ થયેલા નહોતા, યુ.જી.સી. અને અહીંનો કેવો વ્યવહાર હોય છે એ પણ જોવા જેવું છે. યુ.જી.સી. ત્યાંથી રાજ્ય સરકારને પત્ર લખે પણ અહીંયા પહોંચે નહિ, એક વખત બે વખત સ્મૃતિપત્ર પણ લખે, પત્ર ત્યાંને ત્યાં રાખે પહોંચાડે નહિ, પછી ત્યાંથી માન્યતા એને આપી દે, ત્યારે લખે કે રાજ્ય સરકારે કોઇ જવાબ નથી આપ્યો એન.ઓ.સી. કે બાકી કોઇ પ્રશ્ન રહેતો નથી. પંદર વરસથી ત્યાં આગળ અભ્યાસ ન હોવાના કારણે યુ.જી.સી. ના નોર્મ્સ પ્રમાણે આને ડિમ્ડ યુનિવર્સિટીની માન્યતા ન આપી શકાય એટલા માટે કાયદાની એક કલમ એવી છે કે, જે રિસર્ચ કામ કરતી ઇન્સ્ટિટ્યુટ હોય જેણે કોઇ બાબતની અંદર સ્પેશ્યાલિટી કરી હોય, દેશમાં ઇસરો ટાઇપની ઇન્સ્ટીટ્યુટ હોય અથવા પેટ્રોલિયમ કે જેમણે વિશેષ રિસર્ચ કરવું હોય એવી સંસ્થા માટે એક વિશેષ દરજ્જો બંધારણની અંદર આપવામાં આવેલો છે જેમાં ડિનોવા કેટેગરી કરીને આવે છે. જેને ડિમ્ડ ડિનોવા કેટેગરી કહે છે કે જેમાં સ્પેશ્યલ રિસર્ચ હોય. તો આ સ્પેશ્યલ રિસર્ચનો જે દરજ્જો આપે એમાં એ વખતે યુ.જી.સી.એ આ સંસ્થાને માન્યતા આપી અને એ માન્યતા અંતર્ગત શું શું અધિકાર એણે આપ્યા? પ્રવેશ આપવાની સંપૂર્ણ સત્તા એને આપી, ફી નક્કી

કરવા માટેની સત્તા પણ એને આપી, નવા કોર્સ શરૂ કરવા માટેની પણ સંપૂર્ણ સ્વતંત્રતા, ફેકલ્ટી, શૈક્ષણિક સ્ટાફ નક્કી કરવા માટેની સંપૂર્ણ સત્તા, સિલેબસ નક્કી કરવા માટેની સત્તા, વિદ્યાર્થીઓની હાજરી મોનીટરીંગ કરવા માટેની સત્તા. પરીક્ષા લેવાની અને પરિણામ જાહેર કરવાની સત્તા. ડીગ્રી એનાયત કરવાની સત્તા અને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં પોતાના સભ્યો સમાવી શકાય તે માટેની સત્તા પણ આપી અને ઓટોનોમસ સ્ટેટ્સ મળે તે પ્રમાણે આ ડિનોવા કેટેગરીનો લાભ ૨૦૦૭માં આપ્યો. મને એમ હતું કે મારે પોલિટીકલી પેલા વિષયમાં નહોતું કહેવું પરંતુ એ વખતની જે સરકાર હતી એણે જો આ પ્રમાણેનો નિર્ણય ના કર્યો હોત તો હું માનું છું કે ગુજરાતના વિદ્યાર્થીઓના લાખ્ખો રૂપિયા લુંટાઇ ગયા તે લુંટાઇ શકત નહિ. ત્યારે કોની સરકાર હતી, કોની લાગવગથી, કોના આધારે ત્યાં આગળથી મળ્યું, એ મારે કંઇ કહેવાની જરૂર નથી. આખું ગુજરાત જાણે છે કે ૨૦૦૭ની સાલમાં કેન્દ્રમાં કઇ સરકાર હતી. પરંતુ આટલેથી વાત અટકતી નથી, ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની આ સરકારે, આ વિધાનસભાએ જેવું ૨૦૦૭ના જાન્યુઆરી માસમાં આ સંસ્થાને સ્પેશ્યલ દરજ્જા સાથેની આ પ્રમાણેની યુનિવર્સિટી આપી એટલે ગુજરાત સરકારને ચિંતા થઇ અને આ વિધાનસભામાં ફી નિર્ધારણ કરવા માટેનો એક કાયદો લાવ્યા. ૨૦૦૭નું વિધેયક ક્રમાંક–૧૬, જેમાં ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓને પ્રવેશ નિયમન ફી નિર્ધારણ બિલ. જે બિલની કલમ–૨ના ખંડ(થ)માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૮૫૬ની કલમ–૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી હોય તેવી યુનિવર્સિટીને પણ આ જોગવાઇ લાગુ કરીને, એટલે કે ડિમ્ડ યુનિવર્સિટી ગુજરાતની અંદર હોય તો તેણે પણ ગુજરાતની અંદર જે ફી નક્કી થાય તેના પરિપ્રેક્ષ્યની અંદર જ ફી લેવી પડે અને તે માટેનું બિલ ગુજરાત વિધાનસભામાં પાસ કર્યુ છે. એટલે જાન્યુઆરીની અંદર એને દરજ્જો અપાયો, માર્ચ મહિનામાં બિલ આવે અને બિલની અંદર આ વિધાનસભાએ પાસ કરીને મૂકયું પરંતુ સન્માનનીય રાજ્યપાલશ્રીએ એ વખતે કોણે નિમણૂક કર્યા હતા એ બાબતમાં મારે જાણવું નથી. કોની સૂચનાથી નિર્ણય કર્યો હશે એમાં મારે જવું નથી પરંતુ એ વખતે બિલની અંદર કલમ – (૨)ના ખંડ (૬)માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ–૧૮૫૬ની કલમ (૩) હેઠળ ‘ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ હોય તેવી યુનિવર્સિટી સહિતની’ એવા શબ્દો હતા તેને બદલે ‘રાજ્ય વિધાન મંડળે કરેલ હોય’ એવા શબ્દો મૂકવા એટલે ગુજરાત સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓને ફી ઓછી આપવી પડે એના માટે ડિમ્ડ યુનિવર્સિટીની મંજૂરી તો એ વખતની સરકારે કેન્દ્રમાંથી યુ.જી.સી.એ આપી. પરંતુ અહિયા એને પ્રોટેક્ટ કરવા માટે ફરી એ જ પ્રશ્ન ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં આ સરકારે કર્યો એ વિધાનસભાએ પાસ કર્યો પણ ત્યાંથી પણ સફળતા મળી નહિ. આટલુ થયા પછી વર્ષો ચાલ્યા ગયા વિદ્યાર્થીઓના પૈસા લૂંટાતા જ ગયા. આ સરકારે હમણા કેન્દ્રની અંદર તાજેતરની અંદર જ ભારત સરકારે એક નિર્ણય કર્યો કે હવે યુ.જી.સી.એ પત્ર લખીને મોકલ્યો કે આટલા વર્ષો સુધી જે થયું તે પણ હવે ડિમ્ડ યુનિવર્સિટીએ પણ રાજ્ય સરકાર જે ફી નિર્ધારણ કરે એમાં કોમન કાઉન્સિલિંગના આધાર પર જ એડમિશન અપાશે અને ડિમ્ડ યુનિવર્સિટી હોય તો પણ જે તે રાજ્ય સરકાર નક્કી કરે એ જ પ્રમાણે ફી અને એડમિશનની પ્રક્રિયા N E E T ના આધાર ઉપર કોમન કાઉન્સિલિંગ કરી વિદ્યાર્થીઓ લઇ શકાશે. એટલે હવે લૂંટવા માટેની જે પ્રક્રિયા હતી એને બંધ કરવા માટે ભારત સરકાર, નરેન્દ્રભાઇના નેતૃત્વવાળી સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓ ન લૂંટાય એ માટે નિર્ણય કર્યો છે. એનો અમલ કરવા માટેની પ્રક્રિયા પણ રાજ્ય સરકારે હાથ ઉપર લીધી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ નથી આવ્યો.

અધ્યક્ષશ્રી : જવાબ જેવું કશું છે જ નહિ અને અપાય એવું પણ નથી.

શ્રી <#M/મહેન્દ્રસિંહ ક. બારૈયા/M#>(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની શિક્ષણના વેપારીકરણની નીતિના કારણે આ રાજ્યના યુવાનો લૂંટાઇ રહ્યા છે. જ્યારે રાજ્યમાં શિક્ષણની ઊંચી ફી લઇ અને યુવાનોને લૂંટવામાં આવતા હોય ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને યાદ કરાવવું છે કે, ૨૦૦૩માં આ વિદ્યાપીઠ પહેલા મેડીકલ કોલેજની મંજૂરી જે તે વખતે વાજપાઇ સરકારમાં અને જે તે વખતે નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે આપવામાં આવી હતી. ત્યારબાદ આ વિદ્યાપીઠ બની.

અધ્યક્ષશ્રી : તમારી પાસે પુરાવા છે. તમારે પુરાવા રજૂ કરવા પડશે. ખાલી વાતો કરવાથી કાંઇ ન થાય. એ તારીખો અપાઇ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પુરાવા આપીશ. પારૂલ યુનિવર્સિટીને મંજૂરી મળી. આજે ગૃહમાંથી એનું બિલ પાસ થયું. પારૂલ યુનિવર્સિટીના ડૉ.જયેશ પટેલ સાથેના ફોટા પણ આપે મીડિયામાં જોયા.

અધ્યક્ષશ્રી : એ કૉંગ્રેસના ધારાસભ્ય હતા. એવા માણસની ક્યાં ચર્ચા કરો છો? એ તમારા હતા પછી અહિયા આવી ગયા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જયેશભાઇની જે વાત કરે છે એ તો કૉંગ્રેસના ઉમેદવાર હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ધારાસભ્ય તમારા હતા અને પછી ભાજપના ઉમેદવાર થયા. (અંતરાય) આ યુનિવર્સિટી અને પારૂલને શું લેવા દેવા છે? માનનીય મહેન્દ્રસિંહ બોલ્યા, માનનીય મહેન્દ્રસિંહ પ્રશ્ન ઉપર આવી જાઓને, પ્લીઝ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : સાહેબ, રાજ્યપાલની નિમણૂક કોણ કરે, કઇ રીતે થાય એ બધુ આવે સાહેબ, તો અમારે.

અધ્યક્ષશ્રી : તો ફરીથી મારે માનનીય ગૃહને વિનંતી સાથે કહેવું છે કે, આ પ્રમાણેની પ્રક્રિયા ચાલશે તો એક પણ તાકીદની જાહેર અગત્યની બાબત નિયમ–૧૧૬ નીચેની દાખલ કરવામાં નહીં આવે , જેવો પ્રશ્નોત્તરીનો પ્રશ્ન છે એ જ પ્રમાણે જ

નિયમોમાં બે પ્રશ્નો પૂછવામાં આવે છે અને આ પ્રમાણે ચાલશે જે જે ઉદારતાથી રોજ એક ૧૧૬ દાખલ હું કરું છું, તો હવે મારે એના માટે પણ વિચાર કરવો પડશે. આ પોલિટિકલ પ્લેગ્રાઉન્ડ નથી. ગુજરાતના વિદ્યાર્થીઓના હિત માટેની વાત ચાલે, આ પક્ષ કે પેલો પક્ષ બન્નેને વાત કરું છું. ગુજરાતના વિદ્યાર્થીઓના હિત માટે માત્ર ચર્ચા થાય. માનનીય મહેન્દ્રસિંહ, આપ પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના વિદ્યાર્થીઓના હિત માટે વાત કરું તો અત્યારે હાલ જે કોઇ મેડીકલ કોલેજો આ ગુજરાત રાજયમાં ચાલે છે. સાહેબ, માનનીય પુંજાભાઇએ જે આંકડા આપ્યા છે એ સાચા જ છે. અત્યારે હાલ પણ બેફામ ફી ઉઘરાવવામાં આવે છે. અત્યારે હાલ જે કોઇ મેડીકલ કોલેજો હોય એ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના નામે પહેલાં એડવાન્સ પૈસા લઇ લે છે અને એડવાન્સ પૈસા લઇ લીધા પછી આ લોકો એડમીશન કોઇ કારણસર વિદ્યાર્થી રદ કરાવવા માગતો હોય તો આવા વિદ્યાર્થીઓને પૈસા પણ પરત આપતા નથી.

અધ્યક્ષશ્રી : તમારા મત વિસ્તારમાં લેવાય છે આવા પૈસા?

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હા, સાહેબ. આવી રજૂઆતો ઘણા બધા વિદ્યાર્થીઓની અમને મળેલી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, આ જે બેફામ ફી કોલેજો દ્વારા ઉઘરાવવામાં આવે છે એના ઉપર આપણા આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા અને ગૃહ વિભાગ દ્વારા કોઇ તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી બેસ્ટ ઉદાહરણ એ હોઇ શકે કે, હોમ ડિપાર્ટમેન્ટ માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી જેના મંત્રી છે, માનનીય પ્રદિપસિંહજી રાજય કક્ષાના મંત્રી તરીકે જોઇ રહ્યા છે. એસીબીનો કેસ અને એક પણ વિદ્યાર્થીને કદાચ કાયદાએ એ વખત છટકબારી આપી હશે, પરંતુ છટકબારીનો લાભ લઇને વિદ્યાર્થીનું હિત જાળવવા માટે સ્પેશિયલ એસીબીની રેડ કરીને વિદ્યાર્થીને બચાવવા માટેનું આનાથી બીજું ઉદાહરણ ના હોઇ શકે. નંબર-૨, માનનીય સભ્યશ્રીએ જયાં સુધી વાત કરી ત્યાં સુધી હમણાં આમાં જે છટકબારીઓ હતી એને ઠીક કરવાની પણ શરૂઆત કરી છે. ડેન્ટલની મેડીકલની જે પ્રવેશ પ્રક્રિયા હતી તેની અંદર બે ત્રણ જગ્યાએથી એના રસ્તાઓ હતા. એક તો પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન ન થવા દેતા અને બીજી પ્રક્રિયા એ હતી કે, ફોર્મ લેવાના હોય એને પણ ફોર્મ આપવા કે ન આપવા એના આધાર ઉપર આવું કરતા. આ માનનીય વિજયભાઇ રૂપાણીની ભારતીય જનતા પાર્ટીની સરકારે નિર્ણય કર્યો અને માનનીય અધ્યક્ષશ્રી, તમામ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાથી કરી, ફોર્મથી કરી મેનેજમેન્ટ ક્વોટા સહિતની ઓનલાઇન ફોર્મ ભરવાની અને ભરતી માટેની પ્રક્રિયા કરી, જેને કારણે જે લૂંટ માટેની વાત જે સભ્યશ્રી કરતા હતા એ વર્ષો પહેલાંની ભૂતકાળની વાત હશે. બીજી વાત, ગુજરાતના જ વિદ્યાર્થીઓને પ્રવેશ મળે એટલા માટે બારમું ધોરણ ગુજરાતની અંદર જ જેણે કરેલું હોય એટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેનો નિર્ણય તાજેતરમાં રાજય સરકારે કર્યો. રાજય સરકારે ફી માટે પણ એક ફી કમિટી બનાવી એ ફી કમિટીથી વધારેના કોઇ પૈસા ન લઇ શકે તે માટેના પણ માપદંડો કર્યા અને અને આ એક માત્ર દૂષણ કહી શકાય તેવી આ કોલેજ ગુજરાતની અંદર જે હતી તેને કાયદાના દાયરામાં લાવવા માટેનું ભારત સરકારે પણ સતત ચિંતા કરીને કર્યું છે. બીજું, જેણે પણ ખોટું કર્યું એ વાઘોડીયા હોય કે પારૂલ હોય એ જેલના હવાલાની અંદર પડ્યા છે, ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કોઇને પણ ચલાવી લેવા માગતી નથી.

પ્રો. હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગૃહની અંદર ભૂતકાળની સરકારોએ મંજૂરી આપી માટે આવું થયું, તો આ સરકાર ઘણી ડીમ્ડ યુનિવર્સિટીઓને મંજૂરી આપી એટલે એમાં કોઇ આવી પ્રક્રિયા લૂંટની નથી થતી, એ વાત આ ગૃહમાં કરવી એ તદ્દન ખોટી છે.

અધ્યક્ષશ્રી : કોને મંજૂરી આપી? ગુજરાતમાં કઇ યુનિવર્સિટીને ડીમ્ડ યુનિવર્સિટી માટેની મંજૂરી આપી?

પ્રો. હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પારૂલને આપી. ગયા વર્ષે આપી અને આવી બીજી કેટલીય આપી સાહેબ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે તો પ્રોફેસર છો,(અંતરાય) તમને ખબર નથી. તમે નામ બોલો.

પ્રો. હીરાભાઇ હ. પટેલ : સામાન્ય રીતે એમ.સી.આઇ.ના નિયમો પ્રમાણે મેડીકલમાં પ્રવેશ મેળવવા માટે ૧૨ સાયન્સ બી ગૃપમાં ૫૦ ટકા માર્કસ ઓછામાં ઓછા હોવા જોઇએ. તો આ સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટીમાં ૫૦ ટકા કરતા કેટલા ઓછા માર્કસવાળા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે તેની સરકારશ્રી દ્વારા તપાસ કરાવવા માગે છે કે કેમ? આ ગૃહના કેટલાક સન્માનનીય સભ્યશ્રીઓના બાળકો પણ આ યુનિવર્સિટીમાં મેડીકલ સાયન્સમાં અભ્યાસ કરી રહ્યા છે. મારો બીજો પ્રશ્ન એ છે કે સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટી વાઘોડીયાને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એકટ ૧૯૫૬ની કલમ-૩ હેઠળ સ્થાપાયેલ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવેલ હોવાથી જેના પ્રોફેશનલ મેડીકલ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા, ફી નિર્ધારણ અને પરીક્ષા તેઓ દ્વારા જાતે જ યોજવામાં આવે છે. એનો અર્થ એ થયો કે ફાવે તેમ એ વર્તી શકે છે. તો એના ઉપર નિયંત્રણ મૂકવા માટે રાજય સરકારને અધિકાર છે કે કેમ, જો હા તો એના ઉપર નિયંત્રણ મૂકવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય સભ્યશ્રી તો પ્રોફેસર છે એમને ખબર હોવી જોઇએ કે ગુજરાતમાં ડીમ્ડ-ટુ બી યુનિર્વસિટી માત્ર ગુજરાત વિદ્યાપીઠ અને આ સુમનદીપ વિદ્યાપીઠને જ આપેલો છે બાકીનાને મંજૂરી ગુજરાત સરકાર આપે છે. ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી આપવાનો અધિકાર ફકતને ફકત યુજીસીને જ છે એનો અધિકાર રાજય સરકાર કે આ વિધાનસભાગૃહને છે જ નહિ. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી એ સાથે સહમત છું કે સુમનદીપ વિદ્યાપીઠને વિશેષ અધિકારો આપી દીધા

એના કારણે કેટલાય ઓછા ટકાવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો અને એના કારણે અત્યાર સુધી લૂંટ ચલાવી પરંતુ હવે જે પ્રમાણે યુજીસીએ અને ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે નિર્ણય કર્યો છે એ પ્રમાણે આવનાર સમયમાં આવી લૂંટને મોટી બ્રેક આવશે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ સુમનદીપ વિદ્યાપીઠ યુનિર્વસિટી દ્વારા ગુજરાતના જે મેડીકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી રાજ્ય સરકાર નિર્ધારણ કરશે. આજે ઘણા બધા વિદ્યાર્થીઓ છે કે જેની પાસેથી નિર્ધારીત ફી ઉપર પણ ડોનેશન લેવામાં આવે છે. સુમનદીપ  હોય કે પછી પારુલ યુનિર્વસિટી હોય આપણે જયારે ગુજરાતની છ કરોડની જનતાના આરોગ્યની ચિંતા કરીએ છીએ ત્યારે આવી યુનિર્વિસિટીઓમાંથી આવા ડોકટરો પેદા થાય અને આ વિદ્યાર્થીઓને પાસ કરવા માટે ૨૦-૨૦ લાખની લાંચ લેવામાં આવે, આ તો કેટલાયે સમયથી ચાલતું હશે. આક્ષેપ કે પ્રતિ આક્ષેપ કર્યા સિવાય ગંભીર રીતે આરોગ્યની ચિંતા કરીએ અને ફરીથી આવું ન બને, સરસ્વતિના મંદિરો કલંકિત બને એ સારું નથી. આવી યુનિવર્સિટીમાંથી કેટલાય ડોકટરો પેદા થશે, કારણ કે એ જાતે પરીક્ષા લે એ બંધ કરાવવા માટે ચોક્કસ પ્રક્રિયા કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે આ ઘણા સમયથી ચાલતું હશે. સન ૨૦૦૭ થી લૂટ ચાલતી હશે પરંતુ હવે અમે એ ચલાવવા દેવા માગતા નથી.  એના માટે જુદા જુદા પગલાં લેવાની વાત કરી. વિધાનસભા પાસે સૌથી મોટુ શસ્ત્ર કાયદો બનાવવાનું છે અમે ફી નિર્ધારણ માટે કાયદો બનાવ્યો એ કાયદાના અમલીકરણ માટેની મંજૂરી ત્યાંથી ન મળી. પહેલા ભારત સરકાર અને યુજીસીમાંથી એને પ્રોટેકટ કરવામાં આવતું હતું હવે ઇનડાયરેક પ્રોટેકશન બંધ થઇ રહ્યું છે ત્યારે આવતા દિવસોમાં વિદ્યાર્થીઓના હિતમાં જે કંઇ નિર્ણયો કરવા હશે એ નિર્ણયો રાજય સરકાર કરી શકશે. અને વિદ્યાર્થીઓના હિતમાં કોઇને પણ છોડવા માગતા નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપનું થોડું ધ્યાન દોરીશ કે ગુજરાતના મેડિકલના વિદ્યાર્થીઓની ગુજરાત સિવાય બહાર કર્ણાટક અને એ બાજુ લૂંટ ચાલતી હતી. એ સ્વાભાવિક છે કે આવી કોઇ યુનિવર્સિટી- સ્પેશ્યલી મેડિકલ. કોની ભલામણ હતી અને શું હતું એમાં હું પડવા માગતો નથી. રાજકોટ હોય કે મહેસાણા હોય. મિત્રો બધા પરિચિત હોય છે કે આવી યુનિવર્સિટી બને એ સારી વાત છે. બહાર લૂંટાય છે, અહીં લૂંટાવા માંડ્યા. આ તો જયારથી બન્યું ત્યારથી મેડિકલ અને એન્જિનિયરીંગમાં તો  બે નંબરમાં વર્ષોથી ડોનેશન લેવાય છે. આને એવો કંન્ટ્રોલ કરવો જોઇએ કે આ યુનિવર્સિટી હોય કે બીજી યુનિવર્સિટી હોય તેનું સુપરવિઝન ટાઇટ હોય. આજે તો હમણાં હાથમાં આવ્યું. ૨૦ વર્ષથી આપણે બેઠાં છીએ. ત્રણ વર્ષથી ત્યાં બેઠાં છીએ. આ પોલિટીકલ ઇસ્યુ છે જ નહીં. ગુજરાતના મેડિકલના વિદ્યાર્થીઓ ગુજરાત સિવાય બહાર ભણતા હતા. હેવી ડોનેશન આપીને. એ કર્ણાટક હોય કે અન્ય રાજયમાંથી કેટલાય ડોકટરો અહીં આવ્યા હશે. એટલે એક સારી મેડિકલ સંસ્થા ગુજરાતમાં બને તે અમે પણ ઇચ્છીએ અને એ વખતે અમે પણ સમર્થન આપેલું કે આવી યુનિવર્સિટી હોવી જોઇએ. એનો કન્ટ્રોલ જે હોવો જોઇએ. દિલ્હીનો હોય કે ગુજરાતનો. એવો કન્ટ્રોલ હોય કે જેથી મેરીટ્સ મરી ન જાય, ખોટું ડોનેશન હોય તેનાથી લોકોના ઘર ન ભરાય એ કન્ટ્રોલ સ્ટેટ ગવર્નમેન્ટ કે સેન્ટ્રલ ગવર્નમેન્ટ, આ કે પેલી, તેણે ઘ્યાન રાખવું જોઇએ. ગુજરાત મેડિકલ બાબતમાં ઘણાં વર્ષોથી વીક છે. નવા નવા ઇન્સ્ટીટ્યૂટ બહુ ઓછા થયા છે. આવું કંઇક થાય તો તેમાં અમે પણ સમર્થન આપીએ. તમારી માહિતી માટે, બી.જે.પી.ના મિત્રોનો આગ્રહ હતો કે આમાં અમને સમર્થન આપો. તેના માટે એવું નહીં કે આવી રીતે લૂંટવાના. પોસ્ટ ગ્રેજયુએશનમાં કરોડ-બે કરોડ રૂપિયા. એ ડોક્ટરો પછી દર્દીઓના ખિસ્સા કાપે. બહુ સ્વાભાવિક છે. એટલે કન્ટ્રોલ સ્ટેટનો જે હોય, આપણાં હાથમાં એ રાખીએ તો વધારે સારું, પાર્ટી આ હોય કે આ. આ એક પ્રોસેસ છે પ્રક્રિયા અને પ્રક્રિયા જે પ્રોસેસ હોય તેમાં સમર્થન ખોટું હોય તો ન કરાય, સારું હોય તો અહીં કે ત્યાં કરવું જોઇએ એટલું આપનું ધ્યાન દોરીશ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી છે ત્યારે એમની જે ચિંતા છે એ આ સરકારની પણ ચિંતા છે. પહેલાં વિદ્યાર્થીઓ આઉટ સ્ટેટમાં જઇને જે પ્રમાણે અહીંયા આ લૂંટે છે એ જ પ્રમાણે લૂંટવાની પ્રક્રિયા ચાલતી હતી. એ તો રાજય સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં જે સુધારો કર્યો. ૨૦૦૧માં ૯ મેડિકલ કોલેજો હતી અને ૧૧૨૫ સીટો હતી. અત્યારે ૨૦૧૬-૧૭માં ૨૨ મેડિકલ કોલેજો ચાલુ કરી અને ૩૫૩૦ જેટલી સીટો થઇ છે. એ બધાની અંદર ફીનું ધોરણ, એનું માળખું રાજય સરકારે નિયમન કર્યું છે. બીજી વાત, પી.જી.ની સીટોમાં જે પ્રમાણે સીટો ઓછી હતી તેના કારણે પણ કરોડોનું ડોનેશન બાકીના રાજયોમાં જાય. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જે વાત  કરે છે તેમાં હું સંમત છું કે બહાર જઇને પણ પૈસા આપીને વિદ્યાર્થીઓ ભણતાં. તાજેતરમાં ગયા અઠવાડિયામાં જે પાંચ મેડિકલ કોલેજોમાં પી.જી.ની ૮૨ સીટો હતી તેની સામે આ વખતે પી.જી.ની નવી ૭૬ સીટો આપી છે. તેના સિવાય પણ વધારાની નવી પી.જી.ની સીટો મંજૂર કરવા માટેની પ્રપોઝલ મૂકી છે એ પણ નજીકના દિવસમાં આવશે અને નવી મેડિકલ હેલ્થ પોલીસી અંતર્ગત રાજયમાં વધુ મેડિકલ કોલેજો થાય. માનનીય મુખ્યમંત્રીનું સ્વપ્ન છે કે ૫,૦૦૦ જેટલી એમ.બી.બી.એસ.ની સીટો બને એ માટે નવી મેડિકલ હેલ્થ પોલીસી પણ લાવ્યા છીએ. એન.આર.આઇ.ની અંદર સૌથી વધારે પૈસા લેવા માટે. એન.આર.આઇ. હોય નહીં, પણ એન.આર.આઇ.ના નામે એ લોકો પૈસા લૂંટતા તેમાં પણ રીયલ એન.આર.આઇ.ને જ એડમિશન મળે તેની પણ જોગવાઇ રાજય સરકારે આ વખતે કરી લીધી છે. એટલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની જે ચિંતા છે એની રાજય સરકારે પ્રક્રિયા હાથ ધરી લીધી છે.

અધ્યક્ષશ્રી : ફી નિયમન કમિટીના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયમૂર્તિ હોય છે. બાકીના ચાર સભ્યો તેના તજજ્ઞો હોય છે. એટલે જયારે હાઇકોર્ટના નિવૃત્ત જસ્ટીસ હોય ત્યારે તેમાં આવું બધું થવાની સંભાવના ઓછી હોય છે.

<#B /સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો/B #>

<#S B /ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ/S B #>

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા (પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

<#S B /ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ/S B #>

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

<#S B /ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમના સન ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વાર્ષિક અહેવાલો/S B #>

શ્રી રોહિતભાઇ પટેલ ( માનનીય રા.ક.ના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલો અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

<#S B /ગુજરાત ઠાકોર અનેકોળી વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ/S B #>

શ્રી આત્મારામ મ.પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

<#S B /ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ/S B #>

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( માનનીય રા.ક.ના પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

<#S B /ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો/S B #>

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા ( માનનીય રા.ક.ના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

<#S B /ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ/S B #>

શ્રી રોહિતભાઇ પટેલ ( માનનીય રા.ક.ના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

<#S B /નાણા વિભાગની અધિસૂચનાઓ/S B #>

શ્રી નીતિનભાઇ ર. પટેલ (માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગના સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની,

(૧) તા.૧૫–૧૦–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન–૫૯) વીએઆર–૨૦૧૬

(૪૦) /૬

(૨) તા. ૧૯–૧૨–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન–૭૨)વીએટી–૨૦૧૬– એસ. ૫(૨) (૫૨)–ઠ

(૩) તા. ૧૩–૦૧–૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન–૦૧)વીએટી–૨૦૧૭–એસ.૫(૨)(૫૩)–ઠ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

<#S B /શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચનાઓ/S B #>

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગના સન ૧૯૪૮ના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેની,

(૧) તા. ૨૬–૧૦–૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક : જીએચઆર–૨૦૧૫–૧૮૧–જીએસઇ –૧૯–૨૦૧૪–૩૮૬૬૪૯–એમ(૩)

(૨) તા. ૨૬–૧૦–૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક : જીએચઆર–૨૦૧૫–૧૮૨–જીએસઇ –૧૯–૨૦૧૪–૩૮૬૬૪૯–એમ(૩)

(૩) તા. ૨૮–૧૦–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : જીએચઆર–૨૦૧૬–૧૮૮–જીએસઇ –૧૯–૨૦૧૫–૬૭૧૦૧–એમ(૩)

તથા ઉકત ક્રમાંક (૧) અને (૨) પરની અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

<#S B /માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચનાઓ/S B #>

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (માનનીય રા.ક.ના માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગના સન ૧૯૭૭ના ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ અન્વયેની તા. ૦૯–૦૬–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : જીએચટી/૨૦૧૬/ ૧૫/એસએસએ–૧૦૨૦૧૬/૪૭/એ તથા આ અધિસૂચનાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચના અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

<#B /વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત/B #>

જાહેર હિસાબ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલનો પ્રસ્તાવ

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : (સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

<#S B / સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પ્રસ્તાવ/S B #>

શ્રી <#M/અરવિંદકુમાર ગાં. પટેલ (સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી)/M #> : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

<#B / માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) /B #>

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

માગણી ક્રમાંક–૬૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ( નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ. ૪૭૦૦ કરોડની માગણી ક્રમાંક–૬૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૬૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક ૪૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૩,૨૪, ૪૯,૫૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૬૫,૩૬,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૪૯ રજૂ કરુ છું.

માગણી ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક–૫૦

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૨,૦૨,૩૮,૮૪,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫,૧૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૫૦ રજૂ કરુ છું.

માગણી ક્રમાંક ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૭–૧૮**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **શુક્રવાર, તા.૧૦–૦૩–૨૦૧૭ (બીજો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં ૪૯** | | | | |
| ૧ | ૨૮૫૧ – ગ્રામ..... ઉદ્યોગો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૩,૦૮,૨૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૨૯ થી ૩૧ | ૧૦૦ | ગ્રામોદ્યોગને પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા ( જોઈતાભાઈ પટેલ) |
| ૨ | --- " --- | ૧૦૦ | ઈન્ડેક્ષ–બી દ્વારા વાયબ્રન્ટ સમીટોમાં કાર્યરત થયેલા ઉદ્યોગોની જરૂરી વિગતો વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (ગૌતમભાઈ ચૌહાણ) |
| ૩ | --- " --- | ૧૦૦ | બંધ થતા કુટીર ઉદ્યોગોને આર્થિક સહાય આપી પુન:ધમધમતા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (પૂનમભાઈ પરમાર) |
| ૪ | ૨૮૫૧ – ગ્રામ..... ઉદ્યોગો<br>૧૦૨ – લઘુઉદ્યોગો<br>રૂ. ૧૦,૦૫,૮૭,૧૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૩૪ થી ૩૮ | ૧૦૦ | લઘુ ઉદ્યોગો પાસેથી સાધનો / મટીરીયલ્સ સસ્તા ભાવે મળતા હોવા છતાં ચીન પાસેથી કરોડો રૂપિયાના ચાઈનીઝ સાધનોની ખરીદી બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર (માનસિંહ ચૌહાણ) |
| ૫ | --- " --- | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા વિદેશથી માલ મંગાવવાની નીતિ બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (ધીરૂભાઈ ભીલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ૨૮૫૧–ગ્રામ.........ઉદ્યોગ<br>૧૦૨ – લઘુ ઉદ્યોગો<br>૧૫–IND–૭ મીઠા ઉદ્યોગોનો વિકાસ<br>રૂ. ૩૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૩૭ | ૧૦૦ | મીઠા ઉદ્યોગોમાં કામ કરતા અગરીયાઓને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણ રાઠોડ (આનંદભાઈ ચૌધરી) |
| ૭ | ૨૮૫૨ –ઉદ્યોગ<br>૮૦ – સામાન્ય<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧–IND–૨ ઉદ્યોગ.....શાખા<br>રૂ. ૧૦,૬૩,૬૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૬૧ અને ૬૨ | ૧૦૦ | રાજયમાં નાના અને લઘુ મધ્યમ કક્ષાના બંધ થયેલ ઉદ્યોગોની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા (વજેસિંગભાઈ પણદા) |
| **માગણી નં ૫૦** | | | | |
| *૮ | ૨૮૫૩ – બિનલોહ.......ઉદ્યોગ<br>૦૨ – ખાણો........વિકાસ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૦૫,૬૦,૯૯,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૭૬ અને ૭૭ | ૧૦૦ | ફલાઈંગ સ્કવોર્ડ અને ખાણ ખનીજ વિભાગના અધિકારીઓની નિષ્ફળતાને કારણે મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ (ઈશ્વરભાઈ પટેલ) |
| ૯ | --- " --- | ૧૦૦ | ખાણ ખનીજનું ગેરકાદેસર રીતે ખનન કરતા લોકો પાસેથી દંડ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઈ ગોહેલ (મહેશકુમાર પટેલ) |
| ૧૦ | --- " --- | ૧૦૦ | ખાણ ખનીજની લીઝો અને નદીઓમાંથી થતી રેતીની ચોરી અટકાવવા નિયમિત તપાસ ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ (મહંમદ જાવીદ પીરઝાદા) |
| *૧૧ | --- " --- | ૧૦૦ | ફલાઈંગ સ્કવોર્ડની કામગીરી અસરકારક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ (મંગળભાઈ ગાવિત) |
| ૧૨ | --- " --- | ૧૦૦ | લેખિત ફરિયાદો કરવા છતાં પણ ખાણ ખનીજની ચોરીઓ અને ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશ ગરાસીયા (ઈન્દ્રનિલ રાજયગુરૂ) |
| ૧૩ | --- " --- | ૧૦૦ | પંચાયતોને ચૂકવવાની થતી ખનીજની રોયલ્ટીની રકમ ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (અમિત ચૌધરી) |
| ૧૪ | --- " --- | ૧૦૦ | પોરબંદર – બેડી અને ઓખા બંદરોથી નિકાસ કરવામાં આવતો બોકસાઈટનો જથ્થો જે ખાણોમાંથી કાઢવામાં આવે છે તેનું ચેકીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ (છનાભાઈ ચૌધરી) |
| ૧૫ | --- " --- | ૧૦૦ | ખાણોમાં થતા ખોદકામનું નિયમિત રોજકામ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બળદેવજી ઠાકોર) |
| *૧૬ | --- " --- | ૧૦૦ | વન વિભાગની મંજુરી લીધા વિના જ ખોદકામ કરતા લીઝ ધારકોને રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૧૭ | --- " --- | ૧૦૦ | ગાંધીનગરની ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા દરેક જીલ્લામાં ચેકીંગ કરાવી થતી ગેરરીતિઓ પકડવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ |
| * ૧૮ | --- " --- | ૧૦૦ | લીઝ મંજૂર કર્યા બાદ તે વિસ્તારની ફરતે તારની ફેન્સીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| * ૧૯ | --- " --- | ૧૦૦ | ભૂસ્તર વિજ્ઞાન ખનીજ આયુકત કચેરીની કામગીરી તટસ્થ અને અસરકારક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | --- " --- | ૧૦૦ | રેત ખનન અને ખાણોની ગેરરીતિને રોકવા માટેના અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશ ચાવડા |
| ૨૧ | --- " --- | ૧૦૦ | ખનીજ ચોરીઓ પકડાય તે જીલ્લાના જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી કા મીનીબા રાઠોડ |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં ૬૫** | | | | |
| ૨૨ | ૪૭૦૦– મોટી સિંચાઈ .......... જોગવાઈ<br>૩૧ – નર્મદા......જુથ એકમ–૧<br>૧૯૦– જાહેરક્ષેત્રના.....રોકાણ<br>રૂ. ૧,૩૯,૦૯,૯૧,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૩૮ | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત પાડોશી રાજ્યો પાસેથી લેવાની થતી બાકી રકમ સત્વરે વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત ( નિરંજન પટેલ, કાંતિભાઈ ખરાડી) |
| ૨૩ | ૪૭૦૦ – મોટી સિંચાઈ.........જોગવાઈ<br>૩૩ – નર્મદા.....જુથ એકમ ૪<br>૧૯૦ – જાહેરક્ષેત્રના .......... રોકાણ<br>રૂ. ૪૨,૩૨,૬૧,૫૩,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૪૨ | ૧૦૦ | નર્મદા કેનાલોને વારંવાર તૂટતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી કામીનીબા રાઠોડ (પ્રો.હીરાભાઈ પટેલ) |
| ૨૪ | --- " --- | ૧૦૦ | નાની કેનાલોના કામો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ (રમેશભાઈ ચાવડા) |
| * ૨૫ | --- " --- | ૧૦૦ | નાની કેનાલોની નિયમિત ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદભાઈ રીબડીયા (સી.કે.રાઉલજી) |
| ૨૬ | ૪૭૦૦ – મોટી સિંચાઈ........જોગવાઈ<br>૩૪–નર્મદા...... જુથ એકમ–૫<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૧૫,૮૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૪૩ અને ૧૪૪ | ૧૦૦ | નર્મદાની મુખ્ય કેનાલોમાં ભરાયેલ કાંપ અને કચરો નિયમિત રીતે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (ચંદ્રિકાબેન બારીયા) |
| ૨૭ | --- " --- | ૧૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ડેમ સાઈટ જોવા માટે અપાતા પાસમાં દર્શાવ્યા પ્રમાણેની વ્યવસ્થા મુલાકાતીઓને પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર (પરેશ ધાનાણી) |
| ૨૮ | ૪૭૦૦ – મોટી સિંચાઈ........જોગવાઈ<br>૩૪–નર્મદા...... જુથ એકમ–૫<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૧૫,૮૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૪૩ અને ૧૪૪ | ૧૦૦ | અમદાવાદ જીલ્લાના તમામ તાલુકાઓને સિંચાઈનું પાણી પૂરૂ પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઈ પટેલ ( બળદેવજી ઠાકોર, તેજશ્રીબેન પટેલ ,ડૉ.મિતેશ ગરાસીયા) |
| ૨૯ | --- " --- | ૧૦૦ | સુજલામ સુફલામ યોજનામાં થયેલ ગેરરીતિની તપાસ સત્વરે જાહેર કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (ગોવાભાઈ રબારી) |
| ૩૦ | --- " --- | ૧૦૦ | નર્મદા નદીમાં આવતા પૂરના પાણી સૌરાષ્ટ્ર–કચ્છને પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ (પ્રવિણ રાઠોડ) |
| ૩૧ | --- " --- | ૧૦૦ | વારંવાર તૂટતી નર્મદાની કેનાલોના કારણે ખેડૂતોને થતા પાક નુકશાન સામે તાત્કાલિક વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (મહેન્દ્રસિંહ બારૈયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ | --- " --- | ૧૦૦ | રાજયના ગ્રામ્ય વિસ્તારની જમીનોને સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (નટવરસિંહ ઠાકોર) |
| ૩૩ | --- " --- | ૧૦૦ | નર્મદા કેનાલમાંથી જરૂરીયાત સમયે સિંચાઈ માટેનું પૂરતું પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (બાબુભાઈ વાજા) |
| ૩૪ | --- " --- | ૧૦૦ | નર્મદા નદીનું પાણી ખેડૂતોને બદલે ઉદ્યોગોને પૂરું પાડતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા (ધારશીભાઈ ખાનપુરા) |
| ૩૫ | --- " --- | ૧૦૦ | નર્મદાનું પાણી પાઈપલાઈન દ્વારા સિંચાઈ માટે પહોંચાડવાની યોજનાને સફળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી (પ્રહલાદભાઈ પટેલ) |
| ૩૬ | --- " --- | ૧૦૦ | સૌની યોજના અંતર્ગત થયેલ નાણાનો ખર્ચ તથા તે અન્વયે થયેલ કામગીરીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર (પુનાભાઈ ગામીત) |

**ગુજરાત વિધાનસભા સચિવાલય** **ડી. એમ. પટેલ**
**ગાંધીનગર** **સચિવ**
**ગુજરાત વિધાનસભા**

* આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્ત બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી <#M/શૈલેષ મ. પરમાર/M#>(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે નર્મદા વિકાસ યોજનાની માગણી નં. ૬૫ અને ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી નં. ૪૯ અને ૫૦ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી ચાલી આવતી પ્રથા કે જ્યારે પણ નર્મદા યોજના અંગેની માગણીઓ કે ચર્ચા આ સભાગૃહમાં આવી ત્યારે છેલ્લા ૨૨ વર્ષથી કોંગ્રેસ પક્ષે હરહંમેશ નર્મદા માટેની માગણીઓમાં કે એની ચર્ચાઓમાં સત્તાધારી પક્ષને સમર્થન આપ્યું છે અને સમર્થન આપતો રહ્યો છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એવી યોજના છે કે જેનાથી ગુજરાતના છેવાડાના માનવી, કચ્છ સુધી સમગ્ર ગુજરાતને એનો લાભ મળી શકે એના માટેની યોજના છે. આ યોજના ૧૯૬૦માં ચાલુ થઇ અને આજે ૨૦૧૬ થયું. નર્મદાના નામ ઉપર રાજકારણ ના થવું જોઇએ પણ તેમ છતાં પણ દુઃખ સાથે કહેવું પડે છે કે નર્મદા માટે અમે આમ કર્યું, તમે આમ કર્યું હતું, અમે આ કર્યું અને અમે આ મૂકાવી દીધું એ જે ચર્ચાઓ છે એ હું પોતે વ્યક્તિગત માનું છું કે, નર્મદા પૂરતી ટીકા–ટિપ્પણ હોઇ શકે નહીં. ૧૭ દિવસમાં દરવાજા મૂકાઇ ગયા અને એનું આપણે ગૌરવ લઇએ છીએ. પણ આપણા દિલ ઉપર હાથ મૂકીને મનથી મંથન કરીએ તો ખ્યાલ આવે કે આટલા વખતથી પેન્ડીંગ ફાઇલ ૧૭ દિવસમાં કલીયર કેવી રીતે થઇ? દિલ ઉપર હાથ મૂકીએ તો ખ્યાલ આવે કે ના, એના દિલમાં શું છે અને પાછળ શું થયેલ છે? જે રીતે નર્મદા અંગે હું ચર્ચા કરવા આવ્યો છું ત્યારે આ રાજ્યને એનું પાણી મળી રહે એના માટે એની મુખ્ય નહેર, એની શાખા નહેરો, વિશાખા, પ્રશાખા અને પ્રપ્રશાખાઓના નિર્માણનું કામ જો પૂર્ણ થાય તો જ રાજ્યના છેવાડાના કચ્છ સુધી લોકોને પાણી મળી શકે. યોજનાઓ તો ઘણી બધી એના ભાગરૂપે આવી. નર્મદા પછી સુજલામ–સુફલામ આવી, સૌની યોજના આવી, આવી અનેક બીજી નાની મોટી યોજનાઓને જોડીને યોજનાઓ રાજ્યમાં ચાલી રહી છે. પણ રાજ્યનો મુખ્ય હેતુ ૨૨ – ૨૨ વર્ષ થી આ યોજના ચાલ્યા પછી, ૨૨ વર્ષ સરકાર બન્યા પછી કદાચ ડેમના દરવાજા નહિ મૂક્યા હોય અને એને રાષ્ટ્રીય કારણસર ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવાની વાત કરતા હોય તો નહેરો બનાવવા માટે તો કોઇ દરવાજા મૂકવાના ન હતા તો નહેરો માટેનું કામ કેમ પૂર્ણ ના થયું? એ સરકારને માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પૂછવા માગુ છું. મુખ્ય નહેરનું કામ પૂરું થયું. આજે પણ શાખા નહેરનું ૧૯૦ કિલોમીટરનું કામ બાકી છે, વિશાખા નહેરનું પણ ૪૬૬ કિલો મીટરનું કામ બાકી છે, પ્રશાખા નહેરનું ૩૪૨૦ કિલો મીટરનું કામ બાકી છે અને પ્રપશાખા નહેરનું ૨૨૫૭૭ કિલો મીટરનું કામ રાજ્યમાં આજની તારીખમાં પણ બાકી છે. એટલે એમ કહેવાય કે ટોટલી પાંચેય મુખ્ય નહેરોમાંથી મુખ્ય નહેરથી પ્રપશાખા નહેર સુધીમાં ૨૬૬૫૩ કિલો મીટરનું કામ આજે પણ રાજ્યમાં બાકી રહ્યું છે એ દુ:ખ સાથે કહેવું પડે કે રાજ્ય સરકારે આ કામ પૂર્ણ કેમ નથી કરતી એ સમજાતું નથી? કારણ કે, આ રાજ્યની ભારતીય જનતા પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં એમ કીધું હતું કે પાંચ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની અમારી આ સરકાર બનશે તો એ સરકાર નર્મદા યોજના હેઠળ સિંચાઇનો જે લાભ છે એ ૧૬ લાખ લોકોને મળી રહેશે. માનનીય અધ્યક્ષશ્રી,આજે એ દુ:ખ સાથે કહેવું પડે કે આમ તો આ યોજનામાં ૧૮.૪૨ સમથીંગ સિંચાઇ હેઠળની આખી યોજના છે એમાંથી આજે પણ ૧૩.૪૬ લાખ હેકટર જમીનના વિસ્તારને આજે પણ આ વિતરણ પધ્ધતિના ભાગરૂપે એનો લાભ અત્યારે મળી રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીની સરકારે આપેલું વચન આજે પણ એ વચન ભારતીય જનતા પાર્ટીના પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યા તેમ છતાં એ પૂર્ણ કરી શકી નથી અને ખાસ કરીને ભૂતકાળમાં આ જ સભાગૃહની અંદર આપણા નીકળતા નાણા નર્મદાના ભાગરૂપે એ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર કે રાજસ્થાન હોય અહીંયા બહુ જ કહેવામાં આવતું કે તમારી સરકાર છે, પડોશી રાજ્યોમાં તમારી સરકાર છે તમે ત્યાં જઇને લઇ આવોને નાણા કોણ તમને રોકે છે? તમે કહો એ વખતે અમને પણ લાગતું હતું કે ના વાત તો સાચી છે. કેન્દ્રમાં તમારી સરકાર છે, બાજુના રાજ્યોમાં તમારી સરકાર છે લઇ આવોને તમે, એક સાચા ધારાસભ્ય તરીકે એમ થતું હતું કે ના, નીતિનભાઇ વાત સાચી છે પણ નીતિનભાઇ આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે કેન્દ્રમાં તમારી સરકાર છે, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં તમારી સરકાર છે તેમ છતાં પણ આજે ૫૬૩૭.૫૬ કરોડ રૂપિયાનું લ્હેણું રાજ્ય સરકારનું જો નીકળતું હોય તો આની ઉઘરાણી આપણે કેમ કરતા નથી એ સમજાતું નથી? ૨૦૧૪-૧૫ માં ૫૩૫૭.૪૭ કરોડ બાકી નીકળતા હતા. ૨૦૧૫-૧૬ માં એ ૫૪૫૯.૪૯ નીકળ્યા અને આજે જે રીતે મેં વાત કરી કે ૫૬૩૭.૫૬ કરોડ રૂપિયા આજની તારીખમાં નીકળે છે. અમે કેટલા નાણા લઇ આવ્યા, તમે કેટલા નાણા લાવ્યા નીતિનભાઇ બહુ સાચી વાત છે કે આપણને ગૌરવ થયું કે આ જ સભાગૃહની અંદર આપણી સાથે સાથી ધારાસભ્ય તરીકે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આ રાજ્ય છોડીને જ્યારે આ દેશના વડાપ્રધાન બન્યા ત્યારે આ સભાગૃહમાં મને પણ એમના વિષે બે વાત કહેવાનો મોકો મળ્યો હતો. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠાં બેઠાં) : સારું નહોતા બોલ્યા.

શ્રી શૈલેષ મ. પરમાર : આભાર, નીતિનભાઇ હું તો હંમેશા સરસ જ કહું છું પણ લોકો ખોટું સમજે છે પણ જે રીતે પરિસ્થિતિ બદલાય કે ગુજરાતનો પનોતો પુત્ર એ દેશનો વડાપ્રધાન બને છે એવું આપણને સૌને ગૌરવ હતું અને આ સભાગૃહમાં એવું કહેવાતું હતું કે, હવે આ પ્રશ્નો આપણા કોઇ દિલ્હીના પ્રશ્નો આપણી પાસે રહેશે નહીં અને આપણને જે ભૂતકાળમાં અન્યાય થયો છે, હવે અન્યાય થશે નહીં. પણ ઉત્તરપ્રદેશની જ્યારે ચૂંટણી આવી અને એ *(×××) આ સમજાયું નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ આપત્તિજનક અને બહુ ખોટી રીતે આ શબ્દો બોલાય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધું જ સમજી શકાય છે પછી શક્તિસિંહ અમને પણ નામ બોલ્યા વગર આનાથી હજારગણું કડક બોલતાં આવડે છે, પછી કહેતા નહીં. આનાથી હજારગણું કડક બોલીશું નામ દીધા વગર એટલે શોભે એવું બોલો શૈલેષભાઇ. તમે દિલ્હી જઇને વારંવાર મોદી સાહેબને મળવાનો પ્રયત્ન કરો એવું મારા ધ્યાનમાં આવ્યું છે. એટલે થોડુ માપમાં રાખો

શ્રી શૈલેષ મ. પરમાર : એક પણ નહીં સાહેબ. મોદી સાહેબને અઢીથી પોણા ત્રણ વર્ષ થયા છે. તમારી સરકાર અહીંયા અને ત્યાં પણ છે, તપાસ કરી લો. શૈલેષ પરમારે એક પણ વખત જો પ્રયત્ન કર્યો હોય તો આવતી ચૂંટણીમાં શૈલેષ પરમાર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી નહીં લડે. આ રિસ્પેક્ટ, રિગાર્ડ આજે પણ છે અને રહેશે. તો ખોટા આક્ષેપ ના કરો સાહેબ તમે. (અંતરાય) હા, એમણે કહ્યું પનોતા પુત્રની વાત કરી એટલે હું કહું છું. ચલો, નીતિનભાઇને કદાચ ખોટું લાગ્યું પણ મારે કહેવું છે કે, ગુજરાતના પનોતા પુત્રએ ગુજરાતને કેમ અન્યાય કર્યો? ( આ તકે શ્રી નરોત્તમભાઇ પટેલ, બેઠા બેઠા કાંઇક બોલતાં) સાંભળો, નરોત્તમકાકા તમને તો અન્યાય થયેલો જ છે, તમે ત્યાંથી ત્યાં બેસી ગયા. પણ ગુજરાતને પણ અન્યાય થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં રાજ્ય સરકારે ૫,૭૮૪.૭૪ કરોડ રૂપિયાની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી હતી અને કેન્દ્ર સરકારે એ ત્રણ વર્ષ દરમિયાન ૨,૫૭૨.૧૯ કરોડ રૂપિયાની ફાળવણી કરી. એટલે કે, કેન્દ્ર સરકારે જે કરેલી ફાળવણી, માગણીના પ્રમાણમાં ૩,૨૧૨.૫૪ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે, ગુજરાતની સરકારને ઓછા આપ્યા છે. હવે મારે પુછવું છે કે, આ થપ્પડ કેવી રીતે વાગી? અને આપણા જો પનોતા પુત્ર બેઠા હોય તો નર્મદા માટે નાણા આપણને કેમ ઓછા ફાળવાયા એ મારે સરકાર પાસેથી જાણવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોમાં વાયબ્રન્ટ ગુજરાત થયું અને વાયબ્રન્ટ ગુજરાતમાં જે સાત વાયબ્રન્ટ ગુજરાતો થયા એ સાત વાયબ્રન્ટ ગુજરાતમાં જે ૩૮,૫૨૮ એમ.ઓ.યુ. થયા, એની સામે પ્રોજેક્ટોની સંખ્યા થઇ ૫૧,૩૦૪, પ્રોજેક્ટો ડ્રોપ થયા ૮,૬૦૨, જે મૂડી રોકાણ આવ્યું એ ૮૭,૧૭,૩૨૨ કરોડ રૂપિયાનું અને એની સામે રાજ્યના ચીફ સેક્રેટરીશ્રીએ જ્યારે આઠમું વાયબ્રન્ટ ગુજરાત થયું ત્યારે પ્રેસ કોન્ફરન્સ કરીને એમણે કહ્યું હતું કે, મૂડી રોકાણ સામે જે રોકાણમાં થયેલી રિયલ મૂડી છે એ ૩૪,૨૩૪ કરોડ રૂપિયા થયેલી છે. આનો મતલબ એ થયો કે, વાયબ્રન્ટ ગુજરાત જે સાત થયા અને સરકાર દ્વારા ગુજરાતની પ્રજાને જે કહેવામાં આવ્યું હતું કે, આટલા કરોડો રૂપિયાનું જે મૂડી રોકાણ આવેલું છે એ મૂડી રોકાણની સામે જે મૂડી પ્રોજેક્ટોમાં આવી એના ભાગરૂપે જોવા જઇએ તો એવું કહેવાનું મન થાય કે, ૮૬,૮૩,૦૮૮ કરોડ રૂપિયાનો આ હિસાબ કિતાબ આજની તારીખમાં ક્યાં આ મૂડી રોકાણ થયું, ક્યાં આવ્યા અને કેવી રીતે આવ્યા? એ સરકારશ્રી જો એના આંકડામાં કે જવાબમાં આપે, તો હું સો ટકા માનું છું કે, અમને એનો સંતોષ થશે.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાં દૂર કરવામાં આવ્યા છે.

બાપુએ કહ્યું કે, વાયબ્રન્ટ ગુજરાતની અંદર દેશ–પરદેશથી લોકો આવતા હોય તો એની મહેમાનગતિ આપણે એને કરાવવી પડે અને આપણને શોભે એવી મહેમાનગતિ કરાવવી પડે. કરવું જોઇએ, હું પણ માનું છું પણ બાપુ એવું પણ ના કરવું જોઇએ કે, મધ્યાહન ભોજનમાં ૩ રૂપિયા, ૬૦ પૈસા એક દિવસના અપાય પાંચ રૂપિયા પિસ્તાલીસ પૈસા ૬ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓને અપાય પણ જે એમને મળવું જોઇએ એ ના મળે અને એની સામે વાઇબ્રન્ટ ગુજરાતની અંદર અગિયારમાં, તેરમાં અને પંદરમાં ૧૩૬,૯૫,૦૦,૦૦૦ રૂપિયાનો તમે ખર્ચ કર્યો છે અને ખર્ચની અંદર આપણે જોવા જઇએ તો વાહનવ્યવહાર, થીમ, સોવેનિયર એના પેટે કરેલો ખર્ચો આપણને એમ થાય કે કઇ રીતે આટલો બધો ખર્ચો સરકારશ્રીએ કર્યો. આયોજન અને સેમિનારમાં ૮,૫૫,૦૦,૦૦૦, રોડ શોના સાહિત્ય સામગ્રીમાં ૩ કરોડ, પ્રચાર અને પ્રસારમાં ૪,૧૫,૦૦,૦૦૦, રોડ શો માટે ૮,૬૨,૦૦,૦૦૦, સોવેનિયર માટે ૧૧૦,૦૦,૦૦૦, વેબસાઇટ માટે ૧૮૧,૦૦,૦૦૦, થીમના પેવેલીયન ૨,૭૮, ઇવેન્ટ મેનેજમેન્ટ માટે ૧૮૦,૦૦,૦૦૦ આવા અનેક વાહન વ્યવહાર માટે ૮૭૦ લાખ.

શ્રી <#M/દુષ્યંતભાઇ ર. પટેલ/M#>(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાતના વિકાસની એક આગવી ઓળખ પ્રસ્થાપિત થઇ છે અને જયારે એક આગવી ઓળખ પ્રસ્થાપિત થઇ છે ત્યારે ગુજરાતે વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ અને પર્યાપ્ત તકો ઉપલબ્ધ કરાવી તમામ પગલાં લીધાં છે. વિકાસલક્ષી વાતાવરણનો મહત્તમ લાભ લોકોને કેવી રીતે મળે એ દિશામાં રાજય સરકારે કામ કર્યું છે. સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરવાના ધ્યેય સાથે ગુજરાત આગળ વધી રહયું છે. મને જણાવતા ગર્વ થાય કે આ રાજયની સરકારે રાજકીય સ્થિરતા, સામાજિક પ્રગતિ અને આર્થિક પ્રગતિનો સંતુલન વિકાસ જાળવી રાખ્યો છે. વિકાસ સર્વાંગી હોય તો એના ઉત્તમ પરિણામ મળે છે અને ઉત્તમ પરિણામનું આ દેશની અંદર જો કોઇ ઉદાહરણ હોય તો એ ગુજરાત છે. ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ હોય, એગ્રીકલ્ચર ગ્રોથ હોય કે સોશ્યલ સેકટરનો વિકાસ હોય આ ત્રણેત્રણ વિકાસ જયારે સંતુલિત વિકાસ થયો છે ત્યારે જ આજે ગુજરાતને એવું કહેવામાં આવે છે કે best governed state in India છે અને આનો જો કોઇ યશ અને જશ કોઇને જતો હોય તો આ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે converting any challenge into an opportunity for the development growth in the spirit of people of Gujarat અને ખરેખર એને વંદન કરવા જોઇએ. ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથની જો વાત કરું તો આજે દેશ અને દુનિયાની અંદર સૌથી આગવું સ્થાન ધરાવે છે. આખા દેશની અંદર જયારે મંદીનું વાતાવરણ હોય, આખી દુનિયાની અંદર જયારે મંદીનું વાતાવરણ હોય ત્યારે જો કોઇ એક ધબકતું કેન્દ્ર હોય તો એ ગુજરાત છે અને એટલા માટે જ આપણને આટલું આકર્ષણ જોવા મળ્યું છે અને આ શકય કયારે બન્યું છે? ૨૦ વર્ષથી આ સરકાર છે ત્યારે આ આખાય વાતાવરણની અંદર એક રોડ કનેકટીવીટી, આપણી પાસે સરપ્લસ પાવર છે, આપણી પાસે ગેસ ગ્રીડ છે, આપણી પાસે અદ્યતનમાં અદ્યતન પોર્ટસ છે, આ દેશની અંદર સૌથી વધારે એરપોર્ટ આપણી પાસે છે, આપણી પાસે ટ્રાન્સપોર્ટ ફેસીલીટી છે, સૌથી અગત્યની બાબત કે શાંતિ, સલામતી, સુરક્ષા આ રાજયની અંદર છે. કોઇ યુનીયન બાજી નથી, કોઇ સ્ટ્રાઇક નથી, કોઇ હેજીટેશન્સ નથી ત્યારે આ શકય બન્યું છે. સૌથી અગત્યની બાબત ટ્રાન્સપરન્ટ ગવર્નન્સનો સૌથી મોટો ભાગ આ સરકારે ભજવ્યો છે અને ત્યારે જ કહી શકાય કે ગુડ ગવર્નન્સનો ઉત્તમ નમુનો આ દેશની અંદર એણે પૂરો પાડયો છે અને બીજી સૌથી અગત્યની બાબત કે આ સરકારે પોલીટીકલ સ્ટેબીલીટી, આ રાજયની અંદર જયારે પોલીટીકલ સ્ટેબીલીટી છે ત્યારે ગુજરાત આજે બેસ્ટ ગવર્નન્સ્ સ્ટેટ તરીકે જાહેર થયું છે. હમણા વાઇબ્રન્ટ ગુજરાતની વાત થતી હતી તો વાઇબ્રન્ટ ગુજરાતમાં આ વખતે યુવા રોજગારીની વિપુલ તક સર્જાવાની છે અને ગુજરાતનું વિશ્વ સાથે બોન્ડીંગ કરવાનું સફળ આયોજન માટે આ રાજયના મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારને જેટલા અભિનંદન આપું તેટલા ઓછા છે. આ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે ૨૦૦૩ની અંદર જયારે વાઇબ્રન્ટ ગુજરાત શરૂ કર્યું ત્યારે સમગ્ર દેશ અને દુનિયામાં વ્યાપાર જગતે.

ઉપાધ્યક્ષશ્રી : દુષ્યંતભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૧૧–૦૦ કલાકે મળશે.

( વિરામ ૧૦–૩૦ થી ૧૧–૦૦)

( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, આ વાઇબ્રન્ટ ગુજરાત એક વિશેષ પ્રકારનું વાઇબ્રન્ટ ગુજરાત રહ્યું છે. એટલા માટે કે વિશ્વના ૯ નોબેલ પારિતોષિકોને બોલાવીને, એનો સંવાદ રચી ગુજરાત સરકારે આખા ભારતમાં એક નવી પહેલ કરી છે. વિજ્ઞાન અને માનવજીવનના ગંભીર વિષયોની ચર્ચા કરી અને એના કારણે સમગ્ર રાજયની અંદર યુવા જગત, શિક્ષણ જગતને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા ૩–૪ સમિટને જોઇએ તો ઔદ્યોગિક અને ઉધ્યોગકાર માટે એ સમિટ ન લાગતા બીજા અન્ય ક્ષેત્ર જેવા કે શિક્ષણ, પ્રાદ્યોગિક, કૃષિ વગેરે સામેલ કર્યા છે. હવે, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ભારતનો જ નહિ, વિશ્વના મુખ્ય કાર્યક્રમનો એક ભાગ રહ્યો છે. હમણા શૈલેષભાઇએ વાઇબ્રન્ટ ગુજરાત વિષે વાત કરી. એમાં હું જણાવું કે ૨૦૧૧ માં સમિટ થઇ, એમાં ૫૨.૮૪ ટકા પ્રોજેક્ટો અમલીકરણ થયા. ૨૦૧૩ માં ૬૪.૩૭ ટકા પ્રોજેકટો અમલીકરણ થયા. ૨૦૧૫ માં ૭૨.૨૭ ટકા પ્રોજેક્ટો અમલીકરણ થયા છે. તો આ ૫, ૬ અને ૭ વાઇબ્રન્ટ ગુજરાત સમિટની સરેરાશ ગણીએ તો ૬૫.૮૯ ટકા થાય છે. મારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરવો છે કે ગુજરાતના વાપી, અંકલેશ્વર, વટવાને

ક્રિટિકલ પોલ્યુટેડ એરિયામાંથી બહાર કાઢ્યા છે. ખરેખર અભિનંદનને પાત્ર છે, કારણ કે આ વિસ્તારની અંદર નાના અને મધ્યમ ઉદ્યોગોને વેગ મળશે. એમાંથી રોજગારી વધશે અને નવી ટેકનોલોજી આવશે. એને મોર્ડનાઇઝેશનનો સ્કૅોપ મળશે. માટે ખરેખર આ નિર્ણયને અભિનંદન આપું છું. જ્યારે હું એવા જિલ્લામાંથી આવું છું કે જે જિલ્લામાં ૧૪,૦૦૦ હેક્ટરમાં ઉદ્યોગો આવ્યા હોય અને ૧૨,૦૦૦ જેટલા નાના, મોટા ઉદ્યોગો હોય ત્યારે મારાં બે–ત્રણ સૂચનો છેઃ નાના ઉદ્યોગકારો છે એને એડજોઇનિંગ પ્લોટનો અધિકાર એક વખત મળ્યો છે. એની જગ્યાએ ત્યાં આગળ જો જગ્યા હોય અને બીજો પ્લોટ મળતો હોય તો નાના અને મધ્યમ ઉદ્યોગકારોને મળવો જોઇએ એવું મારું માનવું અને સૂચન છે. નાના ઉદ્યોગકાર હોય, ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવી હોય અને બાજુમાં પ્લોટ હોય તો એક વખત અધિકાર મળ્યો હોય તો બીજી વાર મળવો જોઇએ. આ મારું સૂચન છે. જ્યારે જી.આઇ.ડી.સી.માં પ્લોટની ફાળવણી થાય છે. પ્લોટનો મૉરેટોરિયમ પીરિયડ ૩ વર્ષનો હોય છે. એ સમયમાં ઉદ્યોગકાર ઉદ્યોગ સ્થાપતા હોય છે, ત્યારે જી.પી.સી.બી. ની પરવાનગી લેવાની હોય છે. લાઇટની પરવાનગી, ગેસ ગ્રીડની, પાણીની પરવાનગી લેવાની હોય છે. તો આની અંદર ૩ વર્ષનો સમય વીતી જતો હોય છે, ત્યારે જી.આઇ.ડી.સી. ૩ ટકા વ્યાજ ક્લેઇમ કરે છે. તો કેસ ટુ કેસ સ્ટડી કરીને આની અંદર વ્યાજની અંદર રાહત આપવામાં આવે, તો નાના ઉદ્યોગકારોને ખૂબ મોટો ફાયદો થાય છે. દહેજની અંદર પી.સી.પી.આઇ.આર. ની રચના કરવામાં આવેલ છે. આ પી.સી.પી.આઇ.આર. ૪૫૩ ચોરસ કિલોમીટર એરિયામાં આવેલ હોય તો અમારી માગણી અને લાગણી છે કે એક કાયમી ટેકનિકલ કમિટી બનાવવાની ભલામણ કરવામાં આવે. ટેકનિકલ કમિટી એવી હોય છે કે જ્યારે પી.સી.પી.આઇ.આર. માં રસ્તા, પાણી, વીજળી, લાઇટ, ડ્રેનેજ, ઇન્ફ્રાસ્ટ્રકચરની સવલત મળતી હોય તો ટેકનિકલ કમિટી અભિપ્રાય આપે છે. એના આધારે વિકાસ થઇ શકે છે. જ્યારે આટલો મોટો એરિયાનો વિકાસ થવાનો હોય તો ટેકનિકલ કમિટીની ભલામણ કરું છું.

શ્રી <#M/જોઇતાભાઇ ક. પટેલ/M#>(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નર્મદા વિકાસ યોજના માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માગુ છું. હમણાં જ આ ગૃહમાં બે દિવસ પહેલાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહેલું કે આ બજેટની ચોપડી વાંચી જજો. તેમની સૂચના અનુસાર મેં વાંચી છે અને સિંચાઇને લગતી બાબતની વાતો તેમાં તેમણે કરી છે. બનાસકાંઠા જિલ્લો રાજ્યના બે–ત્રણ જિલ્લાને બાદ કરતાં મોટામાં મોટો જિલ્લો છે. જિલ્લાની અંદર ઉદ્યોગો નથી. આર્થિક અને શૈક્ષણિક રીતે પણ અમારો જિલ્લો પછાત છે. હમણાં ગયા વર્ષે માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ ડીસા પધાર્યા હતા ત્યારે મુખ્યમંત્રીશ્રી પણ તેમની સાથે હતા. તેમણે ત્યાં મંચ ઉપર જાહેરાત કરેલી કે બનાસકાંઠા જિલ્લાને નર્મદાનું નીર આપવામાં આવશે. માનનીય નીતિનભાઇ સાહેબ આપે એમ કહ્યું છે કે સૌનો સાથ, સૌનો વિકાસ અને સરખો વિકાસ. આપ નાયબ મુખ્યમંત્રી છો અને આપને ગૃહમાં અને ગૃહની બહાર મુખ્યમંત્રી જેટલું માન સન્માન મળે છે. આપની ફરજ છે કે રાજ્યના દરેક વિસ્તારને સરખો ન્યાય આપવો જોઇએ અને સરખો વિકાસ કરવો જોઇએ. હું દાવા સાથે કહું છું કે આ બજેટની બુકની અંદર બનાસકાંઠા જિલ્લાની ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. જિલ્લાના ખેડૂતો ભલા ભોળા છે. જયારે જયારે ચૂંટણી આવે ત્યારે જિલ્લાના ખેડૂતોને ભારતીય જનતા પાર્ટીના નેતાઓ તરફથી એમ કહેવામાં આવે કે અમે બનાસકાંઠા જિલ્લાને નર્મદાનું પાણી આપીશું. બનાસકાંઠા જિલ્લાને તેમણે નર્મદાના પાણીથી આવરી લેવાની વાત કરી હોત તો સારું. મારું સ્પષ્ટપણે કહેવું છે કે કપડવંજથી ૩૫ કેનાલ કાઢી બનાસકાંઠા જિલ્લાની અંદર દાંતીવાડા અને શીપુ ડેમની અંદર પાણી નાંખવામાં આવે તો જિલ્લાના મોટા ભાગના વિસ્તારને સિંચાઇનો લાભ મળી શકે તેમ છે. રાજ્યના બીજા પણ મંત્રીઓએ ગૃહ બહાર એમ કહ્યું છે બનાસકાંઠા જિલ્લાને નર્મદાનું પાણી આપવામાં આવશે. છતાં પણ સરકારશ્રી મારફત ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. સુજલામ્ સુફલામની બાબતમાં વાત કરું તો આ બુકમાં હું જોઇ ગયો છું. તેની અંદર ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવી છે પણ બનાસકાંઠા જિલ્લાની અંદર એક રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું નથી. સુજલામ્ સુફલામ્ કેનાલ રાહ સુધી છે તે કેનાલને લંબાવીને રાજસ્થાનની સરહદ સુધીના નેનારા ગામ સુધી લઇ જવાની રજૂઆત અમોએ વારંવાર આ ગૃહમાં કરી છે અને સિંચાઇ વિભાગમાં કરવામાં આવી છે. છતાં પણ તે કેનાલને લંબાઇ વધારીને તેનો લાભ વધારાના બાકી રહેતા વિસ્તારને આપવાનો હતો તે આપવામાં આવ્યો નથી. તેના કારણે જિલ્લાની અંદર ઘોર નિરાશા વ્યાપી છે. બનાસકાંઠા જિલ્લાની અંદર ખેતી સિવાય બીજો કોઇ આધાર નથી. આ તો ભલુ થજો ગલબાભાઇનું, ડો.કુરિયાન અને સ્વ.ઇન્દિરા ગાંધીનું કે તે વખતે તેમણે બનાસ ડેરીની સ્થાપના કરી. અત્યારે નીતિનભાઇ સમય એવો આવ્યો છે કે નજીકના ભવિષ્યની અંદર આપ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને નર્મદાનું પાણી નહીં આપો તો પાણી વગર લોકોનું ત્યાં રહેવું અને જીવવું કપરું અને મુશ્કેલ બનશે. કારણ કે ત્યાં જમીનની અંદર એક હજાર ફૂટ ઉંડા પાણી ગયા છે. વીજળી પણ ખૂબ મોંઘી છે. આખા દેશની અંદર વધારેમાં વધારે મોંઘી વીજળી આપણા રાજ્યની અંદર આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપની બે મિનિટ બાકી છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે, વહેલામાં વહેલીતકે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા, દાંતીવાડા, પાલનપુર, અમિરગઢ, ડિસા, દીયોદર અને લાખણી તાલુકો તથા બાકી રહેતા કાંકરેજનો ભાગ તથા થરાદનો પૂર્વ ભાગ છે એ તમામ વિસ્તારને નર્મદાની નહેરથી આવરી લેવાની ખાતરી આ ગૃહમાં આપ આપો અને પાલનપુર પ્રત્યે આપ સમદ્દષ્ટિ રાખીને જો ન્યાય આપવા માગતા હોવ તો કપડવંજથી અલગ કેનાલ કાઢીને અમને પાણી આપો. આપના હાથમાં કુદરતે આટલી સત્તા આપી છે તો આપની ફરજ છે કે, રાજ્યના એકે એક વ્યક્તિને સરખો ન્યાય મળવો જોઇએ. આજ દિવસ સુધી વીસ વરસથી આપ સત્તામાં છો ત્યારે બનાસકાંઠા જિલ્લાના ભલા માટે કોઇ પણ કામ

ઉડીને આંખે વળગે એવું આ સરકારના હાથે થયું નથી અને થયું હોય તો કહો. ઉલટાનું અમારે ત્યાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હતી એની જે ફેકલ્ટી હતી એ પણ આપ આપના જિલ્લાની અંદર લઇ ગયા છો, અમને જે ન્યાય આપવાનો હતો એ ન્યાયના બદલે આપના હાથે નાયબ મુખ્ય મંત્રીશ્રી અન્યાય થાય છે ત્યારે મારી આ ગૃહ અને માનનીય અધ્યક્ષશ્રી મારફત પ્રાર્થના છે કે, નર્મદાના પાણી આખા જિલ્લાને મળે અને એની સિંચાઇનો લાભ મળે એવી અમારી માગણી છે અને એ માગણી આપ સંતોષો. "આભાર-જયહિન્દ-ધન્યવાદ"

શ્રી <#M/નરોત્તમભાઇ ત્રિ. પટેલ/M#>(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગની માગણી નાયબ મુખ્ય મંત્રીશ્રી લઇને આવ્યા છે એના સમર્થન માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે બહુ થોડો સમય છે અને નર્મદા યોજનાની વાત બહુ મોટી છે જે હું ટૂંકા સમયમાં વાત કહેવા માગુ છું. મારી સામે બેઠેલા કોંગ્રેસના મિત્રો નર્મદા યોજનાનો વિરોધ કરે છે એવું હૃદયમાં નથી, પરંતુ એમનું દિલ્હી ખાતે કંઇ ન ચાલ્યું એ આજે એમણે પોતાના ભૂતકાળને જોઇ લેવો જોઇએ. આજની તારીખ સુધી એ આપણને કોઇ મદદ કરી શક્યા નથી એ વાત એમણે ભૂલવી ન જઇએ. તમારા મનની ઇચ્છા હતી કે નર્મદા યોજના પૂરી થાય, પણ તમે કંઇ કરી શક્યા નહીં કારણ કે, કેન્દ્રના કોંગી શાસકો આપણને સહયોગ કરતા ન હતા. જેટલો કોંગી શાસકોને મેઘા પાટકર ઉપર પ્રેમ હતો એટલો નર્મદા યોજના ઉપર ન હતો કારણ કે, ગુજરાતની આ યોજનાનું નામ સરદાર સરોવર નર્મદા નિગમ યોજના પડ્યું, સરદાર પટેલના નામ ઉપરથી થયેલી આ યોજનાને કોંગેસે કદી ન સ્વીકારી, પણ જો નહેરુનું નામ આપ્યું હોત તો એમ થાત કે આ યોજના અમારી છે. એટલે વર્ષો સુધી આપણે તકલીફ આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપણા એન્જિનિયરોને અભિનંદન આપવા છે. અમારા વિભાગના આ નર્મદા યોજનાના એન્જિનિયરોએ જે રીતે કામ કર્યું છે એ આપણને ગૌરવ આપે એવું કામ કર્યું છે. નર્મદા યોજના ૧૯૬૦માં શરૂ કરી પરંતુ ૧૯૬૦ને આજે ૫૬ વર્ષ થયા છે. હું જયારે એન્જિનિયર થયો ૧૯૬૦માં ત્યારે એનું ફાઉન્ડેશન જોવા ગયો હતો. આજે હું રીટાયર્ડ થવા આવ્યો છું ત્યાં સુધી નર્મદા યોજનાને તમે પૂરી ન કરવા દીધી એ તમોને પાપ લાગવાનું છે. જુઓ મારી ૮૦ વર્ષની ઉંમરે હું નિવૃત્ત થાઉં એમાં કોઇ નવાઇ નથી પરંતુ મારે આપને કહેવું છે કે, આ યોજના ૧૯૬૦માં શરૂ થઇ ત્યારે હું એન્જિનિયર વિદ્યાર્થી તરીકે ત્યાં જોવા ગયો હતો, બોટમ સાફ કર્યું હતું, અંદર જીઓલોસ્ટો ધરતીના પેટાળમાં કેવી જમીન છે એ જોતા હતા, અંદર ડ્રીલીંગ ચાલતું હતું, સીમેન્ટ ગ્રાઉટિંગ ચાલતું હતું ત્યારે આનંદ આવતો હતો પણ આજે એને પૂરી કરવાની બાબતમાં અનેક વિઘ્નો આવ્યા એ માટે તમે કેટલા જવાબદાર છો એ તમે તમારી જાતને પૂછો! તમે મદદ નથી કરી શક્યા એટલું હું કહી શકું. મિત્રો મારે એ કહેવું છે કે, અમારા હાથમાં આ યોજના આવી ત્યારે ૮૫ની હાઇટ ઉપરથી માંડીને ૧૨૧.૯૨ની હાઇટનું જે કોંક્રીટ કામ કર્યું એમાં અમારા એન્જિનિયરોએ કેટલો સમય પસાર કર્યો છે? ફક્ત ૨૦ મહિના. ૩૬.૯૨ મીટરની હાઇટ કરવા માટે ફક્ત ૨૦ મહિનાનો સમય અમારા એન્જિનિયરોએ લઇને આ કામ પૂરું કર્યું છે. હવે બાકીનું જે કામ છે અત્યારે ૧૨૧.૯૨ થી ડેમના દરવાજા મૂકવાનું કામ ચાલુ છે એ હવે બે વર્ષની અંદર બધું પૂરું થવાનું છે. ૧૨૧.૯૨ની હાઇટ પૂરી થઇ ગઇ પછી કેટલા વર્ષ આ ડેમ પડી રહ્યો? . તમે વિચાર કરો સાડા સાત વર્ષ સુધી આ ડેમની ઉપર આપણને દરવાજા ન મૂકવા દીધા, શા માટે. હમણાં અમારા શક્તિસિંહજી કહેતા હતા કે દરવાજા તમે બંધ તો નથી કર્યાને, પણ મારે એમને કહેવું છે કે, હજી અમને દરવાજા ચડાવવા તો દો, અમે દરવાજા ચડાવીએ પછી તમે બંધ કરવાની વાત કરો. તમે તો બાળકનો જન્મ થાય અને સીધો ૨૫ વર્ષનો થઇ જાય એવી વાતો કરો છો. તમારે એ સમજવું જોઇએ કે બે વર્ષની અંદર આ આખી પ્રક્રિયા પૂરી થઇ રહી છે. એ વાત સાચી કે દરવાજા બંધ નથી થયા. પણ અમારા એન્જિનિયરોએ મારે ગૌરવ સાથે કહેવું જોઇએ કે નર્મદા યોજનાના અધ્યક્ષ શ્રી એસ.એસ.રાઠોરના નેતૃત્વમાં આ જે ડેમની તૈયારી ચાલે છે એ યુદ્ધની તૈયારી થતી હોય તે રીતે અત્યારે ચાલુ છે, તમામે તમામ એન્જિનિયરો કામે લાગ્યા છે અને સુપ્રિમ કોર્ટમાંથી આવતા જુલાઇ મહિનામાં આ ગેટ બંધ કરી શકાય એવી સ્થિતિ ઉભી થઇ જવાની છે. આજની તારીખે ૧.૨૭ મિલિયન એકરફીટ પાણી એકઠું કર્યું છે, વિચાર કરો આ ડેમની હાઇટ પૂરી હતી જ્યારે શરૂઆતમાં ૯ મિલિયન એકર ફીટ પાણી આપણે લેવાનું હતું તેમાંથી આપણે કુલ હાઇટે ૪.૭૩ મિલિયન એકર ફીટ પાણી મેળવી શક્યા. આટલી ભૂતકાળની કેન્દ્ર સરકારની નબળાઇ હતી. નહિતર ૯ મિલિયન એકર ફીટ પાણી ગુજરાતને મળ્યું હોત. પરંતુ ૪.૭૩ મિલિયન એકર ફીટ પાણી આપણે ભેગું કરી શકવાના છીએ. હવે ચોમાસું આવશે, દરવાજા બંધ થશે. ત્યારે ૪.૭૩ મિલિયન એકર ફીટ પાણી આપણે કરી શકીશું. રિવર હેડ પાવર હાઉસ અને કેનાલહેડ પાવર હાઉસ પૂરા થયા છે અને આજે ૧૬૩૦૦ કરોડ રૂપિયાની વીજળી ઉત્પન્ન થઇ છે. આ પણ એક આપણી સિદ્ધિ છે. ગેટની બાબતમાં હું નથી પડતો. ગેટ ચડાવી દીધા છે, ચડી રહ્યા છે, પૂર્ણ થશે. પણ અગત્યની બાબત તરફ મારે આપ સૌનું ધ્યાન દોરવું છે, જે ખેતીવાડી માટેની જમીન છે નાના નાના ખેડૂતોની જમીનો ઉપર જે કેનાલો કરવાની વાત છે એ ખુલ્લી કેનાલો કરવાના બદલે, યુ.જી.પી.એલ. એટલે કે ભૂગર્ભ પાઇપ લાઇન નાંખી અને ખેડૂતોનું જે હિત આ સરકારે કર્યું છે અમારા જમીન વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ અને નર્મદા યોજનાના એન્જિનિયરોએ. એ પાઇપ લાઇનો જમીનમાં નાંખીને બચાવી લીધી છે અને એના કારણે કોઇ જમીનના ટૂકડા થતાં નથી અને આ જે પાણી છે એ પણ બાષ્પીભવનથી ઉડી જવાનું નથી. લગભગ ૭ લાખ હેકટર જમીન ઉપર આપણે આ પાણી આપી શકવાના છીએ. ટૂંક સમયમાં આ યોજના પૂરી થશે અને જે વિલંબ થયો છે એ તમામ વિલંબ કેન્દ્રમાં તમારું કોંગ્રેસનું શાસન હતું એના કારણે થયો છે એ વાત મારે આ ગૃહને જણાવવી છે.

શ્રી <#M/પંકજ અ. મહેતા/M#>(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય મંત્રી માગણી ક્રમાંક-૫૦ ખાણ અને ખનિજ વિભાગની લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો

છું. હું દેશના સૌથી મોટા જિલ્લા એવા કચ્છ જિલ્લામાંથી આવું છું, જે જિલ્લાની અંદર અનેક પ્રકારની કુદરતી સંપદાઓ છે, અનેક પ્રકારનું ખનિજ છે અને જે જિલ્લાની અંદર રણ છે, દરિયો છે, ડુંગર છે, ખનિજ છે, પવનચક્કીઓ છે, અનેક પ્રકારે અનેક ઉદ્યોગની અંદર, અનેક ધંધાની અંદર જે જિલ્લો આખા દેશમાં મોનોપલી ધરાવે છે. મીઠાના ઉદ્યોગની વાત હોય કે સૌર ઉર્જાની વાત હોય કે પવન ઉર્જાની વાત હોય દરેક ક્ષેત્રની અંદર જે જિલ્લો આગળ છે પરંતુ મારે કહેવું છે કે એક સમય હતો અગાઉની સરકારોના વખતમાં આ જિલ્લાને માટે એમ કહેવાતું કે આ જિલ્લો એટલે માથે પડતો જિલ્લો છે એમ પૂછવામાં આવતું કે આ જિલ્લાની માથાદીઠ આવક શું ? ગુજરાતને નિભાવવો પડે એવો જિલ્લો છે. પરંતુ મારે આજે અભિનંદન આપવા છે આદરણીય નરેન્દ્રભાઇને કે આ જિલ્લાની અંદર રહેલી દરેક પ્રકારની સંપદાઓને ઓળખી અને જિલ્લાને હિન્દુસ્તાનનો સૌથી વિકસિત જિલ્લો બનાવવાનો શુભારંભ કર્યો હોય તો એ માનનીય નરેન્દ્રભાઇએ એમનામાં રહેલી શકિતઓને પરખી અને દુનિયા સમક્ષ મૂકવાનું કાર્ય કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે અગાઉની સરકારોની અંદર એવું કહેવામાં આવતું અલગ કચ્છની માગણી કરવામાં આવતી. રોજગારી માટે કચ્છના લોકોને દેશના અલગ અલગ જિલ્લાઓમાં જવાની ફરજ પડતી. આજે કચ્છના ત્રણથી સાડા ત્રણ લાખ લોકો અન્ય રાજયની અંદર જઇને વસેલાં છે પરંતુ આ તમામ પ્રકારે વિકાસ કર્યા પછી આદરણીય નરેન્દ્રભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકારના પ્રયત્નોથી આજે દેશના ૩ લાખ કરતાં વધુ લોકો આ જિલ્લાની અંદર રોજગારી માટે આવ્યાં છે તે અમારા માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાની અંદર મુખ્યત્વે લાઇમસ્ટોન, લિગ્નાઇટ, ચાઇના કલે, બેન્ટોનાઇટ, સિલીકાસેલ, રેતી વિગેરે જેવી અનેક પ્રકારની ખનિજો મળી આવે છે. મુખ્ય ખનિજો ૨૪ તથા ગૌણ ખનિજોની ૮૭૦ લીઝ ધરાવતો રાજયનો આ ખાણ ખનિજની દ્રષ્ટિએ અગ્રિમ જિલ્લો છે. વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર કચ્છ જિલ્લાની ખનિજ ક્ષેત્રે ૧૧૩ કરોડ રૂપિયાની આવક આ રાજયની તિજોરીની અંદર કચ્છ જિલ્લાએ આપી છે. ચાલુ વર્ષના આંકડા જાન્યુઆરી સુધીના કહું તો ૧૨૩ કરોડ એટલે ગયા આખા વર્ષની અંદર ૧૧૩ કરોડ અને આ વર્ષે જાન્યુઆરી સુધીના ૧૨૩ કરોડ એટલે મને લાગે છે કે માર્ચ સુધીની અંદર લગભગ ૧૫૦ કરોડ રૂપિયા જેટલી આવક ખનિજ ક્ષેત્રમાંથી માત્ર અમારા કચ્છ જિલ્લાની અંદરથી થવાની છે. આ જિલ્લાના વિકાસ માટે રાજયની સરકારે અનેક રીતે આ જિલ્લાનો વિકાસ કર્યો છે અને આ ખનિજના ક્ષેત્રમાંથી આવતી આવકોના કારણે જયાં જયાંથી ખનિજ મળે છે એ વિસ્તારના ડેવલપમેન્ટની અંદર, એ વિસ્તારના વિકાસની અંદર, એ વિસ્તારની પ્રજાની સુખાકારી માટે પણ આ રાજય સરકારે ઉત્તમ આયોજન કરીને આ આવનારી ગ્રાન્ટમાંથી એ વિસ્તારનો વિકાસ કરવા માટેનો આ સન્માનનીય પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર સ્વભાવિક છે કે જયાં જયાં પણ આ પ્રકારનું ખનિજ મળતું હોય ત્યાં કયાંક અને કયાંક ગેરકાયદેસર ખનિજની પ્રવૃત્તિઓ અગાઉ પણ થતી હતી. પણ આ પ્રવૃત્તિઓને રોકવા માટે રાજય સરકારે વૈજ્ઞાનિક ઢબે આગળ વધીને આ પ્રવૃત્તિઓને રોકવા માટે ગયા વખતની વાત કરું તો રાજયની અંદર બિન અધિકૃત ખનન, વહન, સંગ્રહના એપ્રિલ–૨૦૧૬ થી ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં ૬૬૫૪ કેસ કરીને રૂપિયા ૩૪૧૮ લાખની વસૂલાત પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખનિજ જયારે અલગ અલગ જિલ્લાઓની અંદર જતું હોય ખાસ કરીને મોરબીનો સિરામિક ઉદ્યોગ જે છે તે અમારા આ ખનિજ આધારિત આ ઉદ્યોગ છે એવી જ રીતે સિમેન્ટ ઉદ્યોગની અંદર પણ આ જિલ્લો અગ્રેસર છે એટલે જે વિસ્તારમાંથી સિમેન્ટ મળે છે તે વિસ્તાર સુધી રેલવે બિછાવવાનું કાર્ય પણ અત્યારે પૂરજોશની અંદર ચાલી રહ્યું છે. મારે કેન્દ્ર સરકારને અને આદરણીય વડાપ્રધાનને પણ અભિનંદન આપવા છે અને રાજય સરકારને પણ અભિનંદન આપવા છે કારણ કે હમણાં જ નરેન્દ્રભાઇના પ્રવાસ દરમિયાન ભરૂચની ધરતી ઉપરથી જાહેરાત કરવામાં આવી.

શ્રી <#M/પૂંજાભાઇ ભી. વંશ/M#>(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ અને ખાણ ખનિજ મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઉદ્યોગો આવે, રાજયમાં મૂડી–રોકાણ થાય, ઉદ્યોગોને કારણે ઘર આંગણે રોજગારી મળી રહે. આવું સરકાર સતત વારંવાર આ ગૃહની અંદર કહેતી આવી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી અને વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆતના આધારે રાજયમાં વધુમાં વધુ ઉદ્યોગો આવે અને મૂડીરોકાણ થાય અને આ ઉદ્યોગો મારફત લાખો બેરોજગારોને રોજગારી મળી એવું આ વિધાનસભાની અંદર અને બહાર કહેવામાં આવ્યું છે. ત્યારે માનનીય મંત્રીશ્રી અને સરકારને પૂછવા માગું છું અને જાણવા માગું છું કે, અત્યાર સુધી વાઇબ્રન્ટ ગુજરાત અંતર્ગત જેટલા MOU કરવામાં આવ્યા અને જેટલા ઉદ્યોગો એના અમલીકરણમાં ગયા છે અને એમાં આ વિધાનસભાની અંદર રોજગારી આપવા માટેની જે જાહેરાત કરી છે અને વાતો કરી છે તો ખરેખર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી છે. એની વિગતો જો આ સભાગૃહ સમક્ષ પૂરી પાડવામાં આવશે તો સાચી હકીકતની ખબર પડશે. ગયા અઠવાડિયે ગૃહમાં કહેવામાં આવ્યું હતું કે, બે લાખ લોકોને રોજગારી આપવામાં આવી છે તો એમની માહિતી આપો. ઉદ્યોગોને તમામ પ્રકારે રાજ્ય સરકાર મદદ કરે છે. જમીનથી લઇને પાણી સુધી તમામ રાષ્ટ્રીય સંપત્તિ એમને આપણે આપીએ છીએ અને એ અપાયા પછી એ ઉદ્યોગ ચાલુ કરે છે. એની જે શરતો નક્કી કરવામાં આવે છે અને એ શરતોને આધીન ઉદ્યોગોએ એનું અમલીકરણ કરવાનું હોય છે ત્યારે સરકારના પરિપત્ર મુજબ ઉદ્યોગોની અંદર સ્થાનિક લોકોને ૮૦ ટકા રોજગારી આપવા માટેનો સરકારનો પરિપત્ર છે. એકબાજુ સરકાર એમને તમામ પ્રકારની સુવિધાઓ આપે છે અને એ અપાયા પછી એમની સાથે કરાર કરે છે અને કરાર કર્યા પછી સરકારના પરિપત્રનો અમલ આ ઉદ્યોગકારો ન કરતા હોય તો મારે મંત્રીશ્રી અને રાજ્ય

સરકારને કહેવું છે કે, જે ઉદ્યોગો રાજ્યમાં ચાલે છે અને એ ઉદ્યોગો સરકારના પરિપત્ર મુજબ સ્થાનિક લોકોને કેટલા ટકા રોજગારી આપી છે એની વિગતો પૂરી પાડવામાં આવે તો વાસ્તવિકતાનો ખ્યાલ આવશે. ૧૦ દિવસ પહેલાં રાજુલાના ધારાસભ્યનો પ્રશ્ન હતો એનો સરકારે રેકોર્ડ ઉપર જવાબ આપ્યો છે કે L&T એ વિશ્વનો સૌથી મોટો પ્લાન છે. એમાં સ્થાનિક લોકોને રોજગારી નથી આપી એવું સરકારે કહ્યું છે. આ L&Tનો એકનો સવાલ નથી. અમારે ત્યાં કોડિનારમાં અંબુજા સિમેન્ટ છે. સુત્રાપાડામાં G.S.C.L. છે. આખા ગુજરાતની અંદર જે ઉદ્યોગો પથરાયેલ છે અને આ ગૃહની અંદર વારંવાર ધારાસભ્યો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવે છે કે સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવતી નથી, આવતી નથી અને આવતી નથી. તો જે ઉદ્યોગોએ સરકારના પરિપત્રનું અમલીકરણ નથી કર્યુ એવા ઉદ્યોગોની સામે સરકાર ૧૦૦ ટકા કડકાઇથી પગલાં લે અને સ્થાનિક લોકોને રોજગારી મળે એ પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકારે કરવી જોઇએ. સરકારે SEZની જાહેરાત કરી. SEZની જાહેરાત કર્યા પછી ખેડૂતોની કિંમતી જમીન સંપાદિત કરી અને જમીન સંપાદિત કર્યા પછી જો એનું અમલીકરણ કરવામાં આવ્યું હોય તો વાંધો નથી પણ જે ઉદ્યોગકારોએ SEZના નામ ઉપર જમીન લીધી છે અને જમીન લીધા પછી એ જમીનના આધારે બેંકમાંથી લોન લીધી છે. જો એની ઉપર લોન લીધી હોય તો મને લાગે છે કે, એ ખેડૂતોને અન્યાય કરવા બરાબર છે. જો ઉદ્યોગકારોએ જમીનનો ઉપયોગ નથી કર્યો તો એવી જમીન રાજ્ય સરકારે પરત લઇ અને ખેડૂતોને પુન: આપવી જોઇએ. એવી આપના મારફત રાજ્ય સરકારને વિનંતી કરું છું. જી.આઇ.ડી.સી.એ અગાઉ ઉદ્યોગ નીતિ નક્કી કરી. ગત વિધાનસભામાં અને એની આગળની વિધાનસભાની અંદર પણ રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે જ્યાં જ્યાં તાલુકા સ્થળ છે ત્યાં નાના ઉદ્યોગો છે. જે લોકો નાના ઉદ્યોગો કરવા માગે છે એ લોકો માટે જી.આઇ.ડી.સી.એ કહ્યું કે અમે નવી વસાહત ઊભી કરીને એ લોકો ઘરઆંગણે ઉદ્યોગ કરી શકે એ પ્રકારની વ્યવસ્થા ઊભી કરીશું. ત્યારે સરકાર પાસે હું જાણવા માગું છું કે, તમે આવ્યા પછી રાજ્યમાં જી.આઇ.ડી.સી.એ કેટલી નવી વસાહતો ઊભી કરી અને એમાં કેટલા લઘુ ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા. મોટા ઉદ્યોગોને લઇ આવવા પાછળ સરકારની માનસિકતાને કારણે નાના ઉદ્યોગો સંપૂર્ણપણે પડી ભાંગ્યા છે. નાના ઉદ્યોગોને કોઇપણ પ્રકારની સહાય અને મદદ જે મળવી જોઇએ, જેટલી મદદ અને સહાય આપણે મોટા ઉદ્યોગોકારોને કરીએ છીએ એટલી મદદ કે સહાય નાના ઉદ્યોગકારોને આપણે કરતા નથી અને પરિણામે નાના ઉદ્યોગકારો જે છે એ અત્યારે સંપૂર્ણપણે માંદા એકમો છે એને પુનઃ ચાલુ કરવા માટે અને રાજયમાં રોજગારી વધે એના માટે વ્યવસ્થા ઉભી કરવા માટે નાના અને મધ્યમકક્ષાના જે ઉદ્યોગો બંધ હાલતમાં છે એને રાજય સરકારે મદદ કરી એને પુનઃચાલુ કરવા જોઇએ. કચ્છના મારા મિત્ર હમણાં અહીંયા વાત કરતા હતા. કદાચ સરકાર પગલાં લેશે. ગેરકાયદેસર ખનન, રાષ્ટ્રીય સંપત્તિ છે. રાષ્ટ્રીય સંપત્તિનો સમગ્ર ગુજરાતની અંદર આડેધડ ગેરકાયદેસર ખનન ચાલે છે, બેફામ પણે ચાલે છે. રાજય સરકાર પાસે ગેરકાયદેસર ખનનને અટકાવવા માટે તંત્ર જ ન હોય, વિભાગ જ ન હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને એ ઓનરેકર્ડ અહીંયા જે વાત કરવામાં આવી માનનીય સભ્યશ્રી દ્વારા કે આટલા મેટ્રિકટન ગેરકાયદેસર ખનનનો જથ્થો પકડ્યો, આટલી વસુલાત કરવામાં આવી. મારા ગીરસોમનાથ જિલ્લા અને જૂનાગઢ જિલ્લાની વાત હું કરું તો કરોડો રૂપિયાની વસુલાત કરવાની બાકી છે. ગેરકાયદેસર ખનન આજે બેફામ ચાલે છે. ખાણ માફિયાઓ બેફામ થયા છે એને રોકવા માટે કોઇપણ પ્રકારે સરકાર ચિંતિત હોય એવું લાગતું નથી. એકની એક વ્યકિત વારંવાર ગેરકાયદેસર ખનન કરતાં પકડાય તો એની સામે તમે કોઇપણ પ્રકારનાં પગલાં નથી લેતા. એકવાર પકડાય, બે વાર પકડાય, ત્રણ વાર પકડાય તો એને પાસામાં મોકલો, શા માટે એને પાસામાં નથી મોકલતા? પણ આવી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. જિલ્લા કક્ષાએ રજૂઆત કરીએ, ભૂસ્તર અને કમિશનર કચેરીમાં રેકર્ડ ઉપર વાત કરીએ. હીરો ઘોઘે જઇ આવ્યો ડેલીએ હાથ દઇ આવ્યો, પણ કરવાનું કાંઇ નહીં. ગાંધીનગરથી રેડ પડે, રેડ પડ્યા પછી એક દિવસ રોકાય અને રોકાય પછી પાછા આવે પછી રેકર્ડ ઉપરની કોઇ કાર્યવાહી કરવાની આવતી હોય તો છ મહિના કે વર્ષ પછી જે તે સ્થિતિ હોય છે એટલે ગેરકાયદેસર ખનન એમાંય ખાસ કરીને ગીરસોમનાથ જિલ્લામાં તો બેફામપણે રાષ્ટ્રીય સંપત્તિનું ગેરકાયદેસર ખનન થાય છે એનો ઇતિહાસ વર્ણવો હોય તો કલાકોના કલાકો રેકર્ડ ઉપર આપી શકીએ આટલું ગેરકાયદેસર ખનન થાય છે અને છતાં આ સરકારના પેટનું પાણી પણ હલતું નથી અને કોઇપણ જાતના પગલાંઓ લેવામાં આવતાં નથી. રેકર્ડ ઉપર આપેલી હકીકત હોવા છતાં પણ પગલાં ન લેવાય તો મને લાગે છે કે, એ ઉચિત જણાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી એક દાખલો આપીને હું મારી વાત પૂરી કરીશ. એક વાતનું હું માનનીય મંત્રીશ્રીનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરું છું કે,સુત્રાપાડા તાલુકાનું કૃષ્ણવાડા ગામ, ગૌચરની જમીન અને ગૌચરની જમીનમાંથી રેકર્ડ ઉપર ગેરકાયદેસર ખનન ચાલે, એક કરોડ બ્યાસી લાખ રૂપિયા બેતાલીસ હજાર ચારસો રૂપિયાના દંડની નોટિસ આપી એ નોટિસ આપ્યા પછી કંપનીએ દંડ ભરવો ન પડે એટલે ગૌચરની જમીન હતી એ કંપનીની માલિકીની જમીન ગૌચરવાળાને આપી દીધી અને ગૌચરવાળી જમીન કંપનીને આપી દીધી, આવું રેકર્ડમાં થઇ શકે નહીં, છતાં ગેરકાયદેસર એક કરોડ બ્યાસી લાખ રૂપિયા બચાવવા માટે આ કૃત્ય કરવામાં આવ્યું છે, ઓન રેકર્ડ છે તો એની તપાસ કરીને જવાબ આપવામાં આવે.

શ્રી <#M/કાંતિલાલ શી. અમૃતિયા/M#>(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જે માગણી નંબર-૭૯ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જાહેરજીવનના ૩૨ વર્ષ થયાં, અને ૨૨ વર્ષથી હું ધારાસભ્ય છું. મારે આ ગૃહને જાણ કરવી છે કે, ૨૨ વર્ષ પહેલાં મારા મોરબી જિલ્લામાં ઉદ્યોગ ઓછા હતા. એમાં મોટા ઉદ્યોગ હતા એમાં અર્ણોદય મિલ, મોટા ઉદ્યોગ સીરામીકમાં પરશુરામ પોટરી, મોટા ઉદ્યોગમાં ઘડિયાળ સાયન્ટીફિક, મોટા ઉદ્યોગમાં મોરબી વેજીટેબલ, આ બધા

ઉદ્યોગ કોંગ્રેસની નીતિના કારણે બંધ થઇ ગયા, એની કમિટી કરો, આવો મારા જોડે જોવા, એ સાતેસાત ઉદ્યોગ બંધ થઇ ગયા. ૧૯૯૫માં અમે જયારે ધારાસભ્ય થયા ત્યારે મને એમ લાગ્યું કે, આવા મોટા ઉદ્યોગ બંધ કેમ થાય છે? પણ કોંગ્રેસના નેતાના યુનિયન હોય, યુનિયન દ્વારા આ ઉદ્યોગને હેરાન કરે તો ઉદ્યોગ કયાંથી થાય? અને પછી મેં નકકી કર્યું કે, મોરબીમાં યુનિયન ન આવે અને આ રાજયના માજી મુખ્ય મંત્રીશ્રી કેશુભાઇ પટેલ આવ્યા ત્યારે અમે બધાયે જે માગણી કરી અને મોરબીનું જે ડેવલપમેન્ટ છે એ ભારતીય જનતા પાર્ટીના હિસાબે છે અને આ દેશના વડાપ્રધાનના હિસાબે છે. હું બહુ સાચું બોલું છું, તમે કમિટી ભેગા આવો. ઉદ્યોગની જમીન એમના એમ પડી હોય અને એ ઉદ્યોગના માલિક ભીખ માગે છે. એમની પાસે પૈસા નથી. એવી દશા છે. અને આ દેશના વડાપ્રધાન જયારે મોરબી આવ્યા ત્યારે અમે સૌએ માગણી કરી હતી કે મોરબીના ઉદ્યોગોને પાઇપ લાઇન દ્વારા ગેસ આપવામાં આવે.એ અમારી માગણી સ્વીકારીને આજે મોરબી શહેરના ઉદ્યોગોને ગેસ આપવામાં આવે છે એના લીધે અમારો સિરામીક ઉદ્યોગ આજે ચાઇનાને પણ હંફાવે છે. ત્યાં પેપર મિલ સહિત બે હજારથી વધારે ઉદ્યોગો આવેલા છે.

અહીંયા હમણાં નોટબંધીની વાત કરવામાં આવી. વાયબ્રન્ટની પણ વાત કરવામાં આવી. વાયબ્રન્ટ કરવી જ જોઇએ. આ નોટબંધી દરમિયાન અમારે ત્યાં મોરબીમાં વાયબ્રન્ટ કરવામાં આવી એમાં નિકાસના દસ કરોડથી પણ વધારે ઓર્ડરો મળ્યા છે. એટલે અમને નોટબંધીની કોઇ અસર જોવા મળી નથી.

હમણાં બહેનશ્રી પોતાનું પ્રવચન કરી રહ્યા હતા ત્યારે કહેતા હતા કે મોરબીમાં ઉદ્યોગ બંધ થયા છે. મારે એમને કહેવું છે કે મોરબીમાં ઉદ્યોગો બંધ થયા નથી પરંતુ નવા નવા ઉદ્યોગો આવી રહ્યા છે એ જો તમારે જોવુ હોય તો મારી સાથે મોરબી આવો હું બતાવવા માટે તૈયાર છું. ઉદ્યોગકારોને તકલીફ ત્યાં છે કે હમણાં મોરબી જિલ્લા પંચાયત કોંગ્રેસની આવી છે. એમાં જમીન બિન ખેતીની કરવાના ભાવ રૂપિયા ૬૫ હજાર લેવામાં આવે છે. માનનીય સભ્યશ્રી પીરઝાદા જતા રહ્યા છે. જે સીધા છે એને કંઇ મળતું નથી એટલે માનનીય પીરઝાદા સુધી એનો ભાગ મળતો નથી. આ ભાવ કરપ્શનના કોંગ્રેસના રાજયમાં છે. મારી સાથે આવો હું તમને બતાવવા તૈયાર છું.

મોરબી જિલ્લાના બે ત્રણ સૂચનો આ તબક્કે કરવા છે. મોરબી જિલ્લામાં નવલખી બંદર આવેલ છે એનો વિકાસ કરવામાં આવે કારણ કે ત્યાં એક મીઠાની જેટી આપવામાં આવે અને એક સિરામીકની નિકાસ કરવા માટે જેટી આપવામાં આવે આ રીતે બે જેટી આપવામાં આવે એવી અમારી માગણી છે. અત્યારે નવલખી બંદર છે એમાં ફકત કોલસો જ આવે છે રોજની હજારો ગાડીઓ ભરાય છે. તો બે નવી જેટી મીઠા અને સિરામીકની નિકાસ માટે આપવામાં આવે તેવી મારી રાજય સરકારને વિનંતી છે.

શ્રી <#M/બળદેવજી ચં. ઠાકોર/M#>(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

દરરોજ પેપર ખોલો અને આપણને સાંભળવા મળે કે આ જગ્યાએ નર્મદા કેનાલમાં ગાબડું પડ્યું છે. આ રીતે અઠવાડીયામાં બે થી ત્રણ જગ્યાએ કેનાલમાં ગાબડું પડ્યું હોય એવું સાંભળવા મળે છે. ખેડૂતોને પાણી આપવાની વાત કરીએ તો મેઇન કેનાલમાંથી પાણી છોડીને સબ કેનાલ મારફતે ખેડૂતોને પાણી આપવાનું હોય છે. ઘણા બધા કિસ્સા એવા છે કે સબ કેનાલ ચાલુ થઇ પણ ન હોય અને તૂટી ગઇ હોય એવા બનાવો પણ બન્યા છે અને આ રીતે નબળી કામગીરી ઘણી જગ્યાએ થઇ હોય તેવું જણાય છે. તેથી આવી નબળી કામગીરી કરવાવાળા અધિકારીઓઓ સામે પંચ મૂકીને તપાસ કરવા માટે સરકાર વિચારે છે કે કેમ? હું આ તકે સરકારનું એક બાબત તરફ ધ્યાન દોરવા માગું છું. અમારા કલોલ તાલુકાના સબલપુરના અભણ ખેડૂતો છે જે કોઇ દિવસ શાળમાં પણ ગયા નથી. એમણે નર્મદાની લાઇનમાંથી બકનળી કરીને પાણી લેવાનો પ્રયત્ન કર્યો એમાં કર્મચારીઓ સાથે નાની મોટી બોલાચાલી થઇ અને એ બોલાચાલીના કારણે એના ઉપર એવી કલમો લગાડીને ફરિયાદ દાખલ કરવામાં આવી કે આ સાબલપુરના આઠ ખેડૂતો ૩૫ દિવસથી જેલમાં છે એમને જામીન પણ મળતા નથી. એકબાજુ આપણે ખેડૂતોની વાતો કરીએ છીએ, એને પાણી આપવાની વાત કરીએ છીએ અને આવા અભણ ખેડૂતો ઉપર એવી કલમો લગાડવામાં આવે છે કે આજે ૩૫-૩૫ દિવસથી હોઇકોર્ટ પણ જામીન આપતી નથી. તો કયા મોંઢે તમે ખેડૂતોને વાત કરો છો. બીજી એક વાત કહીશ કે આ ઠાકોર સમાજના અભણ ખેડૂતો હતા એટલા માટે •(× × × ) આવી એમના ઉપર ભાર દેવડાવવાની નીતિ રાખીને એમને જેલમાં રાખવાનો પ્રયત્ન ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે.

અધ્યક્ષશ્રી : *(× × × ) એ બધા શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારે આ તકે યાદ કરાવડાવું છે કે આપણે એકબાજુ ખેડૂતોને વાતો કરીએ છીએ, એકબાજુ આ જ ગૃહમાં એક કાયદો બનાવીએ છીએ કે કોઇ ખેડૂત નર્મદા કેનાલની આજુબાજુ ચાલતો હશે તો પણ એને હાથકડી કરીને એને જેલમાં નાખવાનો વારો આવવાનો છે. આ સરકારનું મારે ધ્યાન દોરવું છે કે તમે જો ખેડૂતોના હિતની વાત કરતા હો તો ખેડૂતો પર રહેમ નજર રાખીને કયાંક નાની-મોટી ભૂલ કરી હોય તો તેને બક્ષવાનો પ્રયત્ન સરકાર તરફથી થવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગગૃહોની વાત કરીએ છીએ. મારા સાંતેજની અંદર ચારે બાજુ ઉદ્યોગો સ્થપાયેલા છે. એ ઉદ્યોગોની વચ્ચે આ સરકારે એક ઉદ્યોગકારને ત્યાં આગળ રેસીડેન્શિયલ ઝોન બનાવવા માટે તેને સ્પેશિયલ કેસમાં મંજૂરી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપવામાં આવી. ત્યાં લોકો રહે છે. આજુબાજુમાં બધા જ ઉદ્યોગો છે. એવી તમારે શું જરૂરિયાત પડી? તમારો કોણ એવો ઓળખીતો હતો? તમારો કોણ એ ભાગીદાર હતો કે તમારે તેના કારણે સ્પેશિયલ કેસમાં રેસીડેન્સ ઝોનની પરવાનગી આપવાનો વારો આવ્યો? આની ખાતરી તો તમે કરો, આના પાછળનું કારણ શું છે? ત્યાંના તમામ ખેડૂતોને તેના પોતાના ખેતરમાં કોઇ પણ પ્રકારની પરવાનગી લેવી હોય, કોઇ પણ પ્રકારના ઝોનફેર કરવા હોય તો ખેડૂતોને આ વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી નથી પરંતુ એક જ ઉદ્યોગકારને મોટો નફો કરાવવા માટે, તેની વાહવાહ કરાવવા માટે સ્પેશિયલ કેસમાં રેસીડેન્શિયલ ઝોનની મંજૂરી આપવામાં આવી છે. આ તબક્કે મારે કહેવું છે, મારા કડી અને કલોલ તાલુકામાં એવા પ્રકારના કેમિકલના ઉદ્યોગો આવેલા છે તેનું જે પ્રદૂષિત પાણી હોય છે તેને જમીનમાં ઉતારવામાં આવતું હોય છે. તેના કારણે ખેડૂતોના બોરમાં કલરવાળું પાણી આવતું હોય છે. હું નામજોગ કહીશ કે રાજપુરમાં ખેડૂતોના આવા પાંચથી સાત બોર ફેઇલ ગયા. કલરવાળું પાણી આવે. આપણાંથી પી શકાય નહીં અને છતાં એ ફરિયાદ કરે તો કોઇ જગ્યાએ તેની ફરિયાદ ધ્યાનમાં ન લેવાય. નછૂટકે ખેડૂતોના ૧૫-૧૫ લાખના બોર ફેઇલ ગયા. ઉદ્યોગો હોય એ આપણને ફાયદાકારક હોય છે. લોકોને રોજગારી મળતી હોય છે. મારા ખાત્રજ રોડ ઉપર બે-ત્રણ ટાઇલ્સની ફેક્ટરીઓ આવેલી છે. એ એટલું બધું પ્રદૂષણ કરે છે કે ત્યાંથી નીકળ્યા હોઇએ તો જે ધૂળ ઉડતી હોય છે એ આપણાં ઉપર ચોંટી જતી હોય છે. તો ત્યાં આજુબાજુમાં આવા વિસ્તારમાં રહેતા લોકોની શું પરિસ્થિતિ હશે? તો મારું એમ કહેવાનું છે કે કઇ રીતે એ પ્રદૂષણ ન ફેલાવે તેની આપણે ચિંતા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સમયથી કહેવાય છે કે અમે ચેકડેમ બનાવીએ છીએ. અમે બોરીબંધ બનાવીએ છીએ. ગુજરાતની એક પણ નદી તમે એવી બતાવો કે એના ઉપર મોટા મોટા ડેમ કરીને કોંગ્રેસે ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાની કામગીરી ન કરી હોય. મારે ભારતીય જનતા પાર્ટીની સરકારને કહેવું છે, તમે એક એવી નદી બતાવો કે નદી ઉપર મોટો ડેમ બનાવીને તમે ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાની કામગીરી કરી હોય. તમે ચેકડેમ બનાવ્યા, તમે બોરીબંધ બનાવ્યા. ચેકડેમ એટલે ચોરીબંધ. આમાં કંઇ બીજું છે નહીં. ચેકડેમ ગણો કે ચોરીડેમ ગણો. આ તમામ ચેકડેમ હોય, બોરીબંધ હોય કે ખેતતલાવડી હોય. ૧૦x ૧૦ની ખેતતલાવડી. આ ત્રણેમાં ભ્રષ્ટાચાર સિવાય કંઇ બહાર આવે એવું નથી. આ વિભાગ દ્વારા તળાવો ખોદવામાં આવતા હોય છે. હવે ચોમાસુ નજીક આવ્યું. ૧૦-૧૫-૨૦ લાખ રૂપિયાના ખર્ચે તળાવો ઉંડા કરવાની કામગીરી ચાલે છે. આ તળાવ ઉંડુ કરવામાં જયારે વરસાદ પડી જતો હોય છે ત્યારે ૨૦ ટકાની કામગીરી થાય, ૮૦ ટકા કામગીરી બાકી હોય. વરસાદના કારણે પાણી ભરાઇ જતું હોય છે. પાણી ભરાઇ જાય તેનું ૧૦૦ ટકા બિલ બને.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, ૩૧મી મેના દિવસે બધા કામો બંધ કરવાની રાજય સરકારની સૂચનાઓ છે. આપણે ત્યાં જૂન પહેલાં વરસાદ પડતો નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સૂચના આવી હોય એ ખૂબ સારી વાત છે. પાછલા ઘણા વર્ષોથી ૧૦૦ ટકા કામો બતાવીને ૨૦ કે ૩૦ ટકા કામ કરી ૮૦ ટકા પૈસા તમામ કોન્ટ્રાક્ટરો ઘરભેગા કરે છે આ વાસ્તવિકતા છે. ખાસ કરીને અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં આ તમામ તળાવોના કામો ખોટા કરવામાં આવ્યા છે. મારા વિસ્તારમાં કલોલ અને કડી તાલુકામાં કાંસની સંખ્યા વધારે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા સરકારનું ધ્યાન દોરવું છે કે ખેડૂતોને ખેતરમાં જવા માટે કાંસ ઉપર જવા માટેની વ્યવસ્થા નથી. એવા વિસ્તારોની તપાસ કરી કાંસ ઉપર નાળા બનાવવાની કામગીરી ઝડપથી કરવામાં આવે એવી મારી સરકારને વિનંતી છે. આ કાંસની સાફ-સફાઇ પણ થતી નથી. જેના કારણે ઘણી બધી જગ્યાએ ખેતરોમાં પાણી ભરાઇ જાય છે અને ખેડૂતોના પાકને નુકસાન થાય છે. એવા કાંસ કલોલ અને કડી તાલુકામાં છે. એવા કાંસની સારી રીતે સાફ-સફાઇ થાય તો પાણી ભરાય નહી અને ખેડૂતોના પાકને નુકસાન ન થાય. ઘણી બધી જગ્યાએ નર્મદાની કેનાલ તૂટવાથી ખેડૂતોના ખેતરમાં પાણી ભરાઇ જાય છે અને તેમના પાકને નુકસાન થઇ રહ્યું છે. આવા ખેડૂતોના પાકના નુકસાન માટે સરકાર તરફથી આજ દિન સુધી સહાય આપવામાં આવી નથી. આ સહાય ઝડપથી ચૂકવાય એવી મારી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. શ્રી <#M/બાબુભાઇ કા. વાજા/M#>(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ નર્મદા યોજના માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા કેનાલ પાછળ રૂ.૩૫,૯૦૦/- કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. નાની કેનાલો ૪૦ ટકા બાકી છે અને ૧૦ ટકા મોટી કેનાલો બાકી છે. આ બાકી કામ વહેલામાં વહેલી તકે થાય એવી મારી લાગણી અને માગણી છે. ૨૦૦૭ના અંદાજપત્ર વખતે જાહેરાત કરવામાં આવી હતી કે સરદાર સરોવર યોજના પૂરી કરવામાં આવશે અને આ ૨૦૦૦નું વર્ષ સુવર્ણમય હશે. પરંતુ હજુ સુધી એનો લાભ મળ્યો નથી. પાણી વિનાની ખાલી કેનાલો મળેલી છે. તા.૧-૫-૨૦૦૩ના કાર્યક્રમમાં કહેવામાં આવેલ હતું કે નર્મદા યોજનાને કારણે રૂપિયો ડોલરનું ઉત્પાદન કરશે. આપે જે વાત કરી હતી એવું કાંઇ છે જ નહીં. •(× × × ) મારા માંગરોળમાં કેનાલ નથી. સરકારને જણાવ્યા મુજબ આજે ડેમની ઉંચાઇ ૧૨૧ મીટર છે અને એમાં વધારો કરીને ૧૩૮ મીટર ઉપર લઇ જવાની છે. ૧૩૮ મીટરની ઉંચાઇએ ડેમ આવશે ત્યારે એમાં ત્રણ ગણું વધારે પાણી મળશે. ૧૭ દિવસમાં મંજૂરી મળ્યા બાદ આપને દરવાજા લગાવતા ૩ વર્ષ લાગ્યા છે. આ કામગીરી વહેલી તકે કરો. નહીં તો બીજા બે વર્ષ જતા રહેશે અને આ કામ અમારે કરવું પડશે. એટલે આ માટે થોડુંક વિચારો. નર્મદા યોજના પાછળ ખૂબ ખર્ચ કરવામાં

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવ્યો છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન આ ત્રણ રાજ્યો પાસે આપણી લેણી રકમ છે એ વસૂલ કરવી જોઇએ. સરદાર સરોવર યોજના દ્વારા ૧૮.૩૪ લાખ હેક્ટર જમીનમાં સિંચાઇ કરવામાં આવે છે એવી વાત કરી છે. પરંતુ એમાં ૫૦ ટકાને પણ પાણી મળેલ નથી. મારા અંદાજ પ્રમાણે તો ૮૦ ટકાને પાણી નહીં મળ્યું હોય. નર્મદા કેનાલમાં ભંગાણ પડે. એના માટે કોન્ટ્રાક્ટરો દ્વારા જ આ ભંગાણ રિપેર કરાવવામાં આવે છે. પરંતુ આ નબળી કામગીરી માટે જવાબદાર અધિકારી હોય, જેણે ભ્રષ્ટાચાર કર્યો હોય એના ઉપર પગલા લેવા માગો છો કે કેમ? એટલું કહી વિરમું છું.

શ્રી <#M/જગદીશભાઇ ઈ. પંચાલ/M#>(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૭-૧૮ના વર્ષના અનુદાનની જે માગણીઓ લઇને આવ્યા છે અને આ વખતે ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે જે ૩૮૦૦ કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે અને તેમાંય સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ માટે જે ખાસ પેકેજ આપ્યું છે એ બદલ હું સરકારને અભિનંદન પાઠવું છું. ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત મધ્યમ અને નાના લઘુ ઉદ્યોગોને એ ક્ષેત્રે ખાસ પગલા જાહેર કર્યા છે તે માટે એને આગળ ધપાવતા આ વર્ષે પણ નાના ઉદ્યોગોને માટે એક હજાર કરોડની સહાય પેકેજ આપવામાં આવેલ છે ત્યારે મને આનંદ થાય છે કે સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ અને મધ્યમ એકમોને MSME ગુજરાતના ઉદ્યોગકારોનું એક મોટું હબ બન્યું છે ત્યારે MSME માં પ્રોત્સાહન યોજના રૂપે આવકારવા માટે આ વખતે સરકારે ખાસ એક અલાયદી કમિશ્નર કચેરીની જાહેરાત કરી છે તે પણ ઉદ્યોગોને વેગવંતો બનાવશે. મને જણાવતા આનંદ થાય છે કે કેન્દ્ર સરકાર સ્ટેન્ડ અપ ઇન્ડિયા કાર્યક્રમ અંતર્ગત અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના લાભાર્થીઓ માટે પણ ભારત રત્ન ડોકટર બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજનાનું પણ ખાસ પેકેજ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે એના માટે પણ મને સરકાર ઉપર ગર્વ છે. ગુજરાત રાજયમાં જે ઔદ્યોગિક એકમો આવેલા છે એમાં ત્રીજા ભાગના ઔદ્યોગિક એકમો અમદાવાદ અને અમદાવાદની આજુબાજુના વિસ્તારોમાં વિકસ્યા છે અને હજારો, લાખો યુવાનોને રોજગારીની તક પૂરી પાડી છે ત્યારે મને ગર્વ થાય અને મારા સાથી ધારાસભ્યો જે અમદાવાદમાંથી આવે છે એમને પણ ખૂબ આનંદ થાય કે અમદાવાદની અંદર ઘણા બધા ઉદ્યોગોની સ્થાપના થઇ છે. જયારે વ્યકિતગત હું અમદાવાદમાંથી આવુ છું ત્યારે મને આનંદ થાય કે મારા મત વિસ્તારની અંદર ઓઢવ જી.આઇ.ડી.સી. આવેલી છે, ૧૨૮ હેકટરની અંદર ૫૩૦ ઉદ્યોગો આવેલા છે. કઠવાડા જી.આઇ.ડી.સી. પણ મારા અને બાબુકાકાના મતવિસ્તારમાં આવેલી છે ત્યાં પણ ૧૨૬ હેકટર જમીનમાં ૫૮૦ ઉદ્યોગો આવેલા છે. એવી જ રીતે વટવા જી.આઇ.ડી.સી. અમારા માનનીય પ્રદિપસિંહજી જાડેજાના મતવિસ્તારમાં આવેલી છે ત્યાં ૫૧૬ હેકટરમાં લગભગ ૨૩૦૦ ઉદ્યોગો આવેલા છે. માનનીય નિર્મલાબહેનના મતવિસ્તારમાં ૩૬૩ હેકટરમાં ૧૧૦૦ ઉદ્યોગો આવેલા છે. આમ આજુબાજુમાં થઇ, અમદાવાદની પેરેફેરીમાં નાના મોટા ઉદ્યોગો, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટો લગભગ ૫૫૦ કરતા પણ વધારે ઇન્ડસ્ટ્રીયલ ઉદ્યોગોનો વિકાસ થયો છે. મારે મારા સાથી અને વિપક્ષના મિત્રોને કહેવું છે કે વાઇબ્રંટની અંદર જે રોકાણો થાય છે એ રોકાણોની અંદર આજે માત્ર અમદાવાદ અને અમદાવાદની આજુબાજુમાં લગભગ ૧૫હજાર કરતા પણ વધુ નાના મોટા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટો માત્ર ઔદ્યોગિક એકમો લઘુ ઉદ્યોગો ત્યાં વિકસેલા છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે અમદાવાદ અને અમદાવાદની પેરેફેરીમાં ૧૮હજાર કરોડ કરતા પણ વધારે રોકાણ થયેલા છે. હમણા જયારે બળવંતસિંહ કહેતા હતા ત્યારે મારે કહેવું છે કે એમના મતવિસ્તાર સાંતેજમાં પણ અરવિંદ મિલ જેવા ખૂબ મોટા ઉદ્યોગ આવેલા છે. ૧૨૦૦ કરોડ કરતાં પણ વધારે રકમનું ઇન્વેસ્ટ ત્યાં થયેલ છે. લાખો યુવાનોને રોજગારી પૂરી પાડેલ છે. આ ઔદ્યોગિક વસાહતોની અંદર સરકારે રોડ, રસ્તા, લાઇટ, ડ્રેનેજ માટે પણ જે કોર્પોરેશનનો ટેકસ ઉઘરાવવામાં આવે છે એ ટેકસની ૭૫ ટકા રકમ પણ ઔદ્યોગિક વસાહતોને વળતર સ્વરૂપે આપવામાં આવે છે અને એને કારણે આજે કઠવાડા જી.આઇ.ડી.સી., ઓઢવ જી.આઇ.ડી.સી. વટવા જી.આઇ.ડી.સી., નરોડા જી.આઇ.ડી.સી. આ બધી જી.આઇ.ડી.સી. માં જયારે આપણે જઇએ ત્યારે આપણને લાગે કે આપણે કયાંક વિદેશની ઇન્ડસ્ટ્રીમાં ફરતા હોય એ રીતનું આખું માહોલ ઉભું કરવામાં આવ્યું છે ત્યારે સરકારને ખાસ અભિનંદન આપવા પડે કે વાઇબ્રંટ જેવી સમિટના કારણે જે બહારના ઇન્વેસ્ટરો આવે છે આવી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટોમાં જાય છે ત્યારે ચોકકસ પણે ગુજરાતનો જે ગ્રોથ થયો છે એ માત્ર અને માત્ર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે ત્યારે મારે ખાસ કહેવું છે કે અમદાવાદ, નરોડા અને વટવા જી.આઇ.ડી.સી.માં જે ક્રીટીકલ ઇન્ડસ્ટ્રીયલ ઝોન છે જે ઘણા સમયથી હતો, કેમિકલ ઇન્ડસ્ટ્રી આવેલી છે એના પડતર પ્રશ્નો ઘણા બધા સમયથી પડયા હતા ત્યારે અમારા માનનીય વિજયભાઇ સાહેબ અને માનનીય નીતિનભાઇ સાહેબ અને પર્યાવરણ મંત્રીશ્રી શંકરભાઇને વારંવાર રજૂઆત કર્યા પછી હમણાં ક્રીટીકલ ઝોન હતો એ ક્રીટીકલ ઝોન અમારી સરકારે ઉપાડી લીધો છે. એના કારણે નવા ઉદ્યોગોનો વિકાસ થશે, હજારો યુવાનોને રોજગારી માટેની તક મળશે. આના માટે ઉદ્યોગકારોએ કોમન ઇન્ફલુઅન્ટ ટ્રીટમેંટ પ્લાન્ટ પણ કરી અને સરકારને બાંહેધરી આપી છે કે અમે જે પણ પાણી છોડીશું એ પાણીથી જમીનને નુકસાન ન થાય, માનવહિતને નુકસાન ન થાય, ખેડૂતોને નુકસાન ન થાય એ રીતે કોમન ઇન્ફલુઅન્ટ ટ્રીટમેંટ પ્લાન્ટ પાણી કર્યા પછી COD, BOD લેવલ નીચું લાવ્યા પછી એ પાણી છોડવામાં આવે છે.

શ્રી <#Mi /ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા/Mi #> (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉદ્યોગ વિભાગની માગણી ઉપરની ચર્ચામાં માનનીય દુષ્યંતભાઇ, નરોત્તમભાઇ, પંકજભાઇ, કાંતિલાલ અમૃતિયા અને જગદીશભાઇ પંચાલ એ શાસક પક્ષના મારા સાથીઓએ ભાગ લઇને એને સમર્થન આપ્યું છે. મારા સાથી વિપક્ષના શૈલેષભાઇ પરમાર, પુંજાભાઇ વંશ અને બળવેદજી ઠાકોરે એમાં આલોચના પણ કરી છે અને સૂચનો પણ કર્યા છે. હું એમની આલોચના

અને સૂચનો બન્નેનો સ્વીકાર કરું છું. બળદેવજી, આજે ચર્ચા નર્મદા અને ઉદ્યોગ વિભાગની હતી અને તમે તળાવો અને સિંચાઇ વિભાગની ચર્ચા કરતા હતા. એમાં શહેરી વિકાસ વિભાગ પણ આવી ગયો. પુંજાભાઇએ કહ્યું એટલે મારે તાત્કાલિક એનો જવાબ આપવો જોઇએ. તમે રોજગારીના આંકડાની વાત કરી. અત્યાર સુધીમાં વાયબ્રન્ટ ગુજરાત થકી જ ૩૦ હજારથી વધુ પ્રોજેક્ટો કમિશન થયા છે. તમે માનો કે ન માનો આ એક ગુજરાત માટે અને દેશ માટે અભૂતપૂર્વ કામ છે. રૂટીનમાં ચાલતા હોય એ અલગ વસ્તુ છે. બીજા બધા રાજ્યોમાં જેમ રૂટીનમાં ચાલતા હશે પણ ઇનિસિએટીવ લઇને પ્લેટફોર્મ પૂરું પાડીને અને જેનું અનુકરણ લઇને કોંગ્રેસ શાસિત રાજ્યોએ પણ શરૂ કર્યું છે. એનો મતલબ એ થયો કે ગુજરાત જે કરે છે એ સાચું કરે છે અને જો ખોટું કરતું હોત તો કોંગ્રેસ શાસિત રાજ્યોએ આનું અનુકરણ ના કર્યું હોત. ૩૦ હજારથી વધારે કમિશન થયા અને ૨૧ લાખથી વધુ સિસ્ટમમાં નોંધાયેલ લોકોને રોજગારી મળી. આ ઉપરાંત આનુષંગિક કહેવાય એવી ડાયરેક્ટ કે ઇન-ડાયરેક્ટ રોજગારી જેમ કે ટ્રાન્સપોર્ટ, મજૂરથી માંડીને ડ્રાયવર, ગોડાઉનવાળા, પેકેજિંગ, માર્કેટીંગ, રીપેરીંગ આ બધી રોજગારી માત્ર ને માત્ર ઉદ્યોગોના કારણે મળી છે એનો આ ૨૧ લાખમાં ઉલ્લેખ નથી. ૨૧ લાખથી કદાચ ડબલ કે ત્રણ ગણી રોજગારી હોઇ શકે. એના આપણે બધા સાક્ષી છીએ. આ વાયબ્રન્ટ ગુજરાતના કારણે સૌથી મોટો લાભ થયો હોય, પહેલા એવું કહેવાતું હતું, ૧૫-૨૦ વર્ષ પહેલા જ કહેવાતું હતું કે ગુજરાતમાં ઉદ્યોગ એટલે વડોદરાથી વાપી એટલે ઉદ્યોગ. ૪૦ વર્ષમાં કોઇપણ બહારથી કે ગુજરાત રાજ્યના કોઇપણ ઉદ્યોગપતિને ક્યાંય પણ નવો ઉદ્યોગ શરૂ કરવો હોય તો એની નજર વડોદરાથી વાપી સુધી જ જાય. અમે સત્તામાં આવ્યા અને અમે કહ્યું કે સમતોલ વિકાસ, સર્વાંગી વિકાસ, સંપૂર્ણ વિકાસ. મિત્રો, સમતોલ વિકાસ કોને કહેવાય? ૪૦ વર્ષ સુધી વડોદરાથી વાપી એને સમતોલ વિકાસ ન કહેવાય. આ એક માત્ર નવા અભિગમના કારણે આજના દિવસે તમને પણ લાભ મળ્યો હશે. તમારા બધાના મત વિસ્તારમાં ગામડાં છે એનો ૧૫ વર્ષ પહેલાનો જમીનનો ભાવ શું હતો અને આજે શું છે એ તમને બધાને ખબર છે. એના કારણે વીઘાના એક કે બે હજાર રૂપિયાના ભાવની જમીનનો આજે ૫ થી ૧૦ લાખ ભાવ થયો છે. એના કારણે ગ્રામ્ય પ્રજાનું જીવન-ધોરણ ઉંચું આવ્યું છે અને આ સીધો અને આડકતરો લાભ છે. મારા બજેટ ઉપરના પ્રવચનમાં મેં કહ્યું હતું કે ૧૫-૨૦ વર્ષ પહેલા માણસ વ્યક્તિગત, સામૂહિક, ધાર્મિક, લગ્ન કે પ્રસંગોની ઉજવણી જે કરતો હતો એ તમે જોયું છે એનું કારણ શું? એક જ કારણ, વાયબ્રન્ટ ગુજરાત. સરકારનો માપદંડ છે જી.ડી.પી. એમાં ત્રણ સેકટર એગ્રીકલ્ચર, ઇન્ડસ્ટ્રી અને સર્વિસ સેકટર. મારે આજે ઇન્ડસ્ટ્રીની જ વાત કરવાની છે પણ સાથે ઉલ્લેખ કરી લઉં કે કૃષિ મહોત્સવના કારણે જે ગઇકાલ સુધીમાં ગરીબ, નાના અને સીમાંત ખેડૂત, ખેડત ન હતો પણ રાજ્ય સરકારની નીતિના કારણે ૧૮૦૦૦ ગામડાંઓમાં અમારા વૈજ્ઞાનિક અને અધિકારીઓ ગયા એના કારણે ગઇકાલ સુધીની પડતર જમીન ખેડવાની શરૂઆત કરી જેના કારણે પ્રોડક્શન વધ્યું. ૧૦,૦૦૦ કરોડનું વાર્ષિક ઉત્પાદન એ દોઢ લાખ સુધી પહોંચ્યું એ માત્ર કૃષિ મહોત્સવના કારણે અને વધારેમાં વધારે રોજગારી મળી એક આ સેકટર છે એ કૃષિ મહોત્સવના કારણે અને ઇન્ડસ્ટ્રીમાં સૌથી વધારે રોજગારી મળી હોય તો એ ઇન્ડસ્ટ્રીના કારણે, વાયબ્રન્ટ ગુજરાતના કારણે અને સર્વિસ સેકટરમાં આપણે બધા જાણીએ છીએ. કેલેન્ડર બહાર પાડીને અમારા આનંદીબેન હોય, નરેન્દ્રભાઇ હોય કે અત્યારે વિજયભાઇ હોય. વિજયભાઇએ આવીને જાહેરાત કરી કે હું એપ્રિલ-મે સુધીમાં ૬૭,૦૦૦ લોકોને નોકરી આપીશ. ૬૭,૦૦૦ને આપવાની પ્રક્રિયા ચાલે છે. દરમ્યાનમાં ૧૦મી ફેબ્રુઆરીથી એક અઠવાડિયામાં જ તે મિત્રો અમે ૧૨-૧૨, ૧૫-૧૫ હજાર યુવાનોની હાજરીમાં, સામે કેમેરા અને પત્રકારોની હાજરીમાં સામે નોકરી આપનાર વર્ગ ૧૦૦-૨૦૦ બેઠા હોય અહીંયા ૧૦-૧૨ હજાર અરજદારો, વિદ્યાર્થીઓ બેઠા હોય આખા રાજ્યમાં ૧,૦૯,૦૦૦ લોકોને નોકરી આપી. ક્યાંય કોઇપણ પ્રકારના અનરેસ્ટ સિવાય આ રાજ્યની સૌથી વધારે સફળતા એ છે કે ૨૦ વર્ષ પછી કોઇ સામૂહિક અનરેસ્ટ નથી ને? એ જ આ રાજ્ય સરકારની સફળતા છે અને એ પુરાવાઓ ૧૫-૧૫ હજાર લોકો નોકરી માટે ભેગા થાય અને એમાંથી ઓન રેકોર્ડ બોલાવી બોલાવીને મીનીમમ ૨૦-૨૫ હજારથી માંડીને લાખ-દોઢ લાખનું પેકેજ આપવામાં આવે આનાથી વધારે મોટી સફળતા કઇ હોઇ શકે? અને એ જી.ડી.પી.ની અંદર આપણો ભૌગોલિક વિસ્તાર હિંદુસ્તાનના ૬% જ છે વસ્તી ૫% જ છે પણ આ બધા કારણોસર કૃષિ, ઉદ્યોગ, સર્વિસ સેકટર આ ત્રણેયના સામૂહિક સંકલન અને વિકાસના કારણે નેશનલ જી.ડી.પી.માં ૭.૫%નો હિસ્સો છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં જી.ડી.પી.માં ૩૧%નો હિસ્સો છે. કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૯%નો છે અને તે પૈકી ૧૧% દેશના કુલ ઉદ્યોગોના એ ગુજરાતમાં છે. ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૧૯%નો છે આ નાની વાત નથી. ઉત્પાદન ના થાય તો નિકાસ કેવી રીતે થાય? એ વાયબ્રન્ટ ગુજરાત અને કૃષિ મહોત્સવના કારણે ઉત્પાદન થયું, એનું વેલ્યુ એડીશન થયું. બટાકાથી કાતરી અને વેફર બની એ ઉત્પાદન થયું એ ઉદ્યોગનું તો મિશ્રણ થયું એના કારણે થયું. બંદરો ઉપરથી ૪૧% ગુજરાતનો હિસ્સો છે. વાયબ્રન્ટ ગુજરાતની જે વાત કરું છું એમાં હમણાં માનનીય પંકજભાઇ વાત કરતા હતા એ વખતે વચ્ચે કોઇએ ડાઉટ કર્યો મારી પાસે આંકડા છે. ૨૦૦૦ સુધી અને આ ૧૬ વર્ષની અંદર અને ૨૦૦૦ પછી ૮૮૧%નો મૂડીરોકાણમાં વધારો થયો છે. કચ્છમાં પહેલા કેટલું હતું? ૨૪૫૪ કરોડનું હતું અને કચ્છમાં અત્યારે કેટલું છે? ૨૧,૬૧૬ કરોડ રૂપિયાનું એટલે ૮૮૧% એટલે આ બધું રેકર્ડ ઉપર છે અને હું પણ રેકર્ડ ઉપર જ બોલું છું. એટલે કોઇને પણ ચકાસવું હોય તો છૂટ છે. સુરતમાં ૨૦૦૦ સુધીનું ૧૯,૪૯૬ કરોડનું અને આજની સ્થિતિએ ૧૯ માંથી ૪૪,૫૩૬ કોરડનું ૨૨૮% નો વધારો. ઓટોમોબાઇલ ક્ષેત્રે માત્ર એક પ્રોજેક્ટ હતો. આજે ફોર્ડ, મારૂતી, હોન્ડા મોટર્સ, હોન્ડા સ્કુટર, હીરો ૬૦૦% નો વધારો થયો છે. ટેક્સટાઇલ એકમોમાં કુલ ૮૫૨ પ્રોજેક્ટોમાં ૧૯,૪૩૩ કરોડ અને માત્ર ટેક્સટાઇલમાં ૫૭,૮૯૦ રોજગારી મળી છે. જે પહેલાં સ્પીડલની માહિતી જ કોઇ નહતી, સન ૨૦૦૦ પહેલાં સ્પીડલની ટેક્સટાઇલમાં કોઇ માહિતી જ નહતી.

આજે ૨૦ લાખ સ્પીડલ, ટેક્સટાઇલ પાર્ક ૨૦૦૦ સુધી ઝીરો હતું, સ્પીડલમાં ટેક્સટાઇલ પાર્ક. જુઓ આ નરેન્દ્રભાઇનું ઇનોવેટિવ થીન્કીંગ ઇન સાઇડ દીર્ઘ દ્રષ્ટિને કારણે કે, ગુજરાતને મારે માત્ર હિન્દુસ્તાની હરિફાઇ નથી કરાવવાની. મારે હિન્દુસ્તાનને ચાઇના–જાપાન સાથે, તો કેવી રીતે થશે? એમ જ થશે ? કાંઇક જમીન ઉપર કરી બતાવવું પડશે અને એ કરી બતાવીને માત્ર અહીંયા જ કર્યું એટલું જ નહીં, કરી બતાવીને પછી વિશ્વ આખાને વાયબ્રન્ટ ગુજરાતમાં બોલાવ્યા અને કહ્યું કે, જુઓ આ મારું ગુજરાત છે. અને બધા લોકોએ આવીને કહ્યું કે, વાત તો તમારી સાચી છે. Now you can compare your Gujarat with China, with Japan એ લોકોએ મિત્રો એમના અભિપ્રાયમાં કહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત અનુસંધાનમાં બધા મંત્રીશ્રીઓને અલગ અલગ રાજ્યમાં જવાનું થાય છે. મારે પશ્ચિમ બંગાલમાં કલકતામાં જવાનું થયું હતું. પશ્ચિમ બંગાળની મોટામાં મોટી કંપની આઇ.ટી.સી. છે. ખૂબ મોટી છે એની સેવન સ્ટાર હૉટેલો છે, બાકી ઉદ્યોગો છે, પુષ્કળ છે. એ મને મળવા માટે આવ્યા અને એમણે શું કહ્યું કે, મારો જન્મ અહીંયા જ થયો છે, મેં અત્યાર સુધી બધું અહીંયા કામકાજ કર્યું છે, ઉછેર પણ અહીંયા થયો છે પરંતુ હવે મારે ઉદ્યોગોની શરૂઆત કરવી છે અને એમણે આજથી ત્રણ મહિના પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કર્યું અને અમદાવાદ શહેરમાં આ આઇ.ટી.સી.ના લોકોએ ઉદ્યોગની સ્થાપના કરી. આ લાગણી, આ તો એક નમૂનો છે, આ માત્ર ઉદાહરણ છે. બાકી બધા જ આ રાજ્યના નામાંકિત અને શ્રી રતન ટાટાએ કહ્યું હતું. જુઓ માની લો કે અમે કોઇ કહીએ, નરેન્દ્રભાઇ કહે તો ચાલો પણ રતન ટાટા તો કોઈ ભા.જ.પ.ના છે નહીં, એ તો ઇન્ટર નેશનલ અને માની લો કે એ કોઇની ખુશામત કરે ને તો આખું ઉદ્યોગ જગત એમ કહે કે, ચાર તમે ખુશામત કરી? તમે ખોટું કર્યું (અંતરાય) પણ એણે કહ્યું અને ક્યારે કહ્યું ૨૦૧૧માં કે ૨૦૧૩માં કહ્યું કે, who doesn't invest in Gujarat, is stupid ગુજરાતમાં જે રોકાણ નથી કરતા, મૂર્ખ છે. સ્ટુપીડનો અર્થ મૂર્ખ થાય પ્રોફેસર સાહેબ. અને એ નરેન્દ્રભાઇની દીર્ઘ દ્રષ્ટિ જોઇને મુકેશ અંબાણીએ ૨૦૧૧માં કહ્યું હતું હતું કે, આ જોતાં લાગે છે તમારી વ્યવસ્થા અને તમારી રોકાણ કરવાની આવડત અને મહેમાનોને જે રીતે બોલાવ્યા છે એ જોતાં લાગે છે કે, તમે ભવિષ્યના વડાપ્રધાન છો અને દેશની સેવા કરવાના છો. આ બધું જ એ માત્ર ને માત્ર એમની ભેટ છે. હું આખા વાયબ્રન્ટને અને ગુજરાતમાં નરેન્દ્રભાઇએ કરેલા કામોને વડાપ્રધાનની અમૂલ્ય ભેટ તરીકે કહું છું.

મારે એમાં ઉમેરો કરવો છે પુંજાભાઇની બાબતમાં કે, અત્યાર સુધીમાં જેટલા વાયબ્રન્ટ થયા એ બધા વાયબ્રન્ટમાં આ વખતના વાયબ્રન્ટ પહેલાં અમારા ચીફ સેક્રેટરીએ પ્રેસ કોન્ફરન્સ ભરી, પછી એના આંકડાને કોઇએ ચેલેન્જ નથી કર્યા. એનું અમલીકરણ કેટલું થયું, ૬૬ ટકા કલ્પના કરો. કાંઇ ના કરીએ, હું એકદમ પોઝેટીવ વાત કરું છું, ગુજરાત માટે વાત કરું છું. તમે કાંઇ નથી કરતા એના કરતાં અમે પાંચ ડગલા આગળ વધ્યા છીએ. in the interest of Gujarat, now in the interest of Country. ૬૬ ટકાનું અમલીકરણ થાય એ નાની વાત નથી. જેટલા પણ એમ.ઓ.યુ. થાય એ બધાનો અમલ ન થાય. કારણ કે, ઇરાદો વ્યક્ત કરે અને પછી માંડી પણ વાળે પણ ઇરાદા વ્યક્ત કર્યા એવા ૫૧,૭૩૮માંથી ૩૪,૦૩૭ માત્ર જે એમ.ઓ.યુ. થયા છે. ભારત સરકારના જે તે વખતે ૨૦૧૪ પહેલા ઉદ્યોગ મંત્રાલયના આંકડા મુજબ સમગ્ર ભારતમાં લાર્જ પ્રોજેક્ટની નોંધણી તેમજ પ્રોડકશન પૂર્ણ કરી ઉત્પાદન શરૂ કરવામાં બંનેમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે અને યુ.પી.એ.ના આંકડા કહે છે આ, આ આંકડા યુ.પી.એ.ના છે, એન.ડી.એ.ના નથી. પહેલા કોઇ વખત મેક ઇન ઇન્ડીયા, સાંભળીએ તો રાષ્ટ્ર ભાવના અને રાષ્ટ્ર ગૌરવ થાય, કોઇ દિવસ સાંભળેલું ખરું આ આટલા વર્ષોના શાસનમાં? યુવાન સાંભળે સ્ટેન્ડ અપ ઇન્ડીયા, સ્ટાર્ટઅપ આની પાછળ કોઇ રાજકીય ભાવ નથી. દેશ ભાવના છે, રાષ્ટ્રભાવના છે. વડાપ્રધાનશ્રી આવતીકાલના યુવાન નાગરિકને એમ કહે કે સ્ટેન્ડઅપ, મેક ઇન ઇન્ડીયા તો પેલો યુવાન થનગને છે અને એના માટે માનનીય નરેન્દ્રભાઇએ સ્ટાર્ટઅપ યોજના કરી અને સ્ટાર્ટઅપ યોજનામાં દરેક યુવાન પાસે કંઇક ને કંઇક નવી બાબતો હોય છે, નવા આઇડીયા હોય છે. જેને ઇનોવેટીવ આઇડીયા કહેવામાં આવે છે. બધા જ નોકરી નથી કરતા, કેટલીક વખત ભણ્યા પછી પણ આવા આઇડીયા આવે છે, કેટલીક વખત ઓછું ભણેલાઓને પણ આઇડીયા આવે છે અને એનાથી આપણે જોઇએ છીએ કે કેટલાક અભણ ખેડૂતો પણ ખેતીના નવા નવા સાધનો એ શોધે છે કે નહીં? અને એને વૈજ્ઞાનિકો મહોર મારે છે કે આ તમારું સાધન છે એ ડીઝલ બચાવે છે, એ વાવણીમાં ઝડપ લાવે છે, એ કાપણીમાં ઝડપ લાવે છે તો ગરીબ, અભણ ખેડૂત ઇનોવેટીવ કામ કરે તો કયાં જશે? મિત્રો, અગાઉના શાસનમાં એનો હાથ પકડનારું કોઇ નહોતું, એને કોઇ મદદ કરનારું નહોતું. નરેન્દ્રભાઇએ કહ્યું કે સ્ટાર્ટઅપ અને મુદ્રા નામની એક યોજના કરી પચાસ હજાર સુધી, તારે નવો પ્રોજેક્ટ શરૂ કરવો હોય તો કોઇપણ પ્રકારના જામીન સિવાય તને પચાસ હજાર રૂપિયા નવા પ્રોજેક્ટ માટે મળશે અને એનું નામ પણ સરસ આપ્યું એ નામ છે શીશુ યોજના. તમારે બધાને કંઇ કામ કરવું છે પચાસ હજારથી પાંચ લાખ સુધીનું તમારે રોકાણ કરીને કામ કરવું છે તો એને બાળ યોજના કહી. માણસ મોટો થાયને? શીશુ હોય પછી બાળ થાય, પછી તરૂણ થાય તો તરૂણની યોજના માટે પાંચ લાખથી ૧૦ લાખ સુધીની યોજના અને એમાં શિક્ષણ મંત્રી તરીકે મેં (અંતરાય) એકલા મહેન્દ્રસિંહ સમજે કે શીશુ શું કહેવાય, બાળ શું કહેવાય અને તરૂણ શું કહેવાય. હવે બધા સમજી ગયા અને આ યુવાનો જે માત્ર થનગનાટ અનુભવે છે એને માત્ર કહીને? ના, એને તક મળવી જોઇએ, એને જગ્યા મળવી જોઇએ તો શિક્ષણ મંત્રી તરીકે મેં છેલ્લા ચાર વર્ષની અંદર આ સ્ટાર્ટઅપ માટેની ઉદ્યોગ સાથેની અનેક મિટિંગો કરી છે અ ને એમની માગણી પ્રમાણે દરેક યુનિવર્સીટીમાં એમને બેસવું, ચર્ચા કરવી, ઠંડુ પાણી પીને કંઇક કલેરીકલ કામ કરવું, કોઇ ઉદ્યોગપતિને મળીને ચર્ચા વિચારણા કરવી, પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવો એ બધા માટે દરેક યુનિવર્સીટીમાં માત્ર સ્ટાર્ટ અપ માટે અમે અલગ વ્યવસ્થા કરી આપી છે અને એ અલગ વ્યવસ્થાથી માત્ર એકલા એમને લાભ

નથી મળતો પણ એમની સાથેના બધા જ લોકોને એ લાભ મળે છે અને એમાં નવા નવા ખૂબ આઇડીયા આવે છે અને એ સમાજને ઉપયોગમાં આવે છે. એ ઉપયોગમાં આવતા બધા આઇડીયા છે એ દેશના ઉદ્યોગપતિઓને પણ કેટલીક વાર કે એની પાસે પૈસા નથી તો એ ઉદ્યોગપતિઓ એને લઇ અને પછી એમાંથી મોટું ઉત્પાદન કરે છે. સમાજની સમસ્યા, એનો ઉકેલ એટલે ઇનોવેશન, નવો આઇડીયા. ઓછું ડીઝલ બળે, ઓછું પાણી, આઇડીયા. કારમાં વરસાદના પ્રમાણમાં વાઇપર ફરે, ઓછો વરસાદ તો ધીમે ફરે, વધારે વરસાદ તો ઓટોમેટીક વધારે ફરે, આઇડીયા આવા અનેક પ્રકારના સેંકડો મારે કહેવું જોઇએ કે આજના યુવાનને આ પ્રકારે પ્રોત્સાહિત કરવા માટે આખા દેશમાં કોઇએ પણ કામ કર્યું હોય તો માત્ર નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. અમારા કાન્તિભાઇ અમૃતીયા હમણા વાત કરીને ગયા. વર્ષો જૂનો ત્યાંનો આ ઉદ્યોગ છે. ૪૦ વર્ષમાં સેનેટરી ઉદ્યોગમાં ૩૫ થી ૪૦ યુનિટો થયા. આજે ૧૧૦ યુનિટ છે. ૪૦ વર્ષમાં ૩૫ યુનિટ થયા અને ૧૬ વર્ષમાં ૧૧૦. વોલ ટાઇલ્સ ૪૦ વર્ષમાં ૫૦ થી ૬૦ યુનિટ અને ૧૬ વર્ષમાં ૩૯૦ યુનિટ. ફ્લોર ટાઇલ્સમાં ૧૮ થી ૨૦ યુનિટ અને અત્યારે ૯૦ યુનિટ. રોજગારી ત્યાં ૪૦ વર્ષમાં ૨૦૦૦ સુધી ૨૫,૦૦૦ અને આજે ઓછામાં ઓછા ૧૦ લાખથી વધારે. રોકાણ ૨૦ થી ૨૫ કરોડ રૂપિયા ૪૦ વર્ષમાં. આજે ૬ થી ૭ હજાર કરોડ રૂપિયા. એમ.એસ.એમ.ઇ. ની પણ વાત થઇ. એમ.એસ.એમ.ઇ., કુટિર ઉદ્યોગ આ બધી બાબતોમાં રાજ્ય સરકારે ખૂબ ધ્યાન આપ્યું છે. એમ.એસ.એમ.ઇ. માં આ વખતે કેન્દ્ર સરકારે ખૂબ રાહતો જાહેર કરી છે. અને માનનીય નીતિનભાઇએ પણ નાના, લઘુ ઉદ્યોગો માટે ખૂબ રાહતો જાહેર કરી છે. આગામી દિવસોમાં જે લાભ લેશે એને ખૂબ કામમાં આવશે. આ લઘુ ઉદ્યોગમાં પહેલીવાર કોર્પોરેશન વિસ્તારમાં ૫ ટકા, કોર્પોરેશન સિવાયના વિસ્તારમાં ૭ ટકા વ્યાજ સહાય જાહેર કરી છે. ગઇકાલે સંગીતાબેને પૂછયું હતું તો મહિલાઓને એક ટકો વધારે. યુવાન એન્ટરપ્રેન્યોરને બીજો એક ટકો વધારે. આવી વ્યાજ સહાયના કારણે નવા નવા યુવાનો આ ક્ષેત્રોમાં આવી રહ્યા છે. મને પુંજાભાઇ તમે જે ફરિયાદ કરી છે. એને મેં રેકોર્ડ કરી છે. હું એની તપાસ કરાવડાવીશ. ખોટું થયું હશે તો યોગ્ય પગલાં ભરીશ. રાજય સરકારને કંઇ છુપાવવાનું નથી. હું આ ગૃહને વાસ્તવિકતા કહું છું. એક નિર્ણયથી કેટલો ફેર પડે છે. પસંદગી, પ્રાથમિકતા ગઇ કાલે કહ્યું હતું અને વિગતવાર રેકોર્ડ મારે કરવો છે. પહેલાં સગાંવ્હાલાં, ઓળખીતાઓને આપણે ખાણ ખનીજનો કોન્ટ્રાક્ટ આપતા હતા. એક જ નિર્ણય. નરેન્દ્રભાઇ ગયા. ૨૦૧૫ માં હરાજી કરી. એક જ નિર્ણય. જી.આર. બહાર પાડ્યો. હવે પસંદગીના ને નહીં. હવે માત્ર ઓક્શનમાં જે આવે. ઓક્શનમાં સ્પર્ધા થાય અને એ સ્પર્ધામાં વધારે પૈસા આવે. ઓન રેકોર્ડ સી.એ.જી. એ માર્ચ, ૨૦૧૨ માં કહ્યું કે ૧,૮૬,૦૦૦ કરોડનો ગોટાળો થયો છે. આ ૨૦૧૫ માં જી.આર. થયા પછી ૭૩,૦૦૦ કરોડનો ઓક્શનના હિસાબે ફાયદો થયો છે. તમે સ્વીકારો કે ન સ્વીકારો. આ રેકોર્ડ ઉપરની બાબત છે. એનો સ્વીકાર કરવો પડે. આપણે જૂનું ગાણું ગાયા કરીએ કે ભ્રષ્ટાચાર, ભ્રષ્ટાચાર. હું આ ફ્લોર ઉપરથી કહું છું કે ખનનમાં કયાંય પણ કોઇપણ બાબત અમારા ધ્યાન ઉપર આવશે તો યોગ્ય પગલાં લઇશું. સર, સર ધોલેરા સર.(અંતરાય) કરમશીભાઇ કહે છે એટલે હું જવા દઉં છું. પુંજાભાઇની બાબતને ગંભીરતાથી લીધી હતી.

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ તમારી ઉંમરના કારણે કહે છે. આવો શબ્દ પ્રયોગ ન કરાય. ફરીથી કરતા નહીં. કોઇ મંત્રીશ્રીને •(× × × ) એવું ન કહેવાય. પણ એમણે એટલી ઉદારભાવના રાખી. તમારી ઉંમર પ્રમાણે એ ઠીક નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમે *(× × × )એવું અમે નથી કહેતા. એક વિચાર. હું સાક્ષી છું. મારું વતન છે. મેં નજરે જોયું છે. આજથી ૨૦ વર્ષ પહેલાં ધોલેરામાં કોઇ ગરીબ માણસ હોય. અને એને એની દીકરીના લગ્ન કરવા હોય અને તે કોઇ આસામી પાસે જાય અને કહે કે આ મારી ૨ વીઘા, ૫ વીઘા જમીન છે અને કહે કે મને ૫–૧૦ હજાર રૂપિયા તમે વ્યાજે આ જમીન ઉપર આપો. પેલો આસામી ઉદારતાથી એમ કહે કે આ જમીનને મારે શું કરવી છે? તું આ ૫–૧૦ હજાર રૂપિયા લઇ જા. અને મને અનુકૂળતાએ પાછા આપજે. એવી આ જમીનની કિંમત હતી. માનનીય અધ્યક્ષશ્રી, વેચવા કાઢે તો હજાર રૂપિયા ન આવે. એક નવો વિચાર, એક આઇડીયા, નિયમમાં ફેરફાર કર્યો અને ધોલેરા સરની વાત કરી છે. તે એક હજાર, બે હજાર રૂપિયાની જમીન આપશ્રી તો ત્યાં અનેકવાર આવ્યા છો આજે તે જમીન, રોડ ટચની જમીનના દસ લાખ રૂપિયા, પાંચ લાખ રૂપિયા થઇ ગયા છે. આપ કલ્પના તો કરો. કોના ખિસ્સામાં ગયા, કોણ સદ્ધર થયું? ગરીબ માણસ સદ્ધર થયો, અમિતભાઇ ઝૂંપડામાં રહેતા માણસે મકાન બનાવ્યા છે. બાળકોને ભણાવ્યા. ધોલેરાના કારણે આજુબાજુ ભાવનગર, લીંબડી, સુરેન્દ્રનગરના ભાવ વધી ગયા. આ એક નિર્ણયના કારણે તેમનું જીવન ધોરણ ઉંચુ આવ્યું. આજુબાજુના બધા જ લોકો પણ સુખી થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, નેનો માટે ખૂબ ગેરસમજ ચાલે છે. તેજશ્રીબેન અને કરમશીભાઇ બોલ્યા. જો કંઇ ન થયું હોય તો નેનોની સ્થાપના પછી ઇન્ટરનેશનલ, નેશનલ અને રીઝયોનલ ૨૫ બેન્કોની સ્થાપના થઇ છે. શરૂઆત થઇ છે.

અધ્યક્ષશ્રી : બાપુ સાહેબ બે મિનિટ બાકી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યક્ષ, અપ્રત્યક્ષ ઓટોમોબાઇલ હબ બન્યું છે. એક નિર્ણય ખાદી માટેનો છે. હમણાં ઓ.એન.જી.સી. કે જે કેન્દ્ર સરકારનું સાહસ છે તેમણે પોતાના ૩૫ હજાર નાના મોટા કર્મચારીઓને ખાદી પહેરવા માટે કહ્યું અને ૧૩૫૦૦ રૂપિયા ખાદી ખરીદવા માટે આપ્યા. બે જ મહિનાના આ નિર્ણયની અંદર સાડા ચાર કરોડ રૂપિયાની ખાદીનું વેચાણ થયું. મારે તમને એટલું જ કહેવું છે કે તે ખાદી ખરીદવાથી મારા ગરીબવણકરનું એક ઘર ચાલે છે. મારા શિક્ષણ વિભાગે પણ આ કાર્ય કર્યું છે અને તેના આંકડા હું ૨૨મી તારીખે આપીશ. મારા નિર્ણય પછી ગુજરાતના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એકેએક ખાદી ગ્રામોદ્યોગ કેન્દ્ર પર વેચાણમાં વધારો થયો છે તેના આંકડા હું ૨૨મી તારીખે મારી માગણીઓ પરની ચર્ચામાં જાહેર કરીશ. આ એક નિર્ણયથી આખું જીવન ધોરણ અને દેશના વિકાસનો નકશો બદલાઇ જાય છે. મારી આપ સૌને વિનંતી છે કે મારી માગણીઓ સર્વાનુમતે પસાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : નહીં, પ્લીઝ પૂરું થઇ જાય પછી બેનું ભેગું લઇ લઇશું. મને સમયની તકલીફ પડે છે. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ. બંનેનું સાથે લેજો વાંધો નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આજે સાહેબ બહુ કડક છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે આપણા ગુજરાતની વિકાસયાત્રા જેની સાથે જોડાયેલી છે અને અત્યારનું અને આવનારા સમયના ગુજરાતનું ભવિષ્ય, લાખો ખેડૂતોનું ભવિષ્ય, કરોડો નાગરિકોને પીવાના પાણી માટેની જોગવાઇ, લાખો પશુઓ માટે પીવાનું પાણી આ બધું જેમાંથી મળવાનું છે તે નર્મદા યોજના માટેનું બજેટ આ સન્માનનીય ગૃહ સમક્ષ મેં રજૂ કર્યુ છે. આપણા ગૃહની પરંપરા રહી છે કે આજ સુધીની તમામ સરકારો વખતે તેમાં આ પક્ષ હોય કે વિપક્ષ હોય, નર્મદા યોજના ગુજરાતની યોજના છે, ગુજરાતીઓ માટેની યોજના છે, ગુજરાતના લોકોની સુખ સમૃદ્ધિની યોજના છે, સગવડો માટેની યોજના છે તેને ધ્યાનમાં રાખીને સર્વાનુમતે આ બજેટ દર વખતે મંજૂર થયા છે. સ્વાભાવિક છે કે દરેક વ્યક્તિ, ધારાસભ્યશ્રી પોત પોતાના વિસ્તાર પ્રમાણે અને માહિતી પ્રમાણે નર્મદા યોજના વિશે સૂચનો કરે, કયાંય ભૂલ થઇ હોય તો ટીકા કરે અને કયાંય નવું કરવા જેવું હોય તો ધ્યાન દોરે તે બધું જ આજે સભ્યશ્રીઓએ તેમના પ્રવચનો દરમિયાન કર્યુ છે. ત્યારે આજનું આપણું જે આ બજેટ છે તે બજેટની જે જોગવાઇઓ છે તે પ્રમાણે અત્યાર સુધી આપણે નર્મદાનો વિકાસ કર્યો છે તેના ઉપર માનનીય સભ્યશ્રીઓને હું વિગતો આપવા માગુ છું. જે આપણો મુખ્ય બંધ છે તેના માટે આ વખતે પુનર્વસનના કામ સાથે જોડી ૨૩૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. તેવી જ રીતે નહેરનું જે માળખું છે તેમાં માઇનોર સુધીની કેનાલો ૩૨૧૮ કિલોમીટરની છે તેના માટે ૪૯૨૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એના પરિણામે આપણે હવે બિલકૂલ લક્ષ્ય તરફ અને સિદ્ધિ તરફ આગળ વધી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૮ લાખ હેકટરને નર્મદાની સિંચાઇ આપવાની છે. આ વર્ષના બજેટની જોગવાઇઓ પ્રમાણે રકમો વપરાશે એટલે આવનારા સમયમાં ૧૬ લાખ હેકટર સુધી આપણે પહોંચવાના છીએ. વર્ષોથી જેની રાહ જોઇએ છીએ, આપણે અમદાવાદથી દિલ્હી જવા ટ્રેનમાં બેઠા હોઇએ એટલે પહેલું સ્ટેશન આવે, બીજું સ્ટેશન આવે, ત્રીજું સ્ટેશન આવે અને જેમ આપણે ધીરજ રાખતા હોઇએ છીએ અને પછી દિલ્હીની નજીકનું સ્ટેશન આવે એટલે આપણને એમ થાય કે હાશ હવે દિલ્હી પહોંચી ગયા, એમ નર્મદા યોજનાની પણ વર્ષોથી આટલું કામ થયું, આટલું કામ થયું એમ વધતા વધતા મક્કમતાપૂર્વક સરકાર દ્વારા જે કામગીરી થઇ, નિગમ દ્વારા જે કામગીરી થઇ, પ્રજાના સહયોગથી જે કામગીરી થઇ અને ભારત સરકારના સહયોગથી જે કામગીરી થઇ એ બધાના પરિણામે હવે આપણે લક્ષ્યાંકની સિદ્ધિ તરફ ખૂબ નજીકના સમયમાં પહોંચવાના છીએ. એવી જ રીતે મોટામાં મોટો જે પ્રશ્ન હતો કે, સબ માઇનોર કેનાલ એટલે ખેડૂતો હશે એ બધા સમજી શકશે કે, ખેતરમાં જયારે પાણી પહોચાડવાનું હોય, છેલ્લો ઢાળિયો આપણે જે કહીએ છીએ એને અત્યાર સુધી માટીનો બનાવવો એ ખેડૂતો કરતા હોય છે. પોતાનો બોર, પોતાનું સિંચાઇ યોજનાનું પાણી આવે એટલે આખી રાખ ખેડૂતોને જયારે પિયત હોય ત્યારે જાગવું પડે, બેસવું પડે, ક્યાંક માટી પાળો તૂટી જાય તો પાણી નકામું જતું રહે, ફરી પાછો પાળો બાંધીને પાણી વાળવું પડે આવું બધું ખેડૂતો જયારથી ખેતી શરૂ થઇ ત્યારથી કરતા આવ્યા છે. નર્મદામાં પણ આપણી સરકારે જોગવાઇ કરેલી કે ખેડૂતોના પાળા સુધી, ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ, સબ માઇનોર કરવી અને શરૂઆત આપણે એ રીતે જ કરેલી કે ખેડૂતોના ખેતરમાં પાળા કરવા, ઇંટો–માટીનું ચણતર કરવું, સીમેન્ટનું ચણતર કરવું પણ ખેડૂતોની રજૂઆત આવતી હતી કે, અમારી કિંમતી જમીન આ પાળો કરો, સીમેન્ટનું કોંક્રીટનું બાંધકામ કરો એટલે એટલી જમીન નકામી જાય છે. પછી એ પાળો કર્યો હોય એ નાનો હોય ટ્રેકટર કે કોઇ સાધન આવી જાય એટલે કોઇ વાર ફાટી જાય, કેનાલ તૂટી જાય તો ખેડૂતોને નુકસાન થતું હતું. આ બધી જ રજૂઆતોને ધ્યાનમાં રાખી નિષ્ણાતોનો અભિપ્રાય લઇ હું એમ માનુ છું કે, આખા ભારતમાં કોઇ પણ રાજય સરકારે કોઇ પણ સિંચાઇ યોજના માટે કોઇએ વિચારી પણ ન હોય એવી પાઇપલાઇન ખેડૂતના ખેતર સુધી સરકારના ખર્ચે નાંખી આપવાનું કામ એ આપણી નર્મદા યોજનામાં આપણે પહેલીવાર હાથ ઉપર લીધું છે અને એનો જે લાભ થયો એ જોઇએ તો ૬ લાખ હેકટર જેટલી જમીનમાં આપણે આ પ્રમાણેની લગભગ વ્યવસ્થા સાડી સતાણું ટકા સરકારના અને ફકત અઢી ટકા ખેડૂતનો લોકફાળો એ નોંધણીની પ્રક્રિયા જળવાઇ રહે એના માટે રાખ્યો છે. આ રીતે સાડી સતાણું ટકા પાઇપલાઇન નાંખી સરકારે સેંકડો કરોડ રૂપિયા વાપરી ખેડૂતોની જમીન બગડે નહીં, ભવિષ્યમાં ભંગાર થાય, નુકસાન થાય એવું ન બને એ રીતે આપણે આ પાઇપલાઇન નાંખી રહ્યા છીએ અને હવે સબ માઇનોર એટલે કે ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ ઇ.જી.પી.એલ. દ્વારા આપણે હાથ ઉપર લીધું છે એમાં કુલ ૧૬૨૦ કરોડ રૂપિયાની આ વખતે જોગવાઇ કરી છે. મને કહેતા આનંદ થાય છે કે, એમાં ૮૧૦ કરોડ રૂપિયા એટલે ૫૦ ટકા રકમ માનનીય નરેન્દ્રભાઇ મોદીની દિલ્હીની કેન્દ્ર સરકાર તરફથી આપણને સહાય મળવાની છે. સૌરાષ્ટ્ર શાખા નહેર આપણે જાણીએ જ છીએ, બધા જ ધારાસભ્યો અનુભવી જાણકાર અને અભ્યાસી છીએ કે નર્મદા બંધથી છેક બનાસકાંઠા સુધી ગ્રેવિટીથી પાણી જાય, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત વાળું પાણી છેક સૌરાષ્ટ્ર સુધીના ઢાંકી સુધી, લખતર તાલુકા સુધી ગ્રેવિટીથી જાય એમાં એક મોગાવોટ વીજળી ક્યાંય વાપરવી પડતી નથી, પણ પછી જો સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણી આપવું હોય તો ઢાંકીનું એક જબરજસ્ત એ પણ હું કહીશ તો બધાને એમ થશે કે આ વાહ–વાહ જ કરે છે, પણ ભારતનું નહીં એશિયાનું મોટામાં મોટું પંમ્પીગ સ્ટેશન નર્મદાનું બધું પાણી ઉપાડી ઉપર ૧૦ માળ જેટલી ઉંચાઇએ ચડાવી પછી સૌરાષ્ટ્રમાં એને પહોંચાડવાનું ઢાળથી

એ પ્રમાણેની વ્યવસ્થા જે આપણે કરી છે એમાં જે પંમ્પીગ સ્ટેશનો છે એ આપણે કામ વર્ષો પહેલા પૂરા કર્યા છે. મને આનંદ છે કે, અમારી સરકારે, અમારા વડા પ્રધાન નરેન્દ્રભાઇએ જે સૌની યોજનાની શરૂઆત કરેલી મુખ્ય મંત્રી તરીકે હતા ત્યારે એ સૌનીનું વધારાનું પાણી પહોંચાડવા માટે પણ જે પંમ્પીગ સ્ટેશનો કરવા પડે એની પણ કામગીરી અત્યારે સૌરાષ્ટ્રમાં પુર જોશમાં ચાલી રહી છે એનો લાભ પણ જ્યાં નર્મદાનું પાણી નથી પહોંચતું એવા વિસ્તારોમાં નર્મદાનું વધારાનું પૂર આવે ત્યારનું પાણી પંમ્પીગ કરી પહોંચાડવાનું કામ આ સરકાર કરવા જઇ રહી છે. જેમ ઉત્તર ગુજરાતમાં સુજલામ્–સુફલામ્, નર્મદાની પાઇપલાઇનો એમ સૌરાષ્ટ્રમાં ' સૌ ' ની યોજના દ્વારા આપણે હાથ ઉપર લીધું છે. આપણે જાણીએ છીએ તે પ્રમાણે. અત્યારે મારે વધારે સમય નથી લેવો અને કોઇ નવો વિવાદ પણ નથી ઉભો કરવો. પણ ૧૨૧.૯૨ મીટર સુધીનું,(અંતરાય) તમે ટેકો આપવાના છો માટે હું કોઇ વિવાદ નહિ કરું. આપણે બોલવું જ નથી કંઇ (અંતરાય) એટલે હું બહુ સંભાળી સંભાળીને બોલું છુંને શૈલેષભાઇ. તમે અને શક્તિસિંહભાઇ બેઠા હો ટાંપીને એટલે મારે ચીપી, ચીપીને એક એક વાક્ય બોલવું પડે. આ બધું સમજીને જ બોલું છું. આપણે નર્મદા બંધની ઉંચાઇ વધારવાનું અને દરવાજા બેસાડવાનું સંપૂર્ણ કામ પૂરું કરી દીધું છે. મને આનંદ છે અને તમામ ગુજરાતીઓને આનંદ લેવા જેવી વાત એ છે કે, ગુજરાતના વિરોધીઓએ અત્યાર સુધી માથાં પછાડ્યા છે, મેઘા પાટકર આણી આખી કંપનીએ, નર્મદા યોજનાનું કામ અટકાવવા માટે, હમણાં આપણે એક યોજના મૂકી હતી કે નર્મદાના વિસ્થાપિતો એમને જમીન ના જોઇતી હોય તો સામે રોકડા રૂપિયાનું વળતર માંગે એ પણ આપવા માટેની આપણી તૈયારી હતી. મધ્યપ્રદેશના વિસ્થાપિતોને આપણે વસાવવાના છે. હું બધાજ માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે કહું કે મહારાષ્ટ્ર હોય, ગુજરાત હોય કે રાજસ્થાન હોય, ટ્રિબ્યુનલના ચૂકાદા પ્રમાણે જે વિસ્થાપિતોને ખસેડવાના થાય નર્મદા બંધ પૂરો ભરાય, મધ્યપ્રદેશમાં જ્યાંસુધી પાણી પહોંચવાનું છે ડૂબાણ વિસ્તાર,એનો સંપૂર્ણ ખર્ચો ગુજરાત સરકાર ભોગવવાનો છે. આ બધી આપણી જરૂરિયાત હતી, ટ્રિબ્યુનલનો ચૂકાદો હતો. મધ્યપ્રદેશના જે વિસ્થાપિતો છે એ ખસતા નહોતા. મધ્યપ્રદેશની સરકારે આપણા કહેવાથી એ વિસ્થાપિતોને કિંમતમાં વળતર આપવાની, રૂપિયા આપવાની યોજના કરી એની સામે નર્મદા યોજનાના વિરોધીઓ નામદાર સુપ્રિમ કોર્ટમાં ગયા. મને આનંદ છે કે આપણી ગુજરાત સરકાર અને મધ્યપ્રદેશની સરકારે બધાયે સાથે મળીને સારામાં સારા વકીલો રોક્યા, સુપ્રિમ કોર્ટમાં મહિના, દોઢ મહિના પહેલાં એનું હિયરીંગ થઇ ગયું અને એનો ચૂકાદો આવ્યો. ગુજરાતના વિકાસ માટે જે ઐતિહાસિક ચૂકાદાઓ જુદા જુદા પ્રકારના આવે છે એ પૈકીનો એક નોંધનીય ચૂકાદો નામદાર સુપ્રિમ કોર્ટે આપ્યો અને સુપ્રિમ કોર્ટે ઓર્ડર કર્યો છે. હવે મધ્યપ્રદેશના જે વિસ્થાપિતો છે એમને જમીનની સામે રકમ જોઇતી હોય તો તે રકમ આપવાની સુપ્રિમ કોર્ટે મંજૂરી આપી છે. એક હેક્ટરના ૬૦ લાખ રૂપિયા આટલી ઉંચી કિંમત આપવાની. સુપ્રીમ કોર્ટે ઓર્ડર કર્યો અને તેમાં બે વાત કરી એક તો આપણને રકમ આપવાની મર્યાદા નક્કી કરી દીધી. કોઇ જમીનની કિમંત નહીં કરવાની, કોઇ જમીન સંપાદનની કિંમત નહીં કરવાની કશું જ નહીં એક હેક્ટરે ૬૦ લાખ રૂપિયા અને તે આપણે સ્વીકારી લીધું. બીજુ, સુપ્રીમ કોર્ટે જે સરસ કર્યુ આ તમામ વિસ્થાપિતો જે હતા તે નર્મદા બંધ વિસ્તારમાં વસે છે તેમનો ઓર્ડર કર્યો આવતા ઓગસ્ટની આખર સુધીમાં તમારે બધાએ ફરજિયાત ખસી જવાનું રહેશે. એટલે તમે બધા જે પૂછો છો કે દરવાજા મૂકયા પણ વાખતા કેમ નથી, દરવાજા વાખતા કેમ નથી. હવે એ વિસ્થાપિતો સુપ્રીમના આદેશ પ્રમાણે ખસી જાય એટલે દરવાજા બંધ કરી આપણે વર્ષોથી મને ખબર છે કે અમારા એક સભ્યશ્રીએ ખૂબ સુંદર રીતે કહ્યું હતું કે હું નાનો હતો ત્યારથી નર્મદા, નર્મદા સાંભળતો હતો પેઢીની પેઢી જતી રહી પણ નર્મદાનું પાણી બનાસકાંઠામાં, કચ્છમાં અમારા ઉત્તર ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં લોકોને, વડિલોને જોવા નહોતું મળ્યું. નર્મદા મૈયાની પ્રદક્ષિણા કરવા જતાં હતા એ નર્મદા મૈયા આજે ગુજરાતના લાખો ખેડૂતોના ખેતર સુધી આ ભાજપની સરકારના પ્રયત્નોના કારણે પહોંચી છે. અને આ દરવાજા બંધ કરવાનું કામ આપણે જુલાઇથી બીજો કોઇ પ્રશ્ન ના આવે તો ચોક્કસ કરી શકીશું. ગુજરાત સરકાર તરફથી, નિગમ તરફથી તમામ કાર્યવાહી જે કરવાપાત્ર છે ટેકનિકલ પ્રકારની તે પૂર્ણ કરી દેવામાં આવી છે એટલે તેમાં કોઇ પ્રશ્ન રહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દરવાજા મૂકયા છે એ દરવાજો એટલે કેવડો ? આ વિધાનસભાનો દરવાજો છે એવડો નહીં, બીજા દરવાજા જેવા નહીં. જો કે આ દરવાજો અઘરામાં અઘરો છે અહીંયા પ્રવેશ કરવાની જે પરીક્ષા છે તે આપણાં બધા માટે બહુ અઘરી પરીક્ષા છે. આ ૨૩ દરવાજા જે મૂકયા છે ૬૦x ૫૫ ના ૭ દરવાજા તથા ૬૦x ૬૦ના એક દરવાજાનું વજન ૪૫૦ ટન છે એટલે ૪૫ ટ્રક ભરેલો માલ હોય એટલું એક દરવાજાનું વજન છે એવા દરવાજા આપણે મૂકયાં. કુલ ૧૩ હજાર ટન લોખંડ તે દરવાજામાં વપરાયું છે તે આપણે ત્યાં ઉંચાઇ ઉપર, હાઇટ ઉપર ફીટ કરી દીધા. મારી તો બધાજ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે પક્ષાપક્ષીથી દૂર રહી આપણે બધા સાથે મળી બન્ને દંડકો નક્કી કરે તે પ્રમાણે ભાજપના અને કોંગ્રેસના દરેકના ધારાસભ્યો એક દિવસ આપણે નર્મદાની સાઇટની મુલાકાત માટે જઇએ એવુ મારું આપને નમ્ર આમંત્રણ છે. એમાં મને યાદ છે સ્વ.ચીમનભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે ચીમનભાઇએ આવી રીતે બધાજ પક્ષના ધારાસભ્યોને લઇ ગયેલાં અને અમે તેમની સાથે લકઝરી બસોમાં નર્મદાનું અને તે વખતે તો શરૂઆત હતી માનનીય નરે◌ાત્તમભાઇએ કહ્યું હતું એ પ્રમાણે પણ એ બધું જોવા માટે આપણે ગયેલાં. એટલે સાહેબ રાજકારણ તો ઘણું છે, સભાઓ ઘણી થવાની છે, ચૂંટણી આવવાની છે જેને જે બોલવું હોય તે બોલજો પણ નર્મદાનું કામ આપણું છે એમ સમજીને હજુ ફરી આમંત્રણ આપું છું કે આપણે બધા સાથે બસોમાં ભેગાં થઇ અને આનંદ કરતાં કરતાં ત્યાં જઇએ અને નર્મદાનું કામ જોઇએ. એ મોટું કામ આપણે પૂરું કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વીજળી એ પણ આપણે વારંવાર કહી ચૂકયા છીએ નર્મદાની જે વીજળીનું ઉત્પાદન થાય છે તેની આપણે કિંમત કઢાવડાવી. આટલા યુનિટ થઇ અને આટલા મિલિયન યુનિટ થયુ એવુ બધુ તમે કહો છો પણ

તેની કરતાં રકમમાં તમે અમને માહિતી આપો. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે નર્મદાનું પાણી તો ગુજરાતમાં ઘણું મળે છે, પીવાનું પાણી ઘણું વાપરીએ છીએ, ખેતીમાં ઘણું પાણી જાય છે જળ વિદ્યુત મથકમાં આજસુધીમાં એટલે ડિસેમ્બર–૨૦૧૬ આખર સુધીમાં જે વીજળી ઉત્પન્ન થઇ તેની કિંમત ૧૬,૨૧૦ કરોડ રૂપિયાની વીજળીનું આપણાં બધાના સંયુકત પ્રયત્નોથી સફળતાપૂર્વક ઉત્પાદન થયુ છે. આપણે બધા જ જાણીએ છીએ કે વિદ્યુત ઉત્પાદનમાં સસ્તામાં સસ્તી વીજળી તે પાણીની વીજળી હોય છે. ફાયદો એ છે કે, વિદ્યુત ઉત્પન્ન થાય અને એ જ પાણી પાછું કેનાલમાં આવે એટલે ખેડૂતોના ખેતરમાં અને પીવાના પાણીમાં તેનો ઉપયોગ થાય. એટલે આ પણ એક ખૂબ મોટું કામ આપણી સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. નર્મદા મૈયા પાણી તો આપે છે પણ નર્મદા મૈયા વીજળી પણ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા પાસે આપણે ગરૂડેશ્વર વિયર કરીએ છીએ તેનું પણ કુલ જે કામ છે તે કામ માટે આ વખતે પણ આપણે જોગવાઇ કરી છે અને ગરૂડેશ્વર વિયર થાય એટલે મોટા પ્રમાણમાં ત્યાં પાણીનો સંગ્રહ થાય. રાત્રે રિવર્સ પમ્પીંગથી જયારે વીજળીનો વપરાશ ઓછો હોય ત્યારે પાણી નર્મદા ડેમમાં પાછું નાંખવાનું ને સવારે જયારે વીજળીની ડિમાન્ડ વધે ત્યારે જળ વિદ્યુત મથક ચલાવવા માટે એ પાણી આપણે આપવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કેનાલોના અને અન્ય કામો પૂરાં કર્યા છે. કચ્છની પણ અહીંયા માનનીય પંકજભાઇ અને અન્ય સભ્યશ્રીઓએ કચ્છની ચિંતા કરી છે. કચ્છનાં ટપ્પર ડેમ સુધીમાં ૨૦૧૭ સુધીમાં આપણે પાણી પહોંચાડવાનું આયોજન કર્યુ છે અને તેનો પણ લાભ મળશે. કચ્છ જિલ્લામાં આપણે જે પાણી પહોંચાડી ચૂકયાં છીએ એની પણ માનનીય સભ્યશ્રીઓને જાણકારી આપવી જરૂરી છે. ચોમાસામાં જે વધારાનું પાણી આવે છે એનો લાભ મધ્ય ગુજરાતની હિરણ ડેમ, કરાડ, કુંડ, મહોર, વાત્રક, સાબરમતી વગેરે નદીઓને મળે છે. મધ્ય ગુજરાતના ધારાસભ્ય છે એને ખબર છે કે જ્યારે પાણીની જરૂર પડે, નર્મદાનું પાણી જોઇએ ત્યારે આપણે કડાણાનું પાણી ન વાપરીએ અને નર્મદાનું વહી જતું પાણી વાપરીઓ તો કડાણાનું પાણી આપણને જરૂર પડે ત્યારે કામમાં આવે એ માટે આપણે આ નદીઓમાં પાણી નાંખીએ છીએ અને પછી રૂપેણ, પુષ્પાવતી અને છેક ગુજરાતની બોર્ડર બનાસકાંઠા જીલ્લાના રણ સુધી એ નર્મદાનું પાણી જ્યારે ઉપર આવે ત્યારે પહોંચાડીએ છીએ. એ સિવાય સૌરાષ્ટ્રમાં અમે આયોજન કર્યું છે એ પ્રમાણે મચ્છુ–૨, મચ્છુ–૩, ડેમી–૨, ડેમી–૩, ભંગાવડી, આજી–૩, ખોડાપીપણ, આજી – ૪, કુંડ –૧, વઢવાણ–સુરેન્દ્રનગર પાસે ભોગવો, ધોળીધજા ડેમ, મચ્છુ–૧ અને લીમડીમાં ભોગાવો – ૨ આ બધી જગ્યાએ નર્મદાનું પાણી પહોંચાડીએ છીએ એટલે કહેવાય નર્મદાનું પાણી પણ વિવિધ ડેમ અને તળાવો દ્વારા એની જે ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ હોય છે એના કારણે આપણે પાણી વ્યાપક વિસ્તારમાં પહોંચાડીએ છીએ. આ વખતે ૬૪૫ ગામની લગભગ ૧૨૦૦ કરતાં વધુ તળાવમાં સમય પ્રમાણે વર્ષમાં બે – ત્રણ વખત નર્મદાનું પાણી નાખી ખેડૂતો અને પશુપાલકોને ખૂબ મોટી વ્યવસ્થા અને લાભ આપણે આપ્યો છે. હું આગળ કહી ચૂક્યો છું કે, રણ વિસ્તાર અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારની જે વ્યાખ્યા હતી એમાં ભારત સરકાર આપણને ઓછી મદદ કરતી હતી. માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન થયા અને ત્યાં આગળ આપણી સરકાર બની એટલે આખી વ્યાખ્યામાં ફેરફાર કરી અને ૧૫૦૦ કરોડ રૂપિયા આપણને વધુ મળે છે. એને પણ આપણે આ ગૃહમાં આનંદથી આવકારીએ છીએ. સમગ્ર ભારતના ૯૯ પ્રાયોરીટી પ્રોજેક્ટ બધી જ સરકારે નક્કી કરેલ છે. એમાં સરદાર સરોવર યોજનાનો સમાવેશ ભારત સરકારે કર્યો છે અને આપણને ૪૭૯૭ કરોડ એટલે લગભગ ૪૮૦૦ રૂપિયાની આ બે વર્ષની અંદર ભારત સરકાર તરફથી સહાય પણ આપવામાં આવી છે. એવી રીતે નાબાર્ડ સાથે ભારત સરકારે જે પેચપ કર્યુ છે એ પ્રમાણે પણ આપણને ત્યાંથી વધારાની રકમ મળે એવી ભારત સરકારે વ્યવસ્થા કરી છે. નર્મદા કેનાલની આજુબાજુ જે લોકોએ એમનો લાભ લીધો હશે એને ખબર હશે કે આપણે સર્વિસ રોડ કર્યા છે. અહિયા સભ્યશ્રીએ કહ્યું કે, કોઇ કેનાલમાં નુકસાન થાય તો ઝડપી પહોંચવું, કામ કરવું, રીપેરિંગ કરવું, વાહન વ્યવહાર ઝડપથી થાય એ માટે નર્મદાના ૩૧૨૫ ગામોની કેનાલ ઉપર ૪૫૮ કિ.મી.ના પાકા ડામરના રોડ આપણે પાંચેક વર્ષથી બનાવવાની શરૂઆત કરી દીધી છે અને હવે આગામી સમયમાં જે સૌરાષ્ટ્ર શાખાના ભાગના રોડ પૂરા કરવાના છે. લીમડી, બોટાદ, મોરબી, બગોદરા, માળિયા, વલભીપુર, સનાલી, મહેમદાબાદ, ધોડાસર, વેલાલ, દસક્રોઇ, સાણંદ શાખા, ધોળકા શાખા આ બધાની સબ કેનાલ ઉપર ડામરના રોડ બનાવવાનું કામ ચાલુ છે. એક બાજુ હાઇ–વે અને એની સાથે આ રોડ એટલે વધારે મોટા પ્રમાણમાં વાહનવ્યવહાર આપણને પ્રાપ્ત થશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી આખી દુનિયાની ઊંચામાં ઊંચી પ્રતિમા છે. માનનીય નરેન્દ્રભાઇએ જે નક્કી કર્યુ છે એ પ્રમાણે પૂર જોશમાં એનું કામ ચાલી રહ્યું છે અને એ આખી દુનિયામાં જોવાલાયક સ્થળ બનવાનું છે અને ભારત સરકારે પણ એમાં ચાર લેનનો નેશનલ હાઇ–વે બનાવવા માટે મદદ કરી છે. આ બધા જ કામ આગળ ચાલી રહ્યા છે. ત્યાં આગળ આદિવાસી સંસ્કૃતિનું પ્રદર્શન, ખેડૂતોની જરૂરિયાત તથા ખેડૂતો માટેનું પ્રદર્શન બધું જ બનવાનું છે. આ રીતે જોઇએ તો આપણી નર્મદા યોજના આખા ગુજરાતની હાલ જે વસતી છે અને આવનાર વસતીને એ બધાની જરૂરિયાતને પહોંચી વળવા માટે ખાસ કરીને પીવાનું પાણી અને ખેડૂતો માટેનું પાણી પહોંચાડવા માટેની લગભગ ૮૫૦૦ ગામોમાં નર્મદાનું પીવાનું શુધ્ધ પાણી રાજય સરકારે પાણી પુરવઠા બોર્ડની મારફતે પહોંચાડી દીધું છે. આ બધુ કામ આપણે કર્યું છે, ત્યારે વડોદરા અને છોટા ઉદેપુર વિસ્તારના, મધ્ય ગુજરાતના, પંચમહાલ, ભરૂચના બધા ધારાસભ્યશ્રીઓની અને ખેડૂતોની લાગણી હતી કે, તમારા ત્યાં નવી પાઇપલાઇન નાખો છો, સાડી સત્તાણું ટકાયે નાખો છો, અઢી ટકા જ ખેડૂતોના, તો અમારી કેનાલો પંદર વીસ વર્ષ જૂની થઇ ગઇ છે, તૂટી ગઇ છે તો એ કેનાલોને પણ અહીંથી પી.એલ. પાઇપલાઇનની સર્વિસનો લાભ આપો, સગવડનો લાભ આપો એટલે મને આજે આ ગૃહમાં જાહેરાત કરતાં આનંદ થાય છે કે, આ વર્ષે ૭૪૪૫ કિલોમીટરની કુલ ૨,૪૯,૬૯૮ હેકટરમાં જે સિંચાઇ યોજના છે,

ધારિયા સિંચાઇ સબ માઇનોર ત્યાં આગળ પણ ખેડૂતોને ૧૧૩૦ કરોડ રૂપિયાના ખર્ચે વડોદરા, ભરૂચ, પંચમહાલ, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાની ઓપન સબ માઇનોરના બદલે આ પાઇપલાઇનથી સિંચાઇ આપવાનું આપણે શરૂ કરીશું અને એનો પણ લાભ ખેડૂતોને મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોઇતારામભાઇ અમારા વડીલ છે એમણે થોડીક ચિંતા બનાસકાંઠાની વ્યક્ત કરી, તો એ અંગેની માહિતી આપી દઉં. નર્મદાના પાણીની વહેંચણી અંગે બધા જ માનનીય સભ્યશ્રીઓને મારે વિનંતીથી કહેવું છે કે, એ ભારતીય જનતા પાર્ટીએ નકકી કરેલી નથી પણ ૧૯૭૮માં જે ચૂકાદો આવ્યો પછી જે પંચ નીમાયું, નિષ્ણાતોની કમિટી બની એણે ૧૮ લાખ હેકટરમાં પાણી ગુજરાતમાં કયાં આપવું તો ૧૯૭૮માં સનતભાઇ મહેતા જયારે ચેરમેનશ્રી હતા અથવા મંત્રીશ્રી હતા એ વખતે નકકી કરેલું આયોજન છે એટલે નર્મદાનું પાણી વહેંચાઇ ચૂક્યું છે. એમાં આપણે ફેરબદલ કરી શકતા નથી. સાહેબ, વડોદરા જિલ્લો, સુરેન્દ્રનગર જિલ્લો અને બનાસકાંઠા જિલ્લો આ ૧૮ લાખ હેકટરમાંથી આ મોટા ત્રણ જિલ્લા આ લાભ લે છે. બનાસકાંઠામાં કાંકરેજમાં ૧૩૭૪૪ હેક્ટર, ભાંભરમાં ૨૭૮૨૬ હેક્ટર, દિયોદરમાં ૩૩૮ હેક્ટર, વાવમાં ૯૯૧૯૪ હેક્ટર, થરાદમાં ૨૬૦૦૦ હેક્ટર આમ, બનાસકાંઠા જિલ્લામાં નર્મદાનો કમાન્ડ વિસ્તારમાં લાભ મળવાનો વર્ષોથી શરૂ થઇ ચૂક્યો છે. ૧,૬૭,૬૯૮ હેક્ટરને નર્મદાના પાણીનો લાભ ફકત બનાસકાંઠા જિલ્લામાં મળે છે. એટલે એમણે કહ્યું કે, અમારા બનાસકાંઠાને નથી મળ્યું, નથી મળ્યું એ એક ટકો પણ વાત સાચી નથી. વધારામાં સુઝલામ–સુફલામ યોજના માનનીય નરેન્દ્ર ભાઇ વખતે અને માનનીય નરોત્તરભાઇ જયારે સિંચાઇ મંત્રી હતા ત્યારે પૂર્ણ કરી અને એનો મોટો લાભ બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ડીસા, દાંતીવાડા, કાંકરેજ, થરાદ અને લાખડી અને અમારા બધાય જિલ્લાઓને આ લાભ મળે છે, એટલે આ બધુંય અમે ગુજરાતના વિકાસ માટે, આવનારી પેઢી માટે કરીએ છીએ ત્યારે માનનીય વિપક્ષને, માનનીય ધારાસભ્યશ્રીઓને સર્વેને વિનંતી કરું છું કે, આપણી જે ગુજરાત વિધાનસભાની ઉજળી પરંપરા છે એ ઉજળી પરંપરાને આગળ ધપાવતાં નર્મદા વિભાગનું બજેટ આપણે સર્વાનુમતે મંજૂર કરીએ એવી સૌને વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બન્ને માનનીય મંત્રીશ્રીઓને બે ટૂંકા સવાલ પૂછવા માગું છું કે, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજીએ ખાદીની વેચાણની વાત કરી ત્યારે મારે એ જાણવું છે કે, આપણા બજેટમાં અપાયેલા પુસ્તક સામાજિક આર્થિક સર્વેક્ષણ મુજબ ૨૦૧૪માં ખાદીમાં ૯૯૬૬ને રોજગારી મળતી હતી, આપ કહો છો કે, પ્રયત્ન કર્યા તો રોજગારી વધવી જોઇએ એના બદલે ૨૦૧૫–૧૬માં આ રોજગારી ઘટીને ૮૫૮૭ કેમ થઇ ગઇ એમને સમજાતું નથી?

બીજી માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પાસેથી બે અપેક્ષાઓ રાખીશ. એક તો એમણે કહ્યું કે દરવાજાઓનું કામ પોણા ત્રણ વર્ષ પછી પૂરું થવામાં છે ત્યારે જો દરવાજા ચડાવવાની મંજૂરી વડાપ્રધાન આપતા હોય તો દરવાજા બંધ કરવા માટેની મંજૂરી સુપ્રીમ કોર્ટના આધારે ન હોય. કાં બંનેની મંજૂરી વડાપ્રધાન પાસે હોય. જેની પાસે હોય એની પાસે પણ વહેલી તકે વિસ્થાપિતો માટે કરવાનું હોય તે આપણે બધા સાથે મળીને વહેલી તકે કરીએ અને દરવાજા બંધ કરવાની મંજૂરી વહેલીતકે નહિ આવે તો જે આપણે મૂડી રોકાણ કર્યું છે એનું વળતર નહિ મળે. તો આપણે એમાં શું કરવા માગીએ છીએ?

બીજું એવું તમે વારંવાર કહેતા હતા કે તાત્કાલિક જાવ નર્મદાને રાષ્ટ્રીય યોજના જાહેર કરાવડાવો. તો આજે તમારી સરકારને પોણા ત્રણ વર્ષ જેવો સમય થઇ ગયો છે ત્યારે મોસાળમાં જમણવાર અને મા પીરસનાર છે ત્યારે આ રાષ્ટ્રીય યોજના જાહેર કરવાની વાત કયાં સુધી પહોંચી છે અને હું એના માટેની અપેક્ષા રાખું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય શકિતસિંહભાઇ તો એક વિદ્વાન વકીલ છે, ગુજરાત હાઇકોર્ટના નામાંકિત વકીલ છે. એટલે તેઓ ખૂબ સારી રીતે જાણે છે કે નર્મદાના અસરગ્રસ્તો માટેની ફાઇનલ ઓથોરિટી આ જે ત્રણ રાજયોમાં નિવૃત હાઇકોર્ટના જજોની કમિટી છે એ કમિટી ભારત સરકારને ભલામણ કરે છે. મેં કહ્યું એમ ગુજરાત વિરોધીઓ જમીનની સામે વળતર રૂપિયાનું નહિ એવી વાત લઇને સાથે સુપ્રીમ કોર્ટમાં ગયા હતા. એ ગયા હતા ગુજરાતને નુકસાન કરવા પરંતુ ગુજરાતની છ કરોડની જનતા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેમાં ભાગીદાર છે, આપણુ નસીબ કે સુપ્રીમ કોર્ટે એમની વાત બાજુએ મૂકી દીધી અને ઉપરથી સામેથી વધારાની આપણને સગવડ કરી આપી કે તમે હેકટર દીઠ ૬૦ લાખ રૂપિયાનું વળતર આપી દો, અને વિસ્થાપિતોને કહ્યું ઓગષ્ટ મહિના પહેલા ખસી જાવ. મારે મારી સરકારને માનનીય વિજયભાઇ રૂપાણીને તથા આ સરકાર કેવી ગતિશીલ છે,પ્રગતિશીલ છે એનો દાખલો આપવો છે. સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યો એના પાંચમે દિવસે મધ્યપ્રદેશના વિસ્થાપિતને ૪૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના હતા એ રકમ આપણે પહોંચાડી દીધી છે. જયારે મહારાષ્ટ્રને ૧૦૦ કરોડ એમ કુલ ૫૦૦ કરોડ રૂપિયા ચૂકવાઇ ગયા છે. ગુજરાતના પ્રયત્નોથી, સુપ્રીમ કોર્ટના આદેશથી ટાઇટલ કલીયર થઇ ગયું છે એટલે ચિંતા નથી. બીજી રાષ્ટ્રીય યોજનાની વાત કરી અમે માગણી કરતા હતા. મારી વાત સાંભળો જે તે વખતે નર્મદાનું કામ ઘણુ બધુ બાકી હતું, આપણને ડગલને પગલે પૈસાની જરૂર હતી. માનનીય સભ્યશ્રી નરોત્તમભાઇએ કહ્યું કે છોકરાનો જન્મ થઇ જાય અને એ ૨૫ વર્ષનો કમાતો થઇ જાય પછી એને વહુ લાવી દો અને હું છોકરાના છોકરાને રમાડતો કરું એવું તરત ન થઇ જાય. તમે સાંભળ્યું હોય તો ભારત સરકારે દેશની પ્રયોરિટી સિંચાઇ યોજનાઓને આપી છે એમાં ગુજરાતની નર્મદા યોજનાનો સમાવેશ કરી દીધો અને એનો લાભરૂપે આપણને ગ્રાન્ટ મળી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ખાદી અમારા માટે ભાવનાત્મક વિષય છે અને એ ચિંતા થઇ એટલા માટે તો કેન્દ્ર સરકારે ઓ.એન.જી.સી.ને પ્રોત્સાહિત કરીને તેના તમામ કર્મચારીઓને ૧૩૫૦૦ રૂપિયા ખાદી ખરીદવા માટે આપ્યા. મારા વિભાગે પણ ઉત્પાદન ઘટ્યું છે રોજગારી ઘટી છે એ વધે એના માટે રાજય સરકાર પ્રયત્નો કરે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે  નર્મદા યોજનાનો મૂળ પ્લાન હતો એમાં કમાન્ડ એરિયામાં  કેટલા હેકટરનો સમાવેશ કરવામાં આવેલ હતો અને હાલ કમાન્ડ એરિયા છે એમાં કેટલા હેકટર જમીનનો સમાવેશ થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અસલ આયોજન પ્રમાણે ૧૯૭૮માં ૧૮ લાખ હેકટરનું આયોજન હતું અને એ પ્રમાણે છે જ. પણ જયાં જયાં ઔદ્યોગિકીકરણ થયું, શહેરીકરણ થયું અને ખેડૂતોએ સામેથી માગણી કરી કે અમારે અહીંયા ખેતી કરવી નથી. એવો જૂજ વિસ્તાર એ સામેથી ખેડૂતોની માગણીના આધારે ડીકમાન્ડ કરવામાં આવ્યો છે. એકઝેક્ટ આંકડો મારી પાસે નથી. એટલે એટલો વિસ્તાર ખેડૂતોની માગણીના આધારે ડીકમાન્ડ કરવામાં આવ્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂંજાભાઇનો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે. સંભવિત છે કે અત્યારે માનનીય મંત્રીશ્રી પાસે આંકડો ન હોય. આપ એટલું તો કરી શકો કે એમના વિભાગમાંથી ટેબલ પર મૂકે. ઓરીજીનલ પ્રમાણે કમાન્ડ એરિયા કેટલો હતો અને આપના કહેવા પ્રમાણે જે કંઇ કારણોથી ઘટ્યો છે એ ઘટેલો કમાન્ડ એરિયા કેટલો છે તેનો આંકડો માત્ર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત જાહેર વાત છે. એમાં કોઇ પ્રશ્ન જ નથી. એટલે માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ પ્રમાણે ડીકમાન્ડ કરેલો વિસ્તાર હું જોઇ લઉં. ૫૮,૦૦૦ હેકટર ડીમાન્ડ કરેલ છે. આ એટલા માટે મેં વાંચી લીધું. (અંતરાય) ટેબલ ઉપર મૂકવામાં કાગળ વપરાય. આ કાગળ બનાવવામાં કેટલું પાણી વપરાય. એ પાણી બચાવવા આપણે મથતાં હોઇએ. એટલે આ કહી દીધું.

શ્રી પંકજભાઇ  દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીને સવાલ પૂછવા માગું છું કે આપના કહેવા મુજબ ગુજરાતમાં ઉદ્યોગો મારફત યુવાનોના રોજગાર વધ્યા. હમણાં જિલ્લે જિલ્લે મેગા રોજગાર કેમ્પનું આયોજન થયું. માનનીય મંત્રીશ્રીના કહેવા મુજબ એકાદ લાખ યુવાનોને રોજગાર આપવામાં આવ્યા. સરકારની કોઇ પણ નોકરીની જાહેરાત થાય, ૧૦૦ સીટ માટે પાંચથી દસ લાખ ઉમેદવારો અરજી કરી રહ્યા છે. તો આપે જે મેગા જોબફેર કર્યા તેમાં હયાત જે રોજગાર મેળવતા લોકો ઉદ્યોગમાં હતા તેમનું એગ્રીમેન્ટ કર્યું. જે લોકોને મેગા જોબફેરમાં રોજગાર આપવામાં આવ્યો છે તેમની જિલ્લાવાઇઝ નામાવલિ આપ પ્રસિદ્ધ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે ઉમેદવાર હયાત રોજગારીમાં હતો તેને ઇચ્છીત નોકરી માટે માણસને અધિકાર છે કે મને અહીંયા ૨૦૦૦ રૂપિયા મળે છે અને હવે હું અહીંયા જઇશ તો મને ૫૦૦૦ રૂપિયા મળશે. એટલે વધારે સારી નોકરી માટે તેણે બેરોજગાર તરીકે નામ લખાવ્યું જ હોય. એટલે રિપીટ કર્યા છે એવું ન કહી શકાય. એટલે એની જે કંઇ માહિતી હશે એ હું ટેબલ ઉપર મૂકીશ.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય મંત્રીશ્રીને સ્પેસિફિક સવાલ છે. અમે સ્વીકારીએ. તમે કહ્યું કે મેગા જોબફેરમાં કોઇ યુવાનોને રોજગાર આપ્યા છે તો જિલ્લા વાઇઝ જે લોકોને રોજગાર આપ્યા હોય તેની નામાવલિ સરકાર પાસે હશે. તે પ્રસિદ્ધ કરે પછી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય.

અધ્યક્ષશ્રી : હા પાડી પાડી દીધી પછી એ પ્રશ્નને રિપીટ કરવાનો ન હોય. (અંતરાય) પૂરું થઇ ગયું. આમાં કંઇ માહિતી જ નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, દૂધનું દૂધ અને પાણીનું પાણી નથી, ખાલી દૂધ જ છે. આમાં કોઇ બનાવટ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, એમણે જ્યારે વાત કરી કે તમારી જે વિગતો છે એ ટેબલ પર મૂકશે એટલે પ્રશ્નનો અંત આવી જાય છે. પછી કારણ વગરનું પૂછી રહ્યા છો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પાસે બનાસકાંઠાના ખેડૂતો વતી અમારી માગણી છે કે ઉપરવાસથી કેનાલ કાઢી અને દાંતીવાડા અને સીપુ ડેમને ભરો અને બીજી માગણી સુજલામ્ સુફલામ્ કેનાલ છે એને રાહાથી આગળ નેનાવા સુધી લંબાવો આ બે માગણીઓ સ્વીકારીને આપ એનો જવાબ આપો એવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદામાં મેં ઘણું છોડી દીધું છે. કહેવાનું બાકી રાખ્યું છે. દાંતીવાડા અને સીપુ માટે પાઇપલાઇનથી પંપીંગ કરી પાણી ઉપાડવાનું અમે મંજૂર કરેલું કામ પૂરું થઇ ચૂક્યું છે. એનો લાભ પણ આપવાનો ચાલુ કરી દીધો છે. આ વર્ષના બજેટમાં વધારાની પણ જોગવાઇઓ સરવે કરવાની કરી છે. એટલે જે પ્રમાણે વધારાનું પાણી હોય, ૧૮ લાખ હેક્ટરમાં ફાળવ્યા પછી પાણી વધે, ટ્રીબ્યુનલના ચૂકાદા પછી જ્યારે પૂર આવે ત્યારે આપણે પાણી આપીએ છીએ જ. શ્રી જોઇતાભાઇ, એટલા માટે તો તમારા બનાસકાંઠામાં માનનીય ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું કે જમીનની કિંમતો રૂ.૫૦૦૦/– વિઘો હતી એ રૂ.૫,૦૦,૦૦૦/– થઇ ગઇ છે. જે બનાસકાંઠામાંથી હિજરત થતી હતી ત્યાં આજે ફળ–

ફળાદી થવા માંડ્યા અને એના દેનાભાઇ નામના ખેડૂતને તો શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પદ્મશ્રી એવોર્ડ આપ્યો. એ બનાસકાંઠામાં દાડમ પકવતા થઇ ગયા, દાડમની નિકાસ કરતા થઇ ગયા. આ નર્મદાના પૂણ્ય પ્રતાપે થયું છે.

ડૉ. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, શેડયુલ વિસ્તારમાં પેસા કાયદાનો અમલ થઇ ગયો છે કે મુખ્યમંત્રીશ્રીએ છોટા ઉદેપુર ખાતે જાહેરાત કરી હતી કે ખાણ ખનિજની લીઝો છે એ હવેથી શિડ્યુલ વિસ્તારના ટ્રાયબલ વિસ્તારને આપવામાં આવશે. આ લિઝો હવેથી ટ્રાયબલ વિસ્તારના લોકલ લોકોને આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે.

ડૉ. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન નથી. આ તો કાયદો પસાર થયો છે. મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે અને એના નિયમો પણ બની ગયા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા કલોલ વિસ્તારની અંદર મોટી ભોયણ એક જ એવું ગામ છે કે આજુબાજુના તમામે તમામ ગામોમાં પાણીથી સિંચાઇની વ્યવસ્થા છે. નર્મદાની. મોટી ભોયણ એક જ ગામ રહી ગયેલું છે. ક્યા કારણથી રહી ગયું છે? રહી ગયું હોય તો એ ગામને નર્મદાનું સિંચાઇનું પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બળદેવજીએ કહ્યું એ જ પુરાવો છે. તેમણે કહ્યું કે મારા તાલુકાના તમામ ગામોમાં પાણી આવી ગયું છે એમાં ફક્ત મોટી ભોયણ જ રહી ગયું છે. આપણે બધાએ સાથે મળીને સફળતા મેળવી છે. હું અભ્યાસ કરાવી લઇશ. મને બહુ ખ્યાલ નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પ્રકારની કેનાલ નથી. એટલે એ સરવે કરાવવામાં ભૂલથી રહી ગયું છે કે ક્યા કારણથી રહી ગયું છે. એ ચેક કરીને જોઇ લે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ ચેક કરાવી લઇશ.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એક પ્રશ્ન પૂછવા માગું છું કે અમારા ખેડા જિલ્લામાંથી શેઢી સિંચાઇ યોજના દ્વારા અમદાવાદને પાણી પૂરું પાડવામાં આવે છે એટલે એ શેઢી સિંચાઇની યોજનાની મુખ્ય કેનાલ છે એની કેપેસીટી પહેલા ૧૧૦૦ હતી હવે ૮૦૦ થઇ છે. એના કારણે અમારા ખેડા જિલ્લાના છેડા સુધી જતું નથી. તો અમદાવાદને કાયમી ધોરણે નર્મદા દ્વારા પાણી આપી અમારા ખેડૂતોને આ વધારાનું પાણી મળે એ માટે પ્રયત્ન કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન– અમારી કઠલાલથી ધોડાસરની નર્મદા બ્રાન્ચ આવે છે એમાં અમારા છેવાડાના ગામો છે એમાં નહેર હોવા છતાં આ પાણી પહોંચતું નથી તો આ અંગે કોઇ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો બિનજરૂરી ત્યાં વધારે પાણી વાપરે છે. એટલે આપણે ટપક સિંચાઇની ખૂબ મોટી ઝૂંબેશ મોદી સાહેબ હતા ત્યારે શરૂ કરેલી. આજે ૧૨ લાખ હેક્ટર કરતાં વધુ જમીન ડ્રીપમાં આવરી લીધી છે. એટલે આપણી બધી સિંચાઇ યોજનામાં આ પ્રશ્ન છે. ઉપરના ખેડૂતો નીચે પાણી જવા ન દે અને બિનજરૂરી વધારે પાણી વાપરે એટલે પાણી પહોંચતું નથી. એટલે આપણે અનેક જગ્યાએ પ્રયત્ન કરીને ખેડૂતોને પાણી પહોંચે એના માટો પ્રયત્ન કરીએ છીએ. શેઢી શાખામાં પણ નર્મદાનું પાણી દર વર્ષે જરૂરિયાત પ્રમાણે આપીએ જ છીએ અને એનો લાભ ખેડા અને આણંદ જિલ્લાને મોટા પ્રમાણમાં મળે છે. એટલે કહેવાય શેઢી નથી પણ પાણી નર્મદાનું એનો લાભ મળે જ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ મંત્રીશ્રીને એક પ્રશ્ન પૂછવા માગું છું. ઉદ્યોગોની આ ગૃહમાં ઘણી વાતો થઇ છે. ડાયમંડ ઉદ્યોગ છે જે લાખો રત્ન કલાકારોને રોજી–રોટી આપતો ઉદ્યોગ છે. રૂપિયા એક લાખ બ્યાસી હજાર કરોડ વિદેશી હુંડિયામણ કમાવી આપતો ઉદ્યોગ છે. આ રત્ન કલાકારો માટે સરકાર કાંઇ વિચારવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન સિંચાઇ મંત્રીશ્રીને એ છે કે આપણે સૌની યોજના અને નર્મદાની ખૂબ જ વાતો કરી છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સૌરાષ્ટ્રની અંદર જયાં આ સૌની યોજના નથી આવતી કે કોઇ નાની મોટી સિંચાઇ યોજનાનો કોઇ ખેડૂતને લાભ નથી મળતો ત્યાં આવી કોઇ યોજના જ નથી તો એવા ખેડૂતો માટે આપ શું વિચારો છો? રત્નકલાકારોને લાભ નથી મળતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હીરા ઉદ્યોગ માટે આખા દેશમાં સૌથી વધારે કામગીરી સુરતમાં ચાલે છે એને ધ્યાનમાં રાખીને જે તે વખતે માનનીય નરેન્દ્રભાઇએ અને હમણાં ત્રણ મહિના પહેલા માનનીય વિજયભાઇ, નીતિનભાઇ અને હું ત્રણે ગયા હતા અને ત્યાં ડ્રીમ સીટીનો એક અલગ પાર્ક ઉભો કર્યો છે. આખા દેશનો સૌથી મોટામાં મોટો પાર્ક છે. હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામે તમામ મતલબ કે એના કારીગરોને સીધો લાભ મળવાનો છે અને બીજું એ ડ્રીમપાર્ક થશે એટલે મુંબઇની ઓફિસો છે એ ત્યાં સુરતમાં આવવાની છે એવી વ્યવસ્થા છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના જે ડુબાણ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના આદિવાસી વિસ્થાપિતોને લાભ આપવાની જોગવાઇ થઇ ગઇ છે પણ ગુજરાતના વિસ્થાપિતોની શું પરિસ્થિતિ છે અને એ લોકોનું આપણે ફરી પુનઃસ્થાપન કરવા માગીએ છીએ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદામાં એક પણ વિસ્થાપિત ગુજરાતના બાકી નથી. વર્ષોથી વસાહતો બની ચૂકી છે. ગામના ગામ વસાવ્યા છે. તમામ પ્રકારની સગવડો આપી છે અને ભારતની કોઇપણ સિંચાઇ

યોજનામાં ના હોય એવું ઉદાર પેકેજ આજે નહીં કોંગ્રેસની સરકાર હતી ત્યારથી અમલમાં મૂકયું છે એનો પણ અમે અનેકગણો વધારો કરી અને તમામ વિસ્થાપિતોને લાભ આપ્યો છે એટલે ગુજરાતના કોઇ વિસ્થાપિત અત્યારે બાકી રહેતા નથી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે એમ.ઓ.યુ. દ્વારા ઘણા બધા ઉદ્યોગો આપણે ત્યાં આવ્યા છે. હું મારા જિલ્લાની વાત કરું તો અમારો જિલ્લો ગુજરાત રાજયનો બોર્ડરનો જિલ્લો ગણાય છે તો ત્યાં એક પણ ઉદ્યોગ આવેલ નથી તો એમાં કયાંક ઉદ્યોગ સ્થાપવા માગો છો કેમ? આ એટલા માટે કે ત્યાં આગળ કોઇ જી.આઇ.ડી.સી. કાર્યરત નથી. યુવાનોને રોજીરોટીનો પ્રશ્ન ઉભો થતો હોય છે એટલા માટે કોઇ નાનો મોટો ઉદ્યોગ સ્થાપવા માટે ખાસ આપને વિનંતી કરુ છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે કંઇ એમ.ઓ.યુ. થયા છે એમાં ઉદ્યોગકારો તાલુકો, જિલ્લો, વિસ્તાર પસંદ કરે છે. અમે એમને બતાવીશું, અમે એમને સૂચન કરીશું કે તમે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પણ જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના હિત ખાતર નર્મદા યોજના પૂરતી માગણી ક્રમાંકઃ ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગુ છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યશ્રી, હું માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ પાછી ખેંચું છું.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્તો પાછી ખેંચવામાં આવે છે.

માગણી ક્રમાંકઃ ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૨૦ અને ૨૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૪૯ અને ૫૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રીનો શુભેચ્છા સંદેશ
હોળીના તહેવાર અંગે.

અધ્યક્ષશ્રી : આગામી દિવસોમાં હોળીનો તહેવાર આવે છે. મને ફાગણનું એક ફુલ આપો કે કેસૂડો કામણગારો. મારો સૌરાષ્ટ્રનો કેસૂડો અને હોળીના તહેવાર નિમિત્તે ગૃહના તમામ સભ્યશ્રીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. આપ બધા જ લોકો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો, સિદ્ધિના સોપાનો સર કરો અને તમારા બધાના જીવનમાં સદાય વસંતના વાયરા વાય, ફાગણના ફૂલ ખીલે, હસે, રમે અને આ જગતને કેસરી રંગથી ભરી દે એવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

‘‘સભાગૃહનું કામકાજ બપોરના ૧–૧૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર તા. ૧૪–૩–૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.’’

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૨૩, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

<#B /તારાંકિત પ્રશ્નો/B #>

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૧, માનનીય હીરાભાઇ પટેલ.

(આ તબક્કે શાસક પક્ષના સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઇને મોદી, મોદીના સૂત્રોચ્ચાર કરતાં)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપના સભ્યો ઉત્તર પ્રદેશ અને ઉતરાખંડમાં જવલંત વિજય થયો છે એ જીતનો હરખ અનુભવે છે એ જ રીતે ગુજરાતમાં પણ માનનીય વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ૧૫૦ નો નિર્ધાર વ્યકત કરીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી, પરંતુ અમારી પંજાબમાં જે સ્થિતિ છે એવી જ સ્થિતિ ગુજરાતમાં આવનાર ચૂંટણીમાં થવાની છે.

અધ્યક્ષશ્રી : ઉત્તર પ્રદેશ અને ઉતરાખંડમાં ભાજપની આટલી સીટો આવી છે એ વિશે માનનીય મંત્રીશ્રીએ વાત કરી. તમને પણ પંજાબ વિશે કહેવા માટે તક આપી છે. પંજાબમાં સરકાર બનાવવા બદલ તમને પણ અભિનંદન.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ગુજરાતમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇની આગેવાની નીચે ૧૫૦ સીટો લાવવાનો નિર્ધાર વ્યકત કરીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: ત્રણ રાજયમાં તો અમે આગળ છીએ. •(×××).

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક-૧

<#S B /મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ/S B #>

<#M/* ૨૯૨૨૦ પ્રો. હીરાભાઈ પટેલ/M#> (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જીલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે, અને

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ

| ક્રમ | જિલ્લાનું નામ | ગૌચર દબાણની વિગત |
|---|---|---|
| ૧. | મહીસાગર | મહીસાગર જીલ્લામાં કુલ-૦૦-૨૬-૦૭ હે.આરે.પ્ર. જેટલી ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો નોંધાયેલ છે |
| ૨. | પંચમહાલ | પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં કોઈ ગેરકાયદેસર દબાણો નોંધાયેલ નથી. |

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે આ દબાણો દૂર કરવા છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લીધાં અને કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

(૨) મહીસાગર-

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં ગૌચરમાં ગેરકાયદેસર એક દબાણ અંગેનો કેસ નામ. કૉર્ટમાં ચાલે છે. સંતરામપુર તાલુકાના ગૌચર દબાણનો એક કેસ કૉર્ટ કમિશન થયેલ છે. અન્ય દબાણ બાબતે ગ્રામ પંચાયતને દબાણ દૂર કરાવવા તાલુકા પંચાયત-સંતરામપુર દ્વારા નૉટીસ આપેલ છે. ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૫ હેઠળ દબાણકર્તાને દબાણ દૂર કરવા નોટીસો આપેલ છે.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉક્ત સ્થિતિએ દબાણ દૂર થયેલ નથી.

પંચમહાલ–

પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં કોઇ ગેરકાયદેસર દબાણ નોંધાયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા આજે પહેલી વખત એક રાજયના મંત્રી તરીકે કહેવા ઉભો થયો છું. ઉત્તર પ્રદેશ અને ઉતરાખંડમાં જવલંત વિજય પ્રાપ્ત કર્યો એના માટે ખૂબ ખૂબ ધન્યવાદ છે. માનનીય ધારાસભ્યશ્રીએ મહીસાગર અને પંચમહાલ જિલ્લાને લગતો પ્રશ્ન પૂછ્યો છે એ અંગે હું માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરવા માગુ છું.હું અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરવા માગું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનો કોઇ સુધારો હશે. સાંભળો તો ખરા.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરના દબાણ માટેનો પ્રશ્ન પૂછ્યો છે. મારે આપના ધ્યાને મૂકવું છે કે પંચમહાલ જિલ્લામાં એક પણ દબાણ નોંધાયેલ નથી. મહીસાગર જિલ્લામાં ત્રણ દબાણો નોંધાયેલા છે. એ પૈકી એક દબાણ અંગે નામદાર હાઇકોર્ટની અંદર આજે કેસ ચાલુ છે અને બે દબાણો છે.(અંતરાય) નિર્ણય અધ્યક્ષશ્રીએ કરવાનો છે. જે હાઇકોર્ટમાં કેસ દાખલ છે. ૧૪૯૮/૨૦૧૩.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી. એમણે પ્રશ્ન ક્રમાંક કહ્યું. આપ જવાબ વાંચ્યા મુજબ કહ્યા પછી એમને પ્રશ્ન પૂછવા દો. હું એવું સમજું છું કે તમારે કંઇ સુધારો રજૂ કરવો છે.

પ્રો. હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતના પરિણામ આવ્યા ત્યારે વિલાયેલી કેરી જેવા હતા અને આજે માત્ર ઉત્તરપ્રદેશમાં બહુમતી મળી તો પાકી કેરી જેવા થઇ ગયા છે. (અંતરાય) વારાફરતી વારો અને તમારા પછી મારો. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગૌચરની જમીન દિનપ્રતિદિન ઓછી થતી જાય છે અને ગ્રામપંચાયતે આ દબાણ થયેલી જમીન ખુલ્લી કરાવવાની હોય છે. મોટા ભાગે ગ્રામપંચાયતો આ કામ કરતી નથી. પરિણામે ગૌચરની દબાણવાળી જમીન ખુલ્લી થતી નથી. તો એ સંજોગોમાં રાજય સરકાર આ અંગે કોઇ નવો વિચાર કરવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે ગેરકાયદેસર દબાણોની કેટલી ફરિયાદ મળેલ છે? ત્રીજો પ્રશ્ન છે કે ગૌચર દબાણનો એક કેસ કયારે નોંધવામાં આવ્યો છે? કોર્ટ કમિશન કયારે થયેલ છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ચાર રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની એટલે કયાંયને કયાંય અમારે હરખમાં ભૂલી જવાય છે. તેમાં અમે એમ કહીએ કે મણીપુરમાં તો અમે કંઇ નહોતા અને મણીપુર આવ્યું. ઉત્તરપ્રદેશમાં તો ઇતિહાસ છે ૩૨૫ સીટનો. આજે ઉત્તરાખંડ જૂઓ. માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય આપે કરવાનો છે. પ્રશ્ન જે પૂછ્યો છે. (અંતરાય) કોંગ્રેસનું કંઇ છે જ નહીં, સાઇકલમાં ય પંચર. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તેની હું આપની પાસે સ્પષ્ટતા કરવા માગું છું. મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરના દબાણ માટેનો પ્રશ્ન પૂછેલો છે. તેમાં પંચમહાલ જિલ્લામાં ગૌચરનું એક પણ દબાણ નથી. મહીસાગર જિલ્લામાં ત્રણ દબાણો નોંધાયેલા છે. તે પૈકી એક કેસ હાઇકોર્ટમાં ચાલુ છે. સિવિલ એપ્લીકેશન ૧૪૯૮/૨૦૧૩થી પડતર છે. ત્યાર પછીના બે દબાણો છે એ લુણાવાડા જિલ્લા કોર્ટમાં ચાલુ છે. તેનો નંબર છે ૧૮૫/૨૦૧૫ અને બીજા કેસનો નંબર છે ૧૬/૨૦૧૭. આ હાઇકોર્ટ મેટર છે. ૨૦ તારીખે જેની મુદત છે. આ પ્રશ્ન પૂછવાનું મારી દૃષ્ટિએ ઉચિત લાગતું નથી. આપ જે નિર્ણય કરો તે રીતે અમે ચાલીશું.

અધ્યક્ષશ્રી : સબજયુડિશિયલ મેટર હોય તેની ચર્ચા આપણે નહીં કરીએ.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌચરની જમીનો સરકારી હેડે કેટલી તબદીલ કરવામાં આવી? આ જમીનનો શું ઉપયોગ કરવામાં આવ્યો અને આવી ગૌચરની જમીનો દબાણદારોને નિયમિત કરવામાં આવી હોય એવા કેટલા કેસ છે અને કેટલી જમીન છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૌચરનો દબાણનો પ્રશ્ન છે. મેં સ્પષ્ટ કહ્યું છે કે બન્ને જિલ્લામાં થઇને ૩ દબાણના કેસ છે અને ત્રણેય કોર્ટમાં પડતર છે. માનનીય સભ્યશ્રી પૂછી રહ્યા છે એ મારી દ્રષ્ટિએ આ બાબત મહેસૂલ વિભાગને લાગુ પડે છે.

અધ્યક્ષશ્રી : આ કોર્ટ મેટર છે એટલે એમાંથી કશુ નીકળવાનું નથી. નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક–૨.

<#S B /મોરબી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો અને પ્રોત્સાહક ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૭૬ શ્રી બાવનજીભાઈ મેતલીયા/M #> (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં ડીસેમ્બર–૨૦૧૬ માં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કેટલી ગ્રામ | (૧) ૯૫ (પંચાણું) |

પંચાયતો સમરસ થઈ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયત પહેલી, બીજી,ત્રીજી અને ચોથી વાર સમરસ થઈ, અને

(૨) પ્રથમવાર – ૪૧
બીજીવાર – ૦૮
ત્રીજીવાર – ૧૧
ચોથીવાર – ૩૫

(૩) ઉક્ત સમરસ થયેલ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે કેટલી રકમ ચુકવવામાં આવે છે ?

(૩) સામાન્ય સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં

| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
|---|---|---|---|---|
| ૫૦૦૦ સુધી | ૨,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | ૬,૧૨,૫૦૦ | ૬,૫૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| મહિલા સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં | | | | |
| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ.. | સતત ત્રીજી વખત રૂ.. | સતત ચોથી વખત રૂ. |
| ૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ | ૧૦,૮૧,૨૫૦ | ૧૧,૦૦,૦૦૦ |

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે આ સભાગૃહના સભ્યશ્રીઓએ જે વાત કરી છે એ જ મારા પ્રશ્નનો મુળ ઉદ્દેશ છે અને એને મળતો આવે છે. આ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અહીં રાજ્યને સમરસ કરીને જોડવાની વાત કરી હતી અને આજે દેશને સમરસ કરવા માટે જે બુલડોઝર માર્યું છે એ નિમિત્તે મારો પ્રશ્ન છે. ડિસેમ્બરમાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં મારા મોરબી જિલ્લામાં તાલુકાવાર પ્રથમવાર, બીજીવાર, ત્રીજીવાર અને ચોથીવાર કેટલી ગ્રામપંચાયતો સમરસ થઇ અને એમાંથી સામાન્ય સમરસ અને મહિલા સમરસ કેટલી થઇ? આ સમરસ થયેલ ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર થશે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં સમરસ યોજના દાખલ કરનાર તત્કાલિન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી હતી. મોરબી જિલ્લામાં પ્રથમ વખત ટોટલ ૯૫ ગ્રામ પંચાયતો મોરબી જિલ્લામાં સમરસ થઇ છે. એમાં પ્રથમ વખત ૪૬, બીજી વખત ૮, ત્રીજી વખત ૧૧ અને ચોથી વખત ૩૫ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. એમાં ૮ મહિલા સમરસ ગ્રામ પંચાયતો છે. આ ૯૫ ગ્રામ પંચાયતોને રૂ.૪.૩૦ કરોડની સહાય કરવામાં આવશે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસ યોજના છે એ આ દેશના વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રીશ્રી લાવ્યા હતા. એ માટે મને એવું લાગે છે કે આ દેશને સમરસ કરવા માટે લાવ્યા લાગે છે. અગાઉની સરકારોમાં ભાગલા પાડો અને રાજ કરો એ નીતિથી કામ કરતા હતા. પહેલા વર્ષે, બીજા વર્ષે, ત્રીજા વર્ષે અને ચોથા વર્ષે સમરસ થાય. ઘણી બધી પંચાયતો એવી હોય કે દેશ આઝાદ થયા પછીથી સમરસ હોય એમના માટે કાંઇ નવી યોજના આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસ યોજનાની બાબતો આપના ધ્યાન ઉપર મૂકી રહ્યો છું. કોઇ એક ગ્રામ પંચાયત હોય, એમાં આઠ સીટ હોય અને એક સરપંચની સીટ હોય, કોઇ સીટ ઉપર ફોર્મ ન ભરાવાના કારણે, કોઇ સીટ ઉપરનું ગ્રામ પંચાયતના સભ્યનું ફોર્મ રદ થવાના કારણે, કોઇ જગ્યાએ ફોર્મ પાછું ખેંચી લેવાના કારણે એક વોર્ડની ચૂંટણી ન થાય તો સમરસ જાહેર કરતા નહોતા. અહીંયાં નાણા વિભાગે ખાસ કિસ્સામાં આ ગ્રામ પંચાયતોને બીજી વખત એક વોર્ડ સમરસ થાય પછી જ માન્યતા મળતી હતી. આજે પણ પછી મળવાની છે પણ આજે પછી મળવાની છે એ વિષય એટલો આપના ધ્યાને મૂકી રહ્યો છું કે દરેક ગ્રામ પંચાયતની અંદર એક સીટ આદિવાસી સીટ હોય છે, હવે એમાં રાજય સરકારે એવો નિર્ણય કર્યો છે કે એ સીટ જે કેટેગરીની સીટ હોય એ કેટેગરીની સીટ જો એ સભ્યની ખાલી રહે અને ડી.ડી.ઓ. પ્રમાણપત્ર આપે કે આ મતદાર યાદીમાં આ વ્યકિત આ કેટેગરીનો મતદાર નથી તો એને સમરસ ગણવાની યોજના કાયદેસર ડી.ડી.ઓ.ને સોંપી દીધી. હવે અહીંયા ના આવવું પડે. આ બધી સમરસ યોજનાની ગ્રાન્ટ ડી.ડી.ઓ. ચૂકવશે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ ગ્રામ પંચાયત સમરસનો હેતુ એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ લાવ્યા એની પાછળનો આશય સામાજીક સમરસતા અને ગામનો વિકાસ, તો આ જે રકમ મળે છે એ રકમ દ્વારા ગામના વિકાસના કયા કયા કામના હેતુ માટે વાપરી શકાય?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સમરસ યોજનામાં જે પંચાયતને ગ્રાંટ મળે છે એમાંથી સામૂહિક વિકાસના કામો શુદ્ધ પીવાના પાણીની યોજના હોય, આંતરિક એપ્રોચ રસ્તાઓ હોય, સ્ટ્રીટ લાઇટ હોય, પ્રાથમિક શાળાના ઓરડાઓ હોય, પ્રાથમિક સારવાર કેન્દ્ર હોય, પાણીની યોજના હોય, ઘન,પ્રવાહી કચરાનો નિકાલ હોય, શૌચાલય હોય, કેન્દ્ર અને રાજય સરકારની યોજના માટે અનુદાન મેચીંગ કરવાનું હોય આ બધા કામો આમાંથી કરી શકાશે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમરસ ગ્રામ પંચાયતની યોજના ખરેખર ગ્રામ્ય વિસ્તારને માટે આશીર્વાદરૂપ છે અને એક વખત સમરસ થયા પછી એ પાવન ગામ તરફ પણ આગળ વધે છે, તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ યોજનાની અંદર પણ જે મહિલા સમરસ ગ્રામ પંચાયત થઇ હોય એના માટેની કોઇ વિશેષ જોગવાઇ છે કે કેમ? અને હોય તો કેટલી છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સમરસની અંદર જે સામાન્યને મળે એના કરતા ડબલ આપવામાં આવે છે અને એ ગામમાં જયાં મહિલા સમરસ થઇ હોય ત્યાં આઠમું ધોરણ ના હોય અને જો એ ગામના લોકો માગે તો એને આઠમા ધોરણની પણ સગવડતા આપવામાં આવે છે.

<#S B /કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારીની જગ્યા ભરવા/S B #>

<#M /* ૨૯૪૫૧ શ્રી રમેશભાઇ મહેશ્વરી /M #> (ગાંધીધામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી (સહકાર) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૫ |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતનું ગૌરવ અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ દેશની અંદર ઉત્તર પ્રદેશમાં જે ઇતિહાસ સર્જયો છે તમામ ગુજરાતીઓએ એનું ગૌરવ લેવું જોઇએ. ચાર રાજયોની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે એનું પણ ગૌરવ લેવું જોઇએ. મારો પ્રશ્નમાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ જિલ્લાના વિસ્તરણ અધિકારી તરીકેની ૫ જગ્યાઓ ખાલી છે તો મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી સહકારની તાલુકાવાર કુલ મંજૂર થયેલ, ભરાયેલ અને ખાલી જગ્યાઓ કેટલી છે અને એ જગ્યાઓ ભરવા માટે રાજય સરકારનું શું આયોજન છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા વિસ્તરણ અધિકારીની તમામ તાલુકામાં એક જગ્યા હોય છે. કચ્છ જિલ્લામાં ૯ તાલુકામાં ૯ જગ્યાઓ છે. ૯ તાલુકામાંથી ૪ જગ્યાઓ ભરાયેલી છે. ૫ જગ્યાઓ ખાલી છે. ૫ જગ્યાઓ જે ખાલી છે એની પરીક્ષા લેવાઇ ગઇ છે, એનું મેરીટ લિસ્ટ પણ જાહેર કરી દીધું છે તો એમાંથી ૩ જગ્યા ભરાશે. આનો રેશીયો હોય છે ૧:૩નો સીધી ભરતીથી એક ભરાય અને ત્રણને પ્રમોશન આપવાનો રાજય સરકારના આર.આર.માં નિયમ છે તો એ નિયમ મુજબ બે જગ્યાઓ પ્રમોશનથી ભરવામાં આવશે. માનનીય સભ્યશ્રીને કહેવું છે કે આ નવે નવ જગ્યા ટૂંક સમયમાં ભરાઇ જશે.

શ્રી નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉમંગ અને ઉત્સાહ માત્ર અહીંયા નહીં આખા દેશમાં છે. કેસરીયો લહેરાયો છે. નકશામાં થોડુંક જ બાકી છે. આદરણીય નરેન્દ્રભાઇ હંમેશા જે બોલે ને એ થઇ જાય. એમણે કહ્યું હતું, એમ.પી.ની ચૂંટણીમાં કોંગ્રેસ મુકત ગુજરાત, તો એ થઇ ગયું. અને આજે એમનું એલાન છે કે કોંગ્રેસ મુક્ત ભારત. એટલે બધા એનું જરાક ઘ્યાન રાખજો. નરેન્દ્રભાઇનું કોંગ્રેસ મુકત ભારતનું એલાન છે. કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારીની જગ્યાનો પ્રશ્ન છે. મારે પૂછવું છે કે વિસ્તરણ અધિકારી વર્ગ–૩ના ભરતીના નિયમો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તરણ અધિકારીના ભરતી નિયમો મુજબ ૫ વર્ષ સુધી ગ્રામ સેવક તરીકે જેણે નોકરી કરી હોય એને આની અંદર લેવામાં આવે છે અને સી.સી.સી. પરીક્ષા પાસ કરેલ હોવો જોઇએ. સીધી ભરતીમાં સરકાર માન્ય કોઇપણ યુનિવર્સિટીની સ્નાતકની ડિગ્રી અને સી.સી.સી.ની પરીક્ષા પાસ કરેલ તથા ગુજરાતી તથા હિન્દી બન્ને ભાષાની જાણકારી હોય એવા લોકોને સીધી ભરતીથી લેવામાં આવે છે.

<#S B /અરવલ્લી જિલ્લામાં તલાટીઓની ઘટ/S B #>

<#M /* ૩૧૬૧૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા/M #> (બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧/૧/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર તલાટીઓની કેટલી ઘટ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તલાટીની ઘટ |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૧૫ |
| ૨ | બાયડ | ૧૩ |
| ૩ | ધનસુરા | ૮ |
| ૪ | માલપુર | ૯ |
| ૫ | મોડાસા | ૯ |
| ૬ | ભીલોડા | ૧૩ |
| | કુલ | ૬૭ |

(૨) ઉક્ત ઘટ પૂર્ણ કરવા સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલા ભરવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં થયેલ ભરતી | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
| ૧ | મેઘરજ | ૧ | ૬ |
| ૨ | બાયડ | ૬ | ૬ |
| ૩ | ધનસુરા | ૦ | ૩ |
| ૪ | માલપુર | ૫ | ૭ |
| ૫ | મોડાસા | ૪ | ૭ |
| ૬ | ભીલોડા | ૦ | ૪ |

(૩) કેટલા સમયમાં આ ઘટ પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં તાલુકાવાર કેટલી ઘટ છે એ જણાવ્યું છે. એક બાજુ ગામડાઓમાં આટલી બધી તલાટીઓની જગ્યા ખાલી છે ત્યારે ભારતીય જનતા પક્ષની સરકારે વાયબ્રન્ટ ગુજરાત થકી અને આ ગૃહમાં પણ કહ્યું છે કે આટલા યુવાનોને રોજગારી આપીએ છીએ. બીજી બાજુ તલાટીઓની ભરતી થતી હોય ત્યારે હજારોની સંખ્યામાં ફોર્મ ભરાય છે અને કૌભાંડો થાય છે અને આ કૌભાંડ અંગે આ ગૃહમાં પણ ચર્ચાઓ થઇ હતી અને આપણે બધા એના સાક્ષી છીએ. આટલી મોટી સંખ્યામાં યુવાન મિત્રો હોય ત્યારે તલાટીઓની ઘટ કેમ પૂરી થતી નથી? બીજું કે, પંચાયતનું વિભાજન થતું હોય છે અને એ રેગ્યુલર કાર્યવાહી છે. એનું મહેકમ તમે ક્યારે મંજૂર કર્યું? જો મંજૂર ન કર્યું હોય તો કેમ નથી કર્યું? તમે સેજા મંજૂર કરો છો તો મહેકમ કેમ મંજૂર કરતા નથી? એ નહીં કરવાના કારણો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે, મેં સ્પષ્ટ કહ્યું છે કે તલાટીઓની જગ્યાઓ આ રાજ્યમાં ૮૧ ટકા ભરાયેલ છે. પણ માનનીય સભ્યશ્રીને હું કહેવા માગું છું કે, ૨૫૧ માંથી ૧૮૪ જગ્યાઓ ભરાયેલ છે. ૬૭ જગ્યાઓ ખાલી છે. માનનીય સભ્યશ્રીને ખબર છે કે એમના જિલ્લામાં તલાટીઓની પરીક્ષા લેવાઇ ગઇ છે, એનું પ્રોવિઝનલ લિસ્ટ જાહેર થઇ ગયું છે, માત્ર ઓર્ડર આપવાના બાકી છે. ૧૦૦ ટકા જગ્યાઓ આ જિલ્લામાં પહેલી વખત ભરવામાં આવશે. બીજો પ્રશ્ન છે કે ગામનું વિભાજન કરીએ છીએ. એ મહેસૂલ રકબો અલગ કરવાનું મહેસૂલ વિભાગમાં કામગીરી કરવાનું આવતું હોય છે. અમે મહેસૂલ વિભાગને યાદી આપીએ છીએ. જેમ જેમ મહેસૂલી રકબા અલગ થશે એ પ્રમાણે મહેકમ મંજૂર થતું હોય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તલાટી-કમ-મંત્રી સંવર્ગની કેટલી જગ્યાઓ વય નિવૃત્તિના કારણે, સ્વૈચ્છિક નિવૃત્તિના કારણે, પ્રભુને પ્યારા થવાના કારણે અને રાજીનામુ આપવાના કારણે ખાલી પડેલ છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : વય નિવૃત્તિના કારણે ૨૦૧૪માં ૧, ૨૦૧૫માં ૧૩ અને ૨૦૧૬માં ૭, અવસાન થવાના કારણે ૨૦૧૪માં ૧, ૨૦૧૬માં ૨, રાજીનામુ આપવાના કારણે ૨૦૧૫માં ૧ અને ૨૦૧૬માં ૪ અને બરતરફ કરવાથી ૧ એટલે કાયદેસર ૩૦ જગ્યાઓ છેલ્લા ત્રણ વર્ષમાં ખાલી થઇ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો અટલજીની ૧૩ દિવસની સરકાર વખતે રાજીનામુ આપતી વખતે અટલજી બોલેલા કે એક દિવસ એવો આવશે કે ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ સુધી ભારતીય જનતા પાર્ટીનું શાસન લહેરાશે. એ દિવસે સમગ્ર સંસદમાં લોકો હસતા હતા અને અટલજીનું અપમાન પણ એ દિવસે કરેલું. આજે અટલજીના

દિલને શાંતિ થશે.  મારો પ્રશ્ન એ છે કે અરવલ્લી જિલ્લામાં તલાટી–કમ–મંત્રીની ખાલી જગ્યાઓ ભરવાનું સરકારે શું આયોજન કરેલ છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પહેલા જવાબમાં જ કીધું કે, આખા જિલ્લામાં ૬૭ જગ્યા જ ઘટે છે. ૬૭ જગ્યા માટે પરીક્ષા લેવાઇ ગઇ છે, પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર થઇ ગયું છે, માત્ર ઓર્ડર દેવાના બાકી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતાશ્રી)  : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળ બહુ જલદી નહીં ભૂલવો જોઇએ. લોકસભામાં ૨ સિટો હતી. અહીંયા ૧૧ પણ ન હતી. ડબલ ડિઝિટ પરાણે હતી અને આમ કરવાથી ટિકિટ મળશે એવું નહીં માનતા, બધાનું ઓપરેશન થવાનું છે. (અંતરાય) એટલે સત્તા છે એ લોકશાહીની આ ખૂબી છે અપ્સ એન્ડ ડાઉન એને પચાવવાની કોશિશ કરવી જોઇએ. બહુમતિ તો આવે ને જાય. ગઇકાલનો રેકોર્ડ છે બધો. એટલા બધા એ ના થાય કે લોકો આપણો આ વિજય જે તમને મળ્યો એ પચાવવાની (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠાં બેઠાં ) : હરખ ના કરાય?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હરખ કરાય પણ એનો સમય હોય એ અહીંયા પ્રશ્ન કલાકમાં ના હોય. (અંતરાય) અમે તો અભિનંદન જ્યાં આપવા જોઇએ ત્યાં આપી દીધા છે. પરંતુ તમે પચવો, આ ડાયજેસ્ટ કરો. આમ કરવાથી મેળ નથી પડવાનો એમ માનીને ચાલો. ૨ સિટો લોકસભામાં હતી એ જલદી ભૂલી ના જતા એ સમજીને ચાલો.

અધ્યક્ષશ્રી : ભારતીય જનતા પાર્ટીના સૌથી પહેલા રાજ્યસભાના સાંસદ ભાજપના ૩૩ ધારાસભ્યો હતા અને ૪૪ મતો સાથે ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી આદરણીય શંકરસિંહજી વાઘેલા રાજ્ય સભાના સાંસદ બનેલા. અભિનંદન. વિજયભાઇ, વિષયાંત્તર નથી ને?

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( મુખ્યમંત્રીશ્રી)  : માનનીય અધ્યક્ષશ્રી, ના, વિષયાંત્તર નથી.

અધ્યક્ષશ્રી : ઓ.કે.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : આજે ખાલી વાત થાય છે એના સંદર્ભમાં જ આદરણીય બાપુ બોલવા ઉભા થયા એટલે મારે પણ ઉત્સાહમાં અને ઉમંગમાં બે વાત કરવી છે. બાપુએ કીધું એ વાત સાચી છે કે લોકશાહીમાં અપ્સ–ડાઉન, બહુમતિ, લઘુમતિ બધું ચાલતું રહે. આપે જે કીધું ૨ માંથી આ ભારતીય જનતા પાર્ટી આજે ૩૨૪ ઉપર છે. ઉત્તર પ્રદેશમાં જ્યાં કાંઇ હતું નહીં એ અઢી વર્ષના મોદીના શાસનમાં આ લોકજુવાળ થયો અને હજુ અઢી વર્ષ બાકી છે હવે શું થશે? મારે એનું ધ્યાન દોરવાનું છે અને બીજી વસ્તુ ૨ સિટ અમારી થઇ તો પણ અમારી પાર્ટી ઉભી રહી છે. કોંગ્રેસની ૨ સિટ થાશેને ઉભું રહેવાની તાકાત નહીં હોય એ વાત પણ નક્કી છે. બીજું, આજે નરેન્દ્રભાઇએ તો જાહેરમાં કીધું છે કે વિજયને પચાવવાનો છે. લોકોની અપેક્ષા વધી છે. એ મુજબની ડિલિવર્સ થવી જ જોઇએ. ગુજરાતમાં આ વસ્તુ વર્ષોથી ચાલી રહી છે વર્ષોથી સ્પષ્ટ બહુમતિ નહીં ૨/૩ બહુમતિના આધાર ઉપર આગળ વધી રહ્યાં છીએ. આજે ઉત્તર પ્રદેશની જીતના કારણે, આજે ઉતરાખંડની જીતના કારણે જ સરકાર બની. સભ્યો ઉત્સાહમાં છે એટલા માટે બે વાત કરે છે થોડુંક આપ પણ પચાવતા શીખો એટલી હું આપની પાસેથી અપેક્ષા રાખું છું.

ડો. અનિલ  જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી,  સમગ્ર પાર્ટીમાં કોઇ સફળતા મળે એટલે સમગ્ર પાર્ટીના કાર્યકર્તાને યશ મળતો હતો એ એક સમય હતો. આજે પરિસ્થિતિ બદલાય છે. આજે વ્યક્તિ પૂજા તરફ તમે ગયા છો અને મને એમ લાગે છે કે આ ઇ.વી.એમ.ની કરામતના લીધે (અંતરાય) એમાં તમારો કોઇ રોલ નથી. ઇ.વી.એમ.ના લીધે આટલા આગળ આવ્યા છો. (અંતરાય) તમને ગોવા અને મણીપુરમાં મેન્ડેટ નથી મળ્યો છતાં તમે ૩ – ૩ સરકાર બનાવો છો. તડજોડ કરીને તમે સરકાર બનાવો છો. (અંતરાય) સાહેબ, (અંતરાય) મારે મંત્રીશ્રીને પૂછવું છે કે હમણાં ૯ લાખ છોકરાઓએ તલાટીની પરીક્ષા આપી હતી એમાં ૨૧૭ જેટલા આદિવાસી ઉમેદવારો સિલેક્ટ ના થયા. જગ્યા હોવા છતાં, છોકરાઓ એમ.બી.એ., એન્જિનિયરો હોવા છતાં સિલેક્ટ ના કર્યા. આ ૨૧૭ ની જગ્યાઓ અમારી ખાલી રહી ગઇ એના કારણો શું છે? કયા સંજોગોમાં એમને સિલેકટ ના કરવામાં આવ્યા?એક. બીજો પ્રશ્ન એ છે કે તમારું ૧૦ વર્ષનું કેલેન્ડર છે એ ક્યારે શરૂ થયું અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે? તમે જે સમયમાં નથી એના માટેનું કેલેન્ડર શું કામ બનાવી રહ્યાં છો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે, ૯,૦૦,૦૦૦ તલાટીની પરીક્ષામાં બેઠા હતા. પરંતુ આજે સન્માનનીય ગૃહના ધ્યાને હું મૂકવા માગુ છું કે, ૪,૬૨,૦૦૦ બાકીના લોકો બેઠા જ નથી એટલા માટે એનો અર્થ એ થાય કે, એ લોકો અન્ય જગ્યાએ લાગી ગયા છે, અન્ય જગ્યાએ એને નોકરી મળી ગઇ છે. સભ્યશ્રીએ બીજો પ્રશ્ન, કેલેન્ડર વર્ષનો પૂછ્યો છે, તો આ સરકાર કેલેન્ડર કરતાં ગુજરાતની જનતાને માને છે. હું એટલા માટે કહું છું જોષીયારાજી મારી વાત સાંભળો, તલાટી છે એ ગામનો પાયાનો કર્મચારી છે. હું એમ કહું છું કે, કેલેન્ડર વર્ષને બાજુએ મૂકીને ગામડાની ગરીબ જનતાને ન્યાય મળે, સંતોષ મળે એના માટે ૨,૫૦૦ જગ્યા સરકારે ખાસ કિસ્સામાં મંજૂર કરી, કેલેન્ડર વર્ષને બાજુએ મૂકીને. આ કેલેન્ડર વર્ષ જે બન્યું છે એ ૨૦૧૧ થી ૨૦૨૧ સુધીનું છે. પરંતુ હું જોષીયારાજીને એટલું કહું છું કે, ગુજરાતનો ગરીબ માણસ ક્યાંય દુ:ખી થાય તો અમારે કેલેન્ડરમાં ક્યાંય જવાની જરૂર નથી. અમે તો એના માટે છીએ ગુજરાતના ગરીબમાં ગરીબ માણસ, છેવાડાના માનવી સુધી સરકારની યોજનાના લાભો પહોંચે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.માં જીત્યા અભિનંદન આપો છો પણ યુ.પી.માં કોંગ્રેસની સરકાર જ નહતી. પંજાબમાં તો ભારતીય જનતા પાર્ટીની સરકારને હરાવીને કોંગ્રેસ સરકાર ત્યાં બેઠી છે. યુ.પી.માં નહતી

સરકાર. ગોવામાં સ્પષ્ટ બહુમતીમાં છીએ, મણીપુરમાં પણ સ્પષ્ટ બહુમતી છે. સરકાર કેમ બને, ના બને એમાં બહુ નથી પડવું પરંતુ દસ વર્ષે કેલેન્ડર બનાવ્યું.

કેલેન્ડર કમ સે કમ ધારાસભ્યશ્રીઓને આપો તો ખબર પડે કે કઇ દિશામાં સરકાર જઇ રહી છે અને શું કરવા માગે છે? અમને ખબર જ નથી પડતી કોઇ સાહેબ દસ વર્ષે કેલેન્ડરમાં? તો એ આપવા માટે ખાસ તમને વિનંતી છે. આ પ્રશ્ન મારા એકલા જિલ્લા પૂરતો મર્યાદિત નથી, આ સન્માનનીય ગૃહના એકે એક ધારાસભ્યશ્રીને, બધાને ખબર છે દરેકે દરેક તાલુકામાં તલાટીઓની ઘટ છે. પાયાનો કર્મચારી કહ્યો ચોક્કસ પરંતુ પચાસ ટકા તમે સરકારી કાર્યક્રમો એમને હાજર રાખીને કામ લેતા હોવ છો, એટલે ગામડાના માણસોનું કામ થતું નથી ત્યારે આ વહેલમાં વહેલી તકે ઘટ ક્યારે પુરી કરવા માગો છો ? અને પંચાયતના મહેકમની જે વાત કરી તો એ પણ આપણો જ વિભાગ ગણી શકાય આમ તો સંલગ્ન છે. તો મહેકમ ક્યારે વહેલી તકે મંજૂર કરશો? કાંઇક સમયમર્યાદા નક્કી કરો તો સારું.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય મહેન્દ્રસિંહજી આપનો જવાબ મેં પહેલાં પણ આપ્યો છે. જે મને પુછી રહ્યા છે, આ સન્માનનીય ગૃહના બધા સભ્યોને ખબર છે. હું આજે ગૃહમાં રેકર્ડ ઉપર જવાબ આપી રહ્યો છું કે, પરીક્ષા લેવાઇ ગઇ છે, મેરિટ લિસ્ટ બહાર પડી ગયું છે, ઓર્ડર દેવાના છે, સો ટકા જગ્યાઓ ભરાશે આખા ગુજરાતની.

બીજો પ્રશ્ન એમણે જિલ્લાના મહેકમ અંગે પુછ્યો તો મેં પહેલા મારા પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે, ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત આ રાજ્ય સરકાર ૧૨,૦૦૦ની એકી સાથે જો ભરતી કરતી હોય, ૩૩ જિલ્લા માટે પહેલી વખત થઇ રહી છે. અને શંકરસિંહજી બાપુ હમણાં એમ કહેતા હતા પણ સાહેબ આમાં અમને હરખ એટલા માટે આવ્યો છે કે, ઘણા લોકો દેશમાં જુદા જુદા તારણો કાઢતા હતા એ બધા ખોટા પડ્યા એટલા માટે અમને આનંદ આવ્યો છો.

<#S B /રાજ્ય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર પાસે માંગેલ ગ્રાન્ટ/S B #>

<#M /* ૩૦૩૨૭ શ્રી શૈલેષ પરમાર /M #> (દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર પાસેથી કેટલી ગ્રાન્ટની માંગણી કે દરખાસ્ત કરવામાં આવી, અને

(૧)

| વર્ષ | કરેલ દરખાસ્ત (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૪૦૯૫૨.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૧૯૭૩૫૯.૦૦ |
| ૨૦૧૬–૧૭ (૩૧–૧૨–૧૬) ની સ્થિતિએ | ૨૫૯૧૩૫.૦૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટની ફાળવણી ઉક્ત વર્ષવાર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૮૪૭૫.૪૮ |
| ૨૦૧૫–૧૬ | ૬૧૫૬૩.૮૨ |
| ૨૦૧૬–૧૭ (૩૧–૧૨–૧૬) ની સ્થિતિએ | ૭૭૭૪૦.૫૧ |

(૩) તે પૈકી કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો ?

(૩)

| વર્ષ | નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો ( રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૪૬૬૭.૭૯ |
| ૨૦૧૫–૧૬ | ૭૮૮૬૭.૧૧ |
| ૨૦૧૬–૧૭ (૩૧–૧૨–૧૬) ની સ્થિતિએ | ૭૧૩૯૫.૫૮ |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ રાજ્યોની ચૂંટણી પછી જે પરિવર્તન આવ્યું છે, જે લોકો સત્તામાં હતા એ લોકોની હાર થઇ અને બીજી પાર્ટીઓનો વિજય થયો. સ્વાભાવિક છે કે, જ્યાં વિજય થયો હોય તો સામેની પાર્ટી પરાજીત થઇ છે, જે લોકો સત્તામાં હતા એ લોકો હારી ગયા અને બાકીના વિજયી થયા. એટલે જે કરામત છે, એ વિજય અને પરાજયની છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે. પાંચ રાજ્યોમાં પરિવર્તન આવ્યું અને જે લોકો વિજય હતા એ લોકો પરાજયી થયા. છઠ્ઠું રાજય ગુજરાત હશે અને હિસ્ટ્રી એવી થશે કે રાજયના મુખ્યમંત્રીનું નામ વિજય હશે પણ અહીંયા પરાજય થશે. મારો પ્રશ્ન એ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બાપુને ગણશો ને તો બધું થશે. બાપુને ગણવાનું રાખો. બધું થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : બાપુ આગળ જ છે. પહેલી લાઇનમાં જ છે સાહેબ. (અંતરાય)સાહેબ, મારો પ્રશ્ન છે, સ્વાભાવિક છે કે ભારતીય જનતા પાર્ટી ઇ.વી.એમ. મશીનના આધારે યુ.પી.માં જીતી એટલે સ્વાભાવિક છે કે એનો હરખ હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ સાચું જ છે. ઇ.વી.એમ.ના કારણે જીત્યા અને એમાં ખોટુ શું છે? બધી જગ્યાએ એમ જ જીતવાનું છે. (અંતરાય) બેસો, પ્લીઝ, પ્લીઝ. બેસો, નીચે બેસો. આમાં બાપુ સાહેબ તો એના સાક્ષી છે એટલે વર્ષો સુધી અમે આવું કહેતા હતા કોઇ સાંભળતુ જ નહોતું. હવે તમારો વારો આવ્યો છે તો થોડું સાંભળો તો ખરા યાર. (અંતરાય) પણ ઇ.વી.એમ.ના કારણે જ આપણે જીત્યા છીએ અને કાયમી ધોરણે એને કારણે જ આપણે જીતવાના. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયાનો આદર કરવો જોઇએ. શૈલેષભાઇ જુદા જુદા બહાના કાઢે છે. સાહેબ, એમના નેતાઓએ પરિણામ સ્વીકારી લીધા અને કોંગ્રેસની તો જે દશા થઇ છે ર૯ હતા એમાંથી ૯ જ રહ્યા એટલે પેલું અપના દલ છે એનાથી પણ ઓછા થઇ ગયા. તમે શાંતિ રાખો. અમારા લોકોને આનંદ કરવા દો. અમે બધું કરીશું. તમે બધું સાંભળવાનું જ રાખો આજે. સાહેબ, કોઇ જગ્યાએ એમને બોલવાની જગ્યા નથી. સાહેબ, હાલ જ મેસેજ આવ્યો સુપ્રિમ કોર્ટે ગોવા માટે પણ કોંગ્રેસની રીટ કાઢી નાખી અને એમ કહ્યું કે ભારતીય જનતા પક્ષ પાસે બહુમતી છે. આ બધું અહીં મારે કહેવું ન જોઇએ પણ એ બોલ્યા એટલે હું કહું છું. ઇ.વી.એમ. મશીન એ લોકશાહી પ્રક્રિયાનો એક ભાગ છે. એનો અનાદર ના કરી શકાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઇ.વી.એમ. મશીન ઉપર બોલ્યા છે. (અંતરાય) નહીં, નહીં, શૈલેષભાઇ બોલ્યા એનો જવાબ એમણે આપ્યો છે. એ કોમ્પીટન્ટ માણસ છે. (અંતરાય) ઓ.કે. હું ટોકીશ. શૈલેષભાઇ, હવે પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : અભિનંદન બંને બાજુએથી આપી દીધા. હવે છઠ્ઠા પ્રશ્નથી અભિનંદન બંધ કરાવો.

અધ્યક્ષશ્રી : તમે પંજાબ માટે અભિનંદનને પાત્ર છો. હા. પાડો.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, ૯ સીટ ઉત્તરપ્રદેશમાં આવી, અમે સ્વીકારીએ છીએ હવે પંજાબમાં ત્રણ સીટ આવી એ નહીં સ્વીકારે? મારો પ્રશ્ન બહુ સીધો છે ભારતીય જનતા પાર્ટીની આ સરકારને કેન્દ્ર સરકાર ભા.જ.પ.ની, ગુજરાત સરકાર ભા.જ.પ.ની એટલે હું ભા.જ.પ.નું નામ બોલું છું. બાકી હું ના બોલું.(અંતરાય) આ બહેનને બંધ કરો સાહેબ, મંત્રી ખોટા બનાવ્યા છે એમને. મારો પ્રશ્ન છે સાહેબ કે આપણને હરખ થાય કે આપણી સરકાર છે એટલે આપણને બધું મળશે જ. યુ.પી.માં જીત્યા , આમાંથી પ્રચારમાં કોઇને બોલાવ્યા જ નહોતા તોપણ બધા જશ લે છે, લે જ સાહેબ, સ્વાભાવિક છે લે જશ. મારું કહેવું છે કે કેન્દ્ર સરકાર આપણી હોય, રાજ્ય સરકાર આપણી હોય અને આ દેશનો પાયો, રાજ્યનો પાયો શિક્ષણ ઉપર મજબૂત થતો હોય, ત્યારે આ સરકારે છેલ્લાં ૩ વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ જે ગ્રાન્ટની માગણી થઇ એ પ્રમાણે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ગ્રાન્ટ ઓછી ફાળવી તો ઓછી ફાળવવાનાં કારણો શાં છે? પ્રશ્ન−૧ અને પ્રશ્ન−ર માં ગ્રાન્ટ ઓછી ફાળવેલ હોવા છતા પણ જે ખર્ચ કર્યો છે તે વધારે કરવામાં આવ્યો છે, એના કારણે એ ખર્ચ કયા હેડ હેઠળ કરવામાં આવ્યો છે? અને ત્રીજો પ્રશ્ન ૩−૩ વર્ષથી ગ્રાન્ટની માગણી કર્યા પછી કેન્દ્ર સરકાર દ્વારા કયા કારણોસર આ ગ્રાન્ટ ઓછી આવી છે તે જવાબ આપશો તેવી વિનંતી કરું છું અને થપ્પડની જાહેરાત ફરી ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ પ્રશ્નની શરૂઆત કરી અને જે ફિલોશોફીની ભાષામાં વાત કરતા હતા ત્યારે મને એમ થયું કે યુ.પી.ની ચૂંટણીના પરિણામો જોઇને શૈલેષભાઇને ખરેખર વૈરાગ્ય આવ્યું. હવે કદાચ વૈરાગ્ય આવે કે ન આવે ગુજરાતની જનતા જરૂર વૈરાગ્ય લાવી દેશે આ વાત સત્ય છે. એમનો પ્રશ્ન છે કે ભારત સરકારની સર્વ શિક્ષણ અભિયાનની ગ્રાન્ટ કેમ ઓછી આવે છે? મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે અબ મેરા દેશ બદલ રહા હૈ. તેરમા નાણા પંચમાં ભારત સરકારની આયોજન પંચની ગ્રાન્ટ હતી એ ૩ર ટકા પ્રમાણે મળતી હતી અને યોજનાકીય ખર્ચમાં ગ્રાન્ટ મળતી હતી. ર૦૧૪ માં નરેન્દ્રભાઇ મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા. આયોજન પંચની જગ્યાએ નીતિ આયોગ આવ્યું. યોજનાકીય ગ્રાન્ટની જગ્યાએ યોજનાઓ બંધ ન કરી, પરંતુ ૩ર ટકાની જગ્યાએ ૪ર ટકા ગ્રાન્ટ કરી, એટલે ઓવરઓલ આ દેશના કોઇપણ રાજ્યની યોજનાકીય ગ્રાન્ટમાં રકમ ઘટી નથી. યોજનાકીય ગ્રાન્ટ નહીં, પણ ઓવરઓલ ગ્રાન્ટ ઘટી નથી. યોજનાકીય ગ્રાન્ટમાં આપણને ઓછા લાગે. ગુજરાતની અંદર ભાજપની સરકાર, દેશની અંદર ભાજપની સરકાર તો ગુજરાતને અન્યાય થવાનો કોઇ સવાલ જ નથી. દેશના કોઇ રાજ્યને હવે અન્યાય થવાનો સવાલ નથી.(અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : ૪ર ટકા, ૩ર ટકા..

અધ્યક્ષશ્રી : અત્યાર સુધી આવું જ ચાલ્યુ છે. ચારે ચાર પ્રશ્નમાં આવું જ ચાલ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : જીત્યા પછી એમને વૈરાગ્ય આવી ગયું છે. એટલા માટે મારો પ્રશ્ન સમજી શક્યા નથી.

અધ્યક્ષશ્રી : પાંચમાં પ્રશ્ન સુધી આવું જ ચાલ્યુ છે. હવે એની પૂર્ણાહૂતિ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો પ્રશ્ન બહુ ક્લિયર છે. જે રીતે ૩ વર્ષમાં ગ્રાન્ટ માગી હતી. ૩૨ ટકાથી ૪૨ ટકા તો ગ્રાન્ટ વધવી જોઇએ. ફિગર હું કહું. ૫,૯૭૪.૪૬ કરોડની માગણી છેલ્લાં ૩ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કરવામાં આવી હતી. તેની સામે ૨,૧૭૭.૭૯ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આપી છે. ૩૭૯૬.૬૬ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આપી નથી. તમે ગ્રેડની વાત કરતા હોય, કોઇ રાજ્યને અન્યાય થયો નથી એ વાત કરતા હોય તો માગણી શા માટે કરી? માગણી કરી હોય તો કેન્દ્ર સરકારે એટલી ગ્રાન્ટ આપણને આપવી જોઇએ. ૩ વર્ષથી ગ્રાન્ટ મળી નથી. ગ્રાન્ટ કેમ નથી મળી એના કારણો કહો છો કે ૪૨ ટકાનો રેશિયો છે. ગ્રાન્ટ વધવી જોઇએ. ગ્રાન્ટ મળી જ નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : શૈલેષભાઇ મેં એમ કહ્યું કે એસએસએની અંદર યોજનાકીય ગ્રાન્ટ આપણને ઓછી દેખાય છે. મેં બહુ સ્પષ્ટ મારા જવાબમાં કહ્યું છે કે યોજનાકીય ગ્રાન્ટ ઓછી દેખાય છે પણ રાજ્યને જનરલ ૩૨ ટકા મળતી હતી તે હિસ્સો ૪૨ ટકા થયો. તે રીતે રાજ્યને સ્વાયત્તતા વધારે આપી છે. એટલે ૧૦ ટકા રાજ્ય સરકાર પાસે...

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાન હેઠળ એજ્યુકેશનમાં અલગ અલગ ગ્રાન્ટની કેન્દ્રની સરકાર ફાળવણી હોય છે તે હું જાણું છું. હું અભણ માણસ નથી. હું જાણું છું. તમે જે ગોળ ગોળ વાત કરો છો તે વાત ન કરો. મારો સ્પેસીફીક પ્રશ્ન છે કે સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારે માગેલી ગ્રાન્ટ તે કેન્દ્ર સરકારે નથી આપી તે તમે સ્વીકારીને ચાલો. તમે ગોળ ગોળ વાત ન કરો. ૩૨ ટકાની ૪૨ ટકા ન કરો. સ્પેસીફીક સર્વ શિક્ષા અભિયાનની ગ્રાન્ટ માટેની વાત છે. હું ટોટલી શિક્ષણની વાત નથી કરતો. કેમ ગ્રાન્ટ ઓછી ફાળવી છે તેટલો જ જવાબ મને આપો.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ સર્વ શિક્ષા અભિયાનની અંદર મૂળ વિષય એ છે કે દરવર્ષે તેમાં ગ્રાન્ટ નથી આવતી અને કયારેય તે ગ્રાન્ટ લેપ્સ નથી જતી. તે ત્રણ ત્રણ વર્ષ સુધી ચાલે છે તે માત્ર તમારી જાણમાં રહે એટલા માટે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇએ એક સરસ સૂત્ર આપ્યું છે કે મુજે દેશ ચલાના નહીં હૈ, દેશ બદલના હૈ. જૂની નીતિઓને કારણે જે તે પરિસ્થિતિ ઉભી થઇ તેમાં બદલાવ લાવ્યા છીએ. અલગ અલગ ગ્રાન્ટ આપતા હતા તેમાં ૩૨ ટકાને બદલે ૪૨ ટકા આપી છે. તેમાં રાજયને ઓવરઓલ કોઇ ખોટ થઇ નથી. અલગ અલગ વિભાગોને મળતી કુલ ગ્રાન્ટમાં હું દાવા સાથે કહુ છું. બીજું હું કોમેન્ટમાં બાકી હતો એટલે કરી લઉં તમારા યુ.પી.એ.ના પાર્ટનર ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે હવે ૨૦૧૯ ભૂલી જાઓ પણ ૨૦૨૪ની તૈયારી કરો.

અધ્યક્ષશ્રી : અરે ભાઇ હવે પૂરું થયું. હવે તો શાંતિ રાખો.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ અગત્યનો પ્રશ્ન છે. બેસી જાઓ પરેશભાઇ. મારે રાહુલ ગાંધીને અભિનંદન આપવા છે. અભિનંદન એટલા માટે આપવા છે કે •(×××)

અધ્યક્ષશ્રી : આપણે અહીં ગૃહમાં બધા માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે પક્ષના રાષ્ટ્રીય નેતાઓ વિશે સહેજપણ ઘસાતું બોલીએ તો તે ગૃહ માટે બરાબર નથી. મારી બધાને વિનંતી છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સર્વ શિક્ષા અભિયાન હેઠળ કઇ કઇ દરખાસ્તો કરવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અનેક પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ માટે કેન્દ્ર સરકાર પાસે દરખાસ્ત કરવામાં આવે છે. તેમાં નવી શાળાઓ ખોલવી, ટ્રાન્સપોર્ટ એકસપોર્ટની સુવિધાઓ ઉપલબ્ધ કરવી, સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને આર.ટી.ઇ. એકટ ૨૦૦૯ના સેકશન ૧૨(૧)(સી) મુજબ ભરેલ ફીના ૨૫ ટકા મુજબ રીએમ્બર્સ આપવું, શાળા બહારના બાળકો માટે ખાસ તાલીમ, મફત પાઠયપુસ્તકો, યુનિફોર્મ, ભણાવવા માટેનું સાહિત્ય, નવા શિક્ષકોના પગાર, શિક્ષકોને તાલીમ, બી.આર.સી. સેલરી, સી.આર.સી. સેલરી, કોમ્પ્યુટર આધારિત શિક્ષણ, લાઇબ્રેરી ગ્રાન્ટ, ઇતર ગ્રાન્ટ, સ્કૂલ ગ્રાન્ટ, સંશોધન ઇવેલ્યુએશન, મોનિટરીંગ સુપરવિઝન, મેન્ટેનન્સ ગ્રાન્ટ, દિવ્યાંગ બાળકો માટેના શિક્ષણની પ્રવૃત્તિ, ઇનોવેશન હેડ હેઠળ જિલ્લાઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટ, એસ.એન.સી. સભ્યોને તાલીમ, સિવિલ વર્ક, મેનેજમેન્ટ, શૈક્ષણિક અભિવૃદ્ધિ કાર્યક્રમ, કોમ્યુનિટિ મોબીલાઇઝેશન, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય રેસીડેન્સીયલ કમ હોસ્ટેલો બનાવવી, સ્કૂલો બનાવવી વગેરેમાં દરખાસ્ત કરવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આંકડા આપ્યા છે તે લેખીતમાં છે અને તે બહુ સ્પષ્ટ છે. માનનીય કેબિનેટ મંત્રી કહે છે કે અમે નીતિ બદલી છે. તો નીતિને અનુરૂપ આપણે નથી બદલાયા કે શું કારણ? આપ દરખાસ્ત કરો છો. ત્રણેય વર્ષના આપ આંકડા જુઓ. ત્રણેય વર્ષમાં આપે દરખાસ્ત ખૂબ મોટી રકમની કરી. માનનીય શૈલેષભાઇની વાત સાચી છે. તેની સામે ફાળવણી છે એ ત્રણેય વર્ષમાં માગણી કરતાં સતત સતત ઘટતી આવી છે. તો આ ઘટવાના શું કારણો? કાં તો આપણે માગણી કરી તે માગણી વ્યાજબી નહોતી અથવા તો આપણે માગ્યા પછી આપણને મળ્યું નથી તો તેના કારણો શું છે? દરખાસ્ત અને સામેના આંકડા જુઓ. જે આંકડા આપણા છે. હું સમજી શકું છું કે આજે ઉત્સાહ હોય પણ ઉત્સાહ સાથે વિષાદ દેખાય છે તકલીફ એની છે કારણ કે, પંજાબ અને ગુજરાતનું ડી.એન.એ. મળતું લગભગ સરખું,

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉત્તર પ્રદેશ સાથે ગુજરાતને ના સરખાવાય. પંજાબમાં મધ્યમ વર્ગ મોટો, ગુજરાતમાં મધ્યમ વર્ગ મોટો, પંજાબમાં ખેતી સમૃદ્ધ ગુજરાતમાં ખેતી સમૃદ્ધ, પંજાબમાં ડ્રગ્સ વધ્યું અહીંયા દારુ વધ્યો, જેમ પંજાબમાં લોકો અકાલી ભાજપથી નારાજ એવા જ અહીં ભાજપથી નારાજ એટલે સામે ઉત્સાહ નહીં ગુજરાત ખોવાની ચિંતા છે, અને બાકીના બે રાજયોમાં સિંગલ લાર્જેસ્ટ પાર્ટી કોંગ્રેસ આવી એનુંય દુઃખ તમને હોય. અમે હોર્સ ટ્રેડીંગ કરતા નથી, તોડ જોડની નીતિમાં અમને ઇન્ટરેસ્ટ નથી અને કયાં ખરીદ પરોખમાં નીકળ્યા છો?

અધ્યક્ષશ્રી : લોકસભામાં બંડલો ઉછળ્યા હતા, આપ અહીં જૂનું બંધ કરો મંત્રીશ્રી જવાબ આપશે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના મારા સાથી પક્ષના સિનિયર સભ્યશ્રી શકિતસિંહજીને મારે તો એટલું જ કહેવું છે કે, દિલ બહેલાને કે લીયે એક ખયાલ અચ્છા હે. એટલે એમણે સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે ૨૦૧૪માં (અંતરાય) ૨૦૧૫માં અને ૨૦૧૬માં..

અધ્યક્ષશ્રી : આપકી યાદોને હમે ઇતના સતાયા કી દિલ કે અરમાન કો ગુલશન કે કાંટો સે સજાયા હે મગર હમને તુમ્હારી યાદો કા દીપક જલાયા હૈ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ બહુ સ્પેસિફિક પ્રશ્ન પૂછ્યો છે કે, ૨૦૧૫ અને ૨૦૧૬માં જે માગણી કરવામાં આવી એના કરતા સરકારને ગ્રાન્ટ ઓછી ફાળવવામાં આવી છે. તો ૨૦૧૪માં આ દેશમાં સત્તાનું પરિવર્તન થયું મારે સભ્યશ્રીને જણાવવું છે કે, ૨૦૧૪માં ૧૪૦૯ કરોડની ગ્રાન્ટની માગણી કરવામાં આવેલી એમાં ૬૦ ટકા મુજબ કારણ કે કેન્દ્રનો હિસ્સો ૬૦ ટકા છે એટલે ૬૦ ટકા મુજબ ૭૮૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં રાજય સરકાર તરફથી કેટલી માગણી કે દરખાસ્ત કરવામાં આવી? આ સવાલ માગણીનો જ છે એટલે માનનીય મંત્રીશ્રી એને જુદું નહીં કરે એટલા માટે કે, આપ પ્રશ્ન પહેલો માનનીય શૈલેષભાઇનો જુઓ, અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર પાસેથી કેટલી ગ્રાન્ટની માગણી કરી? માનનીય ભૂપેન્દ્રસિંહ, સવાલનો જવાબ કમસેકમ સાચો મળે એવી તો સભ્યશ્રીને અપેક્ષા હોય ને? માગણી જે છે એ ટોટલ રકમની જ હોય અને કાં તો આપનો જવાબ સુધારો.

અધ્યક્ષશ્રી : એમની વાત પૂરી થઇ જવા દો. માનનીય મંત્રીશ્રી આપનો જવાબ આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ માગણી જે છે એમાં ખંડ–૨ વાંચો. ખંડ–૨માં લખ્યું છે કે, તે પૈકી ઉકત સ્થિતિએ કેન્દ્ર સરકાર અને રાજય સરકારના હિસ્સા મુજબ અનુક્રમે ૬૦/૪૦ ના રેશિયા પ્રમાણે નીચે મુજબની ગ્રાન્ટની ફાળવણી ઉકત વર્ષવાર કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારી પાસે જે માહિતી છે એ પ્રશ્નના જવાબના ખંડમાં નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ઓ. કે. પણ મારો જવાબ છે એ જવાબ એ છે કે ૬૦ ટકા મુજબ (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, તો જવાબ સુધારવો જોઇએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : મારો જે જવાબ છે એ મુજબ ૭૮૪ કરોડ એટલે ૬૦ ટકાની જગ્યાએ ૫૬ ટકા રકમ આવી એટલે માત્ર ૪ ટકા જ ઓછી હતી.

<#S B /ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રાજીવ ગાંધી સેવા કેન્દ્રના મકાનો/S B #>

<#M /* ૨૯૨૧૪ શ્રી નટવરસિંહ ઠાકોર /M #> (મહુધા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રના મકાનો છેલ્લા બે વર્ષમાં મંજૂર થયા, અને | (૧) શૂન્ય |
| (૨) તે અન્વયે કેટલાના કામો પૂર્ણ થયા અને કેટલાના બાકી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રના મકાનો છેલ્લાં બે વર્ષમાં મંજૂર થયા, અને તે અન્વયે કેટલાના કામો પૂર્ણ થયા અને કેટલાના બાકી છે? મારું એવું કહેવું છે કે મકાનો મંજૂર થયેલા છે પણ થયા નથી, એટલે જે અધૂરાં મકાનો છે એ ક્યારે કરવામાં આવશે? બીજો પ્રશ્ન મારો એ છે કે બીજા ક્યારે મંજૂર કરશે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા :સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યો છે એના જવાબમાં જણાવું કે છેલ્લાં બે વર્ષમાં એક પણ મંજૂર કરવામાં આવેલ નથી, આજે હું એમ કહુ છું કે આખા ગુજરાતની અંદર મારે આ સન્માનનીય ગૃહના ધ્યાને મૂકવું છે કે, આજે કોઇપણ વ્યક્તિ આ ભવન ચાલુ કરશે એમાં જિલ્લાનો રેશિયો ગણાશે, આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ હું આજે કહી રહ્યો છું કે તા. ૨૯–૬–૨૦૧૬ના રોજ જિલ્લાનો રેશિયો ગણાશે. જે અત્યાર સુધી પંચાયત કે તાલુકાનો ગણાતો હતો જેની અંદર મટિરિયલ એડજસ્ટ નહોતું થતું ૬૦–૪૦ના રેશિયાના ભવન બનાવવામાં, હું ધન્યવાદ આપું છું આ દેશના વડાપ્રધાનને કે આજે કોઇપણ વ્યક્તિ આ મકાનનું કામ ચાલુ કરશે તો એને જિલ્લાનો રેશિયો ગણાશે અને જિલ્લાના રેશિયાથી આજે હું

નટરવસિંહભાઇને પુછું છું કે તમારા જિલ્લાની અંદર એક પણ ભવન પૈસાના કારણે બંધ હોય તો મને કહો, છેલ્લાં આઠ દિવસની અંદર પચાસ લાખ રૂપિયા મટિરિયલની અંદર ઉપડ્યા છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ રાજીવ ગાંધી ભવન પૂરા નથી થયાં તો આ પૂરા ન થવાના કારણો શું છે અને રાજ્ય સરકાર દ્વારા એના માટે કયા પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : મેં પહેલાં જ સન્માનનીય ગૃહને ધ્યાન દોર્યું છે કે, પહેલાં બહુ મુશ્કેલી પડતી હતી, હું તો એમ કહીશ કે રાજ્ય સરકારને પણ અભિનંદન આપવા જોઇએ કે ૬૦–૪૦નો રેશિયો જળવાતો નહોતો, આ જ ગૃહની અંદર ૨૦૧૫–૧૬માં ૬૦ કરોડ રૂપિયા સ્પેશ્યલ મટિરિયલના નક્કી કરીને ૬ લાખ રૂપિયા એક ભવનને ચૂકવવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો હતો, સભ્યશ્રીનો સવાલ છે કે કેમ પૂરા નથી થતાં એનો જવાબ એ છે કે, ૨૯–૬–૨૦૧૬ પછી આ રાજ્યની અંદર કોઇપણ ભવનનું કામ ચાલુ હશે તો એમાં કોઇ મુશ્કેલી નહીં પડે, માનનીય નરેન્દ્રભાઇએ જે નિર્ણય લીધો છે અને ભારત સરકારે જે નક્કી કર્યું છે એ પ્રમાણે સમગ્ર રાજ્યની અંદર એક પણ વ્યક્તિ આના પૈસા માટે મારી પાસે નથી આવતો, ભૂતકાળમાં આવતા હતા, આજે કોઇ માગણી કરવા નથી આવતું. આજે કોઇને પણ ચાલુ કરવું હોય તો કરી શકે છે તમને પૈસાની કોઇ મુશ્કેલી નહીં પડે.

શ્રી અમિત અ. ચાવડા : કેન્દ્ર સરકાર અને વડાપ્રધાનના ઢોલ બહુ પીટીએ છીએ, પણ છેલ્લાં બે વર્ષમાં મંત્રીશ્રીએ આપેલા જવાબ મુજબ એકપણ નવું રાજીવ ગાંધી સેવા કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું નથી અને જો વડાપ્રધાનની વાત કરતા હોય તો મારે એમને કહેવું છે કે આ યોજના યુ.પી.એ. સરકાર વખતે લાવવામાં આવી હતી તમારી સરકાર અહીંયા છે તેમ છતાં આખા ગુજરાતમાં નિર્ણય એવો કરવામાં આવ્યો કે જે ગામમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું હોય એ ગામમાં પંચાયત ઘરને મંજૂરી આપવી નહીં અને એના કારણે કેટલાય ગામોમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રની કામગીરી શરૂ કરી ૬૦–૪૦નો રેશિયો ન જળવાવાના કારણે આજે એ ગામોમાં અધૂરાં કેન્દ્રો છે.

અધ્યક્ષશ્રી : એનો જવાબ એમણે આપી દીધો છે કે, પહેલાં તાલુકાનું મથક ગણાતું હતું હવે જિલ્લાનું મથક ગણવામાં આવે છે એટલા માટે.

શ્રી અમિત અ. ચાવડા : આજે યોજના ચાલુ થયે છ છ વર્ષ થયા તેમ છતાં કામો અધૂરાં છે અને ઘણા ગામોમાં કામ પૂર્ણ નથી થઇ શક્યા, પંચાયત ઘર જર્જરિત છે તેના કારણે બેસી શકતા નથી ત્યારે ખોટી વાહ વાહી કરવાને બદલે રાજ્ય સરકારે પણ ખૂટતી રકમ આપવાની તૈયારી રાખવી જોઇએ અને એ બાબતમાં આપણે કોઇ વિચારણા કરવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

<#B /અતારાંકિત પ્રશ્નો/B #>

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

<#S B /ડીસા તાલુકામાં આવેલ પસાયતી જમીનો/S B #>

<#M /* ૨૯૬૦૩ શ્રી પરબતભાઈ પટેલ/M #> (થરાદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં પસાયતી જમીનો કેટલા ગામોમાં કેટલી જમીનો આવેલ છે, | (૧) ૩૧ ગામોમાં હે.–૩૫૪–૯૩–૪૮ ચો.મી.જમીન |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જમીન રીગ્રાંટ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા જી, ખંડ ૧ પૈકીની હે.–૧૭૦–૧૦–૦૭ ચો.મી. જમીન |
| (૩) રીગ્રાંટ થયેલ ન હોય તેના કારણો શાં છે ? | (૩) વહીવટી કારણોસર |

---------

<#S B /સુરત જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસૂલાતના બદલામાં ગ્રાન્ટ /S B #>

<#M /* ૨૯૪૪૯ શ્રી ઈશ્વરભાઈ પરમાર/M #> (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૬ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે | (૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ |

વર્ષમાં સુરત જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને, કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

છે.

| ક્રમ | તાલુકાનું નામ | સનેઃ૨૦૧૪-૧૫ | | સનેઃ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ રકમ રૂ | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામોની સંખ્યા | ફાળવેલ રકમ રૂ |
| ૧ | ચોર્યાસી | ૩૭ | ૬૪,૫૦,૫૪૯ | ૩૨ | ૬૧,૯૩,૬૬૩ |
| ૨ | ઓલપાડ | ૯૬ | ૫૭,૫૪,૧૨૦ | ૮૪ | ૭૩,૮૯,૪૨૪ |
| ૩ | કામરેજ | ૫૯ | ૬૩,૨૪,૯૬૬ | ૫૯ | ૬૨,૫૮,૨૭૧ |
| ૪ | પલસાણા | ૪૪ | ૫૧,૫૮,૨૮૪ | ૪૪ | ૫૧,૯૮,૪૦૭ |
| ૫ | બારડોલી | ૭૨ | ૩૨,૯૪,૨૬૪ | ૭૧ | ૨૯,૩૯,૬૬૦ |
| ૬ | મહુવા | ૬૨ | ૧૦,૬૯,૪૨૪ | ૬૨ | ૧૩,૬૭,૧૬૮ |
| ૭ | માંડવી | ૫૦ | ૧૨,૨૧,૭૦૩ | ૫૧ | ૭,૧૩,૫૦૨ |
| ૮ | માંગરોળ | ૬૮ | ૨૩,૪૫,૪૨૩ | ૬૮ | ૨૫,૯૩,૭૯૮ |
| ૯ | ઉમરપાડા | ૩૩ | ૫,૮૪,૨૨૫ | ૩૩ | ૫,૮૪,૨૨૫ |

---------

<#S B /વલસાડ જિલ્લામાં પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ/S B #>

<#M /* ૨૯૪૬૯ શ્રી ભરતભાઇ પટેલ /M #> (વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે ,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧૨ | ૧૬ | ૨૨૯ | ૨૩ | ૨૮૦ |

(૨)

| વર્ગ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ૯ | ૮ | ૧૧૦ | ૧૬ | ૧૪૩ |
| ખાલી | ૩ | ૮ | ૧૧૯ | ૭ | ૧૩૭ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

<#S B /જુનાગઢ જિલ્લામાં કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત/S B #>

<#M /* ૩૧૬૬૫ શ્રી જવાહરભાઇ ચાવડા /M #> (માણાવદર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧/૦૧/૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો જથ્થો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લામાં જરૂરીયાત મુજબ કેરોસીનનો જથ્થો પૂરતા પ્રમાણમાં ફાળવવા ઉક્ત સમયગાળામાં શી કાર્યવાહી થઈ છે ?

જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ મળવાપાત્ર કેરોસીનના ૧૫૭૭૬ કીલો લીટર જથ્થા સામે ૧૪૨૫૭ કીલો લીટર જથ્થો ફાળવવામાં આવ્યો.

(૨) ઉપાડનું પ્રમાણ જોતાં પુરતા પ્રમાણમાં ફાળવણી કરવામાં આવે છે.

---------

<#S B /સુરત અને તાપી જિલ્લામાં નબળી અને અત્યંત નબળી જણાયેલ શાળાઓ બાબત/S B #>

<#M/* ૨૯૨૧૭ શ્રી આનંદભાઈ ચૌધરી /M#> (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવવાર સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઇ, અને

(૨) ઉક્ત શાળાઓનું શિક્ષણ સુધારવા ઉક્ત સમયગાળામાં રાજ્ય સરકારે શાં પગલાં લીધા?

જવાબ

(૧)

| જિલ્લો | ગુણોત્સવ | નબળી શાળાઓ (સી–ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી–ગ્રેડ) |
|---|---|---|---|
| સુરત | ગુણોત્સવ–૫ વર્ષ ૨૦૧૪–૧૫ | ૧૩૦ | ૮૭ |
| | ગુણોત્સવ–૬ વર્ષ ૨૦૧૫–૧૬ | ૫૨ | ૨૨ |
| તાપી | ગુણોત્સવ–૫ વર્ષ ૨૦૧૪–૧૫ | ૯૫ | ૨૮ |
| | ગુણોત્સવ–૬ | ૩૪ | ૧૫ |

(૨) સરકારે લીધેલાં પગલાં :

| | |
|---|---|
| (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણકાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |
| (૨) | જીલ્લાની દરેક પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) | ધોરણ ૬ થી ૮માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે. |
| (૪) | દરેક શાળામાં અઠવાડિયામાં એક વાર રમતગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. |
| (૫) | શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રીય કરવામાં આવી છે. |
| (૬) | દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૭) | ગુણોત્સવ ગ્રેડ સુધારવા બાબતે જીલ્લાના તમામ સી.આર.સી. કો–ઓર્ડીનેટરોને સઘન તાલીમ આપવામાં આવી છે. |
| (૮) | દરેક શિક્ષકો વિષયવાર પ્રોજેક્ટસ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે તેવું સઘન આયોજન કરવામાં આવ્યું છે. |
| (૯) | જીલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૧૦) | ગુણવત્તા સુધારવા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવામાં આવે છે. |
| (૧૧) | આ બાબતોનું મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ |

| | |
|---|---|
| | પોતાના તાબાની શાળાઓમાં કરવા સી.આર.સી./ બી.આર.સી. કો-ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરિક્ષકોને જણાવવામાં આવેલ છે. |

---------

<#S B /મોરબી જિલ્લામાં ડોર ટુ ડોર કલેક્શન યોજના હેઠળ અપાયેલ ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૭૨ શ્રી કાંતિલાલ અમૃતિયા /M #> (મારબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રાજ્ય મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેક્શન યોજના કયા વર્ષથી અમલમાં આવી, અને | (૧) આ યોજના સને: ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી? | (૨) કુલ:૩૪૫ (ત્રણસો પિસ્તાલીસ) છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોરબી | ૧૦૧ |
| ૨ | માળીયા મીં. | ૪૧ |
| ૩ | ટંકારા | ૪૫ |
| ૪ | વાંકાનેર | ૮૯ |
| ૫ | હળવદ | ૬૯ |
| | કુલ: | ૩૪૫ |

---------

<#S B /જુનાગઢમાં જંગલી જાનવરો-ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકને રક્ષણ/S B #>

<#M /* ૩૦૧૨૩ શ્રી હર્ષદભાઈ રીબડીયા/M #> (વિસાવદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જંગલી જાનવરો-ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાક રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમની ફાળવણી જુનાગઢ જિલ્લામાં કરવામાં આવી, અને | (૧) |

| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
|---|---|
| રૂ. ૨૧.૦૩ લાખ | રૂ. ૯૫.૭૭ લાખ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો? | (૨) |

| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
|---|---|
| ૫૧ | ૨૪૪ |

---------

<#S B /આણંદ અને અમદાવાદ જિલ્લામાં ખાતેદારોનું આધાર સીડીંગ/S B #>

<#M /* ૩૧૫૫૫ શ્રી અમીત ચાવડા /M #> (આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ ઇ-ધરા વ્યવસ્થાપન અંતર્ગત રાજ્યના તમામ ખાતેદારોના આધાર સીડીંગ કરવાનું ક્યારે નક્કી કરવામાં આવ્યું | (૧) રાજ્ય મોનીટરીંગ સેલ, જમીન દફતર કોમ્પ્યુટરાઈઝેશન મહેસૂલ વિભાગના તા.૨૨-૧૧-૧૬ના પરિપત્ર ક્રમાંક: એલઆરસી/૧૦૨૦૧૬/૦૮/૦૩/એસએમસી અન્વયે ઇ-ધરા વ્યવસ્થાપન હેઠળ રાજ્યના તમામ ખાતેદારોના આધાર સીડીંગની કામગીરી મરજિયાત રીતે કરવા તમામ જિલ્લા કલેક્ટર કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ આણંદ અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા | (૨) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ |

ખાતેદારોનું આધાર સીડીંગ કરવામાં આવ્યું, અને

પ૩૬ ખાતેદારોનું આધાર સીડીંગ કરવામાં આવ્યું.

| તાલુકો | આધાર સીડીંગ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | પર |
| પેટલાદ | ૧૧૧ |
| સોજીત્રા | પ૮ |
| ખંભાત | ૧૦પ |
| તારાપુર | ૭૭ |
| બોરસદ | ૬૦ |
| આંકલાવ | ૧૭ |
| ઉમરેઠ | ૪પ |
| આણંદ (શહેર) | ૧૧ |
| કુલ | પ૩૬ |

તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કોઇ પણ ખાતેદારનું આધાર સીડીંગ કરવામાં આવેલ નથી.

(૩) તે અન્વયે કઇ એજન્સીને કેટલી રકમ ચુકવવામાં આવી?

(૩) આધાર સીડીંગની કામગીરી માટે આણંદ અને અમદાવાદ જિલ્લામાં કોઇ એજન્સી નક્કી કરવામાં આવેલ ન હોઇ, ચુકવણી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

<#S B /પંચમહાલમાં જંગલની જમીનના અધિકાર અન્વયે ઇસમોને આપેલ જમીનની સનદો/S B #>

<#M/* ૨૯૨૩૬ શ્રી સી. કે. રાઉલજી/M#> (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર જંગલની જમીનના અધિકાર અધિનિયમ અન્વયે કેટલા ઇસમોને જમીનની સનદો આપવામાં આવી, અને

જવાબ

(૧) વન અધિકાર અધિનિયમ હેઠળ સનદ નહીં પરંતુ આદેશપત્ર આપવામાં આવે છે.

| તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૧પ | ૨૦૧૬ |
| ગોધરા | ૨પ | ૦ |
| કાલોલ | ૪૦ | ૦ |
| હાલોલ | ૭૨ | ૦ |
| ઘોઘંબા | ૨૪૭ | ૦ |
| જાંબુઘોડા | ૦ | ૦ |
| શહેરા | પ | ૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ઇસમોને જમીનની સનદો આપવાની બાકી છે, અને તે કેટલા સમયમાં આપવામાં આવશે?

(૨) બાકીના દાવાઓ પુન:સમીક્ષા હેઠળ છે, જેમ બને તેમ જલદી.

---------

<#S B /ડાંગ જીલ્લામાં ખેડૂતોને કૃષિ ક્ષેત્રે નુકશાન/S B #>

<#M/* ૨૯૮૦૭ શ્રી મંગળભાઈ ગાવિત /M#> (ડાંગ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સન ૨૦૧૬-૧૭ના વર્ષમાં ડાંગ જિલ્લામાં ચોમાસામાં અતિવૃષ્ટિના કારણે તાલુકાવાર ખેડૂતોને કૃષિ ક્ષેત્રે નુકશાન થયેલ છે તે હકીકત સાચી છે, અને

જવાબ

(૧) હા

(૨) જો હા, તો નુકશાન થયેલ ખેડુતોને વળતર ચુકવવા સરકારે ક્યારે શા પગલાં લીધા?

(૨) કાર્યવાહી ચાલુ છે.

---------

<#S B /દાહોદ જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસૂલાતના બદલામાં ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૭૪ શ્રી વિછીંયાભાઈ ભુરીયા /M #> (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને, કેટલી ગ્રાન્ટ આપવામાં આવી? | (૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | સને:૨૦૧૪–૧૫ | | સને:૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગામોની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ ગામોની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
| ૧ | દાહોદ | ૫૪ | ૭,૧૧,૭૮૮ | ૭૪ | ૧૨,૨૮,૨૯૦ |
| ૨ | ગરબાડા | ૩૭ | ૯,૩૨,૫૪૨ | ૩૭ | ૯,૭૩,૮૪૭ |
| ૩ | ઝાલોદ | ૬૫ | ૮,૮૭,૫૮૨ | ૫૯ | ૬,૯૬,૮૩૬ |
| ૪ | ફતેપુરા | ૫૬ | ૩,૦૪,૯૮૮ | ૨૮ | ૧,૪૬,૨૮૪ |
| ૫ | લીમખેડા | ૧૦૫ | ૧૦,૩૭,૪૧૬ | ૧૦૫ | ૯,૪૩,૧૧૪ |
| ૬ | ધાનપુર | ૫૧ | ૩,૫૨,૫૭૮ | ૪૯ | ૩,૧૬,૨૪૦ |
| ૭ | દે.બારીયા | ૭૮ | ૫,૭૦,૧૦૬ | ૭૬ | ૭,૭૯,૦૪૫ |
| ૮ | સંજેલી | ૦૦ | ૦૦ | ૧૮ | ૨,૭૫,૯૪૪ |

---------

<#S B /આણંદ જિલ્લામાં નવા શૌચાલયો બનાવવા/S B #>

<#M /* ૨૯૮૭૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર/M #> (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નવા શૌચાલયો બનાવવામાં આવ્યા? | આણંદ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર નવા શૌચાલય બનાવવામાં આવ્યા. (સંખ્યામાં) |

| ક્રમ | તાલુકો | તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ | તા.૦૧–૦૨–૨૦૧૬ થી તા.૩૧–૦૧–૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૧૬૯ | ૧૧૮૩૮ |
| ૨ | ઉમરેઠ | ૧૮૫૧ | ૧૧૭૭૬ |
| ૩ | બોરસદ | ૩૫૦૦ | ૨૦૭૧૯ |
| ૪ | આંકલાવ | ૨૫૮૩ | ૧૨૦૧૮ |
| ૫ | પેટલાદ | ૨૪૦૫ | ૧૫૨૩૦ |
| ૬ | સોજીત્રા | ૩૩૩૧ | ૫૧૯૯ |
| ૭ | ખંભાત | ૧૭૨૭ | ૧૦૩૫૮ |
| ૮ | તારાપુર | ૧૧૭૧ | ૪૦૮૩ |
| | કુલ | ૧૮૭૩૭ | ૯૧૨૨૧ |

---------

<#S B /નર્મદા જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો/S B #>

<#M /* ૨૯૪૭૭ શ્રી મોતીલાલ વસાવા /M #> (દેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત નર્મદા જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે,

(૩) ઉક્ત પંચાયતોનાં પંચાયત ઘરનાં બાંધકામ માટે સરકાર કોઇ અનુદાન આપે છે કે કેમ, અને

(૪) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલું અનુદાન આપવામાં આવ્યું?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૬૫ |
| ૨ | ડેડીયાપાડા | ૪૬ |
| ૩ | ગરૂડેશ્વર | ૩૮ |
| ૪ | સાગબારા | ૩૧ |
| ૫ | તિલકવાડા | ૪૧ |
| | કુલ: | ૨૨૧ |

(૨) શૂન્ય

(૩) હા

(૪) ઘર વિહોણી પંચાયત ઘર ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોને ફળવાયેલ ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૮૮ શ્રી મુકેશભાઈ પટેલ /M #> (ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત ૧૪માં નાણાપંચ અંતર્ગત સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત, સુરત જિલ્લાના ૯ તાલુકાઓની કુલ–૫૬૫ ગ્રામ પંચાયતોને ગ્રાંટ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| (૧) | ચોર્યાસી | ૪૧ |
| (૨) | ઓલપાડ | ૯૬ |
| (૩) | કામરેજ | ૫૯ |
| (૪) | પલસાણા | ૪૪ |
| (૫) | બારડોલી | ૭૬ |
| (૬) | મહુવા | ૬૨ |
| (૭) | માંડવી | ૮૬ |
| (૮) | માંગરોળ | ૬૮ |
| (૯) | ઉમરપાડા | ૩૩ |
| | કુલ: | ૫૬૫ |

(૨) ૧૪માં નાણાપંચ અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત કુલ રૂ.૭૦,૧૩,૯૦,૪૫૩/– ફાળવવામાં આવેલ.

(૩) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત રૂ.૩૭,૩૭,૩૫,૦૦૦/– નો ખર્ચ થયેલ છે.

---------

<#S B /આદિજાતિ પ્રાયોજના વહીવટદારની કચેરીઓ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૭૪૮ શ્રી વજેસિંગભાઈ પણદા /M #> (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બે વર્ષમાં આદિજાતિ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા ક્યા હેડે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બે વર્ષમાં આદિજાતિ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા નીચે મુજબના હેડે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

(રૂ.લાખમાં)

| યોજનાનું નામ | સને ૨૦૧૫-૧૬ માં ફાળવવામાં આવેલ રકમ | સને ૨૦૧૬-૧૭ માં ૩૧-૦૧-૨૦૧૭ સુધી ફાળવેલ રકમ |
|---|---|---|
| ન્યુ ગુજરાત પેટર્ન | ૭૪૮૧.૫૮ | ૬૫૫૨.૩૬ |
| ખાસ કેન્દ્રિય સહાય | ૧૫૦૮.૯૧ | ૭.૦૦ |
| બોર્ડર વિલેજ | ૧૦૮૮.૯૨ | ૬૩૫.૨૮ |
| બંધારણની કલમ ૨૭૫(૧) | ૪૬૬.૯૬ | ૦.૦૦ |
| ન્યુ બજેટ (બીજરૂપ અંદાજપત્ર) | ૧૩૮.૪૩ | ૧૧૩.૯૧ |
| દૂધ સંજીવની યોજના | ૭૯૦.૦૦ | ૨૩૧૨.૪૪ |
| ૧૦% રાજ્યકક્ષા | ૩૮૨.૦૦ | ૦.૦૦ |
| વન અધિકાર અધિનિયમ-૦૬ | ૪૩.૯૧ | ૩૧.૮૫ |
| સંકલિત ડેરી/વાડી/સ્કીલ તાલીમ યોજના | ૨૩૭.૧૫ | ૩૦૬.૨૭ |
| હાટ બજાર | ૨૦૦.૦૦ | ૦.૦૦ |
| ઘરે ઘરે પીવાના પાણીની સુવિધા | ૨૧૫.૨૦ | ૯૭.૧૬ |
| મુખ્યમંત્રી નાહરી કેન્દ્ર યોજના | ૦.૦૦ | ૭.૬૨ |
| ચેકડેમ/ઉ.સિં. યોજના | ૦.૦૦ | ૧૪૪.૮૪ |
| ઈકો ટુરીઝમ યોજના | ૦.૦૦ | ૫.૦૮ |
| કુલ | ૧૨૫૫૩.૦૬ | ૧૦૨૧૩.૮૧ |

| | |
|---|---|
| (૨) તે અન્વયે હેડ પ્રમાણે મુખ્યત્વે ક્યા કામો મંજુર કરવામાં આવ્યા, અને | (૨) પત્રક-''અ'' મુજબ. |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ખર્ચ થઇ અને કેટલી રકમ બીન વપરાયેલી રહી ? | (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ ખર્ચ થયેલ અને બીન વપરાયેલ રકમ નીચે મુજબ છે. |

(રૂ.લાખમાં)

| યોજનાનું નામ | સને ૨૦૧૫-૧૬ | | સને ૨૦૧૬-૧૭ ૩૧-૦૧-૨૦૧૭ સુધી | |
|---|---|---|---|---|
| | ખર્ચ થયેલ રકમ | બીન વપરાયેલ રકમ | ખર્ચ થયેલ રકમ | બીન વપરાયેલ રકમ |
| ન્યુ ગુજરાત પેટર્ન | ૪૬૦૮.૧૯ | ૨૮૭૩.૩૯ | ૧૨૧૭.૫૮ | ૫૩૩૪.૭૮ |
| ખાસ કેન્દ્રિય સહાય | ૧૨૩૬.૦૦ | ૨૭૨.૯૧ | ૦.૦૦ | ૭.૦૦ |
| બોર્ડર વિલેજ | ૫૬૮.૯૨ | ૫૨૦.૦૦ | ૧૧૦.૧૮ | ૫૨૫.૧૦ |
| બંધારણની | ૪૬૬.૯૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| કલમ ૨૭૫(૧) | | | | |
| ન્યુ બજેટ (બીજરૂપ અંદાજપત્ર) | ૧૩૮.૪૩ | ૦.૦૦ | ૮૨.૪૧ | ૩૧.૫૦ |
| દૂધ સંજીવની યોજના | ૭૯૦.૦૦ | ૦.૦૦ | ૧૯૨૩.૯૪ | ૩૮૮.૫૦ |
| ૧૦% રાજ્યકક્ષા | ૩૮૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| વન અધિકાર અધિનિયમ–૦૬ | ૧૭.૯૧ | ૨૬.૦૦ | ૦.૦૦ | ૩૧.૮૫ |
| સંકલિત ડેરી/વાડી/ સ્કીલ તાલીમ યોજના | ૨૩૭.૧૫ | ૦.૦૦ | ૬૦.૩૭ | ૨૪૫.૯૦ |
| હાટ બજાર | ૦.૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘરે ઘરે પીવાના પાણીની સુવિધા | ૨૧૫.૨૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૭.૧૬ |
| મુખ્યમંત્રી નાહરી કેન્દ્ર યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭.૬૨ |
| ચેકડેમ/ઉ.સિં. યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૪૪.૮૪ |
| ઈકો ટુરીઝમ યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૮ |
| કુલ | ૮૬૬૦.૭૬ | ૩૮૯૨.૩૦ | ૩૩૯૪.૪૮ | ૬૮૧૯.૩૩ |

પત્રક – અ

| અ.નં. | યોજનાનું નામ – હેડ | મહત્વના કાર્યોના નામ |
|---|---|---|
<#S B /ભરૂચ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડી/S B #>

<#M /* ૨૯૬૪૧ શ્રી અરૂણસિંહ રણા /M #> (વાગરા) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) આ ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) ૨૦ ચેકડેમ અને ૧૩ વન તલાવડી.

(૨) ચેકડેમ પાછળ રૂ.૬૧.૭૬ લાખ અને વન તલાવડી પાછળ રૂ.૧૦.૬૫ લાખ.

---------

<#S B /મહેસાણા જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ/S B #>

<#M /* ૨૯૪૫૩ શ્રી ઋષિકેશ પટેલ/M #> (વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં વિસ્તરણ અધિકારી (સહકાર) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

જવાબ

(૧) ૧૨.

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન હેઠળ વ્યકિતગત શૌચાલયો/S B #>

<#M /* ૨૯૪૬૦ શ્રી લાલજીભાઈ કોળીપટેલ /M #> (ધંધુકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામિણ) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે

કેટલા વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

મુજબ વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા,

(સંખ્યામાં)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | કુલ |
|---|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ (કેલેન્ડર વર્ષ) | ૨૨૫૦ | ૮૭૨૯ | ૧૦૯૭૯ |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ (કેલેન્ડર વર્ષ) | ૫૩૧૭ | ૧૧૮૩૦ | ૧૭૧૪૭ |
| કુલ | ૭૫૬૭ | ૨૦૫૫૯ | ૨૮૧૨૬ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

(રુ. લાખમાં)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે ખર્ચ | એ.પી.એલ. કુટુંબો માટે ખર્ચ | કુલ |
|---|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ (કેલેન્ડર વર્ષ) | ૨૧૫.૬૮ | ૮૧૮.૦૬ | ૧૦૩૩.૭૪ |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ (કેલેન્ડર વર્ષ) | ૬૩૭.૨૩ | ૧૪૧૨.૨૦ | ૨૦૪૯.૪૩ |
| કુલ | ૮૫૨.૯૧ | ૨૨૩૦.૨૬ | ૩૦૮૩.૧૭ |

---------

<#SB /પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી મનરેગા યોજના માનવદિન રોજગારી/SB #>

<#M/* ૩૦૧૬૪ શ્રી બલવંતસિંહ રાજપૂત/M#> (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાના અંદાજ સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી માનવદિન રોજગારી આપવામાં આવેલ હતી, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાના અંદાજ સામે વર્ષવાર નીચે મુજબ માનવદિન રોજગારી આપવામાં આવેલ હતીઃ

(સંખ્યા માનવદિનમાં)

| વિગત | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨- | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨- |
|---|---|---|

| | ૨૦૧૫ | ૨૦૧૬ |
|---|---|---|
| માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનું આયોજન | ૮,૮૮,૧૦૬ | ૯,૨૭,૮૧૧ |
| આપવામાં આવેલ માનવદિન રોજગારી | ૬,૪૬,૦૧૨ | ૧૦,૬૩,૧૧૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી ?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચે મુજબ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલઃ

(સંખ્યા માનવદિનમાં)

| વિગત | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
|---|---|---|
| મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | ૨,૨૭,૦૯૮ | ૩,૪૭,૦૦૮ |

---------

<#S B /મોરબી જિલ્લામાં નવી શરતની જમીનમાંથી જુની શરતમાં ફેરવવા/S B #>

<#M /* ૩૦૧૭૮ શ્રી મહમદ જાવિદ પીરઝાદા /M #> (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજી નવી શરતની ખેતીની જમીનમાંથી જુની શરતમાં ફેરવવા મળી,

(૧) ૪૪

(૨) આ પૈકી કેટલી અરજી વાંકાનેર તાલુકાની હતી, અને

(૨) ૨૩

(૩) વાંકાનેર તાલુકાની અરજી પૈકી કેટલી અરજી મંજૂર થઈ, કેટલી અરજી નામંજૂર થઈ અને કેટલી અરજી ઉક્ત સ્થિતિએ પડતર છે ?

(૩)

| મંજૂર કરવામાં આવેલ અરજીઓ | નામંજૂર કરવામાં આવેલ અરજીઓ | ઉક્ત સ્થિતિએ પડતર રહેલ અરજીઓ |
|---|---|---|
| ૨૩ | શુન્ય | શુન્ય |

---------

<#S B /અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીનની માંગણીની અરજીઓ/S B #>

<#M /* ૩૧૬૩૫ શ્રી અશ્વિન કોટવાલ/M #> (ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર જંગલની જમીનની માંગણી માટે કેટલી અરજીઓ આવી,

(૧) એક પણ નહીં

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

આવી, અને

(૩) ઉક્ત નામંજૂર કરવામાં આવેલ અરજીઓ સામે કેટલી અપીલ આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---------

<#S B /પોરબંદર જિલ્લામાં હક્કપત્રક નોંધો નિકાલ/S B #>

<#M /* ૨૯૬૦૯ શ્રી અરવિંદભાઈ લાડાણી /M #> (કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પોરબંદર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૧) ૨૩૬

(૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

(૨) બનતી ત્વરાએ

---------

<#S B /ટેટની પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોની શિક્ષણ સહાયકની ભરતી બાબત/S B #>

<#M /* ૩૧૦૩૨ શ્રી શક્તિસિંહજી ગોહિલ/M #> (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સન ૨૦૧૨ માં જે ઉમેદવારોએ ટેટ ની પરીક્ષા પાસ કરેલ છે તેઓ સન ૨૦૧૭ દરમ્યાન કે તે પછી લેવાની શિક્ષણ સહાયકની માધ્યમિક વિભાગ સરકારી શાળાઓની ભરતીમાં ફોર્મ ભરી નહીં શકે તે હકીકત ખરી છે, અને

(૧) હા.

(૨) અને જો હા, તો તેના શા કારણો છે ?

(૨) નામદાર હાઈકોર્ટના એસ.સી.એ. નં.૧૭૬૬૬/૨૦૧૪ વીથ એસ.સી.એ. ૧૮૯૧૭/૨૦૧૪ ના તારીખ ૨–૩–૨૦૧૫ તથા એમ.સી.એ. નંબર (ફોર રીવ્યુ) ૧૩૫૯/૨૦૧૫ ઈન એસ.સી.એ.નં. ૧૭૬૬૬/૨૦૧૪ વીથ એમ.સી.એ. નંબર ૧૩૬૦/૨૦૧૫ ઈન એસ.સી.એ. નં.૧૭૬૬૬/૨૦૧૪ ના તારીખ ૧૭–૬–૨૦૧૫ ના હુકમ અન્વયે સને ૨૦૧૨ માં જે ઉમેદવારોએ T A T ની પરીક્ષા પાસ કરેલ છે તેઓ સરકારી માધ્યમિક શાળાઓની ભરતીમાં ફોર્મ ભરી શકતા નથી.

---------

<#S B /સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત સફાઇ કરની વસૂલાતના બદલામાં ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૪૬ શ્રી કાંતીલાલભાઈ ગામીત/M #> (નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને, કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સનેઃ ૨૦૧૪–૧૫ | | સનેઃ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કૂલ ગામોની | ફાળવેલ રકમ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ કૂલ ગામોની | ફાળવેલ રકમ રૂ. |

| | | સંખ્યા | | સંખ્યા | |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યારા | ૧૧૩ | ૯૮૫૬૫૧ | ૭૧ | ૫૪૨૪૮૦ |
| ૨ | વાલોડ | ૩૫ | ૭૩૨૯૧૦ | ૩૫ | ૧૦૦૦૪૭૪ |
| ૩ | સોનગઢ | ૭૪ | ૧૭૬૬૮૯૪ | ૭૪ | ૨૧૫૩૦૭૮ |
| ૪ | ઉચ્છલ | ૨૪ | ૧૦૯૧૭૭૦ | ૨૪ | ૧૧૬૫૩૫૦ |
| ૫ | નિઝર | ૩૮ | ૯૪૦૨૭૨ | ૨૦ | ૪૮૮૦૦૦ |
| ૬ | ડોલવણ | ૦૦ | ૦૦ | ૪૪ | ૩૦૦૨૬૮ |
| ૭ | કુકરમુંડા | ૦૦ | ૦૦ | ૧૮ | ૪૪૯૩૫૦ |
| | કુલઃ | ૨૮૪ | ૫૫૧૭૪૯૭ | ૨૮૬ | ૬૦૯૯૦૦૦ |

---------

<#S B /જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી/S B #>

<#M/* ૨૯૪૨૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા /M#> (જામનગર–ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, તેની વિગતો નીચે મુજબ છે.

જામનગર જિલ્લોઃ

| ક્રમ | તાલુકો | રી–સર્વેની કામગીરી પૂર્ણ થયા તારીખ |
|---|---|---|
| ૧ | જામનગર | કામગીરી પ્રગતિમાં છે. |
| ૨ | ધ્રોલ | કામગીરી પ્રગતિમાં છે. |
| ૩ | જોડીયા | તા.૩૦–૧૧–૨૦૧૫ થી પૂર્ણ થયેલ છે. |
| ૪ | કાલાવડ | તા.૩૦–૧૧–૨૦૧૫ થી પૂર્ણ થયેલ છે. |
| ૫ | લાલપુર | કામગીરી પ્રગતિમાં છે. |
| ૬ | જામજોધપુર | તા.૩૦–૧૧–૨૦૧૫ થી પૂર્ણ થયેલ છે. |

દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ

| ક્રમ | તાલુકો | રી–સર્વેની કામગીરી પૂર્ણ થયા તારીખ |
|---|---|---|
| ૧ | કલ્યાણપુર | કામગીરી પ્રગતિમાં છે. |
| ૨ | ભાણવડ | તા.૩૦–૧૧–૨૦૧૫ થી પૂર્ણ થયેલ છે. |
| ૩ | દ્વારકા | તા.૩૦–૧૧–૨૦૧૫ થી પૂર્ણ થયેલ છે. |
| ૪ | ખંભાળીયા | કામગીરી પ્રગતિમાં છે. |

(૨) ઉક્ત રી–સર્વેની કામગીરી બાદ આપવામાં આવેલ નકશાઓમાં ભુલો કે ક્ષતિઓ સુધારવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ કે વાંધાઓ મળ્યા,

(૨) ઉક્ત સર્વેની કામગીરી બાદ આપવામાં આવેલ નકશાઓમાં ભુલો કે ક્ષતિઓ સુધારવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી અરજીઓ કે વાંધાઓ મળ્યા તેની વિગત નીચે મુજબ છે.

જામનગર જિલ્લોઃ

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર | ૩૪૪૩ |
| ૨ | ધ્રોલ | ૭૨૪ |
| ૩ | જોડીયા | ૧૧૬૦ |

| | | |
|---|---|---|
| ૪ | કાલાવડ | ૪૮૮૯ |
| ૫ | લાલપુર | ૧૩૮ |
| ૬ | જામજોધપુર | ૧૯૯૮ |
| | કુલ | ૧૨૩૫૨ |

દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | કલ્યાણપુર | ૨૪૮૭ |
| ૨ | ભાણવડ | ૬૯૩ |
| ૩ | દ્વારકા | ૫૭૮ |
| ૪ | ખંભાળીયા | ૧૧૭૪ |
| | કુલ | ૪૯૩૨ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ/ વાંધાઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી ક્ષતિઓ દૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષવાર કેટલી અરજીઓ/વાંધાઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી ક્ષતિઓ દૂર કરવામાં આવી, તેની વિગત નીચે મુજબ છે.

જામનગર જિલ્લોઃ

| ક્રમ | તાલુકો | તા.૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | તા.૧-૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૬ | ૬૯ |
| ૨ | ધ્રોલ | ૯૦ | ૨૭ |
| ૩ | જોડીયા | ૫૧ | ૮૫ |
| ૪ | કાલાવડ | ૮૦ | ૮૨ |
| ૫ | લાલપુર | ૧૮ | ૯ |
| ૬ | જામજોધપુર | ૮૫ | ૭૭ |
| | કુલ | ૩૫૦ | ૩૪૯ |

દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ

| ક્રમ | તાલુકો | તા.૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | તા.૧-૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ |
|---|---|---|---|
| ૧ | કલ્યાણપુર | ૨ | ૨૦ |
| ૨ | ભાણવડ | ૨ | ૧૨ |
| ૩ | દ્વારકા | ૪ | ૧૦ |
| ૪ | ખંભાળીયા | ૦ | ૯ |
| | કુલ | ૮ | ૫૧ |

(૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) રાજ્યમાં ૮૦ થી ૧૦૦ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ રી-સર્વે કામગીરી થઇ રહેલ છે. આથી ખેડૂત ખાતેદારોના જમીન ભુલો વગરના આખરી થાય તથા તેમના ભોગવટાની માપણી રેકર્ડ સુદ્રઢ કરવાના હેતુસર અલાયદુ મહેકમ ઉભુ કરી ઝુંબેશ સ્વરૂપે નિકાલ કરવા આયોજન હાથ ધરી ઉક્ત જામનગર જિલ્લાની અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ/ફરિયાદોનો નિકાલ કરવા અંગેની કાર્યવાહી શરૂ કરેલ છે. જે સત્વરે પૂર્ણ કરવામાં આવનાર છે.

---------

<#S B /મહીસાગર જિલ્લામાં મહેસૂલ તલાટીઓની ઘટ/S B #>

<#M/* ૨૯૨૫૬ શ્રી માનસિંહ ચૌહાણ/M#> (બાલાશીનોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર મહેસૂલ તલાટીઓની કેટલી ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટ પુરી કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ?

જવાબ

(૧) ૧૩

| તાલુકાનું નામ | ઘટની સંખ્યા |
|---|---|
| લુણાવાડા | ૬ |
| સંતરામપુર | ૫ |
| કડાણા | ૧ |
| બાલાસિનોર | ૧ |
| કુલ | ૧૩ |

(૨) મહીસાગર જિલ્લાને ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંકઃ ૬૦/૨૦૧૫–૧૬ અન્વયે તા.૦૯–૦૯–૨૦૧૬ ના રોજ ૯૪ મહેસૂલી તલાટીની ફાળવણી કરવામાં આવી છે.

---------

<#SB/રાજકોટ અને મોરબી જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી કોલેજો/SB#>

<#M/* ૨૯૨૦૮ શ્રી ભોળાભાઈ ગોહેલ/M#> (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં કેટલી ડીપ્લોમાં ઇજનેરી સરકારી કોલેજો છે,

(૨) ઉક્ત કોલેજો ક્યારે મંજુર કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કુલ કેટલી બેઠકો છે, અને

(૩) નવી ડીપ્લોમાં ઇજનેરી કોલેજ શરૂ માંગે છે કે કેમ ? હા તો ક્યારથી ?

જવાબ

(૧) જિલ્લો ડીપ્લોમાં ઇજનેરી સરકારી કોલેજોની સંખ્યા

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| રાજકોટ | ૦૨ |
| મોરબી | ૦૧ |

(૨)

| | સંસ્થાનું નામ | મંજુર કરેલ વર્ષ | કુલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | એ.વી. પારેખ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ, રાજકોટ | ૧૯૪૮ | ૮૭૦ |
| ૨ | સરકારી પોલીટેકનીક, રાજકોટ | ૧૯૬૪ | ૧૨૬૦ |
| ૩ | લખધીરજી ઇજનેરી કોલેજ, મોરબી | ૧૯૫૧ | ૭૨૦ |

(૩) ના, જી.

---------

<#SB/મહેસાણા જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા/SB#>

<#M/* ૨૯૪૬૪ શ્રી રજનીકાંત પટેલ /M#> (બેચરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને

(૨) તેમાં કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઇ ?

જવાબ

(૧) ૪ (ચાર).

(૨) કુલ લાભાર્થીઓઃ ૯૯.૬૨૪
કુલ ચૂકવેલ સહાયઃ રૂ.૩૮૨૮૫.૨૩ લાખ.

---------

<#SB/ખેડા જિલ્લામાં પંચાયતના નવા મકાન માટે મંજૂરી/SB#>

<#M/* ૨૯૪૮૫ શ્રી કેસરીસિંહ સોલંકી /M#> (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) ૩ (ત્રણ)

વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતના નવીન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

(૨) કુલ રૂ.૭૬૪.૭૬ લાખ.

---------

<#S B /અમરેલી જિલ્લામાં ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ/S B #>

<#M /* ૩૦૮૨૬ શ્રી પરેશ ધાનાણી /M #> (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ શરૂ કરવામાં સરકારનું શું આયોજન છે ? | ના, જી. કોઇ આયોજન નથી. |

---------

<#S B /ભાવનગર જિલ્લામાં પંચાયતના નવા મકાન માટે મંજૂરી/S B #>

<#M /* ૨૯૪૫૦ શ્રી કેશુભાઈ નાકરાણી /M #> (ગારીયાધાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતના નવીન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજુર કરવામાં આવ્યું ? | (૨) કુલ રૂ.૭.૬૫ કરોડ. |

---------

<#S B /આણંદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજનાની અરજીઓ/S B #>

<#M /* ૨૯૫૫૬ શ્રી સંજયકુમાર પટેલ/M #> (ખંભાત) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨)

આણંદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત આવેલ અરજીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ બેંકમાં ભલામણ કરેલ તેમજ બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | કુલ મળેલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૩૫૫૨ | ૨૯૩૧ | ૧૪૩૪ |
| ૨ | ઉમરેઠ | ૫૮૩ | ૪૦૧ | ૧૪૩ |
| ૩ | ખંભાત | ૧૮૪૭ | ૧૫૬૨ | ૧૧૪૨ |
| ૪ | પેટલાદ | ૧૬૮૦ | ૧૩૫૧ | ૧૧૭૦ |
| ૫ | બોરસદ | ૧૫૦૦ | ૧૨૫૦ | ૧૨૩૨ |
| ૬ | આંકલાવ | ૫૭૧ | ૩૬૮ | ૨૪૩ |
| ૭ | સોજીત્રા | ૪૩૩ | ૩૫૦ | ૨૪૮ |
| ૮ | તારાપુર | ૩૦૨ | ૨૪૦ | ૧૪૧ |
| | કુલ | ૧૦૪૬૮ | ૮૪૫૩ | ૫૭૫૩ |

(૩) કુલ રૂ.૧૦૮૦.૧૮ લાખની સહાય મંજુર કરવામાં આવી.

---------

<#S B /નસવાડી ખાતે આવેલ કોલેજોને રમતગમતના સાધનો માટે ફાળવેલ ગ્રાન્ટ/S B #>

<#M/* ૨૮૫૩૧ શ્રી ધીરૂભાઈ ભીલ/M#> (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુરના નસવાડી ખાતે આવેલ સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રમતગમતના સાધનો ખરીદવા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી. |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલા રમત–ગમત સાધનો ખરીદવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#SB /મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમિટીની મળેલ બેઠકો અને અરજીઓ/SB #>

<#M/* ૨૯૨૪૪ શ્રી ગેંદાલભાઈ ડામોર /M#> (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં લેન્ડ કમિટિની કેટલી બેઠકો મળી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં મળેલ બેઠકની વિગત

| ક્રમ | વર્ષ | લેન્ડ કમીટીની મળેલ બેઠક | |
|---|---|---|---|
| | | મહીસાગર | પંચમહાલ |
| ૧ | ૨૦૧૫ | ૩ | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ મફત પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી તથા તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી ?

(૨) મફત પ્લોટ મેળવવા માટે એક પણ અરજી મળેલ ન હોઈ પશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#SB /નવસારી જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો/SB #>

<#M/* ૨૯૪૭૯ શ્રી મંગુભાઈ પટેલ/M#> (ગણદેવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત નવસારી જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત ઘરની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૬૨ |
| ૨ | જલાલપોર | ૬૬ |
| ૩ | ગણદેવી | ૬૫ |
| ૪ | ચીખલી | ૬૭ |
| ૫ | વાંસદા | ૮૬ |
| ૬ | ખેરગામ | ૨૨ |
| | કુલ | ૩૬૮ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૨ |
| ૨ | જલાલપોર | ૦૨ |
| ૩ | ગણદેવી | ૦૭ |
| ૪ | ચીખલી | ૦૧ |
| ૫ | વાંસદા | ૦૨ |
| ૬ | ખેરગામ | ૦૦ |

| | | |
|---|---|---|
| | કુલ | ૧૪ |

(૩) ઉક્ત પંચાયતોના પંચાયત ઘરનાં બાંધકામ માટે સરકાર કોઇ અનુદાન આપે છે કે કેમ, અને

(૩) હા.

(૪) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલું અનુદાન આપવામાં આવ્યું ?

(૩) રૂ.૯૩.૦૦ લાખ.

---------

<#S B /વડોદરા જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસૂલાતો બદલામાં ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૪૮ શ્રી દિનેશભાઈ પટેલ /M #> (પાદરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને, કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | સનેઃ ૨૦૧૪–૧૫ | | સનેઃ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામોની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
| ૧ | વડોદરા | ૨૪ | ૧૯,૬૦,૬૯૪ | ૩૩ | ૩૩,૦૧,૧૪૬ |
| ૨ | પાદરા | ૫૩ | ૨૦,૨૭,૬૮૮ | ૬૮ | ૨૮,૨૯,૪૭૪ |
| ૩ | કરજણ | ૮૧ | ૪૦,૯૬,૭૪૩ | ૭૨ | ૪૦,૭૨,૩૭૭ |
| ૪ | શિનોર | ૧૨ | ૭,૩૯,૬૬૪ | ૦૦ | ૦૦ |
| ૫ | ડભોઇ | ૩૮ | ૧૩,૪૮,૩૭૩ | ૫૪ | ૨૬,૩૫,૨૬૮ |
| ૬ | વાઘોડીયા | ૬૭ | ૧૪,૩૯,૨૬૪ | ૬૭ | ૯,૭૩,૩૪૦ |
| ૭ | સાવલી | ૫૨ | ૨૬,૩૧,૦૮૧ | ૩૫ | ૧૭,૯૯,૯૧૨ |
| ૮ | ડેસર | ૦૦ | ૦૦ | ૧૪ | ૮,૫૨,૪૮૩ |
| ૯ | જેતપુર પાવી | ૮૫ | ૪૦,૧૧,૫૭૨ | ૦૦ | ૦૦ |
| ૧૦ | કવાંટ | ૪૧ | ૨૭,૪૭,૫૮૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | છોટાઉદેપુર | ૪૨ | ૭,૭૮,૩૬૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | નસવાડી | ૩૪ | ૪,૨૨,૦૧૩ | ૦૦ | ૦૦ |
| ૧૩ | સંખેડા | ૩૧ | ૬,૦૬,૧૯૮ | ૦૦ | ૦૦ |
| | કુલઃ | ૫૬૦ | ૨,૨૮,૦૯,૨૩૦ | ૩૪૩ | ૧,૬૪,૬૪,૦૦૦ |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ ભરવા/S B #>

<#M /* ૨૯૪૫૪ શ્રી પ્રવિણભાઈ માંકડીયા /M #> (ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની કેટલી જગ્યાઓ તાલુકાવાર ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧ |
| ૨ | ગોંડલ | ૨ |

| | | |
|---|---|---|
| ૩ | જેતપુર | ૧ |
| ૪ | ધોરાજી | ૧ |
| ૫ | ઉપલેટા | ૧ |
| ૬ | કોટડા સાંગાણી | ૧ |
| ૭ | જામકંડોરણા | ૧ |
| ૮ | લોધીકા | ૧ |
| ૯ | જસદણ | ૨ |
| ૧૦ | વિંછીયા | ૧ |
| ૧૧ | પડધરી | ૧ |
| | કુલ | ૧૩ |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

<#S B /ખેડા અને આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની જરૂરીયાત/S B #>

<#M /* ૨૯૨૫૨ શ્રી રામસિંહ પરમાર/M #> (ઠાસરા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટના વર્ગખંડ કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧) ખેડા – ૫૯૨
આણંદ – ૬૬૪.

(૨) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઇ એક્ટની જોગવાઇ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

---------

<#S B /વલસાડ જિલ્લામાં મહેસૂલ વિભાગની એસ.આઈ.ટી. ની અરજીઓ/S B #>

<#M /* ૩૦૪૬૪ શ્રી જીતુભાઈ ચૌધરી/M #> (કપરાડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસૂલ વિભાગની એસ.આઈ.ટી. (સીટ)ની કેટલી અરજીઓ આવેલ હતી,

(૨) તે પૈકી કેટલી અરજીઓની તપાસ કરી નિકાલ કરવામાં આવેલ છે અને કેટલી અરજીઓની તપાસ બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તપાસ બાકી હોય તેવી અરજીઓ કેટલી છે ?

જવાબ

(૧) કુલ–૪૪ અરજીઓ

(૨) ૩૦ અરજીઓનો નિકાલ અને ૧૪ અરજીઓની તપાસ બાકી

(૩) ૧૪ અરજીઓ બાકી

---------

<#S B /અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકોનોની તપાસ/S B #>

<#M /* ૨૯૫૪૪ શ્રી રાકેશ શાહ /M #> (એલિસબ્રિજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૨) તે પૈકી કેટલી દુકાનોમાં ક્યા પ્રકારની ગેરરીતિઓ જોવા મળી, અને

જવાબ

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૭૯ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે.

(૨) તે પૈકી ૬૩ દુકાનોમાં મુખ્યત્વે નીચે મુજબની ગેરરીતિઓ જોવા મળી.

(૧) હાજર જથ્થામાં વધ–ઘટ.

(૨) વ્યાજબી ભાવની દુકાનમાં, પીડીએસ કન્ટ્રોલ ઓર્ડર–૨૦૦૧ પ્રમાણેનું બોર્ડ, રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩ મુજબના ભાવ, વિતરણ પ્રમાણ તથા ટોલ ફ્રી નંબરનું નિયત નમુનાનું બોર્ડ લગાવેલ નથી.
(૩) ફરીયાદ પેટી કે ફરીયાદ બુક નિભાવેલ નથી.
(૪) હાજર જથ્થાની ખરાઇ કરતાં, વગર વેચાણે ઘઉં, ચોખા, કેરોસીન, ખાંડ, મીઠામાં ઘટ જોવા મળેલ છે.
(૫) સ્થળ તપાસમાં નહીં મળી આવેલ કાર્ડધારકોના નામે ખોટા વેચાણ બીલ બનાવી જથ્થો વગે કરેલ છે.
(૬) અંત્યોદય/બીપીએલ કાર્ડધારકોની યાદી પ્રદર્શિત કરેલ નથી.
(૭) એક જિલ્લામાં દુકાન હોવા છતા બીજી જગ્યાએ પણ દુકાન ધરાવતા હતા.

(૩) તે અન્વયે શા પગલાં લીધા ?

(૩) તે અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.
(૧) રૂ.૨૪,૧૭૪/– ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
(૨) રૂ.૧,૨૯,૫૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.
(૩) રૂ.૫૯,૫૭૫/– દંડ કરેલ છે.
(૪) ૧૫ (પંદર) પરવાના મોકુફ કરવામાં આવ્યા.
(૫) ૩(ત્રણ) પરવાના રદ કરેલ છે.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં માં અન્નપૂર્ણા યોજનામાં અનાજના જથ્થાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૬૦ શ્રી સુરેશભાઈ પટેલ /M #> (મણિનગર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) નો અમલ રાજ્યમાં તા.૦૧–૦૪–૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

તેથી અમદાવાદ જિલ્લામાં તા.૦૧–૦૪–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છેઃ–

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના (A A Y ) | ૫૭૫.૫૦ | ૧૩૪.૬૮ | ૭૧૦.૧૮ |
| ૨ | અગ્રતા ધરાવતા | ૨૮૭૭.૧૪ | ૭૩૫.૯૦ | ૩૬૧૩.૦૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કુલ | ૩૪૫૨.૬૪ | ૮૭૦.૫૮ | ૪૩૨૩.૨૨ |

(૨) ક્યા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ–ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

એપ્રિલ–૧૬ થી સપ્ટેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) | વિતરણ પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

ઓક્ટોબર–૧૬ થી ડિસેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) | વિતરણ પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

---------

<#SB /અમરેલી અને ગીરસોમનાથ જિલ્લામાં ઇકો સેન્સેટીવ ઝોન/SB #>

<#M/* ૨૯૮૮૨ શ્રી નલીન કોટડીયા/M#> (ધારી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ગીર સેન્ચ્યુરી–રાષ્ટ્રીય ઉદ્યાન, પાણીયા–મીતીયાળા ગીર અભ્યારણને લાગુ ૧૦ કી.મી. સુધી 'ઇકો સેન્સેટીવ ઝોન' લાગુ કરવામાં આવેલ છે તે વાત ખરી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના શા કારણો છે ?

(૨) ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયની પ્રવર્તમાન માર્ગદર્શિકા પ્રમાણે જ્યાં સુધી ઇકો સેન્સેટીવ ઝોનનું આખરી જાહેરનામુ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી ૧૦ કિ.મી. સુધીના વિસ્તારોને ઇકો સેન્સેટીવ ઝોન ગણવાનો રહે છે.

---------

<#SB /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મળવાપાત્ર કેરોસીનનો જથ્થો/SB #>

<#M/* ૩૧૨૬૭ શ્રી મેરામણભાઈ આહિર /M#> (ખંભાળીયા) : માનનીય અન્ન, નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ઓછો જથ્થો ફાળવાયો, અને

(૧) સૈધાંતિક જરૂરીયાત કરતાં ૯૯૧ કીલો લીટર જથ્થો ઓછો ફાળવવામાં આવ્યો.

(૨) ઉકત જિલ્લામાં જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પૂરતા પ્રમાણમાં ફાળવવા ઉકત સમયગાળામાં શી કાર્યવાહી

(૨) ઉપાડનું પ્રમાણ જોતા પુરતા પ્રમાણમાં છે.

થઈ છે ?

---------

<#S B /ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નબળી અને અત્યંત નબળી જણાયેલ શાળાઓ/S B #>

<#M /* ૨૯૨૩૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર/M #> (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ ક્યારે યોજવામાં આવેલ છે, અને

(૨) ઉકત ગુણોત્સવ કાર્યક્રમમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી શાળાઓ નબળી અને અત્યંત નબળી (સી–ગ્રેડ અને ડી–ગ્રેડ) જણાઈ આવેલ?

જવાબ

(૧)

| વર્ષ | યોજાયેલ ગુણોત્સવની તારીખ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | તા.૨૦–૧૧–૨૦૧૪<br>તા.૨૧–૧૧–૨૦૧૪<br>તા.૨૨–૧૧–૨૦૧૪ |
| ૨૦૧૫–૧૬ | તા.૦૭–૦૧–૨૦૧૬<br>તા.૦૮–૦૧–૨૦૧૬<br>તા.૦૯–૦૧–૨૦૧૬ |

(૨)

| જિલ્લો | વર્ષ ૨૦૧૪–૧૫ ગુણોત્સવ–૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ ગુણોત્સવ–૬ | |
|---|---|---|---|---|
| | નબળી શાળાઓ (સી ગ્રેડ) | અત્યંત નબળી (ડી ગ્રેડ) | નબળી શાળાઓ (સી ગ્રેડ) | અત્યંત નબળી (ડી ગ્રેડ) |
| અરવલ્લી | ૮૯ | ૩૦ | ૦૭ | ૦૬ |
| સાબરકાંઠા | ૨૮ | ૦૦ | ૧૯ | ૧૦ |

---------

<#S B /કચ્છ જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના હેઠળ અપાયેલ ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૭૧ ડૉ. નીમાબેન આચાર્ય /M #> (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ રાજ્ય મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) આ યોજના સને ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે.

(૨) કૂલઃ ૬૧૫ (છસો પંદર)

તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ નીચે મુજબ આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અબડાસા | ૮૫ |
| ૨ | અંજાર | ૫૩ |
| ૩ | ભચાઉ | ૫૯ |
| ૪ | ભુજ | ૧૦૬ |
| ૫ | ગાંધીધામ | ૦૭ |
| ૬ | લખપત | ૩૩ |
| ૭ | માંડવી | ૭૪ |
| ૮ | મુંન્દ્રા | ૪૨ |
| ૯ | નખત્રાણા | ૭૭ |
| ૧૦ | રાપર | ૭૯ |

| | |
|---|---|
| કુલ | ૬૧૫ |

---------

<#S B /પાટણ જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો/S B #>

<#M /* ૨૯૪૭૮ શ્રી નાગરજી ઠાકોર /M #> (રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત પાટણ જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત ઘરની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૬૦ |
| ૨ | સરસ્વતી | ૭૬ |
| ૩ | સિધ્ધપુર | ૫૫ |
| ૪ | ચાણસ્મા | ૬૦ |
| ૫ | હારીજ | ૪૫ |
| ૬ | સમી | ૫૨ |
| ૭ | શંખેશ્વર | ૩૦ |
| ૮ | રાધનપુર | ૪૭ |
| ૯ | સાંતલપુર | ૪૫ |
| | કુલ | ૪૭૦ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૦૦ |
| ૨ | સરસ્વતી | ૦૨ |
| ૩ | સિધ્ધપુર | ૦૧ |
| ૪ | ચાણસ્મા | ૦૨ |
| ૫ | હારીજ | ૦૦ |
| ૬ | સમી | ૦૦ |
| ૭ | શંખેશ્વર | ૦૧ |
| ૮ | રાધનપુર | ૦૧ |
| ૯ | સાંતલપુર | ૦૩ |
| | કુલ | ૧૦ |

(૩) ઉકત પંચાયતોનાં પંચાયત ઘરનાં બાંધકામ માટે સરકાર કોઈ અનુદાન આપે છે કે કેમ, અને

(૩) હા.

(૪) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલું અનુદાન આપવામાં આવ્યું ?

(૪) રૂ.૪૪.૦૦ લાખ.

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ/S B #>

<#M /* ૨૯૫૭૮ શ્રી કિશોરસિંહ ચૌહાણ/M #> (વેજલપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૭૮૮૯ અરજીઓ મળેલ છે.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૭૮૪૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને તેના

(૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૪૩ અરજીઓ

કારણો શાં છે ?

પડતર રહેલ છે.

ઉકત અરજીઓ નીચે મુજબના કારણોથી પડતર રહેલ છે.

૧. અરજદારો બાયોમેટ્રીક આપવા આવેલ ન હોવાથી.

૨. આધાર–પુરાવાના અભાવે

હાલની સ્થિતિએ ઉકત તમામ અરજીઓનો નિકાલ થયેલ છે.

---------

<#S B /તાપી જિલ્લામાં મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ/S B #>

<#M /* ૨૯૬૩૪ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા /M #> (સુરત પૂર્વ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં મુખ્ય સેવિકાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૬ |
| (૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. |

---------

<#S B /રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોને ફાળવાયેલ ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૪૮૬ શ્રીમતિ ભાનુબેન બાબરીયા /M #> (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત ૧૪માં નાણાપંચ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓની કુલ–૫૯૧ ગ્રામ પંચાયતોને ગ્રાંટ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૯૦ |
| ૨ | જસદણ | ૫૯ |
| ૩ | વિંછીયા | ૪૬ |
| ૪ | લોધીકા | ૩૭ |
| ૫ | કોટડા સાંગાણી | ૪૧ |
| ૬ | પડધરી | ૬૦ |
| ૭ | ગોંડલ | ૭૯ |
| ૮ | જેતપુર | ૪૮ |
| ૯ | ધોરાજી | ૩૦ |
| ૧૦ | ઉપલેટા | ૫૧ |
| ૧૧ | જામકંડોરણા | ૫૦ |
| | કુલ | ૫૯૧ |

(૨) તે પેટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ૧૪માં નાણાપંચ અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત કુલ રૂ.૪૮,૭૨,૧૩,૮૧૫/– ફાળવવામાં આવેલ.

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩) ખંડ–૨ મુજબ જણાવેલ ઉપર મુજબની થયેલ ફાળવણી પૈકી કુલ રૂ.૧૩૧૭.૮૫/– લાખનો ખર્ચ થયેલ છે.

---------

<#S B /સુરત જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ/S B #>

<#M /* ૨૯૪૬૭ શ્રી નરોત્તમભાઈ પટેલ /M #> (ઉધના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) |

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧૫ | ૨૩ | ૨૯૦ | ૩૬ | ૩૬૪ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ૯ | ૧૩ | ૧૨૩ | ૨૨ | ૧૬૭ |
| ખાલી | ૬ | ૧૦ | ૧૬૭ | ૧૪ | ૧૯૭ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

<#S B /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરીત ગ્રામ પંચાયતોની મરામત/S B #>

<#M/* ૨૯૪૮૩ શ્રી મેઘજીભાઈ ચાવડા /M#> (કાલાવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે, | (૧) જિલ્લામાં તાલુકા દિઠ જર્જરીત ઘર આ મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૩૪ |
| ૨ | ભાણવડ | ૧૪ |
| ૩ | કલ્યાણપુર | ૧૪ |
| ૪ | દ્વારકા | ૦૬ |
| | કુલ | ૬૮ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતનાં ઘરની મરામત માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) ૧૭ – ગ્રામ પંચાયત.

(૩) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજુર કરવામાં આવ્યું ?

(૩) રૂ.૮૫.૦૦ લાખ.

---------

<#S B /સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે ગોડાઉનો/S B #>

<#M/* ૨૯૫૬૩ શ્રીમતી ઝંખનાબેન પટેલ/M#> (ચોર્યાસી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ-૪૦ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ઉકત ગોડાઉનની સંગ્રહશકિત કેટલી છે ? | (૨) ગોડાઉનની કુલ સંગ્રહશકિત ૧૯૭૮૦ મે.ટન છે જેની વિગતો નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | ગોડાઉનની સંખ્યા | ગોડાઉનની સંગ્રહશકિત (મે.ટન) |
|---|---|---|---|
| (૧) | નવાગામ શહેર | ૦૬ | ૨૮૦૦ |
| (૨) | રાંદેર | ૦૨ | ૧૦૦૦ |
| (૩) | ઓલપાડ | ૦૪ | ૧૭૫૦ |

| | | | |
|---|---|---|---|
| (૪) | કીમ | ૦૩ | ૨૨૦૦ |
| (૫) | માંગરોળ | ૦૩ | ૧૦૦૦ |
| (૬) | માંડવી | ૦૭ | ૩૫૦૦ |
| (૭) | મઢી | ૦૪ | ૨૫૦૦ |
| (૮) | બારડોલી | ૦૫ | ૧૯૦૦ |
| (૯) | મહુવા | ૦૨ | ૬૦૦ |
| (૧૦) | સજીપુર | ૦૧ | ૭૫૦ |
| (૧૧) | કડોદરા | ૦૧ | ૭૮૦ |
| (૧૨) | સાયણ | ૦૨ | ૧૦૦૦ |
| | કુલ | ૪૦ | ૧૯૭૮૦ |

---------

<#S B /ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના/S B #>

<#M/* ૩૧૧૩૫ શ્રી પુંજાભાઈ વંશ /M#> (ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના અન્વયે કેટલા આવાસો મંજુર કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના અન્વયે નીચે મુજબ આવાસો મંજુર કરવામાં આવ્યા.

(સંખ્યા)

| ક્રમ | સમયગાળો | ઈન્દિરા આવાસ યોજના | | સરદાર આવાસ યોજના | |
|---|---|---|---|---|---|
| | | ગીર સોમનાથ | જુનાગઢ | ગીર સોમનાથ | જુનાગઢ |
| ૧ | જાન્યુ. ૨૦૧૫ થી ડીસે. ૨૦૧૫ | ૨૨૩ | ૫૪૪ | ૦૦ | ૦૦ |
| ૨ | જાન્યુ. ૨૦૧૬ થી ડીસે. ૨૦૧૬ | ૦૦ | ૪૯ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત આવાસો બાંધવા માટે સરકારે કેટલી રકમની સહાય ચુકવી ?

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત આવાસો બાંધવા માટે સરકારે વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબની રકમની સહાય ચુકવી.

(ચુકવેલ સહાય રૂ. લાખમાં)

| ક્રમ | સમયગાળો | ઈન્દિરા આવાસ યોજના | | સરદાર આવાસ યોજના | |
|---|---|---|---|---|---|
| | | ગીર સોમનાથ | જુનાગઢ | ગીર સોમનાથ | જુનાગઢ |
| ૧ | જાન્યુ. ૨૦૧૫ થી ડીસે. ૨૦૧૫ | ૨૮.૪૫ | ૧૬૩.૨૪ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| ૨ | જાન્યુ. ૨૦૧૬ થી ડીસે. | ૦ | ૧૨.૧૧ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૬ | | | | |
| | કુલ | ૨૮.૪૫ | ૧૭૫.૩૫ | ૦૦ | ૦૦ |

---------

<#S B /પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત/S B #>

<#M /* ૨૯૪૬૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ/M #> (કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોની વિભાજનની છેલ્લા એક વર્ષમાં દરખાસ્ત મળેલ છે,

(૧) કુલ : ૧૯ (ઓગણીસ)
તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ દરખાસ્ત |
|---|---|---|
| ૧ | ગોધરા | ૫ |
| ૨ | કાલોલ | ૫ |
| ૩ | હાલોલ | ૧ |
| ૪ | શહેરા | ૨ |
| ૫ | ઘોઘંબા | ૪ |
| ૬ | મોરવા (હ) | ૧ |
| ૭ | જાંબુઘોડા | ૧ |
| | કુલ : | ૧૯ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) ૧૮ (અઢાર)

(૩) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્ત નામંજૂર કરવામાં આવેલ છે અને તેના શા કારણો છે ?

(૩) ૦ (શૂન્ય) - નામંજૂર
૧ (એક) દરખાસ્ત વિચારણાધિન છે.

---------

<#S B /સુરત જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો/S B #>

<#M /* ૨૯૪૪૫ શ્રી પ્રકુલભાઈ પાનસેરીયા/M #> (કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(સંખ્યામાં)

| ક્રમ | તાલુકો | બનેલ શૌચાલય | | કુલ |
|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | |
| ૧ | બારડોલી | ૧૮૨૭ | ૧૮૮૭ | ૩૭૧૪ |
| ૨ | ચોરાસી | ૨૯૭૪ | ૨૯૯ | ૩૨૭૩ |
| ૩ | કામરેજ | ૨૬૦૭ | ૮૫૨૮ | ૧૧૧૩૫ |
| ૪ | મહુવા | ૨૯૫૧ | ૭૬૩૯ | ૧૦૫૯૦ |
| ૫ | માંડવી | ૪૧૨૨ | ૬૦૭૦ | ૧૦૧૯૨ |
| ૬ | માંગરોળ | ૪૫૬૨ | ૧૨૦૫૧ | ૧૬૬૧૩ |
| ૭ | ઓલપાડ | ૩૦૪૬ | ૧૦૨૫૮ | ૧૩૩૦૪ |
| ૮ | પલસાણા | ૨૯૦૭ | ૩ | ૨૯૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ઉમરપાડા | ૩૬૩૩ | ૨૦૧૧ | ૫૬૪૪ |
| | કુલ | ૨૮૬૨૯ | ૪૮૭૪૬ | ૭૭૩૭૫ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકો | કરેલ ખર્ચ | | કુલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ ખર્ચ (લાખમાં) | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ ખર્ચ (લાખમાં) | |
| ૧ | બારડોલી | ૧૫૪.૩૬ | ૧૯૯.૧૫ | ૩૫૩.૫૧ |
| ૨ | ચોરાસી | ૨૫૧.૨૩ | ૩૬.૩૫ | ૨૮૭.૫૮ |
| ૩ | કામરેજ | ૨૧૯.૭૮ | ૫૦૦.૭૮ | ૭૨૦.૫૬ |
| ૪ | મહુવા | ૨૪૯.૩૨ | ૬૭૪.૪૪ | ૯૨૩.૭૬ |
| ૫ | માંડવી | ૩૪૮.૧૪ | ૩૧૪.૯૫ | ૬૬૩.૦૯ |
| ૬ | માંગરોળ | ૩૯૦.૮૦ | ૮૨૨.૨૬ | ૧૨૧૩.૦૬ |
| ૭ | ઓલપાડ | ૨૫૭.૩૧ | ૩૨૦.૧૮ | ૫૭૭.૪૯ |
| ૮ | પલસાણા | ૨૪૫.૫૧ | ૬૭.૭૩ | ૩૧૩.૨૪ |
| ૯ | ઉમરપાડા | ૨૯૭.૬૫ | ૨૯૪.૯૧ | ૫૯૨.૫૬ |
| | કુલ | ૨૪૧૪.૧૦ | ૩૨૩૦.૭૫ | ૫૬૪૪.૮૫ |

---------

<#S B /અમદાવાદ શહેરમાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૬૨ શ્રી હસમુખભાઈ પટેલ /M #> (અમરાઈવાડી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલી ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૨૩૮૯.૧૮ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૨૫૩.૫૨ |

---------

<#S B /સુરત જિલ્લામાં પાડેલ કઠોળ અંગે દરોડાઓ/S B #>

<#M /* ૨૯૫૭૧ શ્રી હર્ષ સંઘવી/M #> (મજુરા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઠોળ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩) કેટલી કિંમતનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૩૮

(૨) રૂ. ૨૬,૮૭,૮૮૦/– કિંમતનો ૨૭,૫૭૨ કિ.ગ્રા.નો કઠોળનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૩) રૂ. ૧,૬૦,૨૭૦/– કિંમતનો ૧,૪૦૨ કિ.ગ્રા.નો કઠોળનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

---------

<#S B /છોટા ઉદેપુર જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા/S B #>

<#M/* ૨૯૬૧૯ શ્રી સતીષભાઈ પટેલ /M#> (કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઈ ? | (૨) કુલ લાભાર્થીઓ : ૩૬,૮૦૯<br>કુલ ચૂકવેલ સહાય : રૂ. ૨૩૪૪.૬૩ લાખ |

---------

<#S B /મહેસાણા જિલ્લામાં જિલ્લા કલેક્ટર દ્વારા ગામોની મુલાકાત/S B #>

<#M/* ૩૦૮૯૫ શ્રી રમેશભાઈ ચાવડા/M#> (કડી) : માનનીય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સન ૨૦૧૬માં જિલ્લા કલેક્ટર, મહેસાણા દ્વારા જિલ્લાના કેટલા અને કયા ગામોની મુલાકાત લેવામાં આવી; | (૧) સને–૨૦૧૬માં જિલ્લા કલેક્ટર મહેસાણા દ્વારા કુલ–૧૨૦ ગામોની મુલાકાત લેવામાં આવી, મુલાકાત લીધેલ ગામોની યાદીનું પત્રક* સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મુખ્યત્વે કયા મહેસૂલી પ્રશ્નો, સમસ્યાઓ અને આર્થિક ગેરરીતિઓની ફરિયાદો મળી, અને | (૨) ઉક્ત સ્થિતિએ મુલાકાત દરમ્યાન નીચેના પ્રશ્નો બાબતેની રજૂઆત મળેલ છે.<br>• મહેસૂલી હકક નોંધોના નિર્ણય અંગે<br>• વ્યાજબી ભાવની દુકાનોથી વિતરણ થતી જાહેર વસ્તુઓ અંગે<br>• પીવાના પાણીના પ્રશ્નો અંગે<br>• A T V T ના કામો અંગે<br>• એસ. ટી. બસની સુવિધા અંગે<br>• ચુંટણીલક્ષી પ્રશ્નો જેવા કે મતદાન મથક નક્કી કરવા, મતદારોના નામની નોંધણી વિગેરે અંગે<br>• કૃષિ અને શાળા પ્રવેશ અંગે |
| (૩) ઉક્ત મળેલ ફરિયાદો/સમસ્યાઓ આર્થિક ગેરરીતિઓના ઉકેલ માટે મુખ્યત્વે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) મળેલ ફરીયાદોના નિરાકરણ અંગે સંબંધિત અધિકારી/કર્મચારીના ધ્યાને મૂકીને રજૂ થયેલ પ્રશ્નોનું નિરાકરણ કરાયેલ છે.<br>• ગેરરીતિઓ બાબતેની કોઈ ગંભીર ફરીયાદો મળેલ નથી. |

પત્રક

| અ.નં. | જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા મુલાકાતનો માસ | માસ દરમ્યાન મુલાકાત લીધેલ ગામોના નામ અને સંખ્યા | કુલ ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી–૨૦૧૬ | જોટાણા, વિજાપુર, આંકલીયારા, નવાવાસ, રાજપુર (ગઢ), સદાસણ, સતલાસણા, ઈન્દિરાનગર, થોળ, કડી, ચાલાસણા, ગોકળપુરા, દેલપુરા (ખાંટ), બેચરાજી, મોઢેરા, ઉનાવા, પાંચોટ, કડા, ખેરવા ગણપત યુનિ. | ૧૮ |
| ૨ | ફેબ્રુઆરી–૨૦૧૬ | બેચરાજી, ગોઠવા, ગેરિતા, વિસનગર, વડનગર, ઉંઝા, લાખવડ | ૭ |
| ૩ | માર્ચ–૨૦૧૬ | અંબાસણ, કડી, બુડાસણ, નંદાસણ, વિસનગર, મણીપુરા, બેચરાજી | ૭ |
| ૪ | એપ્રિલ–૨૦૧૬ | રંડાલા, સદુથલા, કુવાસણા, થલોટા, હસનપુરા, વિસનગર, સતલાસણા, ધરોઈ, ખેરાલુ, બેચરાજી, મોઢેરા, જોટાણા, કડી, સુવરિયા, વાવડી, ચાણસોલ, ગઠામણ | ૧૭ |
| ૫ | મે–૨૦૧૬ | બેચરાજી, કડી, વડનગર, વિજાપુર, ઉંઝા, વિસનગર | ૬ |

| અ.નં. | જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા મુલાકાતનો માસ | માસ દરમ્યાન મુલાકાત લીધેલ ગામોના નામ અને સંખ્યા | કુલ ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૬ | જુન–૨૦૧૬ | સિપોર, વડનગર, વિસનગર | ૩ |
| ૭ | જુલાઈ–૨૦૧૬ | ખરોડ, ફલુ, પેઢામલી, વિજાપુર, બેચરાજી, આસજોલ, ચડાસણા, વડનગર, શોભાસણ, ડાબુ, પિંપળદર, દેલા, પઢારિયા, ધાધુસણ, જી.આઈ.ડી.સી. દેદિયાસણ, બાસણા, ખેરાલુ, મલેકપુર, ઉંઝા, સિંહી | ૨૦ |
| ૮ | ઓગષ્ટ–૨૦૧૬ | ખેરવા, સતલાસણા, ભિમપુર, ધરોઈ, વાવડી, તારંગા, બાસણા, ચિતોડા, ચિતોડીપુરા, જોટાણા, બેચરાજી | ૧૧ |
| ૯ | સપ્ટેમ્બર–૨૦૧૬ | બાસણા, ફતેપુરા, બેચરાજી, વિસનગર, વડનગર, મોડાસા, સતલાસણા, ઈશાકપુરા, આનંદભાંખરી | ૯ |
| ૧૦ | ઓક્ટોબર–૨૦૧૬ | કડી, વડપુરા, અર્બદા હોલ ભાન્ડુ, મુલસણ, બલોલ, વિસનગર, પાંચોટ | ૭ |
| ૧૧ | નવેમ્બર–૨૦૧૬ | કાંસા, વિસનગર, ગુંજા, વડનગર, જગુદણ, ગણેશપુરા, જોટાણા, કંસારાકુઈ, કડી | ૯ |
| ૧૨ | ડિસેમ્બર–૨૦૧૬ | નંદાસણ, ગોજારિયા, વિસનગર, ખેરવા, દગાવાડિયા, વિજાપુર | ૬ |
| | | કુલ :– | ૧૨૦ |

---------

<#S B /અમદાવાદ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ/S B #>

<#M /* ૨૯૪૮૯ શ્રી રજનીકાંત પટેલ/M #> (અસારવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૪૨૮ |
| (૨) તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) ભરાયેલ જગ્યા ૩૧૯ અને ખાલી જગ્યા ૧૦૯ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ |

---------

<#S B /વડોદરા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય/S B #>

<#M /* ૨૯૪૫૫ શ્રી કેતનભાઈ ઈનામદાર /M #> (સાવલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(સંખ્યામાં)

| ક્રમ | તાલુકો | બનેલ શૌચાલય | | કુલ |
|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | |
| ૧ | ડભોઈ | ૨૭૫૨ | ૬૦૦૧ | ૮૭૫૩ |
| ૨ | કરજણ | ૩૯૮૬ | ૦ | ૩૯૮૬ |
| ૩ | પાદરા | ૧૬૨૮ | ૧૩૨૮૬ | ૧૪૯૧૪ |
| ૪ | સાવલી | ૬૦૬૫ | ૬૪૩૩ | ૧૨૪૯૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | શિનોર | ૬૬ | ૦ | ૬૬ |
| ૬ | વડોદરા | ૫૭૫૮ | ૭૧૮૦ | ૧૨૯૩૮ |
| ૭ | વાઘોડીયા | ૧૫૭૫ | ૩૪૭૨ | ૫૦૪૭ |
| | કુલ | ૨૧૮૩૦ | ૩૬૩૭૨ | ૫૮૨૦૨ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે પૈકી નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | કરેલ ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | |
| ૧ | ડભોઈ | ૨૫૧.૦૦ | ૮૬૨.૮૯ | ૧૧૧૩.૮૯ |
| ૨ | કરજણ | ૩૯૬.૭૬ | ૫૩.૦૪ | ૪૪૯.૮૦ |
| ૩ | પાદરા | ૯૧.૭૧ | ૩૩૫.૭૫ | ૪૨૭.૪૬ |
| ૪ | સાવલી | ૩૦૫.૫૬ | ૬૨૭.૮૦ | ૯૩૩.૩૬ |
| ૫ | શિનોર | ૮.૧૪ | ૦.૦૦ | ૮.૧૪ |
| ૬ | વડોદરા | ૩૦૩.૫૨ | ૫૬૯.૨૮ | ૮૭૨.૮૦ |
| ૭ | વાઘોડીયા | ૫૭.૩૮ | ૪૦૯.૦૮ | ૪૬૬.૪૬ |

---------

<#S B /ગાંધીનગર જિલ્લામાં ખેતીમાં જુની શરતમાં ફેરવવા અરજીઓ/S B #>

<#M/* ૩૦૨૯૨ શ્રી બળદેવજી ઠાકોર/M#> (કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર, ખેતીમાં જુની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળેલ છે, અને

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ગાંધીનગર | ૬૨ |
| | કલોલ | ૨૦ |
| | માણસા | ૦૮ |
| | દહેગામ | ૦૫ |
| | કુલ | ૯૫ |
| ૨૦૧૬–૧૭ | ગાંધીનગર | ૩૯ |
| | કલોલ | ૧૩ |
| | માણસા | ૦૦ |
| | દહેગામ | ૦૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી તથા કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ગાંધીનગર | ૨૫ | ૩૭ |
| | કલોલ | ૧૦ | ૦૮ |
| | માણસા | ૦૧ | ૦૭ |
| | દહેગામ | ૦૧ | ૦૪ |
| | કુલ | ૩૭ | ૫૬ |
| ૨૦૧૬–૧૭ | ગાંધીનગર | ૦૬ | ૧૬ |
| | કલોલ | ૦૦ | ૧૦ |
| | માણસા | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| | દહેગામ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૦૬ | ૨૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેના કારણો શું છે ?

(૩)

| વર્ષ | તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ગાંધીનગર | ૦૦ |
| | કલોલ | ૦૨ |
| | માણસા | ૦૦ |
| | દહેગામ | ૦૦ |
| | કુલ | ૦૨ |
| ૨૦૧૬-૧૭ | ગાંધીનગર | ૧૭ |
| | કલોલ | ૦૩ |
| | માણસા | ૦૦ |
| | દહેગામ | ૦૦ |
| | કુલ | ૨૦ |

---------

<#S B /મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નબળી અને અત્યંત નબળી જણાયેલ પ્રાથમિક શાળાઓ અંગે/S B #>

<#M/* ૨૯૨૨૧ પ્રો. હીરાભાઈ પટેલ /M#> (લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૧)

| જિલ્લો | ગુણોત્સવ | નબળી શાળાઓ (સી-ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી-ગ્રેડ) |
|---|---|---|---|
| મહીસાગર | ગુણોત્સવ-૫ વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૩૧ | ૩૦ |
| | ગુણોત્સવ-૬ વર્ષ ૨૦૧૫-૧૬ | ૩૯ | ૨૨ |
| પંચમહાલ | ગુણોત્સવ-૫ વર્ષ ૨૦૧૪-૧૫ | ૨૧૧ | ૪૯ |
| | ગુણોત્સવ-૬ વર્ષ ૨૦૧૫-૧૬ | ૬૮ | ૨૨ |

(૨) ઉકત શાળાઓનું શિક્ષણ સુધારવા ઉકત સમયગાળામાં રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૨) સરકારે લીધેલાં પગલાં

| | |
|---|---|
| (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |
| (૨) | જિલ્લાની દરેક પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) | ધોરણ ૬ થી ૮ માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે. |
| (૪) | દરેક શાળામાં અઠવાડિયામાં એકવાર રમતગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. |
| (૫) | શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરવામાં આવી છે. |

| | |
|---|---|
| (૬) | દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૭) | ગુણોત્સવ ગ્રેડ સુધારવા બાબતે જિલ્લાના તમામ સી.આર.સી. કો-ઓર્ડીનેટરોને સઘન તાલીમ આપવામાં આવી છે. |
| (૮) | દરેક શિક્ષકો વિષયવાર પ્રોજેકટસ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે તેવું સઘન આયોજન કરવામાં આવ્યું છે. |
| (૯) | જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૧૦) | ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવામાં આવે છે. |
| (૧૧) | આ બાબતોનું મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં કરવા સી.આર.સી./ બી.આર.સી. કો-ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને જણાવવામાં આવેલ છે. |

---------

<#S B /મોરબી જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૮૫ શ્રી બાવનજીભાઈ મેતલીયા /M #> (ટંકારા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ખાદ્યતેલનો પ્રકાર | વિતરણ કરેલ જથ્થો ૧ લીટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઈન્ડ કપાસીયા તેલ | ૧,૨૨,૩૧૬ |

(૨) અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) પ્રતિ લીટર રૂ.૪૮.૦૦ ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

---------

<#S B /કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ/S B #>

<#M /* ૨૯૬૪૫ શ્રી રમેશ મહેશ્વરી/M #> (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકિય વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૧૯૭૪ હેકટર.

(૨) રૂ.૫૪૫.૪૫ લાખ.

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ/S B #>

<#M /* ૩૧૬૨૧ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા /M #> (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૨) ઉકત ઘટ પૂર્ણ કરવા સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| તાલુકો | શિક્ષકોની ઘટ |
|---|---|
| મોડાસા | ૧ |
| બાયડ | ૪૨ |
| ધનસુરા | ૧૫ |
| માલપુર | ૬ |
| મેઘરજ | ૧૧ |
| ભિલોડા | ૨૨ |

(૨) વર્ષ ૨૦૧૫-૧૬માં ૭ જગ્યાઓ સીધી ભરતીથી અને ૩૩ જગ્યાઓ જિલ્લાફેર બદલીથી ભરવામાં આવી છે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ૬૦૦૦ જગ્યાઓ અને મુખ્ય શિક્ષકોની ૧૦૦૦ જગ્યાઓ ભરવા માટે તા.૨૨-૦૧-૨૦૧૭ના રોજ જાહેરાત આપેલ છે, જેની ભરતી પ્રક્રિયા ચાલુ છે. આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં જિલ્લાવાર પ્રમાણસર જગ્યાઓ ભરવાનું આયોજન છે.

---------

<#S B /સાબરકાંઠા જિલ્લા પંચાયતનું મંજુર મહેકમ/S B #>

<#M /* ૨૯૬૨૩ શ્રી પરબતભાઈ પટેલ /M #> (થરાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧૩ | ૧૫ | ૧૨૫ | ૩૨ | ૧૮૫ |

(૨)

| સંવર્ગ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ૧૧ | ૧૧ | ૭૧ | ૨૪ | ૧૧૭ |
| ખાલી | ૨ | ૪ | ૫૪ | ૮ | ૬૮ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

<#S B /ખેડા જિલ્લામાં બનાવટી દસ્તાવેજોની ફરીયાદો/S B #>

<#M /* ૨૯૨૧૫ શ્રી નટવરસિંહ ઠાકોર /M #> (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં બનાવટી દસ્તાવેજો થયાની કેટલી ફરીયાદો છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) તે અન્વયે સરકારે શા પગલાં લીધા ?

જવાબ

(૧) કુલ-૫ ફરીયાદો.

(૨) કુલ-૫ (પાંચ) કેસમાં સીટની બેઠકમાં નક્કી થયા મુજબ અરજદારશ્રીને ફરીયાદી બનાવી એફ.આઈ.આર. દાખલ કરવા નિર્ણય કરવામાં આવેલ. હાલ જે તે પોલીસ સ્ટેશનમાં તપાસ હેઠળ છે.

---------

<#S B /સુરત જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ/S B #>

<#M /* ૨૯૫૩૬ શ્રી ઈશ્વરભાઈ પરમાર /M #> (બારડોલી) : માનનીય અન્ન, અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૨) તે પૈકી કેટલી દુકાનોમાં કયા પ્રકારની ગેરરીતિઓ જોવા મળી, અને

(૩) તે અન્વયે શા પગલાં લીધા ?

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૮૦ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે.

(૨) તે પૈકી ૭૬ દુકાનોમાં મુખ્યત્વે નીચે મુજબની ગેરરીતિઓ જોવા મળી.

(૧) જથ્થામાં વધ–ઘટ
(૨) ભાવ જથ્થાનું બોર્ડ નથી.
(૩) હિસાબો યોગ્ય રીતે નિભાવેલ નથી.
(૪) પરવાનેદાર સિવાય અન્ય વ્યકિત દુકાનનું સંચાલન કરે છે.
(૫) હિસાબી રેકર્ડ અદ્યતન નથી.

(૩) તે અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૪૬,૩૩૭/– કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
(૨) રૂ.૬૫,૦૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.
<#S B /ભરૂચ જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૮૮ શ્રી છત્રસિંહજી મોરી /M #> (જંબુસર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ખાદ્યતેલનો પ્રકાર | વિતરણ કરેલ જથ્થો ૧ લીટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઇન્ડ કપાસીયા તેલ | ૪,૬૦,૯૮૦ |

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) અંત્યોદય અને બીપીએલ કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે.

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું?

(૩) પ્રતિ લીટર રૂ. ૪૮.૦૦ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

---------

<#S B /વલસાડ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી/S B #>

<#M /* ૨૯૫૫૯ શ્રી કનુભાઈ દેસાઈ/M #> (પારડી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા પેટ્રોલ/ ડીઝલ પંપની તપાસણી કરવામાં આવેલ છે,

(૧) ૧૮૭

(૨) ઉક્ત તપાસણી દરમિયાન કેટલા પંપોમાં ક્યા પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવેલ છે, અને

(૨) ૧ (એક) પંપમાં જથ્થો ઓછો આપવા બાબત.

(૩) તે અન્વયે શાં પગલાં લીધેલ છે ?

(૩) સદરહુ પંપ સામે ધી લીગલ મેટ્રોલોજી એક–૨૦૦૯ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

<#S B /મહીસાગર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ/S B #>

<#M /* ૨૯૬૧૨ શ્રી અરવિંદકુમાર પટેલ /M #> (સાબરમતી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૯૧૫ |

| | |
|---|---|
| સંતરામપુર | ૧૧૭૯ |
| ખાનપુર | ૮૬૯ |
| કડાણા | ૫૧૫ |
| બાલાસિનોર | ૧૦૬૦ |
| વિરપુર | ૭૧૧ |
| કુલ | ૬૨૪૯ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| લુણાવાડા | ૧૯૧૫ | ૧૮૫૦ | ૬૫ |
| સંતરામપુર | ૧૧૭૯ | ૧૧૩૭ | ૩૬ |
| ખાનપુર | ૮૬૯ | ૮૦૯ | ૪૧ |
| કડાણા | ૫૧૫ | ૪૭૫ | ૩૪ |
| બાલાસિનોર | ૧૦૬૦ | ૧૦૪૧ | ૧૯ |
| વિરપુર | ૭૧૧ | ૬૫૩ | ૩૮ |
| કુલ | ૬૨૪૯ | ૫૯૬૫ | ૨૩૩ |

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) નિયમાનુસાર ન હોવાથી.

---------

<#S B /ભાવનગર જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૮૭ શ્રી શિવાભાઈ ગોહિલ /M #> (તળાજા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

| ખાદ્યતેલ | વિતરણ કરેલ જથ્થો ૧–લિટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઈન્ડ કપાસીયા તેલ | ૪,૯૮,૯૩૬ |

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૩) પ્રતિ લિટર રૂ.૪૮.૦૦ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

---------

<#S B /વડોદરા જિલ્લામાં આવેલી વ્યાજબી ભાવની દુકાનો/S B #>

<#M /* ૨૯૫૬૬ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા/M #> (સયાજીગંજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી વ્યાજબી ભાવની દુકાનો છે, અને

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ : ૮૧૧ વ્યાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) ઉકત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે ?

(૨) કાર્ડધારકોને દર માસે ૧લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની

મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દરમાસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા એસએમએસ થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ વિજીલન્સ કમીટીના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજિયાત કરેલ છે.

---------

<#S B /ભરુચ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ/S B #>

<#M /* ૨૯૫૪૨ શ્રી દુષ્યંત પટેલ /M #> (ભરૂચ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૩૨ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલી દુકાનોમાં ક્યા પ્રકારની ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) તે પૈકી ૨૦ દુકાનોમાં મુખ્યત્વે નીચે મુજબની ગેરરીતિઓ જોવા મળી.<br>(૧) અનાજના જથ્થામાં વધ-ઘટ હોવી.<br>(૨) ભાવના બોર્ડમાં વિગતો દર્શાવેલ નથી.<br>(૩) કાર્ડધારકોના રેશનકાર્ડમાં નોંધ કરવામાં આવેલ ન હતી. |
| (૩) તે અન્વયે પગલાં લીધા ? | (૩) તે અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.<br>(૧) રૂ.૧૮,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.<br>(૨) રૂ.૬૭,૫૯૯/- દંડ કરવામાં આવ્યો. |

---------

<#S B /સુરેન્દ્રનગર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય/S B #>

<#M /* ૨૯૬૫૯ શ્રીમતી વર્ષાબેન દોશી/M #> (વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે, | (૧) એકપણ નહીં. |
| (૨) ઉકત સ્થિતિએ આ બાલિકા વિદ્યાલયમાં કુલ | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને | |
| (૩) ઉકત કન્યાઓને મુખ્યત્વે કઈ સુવિધાઓ આપવામાં આવે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /મોરબી જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ/S B #>

<#M /* ૨૯૬૩૧ શ્રી ગોવિંદભાઈ પટેલ/M #> (રાજકોટ-દક્ષિણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં વિસ્તરણ અધિકારી (સહકાર) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧ |
| (૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. |

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં કોલેજોમાં લાઈબ્રેરીયનની ભરતી/S B #>

<#M /* ૨૯૬૬૮ શ્રી જગદીશભાઈ પંચાલ /M #> (નિકોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ અરવલ્લી જિલ્લામાં આવેલ કોલેજોમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ અરવલ્લી જિલ્લાની કઈ કોલેજોમાં લાયબ્રેરીયનની જગ્યા ભરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /મહેસાણા જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી/S B #>

<#M /* ૨૯૫૫૦ શ્રી ઋષિકેશ પટેલ/M #> (વિસનગર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પેટ્રોલ/ ડીઝલ પંપની તપાસણી કરવામાં આવેલ છે, | (૧) ૫૭૨ |
| (૨) ઉકત તપાસણી દરમિયાન કેટલા પંપોમાં ક્યા પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવેલ છે, અને | (૨) (૧) જથ્થો ઓછો આપવા બાબત-૧<br>(૨) પંપ ફેર ચકાસણી/મુદ્રાંકન ન કરાવવા બાબત-૪<br>(૩) ડીલીવરીનું રોજ ટેસ્ટીંગ ન કરવા બાબત-૨ |
| (૩) તે અન્વયે શાં પગલાં લીધેલ છે ? | (૩) ૭ (સાત) પેટ્રોલ/ડીઝલ પંપ સામે ધી લીગલ મેટ્રોલોજી એકટ-૨૦૦૯ તથા ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (અમલીકરણ) નિયમ-૨૦૧૧ ના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હા માંડવાળ ફી પેટે કુલ રૂ.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા) વસુલ કરવામાં આવેલ છે. |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં સરકારી માધ્યમિક/મોડેલ શાળાઓમાં મંજૂર મહેકમ/S B #>

<#M /* ૨૯૬૬૨ શ્રી લાલજીભાઈ કોળી પટેલ/M #> (ધંધુકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ | (૧) |

જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક/મોડેલ શાળાઓ કાર્યરત છે, અને

| શાળાઓ | કાર્યરત શાળાઓની સંખ્યા |
|---|---|
| સરકારી માધ્યમિક | ૩૧ |
| મોડેલ | ૦૩ |

(૨) ઉકત શાળાઓમાં મંજૂર મહેકમ કેટલું છે તથા તે પૈકી ખાલી જગ્યાઓ કેટલી છે?

(૨)

| ક્રમ | શાળાઓ | મંજુર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક | ૧૮૩ | ૯૮ |
| ૨ | મોડેલ શાળાઓ | ૪૨ | ૨૭ |

---------

<#S B /પાટણ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ–આઉટ દર/S B #>

<#M /* ૩૦૧૬૫ શ્રી બલવંતસિંહ રાજપૂત /M #> (સિદ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ દર શો છે ?

જવાબ

| તાલુકો | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ |
|---|---|---|
| પાટણ | ૦.૦૭ | ૦.૦૦ |
| સરસ્વતી | ૧.૮૦ | ૧.૦૫ |
| સિદ્ધપુર | ૩.૮૮ | ૩.૩૫ |
| ચાણસ્મા | ૦.૯૧ | ૦.૦૪ |
| હારીજ | ૧.૨૯ | ૦.૮૮ |
| સમી | ૨.૭૧ | ૧.૧૪ |
| શંખેશ્વર | ૪.૩૧ | ૩.૨૬ |
| રાધનપુર | ૨.૦૩ | ૧.૮૪ |
| સાંતલપુર | ૧.૪૫ | ૦.૬૪ |

---------

<#S B /મોરબી જિલ્લામાં વાંકાનેર તાલુકામાં જમીનની માંગણી/S B #>

<#M /* ૩૦૧૭૯ શ્રી મહમદ જાવિદ પીરઝાદા /M #> (વાંકાનેર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાંથી તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અરજદારોએ સરકારી જમીનમાં બોર, કુવો માટે જમીનની માંગણી કરી, અને

(૨) ઉપરોક્ત માંગણી પૈકી કેટલા અરજદારની માંગણી સ્વીકારવામાં આવી અને કેટલા અરજદારની માંગણી નામંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) ૩૬

(૨) ૧૬ અરજદારની માંગણી સ્વીકારવામાં આવી.
૫ અરજદારની માંગણી નામંજૂર કરવામાં આવી.

---------

<#S B /સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ/S B #>

<#M /* ૩૧૬૩૬ શ્રી અશ્વિન કોટવાલ /M #> (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓની ઘટ છે,

જવાબ

(૧)

| સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|
| તાલુકા | ઘટતા ઓરડાની સંખ્યા | તાલુકા | ઘટતા ઓરડાની સંખ્યા |
| હિમ્મતનગર | ૧૬૭ | બાયડ | ૧૫૭ |
| ઈડર | ૧૦૮ | ભીલોડા | ૭૮ |
| ખેડબ્રહ્મા | ૧૪૩ | ધનસુરા | ૭૫ |

| | | | |
|---|---|---|---|
| પોશીના | ૧૦૨ | માલપુર | ૬૦ |
| પ્રાંતિજ | ૭૨ | મેઘરજ | ૮૦ |
| તલોદ | ૧૨૧ | મોડાસા | ૮૯ |
| વડાલી | ૪૩ | | |
| વિજયનગર | ૭૫ | | |

(૨) સન ૨૦૧૬–૧૭ના વર્ષમાં ઉક્ત તાલુકાવાર કેટલા નવા ઓરડા બનાવવાનું આયોજન હતું અને તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા નવા ઓરડા બનાવવામાં આવ્યા, અને

(૨) પત્રક મુજબ

(૩) બાકીના ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) બાકી ખૂટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

પત્રક

| સાબરકાંઠા જિલ્લો | | | | અરવલ્લી જિલ્લો | | | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | આયોજન કરેલ ઓરડાની સંખ્યા | પૂર્ણ થયેલ ઓરડાની સંખ્યા | પ્રગતિમાં રહેલ ઓરડાની સંખ્યા | તાલુકો | આયોજન કરેલ ઓરડાની સંખ્યા | પૂર્ણ થયેલ ઓરડાની સંખ્યા | પ્રગતિમાં રહેલ ઓરડાની સંખ્યા |
| હિમ્મતનગર | ૪૬ | ૧૩ | ૩૩ | બાયડ | ૧૭ | ૫ | ૧૨ |
| ઈડર | ૨૦ | ૪ | ૧૬ | ભીલોડા | ૧૬ | ૨ | ૧૪ |
| ખેડબ્રહ્મા | ૩૧ | ૩૧ | ૦ | ધનસુરા | ૮ | ૪ | ૪ |
| પોશીના | ૨૦ | ૭ | ૧૩ | માલપુર | ૧૨ | ૪ | ૮ |
| પ્રાંતિજ | ૧૮ | ૧૨ | ૬ | મેઘરજ | ૧૨ | ૪ | ૧૨ |
| તલોદ | ૧૮ | ૧૮ | ૦ | મોડાસા | ૫૦ | ૦ | ૫૦ |
| વડાલી | ૨૦ | ૭ | ૧૩ | કુલ | ૧૧૯ | ૧૯ | ૧૦૦ |
| વિજયનગર | ૧૦ | ૨ | ૮ | | | | |
| કુલ | ૧૮૩ | ૯૪ | ૮૯ | | | | |

---------

<#S B /જૂનાગઢ જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઈ કર વસુલાત અંતર્ગત ગ્રાન્ટ/S B #>

<#M/* ૨૯૬૨૮ શ્રી અરવિંદભાઈ લાડાણી /M#> (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને, કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સને:૨૦૧૪–૧૫ | | સને:૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ ગામોની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
| ૧ | મેંદરડા | ૧૧ | ૨,૨૬,૬૦૦ | ૬ | ૯૪,૪૨૦ |
| ૨ | કેશોદ | ૩ | ૨,૦૩,૦૭૪ | ૫ | ૧,૩૧,૫૮૦ |
| ૩ | ભેંસાણ | ૧૪ | ૧,૧૪,૭૪૦ | ૫ | ૭૨,૭૫૦ |
| ૪ | માણાવદર | ૧૩ | ૧,૯૦,૪૯૦ | ૨૧ | ૩,૯૪,૫૭૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | વિસાવદર | ૯ | ૭૬,૨૭૦ | ૦ | ૦ |
| ૬ | વંથલી | ૧૫ | ૧,૫૯,૩૫૬ | ૧૨ | ૧,૮૦,૦૮૦ |
| ૭ | માંગરોળ | ૨૭ | ૨,૦૩,૦૭૪ | ૧૬ | ૭૨,૩૭૦ |
| ૮ | જુનાગઢ | ૩૧ | ૬,૫૬,૫૬૬ | ૨૦ | ૩,૩૦,૨૩૦ |
| ૯ | માળીયા–હાટીના | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | વેરાવળ | ૩ | ૯,૭૯૦ | ૦ | ૦ |
| ૧૧ | તલાળા | ૯ | ૧,૨૧,૭૧૮ | ૦ | ૦ |
| ૧૨ | ઉના | ૨૪ | ૨,૩૪,૨૨૦ | ૦ | ૦ |
| ૧૩ | કોડીનાર | ૧૪ | ૧,૧૦,૧૦૨ | ૦ | ૦ |
| ૧૪ | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ: | ૧૭૩ | ૨૩,૦૬,૦૦૦ | ૮૫ | ૧૨,૭૬,૦૦૦ |

---------

<#S B /અબડાસા તાલુકામાં સરકારી કોલેજ/S B #>

<#M /* ૩૧૦૩૧ શ્રી શક્તિસિંહજી ગોહિલ/M #> (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ અબડાસા તાલુકામાં સરકારી કોલેજ શરૂ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) અબડાસા તાલુકામાં સરકારી કોલેજ શરૂ કરવાની બાબત હાલ સરકારશ્રીની વિચારણા હેઠળ નથી. |
| (૨) કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /તાપી જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

<#M /* ૨૯૫૪૩ શ્રી કાંતિલાલભાઈ ગામીત /M #> (નિઝર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૧૭૩૯.૩૨ |
| આયોડીનયુક્ત મીઠું | ૯૨૬.૮૮ |

---------

<#S B /જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/S B #>

<#M /* ૨૯૪૨૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા /M #> (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

**જવાબ**

(૧)

| | | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|---|
| ખાનગી | પ્રાથમિક | ૪૨૦ | ૧૬૯ |
| | માધ્યમિક | ૬૪ | ૩૯ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૭૧ | ૩૭ |
| સરકારી | પ્રાથમિક | ૭૦૪ | ૬૪૩ |
| | માધ્યમિક | ૧૬ | ૨૮ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૧૬ | ૦૩ |
| ગ્રાન્ટેડ | પ્રાથમિક | ૦૮ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | માધ્યમિક | ૮૫ | ૨૭ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૨૬ | ૨૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મંજૂરી આપવામાં આવી ?

(૨)

| | | ૨૦૧૫ | | ૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | જામનગર | દેવભૂમિ દ્વારકા | જામનગર | દેવભૂમિ દ્વારકા |
| ખાનગી | પ્રાથમિક | ૪૨ | ૧૨ | ૪૪ | ૦૭ |
| | માધ્યમિક | ૧૩ | ૦૭ | ૧૦ | ૦૬ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૧૧ | ૦૨ | ૦૪ | ૦૫ |
| સરકારી | પ્રાથમિક | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ |
| | માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૫ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ |
| ગ્રાન્ટેડ | પ્રાથમિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ઉચ્ચત્તર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

<#S B /મહીસાગર જિલ્લામાં જમીનની એન.એ. માટે અરજીઓ/S B #>

<#M/* ૨૯૨૫૭ શ્રી માનસિંહ ચૌહાણ /M#> (બાલાશીનોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનની એન.એ.માટે અરજીઓ છેલ્લા બે વર્ષમાં આવી,

(૧)

| ક્રમ | તાલુકા | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | લુણાવાડા | ૨૮ | ૩૧ |
| ૨ | ખાનપુર | ૩ | ૧ |
| ૩ | સંતરામપુર | ૨ | ૬ |
| ૪ | કડાણા | ૬ | ૧ |
| ૫ | બાલાસિનોર | ૯ | ૧૩ |
| ૬ | વિરપુર | ૦ | ૧ |
| ૭ | જિલ્લા પં. મહીસાગર | ૧૯ | ૨૩ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકા | મંજૂર અરજીઓ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | લુણાવાડા | ૨૬ | ૨૧ |
| ૨ | ખાનપુર | ૩ | ૧ |
| ૩ | સંતરામપુર | ૨ | ૬ |
| ૪ | કડાણા | ૬ | ૧ |
| ૫ | બાલાસિનોર | ૯ | ૯ |
| ૬ | વિરપુર | ૦ | ૧ |
| ૭ | જિલ્લા પં. મહીસાગર | ૧૯ | ૨૩ |

(૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા

(૩) સત્વરે

સમયમાં નિકાલ કરવામાં આવશે ?

---------

<#S B /રાજકોટ જિલ્લામાં અન્નપૂર્ણા યોજના હેઠળની અરજીઓ/S B #>

<#M /* ૩૦૧૯૮ શ્રી ભોળાભાઈ ગોહેલ/M #> (જસદણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં અન્નપૂર્ણા યોજના હેઠળ કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ અરજીઓના નિકાલ અંગે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં અન્નપૂર્ણા યોજના હેઠળ કુલ–૨ (બે) અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકી બંને અરજીઓ મંજુર કરવામાં આવી છે અને નિકાલ માટે કોઈ અરજી પડતર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /મહેસાણા જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૮૬ શ્રી રજનીકાંત પટેલ /M #> (બેચરાજી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ખાદ્યતેલનો પ્રકાર | વિતરણ કરેલ જથ્થો ૧ લીટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઈન્ડ કપાસીયા તેલ | ૨,૩૪,૨૬૦ |

(૨) અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) પ્રતિ લીટર રૂ. ૪૮.૦૦ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

---------

<#S B /ખેડા જિલ્લામાં હક્કપત્રક નોંધો નિકાલ/S B #>

<#M /* ૨૯૬૦૫ શ્રી કેસરીસિંહ સોલંકી /M #> (માતર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

જવાબ

(૧) ૮૨૪.

(૨) બનતી ત્વરાએ.

---------

<#S B /અમરેલી જિલ્લામાં વાણિજ્ય–વિનયન–વિજ્ઞાન પ્રવાહની કોલેજો/S B #>

<#M /* ૩૦૮૨૭ શ્રી પરેશ ધાનાણી/M #> (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં અમરેલી જિલ્લાના ક્યા તાલુકામાં વાણિજ્ય–વિનયન–વિજ્ઞાન પ્રવાહની એક પણ કોલેજની સુવિધા નથી,

(૨) ઉપરોક્ત તાલુકાઓમાં નવીન કોલેજોને મંજૂરી

જવાબ

(૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં.

(૨) હાલ કોઇ આયોજન નથી.

આપવા સરકારનું શું આયોજન છે, અને

(૩) તે અન્વયે ઉપરોક્ત તાલુકાઓમાં કેટલા સમયમાં નવીન કોલેજો કાર્યાન્વિત કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતના પંચાયત ઘરની મરામત/S B #>

<#M/* ૨૯૬૩૨ શ્રી સંજયકુમાર પટેલ /M#> (ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાદીઠ જર્જરીત ગ્રામ પંચાયત.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| આણંદ | આણંદ | ૪૪ |
| | ઉમરેઠ | ૧૧ |
| | બોરસદ | ૪૪ |
| | આંકલાવ | ૧૦ |
| | પેટલાદ | ૪૮ |
| | સોજીત્રા | ૧૫ |
| | ખંભાત | ૦૫ |
| | તારાપુર | ૨૦ |

(૨) તે પૈકી ગ્રામ પંચાયતોનાં પંચાયત ઘરની મરામત માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી, અને

(૨) ૨૫–ગ્રામ પંચાયત

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| આણંદ | આણંદ | ૦૭ |
| | ઉમરેઠ | ૦૩ |
| | બોરસદ | ૦૮ |
| | આંકલાવ | ૦૩ |
| | પેટલાદ | ૦૧ |
| | સોજીત્રા | ૦૧ |
| | ખંભાત | ૦૨ |
| | તારાપુર | ૦૦ |

(૩) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

(૩) (ગ્રામ પંચાયત દીઠ મહત્તમ રૂ.૫/– લાખ પ્રમાણે)

રૂ.૧૨૫.૦૦ લાખ.

---------

<#S B /છોટા ઉદેપુર જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ/S B #>

<#M/* ૩૦૩૫૩ શ્રી ધીરૂભાઈ ભીલ /M#> (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ક્યા સ્થળે આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૧)

૧. આદર્શ નિવાસી શાળા,(કુ) નસવાડી, તા.નસવાડી
૨. આદર્શ નિવાસી શાળા,(કુ) ક્વાંટ, (ગોજારીયા) તા.ક્વાંટ
૩. આદર્શ નિવાસી શાળા,(કુ) છોટાઉદેપુર (તેજગઢ), તા.છોટાઉદેપુર

૪. આદર્શ નિવાસી શાળા,(ક) છોટાઉદેપુર (વસેડી), તા.છોટાઉદેપુર, અને

પ. આદર્શ નિવાસી શાળા,(કુ) પાવીજેતપુર (નાની રાસલી), તા.પાવીજેતપુર

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ શાળાદીઠ ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ સાયન્સમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,

(૨)

| આ.નિ.શા.નું નામ | સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|
| | ધો.–૧૧ | ધો.–૧૨ |
| નસવાડી (કુમાર) | ૩૦ | ૧૯ |
| છોટાઉદેપુર (વસેડી) (કન્યા) | ૨૯ | ૧૪ |
| પાવીજેતપુર (નાનીરાસલી) (કુમાર) | ૨૫ | – |
| કુલ | ૮૪ | ૩૩ |

(૩) ઉક્ત આદર્શ નિવાસી શાળાઓમાં ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, ગણિત વિષયના શિક્ષકોનું મંજુર થયેલ મહેકમ કેટલુ છે અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) પત્રક–૧ મુજબ.

(૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૪)

- ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- આ ખાલી જગ્યાઓ અન્વયે હાલ તાસ પદ્ધતિથી તથા પ્રવાસી શિક્ષકો દ્વારા શૈક્ષણિક કામગીરી લેવામાં આવે છે. ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

પત્રક–૧

| અ. નં. | આ.નિ.શા.નું નામ | વિષયવાર શિક્ષકોનું મંજૂર થયેલ મહેકમ | | | | વિષયવાર શિક્ષકોનું ભરાયેલ મહેકમ | | | | વિષયવાર શિક્ષકોની ખાલી જગ્યા | | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ફીઝીક્સ | કેમેસ્ટ્રી | બાયોલોજી | ગણિત | ફીઝીક્સ | કેમેસ્ટ્રી | બાયોલોજી | ગણિત | ફીઝીક્સ | કેમેસ્ટ્રી | બાયોલોજી | ગણિત | |
| ૧ | નસવાડી (કુમાર) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૨ | છોટાઉદેપુર (વસેડી) (કન્યા) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | |
| ૩ | પાવીજેતપુર (નાનીરાસલી) (કુમાર) | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | |
| ૪ | ક્વાંટ (ગોજારીયા) તા.ક્વાંટ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | સાયન્સ પ્રવાહ નથી |
| ૫ | છોટાઉદેપુર (તેજગઢ) તા.છોટાઉદેપુર | – | – | – | – | – | – | – | – | – | – | – | – | સાયન્સ પ્રવાહ નથી |
| | કુલ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૨ | |

---------

<#SB /મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રકમ/SB #>

<#M/* ૨૯૨૪૫ શ્રી ગેંદાલભાઈ ડામોર /M#> (સંતરામપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના

મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી,

અંતર્ગત નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | પંચમહાલ જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | કુલ મળેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | ૩૮૮.૮૪ | ૫૨૭.૧૭ | ૯૧૬.૦૧ |
| ૨ | ૦૧-૦૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૨૨૧૪.૧૭ | ૩૫૯૯.૫૦ | ૫૮૧૩.૬૭ |
| | કુલ | ૨૬૦૩.૦૧ | ૪૧૨૬.૬૭ | ૬૭૨૯.૬૮ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લામાં થયેલ ખર્ચ | પંચમહાલ જિલ્લામાં થયેલ ખર્ચ | કુલ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | ૩૮૮.૮૪ | ૫૨૭.૧૭ | ૯૧૬.૦૧ |
| ૨ | ૦૧-૦૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૨૨૧૪.૧૭ | ૩૫૯૯.૫૦ | ૫૮૧૩.૬૭ |
| | કુલ | ૨૬૦૩.૦૧ | ૪૧૨૬.૬૭ | ૬૭૨૯.૬૮ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિન રોજગારી મળી ?

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચે મુજબ માનવદિન રોજગારી મળેલ છે.

(માનવ દિનની સંખ્યા)

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લામાં થયેલ માનવદિન | પંચમહાલ જિલ્લામાં થયેલ માનવદિન | કુલ થયેલ માનવદિન |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | ૩૮૪૧૯૫ | ૨૪૨૬૬૫ | ૬૨૬૮૬૦ |
| ૨ | ૦૧-૦૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૧૪૧૮૪૪૨ | ૧૮૧૭૩૮૦ | ૩૨૩૫૮૨૨ |
| | કુલ | ૧૮૦૨૬૩૭ | ૨૦૬૦૦૪૫ | ૩૮૬૨૬૮૨ |

---------

<#S B /નવસારી જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ/S B #>

<#M /* ૨૯૫૮૪ શ્રી મંગુભાઈ પટેલ /M #> (ગણદેવી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ખાદ્યતેલનો પ્રકાર | વિતરણ કરેલ જથ્થો ૧ લીટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઇન્ડ કપાસીયા તેલ | ૫,૧૦,૭૩૨ |

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૩) પ્રતિ લીટર રૂ.૪૮.૦૦ ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

---------

<#SB /વડોદરા જિલ્લામાં વ્યાપારી એકમોની કાર્યવાહી/SB #>

<#M /* ૨૯૫૪૬ શ્રી દિનેશભાઈ પટેલ /M #> (પાદરા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઓછું વજન આપતા કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૧) ૭.

(૨) તે અન્વયે કેટલા કેસોમાં શું દંડ કરવામાં આવેલ છે?

(૨) સાત કેસોમાં રૂ.૨૯,૦૦૦/–
(અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર પુરા)

---------

<#SB /રાજકોટ જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ/SB #>

<#M /* ૨૯૫૮૩ શ્રી પ્રવિણભાઈ માંકડીયા/M #> (ધોરાજી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું

| ખાદ્યતેલ | વિતરણ કરેલ જથ્થો ૧ લીટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઇન્ડ કપાસીયા તેલ | ૪,૭૦,૯૧૬ |

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૩) પ્રતિ લીટર રૂ.૪૮.૦૦ ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

---------

<#SB /ખેડા અને આણંદમાં જાનવરો–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકને રક્ષણ/SB #>

<#M /* ૨૯૨૫૩ શ્રી રામસિંહ પરમાર/M #> (ઠાસરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જંગલી જાનવરો–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાક રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમ ફાળવણી ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવી, અને

(૧) (રૂ.લાખમાં)

| જિલ્લાનું નામ | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨– | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨– |
|---|---|---|

| | ૨૦૧૫ | ૨૦૧૬ |
|---|---|---|
| ખેડા | ૩૦.૯૪ | ૯૭.૭૧ |
| આણંદ | ૩૫.૦૦ | ૩૯૦.૬૮ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો ?

(૨)

| જિલ્લાનું નામ | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
|---|---|---|
| ખેડા | ૪૭ | ૨૭૦ |
| આણંદ | ૨૧૧ | ૫૯૧ |

---------

<#S B /વલસાડ જિલ્લામાં ઉજવાયેલ વન મહોત્સવ/S B #>

<#M /* ૩૦૪૬૬ શ્રી જીતુભાઈ ચૌધરી /M #> (કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૭-૨૦૧૬ ના રોજ વલસાડ જિલ્લામાં રાજ્યકક્ષાનો વન મહોત્સવ ઉજવવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તા.૩૧-૧-૧૭ ની સ્થિતિએ નવું આમ્રવન ઉભું કરવા માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે. અને ઉક્ત સ્થિતિએ તેનું કામ પૂર્ણ થયેલ છે કે કેમ, અને | (૨) રૂ.૫૫૨.૮૯ લાખ. |
| (૩) જો ના, તો કેટલા સમયમાં ઉક્ત કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૩) આમ્રવન ઉભું કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ચોમાસા દરમ્યાન કોતરમાં પાણી ભરાઇ જવાથી ફક્ત એક ચેકડેમ અને તે ઉપર પુલ બનાવવાની કામગીરી પડતર રહેલ હતી. જે કામ પ્રગતિમાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. |

---------

<#S B /બોટાદ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ/S B #>

<#M /* ૨૯૬૧૭ શ્રી રાકેશ શાહ /M #> (એલિસબ્રીજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઇ? | (૨) કુલ લાભાર્થીઓ ૧૫,૮૫૦<br>કુલ ચુકવેલ સહાય : રૂ.૯૩૬.૭૩ લાખ |

---------

<#S B /મહીસાગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ/S B #>

<#M /* ૨૯૬૦૮ શ્રી સુરેશભાઇ પટેલ/M #> (મણિનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૧૭૧૯ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ |

---------

<#S B /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી ખરાબાની પડતર જમીનો ઉપર દબાણો બાબત/S B #>

<#M /* ૩૧૨૬૮ શ્રી મેરામણભાઇ આહિર /M #> (ખંભાલીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામમાં કેટલી સરકારી ખરાબાની પડતર જમીનોમાં દબાણ છે, અને

(૨) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દુર કરવામાં આવશે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૭ | ૫૭૭૯૧ |
| ૨ | ભાણવડ | ૫ | ૮૦૬૩૮ |
| ૩ | કલ્યાણપુર | ૨ | ૩૧૦૮૬ |
| ૪ | દ્વારકા | ૧૩ | ૫૪૪૮૮૬ |

(૨) નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી, સત્વરે દૂર કરવામાં આવશે.

---------

<#S B /અરવલ્લી અને સાબરકાઠાં જિલ્લામાં ઘરથાળના પ્લોટની અરજીઓ/S B #>

<#M /* ૨૯૨૩૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર /M #> (મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાઠાં જિલ્લામાં જિલ્લાવાર ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને ૧૦૦ ચો.વારના પ્લોટ આપવામાં આવ્યા અને કેટલા બાકી છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચોરસવારના ઘરથાળના પ્લોટ માટે અરવલ્લી જિલ્લામાં ૩૦૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૬૨ અરજીઓ મળી

(૨) મળેલ અરજીઓ પૈકી અરવલ્લી જિલ્લામાં ૨૧૯ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૪૫ લાભાર્થીઓ પાત્રતા ધરાવતા હોઇ, પ્લોટ આપવામાં આવેલ છે. હાલમાં પાત્રતા ધરાવતા કોઇ લાભાર્થીઓને પ્લોટ ફાળવવાના બાકી નથી.

---------

<#S B /કચ્છ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ/S B #>

<#M /* ૨૯૫૩૮ ડૉ.નીમાબેન આચાર્ય /M #> (ભુજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૨) તે પૈકી કેટલી દુકાનોમાં કયા પ્રકારની ગેરરીતિઓ જોવા મળી, અને

(૩) તે અન્વયે શા પગલાં લીધા?

જવાબ

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ૭૪ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે.

(૨) તે પૈકી ૨૬ દુકાનોમાં મુખ્યત્વે નીચે મુજબની ગેરરીતિઓ જોવા મળી,

(૧) ભાવ જથ્થા બોર્ડ નિયત નમુનામાં અદ્યતન નથી.

(૨) મામલતદારશ્રીને માસીક પત્રકો મોકલતા નથી.

(૩) જથ્થો આવે તે વખતે ગ્રામ્ય તકેદારી સમિતિના સભ્યોની સહીઓ લીધેલ નથી.

(૪) જથ્થામાં સામાન્ય વધ-ઘટ.

(૫) વેચાણ રજીસ્ટર યોગ્ય રીતે નિભાવેલ નથી.

(૩) તે અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ. ૧૧૨૪૩/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૨) રૂ. ૫૮,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત

કરવામાં આવી.

(૩) રૂ. ૧૪૪૮૧/– દંડ કરવામાં આવ્યો.

(૪) ૩ (ત્રણ) પરવાના મોકુફ કરવામાં આવ્યા.

(૫) ૧ (એક) પરવાનો રદ કર્યો.

---------

<#S B /પાટણ જિલ્લામાં જમીન રીગ્રાંટ /S B #>

<#M /* ૨૯૬૦૨ શ્રી નાગરજી ઠાકોર/M #> (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પાટણ જિલ્લા ચાકરીયાત–પસાયતા ધોરણે જમીન ધરાવતા કબજેદારો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઇસમોને કેટલી જમીન રીગ્રાંટ કરવામાં આવી છે?

જવાબ

૬ ઇસમોને હે.૧૯–૬૭–૫૭ ચો.મી. જમીન રીગ્રાંટ કરવામાં આવેલ છે.

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં વારસાઇ હક્ક માટેની અરજીઓ/S B #>

<#M /* ૨૯૬૧૬ શ્રી કિશોરસિંહ ચૌહાણ /M #> (વેજલપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

જવાબ

(૧)

| તાલુકાનુ નામ | મળેલ અરજીઓ |
|---|---|
| મોડાસા | ૧૩૮૭ |
| ધનસુરા | ૮૬૫ |
| બાયડ | ૧૫૬૦ |
| માલપુર | ૭૧૨ |
| મેઘરજ | ૭૮૫ |
| ભીલોડા | ૧૩૭૩ |
| કુલ | ૬૬૮૨ |

(૨)

| તાલુકાનુ નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| મોડાસા | ૧૩૮૭ | ૧૩૦૮ | ૭૯ |
| ધનસુરા | ૮૬૫ | ૮૪૩ | ૨૨ |
| બાયડ | ૧૫૬૦ | ૧૪૬૨ | ૯૮ |
| માલપુર | ૭૧૨ | ૬૯૬ | ૧૬ |
| મેઘરજ | ૭૮૫ | ૭૨૯ | ૫૫ |
| ભીલોડા | ૧૩૭૩ | ૧૩૦૩ | ૭૦ |
| કુલ | ૬૬૮૨ | ૬૩૪૧ | ૩૪૦ |

(૩) નિયમોનુસાર ન હોવાથી.

---------

<#S B /વન મહોત્સવમાં રોપાઓનું વાવેતર/S B #>

<#M /* ૨૯૬૩૯ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા /M #> (સુરત પૂર્વ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧)રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૬નો ૬૭મો વન મહોત્સવ કયા સ્થળે યોજવામાં આવ્યો હતો,

જવાબ

(૧) નીચે મુજબ કુલ ચાર સ્થળોએ.

૧. મહિસાગરવન, મુ. વહેરાખાડી તા.જિ. આણંદ

૨. આમ્રવન, મુ. બાલચૌંઠી, તા. કપરાડા, જિ. વલસાડ

૩. એકતા વન મુ. મૌતા, તા.બારડોલી, જિ.સુરત

૪. શહીદવન, મુ. ભુચરમોરી, તા. ધ્રોલ, જિ.

જામનગર

(૨) આ વનમહોત્સવમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ, અને

(૨) મુખ્યત્વે આંબા, રાયણ, ખાટીઆમલી, કદમ, બીલી, કૈલાષપતિ, ચંદન, રૂદ્રાક્ષ, કોઠા, રૂખડો, પ્રાગવડ, શીશું, વડ, પીપળો, ઉમરા, સીસમ, લીમડા, કણજી, આસીતરો, ચંપો, ગુલાબ, કનેર, ગુલતોરા, વિગેરે રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) કુલ રૂ.૨૫૩૪.૨૨ લાખ.

---------

<#S B /રાજકોટ જિલ્લામાં માં અન્નપૂર્ણા યોજનામાં અનાજના જથ્થાનું વિતરણ/S B #>

<#M/* ૨૯૫૬૯ શ્રીમતી ભાનુબેન બાબરીયા /M#> (રાજકોટ ગ્રામ્ય) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા અનાજનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) નો અમલ રાજયમાં તા.૦૧-૦૪-૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

તેથી રાજકોટ જિલ્લામાં તા.૦૧-૦૪-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છે. :-

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના (AAY) | ૫૧૭૫ | ૧૨૬૧ | ૬૪૩૬ |
| ૨ | અગ્રતા ધરાવતા કુટુંબ(PHH) | ૪૧૦૩૭ | ૧૦૫૦૪ | ૫૧૫૪૧ |
| | કુલ | ૪૬૨૧૨ | ૧૧૭૬૫ | ૫૭૯૭૭ |

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

- એપ્રિલ-૧૬ થી સપ્ટેમ્બર-૧૬ સુધી :-

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ-પ્રમાણ કાર્ડ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ-પૈસા) | વિતરણ-પ્રમાણ વ્યક્તિ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ-પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

- ઓક્ટોબર-૧૬ થી ડિસેમ્બર-૧૬ સુધી :-

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ– પ્રમાણ કાર્ડ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ–પૈસા) | વિતરણ– પ્રમાણ વ્યક્તિ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ–પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

---------

<#S B /સુરત જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ/S B #>

<#M /* ૨૯૫૭૪ શ્રી નરોત્તમભાઇ પટેલ/M #> (ઉધના) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,અને

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને તેના કારણો શાં છે?

જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૧૮૯૭૭ અરજીઓ મળેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૧૮૯૧૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૫૯ અરજીઓ પડતર રહેલ છે.

ઉક્ત અરજીઓ નીચે મુજબના કારણોથી પડતર રહેલ છે.

૧. અરજદારો ફિંગર પ્રિન્ટ આપવા આવેલ ન હોવાથી

૨. આધાર–પુરાવાના અભાવે

હાલની સ્થિતિએ ઉક્ત તમામ અરજીઓનો નિકાલ થયેલ

છે.

---------

<#S B /દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોલેજોમાં લાઇબ્રેરીયનની ભરતી /S B #>

<#M /* ૨૯૬૬૭ શ્રી મેઘજીભાઇ ચાવડા/M #> (કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૬–૧૭માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ કોલેજોમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાની કઈ કોલેજોમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવવા બાબત/S B #>

<#M /* ૨૯૬૩૬ શ્રીમતી ઝંખનાબેન પટેલ/M #> (ચોર્યાસી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત ૧૪માં નાણાપંચ અંતર્ગત નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત નવસારી જિલ્લાના ૬ તાલુકાઓની કુલ–૩૯૪ ગ્રામ પંચાયતોને ગ્રાંટ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| (૧) | નવસારી | ૭૧ |
| (૨) | જલાલપોર | ૭૪ |
| (૩) | ગણદેવી | ૬૫ |
| (૪) | ચીખલી | ૬૭ |
| (૫) | ખેરગામ | ૨૨ |
| (૬) | વાંસદા | ૯૫ |
| | કુલ | ૩૯૪ |

(૨) તે પેટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ૧૪માં નાણાપંચ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત કુલ રૂ.૫૨,૧૭,૪૫,૫૯૬/- ફાળવવામાં આવેલ.

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩) ખંડ-૨ માં જણાવ્યા મુજબ ફાળવેલ રકમ પૈકી તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત રૂ.૧૦,૮૪,૧૫,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

---------

<#S B /ગીર વન વિભાગને ફાળવેલ રકમ /S B #>

<#M/* ૩૧૧૩૬ શ્રી પુંજાભાઈ વંશ /M#> (ઉના) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં ગીર પૂર્વ વન વિભાગ તથા ગીર પશ્ચિમ વન વિભાગને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧)

| | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) | |
|---|---|---|
| | ગીર (પૂર્વ) વન વિભાગ | ગીર (પશ્ચિમ) વન વિભાગ |
| ૨૦૧૪-૧૫ | ૧૦.૪૮ | ૧૧.૪૦ |

(૨) તે પૈકી ઉકત વર્ષવાર ક્યા પ્રકારના કુલ કેટલા કામો પુર્ણ કરવામાં આવ્યા ?

(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં કુલ ૬૦ કામો અને વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ૪૪ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા પ્રકારના બાંધકામો, કોઝવે કલવર્ટ, કૂવો, પ્રોટેકશન વોલ બનાવવાની કામગીરી, રોડનું મેટલિંગ અને મરામત, ચેનલિંક ફેંસિંગ વિગેરેનો સમાવેશ થાય છે.

---------

<#S B /પંચમહાલ જિલ્લામાં આવેલી વ્યાજબી ભાવની દુકાનો/S B #>

<#M/* ૨૯૫૬૭ શ્રી અરવિંદસિંહ રાઠોડ /M#> (કાલોલ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી વ્યાજબી ભાવની દુકાનો છે, અને

(૨) ઉકત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે ?

જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ ૪૭૬ વ્યાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) કાર્ડધારકોને દર માસે ૧લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના

નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા એસએમએસ થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજિયાત કરેલ છે.

---------

<#S B /દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો/S B #>

<#M /* ૨૯૬૫૩ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા /M #> (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, | (૧) ૮ (આઠ). |
| (૨) તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે, અને | (૨) ૫૩૦ વિદ્યાર્થીઓ. |
| (૩) ઉકત છાત્રાલયોમાં ક્યા લાભ આપવામાં આવે છે ? | (૩) વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા–જમવાની સુવિધા, રમતગમતના સાધનો અને અદ્યતન લાયબ્રેરીની સુવિધા. |

---------

<#S B /અરવલ્લી જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ/S B #>

<#M /* ૨૯૬૧૦ શ્રી હસમુખભાઈ પટેલ/M #> (અમરાઈવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૫૭૭. |
| (૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

<#S B /ડાંગ જિલ્લામાં હક્કપત્રક નોંધો નિકાલ /S B #>

<#M /* ૨૯૬૦૪ શ્રી હર્ષ સંઘવી /M #> (મજુરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૪૬. |
| (૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

<#S B /છોટા ઉદેપુર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય/S B #>

<#M /* ૨૯૬૫૮ શ્રી સતીષભાઈ પટેલ /M #> (કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના કેટલા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ | (૧) છોટા ઉદેપુર તાલુકામાં ૧ (એક) કસ્તુરબા ગાંધી બાલિકા, વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે. |

કરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ આ બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને

(૨) ૫૦ કન્યાઓ.

(૩) ઉકત કન્યાઓને મુખ્યત્વે કઈ સુવિધાઓ આપવામાં આવે છે ?

(૩) આ વિદ્યાલયમાં કન્યાઓને નિવાસી શાળા, અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ, પોષણયુકત આહાર, સ્ટેશનરી, બેડીગ, સ્ટાઈપેન્ડ, પ્રિ–વોકેશનલ તાલીમ, રમતોની તેમજ જીવનકૌશલ્યલક્ષી તાલીમ જેવી સુવિધાઓ આપવામાં આવેલ છે.

---------

<#S B /ગાંધીનગર અને મહેસાણામાં જમીનને બિનખેતીની અરજીઓ/S B #>

<#M /* ૩૦૮૯૬ શ્રી રમેશભાઈ ચાવડા /M #> (કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીનને બિનખેતી (એન.એ.) ની કેટલી અરજીઓ કલેકટરશ્રી, ગાંધીનગર અને મહેસાણાને મળેલ છે, અને

(૧) ગાંધીનગર – ૮૯૪
મહેસાણા – ૩૨૫

(૨) ઉકત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે ?

(૨)

| કલેકટર | મંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| ગાંધીનગર | ૩૬૦ | ૩૮ |
| મહેસાણા | ૧૬૦ | ૧૫ |

---------

<#S B /મહિસાગર જિલ્લામાં સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજૂરી/S B #>

<#M /* ૨૯૬૬૩ શ્રી રજનીકાંત પટેલ/M #> (અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) મહિસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી,

(૧) ૦૫

(૨) તે પૈકી સામાન્ય પ્રવાહની કેટલી, અને

(૨) ૦૨

(૩) વિજ્ઞાન પ્રવાહની કેટલી ?

(૩) ૦૩

---------

<#S B /ગાંધીનગર જિલ્લામાં બિનખેતી પ્રિમીયમો ભરવાના હુકમો/S B #>

<#M /* ૩૦૨૯૩ શ્રી બળદેવજી ઠાકોર /M #> (કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર બિનખેતી તેમજ બિનખેતી પ્રિમીયમ ભરવા માટે કુલ કેટલી અરજીઓ મળી, અને તે પૈકી કેટલી અરજીઓમાં બિનખેતીના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| તાલુકાનું નામ | બિનખેતી પરવાનગી માટે મળેલ અરજીઓ | બિનખેતી પ્રિમીયમ ભરવાની અરજીઓ | બિનખેતીના કરવામાં આવેલ હુકમો |
|---|---|---|---|
| ગાંધીનગર | ૬૭૩ | ૧૬૨ | ૨૭૬ |
| કલોલ | ૩૯૪ | ૭૭ | ૧૨૭ |
| માણસા | ૧૪૧ | ૧૭ | ૫૭ |
| દહેગામ | ૨૨૪ | ૧૪ | ૮૫ |
| કુલ | ૧૪૩૨ | ૨૭૦ | ૫૪૫ |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓમાં બિનખેતી કે પ્રિમીયમો ભરવાના હુકમો કરી પ્રિમીયમ વસુલ કરવામાં આવ્યું, અને

(૨)

| તાલુકાનું નામ | વસુલ કરવામાં આવેલ પ્રિમીયમના કેસોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૩૮ |
| કલોલ | ૧૭ |

| | |
|---|---|
| માણસા | – |
| દહેગામ | ૦૫ |
| કુલ | ૬૦ |

(૩) ઉક્ત સ્થિતિએ નિયત સમય મર્યાદામાં પ્રિમીયમ ભરાયેલ જમીનોમાં બિનખેતીમાં કેટલા હુકમો થયા અને કેટલા હુકમો કરવાના બાકી છે?

(૩)

| તાલુકાનું નામ | પ્રિમીયમ ભરાયેલ જમીનોમાં બિનખેતીના થયેલ હુકમોની સંખ્યા | પ્રિમીયમ ભરાયેલ જમીનોમાં બિનખેતીમાં કરવાનાં બાકી હુકમોની સંખ્યા |
|---|---|---|
| ગાંધીનગર | ૧૬ | ૧૪ |
| કલોલ | ૧૧ | ૦૪ |
| માણસા | ૦૦ | ૦૦ |
| દહેગામ | ૦૩ | ૦૧ |
| કુલ | ૩૦ | ૧૯ |

---------

<#S B /મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ/S B #>

<#M /* ૨૯૨૨૨ પ્રો. હીરાભાઇ પટેલ /M#> (લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | પંચમહાલ જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | કુલ મળેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧–૦૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ | ૩૮૮.૮૪ | ૫૨૭.૧૭ | ૯૧૬.૦૧ |
| ૨ | ૦૧–૦૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ | ૨૨૧૪.૧૭ | ૩૫૯૯.૫૦ | ૫૮૧૩.૬૭ |
| | કુલ | ૨૬૦૩.૦૧ | ૪૧૨૬.૬૭ | ૬૭૨૯.૬૮ |

(૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર, વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. (રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લામાં થયેલ ખર્ચ | પંચમહાલ જિલ્લામાં થયેલ ખર્ચ | કુલ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧–૦૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ | ૩૮૮.૮૪ | ૫૨૭.૧૭ | ૯૧૬.૦૧ |
| ૨ | ૦૧–૦૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ | ૨૨૧૪.૧૭ | ૩૫૯૯.૫૦ | ૫૮૧૩.૬૭ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૨૬૦૩.૦૧ | ૪૧૨૬.૬૭ | ૬૭૨૯.૬૮ |

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા માનવદિન રોજગારી મળી ?

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી મળેલ છે.

| ક્રમ | વર્ષ | મહીસાગર જિલ્લામાં થયેલ માનવદિન | પંચમહાલ જિલ્લામાં થયેલ માનવદિન | કુલ થયેલ માનવદિન |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | ૩,૮૪,૧૯૫ | ૨,૪૨,૬૬૫ | ૬,૨૬,૮૬૦ |
| ૨ | ૦૧-૦૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૧૪,૧૮,૪૪૨ | ૧૮,૧૭,૩૮૦ | ૩૨,૩૫,૮૨૨ |
| | કુલ | ૧૮,૦૨,૬૩૭ | ૨,૦૬,૦૦૪૫ | ૩,૮૬,૨૬૮૨ |

---------

<#S B /પોરબંદર જિલ્લામાં અવસાન પામેલા પ્રાથમિક શિક્ષકોના વારસદારોને સહાય/S B #>

<#M /* ૨૯૬૭૭ શ્રી બાવનજી મેતલીયા/M #> (ટંકારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અવસાન પામેલા પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોના વારસદારોને ઉચ્ચક સહાય આપવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો પોરબંદર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૩) તે પૈકી કેટલા અરજદારોને કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

જવાબ

(૧) હા, જી.

(૨) ૮.

(૩) ૬ અરજદારોને રૂ. ૨૯,૦૦,૦૦૦/-

---------

<#S B /ખેડા જિલ્લામાં બોગસ ખેડૂત ખાતેદાર/S B #>

<#M /* ૨૯૨૧૬ શ્રી નટવરસિંહ ઠાકોર /M #> (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જેઓ ખેડૂત ન હોય અને ખોટી રીતે ખાતેદાર બન્યા હોય તેવી કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરીયાદ અન્વયે સરકારે શા પગલાં લીધા?

જવાબ

(૧) કુલ- ૪ ફરીયાદો.

(૨) ૪-ફરીયાદો સંદર્ભે કલેક્ટરશ્રીની કચેરીમાં રીવીઝનની કાર્યવાહી ચાલુમાં છે.

---------

<#S B /સુરત જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના/S B #>

<#M /* ૨૯૬૪૮ શ્રી ઇશ્વરભાઇ પરમાર /M #> (બારડોલી) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫-૨૦૧૬ અને ૨૦૧૬-૨૦૧૭માં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી આદિજાતી કન્યાઓને સહાય મંજુર કરવામાં આવેલ છે, અને

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૪૪૯ |
| ૨૦૧૬-૨૦૧૭ ( તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ) | ૨૫૪ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? (૨) રૂ. ૭૦.૩૦ લાખ.

---------

<#S B /જુનાગઢ જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો/S B #>

<#M /* ૩૦૧૨૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા/M #> (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણો દૂર કરવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં અને કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ગૌચરની કુલ–૨૪૬.૫૫૮૪ હે.આર.પ્ર જમીનમાં દબાણો થયેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૯.૬૪૦૯ હે.આર.પ્ર દબાણો દૂર કરવામાં આવેલ છે.

બાકી રહેતા દબાણો દૂર કરવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને ધોરણસરની નૉટિસ આપવામાં આવેલ છે તેમજ કલમ–૧૦૫ની પેટા કલમ–૭ મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

<#S B /આણંદ અને વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ/S B #>

<#M /* ૩૧૬૨૬ શ્રી અમીત ચાવડા/M #> (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાઓમાં આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષકોની ઘટ છે?

જવાબ

| આણંદ જિલ્લો | | વડોદરા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | શિક્ષકોની ઘટ | તાલુકો | શિક્ષકોની ઘટ |
| આણંદ | ૧૧ | વડોદરા | ૦૦ |
| ઉમરેઠ | ૧૪ | પાદરા | ૦૦ |
| બોરસદ | ૩૮ | કરજણ | ૦૦ |
| આંકલાવ | ૧૨ | સાવલી | ૦૦ |
| પેટલાદ | ૧૦ | ડેસર | ૦૦ |
| સોજીત્રા | ૧૭ | વાઘોડીયો | ૦૦ |
| ખંભાત | ૬૫ | ડભોઈ | ૦૦ |
| તારાપુર | ૧૩ | શિનોર | ૦૦ |

---------

<#S B /ટેકનીકલ/નોન ટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક/S B #>

<#M /* ૨૯૨૩૮ શ્રી સી.કે.રાઉલજી /M #> (ગોધરા) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ટેકનીકલ/નોન ટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક બાબતના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭–૦૭–૨૦૧૬ ના ઠરાવ મુજબ કરાર આધારિત નિમણૂંક જે તે કર્મચારી કે અધિકારી ૬૨ વર્ષની વયે પહોંચે ત્યાં સુધી જ આપી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ઠરાવ પહેલા ૬૨ વર્ષ કરતા વધુ

જવાબ

(૧) હા.

(૨) ૬૨ વર્ષથી વધુ વય ધરાવતાં અધિકારીઓ/

વય ધરાવતા અધિકારીઓ/ કર્મચારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંકો વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં આપી હોય તેવા કરાર રદ કરવા સરકારે શી કાર્યવાહી તા.૩૧–૧૨–૧૬ સુધીમાં કરી, અને

(૩) જો કાર્યવાહી કરવામાં આવેલ હોય તો કેટલા અધિકારી/ કર્મચારીઓની કરાર આધારિત નિમણૂંકો ક્યારે રદ કરવામાં આવી?

કર્મચારીના કરાર રદ કરવામાં આવ્યા નથી કારણ કે સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવી સંબંધિત અધિકારીઓને ખાસ કિસ્સામાં કરાર આધારિત નિમણૂંક આપવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /ડાંગ જિલ્લાની સાયન્સ કોલેજોમાં મંજૂર મહેકમ/S B #>

<#M /* ૩૦૯૩૫ શ્રી મંગળભાઇ ગાવિત /M #> (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૭ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ સાયન્સ કોલેજોમાં મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે?

જવાબ

(૧) પત્રક–૧ મુજબ

(૨) બનતી ત્વરાએ

પત્રક–૧

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧ | ૦૧ | જૂન–૨૦૧૨થી |
| ૨ | મદદનીશ પ્રાધ્યાપક | ૦૬ | ૦૨ | (૧)ઓક્ટોબર–૨૦૧૫ થી<br>(૨)એપ્રિલ–૨૦૧૬ થી |
| ૩ | પી.ટી.આઇ | ૦૧ | ૦૦ | ----- |
| ૪ | લાયબ્રેરીયન | ૦૧ | ૦૧ | એપ્રિલ–૨૦૧૩ થી |
| ૫ | સિનિયર ક્લાર્ક | ૦૧ | ૦૧ | જૂન–૨૦૧૨ થી |
| ૬ | જુનિયર ક્લાર્ક | ૦૨ | ૦૨ | (૧) જૂન–૨૦૧૨ થી<br>(૨) જૂન–૨૦૧૨ થી |
| | કુલ | ૧૨ | ૦૭ | |

---------

<#S B /દાહોદ જિલ્લામાં આદિજાતી કન્યાઓના વાલીઓને અનાજ વિતરણ/S B #>

<#M /* ૨૯૬૭૫ શ્રી વિંછીયાભાઇ ભુરીયા/M #> (લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતી કન્યાઓના વાલીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અનાજ વિતરણ નહી કરવાના શા કારણો છે, અને

(૩) આ માટે શા પગલા લીધા?

જવાબ

(૧) હા, જી.

(૨) શિક્ષણ વિભાગના તા.૨૬–૯–૨૦૧૬ ના ઠરાવથી ''અન્ન ત્રિવેણી યોજના'' તરીકે અશતઃ ફેરફાર કરી આદિજાતી વિસ્તારની આદિજાતી કન્યાઓના વાલીઓને કન્યા દીઠ સત્ર દીઠ ૩૦ કિ.ગ્રા. અનાજમાં ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૧૦ કિ.ગ્રા. ચોખા અને ૧૦ કિ.ગ્રા. મકાઇની યોજના અમલમાં છે. જથ્થો ઉપલબ્ધ કરવા નિગમને તા.૧૭–૧૨–૨૦૧૬ થી ઇન્ડેટ આપવામાં આવેલ છે. જથ્થો નિગમ તરફથી પુરો પાડવામાં આવ્યેથી વિતરણ કરવામાં આવશે.

(૩) તા.૨૦–૨–૨૦૧૭ અને તા.૨૩–૨–૨૦૧૭ ના પત્રોથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટિડને અનાજની ખરીદી ઝડપથી કરી લાભાર્થીઓને અનાજ વિતરણ ઝડપથી કરવા સૂચના આપેલ છે.

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં સરકારી ખરાબાની જમીનો ઉપર દબાણો/S B #>

<#M /* ૩૧૬૫૬ શ્રી મહેશકુમાર પટેલ /M #> (પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોમાં કેટલી સરકારી ખરાબાની પડતર જમીનોના દબાણ છે,

(૨) ઉક્ત દબાણો કેટલા સમયથી છે, અને

(૩) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દુર કરવામાં આવનાર છે?

જવાબ

(૧)અને(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કેટલા ગામોમાં દબાણ છે. | દબાણનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | કેટલા સમયથી દબાણ છે. |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૪૨ | ૧૮.૩૨.૬૭ | એક વર્ષથી |
| ૨ | વડગામ | ૦ | ૦ | ૦ |
| ૩ | દાંતા | ૦૮ | ૧૬.૧૮.૬૫ | એક વર્ષથી |
| ૪ | અમીરગઢ | ૦૨ | ૯.૩૮.૭૨ | ત્રણ વર્ષથી |
| ૫ | ધાનેરા | ૦૩ | ૨૮.૪૭.૬૬ | એક વર્ષથી |
| ૬ | દાંતીવાડા | ૦૬ | ૧૮.૧૩.૩૩ | ચાર વર્ષથી |
| ૭ | ડીસા | ૧૩ | ૨૦૧.૭૫.૩૧ | બે વર્ષથી |
| ૮ | કાંકરેજ | ૦ | ૦ | ૦ |
| ૯ | દિયોદર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | લાખાણી | ૦ | ૦ | ૦ |
| ૧૧ | થરાદ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | વાવ | ૦૨ | ૨.૫૩.૫૯ | પાંચ વર્ષથી |
| ૧૩ | સુઇગામ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ભાભર | ૦ | ૦ | ૦ |

(૩) સત્વરે.

---------

<#S B /જામનગર તાલુકાના ઠેબા ગામના પરિવારોને બી.પી.એલ યાદીમાં સમાવેશ/S B #>

<#M /* ૩૧૨૬૧ શ્રી રાઘવજી પટેલ /M #> (જામનગર–ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર તાલુકાના ઠેબા ગામના ૮૦ ગરીબ પરિવારોના તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરાવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ સંબંધમાં કેટલી ફરીયાદો સન ૨૦૧૬માં રાજ્ય સરકારને મળી, અને

(૩) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) ના. તે હકીકત સંપૂર્ણ સત્ય નથી.

(૨) સન ૨૦૧૬માં રાજ્ય સરકારને ૮૫ ફરીયાદો મળી છે.

(૩) ઉક્ત મળેલ ૮૫ ફરીયાદો પૈકી ૧ કુટુંબનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવેલ છે તથા ૩૮ પરીવારોનો ૨૧ થી ૫૨ ના સ્કોરમાં સમાવેશ થયેલ છે. બાકી રહેલા પરિવારોનો ઝડપથી સર્વે કરી નિયત સમય–મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

---------

<#S B /સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એક્ટ હેઠળ ફાજલ જમીન/S B #>

<#M /* ૨૯૬૦૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા/M #> (હિંમતનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એક્ટ હેઠળ કેટલી જમીન ફાજલ કરવામાં આવી? | કોઇ જમીન ફાજલ જાહેર કરવામાં આવેલ નથી. |

---------

<#S B /ગીરસોમનાથ જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ/S B #>

<#M /* ૨૯૫૭૦ શ્રી ગોવિંદભાઇ પરમાર/M #> (તાલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીરસોમનાથ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૧૬૯૫. |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

<#S B /કચ્છ જિલ્લામાં સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ/S B #>

<#M /* ૨૯૬૬૦ શ્રી જગરૂપસિંહ રાજપૂત/M #> (બાપુનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સ્વનિર્ભર માધ્યમિક શાળાઓની આર્થિક સહાયની કેટલી અરજીઓ આવી, | (૧) ૨૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૯. |
| (૩) ઉક્ત મંજુર થયેલ અરજીઓ પૈકી કેટલી રકમની ચુકવણી કરવામાં આવી? | (૩) રૂ. ૧,૧૦,૫૮,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ દસ લાખ અઠ્ઠાવન હજાર પુરા) |

---------

<#S B /પોરબંદર જિલ્લામાં શાળાઓમાં શૌચાલયની સુવિધા/S B #>

<#M /* ૨૯૬૫૫ શ્રી જયરાજસિંહ જાડેજા/M #> (ગોંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કેટલી શાળાઓમાં નવા શૌચાલયની સુવિધા ઊભી કરવામાં આવેલ છે, | (૧) ૫૪ શાળાઓમાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત નવા શૌચાલયોના બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૪૭.૭૧ લાખ. |
| (૩) બાકીની શાળાઓમાં નવા શૌચાલયોનું કામ ક્યારે કરવામાં આવનાર છે? | (૩) કોઇ પણ શાળામાં શૌચાલય બનાવવાના બાકી ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#S B /નવસારી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવા અંગે/S B #>

<#M /* ૩૦૮૦૧ શ્રી છનાભાઇ ચૌધરી /M #> (વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે તથા કેટલા ગામોમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લાની ૩૬૮ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે. એક પણ ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી નથી. |

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ પ્રત્યેક કોમ્પ્યુટરની સરેરાશ કિંમત કેટલી છે?

(૨) રૂ. ૪૦,૮૯૭.૫૦ /-

---------

<#S B /મહીસાગર જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ/S B #>

<#M /* ૨૯૬૩૦ શ્રી ભૂષણ ભટ્ટ /M #> (જમાલપુર ખાડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧)તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં વિસ્તરણ અધિકારી (સહકાર) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) ૫.

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

<#S B /બનાસકાઠાં જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો/S B #>

<#M /* ૩૧૨૯૫ શ્રી કાંતિભાઇ ખરાડી /M #> (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણની સંખ્યા | ગૌચરની જમીનમાં થયેલ દબાણોનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૪૯ | ૪૧.૪૩.૯૫ |
| ૨ | ડીસા | ૩૮ | ૨૬.૭૬.૦૯ |
| ૩ | ધાનેરા | ૦ | ૦૦.૦૦.૦૦ |
| ૪ | કાંકરેજ | ૨૯ | ૨૭.૩૦.૪૪ |
| ૫ | થરાદ | ૭૨ | ૧૪.૦૩.૧૧ |
| ૬ | અમીરગઢ | ૦ | ૦૦.૦૦.૦૦ |
| ૭ | દાંતા | ૦ | ૦૦.૦૦.૦૦ |
| ૮ | વડગામ | ૬૭ | ૧૩૭.૦૮.૨૧ |
| ૯ | વાવ | ૦ | ૦૦.૦૦.૦૦ |
| ૧૦ | દિયોદર | ૨ | ૦૦.૦૦.૩૨ |
| ૧૧ | ભાભર | ૦ | ૦૦.૦૦.૦૦ |
| ૧૨ | દાંતીવાડા | ૧ | ૦૨.૦૦.૦૦ |
| ૧૩ | લાખણી | ૦ | ૦૦.૦૦.૦૦ |
| ૧૪ | સુઇગામ | ૦ | ૦૦.૦૦.૦૦ |
| | કુલ | ૪૫૮ | ૨૪૮.૬૨.૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે ઉક્ત દબાણો દૂર કરવા બે વર્ષમાં શા પગલાં લીધાં અને કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણની સંખ્યા | ગૌચરના દબાણ દૂર કરી ખુલ્લી કરેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૦ | ૦ |
| ૨ | ડીસા | ૦ | ૦ |
| ૩ | ધાનેરા | ૦ | ૦ |
| ૪ | કાંકરેજ | ૧૪ | ૧૧.૮૦.૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૫ | થરાદ | ૨૦ | ૦૧.૫૯.૫૨ |
| ૬ | અમીરગઢ | ૦ | ૦ |
| ૭ | દાંતા | ૦ | ૦ |
| ૮ | વડગામ | ૧૭ | ૨૪.૦૦.૦૬ |
| ૯ | વાવ | ૦ | ૦ |
| ૧૦ | દિયોદર | ૦ | ૦ |
| ૧૧ | ભાભર | ૦ | ૦ |
| ૧૨ | દાંતીવાડા | ૦ | ૦ |
| ૧૩ | લાખણી | ૦ | ૦ |
| ૧૪ | સુઇગામ | ૦ | ૦ |
| | કુલ | ૫૧ | ૩૭.૪૦.૦૨ |

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં નવી સરકારી કોલેજો/S B #>

<#M/* ૨૯૬૬૯ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ/M#> (ડભોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૨૦૧૭માં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલી નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૬–૨૦૧૭માં દાહોદ જિલ્લામાં ૦૩ (ત્રણ) અને છોટાઉદેપુર જિલ્લામાં ૦૧ (એક) નવી સરકારી કોલેજ જૂન ૨૦૧૬થી શરૂ કરવામાં આવી. |
| (૨) ઉક્ત જિલ્લાવાર ક્યા સ્થળે કોલેજો શરૂ કરવામાં આવી? | (૨) દાહોદ જિલ્લામાં ગરબાડા, લીમખેડા અને ધાનપુર ખાતે તથા છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર ખાતે. |

---------

<#S B /વલસાડ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મહેકમ/S B #>

<#M/* ૨૯૨૪૮ શ્રી ઈશ્વરભાઈ પટેલ/M#> (ધમરપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર સામે કેટલું મહેકમ ખાલી છે, અને | *પત્રક–૧ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

<#S B /ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર/S B #>

<#M/* ૨૯૬૮૦ શ્રી અશોકકુમાર પટેલ /M#> (ગાંધીનગર–ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના હેઠળ દહેગામ તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૧૩૬ હેકટર. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૩૯.૧૯ લાખ. |

---------

<#S B /બોટાદ અને ભાવનગર જિલ્લામાં સરકારી કોલેજો/S B #>

<#M/* ૨૯૬૭૦ ડૉ. ટી.ડી. માણીયા /M#> (બોટાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં બોટાદ અને ભાવનગર જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં બોટાદ જિલ્લામાં ૦૧(એક) અને ભાવનગર જિલ્લામાં ૦૧ (એક) સરકારી કોલેજ શરૂ કરવામાં આવી છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઉકત જિલ્લામાં ક્યા તાલુકામાં/ગામમાં આ કોલેજો શરૂ કરવામાં આવી ? | (૨) બોટાદ જિલ્લામાં બરવાળા ખાતે અને ભાવનગર જિલ્લામાં ગારિયાધાર ખાતે. |

---------

<#S B /તાપી જિલ્લામાં આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ વિતરણ/S B #>

<#M /* ૨૯૬૭૩ શ્રી મોહનભાઈ ઢોડીયા /M #> (મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અનાજ વિતરણ નહી કરવાના શા કારણો છે, અને | (૨) શિક્ષણ વિભાગના તા.૨૬–૯–૨૦૧૬ના ઠરાવથી ''અન્ન ત્રિવેણી યોજના'' તરીકે અંશતઃ ફેરફાર કરી આદિજાતિ વિસ્તારની આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યા દીઠ સત્ર દીઠ ૩૦ કિ.ગ્રા. અનાજમાં ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૧૦ કિ.ગ્રા. ચોખા અને ૧૦ કિ.ગ્રા. મકાઈની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. અનાજનો જથ્થો ઉપલબ્ધ કરવા નિગમને તા.૧૭–૧૨–૨૦૧૬ થી ઈન્ડેટ આપવામાં આવેલ છે. જથ્થો નિગમ તરફથી પુરો પાડવામાં આવ્યેથી વિતરણ કરવામાં આવશે. |
| (૩) આ માટે શા પગલા લીધા ? | (૩) તા.૨૦–૨–૨૦૧૭ અને તા.૨૩–૨૦૧૭ના પત્રોથી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લીમીટેડને અનાજની ખરીદી ઝડપથી કરી લાભાર્થીઓને અનાજ વિતરણ ઝડપથી કરવા સૂચના આપેલ છે. |

---------

<#S B /ભાવનગર જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા જમીન માંગણી દરખાસ્તો/S B #>

<#M /* ૩૦૯૪૮ શ્રી પ્રવિણભાઈ રાઠોડ /M #> (પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે કેટલી જમીન માંગણી અંગેની કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે ? | હે.૧૩–૫૦–૮૯ ચો.મી. જમીનની કુલ–૧૯ દરખાસ્તો અત્રે મળેલ છે. |

---------

<#S B /નવસારી જિલ્લામાં આદિજાતિ કન્યાઓને સાયકલ ભેટ/S B #>

<#M /* ૨૯૬૪૯ શ્રી પિયુષભાઈ દેસાઈ /M #> (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ધોરણ–૯ માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ ભેટ આપવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી વિદ્યાર્થીનીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને | (૨) |

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ) |
|---|---|---|
| જલાલપોર | ૧૮૭ | ૧૬૩ |
| નવસારી | ૪૨૫ | ૫૨૪ |
| ગણદેવી | ૪૧૪ | ૩૬૧ |
| ચીખલી | ૧૦૧૩ | ૧૦૬૮ |
| ખેરગામ | ૩૫૭ | ૩૯૮ |

| | | |
|---|---|---|
| વાંસદા | ૧૨૧૯ | ૧૧૨૬ |
| | ૩૬૧૫ | ૩૬૪૦ |

(૩) ઉકત સ્થિતિએ તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૨૦૦.૯૨ લાખ.

---------

<#S B /ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓની બાલિકાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ/S B #>

<#M /* ૨૯૨૧૩ શ્રીમતી કામિનીબા રાઠોડ/M #> (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓની કેટલી બાલિકાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનાં નાણા ચૂકવવાનાં બાકી છે, અને

(૧)

| તાલુકો | વર્ષ ૨૦૧૫–૧૬ માં વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ ચૂકવવાની બાકી હોય તેવી બાલિકાઓની સંખ્યા | વર્ષ ૨૦૧૬–૧૭માં (તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ) વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ ચૂકવવાની બાકી હોય તેવી બાલિકાઓની સંખ્યા |
|---|---|---|
| દહેગામ | ૪૪ | ૮૦ |
| ગાંધીનગર | ૫૭ | ૮૫ |
| માણસા | ૧૫ | ૬૬ |
| કલોલ | ૯૬ | ૧૫૯ |

(૨) તે બાકી રકમ કેટલા સમયમાં ચૂકવાશે ?

(૨) દિન–૩૦માં.

---------

<#S B /બનાસકાંઠા જિલ્લામાં રેવન્યુ તલાટીનું મંજુર મહેકમ/S B #>

<#M /* ૩૧૭૪૦ શ્રી મણિલાલ વાઘેલા/M #> (વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ રેવન્યુ તલાટીનું મંજુર મહેકમ કેટલું છે,

(૧) ૨૬૧.

(૨) ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ૨૨૫ જગ્યા ભરાયેલ છે અને ૩૬ જગ્યા ખાલી છે.

(૩) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સરકાર દ્વારા નિયત થયેલ દસ વર્ષિય ભરતી કેલેન્ડરના કાર્યક્રમ મુજબ.

---------

<#S B /નવસારી જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના/S B #>

<#M /* ૨૯૬૨૫ શ્રીમતી સંગીતાબેન પાટીલ/M #> (લિંબાયત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૧) આ યોજના સને ૨૦૧૪–૧૫થી અમલમાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને ઉકત યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૬૨ |
| ૨ | જલાલપોર | ૬૫ |
| ૩ | ગણદેવી | ૬૫ |
| ૪ | ચીખલી | ૬૭ |
| ૫ | વાંસદા | ૮૬ |
| ૬ | ખેરગામ | ૨૨ |
| | કુલ | ૩૬૭ |

---------

<#S B /અરવલ્લી અને સાબરકાંઠા તાલુકા વિકાસ અધિકારીઓનું મંજૂર મહેકમ/S B #>

<#M /* ૩૧૩૧૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા /M #> (પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકાવાર તાલુકા વિકાસ અધિકારીઓનું મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં અનુક્રમે તાલુકાવાર નીચે જણાવ્યા મુજબ ૭ અને ૬ તાલુકા વિકાસ અધિકારીઓનું મહેકમ મંજૂર થયેલ છે.

| અ.નં. | સાબરકાંઠા જિલ્લો | અ.નં. | અરવલ્લી જિલ્લો |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ | મેઘરજ |
| ૨ | પ્રાંતિજ | ૨ | બાયડ |
| ૩ | તલોદ | ૩ | ભિલોડા |
| ૪ | ઈડર | ૪ | ધનસુરા |
| ૫ | વડાલી | ૫ | માલપુર |
| ૬ | પોશીના | ૬ | મોડાસા |
| ૭ | વિજયનગર | – | – |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૨) ઉકત સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અનુક્રમે નીચે જણાવ્યા પ્રમાણે ૬ અને ૫ જગ્યાઓ ખાલી છે.

| અ.નં. | સાબરકાંઠા જિલ્લો | અ.નં. | અરવલ્લી જિલ્લો |
|---|---|---|---|
| ૧ | તલોદ | ૧ | બાયડ |
| ૨ | વડાલી | ૨ | ભિલોડા |
| ૩ | ઈડર | ૩ | ધનસુરા |
| ૪ | વિજયનગર | ૪ | માલપુર |
| ૫ | પ્રાંતિજ | ૫ | મોડાસા |
| ૬ | પોશીના | – | – |

ઉકત સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અનુક્રમે નીચે જણાવ્યા પ્રમાણે એક એક જગ્યાઓ ભરેલી છે.

| અ.નં. | સાબરકાંઠા જિલ્લો | અ.નં. | અરવલ્લી જિલ્લો |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ | મેઘરજ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) સાબરકાંઠા જિલ્લાની જગ્યાઓ નીચે જણાવેલ સમયથી ખાલી છે.

| અ.નં. | તાલુકાનુ નામ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | તલોદ | તા.૧૭–૦૫–૨૦૧૫ થી |
| ૨ | વડાલી | તા.૨૨–૦૪–૨૦૧૫ થી |
| ૩ | ઈડર | તા.૦૧–૦૭–૨૦૧૬ થી |
| ૪ | વિજયનગર | તા.૦૬–૦૧–૨૦૧૬ થી |
| ૫ | પ્રાંતિજ | તા.૦૪–૦૬–૨૦૧૬ થી |
| ૬ | પોશીના | તા.૦૧–૦૭–૨૦૧૬ થી |

અરવલ્લી જિલ્લાની જગ્યાઓ નીચે જણાવેલ સમયથી ખાલી છે.

| અ.નં. | તાલુકાનુ નામ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | બાયડ | તા.૨૦–૦૮–૨૦૧૫ થી |
| ૨ | ભિલોડા | તા.૨૩–૦૬–૨૦૧૫ થી |
| ૩ | ધનસુરા | તા.૦૨–૧૦–૨૦૧૪ થી |
| ૪ | માલપુર | તા.૦૮–૦૪–૨૦૧૩ થી |
| ૫ | મોડાસા | તા.૦૪–૦૬–૨૦૧૬ થી |

(૪) ઉકત ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

(૪) સીધી ભરતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા પ્રગતિમાં છે તેમજ તા.૧૪–૨–૨૦૧૭ના હુકમથી સાબરકાંઠા જિલ્લામાં (૧) વડાલી (૨) તલોદ અને (૩) પ્રાંતિજની જગ્યાઓ તથા અરવલ્લી જિલ્લામાં (૧) ધનસુરા અને (૨) મોડાસાની જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે.

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ/S B #>

<#M /* ૨૯૬૦૭ શ્રીમતી મનિષાબેન વકીલ/M #> (વડોદરા શહેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૬૭૨. |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

<#S B /દાહોદ જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલયો/S B #>

<#M /* ૩૦૮૮૪ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ /M #> (ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં ગરબાડા–ધાનપુર અને દાહોદ તાલુકાઓમાં સ્વચ્છતા મિશન અંતર્ગત કેટલા નવા શૌચાલયો બનાવવામાં આવેલ છે, અને

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સ્વચ્છતા મિશન અંતર્ગત છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ નવા શૌચાલય બનાવવામાં આવ્યાઃ

(સંખ્યા)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ નવા શૌચાલય બનાવવામાં આવ્યા |
|---|---|---|
| ૧ | ગરબાડા | ૬૫૩૨ |
| ૨ | ધાનપુર | ૮૯૮૪ |
| ૩ | દાહોદ | ૭૫૨૬ |
| | કુલ | ૨૩૦૪૨ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ સરકારે ચુકવી ?

(૨) તે પૈકી નીચે મુજબ રકમ સરકારે ચુકવીઃ

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ સુધીમાં નીચે મુજબ રકમ ચુકવવામાં આવી |
|---|---|---|
| ૧ | ગરબાડા | ૫૯૫.૩૮ |
| ૨ | ધાનપુર | ૧૦૫૦.૭૭ |
| ૩ | દાહોદ | ૭૭૪.૨૭ |
| | કુલ | ૨૪૨૦.૪૨ |

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયો/S B #>

<#M /* ૩૦૩૦૯ શ્રી મોહનસિંહ રાઠવા/M #> (છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયો બનાવવા માટે તાલુકાવાર કેટલી માંગણીઓ આવી, અને | (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયો બનાવવા માટે તાલુકાવાર નીચે મુજબની માંગણીઓ આવીઃ |

(સંખ્યામાં)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૬ | તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બોડેલી | ૦ | ૧૪૧૨૮ | ૧૪૧૨૮ |
| ૨ | છોટાઉદેપુર | ૪૪૩૨ | ૧૫૫૫૫ | ૧૯૯૮૭ |
| ૩ | જેતપુર-પાવી | ૧૭૧૦ | ૧૦૩૩૫ | ૧૨૦૪૫ |
| ૪ | કવાંટ | ૬૧૯૧ | ૫૮૩૦ | ૧૨૦૨૧ |
| ૫ | નસવાડી | ૧૮૨૦ | ૫૫૨૦ | ૭૩૪૦ |
| ૬ | સંખેડા | ૨૧૯૯ | ૬૨૬૧ | ૮૪૬૦ |
| | કુલ | ૧૬૩૫૨ | ૫૭૬૨૯ | ૭૩૯૮૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા? | (૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ શૌચાલય બનાવવામાં આવ્યાઃ |

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૬ શૌચાલય બનાવવા માટેની માંગણીઓ | તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ શૌચાલય બનાવવા માટેની માંગણીઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બોડેલી | ૦ | ૧૪૧૨૮ | ૧૪૧૨૮ |
| ૨ | છોટાઉદેપુર | ૪૪૩૨ | ૧૫૫૫૫ | ૧૯૯૮૭ |
| ૩ | જેતપુર-પાવી | ૧૭૧૦ | ૧૦૩૩૫ | ૧૨૦૪૫ |
| ૪ | કવાંટ | ૬૧૯૧ | ૫૮૩૦ | ૧૨૦૨૧ |
| ૫ | નસવાડી | ૧૮૨૦ | ૫૫૨૦ | ૭૩૪૦ |
| ૬ | સંખેડા | ૨૧૯૯ | ૬૨૬૧ | ૮૪૬૦ |
| | કુલ | ૧૬૩૫૨ | ૫૭૬૨૯ | ૭૩૯૮૧ |

---------

<#S B /જુનાગઢ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ/S B #>

<#M/* ૩૦૪૩૮ શ્રી બાબુભાઈ વાજા /M#> (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ જુનાગઢ જિલ્લામાં કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓએ ધોરણ-૧૧ અને ૧૨ મંજૂરી માટે અરજી/દરખાસ્ત મળી, | (૧) |

| વર્ષ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૩ | ૦૭ |
| ૨૦૧૬ | ૧૬ | ૧૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલી શાળાઓને ધોરણ ૧૧ અને ૧૨ માટેની મંજુરી આપવામાં આવી, | (૨) |

| વર્ષ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૧ | ૦૭ |
| ૨૦૧૬ | ૦૭ | ૦૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલી શાળાઓને ક્યા કારણોસર મંજુરી ન આપવામાં આવી, અને | (૩) |

- ૦૯ શાળાઓને વિદ્યાર્થી સંખ્યા નિયમોનુસાર પુરતા પ્રમાણમાં ન હોવાથી.
- ૦૧ શાળાને ચેકલીસ્ટ મુજબની વિગતો રજુ કરેલ ન

હોવાથી.

- ૦૨ શાળાઓને રમત-ગમતના મેદાનના આધારો રજુ કરેલ ન હોવાથી.
- ૦૧ શાળાને વર્ગખંડનું ક્ષેત્રફળ પુરતો પ્રમાણમાં ન હોવાથી.
- ૦૩ શાળાઓને એક જ વર્ષમાં એકથી વધારે દરખાસ્ત રજુ કરેલ હોવાથી.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજી કે દરખાસ્ત પડતર છે, અને તેના કારણો શા છે ક્યા સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) ઉક્ત સ્થિતિએ એકપણ અરજી પડતર ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલયો/S B #>

<#M /* ૨૯૬૫૨ શ્રી છત્રસિંહ મોરી /M #> (જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, | (૧) ૫ (પાંચ). |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા કેટલી છે, અને | (૨) ૩૯૨ વિદ્યાર્થીનીઓ. |
| (૩) ઉક્ત છાત્રાલયોમાં મુખ્યત્વે ક્યા લાભ આપવામાં આવે છે ? | (૩) વિનામૂલ્યે રહેવા-જમવાની સુવિધા, રમતગમતના સાધનો અને અદ્યતન લાયબ્રેરીની સુવિધા. |

---------

<#S B /વલસાડ જિલ્લામાં સેવાકાલીન તાલીમ/S B #>

<#M /* ૨૯૬૫૬ શ્રી કનુભાઈ દેસાઇ/M #> (પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) સર્વ શિક્ષા યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષક સેવાકાલીન તાલીમ આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર વલસાડ જિલ્લામાં કેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | તાલીમ આપવામાં આવેલ શિક્ષકોની સંખ્યા |
| --- | --- |
| ૨૦૧૫-૧૬ | ૬૦૯૫ |
| ૨૦૧૬-૧૭ | ૬૧૭૨ |

(૩) ઉક્ત તાલીમ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
| --- | --- |
| ૨૦૧૫-૧૬ | ૬૬.૨૦ |
| ૨૦૧૬-૧૭ | ૪૧.૩૫ |

---------

<#S B /ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઇ કર વસુલાત અંતર્ગત ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૬૨૭ શ્રી અરવિંદકુમાર પટેલ/M #> (સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે | (૧) હા, જી. |

હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સનેઃ ૨૦૧૪–૧૫ | | સનેઃ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
| ૧ | દહેગામ | ૭૦ | ૪૨,૯૯,૮૦૭ | ૮૧ | ૬૫,૬૦,૯૪૯ |
| ૨ | ગાંધીનગર | ૪૬ | ૪૨,૩૪,૫૧૮ | ૫૯ | ૬૧,૬૭,૨૯૦ |
| ૩ | કલોલ | ૬૫ | ૫૦,૯૨,૩૮૫ | ૫૪ | ૩૫,૯૨,૦૧૫ |
| ૪ | માણસા | ૪૯ | ૩૫,૮૭,૨૯૦ | ૫૬ | ૫૫,૬૩,૭૪૬ |
| | કુલઃ | ૨૩૦ | ૧,૭૨,૧૪,૦૦૦ | ૨૫૦ | ૨,૧૮,૫૪,૦૦૦ |

---------

<#S B /ભાવનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૬૪૬ શ્રી શિવાભાઈ ગોહિલ /M #> (તળાજા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૨૯૨૮.૫૭ હેક્ટર.

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૭૪૭.૭૦ લાખ.

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં વારસાઇ હક્ક માટેની અરજીઓ/S B #>

<#M /* ૨૯૬૧૩ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા/M #> (સયાજીગંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| છોટાઉદેપુર | ૨૧૨૯ |
| ક્વાંટ | ૬૭૦ |
| જેતપુર પાવી | ૧૦૩૪ |
| સંખેડા | ૨૭૭૦ |
| નસવાડી | ૫૪૮ |
| બોડેલી | ૨૧૯૩ |
| કુલ | ૯૩૪૪ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| છોટાઉદેપુર | ૨૧૨૯ | ૧૯૪૧ | ૧૮૦ |
| ક્વાંટ | ૬૭૦ | ૬૬૬ | ૪ |

| | | | |
|---|---|---|---|
| જેતપુર પાવી | ૧૦૩૪ | ૭૪૨ | ૨૬૨ |
| સંખેડા | ૨૭૭૦ | ૨૫૩૧ | ૨૨૯ |
| નસવાડી | ૫૪૮ | ૫૩૯ | ૯ |
| બોડેલી | ૨૧૯૩ | ૧૪૯૯ | ૬૫૯ |
| કુલ | ૯૩૪૪ | ૭૯૧૮ | ૧૩૪૩ |

(૩) નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

---------

<#S B /અનુસૂચિત જનજાતિના યુવાનોને પાયલોટની તાલીમ માટે લોન સહાય/S B #>

<#M /* ૨૯૬૫૦ શ્રી દુષ્યંત પટેલ/M #> (ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે લોન સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૩ વિદ્યાર્થીઓને. |
| (૩) ઉક્ત સ્થિતિએ લાભાર્થી દીઠ કેટલી લોન આપવાની જોગવાઇ છે ? | (૩) રૂ.૨૫.૦૦ લાખ સુધી. |

---------

<#S B /પોરબંદર જિલ્લામાં પંચાયતોના શિક્ષકો માટે સીપીએફ યોજના/S B #>

<#M /* ૨૯૬૭૮ શ્રી ગોવિંદભાઇ પટેલ /M #> (રાજકોટ દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પોરબંદર જિલ્લામાં પંચાયતોના શિક્ષકો માટે સીપીએફ યોજના ક્યારે લાગુ પાડી છે, અને | (૧) તા.૦૧-૦૪-૨૦૦૫ થી. |
| (૨) તે અનવ્યે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષકોના સીપીએફ એકાઉન્ટ ખોલવામાં આવ્યા? | (૨) ૩૯૦. |

---------

<#S B /અમદાવાદ જિલ્લામાં વ્યાપારી એકમોની તપાસણી/S B #>

<#M /* ૨૯૫૪૮ શ્રી લાલજીભાઇ કોળી પટેલ /M #> (ધંધુકા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમોની તપાસણી કરવામાં આવેલ, | (૧) ૧૫૭. |
| (૨) તે તપાસણી દરમ્યાન કેટલા કેસોમાં ગેરરીતિ ધ્યાનમાં આવેલ છે, અને | (૨) ૬૪. |
| (૩) તે અનવ્યે ગેરરીતિ નિવારવા માટે શાં પગલાં લીધેલ છે? | (૩) રાજ્ય કક્ષાએ સ્ટેટ ફ્લાઇંગ સ્ક્વોડના નિરીક્ષકો, ક્ષેત્રિય કક્ષાએ ક્ષેત્રિય ફ્લાઇંગ સ્ક્વોડના નિરીક્ષકો, જિલ્લા કક્ષાએ મદદનીશ નિયંત્રક તથા તાલુકા કક્ષાએ વિભાગીય નિરીક્ષકો દ્વારા સતત નિરીક્ષણની કામગીરી હાથ ધરવામાં |

આવેલ છે.

---------

<#S B /મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીની ગ્રામ પંચાયતોની મુલાકાતો/S B #>

<#M /* ૩૦૦૭૩ શ્રી મહમદ જાવિદ પીરઝાદા/M #> (વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીએ કેટલી ગ્રામ પંચાયતની મુલાકાત લીધી, અને

(૨) ઉપરોક્ત ગ્રામ પંચાયતની મુલાકાતો પૈકી મોરબી અને રાજકોટ જિલ્લાની કઈ ગ્રામ પંચાયત (ગામ)માં જિલ્લા વિકાસ અધિકારીએ રાત્રિ રોકાણ કર્યું ?

જવાબ

(૧) (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કુલ–૧૪૭ ગ્રામ પંચાયતોની મુલાકાત લીધેલ છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કુલ–૭૬ ગ્રામ પંચાયતોની મુલાકાત લીધેલ છે.

(૨) ઉક્ત ગ્રામ પંચાયતોની મુલાકાતો પૈકી મોરબી અને રાજકોટ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એકપણ ગ્રામ પંચાયતમાં રાત્રિ રોકાણ કર્યું નથી.

---------

<#S B /નિઝર તાલુકાના ભીલ જાંબોલી ગામે સામુહિક કુવાનું કામ/S B #>

<#M /* ૩૧૬૩૭ શ્રી અશ્વિનભાઈ કોટવાલ/M #> (ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તાપી જિલ્લાના નિઝર તાલુકાના ભીલ જાંબોલી ગામે સર્વે નં. ૪૨/૧માં વિવેકાધીન જોગવાઈ (ન્યુ ગુજરાત પેટર્ન) માં ૨૦૧૪–૧૫ના વર્ષમાં સામુહિક કુવાનું કામ મંજૂર કરવામાં આવેલ તે કામ, આદિજાતિ પ્રાયોજના વહીવટદાર દ્વારા તા. ૩૧–૦૧–૨૦૧૭ સુધીમાં પણ પૂર્ણ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ કયા કારણોસર આ કામ બાકી છે, અને

(૩) તે અન્વયે ક્યાં સુધીમાં સામુહિક કુવાનું ઉક્ત કામ પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૮–૦૯ સર્વે નં. ૪૨માં આ કામનો લાભ આપવામાં આવેલ હતો. હવે વર્ષ ૨૦૧૪–૧૫માં સર્વે નં. ૪૨/૧નું કામ મંજૂર કરેલ હતું પરંતુ સ્થળ ચકાસણી કરતાં સર્વે નં. ૪૨, ૪૨/૧ અને ૪૨/૨ સળંગ સર્વે નંબર હોઈ, એક જ સર્વે નંબરમાં બે વખત લાભ આપી શકાય નહી તેથી સદર કામના વહીવટી મંજૂરીનો હુકમ રદ કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /કચ્છ અને ભાવનગર જિલ્લાની સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રિન્સીપાલ અને પ્રોફેસરોની જગ્યાઓ/S B #>

<#M /* ૩૧૦૩૩ શ્રી શક્તિસિંહજી ગોહિલ /M #> (અબડાસા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૧–૧–૧૭ની સ્થિતિએ કચ્છ અને ભાવનગર જિલ્લાની સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રિન્સીપાલ અને પ્રોફેસરની મંજુર જગ્યાઓ કેટલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ કેટલી છે ?

જવાબ

(૧)

| જિલ્લો | સંવર્ગ | મંજુર જગ્યાઓ |
|---|---|---|
| કચ્છ | પ્રિન્સીપાલ | ૦૧ |
| | પ્રોફેસર | ૧૩ |
| ભાવનગર | પ્રિન્સીપાલ | ૦૨ |

(૨)

| જિલ્લો | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| કચ્છ | પ્રિન્સીપાલ | ૦૧ |
| | પ્રોફેસર | ૧૨ |
| ભાવનગર | પ્રિન્સીપાલ | ૦૧ |
| | પ્રોફેસર | ૦૧ |

---------

<#S B /તાપી જિલ્લામાં ડેરી વિકાસ યોજના/S B #>

<#M /* ૨૯૬૪૭ શ્રી કાન્તીલાલભાઈ ગામીત /M #> (નિઝર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દુધાળા પશુઓ આપવાની ડેરી વિકાસની યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલા આદિવાસી લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| અનુક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૫–૧૬ | ૧૭૪૬ |
| ૨. | ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ) | ૮૧ |
| | કુલ | ૧૮૨૭ |

(૨) રૂ. ૬૧૪ લાખ.

---------

<#S B /રાજકોટ અને બોટાદ જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા/S B #>

<#M /* ૨૯૭૨૮ શ્રી ભોળાભાઈ ગોહેલ /M #> (જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. લાભાર્થીઓની કુલ સંખ્યા કેટલી છે ?

જવાબ

તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર બીપીએલ લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

(૧) રાજકોટ જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ કુલ બીપીએલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૪૬૧૧ |
| ૨ | ગોંડલ | ૧૩૨૯૧ |
| ૩ | જામકંડોરણા | ૪૫૬૩ |
| ૪ | જસદણ અને વિછીંયા | ૧૮૨૪૦ |
| ૫ | જેતપુર | ૬૬૦૯ |
| ૬ | કોટડાસાંગાણી | ૬૮૬૧ |
| ૭ | લોધીકા | ૨૮૮૨ |
| ૮ | પડધરી | ૩૯૮૮ |
| ૯ | રાજકોટ | ૧૮૧૧૭ |
| ૧૦ | ઉપલેટા | ૭૮૯૨ |
| | કુલ | ૮૭૦૫૪ |

(૨) બોટાદ જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ કુલ બીપીએલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | બરવાળા | ૮૦૪૯ |
| ૨ | બોટાદ | ૮૧૨૧ |
| ૩ | ગઢડા | ૫૬૬૫ |
| ૪ | રાણપુર | ૮૨૫૮ |
| | કુલ | ૩૦૦૯૩ |

---------

<#S B /પાટણ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના/S B #>

<#M /* ૨૯૬૪૪ શ્રી રજનીકાન્ત પટેલ/M #> (બેચરાજી) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પાટણ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૧૦૨૧ હેક્ટર |
| (૨) તે પૈકી સમી તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૫૧.૫૦ હેક્ટર |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૨૦.૨૪ લાખ |

---------

<#S B /છોટાઉદેપુર જિલ્લામાં રેવન્યુ વિલેજ તરીકે જાહેર કરવા બાબત/S B #>

<#M /* ૩૦૩૫૫ શ્રી ધીરૂભાઈ ભીલ/M #> (સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૨૫૦ થી વધુ વસ્તીવાળા પેટાપરા કેટલા છે, અને

જવાબ

(૧) જિલ્લામાં તાલુકાવાર ૨૫૦ થી વધુ વસ્તીવાળા ૧૨૭ પેટાપરા છે. તાલુકાવાર સંખ્યા નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકાનું નામ | પેટાપરાની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૬ |
| ૨ | જેતપુર પાવી | ૨૫ |
| ૩ | સંખેડા | ૪૯ |
| ૪ | ક્વાંટ | ૬ |
| ૫ | નસવાડી | ૭ |
| ૬ | બોડેલી | ૨૪ |
| | જિલ્લાના કુલ | ૧૨૭ |

પ્રશ્ન

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે ઉક્ત પેટાપરાને રેવન્યુ વિલેજ તરીકે જાહેર કરવા શી કાર્યવાહી કરી ?

જવાબ

(૨) સરકારમાં દરખાસ્ત મળ્યેથી વિચારણા કરવાની રહે છે.

---------

<#S B /ડાંગ જિલ્લામાં શાળાઓમાં શૌચાલયોની સુવિધા/S B #>

<#M /* ૨૯૬૫૪ શ્રી મંગુભાઈ પટેલ/M #> (ગણદેવી) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલી શાળાઓમાં શૌચાલયની સુવિધા ઉભી કરવામાં આવી, | (૧) ૨૩૦ શાળાઓમાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત નવા શૌચાલયોના બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૫૩૨.૩૦ લાખ |
| (૩) બાકીની શાળાઓમાં નવા શૌચાલયોનું કામ | (૩) કોઈ પણ શાળામાં શૌચાલય બનાવવાના બાકી |

ક્યારે કરવામાં આવનાર છે ?

ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#S B /પોરબંદર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના/S B #>

<#M /* ૨૯૬૪૦ શ્રી પ્રવિણભાઈ માંકડીયા /M #> (ધોરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પોરબંદર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૨૬ હેકટર.

(૨) રૂ.૮.૬૦ લાખ.

---------

<#S B /ખેડા અને આણંદ જિલ્લામાં ગૌચર વિનાના ગામો/S B #>

<#M /* ૨૯૨૫૪ શ્રી રામસિંહ પરમાર /M #> (ઠાસરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કેટલાં ગામોમાં બિલકુલ ગૌચર નથી,

(૨) ઉકત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના શાં કારણો છે, અને

(૩) ઉકત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ આયોજન કર્યું છે તથા જો હા તો તેની વિગતો શી છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| જિલ્લો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|
| ખેડા | ૧૮ |
| આણંદ | ૬૬ |

(૨) (૧) ખેડા જિલ્લાના ગામોમાં ગૌચર ન હોવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

પ્રથમથી જ ગૌચર ઉપલબ્ધ ન હોવાથી.

(૨) આણંદ જિલ્લાના ગામોમાં ગૌચર ન હોવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

પ્રથમથી જ ગૌચર ઉપલબ્ધ ન હોવાથી.

(૩) હા જી, ગૌચરની જમીનમાં ઘટાડો ન થાય તે માટે મહેસુલ વિભાગના તા.૧–૪–૨૦૧૫ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

---------

<#S B /રાજ્યમાં મધ્યાહન ભોજન કેન્દ્રોમાં કર્મચારીઓનું માનદ વેતન/S B #>

<#M /* ૨૯૬૭૧ શ્રી રાકેશ શાહ/M #> (એલિસબ્રિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ મધ્યાહન ભોજન કેન્દ્રોના કર્મચારીઓને કેટલું માનદ વેતન ચુકવવામાં આવે છે, અને

જવાબ

(૧) મધ્યાહન ભોજન કેન્દ્રોના કર્મચારીઓને ગ્રામ્ય વિસ્તાર માટેઃ માનદ વેતન

| | | |
|---|---|---|
| ૧. | સંચાલક કમ કુકને | રૂ.૧૬૦૦ |
| ૨. | કુક કમ હેલ્પરનેઃ | |
| | ૨૫ વિદ્યાથી સુધી | રૂ.૫૦૦ |
| | ૨૬ થી ૧૦૦ કે તેથી વધુ | રૂ.૧૪૦૦ |
| ૩. | હેલ્પરને | |
| | ૨૫ વિદ્યાર્થી સુધી | રૂ.૩૦૦ |
| | ૨૬ થી ૧૦૦ કે તેથી વધુ | રૂ.૫૦૦ |

મધ્યાહન ભોજન કેન્દ્રોના કર્મચારીઓને માનદ વેતન
મ્યુ.કોર્પોરેશન વિસ્તાર માટેઃ

| | |
|---|---|
| સંચાલક કમ કુકને | રૂ.૧૬૦૦ |
| કુક કમ હેલ્પરને | રૂ.૧૪૦૦ |

(૨) ઉકત માનદ વેતનમાં ઉકત સ્થિતિએ છેલ્લે ક્યારે અને કેટલો વધારો કર્યો ?

(૨) શિક્ષણ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૦૯/૧૪૯૬/૨ થી મધ્યાહન ભોજન કેન્દ્રોના કર્મચારીઓને માટે તા.૧-૧૧-૨૦૧૬ થી નીચે મુજબનો વધારો કરવામાં આવેલ છે.

(ક.ગ્રામ્ય વિસ્તાર)

| ક્રમ | કેટેગરી | જુના દર | વધારો | નવા દર |
|---|---|---|---|---|
| ૧ | ૨૫ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | | | |
| | સંચાલક કમ કુક | ૧૦૦૦ | ૬૦૦ | ૧૬૦૦ |
| | કુક -કમ- હેલ્પર | ૪૦૦ | ૧૦૦ | ૫૦૦ |
| | હેલ્પર | ૨૦૦ | ૧૦૦ | ૩૦૦ |
| ૨ | ૨૬ થી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | | | |
| | સંચાલક કમ કુક | ૧૦૦૦ | ૬૦૦ | ૧૬૦૦ |
| | કુક કમ હેલ્પર | ૧૦૦૦ | ૪૦૦ | ૧૪૦૦ |
| | હેલ્પર | ૪૦૦ | ૧૦૦ | ૫૦૦ |
| ૩ | ૧૦૧ થી વધુ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | | | |
| | સંચાલક કમ કુક | ૧૦૦૦ | ૬૦૦ | ૧૬૦૦ |
| | કુક- કમ- હેલ્પર | ૧૦૦૦ | ૪૦૦ | ૧૪૦૦ |

ખ.મ્યુ.કોર્પોરેશન વિસ્તાર

| ક્રમ | કેટેગરી | જુના દર | વધારો | નવા દર |
|---|---|---|---|---|
| | સંચાલક કમ કુક | ૧૫૦૦ | ૧૦૦ | ૧૬૦૦ |

---------

<#S B /મહીસાગર જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના/S B #>

<#M/* ૨૯૬૨૪ શ્રી સુરેશભાઈ પટેલ/M#> (મણિનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) આ યોજના સને ૨૦૧૪-૧૫ થી અમલમાં આવેલ છે.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૦૭ |
| ૨ | ખાનપુર | ૩૨ |
| ૩ | સંતરામપુર | ૭૩ |
| ૪ | કડાણા | ૪૪ |
| ૫ | બાલાશિનોર | ૪૦ |
| ૬ | વિરપુર | ૩૦ |

| | |
|---|---|
| કુલ | ૩૨૬ |

---------

<#S B /અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં પરિવારોની સંખ્યા/S B #>

<#M /* ૨૯૨૩૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર/M #> (મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અને અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બીપીએલ પરીવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર કુલ કેટલાં બીપીએલ સભ્યો છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બીપીએલ પરીવારોની સંખ્યા નીચે મુજબ છે.

અરવલ્લી/સાબરકાંઠા જિલ્લો

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લામાં કુલ બીપીએલ પરીવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૬૯.૪૩૭ |
| ૨ | સાબરકાંઠા | ૯૬.૮૮૨ |

(૨) તે અન્વયે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બીપીએલ સભ્યોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લામાં કુલ સભ્યોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૨,૭૦,૧૨૯ |
| ૨ | સાબરકાંઠા | ૪,૨૫,૮૫૯ |

---------

<#S B /મહિસાગર જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ/S B #>

<#M /* ૨૯૬૧૮ શ્રી કિશોરસિંહ ચૌહાણ/M #> (વેજલપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને

(૨) તેમાં કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઈ ?

જવાબ

(૧) ૧ (એક)

(૨) કુલ લાભાર્થીઓ ૧૭,૭૩૫
કુલ ચૂકવેલ સહાય રૂ.૧૫૧૯.૯૩ લાખ.

---------

<#S B /રાજકોટ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના/S B #>

<#M /* ૨૯૬૫૭ શ્રીમતી ભાનુબેન બાબરીયા /M #> (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણમાં અસરકારકતા લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨) ૫૭૨ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ પ્રોજેકટ અંતર્ગત કોમ્પ્યુટર અને ઈ–કન્ટેન્ટના માધ્યમથી વિષય–વસ્તુ શિક્ષણ આપવું.

ઈન્ટરએકટીવ લર્નીંગ, અદ્યતન માળખાકીય સુવિધા અને આદર્શ શૈક્ષણિક પધ્ધતિ દ્વારા–૧ શાળાનો સ્માર્ટ સ્કૂલ તરીકે વિકાસ કરવો.

૭૨૧ ઉચ્ચ પ્રાથમિક શાળાઓનું ઈન્ટરનેટથી જોડાણ કરવું.

૩૯ શાળાઓમાં શાળા સંચાલન અને વ્યવસ્થાપનમાં વહીવટી સરળતા માટે સ્કુલ મેનેજમેન્ટ સોફ્ટવેર કાર્યરત કરવું.

(૩) આ યોજના અંતર્ગત ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૧૪૭.૧૪ લાખ.

---------

<#S B /સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં નવીન સરકારી કોલેજ/S B #>

<#M /* ૨૯૬૬૬ શ્રીમતી ઝંખનાબેન પટેલ/M #> (ચોર્યાસી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ માં નવીન સરકારી કોલેજ ક્યારે શરૂ કરવામાં આવી,

(૧) જૂન–૨૦૧૫ થી.

(૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર ક્યા સ્થળે નવીન કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૨) સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકામાં ઉમરગોટ તથા છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ ખાતે.

(૩) તે અન્વયે જિલ્લાવાર ક્યા પ્રવાહની કોલેજો શરૂ કરવામાં આવી ?

(૩) સુરત તથા છોટાઉદેપુર જિલ્લામાં વિનયન પ્રવાહની કોલેજ શરૂ કરવામાં આવી.

---------

<#S B /માનગઢ ખાતેનું ગોવિંદગુરૂ સ્મૃતિવન/S B #>

<#M /* ૨૯૬૩૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ/M #> (કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માનગઢ ખાતેનું ગોવિંદગુરૂ સ્મૃતિવન કેટલા વિસ્તારમાં બનાવેલ છે,

(૧) ૫ (પાંચ) હેક્ટર.

(૨) ઉકત વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના કેટલા રોપાઓનું ક્યારે વાવેતર કરવામાં આવ્યું, તથા તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે, અને

(૨) ઉકત વનમાં ખાટી આંબલી, પીપળા, રાયણ, ગરમાળો, આંબા, રૂખડો, ગુલમહોર, બોગનવેલ, બિલી, કણજ, વાંસ, બોરસલ્લી, આમળા, કરમદા, ચંપો જેવા રોપા તેમજ ફુલછોડ સહિત ૮૯૦૦ રોપાઓનું વાવેતર જુલાઈ–૨૦૧૨ દરમ્યાન કરવામાં આવ્યું, તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ૮૫૭૨ રોપાઓ જીવંત છે.

(૩) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૩૨૯.૧૯ લાખ.

---------

<#S B /સાબરકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઈ કર વસુલાત અંતર્ગત ગ્રાન્ટ/S B #>

<#M /* ૨૯૬૨૯ શ્રી હસમુખભાઈ પટેલ/M #> (અમરાઈવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

| ક્રમ | તાલુકાનું નામ | સનેઃ ૨૦૧૪–૧૫ | | સનેઃ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |

| ક્રમ | તાલુકાનું નામ | સનેઃ ૨૦૧૪-૧૫ | | સનેઃ ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
| ૧ | હિંમતનગર | ૭૭ | ૩૭,૧૯,૭૫૬ | ૬૭ | ૨૨,૧૪,૯૧૫ |
| ૨ | પ્રાંતિજ | ૫૭ | ૧૪,૦૪,૪૭૨ | ૪૯ | ૧૧,૦૨,૮૪૨ |
| ૩ | તલોદ | ૪૫ | ૧૧,૭૯,૬૪૧ | ૫૭ | ૧૯,૬૫,૮૦૨ |
| ૪ | વિજયનગર | ૩૦ | ૫,૮૫,૦૦૬ | ૩૧ | ૫,૮૫,૭૫૦ |
| ૫ | ઈડર | ૮૨ | ૩૯,૭૭,૩૭૫ | ૮૪ | ૬૭,૮૮,૨૩૧ |
| ૬ | વડાલી | ૩૮ | ૪,૯૦,૫૪૭ | ૩૭ | ૭,૦૪,૯૦૦ |
| ૭ | ખેડબ્રહ્મા | ૪૯ | ૧૧,૭૦,૩૩૫ | ૪૯ | ૧૪,૩૦,૫૬૦ |
| ૮ | બાયડ | ૪૬ | ૧૭,૮૮,૫૦૧ | ૦૦ | ૦૦ |
| ૯ | ભિલોડા | ૭૪ | ૨૫,૨૪,૬૧૪ | ૦૦ | ૦૦ |
| ૧૦ | ધનસુરા | ૨૯ | ૧૦,૮૯,૬૩૭ | ૦૦ | ૦૦ |
| ૧૧ | મોડાસા | ૪૨ | ૧૫,૨૩,૬૯૫ | ૦૦ | ૦૦ |
| ૧૨ | મેઘરજ | ૨૪ | ૧૦,૨૪,૮૨૨ | ૦૦ | ૦૦ |
| ૧૩ | માલપુર | ૩૫ | ૫,૯૦,૯૨૪ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૬૨૮ | ૨,૧૦,૬૯,૩૨૫ | ૩૭૪ | ૧,૪૭,૯૩,૦૦૦ |

---------

<#S B /ડાંગ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા/S B #>

<#M/* ૨૯૬૨૦ શ્રી હર્ષ સંઘવી /M#> (મજુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને | (૧) ૧ (એક). |
| (૨) તેમાં કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઈ ? | (૨) કુલ લાભાર્થીઓઃ ૬,૮૩૦<br>કુલ ચૂકવેલ સહાય રૂ.૨૮૨૭.૬૩ લાખ. |

---------

<#S B /સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં કાંટાળા તારની વાડ/S B #>

<#M/* ૩૦૮૯૭ શ્રી રમેશભાઈ ચાવડા/M#> (કડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં કાંટાળા તારની વાડ બનાવવા માટે તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૮૪૩ |
| (૨) ઉકત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે, અને<br>(૩) ઉકત પડતર અરજીઓનો સરકાર કેટલા સમયમાં નિકાલ કરવા માંગે છે ? | (૨) અને (૩) ૪ અરજીઓ મંજુર કરવામાં આવી. તા.૩૦-૧૨-૨૦૧૬ના ઠરાવથી નવી યોજના જાહેર થઈ છે, જેમાં ખેડૂતોએ કલસ્ટર બનાવીને અરજી કરવાની રહે છે. જેથી અગાઉની યોજના હેઠળ જે અરજીઓ પ્રોસેસમાં હતી, એ તમામમાં ખેડૂતો કલસ્ટર બનાવીને નવેસરથી નવી યોજના હેઠળ અરજી કરી શકે છે. જે મળ્યેથી તે અંગે ગુણદોષ પર કાર્યવાહી કરવામાં આવશે. |

<#B /પોઈન્ટ ઓફ ઓર્ડર/B #>

<#S B /મંત્રીશ્રીઓને યોગ્ય સમયે જવાબ સુધારવા અંગે. /S B #>

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિર્ણયોના નિર્ણય ૧૯૬૦થી ૧૯૮૪ નિર્ણય ક્રમાંકઃ ૩૩૬. આપણી તારાંકિત પ્રશ્નોત્તરીમાં બહુ પ્રસ્થાપિત જોગવાઇ એવી છે કે લેખિત જવાબ માનનીય સભ્યશ્રીઓને મળે અને લેખિત જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કંઇ સુધારો કરવો હોય તો તેના માટેની એક તક પણ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય ક્રમાંકઃ ૩૩૬ જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રીએ જે નિર્ણય આપ્યો હતો તેમાં નિર્ણયમાં સ્પષ્ટ કહ્યું હતું કે સવાલો જે આપવામાં આવે તેનો જવાબ આપવામાં આવેલ હોય પરંતુ સભાગૃહનું કામકાજ શરૂ થાય તે પહેલાં જ તે તરફ સભ્યનું ધ્યાન દોરી જોઇએ અને તો પ્રશ્ન હમણાં ઉભો થયો છે તેવો ઉભો થાય નહીં. I will pause here for a moment . પ્રશ્ન ક્રમાંકઃ૫ માનનીય શૈલેષભાઇ, આપે પણ જોયું માનનીય મંત્રીશ્રી કદાચ સુધારો કરવા માગતા હતા જે લેખિતમાં નહોતું. તેમને બે ભાગ કરવા હોત તો બે ભાગ કરવા માટે કાં તો શુદ્ધિપત્રકથી કાં તો પોતે છાપ્યા મુજબ કે તેના બદલે સુધારો રજૂ કરીને સુધાર્યા મુજબ જેથી કરીને ગૃહમાં સાચો જવાબ અમને પ્રાપ્ત થાય. લેખિત જવાબ કંઇક હોય અને માનનીય મંત્રીશ્રી કંઇક કહે તો રેકોર્ડ પણ સાચો રહેવાનો નથી ત્યારે આપના તરફથી હું અપેક્ષા રાખું છું કે ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીએ જે રીતે ટકોર કરીને માનનીય મંત્રીશ્રીઓને જવાબ યોગ્ય સમયે સુધારવા માટે કહ્યું હતું તેનું અમલીકરણ થાય એવી આપની પાસેથી અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજીએ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે મારા પહેલાંના બધા જ માનનીય અધ્યક્ષશ્રીઓ ખૂબજ વિદ્વાન હતા, બધા જ વ્યવહારૂ હતા. જે તે નિર્ણય છે તે સમય અને સંજોગોને આધિન હોતો હોય છે અને એટલા માટે કયાંક પણ ક્ષતિ હોય તો તરત જ એ જ વખતે આપણે સુધારતાં હોઇએ છીએ અને આવી કંઇ પરિસ્થિતિ આવે તો મંત્રીશ્રીને કહું છું કે તેને સુધારવી અને આપણે પણ મોટું મન રાખવું જોઇએ આમાં કંઇ પોઇન્ટ ઓફ ઓર્ડર જેવુ રહેતું નથી. આપણે બધા થોડુંક મોટું મન રાખીશું તો ચાલશે.

<#B /માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)/B #>

કૃષિ અને સહકાર વિભાગ

માગણી નંબર. ૨

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૨,૫૬,૦૭,૩૧,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૬,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક.૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ

માગણી નંબર ૩

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૫૫,૪૪,૪૩,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯૨,૧૪,૫૩,૦૦૦ની માગણી ક્રમાંકઃ૩ રજૂ કરૂં છું.

માગણી ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

પશુપાલન અને ડેરી વિકાસ

માગણી ક્રમાંક – ૪

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા (પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૫,૬૮,૨૬,૨૨,૦૦૦/–ની માગણી ક્રમાંક –૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૬

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ રૂ.૨,૨૧,૪૨,૯૯,૦૦૦/– અને મૂડી ખર્ચ રૂ.૨,૬૮,૦૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૬ રજૂ કરવામાં આવી.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ રૂ.૨૩,૫૫,૩૫,૦૦૦/–ની માગણી ક્રમાંક –૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૧૩

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૪૮,૨૪,૮૯,૩૩,૦૦૦/– અને મૂડી ખર્ચ રૂ.૨૭,૧૭,૨૪,૨૨,૦૦૦/– ની માગણી ક્રમાંક – ૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૫ રજૂ કરવામાં આવી.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

માગણી ક્રમાંક – ૬૭

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા (પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.રૂ.૧,૨૩,૯૨,૦૦,૦૦૦/– અને મુડી ખર્ચ માટે રૂ.રૂ.૨૦,૦૯,૫૯,૮૦,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૬૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૬૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૯ રજૂ કરવામાં આવી.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૦ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૨ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૩ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૪ – માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૫ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭–૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા. ૧૪– ૩– ૨૦૧૭ (ત્રીજો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં. ૨ | | |
| ૧ | ૨૪૦૧–<br>પાક............વ્યવસ્થા<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – કૃષિ....... મહેકમ<br>રૂ. ૧૩,૧૧,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાના નં.૧૨ અને ૧૩ | ૧૦૦ | કૃષિ મહોત્સવ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨ | ’’ | ૧૦૦ | કૃષિ મેળાઓને રાજકીય મેળાઓ ન બનાવતા ખેડૂતો માટે પરિણામલક્ષી મેળાઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ |
| ૩ | ’’ | ૧૦૦ | ખેડૂતોને કૃષિ પેદાશના યોગ્ય ભાવો અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| *૪ | ’’ | ૧૦૦ | ખેડૂતોને ડુંગળીના પડતર ભાવના આધારે ખરીદ ભાવ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૫ | ’’ | ૧૦૦ | ખેડૂતોને પાક વિમો ઝડપથી મંજુર કરી તેની ચુકવણી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશ ગરાસીયા |
| ૬ | ’’ | ૧૦૦ | બજારમાં વેચાતા હલકી કક્ષાના બિયારણનું વિતરણ અટકાવવામાં તંત્રની ઉદસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| *૭ | ' ' | ૧૦૦ | કૃષિના નિષ્ણાત સંશોધકો દ્વારા ખેતી માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૮ | ' ' | ૧૦૦ | ખેડૂતોના જણસીના ટેકાના ભાવોનો ફાયદો વચેટીયાઓને લઈ જતા અટકાવી, સીધેસીધો ફાયદો મળે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી |
| *૯ | ' ' | ૧૦૦ | ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૦ | ' ' | ૧૦૦ | કૃષિ પાકોની સાચવણી માટેની કોઈ વ્યવસ્થા ન હોવાથી કરોડો રૂપિયાના પાકો બગડતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર |
| ૧૧ | ૨૪૦૧–પાક.. ...વ્યવસ્થા<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – કૃષિ....... મહેકમ<br>રૂ. ૧૩,૧૧,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાના નં.૧૨ અને ૧૩ | ૧૦૦ | ટેકાના ભાવ કરતા ઓછા ભાવે હરાજી થતી અટકાવી ખેડૂતોને ખેત પેદાશ વેચવામાં પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહંમદ જાવીદ પીરઝાદા |
| *૧૨ | ' ' | ૧૦૦ | ખાનગી કંપનીઓ દ્વારા તપાસાયેલ બિયારણો રોગ/જીવાતરહિત મળે તેવું કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઈ ગાવીત |
| ૧૩ | ' ' | ૧૦૦ | ખેડૂતોને સમયસર બિયારણ અને ખાતર આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| | | માગણી નં. ૩ | | |
| *૧૪ | ૨૪૦૨ – ભૂમિ અને જળ સંરક્ષણ<br>૧૦૨ – ભૂમિ સંરક્ષણ<br>રૂ. ૧,૩૪,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૮૬ થી ૯૦ | ૧૦૦ | દરિયા કિનારે ક્ષાર પ્રવેશ નિયંત્રણ અંગેની કામગીરીને અસરકારક બનાવી તેમજ સંરક્ષણ દિવાલો સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રનિલ રાજ્યગુરૂ |
| | | માગણી નં. ૪ | | |
| *૧૫ | ૨૪૦૩ – પશુપાલન<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – ANH–1 પશુપાલન .. વિસ્તરણ<br>રૂ. ૨૪,૦૮,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૯૩ અને ૯૪ | ૧૦૦ | પશુ દવાખાનાઓનું આધુનીકીકરણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૬ | ' ' | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં ડૉકટરોની અછત નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૭ | ’’ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં પશુઓની સારવારમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |
| | | માગણી નં. ૬ | | |
| *૧૮ | ૨૪૦૫ – મત્સ્યોદ્યોગ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૧,૧૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૧૫૯ અને ૧૬૦ | ૧૦૦ | માછીમારોના પડતર પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ રાઠોડ |
| *૧૯ | ૨૪૦૫ – મત્સ્યોદ્યોગ<br>૧૦૩ – દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>રૂ. ૧,૦૦,૯૮,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૧૬૬ થી ૧૭૦ | ૧૦૦ | પાકિસ્તાન મરીન દ્વારા રાજયના માછીમારોના થતા અપહરણના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઈ ગોહેલ |
| | | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં. ૧૨ | | |
| ૨૦ | ૨૦૪૫–ચીજવસ્તુઓ..શૂલ્ક<br>૧૦૩– વસૂલાત........ શૂલ્ક<br>૦૧–<br>વીજળી...........નિરીક્ષક<br>રૂ. ૨૩,૫૫,૩૫,૦૦૦<br>અં. પ્ર. નં. ૫<br>પાના નં . ૬ અને ૭ | ૧૦૦ | વીજ કંપનીઓ સામેની ફરિયાદો સાંભળવામાં નિષ્ક્રિયતા તેમજ આડેધડ બીલો આપવા સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા |
| ૨૧ | ’’ | ૧૦૦ | વીજ પાવર પ્લાન્ટ બંધ હોય કે અપૂરતું વીજ ઉત્પાદન થતું હોવા છતાં પણ કેટલાક ચાર્જ વસૂલાવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૨ | ’’ | ૧૦૦ | વીજ અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈ હોવા છતાં ફીકસ ચાર્જ વસૂલનાર સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૩ | ’’ | ૧૦૦ | વીજ ઉત્પાદક કંપનીઓ દ્વારા આયાતી કોલસાનો ખર્ચ વધારે બતાવી વીજ બીલમાં વધારો બતાવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૨૪ | ’’ | ૧૦૦ | વીજ વિતરણ કંપનીઓ દ્વારા રાજય બહારથી ખરીદેલ વીજળી પર કમિશન ચઢાવી થતું વેચાણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૨૫ | ’’ | ૧૦૦ | વીજ ઉત્પાદન કર્યા વગર બહારથી ખરીદેલી વીજળી પર ફયુઅલ ચાર્જ લગાવી થતી લૂંટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | ʼ ʼ | ૧૦૦ | રાજ્યના ઉદ્યોગો દ્વારા પરપ્રાંતમાંથી સસ્તી વીજળીની ખરીદી પર સરકાર વધારાનો વ્હીલીંગ ચાર્જ વસુલે છે તેનાથી ખાનગી વીજ વિતરણ કંપનીઓને થતો આર્થિક ફાયદો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| માગણી નં. ૧૩ | | | | |
| ૨૭ | ૨૮૦૧...વીજળી શકિત<br>૮૦ – સામાન્ય<br>૧૦૧ – વિદ્યુત બોર્ડને સહાય<br>રૂ. ૧૫,૦૪,૦૭,૩૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૫<br>પાના નં . ૯ થી ૧૨ | ૧૦૦ | જર્જરીત વીજ વાયરો તૂટવાથી થતાં માણસો અને પશુઓના મૃત્યુ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૨૮ | ʼ ʼ | ૧૦૦ | વીજ કંપનીઓ અન્ય રાજયોને ફાજલ વીજળીના વેચાણથી જે નફો મેળવે છે તેનાથી વીજગ્રાહકોના બીલોમાં ઘટાડો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કરમશીભાઈ પટેલ |
| *૨૯ | ʼ ʼ | ૧૦૦ | વિદ્યુત બોર્ડોને સહાય મળવા છતાં થતી ખોટ નિવારવામા તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૩૦ | ૨૮૦૧...વીજળી શકિત<br>૮૦ – સામાન્ય<br>૧૦૧ – વિદ્યુત બોર્ડને સહાય<br>રૂ. ૧૫,૦૪,૦૭,૩૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૫<br>પાના નં . ૯ થી ૧૨ | ૧૦૦ | વીજમીટર રીડરો દ્વારા રીડીંગ કર્યા વગર જ અપાતા બીલોની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |
| *૩૧ | ʼ ʼ | ૧૦૦ | વીજ પુરવઠાની ખોરવણી અટકાવી શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| *૩૨ | ʼ ʼ | ૧૦૦ | વીજ કર્મચારીઓની પડતર માગણીઓનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૩૩ | ʼ ʼ | ૧૦૦ | કોન્ટ્રાકટરો દ્વારા થતી વીજ ચોરીઓને તથા તેના આક્ષેપો અન્ય કર્મચારીઓ ઉપર ઢોળવા અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૩૪ | ʼ ʼ | ૧૦૦ | ખાનગી કંપનીઓ પાસેથી ઉંચા ભાવે વીજળી ખરીદી તેનો બોજો જનતા પર નંખાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩૫ | ʼ ʼ | ૧૦૦ | વીજળીના વધારાના પુરવઠાના કારણે વણવપરાયેલ ઉત્પાદનના ખર્ચનો બોજો ગ્રાહક પર પડતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર |

| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં. ૬૭ | | | | |
|---|---|---|---|---|
| ૩૬ | ૨૨૧૫ – પાણી.....સ્વચ્છતા<br>૦૧ – પાણી પુરવઠો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૦,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં . ૧૧ | ૧૦૦ | પાણી પુરવઠા યોજનાઓની કામગીરી ઝડપી બનાવી સત્વરે તેના કામો પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(સી. કે. રાઉલજી) |
| ૩૭ | '' | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં સૌની યોજના હેઠળ ડેમોમાં પાણી ભરવાની કામગીરી હાથ ધરાઈ, પરંતુ ચાલુ માસથી તેના પર મૂકવામાં આવેલ કાપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી<br>(પરેશ ધાનાણી) |
| ૩૮ | '' | ૧૦૦ | પ્રત્યેક ગામમાં પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ<br>(મણીલાલ વાઘેલા) |
| ૩૯ | '' | ૧૦૦ | પાણી પુરવઠાની જિલ્લા કક્ષાની કચેરીઓની નબળી કામગીરીને કારણે આમજનતાને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ<br>(ચંદ્રિકાબેન બારીયા) |
| ૪૦ | '' | ૧૦૦ | શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ<br>(ગેંદાલભાઈ ડામોર) |
| ૪૧ | ૨૨૧૫ – પાણી.....સ્વચ્છતા<br>૦૧ – પાણી પુરવઠો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૦,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં . ૧૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પાણી મેળવવા માટે આમજનતાને પડતી હાલાકીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. તેજશ્રીબેન પટેલ<br>(જોઈતાભાઈ પટેલ) |
| ૪૨ | '' | ૧૦૦ | પાણીની કામગીરી કરતાં વિવિધ ખાતાઓ વચ્ચે સંકલન સાધવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા<br>(જીતુભાઈ ચૌધરી) |
| ૪૩ | '' | ૧૦૦ | ગુજરાતના હજારો ગામડાઓમાં હજી પણ પીવાના પાણી માટે થતો ડંકીનો ઉપયોગ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. અનિલ જોષીયારા<br>(બાબુભાઈ વાજા) |
| *૪૪ | '' | ૧૦૦ | પાણી પુરવઠાની યોજનાઓ અંતર્ગત બહાર પડાતા ટેન્ડરોમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાંતીભાઈ ખરાડી |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | '' | | અબજો રૂપિયાનો ખર્ચ કરવા છતાં મોટા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં નિયમિત – સમયસર શુધ્ધ પીવાનું પાણી પહોચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (પ્રહલાદભાઈ પટેલ, ધારશીભાઈ ખાનપુરા) |

ગુજરાત વિધાનસભા સચિવાલય ડી. એમ. પટેલ
ગાંધીનગર સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ઉપાધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી <#M/બલવંતસિંહ ચં. રાજપૂત/M#>(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઇએ આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ દ્રષ્ટિએ ગુજરાતનો વિકાસ મોડલ શું કહેવાય એ માત્ર ગુજરાતમાં નહીં પણ સમગ્ર ભારતની અંદર જયારે ઢોલ પીટવામાં આવતો હોય ત્યારે વાસ્તવિક સ્થિતિ શું છે એ જાણવું બહુ જરૂરી છે. આ ગુજરાત રાજયની અંદર કોઇની કોસ્ટ પડતર નીચી આવે, ૨૦૧૦–૧૧ની અંદર ૪.૪૧ પૈસે સરેરાશ પડતી હતી એ આજે વધીને ૬ રૂપિયા થઇ છે. કોઇપણ રાજય વેપાર કરે, ભાગ્યે કોઇ રાજયને વેપાર કરવાનું થાય પણ ગુજરાત સરકારનો વેપાર કેવો? તો જી.ઇ.બી.ની વીજળી અહીંથી ખરીદવાની અને બીજા રાજયોમાં અને બીજે વેચવાની અને એની અંદર ૨૦૧૬માં ૧૮૨ કરોડ રૂપિયા નુકસાન કરવાનું આ કયા લોકોને ફાયદો કરાવવા માટે આ ગુજરાતમાં આ પ્રકારનો વેપાર થાય છે? આનાથી આગળ વધીએ એમ થાય કે, કોઇપણ રાજય દિનપ્રતિદિન પોતાના પ્લાન્ટો હોય એમાં વધારો કરે અને કોઇપણ કારણોસર વરસાદ ઓછો થાય તો અમારા વખતમાં જે પ્લાન્ટો ચાલતા હતા, અને છેલ્લા વીસ વર્ષમાં જુઓ તો આ સરકારે એક ટકો પણ વધાર્યો નથી પણ આજે ૧૭ ટકા ઉત્પાદન ઓછું થાય છે. એવી આ સરકાર છે. એનાથી પણ આગળ વધીને હું કહેવા માગું છું કે, પ્રાઇવેટ પ્લાન્ટોમાં પણ ધ્યાન રાખવું જોઇએ અને એની કેમ કરીને પડતર કોસ્ટ નીચી આવે પણ આજે પણ એમાં ૪૦ ટકા ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણને એમ થાય કે, વીજળીના દરો દિનપ્રતિદિન છેલ્લા દસ વર્ષમાં ૩૩૦ ટકા, બાહ્ય આપણે વીજળી લેવા માંડ્યા છીએ એની અંદર વધારો થયો છે. ખેડૂતોની વાત થાય, આ સરકાર ખેડૂતોની ચિંતાની વાત કરે. ૨૦૦૧–૦૨ની અંદર ૧૫૬૯૫ મિલિયન વીજળી આપતા હતા અને આ ૨૦૧૩–૧૪માં કોઇ સરકાર એમ કહે કે, અમે ખેડૂતોના હિતના છીએ તો આજે ખેડૂતોના હિતની વાત કરનારી સરકાર આ ફીગર જોઇ લે કે, ૧૫૦૬૫ એટલે દિનપ્રતિદિન ખેડૂતો માટે યુનિટમાં ઘટાડે છે. સરકાર ઘણી વખતે કહે છે કે, અમે કનેક્શન આપીએ છીએ તો જો કનેક્શન જો આપતા હોય તો અને ખેડૂત જો એનો ઉપયોગ કરતો હોય તો ચોક્કસપણે આ ફીગરની અંદર વધારો થયો હોત. આજે આપણને એમ થાય કે, ખેડૂતોને જે સબસિડી આપવામાં આવે છે તો બીજા રાજયોની સરખામણીમાં આજે પણ સબસિડીમાં ઘટાડો થયો છે એવી પરિસ્થિતિ પેદા થઇ છે. સરકાર કઇ રીતે વીજળીની વાત કરે છે? એક બાજુ સરકાર એમ કહે કે, આપણે સૂર્યપ્રકાશની વીજળી લેવી જોઇએ પણ સુર્ય પ્રકાશની વીજળીની કોસ્ટ કયા પ્રકારના લોકો આજનું ભવિષ્યને જોઇને જે વીસ વીસ વર્ષના કરારો કર્યા એના કારણે દર વર્ષે ગુજરાત સરકારને એક હજાર કરોડ રૂપિયાથી પણ વધારે આજે નુકસાન થઇ રહ્યું છે એવી સ્થિતિ પેદા થઇ છે. એનાથી પણ આગળ વધીને હું વાત કરું તો, આજે નાના નાના ઘરોમાં જે વીજળી અપાય છે. આજે આપ બીજાં રાજયોમાં જોશો તો, ત્યાં કેટલો ચાર્જ છે અને આજે આપણા ત્યાં એનાથી વધારે કેટલો ચાર્જ છે? બીજાં રાજયો અને આપણા વચ્ચે ૧ રૂપિયો અને ૨૫ પૈસાનો તફાવત છે એવી સ્થિતિ પેદા થઇ છે. આદિવાસી સમાજની ચિંતા કરનાર આ સરકારના રાજમાં આજે અઢાર હજાર ઘરો એવા છે કે જે આજે પણ વીજળી વગરના છે.

ગુજરાત સરકાર વીજળી કેવી રીતે ખરીદે છે એની હું આ તકે વાત કરવા માગુ છું. કંપનીઓ સાથે કેવી રીતે કરાર કરે છે એ હું આ સભાગૃહને જણાવવા માગુ છું. ચાઇના લાઇટ કરીને કંપની છે એણે ગેસ આધારિત વીજ મથકનો પ્લાન્ટ નાખ્યો હતો. એ કંપની માટે કેન્દ્રમાંથી ગેસ લાવી આપીશું અને ૫૫૦૦ કરોડની વીજળી પેદા થશે એ અમે ખરીદી લેશું. આ વીજળી શું ભાવે ખરીદવામાં આવે છે એ જોઇએ તો આપણને ખબર પડશે. એનાથી આગળ વધીને જણાવીશ કે આ કંપનીના માલિક કોણ છે એ કંપની સાથે કરાર એવા કરેલા છે કે એ વીજળી પેદા કરે કે ન કરે તેમ છતાં એને દર વર્ષે ૪૦૦ કરોડ રૂપિયા આપી દેવાના. એનો અર્થ એ થયો કે આની અંદર ઘણો મોટો ભ્રષ્ટાચાર થયો હોય એમ દેખાય છે તેથી આની તપાસ થવી જોઇએ. આપણે ૨૦ વર્ષ સુધી એની વીજળી ખરીદવાના કરાર કરેલા છે એના લીધે સરકારને ભારે મોટુ નુકસાન જઇ રહ્યું છે. સરકારે પણ મારા એક પ્રશ્નના જવાબમાં સ્વીકાર્યું છે કે છેલ્લા બે વર્ષમાં આટલા રૂપિયા આપ્યા છે પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા રૂપિયા આપ્યા એની જાણ આ સભાગૃહને તથા જનતાને કરવી જોઇએ.

એનાથી આગળ સોલાર વીજળી અંગે કહેવા માગું છું. રાધનપુર– સાંતલપુરમાં સૌ પ્રથમ જમીનો ખરીદી એ પછી સુઇ ગામે જમીન ખરીદવાનુ ચાલી રહ્યું છે. એમાં પહેલેથી જમીનો ખરીદી લેવામાં આવશે એટલે ઓરીજનલ ખેડૂતોને એનો

લાભ મળશે નહીં અને એમાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર થશે તેવી પરિસ્થિતિ પેદા થઇ છે. મહાગુજ કોલ જે આપવામાં આવ્યો છે ત્યારે ૨૫૦ કરોડ રૂપિયામાં આપવામાં આવેલ એ કંડલાની કંપની બદલાઇ જાય, ૨૦૦૮ અને ૨૦૧૦માં ૪૦ જેમ ૬૦ નો રેશિયો હોય પરંતુ ત્યારપછી કેન્દ્ર સરકારે ૨૦૧૪માં ફાળવણી જ રદ કરી દીધી છે એટલે આજે ૧૭૨ કરોડ રૂપિયાનો આપણા ઉપર દાવો છે એવી સ્થિતિ પેદા થઇ છે. એથી આગળ વધીને એક વાત કરવી છે. ખેડૂતોની ચિંતા કરતી સરકાર ભૂતકાળમાં અમે ઉત્પાદનના ૪૫ ટકા વીજળી આપતા હતા પરંતુ આ સરકારે છેલ્લા ૨૦ વર્ષમાં ઘટાડીને માત્ર ૨૫ ટકા કરી દીધેલ છે. એના લીધે ખેડૂતોને મોટુ નુકસાન છે. હું સરકારને વિનંતી કરું કે પોતાનો સાચો ફિગર આપે. અમે ઉત્પાદનના ૪૫ ટકા અને તમારા ઉત્પાદનના ૨૫ ટકા છે તો સાચી હકીકત શું છે એ અમો જાણવા માગીએ છીએ. આ પાટલી ઉપર ૨૦૦૨ થી ૨૦૦૭માં ચૂંટાઇને આવ્યો હતો અને એમ કહેવાતુ હતું કે તમે ચકલી ખોલશો તો તેલ આવશે. કે.જી. બેજીન મળી ગયેલ છે એની અંદર અનેકઘણું પેટ્રોલ નીકળવાનું છે તેથી ગુજરાત નંદનવન થઇ જવાનું છે. આજે કે.જી.બેજીનની વાસ્તવિકતા શું છે. સૌથી મોટુ કૌભાંડ હોય તો આ છે. એ વખતે ૨ લાખ ૨૦ હજાર કરોડનો ગેસ અને તેલ નીકળવાનું છે એવી વાત કરવામાં આવી હતી. એની પાછળ આજે ૨૦ હજારથી ૨૫ હજાર કરોડ ખર્ચી ચૂકયા છીએ. કેવા લોકોને કોન્ટ્રાકટ આપ્યો એ જાણવાની જરૂર છે. એક જી.ઓ. ગ્લોબલ કંપની છે આ કંપનીને ૨૦૦૮ની અંદર સરવે કરવાના વર્ષે ૫૦૦ કરોડ આપવાના. ત્યારપછી એણે શું સરવે કર્યું કે આપણી પાસેથી ૨૫૦૦ કરોડ રૂપિયા લઇ ગયા? આપણે લાખના ૧૨ હજાર કર્યાં, કયાંટ ટીપુ તેલ ન નીકળ્યું પણ ગુજરાતના ૨૦ હજાર કરોડ રૂપિયાનુ સૌથી મોટુ નુકસાન થયું છે. આજે ૧૫૦૦ કરોડ રૂપિયા એના વ્યાજના ચડી રહ્યા છે અને દિલ્હીમાં બેઠેલી સરકાર કોઇને ખબર ન પડે એ રીતે ઓ.એન.જી.સી.ને એનો ૮૦ ટકા હિસ્સો આપી દેવા માગે છે. એ કેવી રીતે વેચાણી, કોની કંપની હતી આ ગુજરાતની? ગુજરાતમાંથી ફોરેનમાં કેટલા રૂપિયાના ભાવે વેચાઇ? કેટલા રૂપિયા એમાં નફો થયો? એમાંથી કેટલી મોટી સરકારો બની. આ વાસ્તવિક સ્થિતિ છે. આ જે કે.જી. બેઝીન છે એ ગુજરાત માટે, સમગ્ર ભારતમાં વિકાસ મોડેલ નહીં પણ ફેઇલ્યોર મોડલ સાબિત કરે એ વાસ્તવિકતા જોડાયેલી છે. ઉર્જા છે એ કૃષિ સાથે જોડાયેલી બાબત છે ત્યારે મારી આ સરકારને વિનંતી છે કે તમે ૨૧મી સદીની વાત કરતા હો, ત્યારે આ કૃષિ નીતિનો કમસેકમ ૨૦૦૧ થી તેની નીતિનો સુધારો તો કરો. તો અમને એમ લાગે કે ગુજરાત ૨૧મી સદી તરફ આગળ જઇ રહ્યું છે. ગુજરાતમાં ખેડૂતો ઘટી રહ્યા છે. ગુજરાતમાં ગૌચરો વેચાઇ જાય છે. ઉદ્યોગપતિઓને એક–એક રૂપિયાના ભાવે ગૌચરો આપી દેવામાં આવે છે. આજે ગુજરાતના ખેડૂતની શું દશા? એક જમાનામાં એવું કહેવામાં આવતું હતું કે એવી પાઇપલાઇનો નખાશે કે ગુજરાતનો ખેડૂત મારૂતિ લઇને સીધો આ પાઇપલાઇનથી પેલી પાઇપલાઇને જશે. આજે ખેડૂત આત્મહત્યા કરી રહ્યો છે એ ગુજરાતની વાસ્તવિકતા છે. આજે ગુજરાતનો ખેડૂત બિચારો–બાપડો થઇ ગયો છે. આજે ગુજરાતનો ખેડૂત બૂમ પાડીને કહી રહ્યો છે ગુજરાતમાં ખેડૂતોની શું હાલત છે. એ માટે સરકારે ચિંતા કરવાની જરૂર છે. તેનાથી આગળ વધીને કહીશ. માનનીય નીતિનભાઇ, આની પડતર કોસ્ટ વિશ્વમાં જૂઓ. હું અમેરિકામાં ૨૦૦૬માં ગયો હતો. આખા ભારતમાંથી ૧૧ જણાને બોલાવ્યા હતા તેમાંથી હું એક હતો. વાસ્તવમાં ખેડૂતનું ભલું કરવું હોય તો હંમેશા તેની પડતર કોસ્ટ નીચી લાવવી પડશે. તેના પ્રોડકશનના જે ભાવ છે તે ૧૦ વર્ષ પછી એટલે કે ૨૦૧૭ ચાલી રહ્યું છે તો ૨૦૨૭માં તેની કઇ કઇ આઇટમો બને, તેનું માર્કેટીંગ કેવી રીતે થાય તો જ આ ગુજરાતનો ખેડૂત સુખી થાય. વાતો કરવાથી કે માત્ર ખેડૂતને ફોસલાવીને વોટ લેવાથી કદાપિ ગુજરાતનો ખેડૂત સુખી ન થાય એ વાસ્તવિકતા છે. આજે મારે એમ કહેવું પડે કે ખેડૂતોના સિંચાઇના જે પ્રશ્નો છે. ગુજરાતમાં ૧ કરોડ ૨૫ લાખ હેકટરને સિંચાઇ આપવાની વાત કરીએ છીએ પણ વાસ્તવિકતા એ છે કે ૧૮ લાખ હેકટરથી વધારે આપણે સિંચાઇ કરી શકતા નથી. અમારી સરકારે અનેક બંધો બાંધ્યા. આપે એક બંધ ન બાંધ્યો. તેના કારણે જે નીતિમાં જયાં પાણી આપવાનું હતું ત્યાં આજે ખેડૂતને પાણી પહોંચતું નથી. અમારો વિસ્તાર એવો છે, જયાંથી હું પ્રતિનિધિત્વ કરું છું. આજે પાણી દિનપ્રતિદિન ઘટતું ઘટતું ૧૦૦૦ ફૂટે ગયું છે. દર વર્ષે પાંચ મીટર જાય છે. ૨૦ વર્ષ પછી કદાચ ઉત્તર ગુજરાતમાં ખેતી તો ઠીક, માણસને હિજરત કરવાનો વારો આવે એવી સ્થિતિ થવાની છે. આ વાસ્તવિકતા છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ટપક સિંચાઇ પદ્ધતિમાં જે એજન્સીઓને કામ આપવામાં આવે છે. ખરેખર ૫૦ ટકા ખર્ચ હોય છે તેની જગ્યાએ ૧૦૦ ટકા ત્યાં આગળ પૈસા આપે છે. ખેડૂતને અને સરકારને એક રૂપિયો ફાયદો નહીં એવી સ્થિતિ છે. કેન્દ્રની સરકાર આપણને અન્યાય કેવો કરે નીતિનભાઇ સાહેબ. બીજાં બધા રાજયોમાં ૫૦ ટકા વીમાની પોલીસી આવરી લે. આપણાં રાજયમાં માત્ર ૧૧ ટકા આવરી લે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા માટેની મારે માત્ર એટલી વાત કરવી છે કે અમારી સરકાર હતી. શુદ્ધ પાણી મળતું હતું. પૂણ્યશાળી સરકાર હતી. આજે આ સરકારમાં નદીમાંથી પાણી જતા રહ્યા. બોરનું પાણી પીવું પડે છે. બોરનું કેવું પાણી પીવું પડે છે? જે ફલોરાઇડવાળું પાણી મળે. બોરની કિંમત ૧૭ લાખ રૂપિયા થાય. મારી આ સરકારને વિનંતી છે. નીતિનભાઇ સાહેબને કહેવું છે કે ૨૦૧૪માં પાંચ સિટી માટેની ધરોઇની યોજના બનાવી છે. જો ૨૦૦ કરોડ રૂપિયા વપરાય. પાટણ છે, વડનગર છે, પી.એમ. સાહેબનું
ગામ છે. તમે વાહ–વાહ તો કરો છો પણ જયાં આગળ જનમ્યા છે ત્યાંની ચિંતા કોઇ દિવસ નથી કરતા એવી આ સરકાર છે.

શ્રી <#M/વાસણભાઇ ગો. આહિર/M#>(અંજાર) : **माननीय अध्यक्षश्री, जिस पानी पुरवठा क्षेत्र मे डिमाण्ड क्रमांक 67 पर अपने विचार इस सदन के समक्ष रखना चाहता हूं और माननीय मंत्री जो मॉगनी लेकर आए है उसका समर्थन करता हूं। गुजरात के पानी और गुजरात के भूतकाल से लेकर आजतक की**

कुछ खटटी – मिटटी बाते मैं करना चाहता हूं मैं जहां से आ रहा हुं मैं कच्छ का निवासी हूं। कच्छ का क्षेत्र पानी के अभाव के लिये प्रसिध्द है जल पर ही संस्कृति निर्भर है इसके लिये कच्छ का ऐतिहासिक उदाहरण देता हुं। कच्छ में पहले सिन्धु नदी का पानी आता था और आज का जो बन्नी छेत्र है जो लखपत के पहले इस एरिया में जहॉ प्रतिवर्ष कच्छ का रणोत्सव मनाया जाता है इस क्षेत्र में अत्याधिक मात्रा में सिन्धु नदी के पानी से चावल का उत्पादन होता था। इस क्षेत्र से दो राज्यों की चावल की आवश्यकता पूरी होती थी 1 वैसे तो आप लोग जानते है कि चावल के उत्पादन के लिये अत्यधिक पानी की आवश्यकता होती है। उस जमाने में कच्छ की जाहो– जलाली और व्यापार इतना अधिक समृध्द था कि लखपत बंदरगाह की दैनिक आमदनी 1 लाख कोरी थी , जिस पर से लखपत का नाम रखा गया है। आज आप लोगों में से कोई भी कच्छ जाये तब लखपत की मुलाकात अवश्य लें। दुर्भाग्य से 1819 में एक बहुत बडा भूकम्प आया था, भूकम्प आने के बाद जिससे सिन्धु नदी के बहाव पर एक बान्ध बन गया, जिसे अल्लाहबंध नाम दिया गया। मतलब प्राकृतिक रुप से निर्मित हुआ बान्ध जो अस्सी मील लंबा और करीब एक मील चौडा है । इस बान्ध के कारण सिन्धु नदी का पानी कच्छ में आने से रुक गया। इस घटना के पांच साल के बाद अंग्रेज सरकार के आर्मी आफीसर मेक मर्डो ने इस क्षेत्र की मुलाकात ली और जाना की जिस जगह सिन्धु नदी का पानी बहता था उस क्षेत्र में अब समुद्र का पानी भर गया है। इस घटना के पहले की बात करे तो वर्ष 1744 में कच्छ की जनसंख्या 10 लाख थी और इस भूकम्प के दो वर्ष बाद मतलब वर्ष 1821 में कच्छ की जनसंख्या घटकर सिर्फ पांच लाख रह गई और दूसरे दो वर्ष के बाद मतलब वर्ष 1823 में जनसंख्या घटकर साढे तीन लाख रह गई और उसके बाद कच्छ की जनसंख्या 1990 के आसपास पुन: दस लाख पहुंच गई।और उसके बाद भी 2001 में ऐसा भूकम्प आया जिसके बारे में सारी दुनिया जानती हे। इतना जरुर कह सकते है हम गुजरात के लोग बहुत भाग्यशाली है लेकिन अभी 125 करोड लोग भी भाग्यशाली है कि हमारे गुजरात के सपूत एवं गुजरात के भूतपूर्व मुख्यमंत्री श्री नरेन्द्रभाई मोदी एवं वर्तमान के प्रधानमंत्री जिसे बताते हुए हमें गौरव हो रहा है जिस दिन हमारे मुख्यमंत्री श्री नरेन्द्रभाई मोदी ने मुख्यमंत्री का कार्य सम्हाला आजादी के इतने सालों के बाद भी उन्होंने अपनी इच्छा व्यक्त की कि मै पूरे गुजरात में जाउगां, लोग मेरा सम्मान करेंगे, भेंट सौगादें देंगे वो मैं गुजरात की गरीब, दलित, शोषित लघुमति बेटीयों की शिक्षा के उपयोग में लूंगा। आज तक कोई भी राजनीतिज्ञ ने ऐसा नहीं सोचा कि इस जाहेर जीवन में जो प्रजा हमें देती है वो प्रजा का ही है, ऐसी विचारधारा रखते हुए आदरणीय नरेन्द्रभाई मोदी ने गुजरात का कार्यभार 12 साल सम्हाला।कितने बदलाव आए भचाऊ भूकम्प के बाद आए साथ में सचिव से लेकर पटवारी तक सभी कर्मयोगी भाई बहनों, पूरी दुनिया में तहलका मच गया था। पूरी दुनिया के पत्रकार एवं मीडिया वाले आए थे सभी पत्रकार मित्रों ने आदरणीय नरेन्द्र भाई से पूछा कि आपने अभी तक पांच मिनिट के लिये भी कही शासन नहीं किया इतनी बडी दुर्घटना हुई है, इतना बडा भूकम्प हुआ है, 12 हजार लोगों की मौत हो गई है, कई लाख लोग घर बेघर हो गए है कई लोग घायल हुए है, इसको कैसे आप मेनेज करेंगे। हमारे महान कर्मयोगी श्री नरेन्द्रभाई मोदी ने बताया था कि मुझे मेरे कर्म पर भरोसा है, मै जो कर्म करुगॉ मुझे विश्वास है कि प्रजा के लिये रातदिन करके आज मैं कर्म के भरोसे कहता हूं कि आने वाले 10 साल के बाद पूरी दुनिया को बता दूंगा कि कच्छ को सिंगापुर बनाकर विकास के मार्ग अपनाकर बता दूंगा और वास्तव में नरेन्द्रभाई ने देश एवं दुनिया को यह करके बता दिया। आज जल जो जीवन है, जल के लिये मैं एक उदाहरण दूंगा। हमारे राष्ट्रपिता साबरमती

नदी में एक बार एक पानी की डोल भरने गए । गॉधीजी ने आधी डोल ही भरी , तब एक उनके साथी ने उनसे पूछा कि आपने आधी डोल ही भरी साबरमती नदी तो पूरी भरी हुई है उन्होंने जवाब दिया कि इस नदी पर मेरे अकेले का नहीं इस प्रदेश में बसने वाले हर व्यक्ति का अधिकार है अगर में करकसर नहीं करुगा, तो वो भी करकसर नहीं करेंगे इसलिये मित्रों ऐसा महान आदमी की शिक्षा का अमल करें। दोस्तों आज मुझे कहते हुए खुशी हो रही है कि हमारे कच्छ में हमेशा भूकम्प, अकाल, साईक्लोन, कई आपत्तियां हमने सहन की है लेकिन हमारे नरेन्द्रमोदी जी ने जब कार्यभार सम्हाला तब हम कच्छीयों का, सौराष्ट्र के लोगों का, विकास का विश्वास बढा। इसके पहले जब भी चुनाव आता तो भूज एवं अन्य शहरों की सभा में सुना जाता था कि हम नर्मदा का पानी लायेंगे कच्छ को युनिर्वसिटीयॉ देंगे, लेकिन सिर्फ हवा में गोलीबारी के सिवा कुछ नहीं मिला । लेकिन हमारे कर्मयोगी श्री नरेन्द्रभाई मोदी ने 800 किलोमीटर की नर्मदा की पाईप लाईन डालकर पानी पहुंचाने का काम जो किया है उसके लिये वे बधाई के पात्र है। हमारे डिप्टी सी एम नीतिनभाई, एवं मुख्यमंत्री श्री विजयभाई रुपानीजी 248 करोड की रकम इस बजट में पीने के पानी के लिये और इससे भी ज्यादा रखी है इसमें मेरे सुझाव है मई और जुन में हमारे जो पानी के डेम है अगर बना दें तो हमारे कच्छ की जनता कभी प्यासी नहीं रहेगी। इसी दूरदृष्टी से हमारे मुख्यमंत्री एवं नायब मुख्यमंत्री जो काम कर रहे है उन्हें सही रुप से मैं सलाम करता हुं। हमारे गुजरात के पानी पुरवठा मंत्रीश्री एवं आदरणीय जशाभाई बारड को बहुत बहुत धन्यवाद देता हुं।

कुछ दिनों पहले माननीय पानी पुरवठा मंत्री एवं जशाभाई बारड साहब ने पूरे झोन की मीटिंग बुलाई। हमने यह विचार किया कि आने वाले गर्मी के महीने में कोई कच्छ का व्यक्ति प्यासा नहीं रहे साथ ही हमने जानवरों की भी चिन्ता की आज हमारे कच्छ में जो 22 लाख की जनसंख्या हुई है उसके सामने 18 लाख पशु है कोई भी इसके पहले की सरकार ने पशुओं की चिन्ता नहीं की किन्तु हमने पशुओं की चिन्ता की है। 248 करोड का जो प्रावधान है उसका उपयोग हो 1 मैंने कुछ दिन पहले मेरे विरोध पक्ष के मित्रों के भी सुझाव लिये वैसे हमारे प्रजा प्रेमी श्री नरेन्द्रभाई मोदी जब भी देश ही नहीं विदेश के दौरे पर जाते है तब कच्छ को जरुर याद करते है।चाहे वे एग्रीकल्चर के ग्रोथ की बात हो, चाहे कोई भी विकास की बात हो,आज हमारी डीप ऐरीगेशन की बात हो। अंत मैं समर्थन करते हुए मैं अपनी बात पूरी करता हुं।

શ્રી <#M/પરેશભાઇ ધી. ધાનાણી/M#>(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, કૃષિ, ઉદ્યોગ અને ઉર્જાની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત ખેતીપ્રધાન રાજ્ય છે. રાજ્યમાં ૧૮ હજાર ઉપરાંત ગામડામાં ૭૦ ટકા કરતા વધારે લોકો ખેતી અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રાજ્યની અંદર કુલ રોજગારીની ૪૯.૬ ટકા કરતા વધારે રોજગારી આપનારું આ ક્ષેત્ર છે. કમનસીબે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ કૃષિ ક્ષેત્રને કોઇકની નજર લાગી છે અને પરિણામે આજે રાજ્યનો ખેડૂત રાન રાન અને પાન પાન થઇ ગયો છે. આમાં બેઠેલા બધા જ લોકો ક્યાંકને ક્યાંક ખેતી કે ખેતી વ્યવસાયની સાથે સંકળાયેલા હશે અથવા તો કૃષિ આવકમાંથી જે આપણું અર્થતંત્ર ધબકે છે એનો લાભ એમણે લીધો હશે. હું કોઇ રાજકીય ટીકા-ટિપ્પણ કરવા ઉભો નથી થયો. આપના મારફત માનનીય મંત્રીશ્રી સમક્ષ સામાજિક અને આર્થિક સમીક્ષા ૨૦૧૬-૧૭ના અહેવાલને ટાંકીને મારે કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કરવા છે. જેથી કરીને બીજા કોઇ વિવાદ ન થાય. રાજ્યનો ખેડૂત સમૃદ્ધ થશે તો મારું ગામડું ધબકતું થશે, ગામડાનું અર્થતંત્ર જીવતું થશે અને ગામડા ધબકતા થશે તો શહેરીકરણમાં ફસાયેલું ગુજરાત એ શહેરીકરણમાંથી ફરી પાછું ગામડા તરફ વળશે. એના માટેની પાયાની જરૂરિયાત છે, ખેડૂતને મજબૂત કરીએ, ખેડૂતને આર્થિક રીતે સમૃદ્ધ કરીએ, ખેડૂતને દેવામુક્ત કરીએ, ખેડૂતને એની કૃષિ ઉપજ વધે, વાવેતર વિસ્તાર વધે, પૂરતું સિંચાઇનું પાણી મળે, પૂરતા પ્રમાણમાં અને માગો ત્યારે વીજળી મળે અને ખેડૂત એનો પરસેવો વાવીને પાક પકવે તો એને પોષણક્ષમ ભાવો મળે. એના ઉત્પાદનને વેચવા માટે વૈશ્વિક ફલક ઉપર એને માર્કેટીંગ મળે અને તો ખેડૂતના ખિસ્સામાં પૈસા આવશે. એ પૈસા ખેતમજૂરના ખિસ્સામાં જશે અને સમગ્ર રાજ્યમાં સપ્રમાણ વિકાસ થશે. હું આપનું એ તરફ ધ્યાન દોરવા માગું છું કે, ચાલુ વર્ષ ૨૦૧૬ના ખરીફ દરમિયાન રાજ્યના કુલ ૮૬.૭૧ લાખ હેકટરના વાવેતર વિસ્તાર પૈકી ૮૬.૩૪ લાખ હેકટરમાં જ વાવેતર થયું. એનો મતલબ કે રાજ્યમાં ૨૦૧૬ના ખરીફમાં ૩૩ હજાર હેકટરનું વાવેતર ઘટ્યું. આ વાવેતર

ઘટવાનું કારણ શું? એટલા માટે કે ડોકટર પોતાના દીકરાને ડોકટર બનાવવા ઇચ્છે, વકીલ એના દીકરાને વકીલ બનાવવા ઇચ્છે, વેપારી એના દીકરાને વેપારી કે ઉદ્યોગપતિ કરવા ઇચ્છે પણ આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર, ખેડૂત વિરોધી એની નીતિઓના કારણે એનું પ્રતિબિંબ, ખેડૂત એના દીકરાને વારસામાં ખેતી આપવા માગતો નથી. એ ખેતીથી મોઢું ફેરવી રહ્યો છે અને આમને આમ જો આ ખેતી ક્ષેત્ર તરફ રાજ્ય સરકાર દુર્લક્ષ સેવ્યા કરશે તો આવતા દિવસોમાં ૩૩ હજાર હેકટર જમીન પડતર રહી એમ લાખો હેકટર જમીન બંજર થઇ જશે. અનાજનું ઉત્પાદન ઘટશે અને આવતા દિવસોમાં ગુજરાત સહિત દેશમાં ભૂખમરો વેઠવાનો વારો આવશે. જગતના તાતની જરૂરિયાત શું છે? એને જરૂરિયાત છે કે એને સસ્તા દરે બિયારણ મળે, ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ વાજબી ભાવે મળે. દવા મળે, ખાતર મળે, એ પરસેવો પાડીને ખેતી કરે અને બી વાવે, એના પરસેવાના ટીપાની સાથે રાજ્ય સરકાર એના ખેતર સુધી સિંચાઇનું પૂરતું પાણી પહોંચાડવામાં ૨૦-૨૦ વર્ષ પછી પણ નિષ્ફળ નીવડી છે. ખેડૂતનો દીકરો એની મોલાતને બચાવવા ઝઝૂમતો હોય અને મોંઘા દરે મળતી વીજળી પણ વારંવાર ઝાટકા મારે, એને પૂરતા પ્રમાણમાં વીજળી પણ આ રાજ્ય સરકાર આપી શકતી નથી. આ રાજ્યમાં વીજળીના કુલ ઉત્પાદન પૈકી ઉદ્યોગોને ૪૯ ટકા વીજળી ફાળવવામાં આવે છે. અને ૫૦% રોજગારી આપતું ક્ષેત્ર એ ખેતીના ક્ષેત્રને માત્ર ૨૩% વીજળી આવો અન્યાય ખેડૂતોની સામે શું કામને આ સરકાર કરી રહી છે? ખેડૂતના દીકરાને ઉત્પાદન ખર્ચમાં વધારો થયો, એનું વાવેતર ઘટ્યું, અનિયમિત વરસાદ આવે, ઓછું ઉત્પાદન થાય રાજ્ય સરકાર ખેડૂતના દીકરાને એના પરસેવાની કમાણીને પોષણક્ષમ ભાવ આપવામાં નિષ્ફળ જાય. ફરજિયાત પાક વીમો લે હું માનનીય કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે માનનીય નરેન્દ્રભાઇ ગુજરાતના પનોતા પુત્ર આજે દેશનું નેતૃત્વ કરી રહ્યાં છે ત્યારે આપણે સૌ ગુજરાતી તરીકેનું ગૌરવ લઇએ છીએ. પ્રધાનમંત્રી કૃષિ ફસલ વીમા યોજનાની આપણે જાહેરાત કરી. નવી યોજનાની જાહેરાત પછી ગુજરાતમાં કેટલા ખેડૂતોને કેટલા કરોડ રૂપિયા પાક વીમો ચૂકવ્યો એ તો આ ગૃહથી ગુજરાતની જનતાને બતાવો? જેટલો ખેડૂતોએ પાક વીમો ભર્યો છે ને એટલાય રૂપિયા ગુજરાતના ખેડૂતોને પ્રધાનમંત્રી કૃષિ ફસલ વીમા યોજનામાં પાછા મળ્યા નથી. આની સાથે એને પોષણક્ષમ ભાવ ના મળે એ હું હજુ પરમ દિવસે મંત્રી સાહેબ અમરેલી યાર્ડમાં ઉભો હતો અને કપાસની હરાજી થાતી હતી ૧૦ ઢગલા સુધી મેં રાહ જોઇ કે સવા સાડી પોણી કરીને પંદર સો ભાવ પહોંચશે કારણ કે હવે તો ગુજરાતનું ગૌરવ દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. ૮૩૨ રૂપિયા ટેકાનો ભાવ ચૂંટણી પહેલા કહેતા હતા કે, મિત્રો એકવાર મને તક આપો ૧૫૦૦ રૂપિયા મળશે પણ ૧૫૦૦ બે મણના આપવાના હતા એ પહેલા કહેવું હતું તો આ સ્થિતિ ના આવતા. માનનીય અધ્યક્ષશ્રી, આ પોષણક્ષમ ભાવ ના મળે એટલે ખેડૂતનો દીકરો એના રોજબરોજના જીવનમાં એના બાળકોને ખેતીથી આગળ વધીને શિક્ષણમાં એના પરસેવાની કમાણીનું એને રોકાણ કરવું હોય ને ઉત્પાદન ના થાય, બાળકોની ફી ના ભરી શકાય. ખેડૂતનો દીકરો આજે સમગ્ર રાજ્યમાં વ્યાજવાદીઓની જાળમાં ફસાઇ ગયો છે. દેવાના બોજ નીચે દબાયેલો ખેડૂત એ પોતાના બાળકોનું અને કુટુંબનું ભરણપોષણ કરવા ઉંચા દરે વ્યાજે રૂપિયા લઇને એ વ્યાજ વાદીઓના ત્રાસમાં એની જનેતા જેવી લાગણી જેની સાથે જોડાયેલી છે એ જમીન એણે વ્યાજ વાદીઓને ત્યાં ગીરવે મૂકવી પડે અને આ ઉંચા ધીરધાર ઉંચા વ્યાજના દરોના રૂપિયા લીધા હોય અને એ વ્યાજ ના ભરી શકે, મુદલ પાછું ના કરી શકે અને આ વ્યાજ વાદીઓની સાથે જમીન માફિયાઓની ગઠજોણના પરિણામ સ્વરૂપે રાજ્યમાં ખેડૂતોના આપઘાત, અપમૃત્યુ અને આત્મહત્યાના બનાવો વધી રહ્યાં છે. ચિમનભાઇ આપ પણ કૃષિમંત્રી છો અને ગામડા અને ખેડૂતોની સાથે જોડાયેલા છો આને મજાક કે રાજકીય ટીકા-ટિપ્પણથી ઉપર ઉઠીને આપણે સૌ આની ચિંતા કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, મારો મૂળ પ્રશ્ન જ્યારે મેં મંત્રીશ્રીને પૂછ્યો ત્યારે મારી ચિંતા એ હતી કે મારા અમરેલી જિલ્લામાં બે વર્ષમાં ૧૨૦૬ લોકોએ આત્મહત્યા કરી અથવા તો એને અપમૃત્યુમાં નોંધવામાં આવ્યા. આ માત્ર એક જિલ્લામાં સરેરાશ વર્ષે ૫૦૦ જણા ૩૩ જિલ્લામાં સાડાસોળ હજાર લોકોનો હિસાબ કરીએ તો ગુજરાતની અંદર આત્મહત્યા કરી રહ્યાં છે અને ૭૦%ખેડૂતો હોય તો એ સાડાસોળ હજારના ૭૦% ખેડૂતો આત્મહત્યા નથી કરતા? પણ વાસ્તવિકતાને છુપાવવા માટે સરકાર ખેડૂતોના આપઘાતની વાત આવેને એટલે માનનીય અધ્યક્ષશ્રી મારે ટીકા-ટિપ્પણી નથી કરવી પણ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પરેશભાઇ, એક મિનિટ છે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ સરકારની સામે ખેડૂતની વાત આવે એટલે માનનીય આપણા ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રીશ્રીએ તામિલનાડુમાં જલ્લીકટ્ટુની હરિફાઇ હતીને તો એમાં સમર્થન આપ્યું એમ ગુજરાતમાં પણ એક ખેડૂતની વાત આવે એટલે જેમ તામિલનાડુમાં જલ્લીકટ્ટુની સ્પર્ધાને સમર્થન આપ્યું એમ ખેડૂતની વાત આવે એટલે સરકાર ખેડૂતોને મારવાને શું કામ દોડે છે એ મને ખબર નથી પડતી? માનનીય અધ્યક્ષશ્રી, એક મુદ્દો સાથે લઇ લઉં. વીજળીની વાત થતી હતી. આ સમીક્ષા રિપોર્ટમાં આપ્યું છે કે ૨૦૧૪-૧૫ની અંદર રાજ્યમાં કુલ વીજ વપરાશ ૭૬૭૧૯ મિલિયન યુનિટ થયો અને ૨૦૧૫-૧૬માં ૭૫૮૪૧ એટલે ૮૭૮ મિલિયન યુનિટ વીજ વપરાશ ઘટ્યો. ૨૦૧૪-૧૫ની સરખામણીએ ૨૦૧૫-૧૬માં (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બાબુભાઇ..

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ પૂરી કરી દઉં.

ઉપાધ્યક્ષશ્રી : પરેશભાઇ આપનો સમય પૂરો થઇ ગયો.

શ્રી <#M/બાબુભાઇ જ. પટેલ/M#>(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું વાત કરવા ઉભો થયો છું.

આ દેશ એ કૃષિ અને ઋષિઓનો દેશ છે. કૃષિ અને ઋષિઓના દેશની વાત કરીએ ત્યારે મને કહેતા આનંદ થાય કે, ગઇ કાલે હું સાળંગપુર સ્વામિનારાયણ ભગવાનના ફૂલડોલના કાર્યક્રમમાં ગયો હતો, જબરજસ્ત કાર્યક્રમ હતો. મને એક ભાઇએ એવી વાત કરી હતી કે, ઉત્તર પ્રદેશમાંથી પાંચ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રી કૃષ્ણ આવ્યા પછી સ્વામિનારાયણ ભગવાન આવ્યા. ઉત્તર પ્રદેશમાંથી બે લોકો આવ્યા, એમનો ગુજરાતમાં ખૂબ સારો જય જયકાર થયો. મિત્રો મારે બીજી વાત કરવી છે કે, ગુજરાતમાંથી બે, ગુજરાતના બે સપૂતો, પનોતા પુત્રો દિલ્હીમાં ગયા, એક શ્રી નરેન્દ્રભાઇ મોદી અને બીજા ગયા શ્રી અમિતભાઇ શાહ. મિત્રો મને કહેતા આનંદ થાય કે, દેશ અને દુનિયામાં, ઉત્તરપ્રદેશમાં ગયા પછી એમણે ડંકો વગાડ્યો, ભારતીય જનતા પાર્ટીનો અને સરકારનો. સરકાર કેમ ચલાવાય એની વાત દેશ અને દુનિયાને બતાવી. મને એ પણ મને કહેતા આનંદ થાય કે, ટૂંકાગાળાની અંદર દેશ અને દુનિયાની મોટામાં મોટી પાર્ટીનો જો કોઇ વડો હોય તો એ આપણા શ્રી અમિતભાઇ શાહ છે. એમને હું અભિનંદન આપું છું, એમની ચાણક્ય નીતિને પણ હું અભિનંદન આપું છું.

મિત્રો મારે બીજી વાત એ પણ કરવી છે કે, હમણાં પેલા ભાઇ કહેતા હતા, સાચી વાત બોલતા ન હતા જતા રહ્યા, આપણા વિપક્ષના શ્રી બલવંતસિંહ. શ્રી બલવંતસિંહને મારે એ પણ કહેવું છે કે, ગુજરાતની ભૂમિકાની એમને ખબર હોવી જોઇએ કે, ૧ લાખ, ૯૬ હજાર હેકટર જમીન ટોટલ છે એમાં કુલ વાવેતર ૧ લાખ, ૩૯ હજાર હેકટરનું થાય છે. હમણાં પેલા ભાઇ એમ કહેતા હતા કે, ૧૫ લાખ હેકટરનું પિયત થાય છે તો મારે એમને વાત કરવી છે કે, ૪૪ લાખ, ૭૧ હજાર હેકટરનું આજે પિયત થઇ રહ્યું છે. એમણે જુના આંકડા આપ્યા છે, કોંગ્રેસમાં પાંચ લાખ જ થતું હતું. ગુજરાતની સરકારની અંદર ખેડૂત ખાતેદારો અહીંયા ૪૮ લાખ, ૮૬ હજાર છે. આપણા ભાઇ એમ કહેતા હતા કે, ભાવો મળતા નથી તો મારે એમને એ વાત કરવી છે, અને મને કહેતાં આનંદ થાય કે, દિવેલાના ઉત્પાદનમાં દેશ અને દુનિયામાં ગુજરાતનો પ્રથમ નંબર છે. મારે બીજી એ વાત પણ કરવી જોઇએ કે, દેશ અને દુનિયામાં ૮૪ ટકા દિવેલા ગુજરાત ઉત્પન્ન કરે છે. હમણાં ભાઇ કપાસની વાત કરતા હતા, મારે એમને કહેવું છે કે, કપાસના ઉત્પાદનમાં ત્રીજા નંબરે છીએ, મગફળીમાં ત્રીજા નંબરે છીએ. બીજી આનંદની વાત મારે ભાલિયા ઘઉંની કરવી છે, આખા દેશમાં જો ભાલિયા ઘઉં ક્યાંય પાકતા હોય તો એ અમદાવાદ જિલ્લામાં પાકે છે અને એને જી.આઇ. ઈન્ડેક્ષ મળ્યો એનો પણ મને આનંદ છે. ભારત સરકાર ટેકાના ભાવો બાંધે છે એમાં બાજરી, જુવાર, મકાઇ, ચણા, રાઇ, અને શેરડીના પાકો છે એમાં બજાર ભાવો જો ટેકાના ભાવથી નીચે જાય ત્યારે સરકાર એને ખરીદે છે. (અંતરાય) ગોવાભાઇ સરકાર એને ખરીદે છે. મને માનનીય ગોવાભાઇને કહેતા આનંદ થાય કે, આ વર્ષે લાભ પાંચમના દિવસે ખેડૂતોને આનંદ કરાવી દીધો અને એ દિવસે આપણે ૮૪૪ રૂપિયા પ્રતિ મણના ભાવે સરકારે ખરીદી કરી. સરકારે ખરીદી પાંચ–છ એજન્સીઓને આપી અને ૧ લાખ, ૧૦૬ ખરીદ કેન્દ્રો બનાવ્યા. મને કહેતા આનંદ થાય કે, ૮૭ કેન્દ્રો ઉપર ૨ લાખ, ૭૨ હજાર ટનની ખરીદી થઇ છે. મારે બીજી તુવેરની વાત કરવી છે, તુવેરમાં પહેલી વખત આ સરકારે ખરીદી કરી અને ટેકાના ભાવથી ૧,૦૧૦ રૂપિયાના ભાવે, ક્યાંય સાંભળ્યો નહીં હોય તુવેરનો ભાવ નોડલ એજન્સી તરીકે નાફેડ, એફ.સી.આઇ. મારફત ગુજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ સાબરકાંઠા, ગુજરાત રાજય વેરહાઉસ અને કુલ ૬૧ ખરીદ કેન્દ્રો બન્યા. હાલમાં ૩૨ કેન્દ્રો ચાલુ છે, કાર્યરત છે. અત્યાર સુધીમાં ૮૦ કરોડની ૧૫૯૫૭ ટનની ખરીદી કરી. મારે એ પણ કહેવું છે કે બાગાયતની વાત કરીએ તો બાગાયતી ખેતીથી ગામડે ગામડે ફ્રુટ ફરતા થઇ ગયા. ગામડે ગામડે દ્રાક્ષ, ચીકુ અને સાહેબ, આમના રાજમાં, કોંગ્રેસના રાજમાં કોઇ થેલી લઇને આવ્યું હોય અને એમાં ફ્રુટ હોય ને તો એમ કહે કોઇ બીમાર હતું ભાઇ? કોણ બીમાર છે? એવું પૂછવામાં આવતું એ વખતે. કોઇ ફ્રુટ લાવતું નહોતું. આ સરકાર ખેડૂતોના બેલી તરીકે કામ કરી રહી છે, ખેડૂતોના કલ્યાણ માટે તત્પર રહી છે, સર્વના વિકાસ માટે તત્પર રહી છે જયારે કોંગ્રેસ, એણે સોનો વિકાસ કર્યો છે, સર્વનો વિકાસ કર્યો હોત તો આટલો વિકાસ ન થાત. મારે એ પણ કહેવું છે કે પંચાયતની પાર્લામેન્ટ એમની હતી, નર્મદાનું પાણી ભારતીય જનતા પાર્ટી લાવી, એ ૨૦ વર્ષમાં લાવી, એમણે ૫૦ વર્ષ રાજ કર્યું. એમણે કામ કર્યું એ પણ ગાય અને બળદીયાની ગતિએ, ટ્રેકટરની ગતિએ. ભારતીય જનતા પાર્ટીએ રોકેટની ગતિએ કામ કર્યું છે. મારે એ પણ કહેવું છે કે એમણે ના કર્યું તો સારું થયું અમારો મેળ પડયો નહીંતર અમારો મેળ પડયો જ ન હોત. મિત્રો, તમે જે કરો છો એ ખૂબ જ સારું કરો છો તમને અભિનંદન. બીજી વાત કરું તો કૃષિપ્રધાન દેશ, ખેડૂતો મીટ માંડીને બેસી રહેતા હતા, તમારા વખતે આકાશી ખેતી હતી. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે નરેન્દ્રભાઇ મોદી અને એમની દિશ અને અટલ બિહારી બાજપાઇ જે નર્મદા ગુજરાતમાં લાવ્યા, આજે ગુજરાતની જીવાદોરી છે. આપણે ગામડે ગામડે નર્મદાની પરિક્મ્મા કરવા જતા હતા મને કહેતા આનંદ થાય કે આ નરેન્દ્રભાઇએ આપણા આનંદીબેન હોય, કેશુબાપા હોય કે વિજયભાઇ હોય આ લોકોએ ભેગા થઇને નર્મદાની પરિક્મ્મા ગુજરાતને કરાવી. તમે ચલાલા, ચરાડા, જામનગર, ભાવનગર જયાં ચકલી ખોલો ત્યાં નર્મદાનું પાણી મળે, સિંચાઇનું પાણી મળે. આ સરકારે કર્યું. તમે આમાંનું કાંઇ કર્યું નથી. કંઇ ના કર્યું એ સારું કર્યું, તો અમારો મેળ અહીંયા પડયો, નહીંતર અમારો મેળ ન પડેત. આવું ને આવું તમે કરતા રહેજો. આખા દેશની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર બનશે. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય જય ગરવી ગુજરાત.

શ્રી <#M/માનસિંહ કો. ચૌહાણ/M#>(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર, નાની સિંચાઇ, પશુપાલન અને ડેરી, મત્સ્યોદ્યોગ, ઉર્જા, પેટ્રોકેમિકલ, વીજળી શકિત પરિયોજનાઓ, નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. અહીંયા ઘણું કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસે કંઇ કર્યું નહીં. નર્મદા યોજનાની વાત કરું તો નર્મદા યોજનાનો પાયો, ખાતમૂહુર્ત જવાહરલાલ નહેરૂએ કર્યું હતું. એક સારો વિચાર, આ ગુજરાતના વિકાસ માટે. યોજના મોડી થઇ એના ઘણાબધા કારણો છે. કોંગ્રેસે કંઇ ના

કર્યું પણ તમે ૨૨ વર્ષમાં તો કરો? ૨૨ વર્ષથી ભા.જ.પ. સરકાર છે, માનનીય મુખ્યમંત્રીશ્રી બજેટ પ્રવચનમાં કહેતા હતા કે ગુજરાતમાં ૫૮ ટકા જમીનમાં સિંચાઇનું પાણી જતું નથી, ફકત ૪૨ ટકા જમીનમાં સિંચાઇનું પાણી જાય છે. આ રીતે હું મારા મત વિસ્તારની વાત કરીશ. મારા મત વિસ્તારની અંદર મહી કેનાલ એકબાજુ, એકબાજુ નર્મદા કેનાલ અને સામેની બાજુ બોર્ડર ઉપર અરવલ્લી, સાબરકાંઠા બોર્ડર ઉપર, અહીંયા સુજલામ સુફલામ યોજના, નર્મદા આધારિત ખેડા જિલ્લાના ઠાસરા તાલુકા પાસે મહીડપ પાસે મોટો સંપ બનાવી અને પાણી અન્ડરગ્રાઉન્ડ પાઇપલાઇન દ્વારા અરવલ્લી જિલ્લાના મેશ્વો, માજુમ અને વાત્રક જળાશયોમાં નાખવામાં આવે છે. એ પણ આપણા ગુજરાતના ખેડૂતો છે વાંધો નહીં પણ રસ્તામાં જે ગામો આવે છે મારા મત વિસ્તારના જ્યાં સિંચાઇની કોઇ સુવિધા નથી. એક એક હજાર વીઘાના મોટા તળાવો છે. પણ અહીં અંડરગ્રાઉન્ડ પાઇપલાઇનમાંથી ૨ કિ.મી. બંને બાજુ પાણી આપવામાં આવે છે, એની જગ્યાએ ૪ કિ.મી. પાણી આપવામાં આવે અને સરકાર થોડી મદદ કરે, કારણ કે અહીયા બીજા રાજ્યો પાસે મધ્યપ્રદેશ હોય, રાજસ્થાન હોય, મહારાષ્ટ્ર હોય એની પાસે પૈસા માગીએ છીએ. મારા મત વિસ્તારમાં ફકત ૩૫ થી ૪૦ કરોડ રૂપિયા વાપરવામાં આવે તો આખો બાલાસિનોર, વીરપુર, કઠલાલ, કપડવંજ વિસ્તારના ખેડૂતોને સિંચાઇનો લાભ મળે. માટે આ સરકારે કરવું જોઇએ. છેલ્લાં કેટલાંક વર્ષોથી હું આ ગૃહમાં માત્ર સિંચાઇ અને પાણી પુરવઠાની માગણી ઉપર જ ભાગ લઇ રહ્યો છું. મારો વિસ્તાર કોરોકટ છે, સૂકોભઠ્ઠ છે, ત્યારે સરકારની ઇચ્છા શક્તિ થવી જોઇએ, પણ થતી નથી. અહીયા આ રીતે અન્ડરગ્રાઉન્ડ પાઇપલાઇન દ્વારા મેશ્વો, માઝૂમ, વાત્રક ડેમ ભરાય છે ત્યારે આજુબાજુના રસ્તામાં આવતા તળાવો ભરવા જોઇએ. બીજી બાજુ કપડવંજ તાલુકો એની અંદર બોર્ડર ઉપર સુજલામ સુફલામ કેનાલ જાય છે. સામાન્ય રીતે તે સીમાંત ખેડૂતોના ખેતરોમાંથી આ કેનાલ કાઢી છે. કોઇ મોટા ખેડૂતોની જમીન બગડી નથી. આજે એ ખેડૂતોને લાભ મળતો નથી. ફકત દોઢ–બે કિલોમીટરનું અંતર છે. અહીંયા લોક ડેમ છે. બે દિવસ પહેલાં મુલાકાત લીધી હતી. એ ૪–૫ ગામની અંદર સિંચાઇના પાણીથી તળાવ ભરવામાં આવે છે. આ રીતે આખા વિસ્તારોમાં સિંચાઇનું પાણી આપવામાં આવે તો ચોક્કસ બાલાસિનોર, વીરપુર, કપડવંજ, કઠલાલના ખેડૂતો વર્ષોથી રાહ જોઇ રહ્યો છે એમને સિંચાઇનો લાભ મળે. મારા મત વિસ્તારમાં નમનાર, ખેરોલી વનોડા જૂથ પાણી પુરવઠા યોજના છે. નવી ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજનાના હેડવર્કનું કામ ચાલી રહ્યું છે. જેનું કામ ચાલતા હજુ ૮–૧૦ મહિના, વર્ષ લાગશે. પીવાના પાણીની મારા વિસ્તારમાં ગંભીર સમસ્યા છે. હેન્ડપંપો થયા, પણ કેટલોક સૂકો વિસ્તાર છે, પથરાળ, ટેકરીવાળો વિસ્તાર છે. લોકો અમારી સમક્ષ આવે છે અને કહે છે કે હેન્ડપંપો નથી, બોર નથી, પાણી નથી. જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા સતત માગણી મૂકી, પણ એક પણ હેન્ડપંપ, બોર મંજૂર ન કર્યો, પણ એની જગ્યાએ બીજા કામ છેવટે મૂકવા પડ્યાં. આવી સ્થિતિ અમારા જિલ્લામાં વહીવટી તંત્રની છે. કેમ આવું કરતા હશે? કોને ખબર. અહીયા બધું કહેવામાં આવે. ઉત્તરપ્રદેશમાં આ થયું, પણ કોઇ ગમે તેમ કરે, પણ અહીંયા મહીસાગર જિલ્લામાં કોઇ ફેર પડવાનો નથી. વહીવટી તંત્ર અમારા ઉપર જે કરવું હોય તે કરે. અમારા વિસ્તારના લોકો બધું જાણે છે. આ પરિસ્થિતિ ઊભી હોય, આ પરિસ્થિતિ કરી હોય. ગયા વખતે ખૂબ રજૂઆત કરી ત્યારે પાણી પુરવઠા વિભાગે હેન્ડપંપ, બોર કર્યા. એ પણ એક જ જગ્યાએ કર્યા કે જયાં આગળ એમના માણસો હતા, એમના કાર્યકરો હતા,ત્યાં આગળ કર્યા અને ત્યાં ઘણી બધી ખાયકી થઇ. હું આ ફ્લોર ઉપરથી કહું છું કે એની તપાસ થવી જોઇએ. આ હેન્ડપંપના પાણી સૂકાઇ ગયા છે. અહીં સંકલનમાં મેં પ્રશ્ન મૂક્યો હતો. તમારા ગામમાં સૌથી વધારે બોર થયા હોય તો કેમ સૂકાઇ ગયા. આ રીતે પાણી પુરવઠા એમ.એલ.એ.ની કોઇ ગ્રાન્ટ રોકી શકે નહીં. અમે ખોટી રજૂઆત કરતા નથી. જીવનમાં શીખ્યા પણ નથી. એવા સમયે અમારી ગ્રાન્ટ કેમ રોકવામાં આવી? હમણા ૫ ટકાનું આયોજન થયું. એમાં પણ એક પણ હેન્ડ પંપ, બોર લેવામાં આવેલ નથી. અત્યારે મહીસાગર જિલ્લામાં પાણી પરુવઠા યોજનાની ટાંકીઓ ખાલીખમ છે. કોઇ ટાંકી ઉપર પાણી ચડયું નથી. કરોડો રૂપિયા નુકસાનમાં ગયા. પાણી પુરવઠા યોજનાનું પાણી અઠવાડિયે, ૧૫ દિવસે એક વખત જાય છે. બગડે તો મહિનાઓ સુધી જતું નથી. એમાં ગયા સત્રમાં કહ્યું હતું કે પાઇપલાઇનની આ ૨૦ વર્ષ જૂની યોજનાઓ છે માટે આવી પાઇપલાઇન બદલવામાં આવે, પણ એક પણ પાઇપલાઇન બદલી નથી. રાજયમાં જે રોજમદારો પાણી આપે છે, તેમને બીજા જિલ્લાઓમાં કાયમી કરાયા છે. આ લોકોને ૧૫ વર્ષ સુધી ૧૩૫૦ રૂપિયા મળતા હતા. આજે કોર્ટમાં ગયા ત્યારે ૬૦૦૦ રૂપિયા મળે છે. કાયમી કરવા માટેની એમની માગણી છે. ખરેખર લઘુત્તમ વેતન પ્રમાણે, સરકારના ધારા ધોરણ પ્રમાણે પગાર મળતો નથી. અને તે લોકોને કાયમી કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થયું.

શ્રી <#M/બાવકુભાઇ ના. ઉંધાડ/M#>(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં હમણાં મારા મિત્ર ધારાસભ્યશ્રીએ રજુઆત કરી અને ખેડૂતોની, ગામડાંઓની અને સિંચાઇની ચિંતા કરી. મારી પાસે એક પત્રક છે જે હું લાઇબ્રેરીમાંથી લઇ આવ્યો છું. કૃષિ વિભાગનું ૬૪૦૦ કરોડ રૂપિયાનું બજેટ, ગ્રામીણ અને પંચાયત વિભાગનું ૬૭૦૦ કરોડ રૂપિયાનું બજેટ, સિંચાઇ અને નર્મદાનું ૧૦૮૪૫ કરોડ રૂપિયાનું બજેટ છે. આ બધા મિત્રો એમ કહે છે કે તમે ખેડૂતોની ચિંતા નથી કરતા, ખેડૂતોને અન્યાય કરો છો ત્યારે મારે એમને પૂછવું છે કે, ૧૯૮૫–૮૬માં કૃષિ વિભાગનું બજેટ ૮૧ કરોડ અને ૪૫ લાખ હતું. કેટલું તો ૮૧ કરોડ અને ૪૫ લાખ. ત્યાર પછી ૧૯૮૬–૮૭માં કૃષિ વિભાગનું બજેટ ૬૨ કરોડ હતું. ત્યાર પછી ૧૯૯૪–૯૫માં વધી વધીને ૧૩૩ કરોડ રૂપિયા સુધી પહોંચ્યા. અત્યારે ૬૪૦૦ કરોડ રૂપિયાનું બજેટ આ રાજયમાં ખેડૂતો માટે આ સરકારે ફાળવ્યું છે. ૧૯૮૫–૮૬માં સિંચાઇ વિભાગનું બજેટ ૧૭૦

કરોડ રૂપિયા હતું. ત્યાર પછી ૧૯૯૪–૯૫માં ૫૯૬ કરોડ સુધી આ બજેટ પહોંચ્યું. અત્યારે ૧૦૮૮૫ કરોડ રૂપિયા સિંચાઇ માટે બજેટ ફાળવ્યું છે. ૧૯૮૬–૮૭માં ગ્રામીણ વિકાસ માટે ફકત ૨૪ કરોડ રૂપિયાનું બજેટ હતું તે ૧૯૯૪–૯૫માં ૮૧ કરોડ સુધી પહોંચાડયું. આજે ૬૭૦૦ કરોડ આ રાજયના ગ્રામીણ વિકાસ માટે બજેટ ફાળવવામાં આવ્યું છે. ગોવાભાઇ સાંભળો. અત્યારે આપણે બધા યુ.પી.માં ૨૦ કરોડની વસતિ છે, ૧૪ કરોડ મતદારો છે અને ૧૨૦ વર્ષ જૂની પાર્ટી અત્યારે સેવન સીટર ગાડીમાં સમાય એટલા તમારા ધારાસભ્યો ચૂંટાયા છે. સંસદસભ્યો ૨૦૧૪માં મીનીબસમાં સમાય એટલા ચૂંટાયા. હવે અત્યારે આખા યુ.પી.માં ૨૦ કરોડની વસ્તીમાં સેવન સીટર ગાડીમાં સમાય એટલા ધારાસભ્યો ચૂંટાયા છે. આ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોની ચિંતા કરે છે. તેનો એક જ નમુનો આપને આપું છું. ૧૬ જુલાઇએ ૧૨૭૧ રૂપિયા ડી.એ.પી. ખાતર નો ભાવ હતો આ કેન્દ્ર સરકારે તેમાં ઘટાડો કરીને ૧૧૫૪ રૂપિયા કર્યા. ત્યારપછી ૧૬ ડિસેમ્બરે ઘટાડો કરી ૧૦૮૫ રૂપિયા ડી.એ.પી.નો ભાવ નકકી કર્યો. ૧૮૬ રૂપિયાનો ડી.એ.પી. ખાતરમાં ઘટાડો કર્યો. અત્યાર સુધી આખા દેશમાં અને ગુજરાતમાં ભાવ ઘટાડાની યોજના નરેન્દ્રભાઇએ કરી છે. જે પોટાશ ખાતર છે તેના ૮૪૦ રૂપિયા હતા તેના ૫૭૭ રૂપિયા કર્યા. એના ૫૭૭ રૂપિયા કર્યા એટલે ૨૬૩ રૂપિયાનો ઘટાડો કર્યો છે. ખેતી પ્રધાન દેશની વાતો અગાઉ થતી હતી પણ આ દેશમાં બહુ ઓછી વખત બન્યું હોય એવું પ્રથમ વખત આ દેશમાં બન્યું છે અને આ સરકારે ખેડૂતોની ચિંતા કરી છે. આ વખતે રાજય સરકારે ઓર્ગેનીક યુનિવર્સિટીની જાહેરાત કરી છે અને ધરમપુર, કપરાડા, વાંસદા, ડાંગ જે વિસ્તારમાં કુદરતને ખોળે રહેવા વાળા ખેડૂતો વસે છે જે ખેડૂતો પર્વતો અને ખીણમાં ખેતી કરે છે અને કુદરતની નજીક રહે છે એવા ખેડૂતો છે, આજે સમગ્ર વિશ્વની અંદર પેસ્ટિસાઇડ, વિડિસાઇડ, ફંગીસાઇડ ફર્ટિલાઇઝરનો વપરાશ ઘટી રહ્યો છે, આજે ઇઝરાયલે ૭૫ ટકા ઝેરી ખેતી પેસ્ટીસાઇડ, વિડિસાઇડ, ફંગીસાઇડ ફર્ટીલાઇઝરનો ઘટાડો કર્યો છે. આજે પંજાબથી એક ટ્રેન આવે છે રાજસ્થાનમાં દરરોજ આ ટ્રેનનું નામ છે કેન્સર ટ્રેન એમાં આખી ટ્રેનમાં કેન્સરના દર્દીઓ હોય છે આવી પરિસ્થિતિ થઇ છે ત્યારે આ રાજય સરકારે ઓર્ગેનીક એટલે કે કુદરતી આધારિત ખેતી માટે ૮૨ કરોડ રૂપિયા ફાળવેલ છે અને લોકોને કોઇ મુશ્કેલી ન પડે અને કુદરતી ખેતી થાય એ માટે એક યુનિવર્સિટી ચાલુ કરી છે. દેશની ગૌવંશ એટલે કે ૬૦ જાતિઓની ગાયો હતી એમાંથી ૩૦ જાતિઓની ગાયો તો નામશેષ થઇ ગઇ છે ત્યારે ગાય આધારિત ખેતી, કુદરતી ખેતી, છાણ આધારિત ખેતી, જે છાણ છે એ લક્ષ્મીને જતી અટકાવે છે એવી છાણ આધારિત ખેતી આ સરકારે શરૂ કરાવી છે. સમગ્ર વિશ્વમાં આજે ૬ હજાર પ્રકારના અળસિયા થાય છે ત્યારે આ રાજયમાં કુદરતી ખેતી થાય અને ફર્ટીલાઇઝર ખાતરો જે વપરાય છે એ ખાતરોનો વપરાશ ઘટે અને કુદરતી આધારિત ખાતરનો વપરાશ વધે, અમુક કંપની ક્રોમ નામનું ફર્ટીલાઇઝર ખાતર બનાવે છે એનો વપરાશ થાય તેને માટેની પણ આ રાજય સરકારે ચિંતા કરી છે. અહીંયા હમણા જ વાત થઇ ખેડૂતને અપાતા ધિરાણ પરના વ્યાજની ત્યારે મારે કહેવું છે કે, આ રાજય સરકારે અને કેન્દ્ર સરકારે કૃષિ આધારિત ધિરાણનું ૪ ટકા વ્યાજ કર્યું છે અને એમાં ૩ ટકા વ્યાજ તો રાજય સરકાર આપે છે એટલે ૧ લાખે ફકત ૧૦૦૦ રૂપિયાનું જ વ્યાજ આપવાનું થાય છે.

શ્રી <#M/અરૂણસિંહ અ. રણા/M#>(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને કૃષિ મંત્રી માનનીય ચીમનભાઇ સાપરિયા જે બજેટની માગણી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજયની ભારતીય જનતા પક્ષની સરકારના મુખ્ય મંત્રી માનનીય વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલની દીર્ઘદ્રષ્ટિથી પ્રથમવાર ખેડૂત માટે કૃષિ અને ઉર્જા વિભાગ જે અલગ હતા એ બંનેને ભેગા કરી અને માનનીય મંત્રીશ્રી ચીમનભાઇ સાપરિયાને કૃષિ અને ઉર્જા ક્ષેત્રે સુધારાના નિર્ણય કરવાની તકો મળી છે એને લીધે ઉર્જાના મહત્વના ૭ નિર્ણયો લેવામાં આવેલા છે. મગફળી ખરીદી માટે ગુજરાત સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ખેડૂતોને મહત્તમ ભાવ મળે તે માટે મહત્વના નિર્ણયો કરેલા છે. સરકારે ૮૯૦ કરોડ રૂપિયાની મગફળીની ખરીદી કરેલી છે એ ગુજરાત સરકાર ખેડૂતોની ચિંતા કરે છે એનું ઉદાહરણ છે. તુવેરની ખરીદીમાં પણ એજ પરિસ્થિતિ છે ત્યારે આનંદ સાથે મારે વાત કરવી છે કે આજ દિન સુધીમાં આ સરકારે ૩૦૦ કરોડ રૂપિયાની તુવેરની ખરીદી કરી છે અને આજે પણ તુવેરની ખરીદી કરવાનું કામ ચાલુ જ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવા ખેડૂત લક્ષી નિર્ણયો લઇ રહી છે અને દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિથી સમગ્ર ગુજરાત અને સમગ્ર દેશ આજે જોઇ રહેલો છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક રાજયો ધીરે ધીરે કવર કરીને આજે ભારતની ભારતીય જનતા પાર્ટી ખૂબ આગળ વધી રહેલી છે ત્યારે મને આનંદ એ વાતનો છે કે, મારા મત વિસ્તારમાં વાગરા, ભરૂચમાં તુવેર ખરીદવાનું ચાલુ છે. સમગ્ર જિલ્લાની અંદર એ.પી.એમ.સી.નો હું ચેરમેન છું અને મને કહેતા આનંદ થાય છે કે ખેડૂતો આજે રાજી રાજી છે અને એનું કારણ એ છે કે આ સરકાર ખેડૂતોને માટે કામ કરે છે. ખેડૂતો માટે હમણાં મારા વિપક્ષના સભ્યશ્રીએ કહ્યું કે ખેડૂતો દુઃખી દુઃખી છે, પણ મારે કહેવું છે કે ખેડૂત દુઃખી નથી પણ આ સરકાર ખેડૂતોની હંમેશને માટે ચિંતા કરે છે અને નિર્ણયો લેતા રહે છે અને એના જ કારણે સમગ્ર ગુજરાતની અંદર ૨૦ વર્ષથી તમે સામે બેઠાં છો. બોલવા કરતાં અમે તો અમલ કરીએ છીએ એટલે લોકો અમને વોટ આપે છે, ભારતીય જનતા પાર્ટીને મદદ કરે છે. ગુજરાત સરકારની યોજનાઓ પૈકી ઉજાલા ગુજરાતની યોજના અંતર્ગત ૩ કરોડ એલ.ઇ.ડી. બલ્બના વેચાણ થકી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. મિત્રો અમે વાર્તા નથી કરતાં અમે તો કામ કરવાવાળા લોકો છીએ. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારની આ સિદ્ધિ છે. રોકડેથી એલ.ઇ.ડી. બલ્બ ખરીદીનો ભાવ ૬૫ રૂપિયા છે અને હપ્તેથી ખરીદીનો ભાવ ૭૦ રૂપિયા છે. વીજગ્રાહકોને ૨૦ વોલ્ટની એલ.ઇ.ડી. ટ્યૂબલાઇટ તેમજ ફાઇવ સ્ટાર રેટની ૫૦ વોલ્ટની વીજળી કાર્યક્ષમતા ધરાવતા પંખાનું વેચાણ કરવામાં આવે છે. ૨૦ વોલ્ટની એલ.ઇ.ડી. ટ્યૂબલાઇટ રોકડેથી ૨૧૦ અને હપ્તેથી ૨૩૦ રૂપિયામાં મળે છે, જેમાં ૩

વર્ષની વોરંટી હોય છે. પંખા રોકડેથી ૧૧૧૦માં અને હપ્તેથી ૧૨૬૦ રૂપિયે મળે છે. જેમાં અઢી વર્ષની વોરંટી મળે છે. ઉજાલા યોજના હેઠળ તા. ૧૧–૨–૧૭થી વિતરણ થયેલું અને બલ્બ, ટ્યૂબલાઇટ અને પંખાની માહિતી હું આપવા માગું છું. એલ.ઇ.ડી. બલ્બની યોજના ચાલુ થઇ તારીખ ૨૬–૫–૨૦૧૬ના રોજથી અને તા.૧૧–૨–૧૭ સુધી ૩ કરોડ ૬ લાખ નંગનું વિતરણ થયેલું છે. આને કહેવાય છે વિકાસ. એલ.ઇ.ડી. ટ્યૂબલાઇટ યોજનાની શરૂઆત તારીખ ૨૬–૧–૨૦૧૭થી કરવામાં આવી અને તા.૧૧–૨–૧૭ સુધી ૩ લાખ ૨૨ હજારનું વિતરણ થયેલું છે. તેવી જ રીતે પંખા માટેની યોજનાની શરૂઆત થઇ તા.૨૬–૧–૧૭થી અને તા. ૧૧–૨–૧૭ સુધી ૧.૫૦ લાખ નંગનું વિતરણ કરવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે, હમણાં વાત કરતા હતા ખેડૂતો અને ખેતીની અને કહેતા હતા કે ખેડૂત દુઃખી છે પણ ખેડૂત દુઃખી નથી પણ તમે લોકો દુઃખી છો એની તમે ચિંતા કરો. સોલાર રૂફ ટોપ યોજના, એના અનેક ફાયદાઓ છે એમાં જમીનની જરૂરિયાત નથી હોતી. વીજ ઉત્પાદન અને વીજ વપરાશ એકજ સ્થળે હોવાથી ટ્રાન્સમીશન લોસ નિવારી શકાય છે, બહોળા પ્રમાણમાં ખાનગી રહેણાંકના મકાનની અગાસી ઉપર સોલાર રૂફ ટોપ નાંખી શકાય છે. અરજદાર આ રીતે વીજ ઉત્પાદન કરીને વધારાનું પાવરનું વેચાણ કરી શકે છે અને આનાથી તેઓને નાણાકિય લાભ પણ મળી શકે છે. હવે હું એક જ વાત કરીશ કે ઉજાલા યોજના, સોલાર રૂફ ટોપ યોજના, એક જ સરવે નંબરમાં બીજું ખેતીવિષયક વીજ જોડાણ, નદીમાંથી, ખાડીમાંથી ઉદવહન કરવાની શરતોમાં ફેરફાર, મારા મિત્રો કહે છે કે જુની વાતો કરે છે અમારા કૃષિમંત્રી ચીમનભાઇ સાપરિયાએ સાત નિર્ણયો લીધા છે. કૃષિક્ષેત્રે સૌર ઉર્જાથી ચાલતી સિંચાઇ પંપની યોજના, હયાત કૃષિ વિષયક વીજ જોડાણમાં પહેલાં એક મોટર મળતી હતી આજે બે મોટર મળે છે, આ બંધારણીય સુધારો કરેલ છે.

શ્રી <#M/અમિતભાઇ હ. ચૌધરી/M#>(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, પશુપાલન, ઉર્જા તથા અન્ય વિભાગો ઉપર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

**खेल और राजनीति दोनों मुफलीस जैसी बाते हैं,**

**एक में तुम माहिर हो, एक में हम माहिर है ,**

**ना जितना जरुरी है, ना हारना जरुरी है**

**जीवन एक खेल है, खेलना जरुरी है ।।**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં જગતના તાત ખેડૂતોની અહીંયા ખૂબ વાતો કરવામાં આવી. આ પક્ષ તરફથી ખેડૂત ખૂબ ખુશાલ છે, ખૂબ સદ્ધર થયો. વીસ વર્ષમાં જ આ ખેડૂતની પરિસ્થિતિમાં, સમૃદ્ધિમાં આટલો વધારો થયો, ખેતીમાં ઉત્પાદનમાં વધારો થયો ? પણ ઘણાં સમયથી અમે જોઇએ છીએ કે ખેડૂતો પાણી માગવા જાય તો એમને દંડા આપે છે, વીજળી માગવા જાય તો હાથકડીઓ પહેરાવે છે, ભાવો માગવા જાય તો જેલ ભેગાં કરે છે. આ દુશ્મનાવટભર્યુ વાતાવરણ ખેડૂતો સામે તેમના પ્રત્યે આવો વ્યવહાર ગુજરાતમાં કેમ ? છેલ્લાં ઘણાં વર્ષોથી અહીંયા જૂની વાતો કરવામાં આવે. કહેવામાં આવે કે ખડૂતોને તમારી સરકારે ગોળીએ દીધા હતા. મારે આજે કહેવું છે કે, એ જે આંદોલન થયુ તેમાં મારા વિસ્તારના, મારા સમાજના ઘણાં ખેડૂતો તમે એમને ઉશ્કેર્યા હતા એ આંદોલનમાં જોડાયા હતા, હોર્સ પાવરના બિલ પાછાં લાવવા માટે અને મીટરો કાઢી નાંખવા માટેનું આંદોલન હતું જે ખેડૂતો જે આંદોલનમાં જોડાયા હતા તેઓ અત્યારે સૌથી વધુ દુઃખી ખેડૂતો છે અને તેઓ આ આંદોલન કરીને આજે પસ્તાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મીટર એના એ આપ્યાં, હોર્સ પાવરના ભાવ કરો અને ૪૦૦ રૂપિયા લઇ જાવ તો તમારું આંદોલન સાચું ગણાશે. (અંતરાય) બહુ લાગણીશીલ મુદ્દો છે અને તમે પણ જાણો છો અને એ લાગણીઓને છંછેડીને આપ ત્યાં બેઠાં છો એટલા માટે તમને યાદ કરાવવું પડે છે. આપ તો ખેડૂત પોતે છો એટલે ખેડૂતની લાગણી આપ સમજી શકો તેમ છો. ખેતીની વાત કરીએ તો મારે એ યાદ દેવડાવવું છે કે હિન્દુસ્તાનની અંદર હરિત ક્રાંતિ કરનાર કઇ સરકાર હતી ? શ્વેત ક્રાંતિ કરનાર કઇ સરકાર હતી ? એ કોંગ્રેસની સરકારો હતી જેણે ખેડૂતોનું અને પશુપાલકોનું વિચાર્યુ. ત્યારના સમયનો એ સમયગાળો જયારે આપણે ત્યાં ટાંકણી પણ નહોતી બનતી. ઘઉં પણ નહોતાં થતાં અને બહારથી આપણે અનાજ મંગાવતા હતા. ત્યારે આપણો ખેડૂત આટલો સદ્ધર થયો તેમાં ફકત અને ફકત જૂની સરકારોની નીતિઓને કારણે થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં સોલૈયા કરીને ગામ છે. ૩૦–૩૨ વર્ષ પહેલાં ત્યાં અમારે ખેડૂતે દ્રાક્ષની ખેતી કરી હતી, ત્યાં રેશમના કીડાની ખેતી પણ કરી હતી. એ વખતની સરકારો ત્યારે સબસિડી આપીને નવા નવા ઉત્પાદનો વધુ પ્રમાણમાં થાય તેના સંપૂર્ણપણે પ્રયત્ન કરતી હતી. પ્રજાના પ્રતિનિધિ તરીકે અત્યારે કૃષિ મંત્રીને એક વિનંતી છે કે, હમણાં જ બટાકાનો ભાવ છે તે ૬૦–૭૦ કે ૭૫ રૂપિયા. આ ભાવ કયાંય પણ પોષાય તેમ નથી એટલે આપ અંદર ઇન્ટરવીન થાવ અને ખેડૂતોને ઓછામાં ઓછાં સવાસો રૂપિયા એક મણના મળી રહે તેવી વ્યવસ્થા પણ આપ સાથે સાથે ગોઠવો. હજારો મણ ખેડૂતોએ બટાકાનું ઉત્પાદન કર્યુ છે અને ખેડૂત આજે મીટ માંડીને સરકાર તરફ બેઠો છે તો અમારી નમ્ર અપીલ અને અરજ છે કે આ ખેડૂતોને સવાસો રૂપિયા મણનો ભાવ આપો. હમણાં વાત કરી તુવેરના ટેકાના ભાવની. આજે જ ખેડૂતો આવ્યા કે તુવેર લેવાની બંધ કરી દીધી અને એપીએમસીની અંદર ટ્રેકટરો હજુ પણ લાઇનમાં ઉભાં છે તો એમને એડવાન્સ નોટિસ આપવી જોઇએ કે જાહેરાત આપવી જોઇએ. હોળીના માહોલમાંથી આવ્યા અને પાછી તેમના પાકની હોળી કરવાનો વારો આવી ગયો.

આ સન્માનનીય રૂપાણીજીની સરકાર છે ત્યારે સી.એમ.સાહેબને નમ્ર અપીલ છે કે રૂ માટે પૂર્વ મુખ્યમંત્રી જે ભાવ બોલીને ગયા હતા તે ભાવ ૧૫૦૦/–રૂપિયા આપે અને જે વીજળી રાત્રે ખેડૂતોને મળે છે તે જરા સવારની કરી દો અને ૧૪ કલાક વીજળી આપો એવી સાથે સાથે અપીલ કરું છું.

અહીંથી એક જાહેરાત થઇ હતી કે, ખેડૂતનું અકસ્માતમાં મૃત્યુ થાય તો જે લાભ મળે છે એ એક લાખને બદલે ચાર લાખ કરવાની જાહેરાત માનનીય શ્રી આનંદી બહેને કરી હતી પરંતુ હજુ સુધી એ સહાય હજુ સુધી એક લાખ જ આપવામાં આવે છે તો એ જાહેરાત કર્યા મુજબ ચાર લાખ કરવાની વિનંતી છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં પશુપાલન ખૂબ મોટા પાયે ચાલે છે. તેથી ખાસ કરીને પશુપાલકોની આપવીતી આપને જણાવવા માગું છું. અમારી દીકરીઓ, માતાઓ અને બહેનોએ સવારે ચાર વાગે ઉઠવું પડે છે અને ઉઠીને સૌથી પહેલું કામ ગાય–ભેંસના છાણ–મૂત્રમાં હાથ નાખવાનું કરવું પડે છે. કોઇ માં એનો દીકરો કે કોઇ બહેન એનો ભાઇ પરણાવવા જાય તો અમારી બહેન, દીકરીઓ માટે અલગથી ગાડી લેવી પડે છે અને કન્યા વિદાય ન થાય એ પહેલાં એમને ખેતરમાં ગાય–ભેંસ માટે આવતા રહેવું પડે છે. ગાયોને દોહી–દોહીને અમારી બહેનો અને માતાઓના ઢિંચણિયા ઘસાઇ ગયા છે. મેં એક માગણી કરી છે કે, પ્રતિ લિટર એક થી પાંચ રૂપિયા પ્રોત્સાહન સ્વરૂપે આપીએ તો પશુ પાલનમાં વધારો થશે નહીં તો આપણે પણ પાવડરનું દૂધ પીવાનો વારો આવશે. પરીએજ જુણાતની એક પાઇપલાઇનની જાહેરાત ગયા બજેટમાં ૪૦૦ કરોડ ઉપર અને આ બજેટમાં ૨૦૦ કરોડ ઉપર કરી હતી. આનંદી બહેનને પણ સમય ન હતો અને રૂપાણી સાહેબને પણ સમય નથી. રીબીન કાપી લો એટલે એ લાઇન ચાલુ કરો. તો અમારે ત્યાં ૩૦–૪૦ ગામને એનો ફાયદો મળે એમ છે. લાક્રોડા ડેમની પણ ઉંચાઇ ૩ મીટર વધારવા માટે મેં ઘણીવાર રજૂઆત કરી છે તો એ પણ વહેલામાં વહેલી તકે થાય એવું અમે ઇચ્છીએ છીએ. હમણાં દૂધસાગર ડેરીમાં કસ્ટોડીયન મૂક્યા. ૩૪ કરોડ રૂપિયાનું નુકસાન ડેરીને થયું. પશુપાલકોનું નુકસાન થયું. એટલે આવડત વગરના કસ્ટોડિયન મૂકીને ઉત્પાદક સંઘને નુકસાન ન કરીએ અને સરકાર એમાં વધારે રસ લઇને એને ઉપર લઇ જવાનો પ્રયત્ન કરીએ.

શ્રી <#M/પરબતભાઇ સ. પટેલ/M#>(થરાદ) : આદરણીય અધ્યક્ષશ્રી, આજે માનનીય સભ્યશ્રી કૃષિ અને સહાકાર વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગની જે માંગણીઓ લઇને આવ્યા છે એ તમામ માગણીઓને સમર્થન આપું છું અને આ માગણીઓ ઉપર હકીકત લક્ષી વાત રજૂ કરવા માગું છું. હમણાં અહીં જે વાત થતી હતી તે ખેડૂતોની વાત થતી હતી, ગુજરાતના પ્રજાજનો માટેની વાત થતી હતી અને ક્યાંક એવી પણ વાત થતી હતી કે, બલવંત સિંહ એવું પણ કહેતા હતા કે, એક પણ ઘરમાં આદિવાસી વિસ્તારમાં વીજળી પહોંચી નથી. હું એમ કહું છું કે, આદિજાતિ વિસ્તારમાં ચાલુ વર્ષમાં જે અમારું લક્ષ્યાંક હતું ૨૦,૦૪૦ એની અંદર ૧૪,૧૯૭ પૂરો કર્યો છે. જે ૫૫૦૦ ઘરનું વીજળી લક્ષ્યાંક હતું એની સામે ૬૪૮૨નું લક્ષ્યાંક પ્રાપ્ત કરીને ભૌતિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સાથે સાથે ઝૂંપડા વીજળીકરણની યોજના જે ૨૦૧૬–૧૭ નો Target ૪૫,૦૦૦નો હતો એની સામે ૪૦,૩૨૨ તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી પૂરો કર્યો છે અને કુટિર યોજના જે રાજ્યની સ્વતંત્ર યોજના છે એમાં ૧૦,૬૦૦ની સામે ૬,૫૪૫નો લક્ષ્યાંક પૂરો કર્યો છે. ખેડૂતોની વાતમાં જે બાવકુભાઇએ આંકડા આપ્યા કે જૂના બજેટ જો લાઇબ્રેરીમાં જઇને વાંચીએ તો સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે અને એટલા માટે જે કાંઇ મોંઘવારી વધી હોય પણ જે ૧ લાખ કૂવાઓનું વીજળીકરણનો આ સરકાર Target આપતી હોય ત્યારે આપણે જે તે વખતે પા પા પગલી ચાલુ કરી હતી અને એટલા માટે ૨૦,૦૦૦ કૂવાઓ જે તે વખતે વર્ષમાં આપતા હતા. મારા મિત્રો એટલું તો સ્વીકારો કે આપણે ૨૦૧૨ની ચૂંટણી પહેલાં જે કાંઇ કરતા હતા એ જ કરો છો અને ત્યાં જ બેસો છો. આ એની સાબિતી છે. આનું આ જ પાંચ વર્ષથી કરો છો અને આપ ત્યાંને ત્યાં બેસો છો, મારા મિત્રો, આ જ એની સાબિતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા મિત્રોને વાત કરવી છે કે, આ સરકારે આવીને વીજળીના ક્ષેત્રે જે પ્રગતિ કરી છે એની મારે વાત કરવી છે. આજે ગુજરાત વીજળીના ક્ષેત્રમાં, એના ઉત્પાદનમાં સરપ્લસ રાજ્ય છે. સરપ્લસ રાજ્ય છે કે જે રાજ્યની ઉત્પાદન ક્ષમતા ૨૫૨૫૬ મે.વો. છે. જયારે ૧૯૯૪–૯૫માં ૮૦૦૦ મેગાવોટની જે જરૂરિયાત હતી એની સામે ૬૧૬૫ મેગાવોટ આપણી ઉત્પાદન ક્ષમતા હતી. રાજ્યની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૫,૫૪,૧૬૫ વીજ કનેક્શન આપ્યાં છે. દર વર્ષે એક લાખ વાળી વાત છે. ૨૦૧૩ પહેલાં છેલ્લા ત્રણ વર્ષમાં જે બેકલોક હતો એના માટે ચાલુ સાલે ૨૦૧૭–૧૮ના વર્ષમાં એક લાખ અને પચીસ હજાર કૃષિ વીજ જોડાણ આપવાની વાત કરી છે. આનાથી પણ આગળ વધીને કહું તો, ચાલુ સાલે મારી પાલનપુર વર્તળ કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી જેમણે રજીસ્ટ્રેશન કરાવ્યું છે એનો સર્વે પણ મારા મિત્ર, ગોવાભાઇ ચાલુ થઇ ગયો છે. ભૂતકાળમાં ૧૦–૧૦ વર્ષનો બેકલોગ હતો. ૧૯૯૦નાં વીજ કનેકશનો મળતાં નહતાં અને ચાલુ વર્ષ માટેનો પણ સર્વે ચાલુ થઇ ગયો છે. આ સરકારે કામ કર્યું છે એટલા માટે માનનીય ઉર્જા મંત્રીશ્રીને ધન્યવાદ અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની સરકારે મીટર અને હોર્સપાવરની વાત કરીએ તો જે હોર્સ પાવરના ભાવ ૨૦૦૩થી વીજ નિયમન પંચ આયોગ નક્કી કરે છે. વીજ આયોગે કૃષિ દર જે નકકી કર્યા છે સરેરાશ હોર્સ પાવરના ૧૪૦૦ રૂપિયા એક હોર્સ પાવરના છે. પણ આ રાજ્યની સરકાર સાડા સાત હોર્સ પાવર સુધી ૬૬૫ રૂપિયા લે છે અને સાડા સાત હોર્સથી વધારે પાવર હોય તો ૮૦૭ રૂપિયા લે છે. બાકીનો જે કંઇ ખર્ચ છે એ આ રાજ્યની સરકાર અને જુદી જુદી કંપનીઓ ભરે છે. આવો જે કંઇ ખર્ચ ભરવાનો આવે છે એની રકમ છે કે રાજ્ય સરકાર દ્વારા કૃષિ વીજગ્રાહકોને માટે જે સબસિડીની વાત થાય છે એમાં ૪૭૧૪ કરોડ રૂપિયા અને ગ્રામ પંચાયતોના વોટર વર્કસ, જે પહેલાં પીવાનું પાણી બંધ થઇ જતું હતું ત્યારે મારા મિત્ર, આપ

પણ જિલ્લા પંચાયતના પ્રમુખ હતા. એ વખતે બોર બંધ થઇ જતા હતા. માનનીય ગોવાભાઇ, લોકોના વીજ કનેક્શન કપાઇ જતા હતા. હું સાહેબ એટલા માટે કહું છું કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આવીને રાજયની તમામ ગ્રામ પંચાયતોના વીજ બિલ માફ કર્યા અને અત્યારે વીજ બિલ સરકાર, એક જ વર્ષમાં આ સાલે ૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ છે, પણ લગભગ ૫૧૫ કરોડ રૂપિયા જેટલી આ રકમ પણ ભરવાની થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની સરકાર છેલ્લા આટલા સમયથી જે કામ કર્યું છે ત્યારે મારે સબસ્ટેશનોની પણ વાત કરવી છે. મિત્રો, આપણા જિલ્લાની પણ વાત કરું અને રાજયની પણ વાત કરું તો (અંતરાય) હા, હું હતો, તમારા ભેગો હતો, ભાઇ, કયાં હું ના પાડું છું અને એટલે જ કહું છું. ૯૦ પહેલાં હતો, પા પા પગલી શરૂ કરી હતી અને અછતમાં રહેતા હતા, એ વખતે અછત સિવાય કંઇ હતું નહીં, પણ સાહેબ આજની વાત કરીએ તો આખા રાજયમાં જે ખેડૂત ગ્રાહકો અત્યારે કુલ ૧૫,૪૧,૪૩૪ છે. જયારે ૧૯૬૦થી ૨૦૦૨ સુધી એટલે કે ૪૨ વર્ષના ગાળામાં ૭,૩૩,૦૦૦ ગ્રાહકો હતા અને ૨૦૦૨ થી ૨૦૧૬ના ૧૪ વર્ષોમાં ૭,૨૫,૫૪૯ ગ્રાહકો અને પેલા ૪૨ વર્ષમાં ૭,૩૩,૦૦૦ ગ્રાહકો હતા. એનાથી પણ આગળ વધીને કહું તો, જે સબસ્ટેશનોની વાત છે તો રાજયની અંદર સબસ્ટેશન ૧૯૬૦ થી ૨૦૦૧ સુધીમાં ૪૦૦ કે.વી.ના ૯, ૨૨૦ના ૫૯, ૧૩૨ના ૪૭ અને ૬૬ કે.વી.ના ૫૮૫ હતા, જયારે છેલ્લા ૧૪ વર્ષમાં ૪૦૦ કે.વી.ના ૪, ૨૨૦ના ૪૦, અને ૬૬ કે.વી.ના ૯૩૪ મારા મિત્રો, મારા એક જ વિસ્તારની વાત કરું તો, આ છેલ્લા પાંચ વર્ષમાં દસ સબસ્ટેશનો...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પુરૂં થાય છે. વિરામનો સમય થયો છે.

( વિરામ: બપોરે ૨.૩૦ થી ૩.૧૫)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી <#M/વજેસિંગભાઇ પા. પણદા/M#>(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, કૃષિ અને સહકાર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ તથા કલ્પસર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

હું છેલ્લા ૯ વર્ષથી આ ગૃહમાં સાંભળતો આવ્યો છું કે કોંગ્રેસે ૬૦ વર્ષ સુધી કંઇ કર્યું નથી. પરંતુ વાસ્તાવિકતા કંઇક જુદી છે. ૬૦ વર્ષમાં આદિવાસીભાઇઓ માટે કોંગ્રેસે જે કર્યું એ ઇતિહાસમાં ૨૨ વર્ષમાં તમે નથી કર્યું. પંચમહાલ જિલ્લો હતો એમાંથી ૧૯૯૭માં દાહોદ જિલ્લો છૂટો પડ્યો. સન ૨૦૦૦ની વસતિ પ્રમાણે દાહોદ જિલ્લાની વસતિ ૨૧ લાખ થાય છે અને એમાં કુલ આઠ તાલુકાનો સમાવેશ થાય છે. ૨૨ વર્ષ પછી આદિવાસી ગૌરવ યાત્રા કાઢવાનો વિચાર આવ્યો ત્યારે મને એમ લાગે છે કે આ આદિવાસી ગૌરવ યાત્રા નહીં પરંતુ ભાજપની છેલ્લી અને અંતિમયાત્રા છે.

હું આ તકે પાણી પુવરઠાની વાત કરવા માગુ છું. અહીંયા વાતો થઇ કે ચકલી ખોલશો અને આદિવાસી ભાઇઓના ઘર સુધી પાણી આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૮૦ ટકા આદિવાસીઓને પૂરતું પાણી મળી ગયું છે. પરંતુ મારા દાહોદ જિલ્લાની વાસ્તવિક સ્થિતિ છે એ કંઇક જુદી જ છે. તમે હજારોની સખ્યામાં હેન્ડપંપો કર્યા છે. આદિવાસી વિસ્તાર ડુંગરાળ, ખડકાળ અને નીચાણવાળો હોવાથી ચોમાસામાં વરસાદનું પાણી વહી જાય છે. જેથી કરીને ભૂગર્ભ જળ ખૂબ નીચા ગયા છે. હેન્ડપંપમાં પાણી ૧૦ મીટરથી લઇને ૭૦ મીટરે મળે છે. હજારોની સંખ્યામાં હેન્ડપંપો કરવામાં આવ્યા છે પરંતુ ૬૦ ટકા હેન્ડપંપો બગડેલા છે.પરિસ્થિતિ એ થાય છે કે જે એજન્સીઓને હેન્ડપંપો રીપેર કરવાની કામગીરી સોંપવામાં આવી છે એ એજન્સીઓ દ્વારા હેન્ડપંપો રીપેર કરવામાં આવતા નથી. મટિરિયલ પૂરું પાડવામાં આવતુ નથી. પાણી પુરવઠા વિભાગનો સ્ટાફ ઓછો હોવાના કારણે પણ કામગીરી ઉપર અસર પડેલ છે. કાગળ ઉપર હેન્ડપંપો બોલે છે પરંતુ એમાંના મોટા ભાગના ફેઇલ ગયેલા છે. ૧૫૦ ફૂટે પાણી હતું ત્યારે એ મૂકેલ હતા આજે ૩૦૦ ફૂટે પાણી ગયા છે. તેથી સફળ અને અસફળનો સરવાળો કરીને બતાવવામાં આવે છે પરંતુ ચાલુ હેન્ડપંપોની સંખ્યા ઘણી જ ઓછી છે.

બીજું મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવામાં આવે છે. એમાં યોજના પૂર્ણ થાય, સારકામ કરવામાં આવે પછી એમાં પાણી ન આવે, એમાં મોટર ઉતરી જાય, ટાંકી બેસી જાય અને પછી ટાંકી ઉપરની ચકલી ખોલવા જાય તો પાણી ન આવે. પાછુ ટાંકી ઉપર લખેલ હોય બીજેપી. અને પ્રજાને બીજેપી પાસે જવાનું. વાસ્તવિકતા એ છે કે સાચી દિશામાં સારકામ થાય અને બોર થાય તો જ આ મીની પાણી પુરવઠા યોજના સફળ થાય. બીજું આપણે જૂથ પાણી પુરવઠા યોજના બનાવીએ છીએ. એમાં કુવા ૬૦ ફૂટથી ઉંડા બનાવવામાં આવતા નથી જયારે પાણીનો સ્ત્રોત એનાથી ઉંડો ગયો છે તેથી મોટર ચોરાઇ જાય, સંપ પડ્યો રહે છે. અને પાણીથી આદિવાસીઓ વંચિત રહે છે. ખાસ કરીને આ જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરું. મારા દાહોદ શહેરમાં કડાણા આધારિત જૂથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવી. પૂર્વ મુખ્યમંત્રી અને હાલના આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઉદ્‌ઘાટન કર્યું. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેને ખાતમુહૂર્ત કર્યું અને ઉદ્‌ઘાટન કર્યું. આજે ત્રણ વર્ષ થઇ ગયા સાહેબ, ૧૨૧ કરોડની યોજના ખોરંભે પડી છે. ખાલી એક જ વોર્ડમાં પીવાનું પાણી મળે છે. આ દાહોદ શહેરના વિસ્તારમાં આજે પણ ત્રણ દિવસે પાણી મળે છે. આ ૧૨૧ કરોડની યોજના. એ પણ ટ્રાઇબલના પૈસા અને દાહોદ શહેરને પાણી ન મળે તેનું પણ મને દુઃખ છે. ગુજરાત રાજયમાં પ્રથમ નંબરની ભાણાસીમળ જૂથ યોજના બનાવી. ભાણાસીમળ જૂથ યોજના પણ આજે ખોરંભે પડી છે. છેલ્લા ૧૦-૧૦ વર્ષ થઇ ગયા છતાં આ યોજના કાર્યરત નહીં. આવી તો અનેક યોજનાની વાત કરું. હડફ યોજનાની વાત કરું, ગોંદલા, મંગોળી તમામ યોજનાઓ બંધ પડી છે. તો તેની ઉપયોગિતા શું? કોંગ્રેસના રાજમાં જીવનધારાના કૂવાઓ અમને મળ્યા હતા. એ કૂવાનું શુદ્ધ પાણી પીને અમે સુખી હતા. આજે બોર અને હેન્ડપંપનું પાણી

પીને, ફ્લોરાઇડ અને નાઇટ્રેટવાળું પાણી પીને અમારા આદિવાસી બિમાર પડી ગયા. પથરીની બિમારી થઇ ગઇ. વધુ તકલીફ થતાં અમારા ઘણાં આદિવાસી મરી પણ ગયા છે. એટલે પીવાનું શુદ્ધ પાણી અમને કયારે મળશે? આજે ૨૨-૨૨ વર્ષ થઇ ગયા. આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા લઇને ચાલો છો તો આ કામ તો કરો.

શ્રી <#M/અરવિંદકુમાર ગાં. પટેલ/M#>(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબ પાણી પુરવઠા વિભાગની માગણી નં. ૬૭ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે અને તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાનું પાણી એ મનુષ્ય માટે, પશુ-પંખી માટે ખૂબ જરૂરિયાતવાળી બાબત છે. જાહેર આરોગ્યની જાળવણી સાથે વિકાસની તકો પૂરી પાડવા માટે પીવાના પાણીની જરૂરિયાત પણ ખૂબ મહત્વની છે. આ પીવાનું પાણી પુરું પાડવા માટે સન ૨૦૧૭-૧૮ના વર્ષના બજેટમાં માનનીય નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી એવા શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે રૂ. ૩૦,૧૦૦ કરોડની જે જોગવાઇ કરી છે તે માટે તેમને હું અભિનંદન આપું છું. તાજેતરમાં જ આખા દેશમાં પાંચ રાજયોમાં ચૂંટણી થઇ. આ જ વિપક્ષના મિત્રોને મારે કહેવું છે કે આપણાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને અઢી વર્ષમાં આખા દેશને વિદેશમાં એટલે કે દુનિયામાં એક આગવું સ્થાન અપાવ્યું અને ખૂબ લોકપ્રિય વ્યક્તિ, રાજયના પૂર્વ ગૃહમંત્રી અને દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટીના અધ્યક્ષ તરીકે જેમનું નામ લેવાય એવા અમિતભાઇ શાહને આપના માધ્યમથી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ એવું રાજય છે, એક તરફ ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો અને તેના હિસાબે એ વિસ્તારમાં ખારાશનો પટ એટલે કે એ જમીનમાં ખૂબ ક્ષારવાળું પાણી. બીજી તરફ સૂકો વિસ્તાર એટલે કે કચ્છ જિલ્લો હોય, બનાસકાંઠા હોય, મહેસાણા હોય, પાટણ હોય એવા વિસ્તારમાં પાણીની ખૂબ જ મોટી સમસ્યા. ત્રીજી તરફ અરવલ્લીના પહાડોથી પથરાયેલ અંબાજીથી ઉમરગામની પહાડીનો વિસ્તાર આવેલો છે. ગુજરાતમાં અનેક વખત અપૂરતા વરસાદને કારણે દુષ્કાળે દેખા દીધી છે. કોઇક વિસ્તારમાં ૫૦ થી ૬૦ ઇંચ વરસાદ પડે અને કોઇક વિસ્તારમાં ૨ થી ૩ ઇંચ વરસાદ પડતો હોય છે. વરસાદની આ અનિયમિતતાના કારણે અનેક વિસ્તારોમાં પાણીની અસમતુલા ઉભી થતી હતી. આપણા ગુજરાતનો ઇતિહાસ જેટલા સમયથી ઉપલબ્ધ છે એ સદીઓથી આપણે જોઇએ તો આપણા ગુજરાતનો વિસ્તાર પાણીની અછતવાળો રહ્યો છે. આવા આપણા ગુજરાતમાં જળ એ જ જીવન છે. ગુજરાતના વિકાસને સમગ્ર દેશના વિકાસના નકશામાં ટોચના ક્રમે મૂકવું હોય તો પાણીનું સુઆયોજીત આયોજન થવું ખૂબ જ જરૂરી છે. પાણીના સુઆયોજીત આયોજનના અભાવે ૧૯૬૦થી સ્વતંત્ર થયેલ ગુજરાત પાણીની ખેંચ અનુભવી રહ્યું છે. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી ૧૯૯૫ સુધી કોંગ્રેસનું શાસન ચાલ્યું. ત્યારે મારે સૌ સભ્યોના ધ્યાન ઉપર મૂકવું છે કે હું ૧૯૮૭ થી ૧૯૯૫ સુધી તાલુકા પંચાયતનો સભ્ય હતો. ૧૯૯૫થી ૨૦૦૦ સુધી નગરપાલિકાનો સભ્ય હતો. એ વખતે ખાલી અમદાવાદ શહેરનો અમારી પૂર્વનો અને પશ્ચિમનો વિસ્તાર હતો. એ વિસ્તારોની અંદર ગ્રામ પંચાયત, નગર પંચાયત અને નગરપાલિકાઓ હતી. એ વખતે એ વિસ્તારની અંદર જો પહેલેથી એમણે પાણીનું આયોજન કર્યું હોત તો આજે જે પાણીની દુર્દશા છે એ ન હોત. જે તે વખતે અમારા વિસ્તારની અંદર ૧૦૦૦થી ૧૨૦૦ ફૂટ સુધી નીચેના સ્તરથી પાણી લેવું પડતું હતું. એ પાણી પણ કેવું ! ક્ષારવાળું અને ૧૮૦૦થી ૨૨૦૦ના ટીડીએસવાળું પાણી પીવાના ઉપયોગમાં લેવું પડતું હતું. ત્યારે પણ તેમણે આવી યોજનાઓનો વિચાર કર્યો નહીં. એ વખતે પણ આ નર્મદા યોજના હતી, તાપીની યોજના હતી અને સાબરમતી નદી એ વિસ્તારમાંથી પસાર થતી હતી. જે તે વખતે ૧૯૯૫ની સાલ પછી ૧૯૯૬-૯૭માં આજના ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને એ વખતે સરખેજ મત વિસ્તારમાંથી સતત ૨૦૧૨ સુધી જેમણે આ સભાગૃહની અંદર નેતૃત્વ કર્યું એવા આ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી માનનીય અમિતભાઇ સાહેબની કોઠાસૂઝના કારણે આજે અમને પીવાનું શુદ્ધ પાણી મળે છે. અમારા વિસ્તારની અંદર નજીકમાંથી સાબરમતી નદીની બાજુમાંથી નર્મદા કેનાલ જતી હતી. એ નર્મદા કેનાલમાંથી એ વિસ્તારને પૂરેપૂરું શુદ્ધ પાણી આપવા માટેનું આયોજન જો કર્યું હોય તો આ માનનીય અમિતભાઇ શાહે કર્યું છે. એ વખતે માનનીય અમિતભાઇ શાહ અને અમારા ઔડાની અંદર માનનીય સુરેન્દ્રકાકાના અધ્યક્ષસ્થાને મિટિંગ કરી અને આ વિસ્તારને પીવાનું શુદ્ધ પાણી મળે એના માટેનું આયોજન કર્યું. આજે એ વિસ્તારની પ્રજાને પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. એવી જ રીતે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઉત્તર ગુજરાતની અંદર એ વિસ્તારની પ્રજાને આશીર્વાદરૂપ કહી શકાય એવી સુજલામ-સુફલામ યોજના પણ અમલમાં મૂકી. એ યોજનાને અટકાવવા માટે ખૂબ મોટા વિધ્ન આવ્યા. છતાંપણ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની મક્કમતાના કારણે એ યોજના પૂર્ણ થઇ અને એનો લાભ ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાને મળ્યો છે. આભાર.

શ્રી <#M/ઇશ્વરભાઇ ઢે. પટેલ /M#> (ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા મંત્રીશ્રી પાણી પુરવઠા વિભાગની માગણી નંબર-૬૭માં વધારાની માગણી લઇને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં અનેકવાર સાંભળતો આવ્યો છું કે આ ગુજરાતની નંબર વન સરકાર, વિકાસશીલ સરકાર, ગતિશીલ સરકાર, સૌનો સાથ સૌનો વિકાસ કરવાવાળી સરકાર અને ભારતીય જનતા પાર્ટીની પાણીદાર સરકારમાં અમારા વિસ્તારમાં જંગલ વિસ્તારના આદિવાસી લોકો પાણી વગર તરસે મરે છે. અમારા વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારના લોકોને હજી પીવાનું પાણી પણ પૂરતું મળતું નથી. જે વિસ્તારમાં હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી છ થી સાત વર્ષ સુધી પોતાની કર્મભૂમિ માની રહ્યા હતા એ વિસ્તારના આદિવાસી લોકો હજી પાણી વગર ટળવળે છે. જયાં પીવાના પાણીની હજી મુશ્કેલી

હોય ત્યાં ઢોર–ઢાંખરનું શું થતું હશે? ઉનાળા દરમિયાન અહીંની ગરીબ આદિવાસી બહેનો સવારથી માથા ઉપર માટલા લઇને પાણી ભરવા નીકળી પડે છે, બે થી ત્રણ કિલોમીટર ચાલીને એ લોકો પીવાનું પાણી ભરે છે ત્યારે સરકારશ્રીને પૂછવા માગુ છું કે આ વિસ્તારને તમે પીવાનું પાણી કયારે આપશો? અમારો ધરમપુર તાલુકો અને કપરાડા તાલુકો ગુજરાતના ચેરાપુંજી તરીકે ઓળખાય છે. અહીં સો થી સવા સો ઇંચ સરેરાશ વરસાદ પડે છે પરંતુ અહીં કોઇ નક્કર યોજના બનાવવામાં આવતી નથી. આટલો વરસાદ પડે છતાં તમામ પાણી દરિયામાં વહી જાય છે. એક બાજુ ચોમાસા દરમિયાન ચારે બાજુ પાણી હોય છે. નદીઓમાં ભયંકર પૂર આવે છે. ચારેબાજુ લોકોના જાનમાલનું નુકસાન થાય છે. લોકોની કિમતી જમીનો ધોવાઇ જાય છે. ઉભા પાકને ભારે નુકસાન થાય છે ત્યારે બીજી બાજુ ઉનાળા દરમિયાન લોકો પાણી વિના ટળવળે છે ત્યારે આ ગુજરાત એ કેવું ગુજરાત? આ નંબર–વન ગુજરાતમાં આ વિસ્તાર આવતો હશે કે નહીં આવતો હોય? વર્ષ ૨૦૧૪–૧૫માં પાણી પુરવઠા વિભાગનો મારો એક પ્રશ્ન પ્રશ્નકાળ દરમિયાન ચર્ચામાં આવેલો પરંતુ એ પ્રશ્નમાં મંત્રીશ્રીએ જવાબમાં જણાવેલું કે આ પીવાના પાણીનો પ્રશ્ન છે માટે તળાવ બનાવવાનો આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એમ કહીને જવાબ ટાળેલો, પરંતુ પેટા પ્રશ્નમાં આપના સરકારના ઉમરગામ તાલુકાના ધારાસભ્યશ્રી રમણભાઇ પાટકરે મંત્રીશ્રીનું ધ્યાન દોરેલું કે ધારાસભ્યશ્રીનો ધરમપુરનો આ પ્રશ્ન અમારા વિસ્તારને લગતો ખૂબજ અગત્યનો છે. એનો જવાબ આપવો જોઇએ એમ કહેલું ત્યારે માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહેલું, એના માટે એક કમિટી બનાવીશું, સરવે કરીશું પછી અમલ કરીશું. આ વાતને ત્રણ વર્ષ પૂરા થયા. મને ખબર નથી આ બાબતે આ ગતિશીલ સરકારે કેટલી ગતિ કરી? મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આ વિસ્તારમાં મહારાષ્ટ્ર પેટર્નના તળાવો બનાવવા માગો છો કે કેમ? મારા મત વિસ્તારમાં ચિંચાઇ સિંચાઇ પરિયોજના ૨૦૦૫માં મંજૂર થયેલી એમાં બાર કરોડ રૂપિયા મંજૂર કરેલા. ધરમપુર મતવિસ્તારમાં આવતા વલસાડ તાલુકાના ૧૮ ગામોને સિંચાઇનું પાઇપલાઇનથી પાણી આપવા માટેની આ યોજના ૫ વર્ષમાં પૂર્ણ કરવાની હતી પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ૫ વર્ષની જગ્યાએ ૧૨ વર્ષ પૂરા થયા. ૧૨ કરોડની જગ્યાએ ૪૦ કરોડ ખર્ચી નાખ્યા પણ હજી પણ એક પણ ખેડુતને પાઇપલાઇનથી પાણી મળતું નથી.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ત્યારે આ પ્રગતિશીલ સરકારમાં આ ૧૮ ગામોના લોકોને સિંચાઇનું પાણી ક્યારે આપવા માગો છો? આ ૧૮ ગામોની આ સિંચાઇ યોજના બનાવતા પહેલા ઉકાઇ ડાબા કાંઠા નહેરમાંથી પિયતનું પાણી મળતું હતું. પરંતુ આજે આ ચીંચા યોજના બન્યા પછી એમાંથી પાણી મળતું નથી અને ઉકાઇ ડાબા કાંઠા નહેરમાંથી પણ પાણી મળતું નથી. આના કારણે ત્યાંના ખેડૂતો પાયમાલ બન્યા છે. ત્યાં એક સમયે આંબાવાડીયા, શેરડી, કેળ અને શાકભાજીના ખેતરો લહેરાતા હતા. આજે શેરડી અને કેળનું નામો–નિશાન મટી ગયું છે. આંબાની વાડીઓ સૂકાઇ રહી છે. ધીમે ધીમે આંબાની કલમો પણ મરી રહી છે ત્યારે આ પાણીદાર સરકારને હું પૂછવા માગું છું કે, ચીંચા ઉદવહન પરિયોજના ક્યારે પૂરી કરવા માગો છો? ૧૨–૧૨ વર્ષ સુધી આ યોજના પૂરી નહી કરી શકનારા કોન્ટ્રાકટર ઉપર કોઇ પગલા ભરવા માગો છો કે કેમ? મારા ધરમપુર તાલુકામાં ૧૦૮ ગામો આવેલા છે. એ બે વિભાગમાં વહેંચાયેલો છે. એક વિભાગ તલાટ વિસ્તાર છે અને બીજો વિસ્તાર જંગલ વિસ્તાર આવે છે. જંગલ વિસ્તારને પીવાનું પાણી પહોંચાડી શકતા નથી તો પિયતની તો વાત જ ક્યાં આવી? પરંતુ તલાટના ગામોમાં હજુ સુધી એક પણ ગામમાં નહેર દ્વારા સિંચાઇનું પાણી મળતું નથી. અમારો ધરમપુર તાલુકો ૯૦ ટકા આદિવાસી વસતિ ધરાવતો ખૂબ જ પછાત તાલુકો છે. જ્યાં બીજો કોઇ ધંધો–રોજગાર અને એકપણ ઉદ્યોગ નથી, જી.આઇ.ડી.સી. નથી. મજૂરી કરવા લોકોએ બહારગામ જવું પડે છે. આવા વિસ્તારમાં સિંચાઇનું પાણી મળતું નથી ત્યારે અમારા જૂના ધરમપુર તાલુકામાં બનેલો મધુબન ડેમ હાલ કપરાડા તાલુકામાં આવે છે. એ પાણીથી ભરેલો છે. પરંતુ એ પાણીનો ઉપયોગ ......

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો. માનનીય ઋષિકેશભાઇ...

શ્રી <#M/ઋષિકેશ ગ. પટેલ/M#>(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય બાબુભાઇ બોખીરીયા પશુપાલન અને ડેરી વિકાસની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત ગુલામ હતું અને આઝાદ થયું એ સમગ્ર સમય દરમિયાન ભારતના લોકો અથવા તો ક્યાંક દાખલો આપવો હોય તો ભારત સોને કી ચિડિયા હતું, ભારતમાં ઘી–દૂધની નદીઓ વહેતી હતી એ દ્રષ્ટાંતો દ્વારા ભારતનો ભવ્ય ભૂતકાળ આપણને બતાવવામાં આવતો હતો. આઝાદી પછી પણ વર્ષો સુધી ભારત ફરીથી મહાસત્તા બને અને આગળ વધે એની વાતો થતી રહી. પરંતુ કમનસીબે એ દિશામાં આગળ વધવા માટે કોઇ નક્કર આયોજન થયું નહીં અને પરિણામે આપણે જ્યાં હતા ત્યાં ધીમે ધીમે એવી ધીમી ગતિએ ચાલ્યા કે આપણા સમય દરમિયાન જે દેશો આઝાદ થયા હતા એ લોકોની હરોળમાં પહોંચવાનું સ્થાન કે તક ન મળી. પરંતુ અત્યારે મને કહેતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વની અંદર ઉપર ટોચના વ્યક્તિથી માંડીને ખેતમજૂર સુધીનો વ્યક્તિ એમના ઉપર વિશ્વાસ મૂકતો થયો છે અને આખો દેશ ટોપ ગિયરની ગતિએ આગળ વધતો હોય એવું મને લાગે છે. ૧૨૫ કરોડના દેશમાં ખેડૂતો, ખેતમજૂરો અને બહુમતિ વર્ગ જે મોટાભાગે છે એ દેશના વિકાસમાં પણ ખૂબ મોટું યોગદાન આપતો હોય છે. ભા.જ.પા.ની સરકાર વંચિતોની ચિંતા કરે છે એ પ્રતિપાદિત થઇ ચૂક્યું છે અને એટલે જ દેશની અંદર આજે ભા.જ.પા.ને અને નરેન્દ્રભાઇ મોદીને મોદી મોદીના પોકાર સાથે આજે મતો મળતા થયા છે. એમને એક આશાનું કિરણ એમનામાં દેખાતું થયું છે. ગ્રામીણ અર્થકારણની અંદર પશુપાલન એ વંશપરંપરાગત અને ઘરેલુ વ્યવસાય છે. સૌથી પોષણક્ષમ અને કુટુંબના નિર્વાહ માટે અને મહિલાઓની સક્રિય ભાગીદારી દ્વારા આ આખો ઉદ્યોગ ચાલુ થયો છે. ખેતીની સાથે જોડાયેલા વ્યવસાય તરીકે નહીં પણ

એને આગવી ઓળખ મળે એના માટે ગુજરાત સરકારે ખૂબ મોટા પ્રયત્નો કર્યા છે.  આજે પશુપાલનનો વ્યવસાય છે એણે પોતાની અલગ ઓળખ અને પહેચાન આખા દેશ અને દુનિયામાં ઉભી કરી શકે એવી ગુજરાતે નામના કરી છે. વર્ષ ૨૦૧૩–૧૪માં ૪૦૭૧૧ સાથે રાજ્યના ઘરેલું ઉત્પાદનમાં ૫.૩૨%નો હિસ્સો ધરાવે છે અને કૃષિના કુલ ઘરેલું ઉત્પાદનમાં ૨૪.૦૧%નો હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૦૩–૦૪માં ૮૪૩૪ કરોડની સરખામણીએ છેલ્લા ૧૦ વર્ષમાં ૮૮૨.૭૦%નો વધારો થયો છે. રાજ્ય સરકારની સક્રિય ભાગીદારીના કારણે આ શક્ય બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા દૂધ ઉત્પાદન માટે હરિફાઇનું આયોજન થાય છે અને હરિફાઇનું આયોજન થાય છે કે જેથી દૂધ ઉત્પાદકોને પ્રોત્સાહન મળે છે કે ભાઇ, ગુજરાતની અંદર સૌથી પહેલા નંબરે આવેલાએ આટલા દૂધનું ઉત્પાદન કર્યુ, બીજા નંબરે આટલા દૂધનું ઉત્પાદન કર્યુ, ત્રીજા નંબરે આટલા દૂધનું ઉત્પાદન કર્યુ આ કરવા પાછળનું કારણ છે કે દૂધનું ઉત્પાદન વધે અને એના માટે મારે કહેવું છે કે, ડેનમાર્કમાં એક પશુદીઠ પર ઇયર ૮ થી ૧૦ હજાર લિટર દૂધનું ઉત્પાદન થાય છે. આપણા ભારતની અંદર એક પશુદીઠ ૨૦૦ લિટર પર ઇયર દૂધનું ઉત્પાદન છે. જ્યારે ગુજરાતનું  ઉત્પાદન ૧૦૦૦ લિટર. આ જ બતાવે છે કે ગુજરાત અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણું બધું પશુપાલનના વ્યવસાયમાં આગળ છે. તરણેતરના મેળામાં પશુ પ્રદર્શનનું આયોજન કરી ઓલાદવાર વિવિધ કેટેગરીની સ્પર્ધા કરી ઉત્તમ પશુપાલકોને ઇનામ આપવામાં આવે છે. આપણી જે મૂળ જાતો છે મહેસાણાવી ભેંસ હોય, બન્ની કચ્છની ભેંસ હોય આ બધી જાતોને જાળવી ઓરિજીનલ શુદ્ધ પ્રકારે નવી ઓલાદો મળે એ માટેનો પ્રયત્ન અને એ ઓલાદો માટેના ઇનામો આપવાની પણ જોગવાઇ આ સરકાર કરી રહી છે, આના માટે આ બજેટની અંદર આશરે ૭૭.૨૦લાખ રૂપિયા જેવી રકમ પ્રોત્સાહિત કરવા માટે મૂકવામાં આવી છે. વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૨૨.૬૨લાખ મેટ્રિક ટન સાથે દૂધ ઉત્પાદનમાં ત્રીજા ક્રમે રહેલ છે અને દૂધ ઉત્પાદનમાં દેશના કુલ ઉત્પાદનમાં ૭.૯૦નો હિસ્સો ધરાવે છે. દેશમાં પેદા થતા ૧૨.૬૮ લિટરમાંથી ૧ લિટર દૂધ ગુજરાતનું છે. ૨૦૦૫–૦૬ અને ૨૦૧૫–૧૬ના ૧૦ વર્ષમાં ૬.૦૨ વાર્ષિક વધારો નોંધાયેલ છે. જ્યારે ગુજરાતમાં ૬.૬૨%નો વૃદ્ધિ દર છે અને માથાદીઠ અડધો લિટર દૂધનું ઉત્પાદન આપણા ગુજરાતમાં થાય છે. આ ઉત્પાદન એમ ને એમ વધતા નથી. પશુપાલક બહેનોની સક્રિય ભાગીદારી અને એમાં રાજ્ય સરકારનો પૂરક સહયોગ. રાજ્ય સરકાર પશુપાલક બહેનો માટે જે વિશેષ કાળજી લે છે એના પરિણામે આ દૂધનું ઉત્પાદન વધ્યું છે. સરકારની મમતામય આ પશુઓ પ્રત્યેની જે સંવેદના છે એ પણ પશુમેળા દ્વારા જાહેર થાય છે. પશુપાલક બહેનો માટે ખાસ મહિલા મંડળીઓ, પશુધન વીમા સહાય, વિદ્યુત સંચાલિત ચાપ કટરો છે એ ચાપ કટરોને વિદ્યુત સંચાલિત આપણે એટલા માટે આપી શકીએ છીએ કે ૨૪ કલાક વીજળી અહીંયા છે. બીજા રાજ્યોની સરખામણીમાં ૨૪ કલાક વીજળીના કારણે પશુપાલનનો વ્યવસાય પણ આપણે ત્યાં દિન–પ્રતિ–દિન કુદકે ને ભૂસકે આગળ વધી રહ્યો છે અને સાથે સાથે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકે છે. બલ્ક મિલ્ક કુલર, મહિલા મંડળીઓ માટે ઓટોમેટિક મિલ્ક કલેકશન સિસ્ટમ તેમજ દૂધ ઘર માટેની સહાય યોજના જેવી અનેક વિવિધ સહાયો આ સરકાર આપે છે. ડેરી વિકાસને પ્રોત્સાહન આપવા માટે છેલ્લા ૧૦વર્ષમાં ૨૫૬૮ બલ્ક મિલ્ક કુલર, ૬૮૧૨ મિલ્ક કલેકશન સિસ્ટમ, ૬ કેટલ ફીડ ફેકટરી, વિવિધ કેપેસિટીના મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ વગેરેની સહાય આપણે ત્યાંથી આપવામાં આવે છે. પશુપાલન ક્ષેત્રે નવા અભિગમો દ્વારા પશુ આરોગ્ય અભિયાન આ સરકારે હાથ ધરેલ છે. રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળાના અભિયાનથી ૧૫૦૦૦થી વધુ કામો આવરી લઇ ૪૦૦૦થી વધુ પશુ આરોગ્ય મેળા યોજવામાં આવ્યાં છે જેમાં સારવાર, રસીકરણ, કૃત્રિમ બીજદાન, ખસીકરણ તેમજ કૃમિનાશક સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. પશુને પણ એની દાંતની તકલીફ હોઇ શકે, એની આંખની તકલીફ હોઇ શકે, એની કાનની તકલીફ હોઇ શકે આ ભૂતકાળની અંદર હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ આ બાબતોએ માનવીય સંવેદનાથી વિચારીને આના ઓપરેશન પણ આપણે ત્યાં થતાં રહ્યાં છે અને આજે મને કહેતા ગૌરવ થાય છે કે આશરે પશુઓમાં આવતા ૧૦૦ રોગોની નાબુદી આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨થી શરૂ થયેલા આ અભિયાનમાં ૪૧,૩૯૪થી પશુ આરોગ્ય મેળાઓમાં ૧.૬૯ કરોડ પશુઓને સારવાર, ૪.૧૩ લાખ પશુઓને બીજ દાન, ૨.૭૦ કરોડ પશુઓને રસીકરણ કરવામાં આવેલ છે.

શ્રી <#M/મેરામણભાઇ મા. આહીર/M#>(ખંભાળિયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે નવી નવી માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાતના ખેડૂતને મોંઘા બિયારણ, રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓ તો મળે છે એ તેના ઉપર પડ્યા પર પાટુ છે અને ખેડૂતો રાત–દિવસ શું શું કરે છે? એ જ્યારે ખેડૂતોની વેદના જાણો ત્યારે તમને ખબર પડે કે, ખેડૂત શું રાતે–દિવસે કરે છે? જ્યારે પણ એ એના છોકરાઓને મૂકીને ખેતરે ખેતી કરવા જાય છે ત્યારે શું પાકે છે એ તો કુદરત ઉપર આશરો છે. આજે દિલ્હી, તામિલનાડુમાં મફત વીજળી મળે છે. તો અમારી રજૂઆત એવી છે કે, ગુજરાતમાં પણ તમે જો વખાણ કરતા હોવ સરકારના તો ગુજરાતમાં પણ ખેડૂતોને મફત વીજળી સરકાર આપે એવી અમારી માગણી અને લાગણી છે. મારા જિલ્લામાં વધુ પડતી મગફળીનું ઉત્પાદન થાય છે અને સરકારે ટેકાના જે ભાવ જાહેર કર્યા છે એ ભાવ ખેડૂતો માટે આ મોંઘવારીમાં પોષણક્ષમ ભાવો નથી. હું સભાગૃહમાં કહેવા માગુ છું કે, આ સરકારે એક મણના ટેકાના ભાવ રૂપિયા ૮૪૫/– જાહેર કર્યા છે. એ એક મણ પાછળ કેટલો ખર્ચ થાય છે એની કદાચ માનનીય મંત્રીશ્રીને ખબર નહીં હોય, ભલે એ આપણા ખેડૂતના દિકરા છે. છતાં એક મણ પાછળ રૂપિયા ૧૫૦/–નું બિયારણ જાય, ૨૦/– રૂપિયાનું ખાતર, ૧૫૦/– રૂપિયા દવાનો ખર્ચ થાય છે અને ૩૦૦/– રૂપિયાનું નિંદામણ થાય છે તેમજ સફાઇ ખર્ચ ૬૦/– રૂપિયાનો થાય છે, લાઇટ, વીમા પ્રિમિયમ તેમજ પાણી વાળવાની મજૂરી અને ૫૦/– રૂપિયા ભાડુ–ભરાઇ–જોખાઇ અને આ હિસાબે તમામનો ખર્ચ ગણીએ તો ૭૩૦/– રૂપિયામાં

એક મણ ખેડૂતને ઘરમાં પડે છે. અને મજૂરોની બીડી અને ચ્હા–પાણી આમાં ગણીએ તો કંઇ વધે નહીં. આ સરકારે ટેકાનો ભાવ ૮૪૫/– રૂપિયા રાખેલ છે. એક વિઘામાં ૧૭ મણ મગફળી થાય છે, ૧૫ વિઘાની વાડી હોય તો તેની પાછળ તેને ૧,૭૨૫/– રૂપિયા વધે છે. જેનાથી માત્ર એક મહિનાની ચ્હા, દૂધ નથી છોકરાના થતા અને સરકાર કહે છે કે, ખેડૂતો મારુતી લઇને ફરે છે? અરે ભાઇ સાયકલની વ્હીલના હવાના, પંકચરના પૈસા નથી ખેડૂતની પાસે.

અમારો જિલ્લો શિક્ષણની દ્રષ્ટિએ ખૂબ પછાત છે. તેમાં પણ ખેડૂતને ઓન લાઇન પ્રિમિયમ, તમામ જાતની સહાય પણ ઓન લાઇન મળે છે. જ્યારે પણ ખેડૂત સહાય માટે તમામ દસ્તાવેજો ભેગા કરીને ઓન લાઇન કરાવવા ખેડૂત જાય છે ત્યારે સર્વર ડાઉન હોય છે. (એક મિનિટ બાકી છે) વીસથી ત્રીસ ટકા ખેડૂતની સહાય બાકી રહી જાય છે. ત્યારે આજે ખેડૂતની પરિસ્થિતિ ખેડૂત જ જાણે. દિલ બહેલાને કે લીયે ખયાલ અચ્છા હૈ આપકા, જનાબ ફીર બેલેટ લાયેં ઔર ઇ.વી.એમ. હટાયેં, ખયાલ અપને આપ તુટ જાયેગા, જીતેગા જરૂર ગુજરાત ઔર ભા.જ.પા. હાર જાયેગી.

શ્રીમતી <#M/ઝંખનાબેન હિ. પટેલ/M#>(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી નં. ૬ મત્સ્યોદ્યોગના અનુસંધાને હું મારા વિચારો રજૂ કરું છું. આપણું ગુજરાત ૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારે આવેલું છે. આ કાંઠા વિસ્તારના લોકોને રોજીરોટી મેળવવા માટેનું એકમાત્ર સાધન મત્સ્યોદ્યોગ જ છે. મારા ચોર્યાસી તાલુકાની વાત કરું તો મારા ૧૫ થી ૨૦ ગામડાંઓ દરિયાકિનારે આવેલા છે. આ કાંઠા વિસ્તારના લોકોને રોજીરોટી માટે દરિયો જ એક માત્ર સહારો છે. છેલ્લા ઘણા વર્ષોથી દરિયાનું પાણી અંદર ચાલ્યું ગયું છે ત્યારે લોકોને રોજીરોટી કમાવા માટે વિદેશોમાં ચાલ્યા જવું પડે છે. પરિવારને છોડીને વર્ષો સુધી નોકરી કરીને એ લોકો રોજીરોટી કમાતા હોય છે. આમાં પણ જે લોકો ભણેલા હોય એ લોકો જ વિદેશમાં નોકરી કરવા જાય છે. મને કહેતા આનંદ થાય છે કે મારા કાંઠા વિસ્તારમાં લોકો રોજીરોટી કમાવા માટે ઝીંગા તળાવો ઉપર નિર્ભર થયા છે. બે લાખ જેટલા નાના લોકો આ ધંધામાં લાગી અને રોજીરોટી કમાય છે. દારૂ, જુગાર જેવી ખરાબ લતોથી બહાર નીકળી અને હવે પોતાના પગભર થયા છે. આમાં મારી વિધવા બહેનો પણ જોડાઇ હતી તે બહાર નીકળી આવી છે. આજે ઝીંગા વિદેશોમાં એક્ષ્પોર્ટ થાય છે. મારે સભાગૃહને કહેવું છે કે દુબઇ, ઓસ્ટ્રેલીયા, અમેરિકા, લંડન, સીંગાપુર જેવા કંપનીઓમાં આને એક્ષ્પોર્ટ કરવામાં આવે છે. આજે ઝીંગાઓના પ્રોસેસીંગ પ્લાન્ટ માટે સરકાર તરફથી બે કરોડની સહાય આપવામાં આવે છે અને કોલ્ડ સ્ટોરેજ માટે પાંચ કરોડની સહાય આપવામાં આવે છે. તે માટે હું સરકારની આભારી છું. આ પ્રોસેસીંગ પ્લાન્ટમાં મારા ત્રણ થી ચાર હજાર નાના લોકો કામ કરે છે એટલા માટે હું સરકારની આભારી છું. મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા ચાર વર્ષોમાં મારા ચોર્યાસી વિસ્તારમાં ઝીંગા ખેડૂતો બેસ્ટ કવોલીટી, બેસ્ટ કવોન્ટીટી, બેસ્ટ પ્રોડકટ માટે, બેસ્ટ કોર્પોરેટીંગ ફાર્મીંગ માટે સમ્ગ્ર ભારત દેશમાંથી પ્રથમ નંબરે આવે છે ત્યારે મારે કહેવું છે કે સુરત હમણા સુધી હીરા ઉદ્યોગ માટે વખણાતુ હતુ, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ માટે વખણાતુ હતું, સુરતનું જમણ વખણાતું હતું પણ હવે પછીના સમયમાં ઝીંગાના સેલીંગ માટે પણ વખણાશે એવી મને પૂરી ખાતરી છે. મારે સમગ્ર સભાગૃહને જણાવવું છે કે મારા ચોર્યાસીના કાંઠા વિસ્તારના લોકો નહીં પરંતુ સાઉથથી અને રાજસ્થાનથી પણ લોકો અહીં આવીને રોજીરોટી કમાય છે. પહેલાના સમયમાં સાઉથથી ઝીંગાના સીડસ અને ખોરાક આવતા હતા પણ હવેના સમયમાં સુરતમાં જ સીડસની નર્સરી કરવામાં આવે છે. સુરતમાં હવે સીડસ મળે છે જેથી ઝીંગાના રોગ, ઝીંગાની બીમારી વ્હાઇટ સ્પોટ નામની બીમારી ઓછી થઇ ગઇ છે અને નુકસાન ઓછું થાય છે. પહેલાના સમયમાં સુરતના લોકો ઝીંગાના અભ્યાસ માટે સાઉથમાં જતા હતા પણ હવેના સમયમાં સાઉથના લોકો સુરતમાં આવીને અભ્યાસ કરે છે. મારા વિસ્તારમાં ડુમસ એરપોર્ટ આવેલું છે અને ઘણા લોકોની એવી રજૂઆત છે કે તળાવના લીધે બર્ડ હીટીંગ થવાના કારણો વધી ગયા છે પણ મારે સભાગૃહને જણાવવું છે કે ઝીંગા તળાવના તળીયે રહે છે જયારે રોગ આવે છે ત્યારે જ ઉપર આવે છે અને તેના માટે પહેલેથી નેટીંગનું પ્રોગ્રેસ કરેલું હોય છે. મારે આપને કહેવું છે કે વિશ્વના ૧૨૦ એરપોર્ટો દરિયાકિનારે આવેલા છે. તો મને લાગે છે કે આ વાત ખોટી છે. બર્ડહીટના લીધે કોઇપણ દુર્ઘટના બની હોય તેવું હજુ સુધી સાંભળવામાં આવ્યું નથી. મને આનંદ છે કે મત્સ્યોદ્યોગ કરતા લોકો માટે બજેટમાં ૨૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય સરકારે બજેટમાં જે જોગવાઇ કરી છે તેના માટે હું મારું સમર્થન આપું છું.

શ્રી <#M/ગોવાભાઇ હ. રબારી/M#>(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨, ૩, ૪,૬, ૧૨,૧૩ અને ૬૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

અમારા મંત્રીશ્રી નાનુભાઇ વાનાણી સાહેબે કદી ય શાયરી બોલતા નથી. આજે મેં સાંભળી. યુ.પી.ની ખુશીમાં અડધી શાયરી બોલ્યા. હું પંજાબની ખુશીમાં શાયરી કહું– 'દિલ બહલાને કે લીયે ખ્યાલ અચ્છા હૈ જનાબ, દિલ બહલાને કે લીયે ખ્યાલ અચ્છા હૈ જનાબ, ચૂંટણીમેં બેલેટ લાવો, ઇ.વી.એમ. હટાવો, આપોઆપ ખ્યાલ તૂટ જાયેગા હમ જીતેંગે ઓર ભાજપા હારેંગે.' ખાસ કરીને પશુપાલનની માગણી ઉપર વાત કરું તો રાજ્યના ૨૬ જિલ્લાઓની અંદર ૬૭૫ દવાખાનાં છે. એમાં ૬૧૮ મહેકમ મંજૂર થયેલ છે. એમાં પણ ૩૩૨ જગ્યાઓ ખાલી છે. આ પશુઓના વિકાસ માટેનું પ્રથમ એમનો ઇલાજ કરવા માટેની વ્યવસ્થા છે. એટલું જ નહીં, પરંતુ રાજ્યમાં ૧૯મી પશુ ગણતરી ૨૦૧૧ માં કરવામાં આવી હતી. એનો રિપોર્ટ મને લાગે છે કે હજુ સુધી આવ્યો નથી. આજે પણ ૨૦૦૭ ની ગણતરી પ્રમાણે પશુઓનો કારોબાર ચાલે છે. આ પશુઓના વિકાસ માટે સરકારની સહાયનો ખ્યાલ, હાલ શરૂઆતથી જ આપું છું. ૨૩૫.૨૫ લાખ જેટલા પશુધન ૨૦૦૭ ની ગણતરી પ્રમાણે છે. અત્યારે ડબલ થઇ ગયા હશે. એના માટે બજેટ કેટલું છે એ મંત્રીશ્રી કહેશે. મેળાઓની અંદર દવા કરવાથી, ઉત્સવોમાં ઇનામ આપવામાં પશુઓની સેવા નથી થતી, પશુઓનો વિકાસ નથી થતો. પશુઓનો વિકાસ કરવો હોય તો પશુપાલન, ખેડૂત, જે

એકલા પશુઓ પાળતા હોય એના ડેરા ઉપર જઇને જુઓ, પશુઓ ચરાવતા પરિવારને જુઓ તો સાચો ખ્યાલ આવી શકે કે ખરેખર પશુપાલન શું છે? દૂધ આપતી ગાયને બધા રોટલી આપે છે. આજે હજારો, લાખો પશુપાલકો એવા છે કે જે ગાય દૂધ કદી નથી આપવાની, છતા પણ એને જીવાડે છે. એને જીવતી રાખે છે. મરે ત્યાં સુધી સાથે રહે છે એ સાચા પશુપાલકો છે. ગૌની સેવા કરે છે. રોટલી નાખવાથી સેવા ન થાય. પશુપાલનનો આજે પણ કાયદો જીવિત છે. ૧૦૦ પશુઓએ ૪૦ એકર ગૌચર રહેવું જોઇએ. આપણા ભારતના કાયદામાં આજે પણ છે. જે ગૌચર બધા દબાઇ ગયા છે, વેચાઇ ગયા છે. આજે અમદાવાદની અંદર ગાય રોડ ઉપર ફરે છે. તેને ડબ્બે પૂરી દો. દંડ કરી દો. ગૌચર કયાં છે? દરેક શહેરોમાં, ગામની અંદર ગૌચર હતું. તમે કે અમે કેમ વેચી માર્યુ? ગાયનું ગૌચર લાવો, સરકારી પડતર જમીન લાવો. ગાયો કયાં ઊભી રહેશે? ગાયો કયાં જાય? એને ડબ્બે પૂરો, દંડ કરો કે બારોબાર કસાઇવાળાને આપો, પણ એનો હક્ક છે. બંધારણમાં કાયદામાં જોગવાઇ છે. એના પ્રમાણે આપો. વધારે નથી જોઇતું. પહેલેથી બંધારણ કાયદા મુજબ ૧૦૦ ઢોરે ૪૦ એકર ગૌચર એટલું રાખો તો પણ તમને ધન્યવાદ છે. તો લાગે કે ગાય, પશુઓ માટે કઇક પાલન કર્યુ. નવા કાયદા લાવવાથી કશું નહીં થાય. ગૌ હત્યાનો કાયદો મોજુદ જ છે. જયાં બોર્ડ મારીને, સિક્કા મારીને ગાડીઓ પકડે છે તેમાં કાયદાનું પાલન ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી અંદરની નીતિથી કાયદા કડક નહીં બને તો એ નહીં થાય. આપણે એમ વિચારીએ કે આ નથી થવા દેવું તો પણ નહીં થાય બાબુભાઇ. તમે આપના આત્માને કહો કે મારે ગૌહત્યા નથી થવા દેવી તો સાહેબ વગર કાયદે પણ નહી થાય. કેવી રીતે થાય? તેમાં કયાંકને કયાંક આપણી ઢીલાશ છે, આપણું મેળાપીપણું છે. કેમ થઇ શકે. આજે તમામ ક્ષેત્રે આ રીતે થઇ રહ્યું છે એટલું જ નહીં પરંતુ હોસ્ટેલો બનાવી. આગળ જાહેરાત કરી હતી કે પશુઓ માટે હોસ્ટેલો બનાવી. હું મુંબઇ ગયો હતો તો ત્યાં કહે કે તમારે તો ઢોરો માટે હોસ્ટેલ છે. મેં કહ્યું કે માણસો રડે છે અને ઢોરો માટે હોસ્ટેલો છે. કેટલી હોસ્ટેલો છે?

શ્રી <#M/નાગરજી હ. ઠાકોર/M#>(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ મંત્રીશ્રી અમારા ચીમનભાઇ સાપરીયા જે કૃષિ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા ઉભો થયો છું. સૌ પહેલાં મારે દિલ્હીની સરકારને અભિનંદન આપવા છે. આપણા પૂર્વ મુખ્યમંત્રી અને હાલ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને આ ખેડૂતોની માગણી છે ત્યારે ખેડૂતોની જ વાત કરવી છે. તેનો દાખલો એ છે કે નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રી હતા અને ખેડૂતોને ખુશ કર્યા તેના કારણે લોકસભાની ચૂંટણીમાં ૨૬–૨૬ સીટો આવી. આજે મારા ઉત્તરપ્રદેશના ખેડૂતોનો આભાર માનવો છે અને તેને અભિનંદન આપવા છે. ઉત્તરપ્રદેશના ખેડૂતોને ખુશ કરવાના કારણે આજે ૪૦૩ સીટોમાંથી ૩૨૫ સીટો ભારતીય જનતા પાર્ટીને મળી હોય અને તમારી માંડ સાત સીટ આવી છે ત્યારે મારે ઉત્તરપ્રદેશના ખેડૂતોનો આભાર માનવો છે. અમારા ગોવાભાઇ ખેડૂતની વાત કરે છે. ખેડૂતલક્ષી વાત કરે છે. મારે ગોવાભાઇને કહેવું છે કે, આ ખેડૂતલક્ષી માગણીઓ છે ત્યારે જો આપણને ખેડૂતોની દયા આવતી હોય અને ખેડૂતોની વાત કરતા હોય તો આપને આમાં સમર્થન આપવા કોણ ના પાડે છે? અરે, ગોવાભાઇ મારે મારા વિસ્તારની વાત કરવી છે. મારો પછાત એરીયાનો વિસ્તાર છે. પાકિસ્તાનની બોર્ડરને અડીને આવેલ વિસ્તાર છે. પૂર્વેની સરકારોના ૪૦–૪૦ વર્ષના વહાણાં વાયા ત્યારે ખેડૂત યાદ નહોતો આવતો અને આજે ખેડૂત યાદ આવ્યો. ઠીક છે કંઇ વાંધો નહીં. ખેડૂત યાદ આવ્યો એટલું આપનું સારુ કહેવાય. અગાઉની જે તે સરકારો વખતે મારા વિસ્તારમાંથી લોકો હિજરત કરી સૌરાષ્ટ્રની અંદર મજૂરી કરવા જતા હતા. એટલું જ નહીં જયારે દુષ્કાળ આવે ત્યારે એક કુટુંબમાંથી બે ભાગ પડી જતા હતા. મોટી ઉંમરના માતા–પિતા ઘરે હોય અને છોકરાં કમાવવા જાય. ત્યારે કોઇ સુવિધા ન હતી. કોઇ સમાચાર લેવા હોય તો શેનાથી લેવા તેવી પરિસ્થિતિ હતી. આજે બધા વાતો કરો છો. કાંઇ કર્યુ નહીં અને વાતો કરવી. અમને દેખાય છે એટલે બોલીએ છીએ. મારે વિપક્ષના લોકોને કહેવું છે, મારા સાથી મિત્રોને કહેવું છે કે અત્યારે ફાંફા ના મારો. હજી સમય છે ઘરે જાઓ, આપના વિસ્તારમાં વ્યવસ્થા કરો નહીંતર આમાં બેઠા એ એકેય ચૂંટાવાના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગોવાભાઇના વિસ્તારના એક ખેડૂતનો મારે આભાર માનવો છે, બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ગોરીયા ગામના ખેડૂત ગેલાભાઇ દાડમની ખેતી કરે છે, ભારતીય જનતા પાર્ટીની સરકારે એને એવોર્ડ આપ્યો છે અને આપ કહો છો કે પાણી નથી. શા કારણથી ગોવાભાઇ •(×××) શેના માટે આવું બોલો છો મને એ તો કહો? ગોવાભાઇ આપનો વિસ્તાર છે બનાસકાંઠા અને ત્યાંના ખેડૂત ગેલાભાઇને મારે અભિનંદન આપવા છે કારણ કે હું પોતે એક ખેડૂત છું અને આ ખેડૂતનું ગૌરવ વધાર્યું છે અને આવી મોટી સરસ મજાની ખેતી કરતા હોય આ વિસ્તારમાં અને આ લોકો બૂમો જ પાડે છે કે પાણી નથી, પાણી નથી તો શું એ પાણી વગર કરતા હશે? તમે બધા કયાં થઇને આવો છો, રોડ પરથી નથી આવતા? કયાંથી આવો છો તમે બધા, તમારા વિસ્તારમાં કાંઇ આવતું જ નથી? આપને અધિકાર છે બોલવાનો વિપક્ષમાં બેઠા છો એટલે બીજું તો કાંઇ સૂઝે નહીં પણ થોડી નીતિ તો રાખો અને થોડી મર્યાદા રાખો, મયાર્દા વગર બોલવાનું? ગોવાભાઇ, બોલવાનો આપનો અધિકાર છે કારણ કે હવે બોલવા સિવાય કાંઇ વધ્યું જ નથી ફકત બોલવાનું જ રહ્યું છે એ ખૂબ સારી વાત છે અને હજુ મારે વિપક્ષના મિત્રોને કહેવું છે અને પરેશભાઇ ધાનાણીને કહેવું છે કે, પરેશભાઇ વારંવાર બોલે છે બાપડો ખેડૂત, બિચારો ખેડૂત પણ મારુ કહેવું છે કે ખેડૂત બિચારો અને બાપડો હોઇ જ ન શકે એ તો ખેતી પ્રધાન છે એને ગરીબ કહેવાય પણ બિચારો–

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાપડો ન કહેવાય. આજના યુગમાં ઉત્તર પ્રદેશના ચૂંટણીના અનુસંધાને બિચારી તો કોંગ્રેસ થઇ ગઇ છે ત્યારે સાથી વિરોધ પક્ષને વિનંતી કરું છું કે, આ માગણી છે એ ખેડૂત લક્ષી માગણી છે આપણે બધા ભેગા રહીને ખેડૂતનું હિત વિચારતા હોય તો બધાએ સાથે મળીને આને સમર્થન આપી આ બજેટને સર્વસંમતિથી પસાર કરીએ."ભારત માતા કી જય"

શ્રી <#Mi /ચીમનભાઇ ધ.સાપરીયા/Mi #> (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માગણીઓ લઇને આવ્યો છું એમાં ધારાસભ્યશ્રી વાસણભાઇ, બાબુભાઇ, બાવકુભાઈ, અરૂણસિંહ, પરબતભાઇ, નાગરજીભાઇ અને વિપક્ષના સભ્યશ્રી બળવંતસિંહ, પરેશભાઇ, અમિતભાઇ, મેરામણભાઇ આ તમામ મિત્રોએ ભાગ લીધો એ પૈકીના અમુક ધારાસભ્યશ્રીઓએ બજેટના વખાણ કર્યા છે, અમુક ધારાસભ્યશ્રીઓએ સારા સૂચનો કર્યા અને અમુક ધારાસભ્યશ્રીઓએ ટીકા પણ કરી છે એ બદલ સૌ પ્રથમ હું તમામનો આ તકે આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સમક્ષ રાજયનું કૃષિ ખેડૂત કલ્યાણ વિભાગ અને ઉર્જા વિભાગનું બજેટ ધરતી પુત્ર તરીકે રજૂ કરતા હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કરોડો ભારતવાસીઓના હૃદય સમ્રાટ માં ભારતીના પરમ વૈભવના શિખરે પહોંચાડવા માટે ન્યુ ઇન્ડિયાનો મંત્ર આપનાર દેશના વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજકીય ચાણક્ય આદરણીય શ્રી અમિતભાઇ શાહને તાજેતરમાં પાંચ રાજયોની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ભવ્ય અને દિવ્ય વિજય અપાવવા બદલ સમગ્ર દેશવાસીઓ વતી તથા સમગ્ર ગૃહ વતી હૃદયપૂર્વક હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રામાયણ અને મહાભારત કાળથી આ દેશ ઋષિઓનો અને કૃષિનો દેશ રહ્યો છે. ૬૫ ટકા લોકો ગામડામાં વસે છે, કૃષિ અને પશુપાલન ઉપર નિર્ભર છે. અમારા આદર્શ પૂજયશ્રી દિનદયાળ ઉપાધ્યાયજીના 'એકાત્મ માનવવાદ' ના સિદ્ધાંતના આધારે સમગ્ર દેશમાં છેવાડાના માનવીનો વિકાસ થાય તેમ અમારી સરકાર પ્રયત્ન કરે છે અને આજે એ રીતે સરકારના ઉત્થાનની દિશામાં સરકાર આગળ વધી રહી છે. આ ગુર્જર ભૂમિની વિકાસયાત્રાના પ્રણેતા રાષ્ટ્રના વડાપ્રધાન અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલી કેડી ઉપર વિકાસરથને આગળ ધપાવવા એવા લોકલાડીલા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા ધરતીપુત્ર માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાત રાજયએ સમગ્ર રાષ્ટ્રમાં સીમાચિહ્નરૂપ વિકાસ કરીને સમૃદ્ધ અને વેલ્ફેર સ્ટેટ એટલે કે કલ્યાણ રાજયનું સ્થાન હાંસલ કર્યું છે. રાજ્યના વિકાસની યાત્રામાં કૃષિ ક્ષેત્રે પણ કદમથી કદમ મિલાવી કૃષિ વિકાસ દર ડબલ ડિજિટમાં જાળવી રાખી વિકાસની હરણફાળ ભરી છે. મને કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે વર્ષ ૨૦૦૧માં માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત રાજયનું શાસન સંભાળ્યું ત્યારે ખેડૂતો માટે સોનાનો સુરજ ઉગ્યો. વર્ષ ૨૦૦૫થી હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરી અને તેને કારણે કૃષિ સંલગ્ન ક્ષેત્રનું ઘરગથ્થુ ઉત્પાદન વધીને અત્યારે એક લાખ છવ્વીસ હજાર કરોડ રૂપિયાથી પણ વધારે થયું છે, જે દર્શાવે છે કે છેલ્લાં દાયકાથી કૃષિ અને સંલગ્ન ક્ષેત્રે ઘરગથ્થુ ઉત્પાદનમાં ડબલ ડિજિટ જેટલી વૃદ્ધિ થઇ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેતી અને ખેડૂતને માત્ર ટકાવી રાખવાનું કામ નથી કર્યું પરંતુ 'સૌનો સાથ, સૌનો વિકાસ' ની નીતિ અપનાવી ખેડૂતને ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. 'ખેડ, ખેતર અને પાણી સમૃદ્ધિ લાવે તાણી' જે વાક્યને ગુજરાતના ખેડૂતોએ યથાર્થ કર્યું છે. આ તબક્કે સરદાર પટેલ સાહેબના શબ્દો મને યાદ આવે છે કે, મારી એક ઇચ્છા એવી છે કે, ભારત એક સારો ખેત ઉત્પાદક દેશ બને અને આ દેશમાં કોઇ ભૂખ્યું ના હોય અને અન્ન માટે આંસુ ના સારે તે જરૂરી છે. આમ, સરદાર સાહેબને મન ખેડૂત એ જગતનો તાત છે. સૌનું પોષણ કરે છે. સમૃદ્ધ ભારતના સ્વપ્નદૃષ્ટા માનનીય પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીની વિકાસલક્ષી નીતિથી સરદાર પટેલનું સ્વપ્ન ચરિતાર્થ થતું હોય તેમ જણાય છે. કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ રાજ્યના લાખ્ખો ખેડૂતની મહેનત અને કૃષિ વિભાગના કર્મયોગી તંત્રના કાર્યને બિરદાવતા રાજ્ય સરકારે ચાલુ વરસે બજેટમાં કૃષિ વિભાગને નવું નામ આપેલ છે અને 'કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ' જાહેર કર્યું છે જે આવકાર્ય છે એ માટે હું માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો રાજ્યના લાખ્ખો ખેડૂતો વતી આભાર વ્યક્ત કરું છું. અમારા સામેના મિત્રોને સંશય હશે કે વિભાગનું નામ બદલવાથી ખેડૂતોનું કલ્યાણ થશે પણ મારે સ્પષ્ટતા કરવી છે કે, માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની 'કલ્યાણ રાજ્ય' ની પરિકલ્પનાને સાકાર કરવા માટે રાજ્ય સરકારે કલ્યાણકારી નીતિ અપનાવ્યા પછી આ નામાભિધાન કર્યું છે. કહેવત છે કે, 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ક નોકરી' પ્રાચીન ભારતની ઉત્તમ અર્થ વ્યવસ્થાને નૂતન ગુજરાતમાં અમે પુનઃ સ્થાપિત કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના કોંગ્રેસ શાસનમાં દેશની આબરૂ તળિયે ગઇ હતી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં દેશની પ્રતિષ્ઠા વધારી છે. પાકિસ્તાનના નાપાક ઇરાદા સામે સર્જીકલ સ્ટ્રાઇક કરી ભારતીયોનું આત્મગૌરવ વધાર્યુ છે. તાજેતરના ચૂંટણી પરિણામોએ પ્રતિપાદિત કર્યુ છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની કૃષિલક્ષી યોજનાને સમગ્ર દેશની પ્રજાને આવકારી છે. એટલુ જ નહીં થોડાં સમય પહેલાં થયેલી નોટબંધી બાદ ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોણ આવ્યું ? ભાજપ આવ્યું. મધ્યપ્રદેશમાં કોણ આવ્યું ? ભાજપ આવ્યું. મહારાષ્ટ્રમાં કોણ આવ્યું ? ભાજપ આવ્યું. અને કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ચૂંટણી પહેલાં ગુજરાત આવી અને બોલતા હતાં કે ભૂકંપ સર્જાશે. ત્યારે ખરેખર ભૂકંપ સર્જાયો છે ઉત્તર પ્રદેશમાં મોદીનું વાવાઝોડું નહીં પણ સૂનામી આવી છે. કોણ આવ્યું ? મોદી આવ્યાં. કોણ આવ્યું ? ભાજપ આવ્યું. આમ સર્જીકલ સ્ટ્રાઇક કરી સમગ્ર દેશનાં લોકોના દિલ જીતી લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ સમગ્ર દેશે માનનીય નરેન્દ્રભાઇ મોદીની નીતિ અને નિયતિમાં ભરોસો કર્યો છે. આ જીત માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીની લોકપ્રિયતા અને ભારતીય જનતા પાર્ટીની સ્વીકૃતિની આ જીત છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત હાઉસની અંદર હાજર ના હોય તેની ચર્ચા ના થઇ શકે. એટલે ચીમનભાઇ, જે વ્યકિત હાઉસમાં નથી તેની વાત ના કરો સુનામી વાવાઝોડાની વાત ના કરો આ પંજાબમાં પણ આવ્યું છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાતિવાદ અને જાતિવાદની ખદબદતી રાજનીતિને પરાસ્ત કરી વિકાસના એજન્ડાને ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, મણીપુરની જનતાએ સ્વીકૃતિની મહોર મારી છે. (અંતરાય) હવે ગોવાભાઇ સાંભળો, " યે લહેર નહીં આંધી હૈ, પીકચર અભી બાકી હૈ ૨૦૧૭ કા."

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સર્વે સદસ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની સૌનો સાથ સૌનો વિકાસ એ વિચારધારાને ચરિતાર્થ કરવા માટે આપ સૌ અમને સાથ અને સહકાર આપો. રાજયના સર્વાંગી વિકાસની સફળતાના સહભાગી બનો અને ગુજરાત સમગ્ર દેશનાં સુવર્ણયુગના સાક્ષી બનો. આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કવિતાની પંકિતઓ યાદ આવે છે. "પ્રારબ્ધને અહીંયા ગાંઠે છે કોણ, હું પડકાર ઝીલનારો માણસ છું, હું તેજ ઉછીનું લઉં નહીં, હું જાતે બળતું ફાનસ છું. હું પડકાર ઝીલનારો માણસ છું."

માનનીય અધ્યક્ષશ્રી, અમને બધાને ખબર જ છે કે અમે શું છીએ. અમારે તો સાચી વાત કરવી છે અને લોકો અમને ઓળખે છે. (અંતરાય) કૃષિ વિભાગની જોગવાઇઓની વાત કરીએ તો વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૨૯૩.૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. તે ગયા વર્ષની સરખામણીમાં ૫૭૮.૫૨ કરોડનો વધારો છે. એટલે ૧૫.૫૭ ટકાનો વધારો છે. મારા સાથી મિત્રો કહેતા હોય કે આ સરકાર કૃષિ અંગે કામ નથી કર્યુ ત્યારે મારે કહેવું છે કે, વર્ષ ૨૦૦૧-૦૨માં ૪૯૦ કોડની જોગવાઇ હતી અને વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૨૯૩.૨૪ કરોડની જોગવાઇ એટલે કે રૂ.૩૮૦૩.૨૪ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. વાવેતર વિસ્તાર અને ઉત્પાદનની વાત કરીએ તો માળખાકીય સુવિધાઓ અને કૃષિ વિસ્તરણ, કૃષિ યાંત્રિકરણ અને પ્રોત્સાહન થકી રાજ્યના કુલ વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યના ખેડૂતોની મહેનત, લગન, કોઠાસૂઝ, કૃષિ વિભાગની ટેકનોલોજી, ટ્રાન્સફર માટેની નિરંતર પ્રક્રિયા થકી કૃષિ ઉત્પાદન ક્ષેત્રે નવા આયામો પ્રસ્થાપિત થયા છે. ખાદ્ય પાકોના ઉત્પાદનની વાત કરીએ તો ૧૨.૫ લાખ મેટ્રીક ટનનો વધારો થયો છે. તેલિબિયાંના ઉત્પાદનમાં ૯.૭૪ લાખ મેટ્રિક ટનનો વધારો થયો છે અને કપાસના ઉત્પાદનમાં ૧૯.૯૭ લાખ ગાંસડી એટલે કે ૩.૩૩ લાખ મેટ્રિક ટન સુધીનો વધારો થયો છે અને બાગાયત પાકોના ઉત્પાદનમાં ૧૨૭.૪૪ લાખ મેટ્રિક ટનનો વધારો થયો છે. કૃષિ ઉત્પાદનની અંદર દર વર્ષે ઉત્પાદકતામાં ખૂબ મોટો વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ખેતીવાડી ખાતેની જોગવાઇમાં ૨૫૯૧.૩૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં લગભગ ૯.૬૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની શરૂઆત કરી અને તેના આધારે સારા પરિણામો મળ્યા છે. વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. ૨૦૧૭-૧૮માં પણ ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી અને કૃષિ આનુષાંગિક બાબતો અંગે રૂબરૂ માર્ગદર્શન આપવામાં આવે છે. ૧૨ મો કૃષિ મહોત્સવ તા.૯/૫/૧૬ થી તા.૩૧/૫/૧૬ દરમિયાન યોજવામાં આવેલ. જિલ્લા કક્ષાએ સેમિનારનું આયોજન કરવામાં આવેલ. રાજ્યની અંદર રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૩૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેમાં ગત વર્ષની સરખામણીમાં ૬૫ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને ૨૧.૬૬ ટકાનો વધારો થયેલ છે. સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૧૭-૧૮માં ૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગત વર્ષની સરખામણીમાં ૬૨ કરોડનો વધારો કરવામાં આવ્યો એટલે કે લગભગ ૩ ગણો વધારો સેન્દ્રિય ખાતરને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યો છે. ઓર્ગેનિક યુનિવર્સિટી તેમજ ઓર્ગેનિક પોલીસી અંતર્ગત ૮૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ ખેડૂતને માત્ર ૧ ટકાના વ્યાજે ધિરાણ મળી રહે એના માટે કરવામાં આવી છે. સહકારી ધિરાણ માળખાને કોડ બેન્કીંગ સીસ્ટમ સાથે જોડવા માટે Rupee cum Debit card પૂરું પાડવા માટે ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત એગ્રો મારફત સંગ્રહ માટે ૨૦૧૬-૧૭માં રૂ.૨૮.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી. જેના પરિણામે ખેડૂતોને સમયસર તમામ પ્રકારનું ખાતર ઉપલબ્ધ થયા એ મુજબ ચાલુ વર્ષે પણ ૨૮.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. કેશલેશ પેમેન્ટ અંતર્ગત રાજ્યના ખેડૂતો માટે રૂ.૫૦ કરોડના ખાતરની ખરીદી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં ઉત્પાદન થતા રાસાયણિક ખાતર તેમજ આયાત થતા યુરિયા ખાતરને લીમડાના તેલનો પટ આપવા માટેનો નિર્ણય કર્યો, આ યુરિયા ખાતર જે ખેડૂતોને સબસિડીયુક્ત ખાતર મળતું એ ખાતર ખેડૂતના ખેતરના બદલે ઉદ્યોગોની અંદર જતું રહેતું હતું અને એ ઉદ્યોગોની અંદર જતું અટકાવવા માટે નીમ કોટેડ યુરિયા કરવા માટેનો નિર્ણય કર્યો અને જેના પરિણામે રાજયની અંદર બિન જરૂરી જે અછતો થતી હતી અને એ અછતો પણ આપણે નિવારી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિને યાંત્રિકકરણ કરવા માટે વર્ષ ૨૦૧૭-૧૮ની અંદર ૨૮૫.૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગત વર્ષની સરખામણીમાં ૬૦.૪૯ કરોડ રૂપિયાનો વધારો કર્યો છે અને ૨૬.૮૩ ટકાનો એમાં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ૭૧૭ કંપની તથા ૩૦૪૪ મોડલનું એનપેનલમેન્ટ કરીને ખેડૂતોને પસંદગી મુજબનું યાંત્રિક સાધન ખરીદવું હોય એ ખરીદી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓન લાઇન ખેડૂત રજીસ્ટ્રેશન માટે ૧૭.૧૩ લાખ

રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૨.૧૩ લાખ ઉપરાંત અરજીઓ ઓનલાઇન મળેલ. જેમાં ટ્રેકટર ખરીદી સહાય માટે રૂપિયા ૧૨૦ કરોડની જોગવાઇ કરી અને જે અંતર્ગત ૨૪ હજાર ખેડૂતોને સહાય આપવામાં આવેલ. ઓછામાં ઓછું કૃષિ યાંત્રિકકરણ ધરાવતા ૧૭ જિલ્લામાં ૪૧ તાલુકાની સબમીશન ઓન એગ્રીકલ્ચર મિકેનાઇઝેશન ઓન અમલમાં છે અને જે માટે રૂપિયા ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

આમ, કૃષિ વિભાગની અંદર સુક્ષ્મા પિયત માટેની જોગવાઇ રૂપિયા ૮૨૮ કરોડની કરવામાં આવી. એ જે રીતે વર્ષ ૨૦૧૭–૧૮માં ૨૮ કરોડમાં ગુજરાત સીડ વેલી ફેડરેશનની સ્થાપનાનો ઉદ્દેશ અને તેનું અમલીકરણ ખેડૂતોને સમયસર અને ગુણવત્તાવાળું બીજ મળી રહે એના માટેની જોગવાઇ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગની અંદર આવા અનેક વિષયો રાજય સરકારે અમલમાં મૂકી અને સાચા અર્થમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે, પૂરતું ઉત્પાદન મળી રહે એના માટેના અનેકવિધ યોજના અમલમાં મૂકી છે.

માનનીય પરેશભાઇ ધાનાણી જયારે મારા વિભાગની માગણીની અંદર ઉભા થયા ત્યારે એમના શબ્દો હતા, મારે પોલિટિકલ કોઇપણ જાતનું નિવેદન કરવું નહોતું પણ માનનીય પરેશભાઇએ એમ કહ્યું કે, ઉર્જા વિભાગની અંદર ઝાટકા આવે છે ત્યારે મારે પરેશભાઇને કહેવું છે કે, કોંગ્રેસ પાર્ટીને ૧૯૯૦થી ઝાટકા આવવાની શરૂઆત થઇ અને સામે બેઠા, એ પછી ૧૯૯૫માં ઝાટકા આવ્યા, ૧૯૯૮માં ઝાટકા આવ્યા, ૨૦૦૨માં ઝાટકા આવ્યા, ૨૦૦૭માં ઝાટકા આવ્યા, ૨૦૧૨માં ઝાટકા આવ્યા અને ૨૦૧૪માં ઝાટકા આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય પરેશભાઇને જણાવવું છે કે, તમારા શાસનની અંદર ૧૯૬૦ થી ૨૦૦૧ સુધીમાં જેટલા ૬૦ કે.વી સબસ્ટેશન, ૧૩૨ કે.વી. સબસ્ટેશનો જેટલા ઉભા કર્યા એના કરતાં વધારે સબસ્ટેશનો આ ૧૪ વર્ષની અંદર ઉભા કર્યા છે. ઝાટકાની વાત તો એ ભૂતકાળ  બની ગયો.  તમારા સમયની અંદર ઝાટકા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય કે, ગુજરાતે વિકાસની એક નવી જ પરિભાષા કંડારી છે. પ્રત્યેક ગુજરાતી રાજયની આ અવિરત વિકાસ યાત્રામાં સહભાગી બનીને આજે ગૌરવ અનુભવી રહ્યા છીએ. મિત્રો, ઉર્જા શકિત એ રાજયના વિકાસ માટે એક અતિમહત્વનું  ચાલક બળ છે. ગુજરાત આજે સમગ્ર દેશમાં એક પાવરમાં સરપ્લસ રાજય બની રહ્યું છે અને ગુજરાતના ઉર્જા ક્ષેત્રનું ઉદાહરણ લઇને અન્ય રાજયોએ પણ ગુજરાત જેવી યોજનાના અમલીકરણની દિશામાં કામગીરીની શરૂઆત કરી છે આ જ રીતે રાજયના ખેતીવાડી ક્ષેત્રના વિકાસ માટે વર્ષ ૨૦૧૨–૧૩ની દર વર્ષે અંદાજિત એક લાખ ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવી રહ્યા છે. જેનાથી કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ સાથે રાજયના વિકાસની નેમ રાખી આપણે આગળ વધીશું.

સન ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં ઉર્જા વિભાગ માટે ૮૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે જે ગત વર્ષ કરતાં ૩૦૦ કરોડ રૂપિયાની વધારે જોગવાઇ કરવામાં આવી છે. દેશમાં વીજ કાપથી મુકત  જો કોઇ રાજય બન્યું હોય તો એ ફકત ગુજરાત રાજય છે. જયોતિગ્રામ યોજનાના સફળ અમલીકરણ દ્વારા દરેક ગામને ૨૪ કલાક થ્રી ફેઇઝ વીજળી આપવામાં દેશમાં ગુજરાત પ્રથમ રાજય બન્યુ છે. ઇ–ઉર્જામાં સંપૂર્ણ અમલીકરણમાં દેશમાં જો કોઇ પ્રથમ રાજય હોય તો એ ગુજરાત છે. સૌથી ઓછો વીજ વિક્ષેપનો દર તેમજ સમયગાળો ધરાવવામાં પ્રથમ જો કોઇ રાજય બન્યું હોય તો એ ગુજરાત બન્યું છે. કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય દ્વારા દેશભરના રાજયોની વીજ વિતરણ કંપની મારફતે ઇન્ટીગ્રેટેડ રેટીંગમાં છેલ્લા ત્રણ વર્ષથી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. વર્ષ ૨૦૦૫ થી આજ દિન સુધીમાં રાજય સરકાર જીયુવીએનએલ તથા એની સાથે સંકળાયેલી કંપનીઓને ઉર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ૧૩૯ જેટલા વિવિધ પ્રકારના એવોર્ડો પ્રાપ્ત થયા છે.

વીજ ઉત્પાદન ક્ષેત્ર માટે મારા વિરોધપક્ષના સભ્યશ્રીઓ વાત કરતા હતા ત્યારે એમના ધ્યાન ઉપર મૂકીશ કે આપના શાસન દ્વારા ૧૯૬૦ થી ૧૯૯૫ સુધીમાં ૬૧૭૬ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરતું રાજય હતું. વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૧ સુધીમાં ૨૫૧૧ મેગાવોટ વીજળી ઉતપન્ન કરતું રાજય બન્યું, અને ૨૦૦૧ થી ૨૦૧૭ સુધીમાં ૧૬૫૬૯ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરતું રાજય બન્યું છે આજે કહેતા આનંદ અને ગૌરવ થાય કે ગુજરાત ૨૫૨૫૬ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીને સરપ્લસ રાજય બન્યુ છે. વર્ષ ૨૦૧૭માં નાણાકીય વર્ષમાં વીજ મથકોના નવીનીકરણ માટે રૂપિયા ૨૧૪ કરોડની જોગવાઇ કરી છે.

એ જ રીતે નવા સબસ્ટેશનો સ્થાપવા માટે જે વાત કરવામાં આવી છે અને કામગીરી થયેલ છે એની વાત કરું તો વર્ષ ૧૯૬૦ થી ૯૫ સુધીમાં ૫૬૩ સબસ્ટેશનો બનાવવામાં આવ્યા હતા.૧૯૯૫ થી ૨૦૦૧માં ૧૪૨ અને ૨૦૦૧ થી ૧૭ સુધીમાં ૯૮૨ જેટલા સબસ્ટેશનો બનાવવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં નવા સબસ્ટેશનો દર વર્ષે ૧૦૦ બનાવવા માટેનો રાજય સરકારે ટાર્ગેટ રાખ્યો છે. અને ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં ૧૦૦ નવા સબસ્ટેરશન બનાવવા માટે તેમજ ૨૭૧૬ સરકીટ કિલોમીટરની ટ્રાન્સમીશન લાઇન નાખવા માટે ૨૫૯૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.  રાજયમાં  અપાયેલા કૃષિ કનેકશનની વાત કરીએ તો ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં ૪૨ વર્ષમાં ૭ લાખ ૩૩ હજાર કનેકશન આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૬ સુધીમાં ૧૪ વર્ષમાં ૭ લાખ ૨૫ હજાર ૫૪૯ વીજ કનેકશનો આપવામાં આવ્યા છે. ૪૨ વર્ષની અંદર જે કામગીરી થઇ છે એના કરતાં વધારે છેલ્લા ૧૪ વર્ષની અંદર કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં  સરેરાશ ૧ લાખ નવા વીજ કનેકશન આપવા માટેની જોગવાઇ કરવામાં આવે છે અને એ મુજબની કામગીરી આપણે હાંસલ કરીએ છીએ. ચાલુ નાણાકીય વર્ષની અંદર વર્ષ ૨૦૧૭માં ૧ લાખ ૨૫ હજાર નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે રૂપિયા ૨ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂતોને  વીજ બિલની અંદર રાહત આપવા માટે ૪૦૧૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી

છે. આ જ રીતે વીજ બિલ વસુલાત અને વર્ષ ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં ૧૪ લાખથી વધારે ખેડૂતોને તેમના કૃષિ વીજની અંદર રાહત દરે વીજળી આપવામાં આવે છે. ૧૪ લાખથી વધુ ખેડૂતોને કૃષિ વીજ જોડાણમાં રાહત દરે વીજળી આપવામાં આવે છે. રાજયમાં ખેડૂતોને સોલાર પંપ આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં રાજયમાં ૪૫૦૦ ખેડૂતોને તેમના કૃષિ વિષયક વીજ જોડાણ, સોલારપંપ આપવા માટે બજેટમાં ૧૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે ચાલુ વર્ષના બજેટમાં નવી આઇટમ તરીકે સોલાર પંપ જે ગ્રીડ આધારિત સોલાર ઉત્પન્ન થાય અને ગ્રીડમાં ખેડૂતોને આવક મળે એ પ્રમાણેની જોગવાઇ કરવામાં આવી છે. જેના પરિણામે આવનારા દિવસોમાં ખેડૂતોને કાયમી ધોરણે વીજ બિલ ભરવામાંથી મુક્તિ મળશે, ખેડૂતોને દિવસ દરમ્યાન વીજ પુરવઠો મળશે અને ખેડૂતોને કૃષિની આવક થશે. આમ આવનારા દિવસોમાં સોલાર પંપ આપી અને ખેડૂતોની આવકમાં વધારો થાય એ દિશામાં વિભાગ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો છે. સમયના અભાવે હું લાંબી વાત નથી કરતો, પરંતુ આજની મારી માગણી ઉપર કેટલાક ધારાસભ્યશ્રીઓએ ખૂબ સારા સૂચનો કર્યા છે. કોઇએ ટીકા કરી છે. કોઇએ સમર્થન પણ આપ્યું છે ત્યારે આપના દ્વારા વિધાનસભાના તમામ સભ્યોને મારી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની અને ઉર્જા વિભાગની માગણી સામે રજૂ થયેલ કાપદરખાસ્તો પરત ખેંચવા અને માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવા હું આ તકે વિનંતી કરું છું.

શ્રી <#Mi /બાબુભાઇ ભી. બોખીરીયા/Mi #> ( પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આજે જે પશુપાલન, મત્સ્યોદ્યોગ અને પાણી પુરવઠાની માગણીઓ લઇને આવ્યો છું તેમાં જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એવા સર્વશ્રી વાસણભાઇ આહીર, શ્રી અરવિંદભાઇ, શ્રી ઋષિકેશભાઇ, શ્રીમતી ઝંખનાબેન, શ્રી બલવંતસિંહભાઇ, શ્રી માનસિંહભાઇ, શ્રી અમિતભાઇ, શ્રી વજેસિંહભાઇ, શ્રી ઇશ્વરભાઇ અને શ્રી ગોવાભાઇઓ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના આર્થિક અને સામાજીક વિકાસમાં પશુપાલન અને ડેરી વિકાસનું આગવું પ્રદાન છે. ખાસ કરીને રાજયના પશુપાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અસંખ્ય કુટુંબો માટે પશુપાલન એ આર્થિક ઉપાર્જન માટેનો સચોટ વિકલ્પ છે. પશુપાલન સમાજના દરેક વર્ગના લોકોના આર્થિક વિકાસ માટે પૂરક આવકનું સાધન સાબિત થઇ રહ્યું છે. સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માગતા લોકો માટે આ વ્યવસાયમાં પૂરતી તકો ઉપલબ્ધ છે. કૃષિ સંલગ્ન સેવાઓમાં સૌથી વધુ વિકાસદર પશુપાલનનો રહે છે તથા દેશના સામાજીક અને આર્થિક વિકાસના માળખામાં પશુપાલન વ્યવસાય અગત્યનો ભાગ ભજવે છે.

માનનીય ગોવાભાઇએ જે ચિંતા કરી હતી. તેમણે બે ચિંતા કરી હતી. એક ઇ.વી.એમ.ની ચિંતા કરી હતી અને બીજી પશુપાલનના બજેટની ચિંતા કરી હતી. મારે આપના માધ્યમથી કહેવું છે કે ઇ.વી.એમ.ની ચિંતા તમે હવે ન કરજો. કારણ કે જેમ ઓમર અબ્દુલ્લાજીએ કહ્યું કે હવે ૨૦૧૯ નહીં પણ ૨૦૨૪. મારે અહીંયાથી કહેવું છે કે હવે ૨૦૧૯ પણ નહીં, ૨૦૨૪ પણ નહીં, જે રીતે માનનીય નરેન્દ્રભાઇ જયાં સુધી ઇચ્છ્યા ત્યાં સુધી ગુજરાતમાં મુખ્યમંત્રી રહ્યા એમ દેશમાં પણ પોતે જયાં સુધી ઇચ્છે ત્યાં સુધી એ આ દેશના વડાપ્રધાન રહેશે. એટલે હવે ઇ.વી.એમ. બધા ભૂલી જવાના છે. બીજી ગોવાભાઇએ બજેટની વાત કરેલી. ૧૯૯૦–૯૧થી ૧૯૯૪–૯૫ જે પાંચ વર્ષમાં ફાળવણી થયેલી છે માત્ર ૨૮ કરોડ રૂપિયા. ૨૦૧૨–૧૩થી ૨૦૧૬–૧૭ આ પાંચ વર્ષના ગાળામાં ફાળવણી છે એ ૨૦૧૬.૧૭ કરોડ રૂપિયા, આટલો વધારો થયેલો છે. આ સિવાય પણ હું આગળ કહેતો જઇશ. વર્ષ ૨૦૧૫–૧૬માં ગુજરાત રાજય ૧૨૨.૬૨ લાખ મેટ્રીક ટન દૂધના ઉત્પાદન સાથે સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે રહે છે. હાલ ગુજરાત રાજય દેશના કુલ ઉત્પાદનમાં ૭.૮૯ ટકા હિસ્સો એટલે કે દેશમાં પેદા થતાં દર ૧૨.૬૮ લીટર દૂધમાં ગુજરાત એક લીટર દૂધ પેદા કરે છે.

વર્ષ ૨૦૦૫–૦૬થી વર્ષ ૨૦૧૫–૧૬ના દસ વર્ષ દરમિયાન સમગ્ર દેશ દૂધ ઉત્પાદનમાં ૬.૦૨ ટકાનો વાર્ષિક વધારો નોંધાયેલો છે. જ્યારે ગુજરાત રાજયના સરેરાશ દૂધ ઉત્પાદનમાં ૭.૬૨નો વાર્ષિક વધારો નોંધાયેલો છે. એટલે કે ૬૯.૦૭ લાખ મેટ્રીક ટનમાંથી ૧૨૨.૬૨ લાખ મેટ્રીક ટનના દૂધ ઉત્પાદનમાં પહોંચી ગયા છીએ. રાજયના દૂધ ઉત્પાદનમાં વધારો થતા રાજ્યમાં માથાદીઠ દૂધ ઉત્પાદનમાં છેલ્લા દસ વર્ષમાં અભૂતપૂર્વ વધારો નોંધાયેલો છે. વર્ષ ૨૦૦૫–૦૬માં રાજયની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૩૫૦ ગ્રામ પ્રતિ દિન હતી. તે વર્ષ ૨૦૧૫–૧૬માં ૫૦૫ ગ્રામ પ્રતિ દિન થયેલી છે. વર્ષ ૨૦૦૨થી શરૂ કરાયેલ રાજય વ્યાપી પશુ મેળા અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં પશુ મેળા થકી ૪૪૯૭૭ પશુ આરોગ્ય મેળાના આયોજન દ્વારા ૧.૮૪ કરોડ પશુઓને સારવાર આપવામાં આવેલ છે. તબીબી સારવાર, સર્જીકલ સારવાર, ગાયનેકોલોજીકલ સારવાર, કૃમિનાશક દવાઓનું વિતરણ, કૃત્રિમ બીજદાન, રસીકરણ, ખસીકરણ જેવી વિવિધ સેવાઓ, કૃષિ મહોત્સવ અને સમગ્ર વર્ષ દરમિયાન યોજાતા પશુ આરોગ્ય મેળામાં નિઃશૂલ્ક દવા પૂરી પાડવામાં આવે છે. રાજયના પશુ સ્વાસ્થ્ય મેળા મજબૂત બનાવવા વર્ષ ૨૦૧૪–૧૫ના સમગ્ર સમય દરમિયાન રાજય સરકાર દ્વારા ૨૪૫ નવી પશુ સારવાર સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૨–૦૩માં રાજયમાં પશુઓના ચેપી રોગચાળાની સંખ્યા ૧૬૧ નોંધાયેલ. એ ઘટીને ૨૦૧૫–૧૬ દરમિયાન ૩૧ જેટલી રહેવા પામેલ છે. વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન ઘેટા–બકરાને સઘન કૃમિનાશક દવા પૂરી પાડવાની યોજના અન્વયે ૩ ડીવર્મીંગ કેમ્પનું આયોજન થયેલ. એમાં કુલ ૫૬,૩૬,૪૭૦ ઘેટામાં તથા કુલ ૬૫,૩૧,૫૮૩ બકરામાં ડીવર્મીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. આ જ પ્રમાણે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન કુલ ૫૨,૨૩,૪૮૧ પશુઓને સારવાર આપવામાં આવેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય અને. રોગ નિયંત્રણ યોજના અંતર્ગત વર્ષ

૨૦૧૬–૧૭ના પ્રથમ રાઉન્ડ તા.૧–૮–૨૦૧૬થી તા.૧૫–૧૦–૨૦૧૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં યોજાયેલ. જેમાં કુલ ૧,૦૧,૫૯,૩૮૧ પશુઓને ખરવા–મોવાસા રોગની રસી આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૭–૧૮માં પાટણ જિલ્લામાં નવીન પશુ રોગ અન્વેષણ એકમ તથા અરવલ્લી જીલ્લામાં નવીન વેટરનરી પોલિકલીનિક સ્થાપવાનું રાજ્ય સરકારે નિર્ધાર કરેલ છે. રાજયમાં પશુ સંવર્ધન સેવાઓના વિસ્તરણ માટે વર્ષ ૨૦૦૫–૦૬થી વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન કુલ ૪૫૨૪ કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના કરાયેલ. રાજ્ય સરકાર દ્વારા વધુ ૨૫ નવા કેન્દ્રોની સ્થાપના કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. વર્ષ ૨૦૦૫–૦૬ની સાપેક્ષાએ વર્ષ ૨૦૧૫–૧૬માં રાજ્યમાં કૃત્રિમ બીજદાનમાં ૧૧૯.૯૪ ટકાનો વધારો નોંધાયેલ છે. એટલે કે ૩૨,૦૭,૪૦૫ની જગ્યાએ અત્યારે ૭૦,૫૪,૪૩૯ જેટલા કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. રાજયમાં ૧૯ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ કાર્યરત છે. સહકારી માળખા હેઠળ કુલ ૧૮,૭૪૨ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ૩૪.૬૧ લાખ સભાસદ છે. રાજયમાં કુલ ૪,૦૯૮ મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. જેમાં ૧૧.૪૪ લાખ મહિલા સભાસદો છે. આ સહકારી ડેરીઓની દૈનિક દૂધ એકત્રિત કરવાની ક્ષમતા ૧૬૪.૫૦ લાખ લીટર છે. વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન રાજ્યના કુલ દૂધ ઉત્પાદન સંઘો દ્વારા દૈનિક ૧૫૩.૧૫ લાખ લીટર દૂધ એકત્રીત કરવામાં આવેલ છે. ડેરી ક્ષેત્રે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫માં મહિલા પશુપાલકો માટે પશુધન વીમા સહાય અને વિદ્યુત સંચાલિત ચાફકટર અને મિલ્કીંગ મશીનની ખરીદી માટે ખાસ પેકેજની જાહેરાત કરવામાં આવેલ છે. જેમાં મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને બલ્ક મિલ્ક કુલર અને ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમની ખરીદી માટે તેમજ દૂધ ઘરના બાંધકામ માટે ૩૦૦ ચો.મી. જમીન અને રૂ.૫/– લાખની સહાય આપવામાં આવે છે. આ પેકેજની હકારાત્મક અસર શું પડી? મહિલા સંચાલિત સહકારી દૂધ મંડળીઓની સંખ્યામાં ૪૬.૪૨ ટકાનો વધારો થયેલો છે અને ગ્રામ્ય કક્ષાના દૂધ ઉત્પાદક સંઘોની મહિલા સભાસદોની સંખ્યામાં ૨૪.૨૯ ટકાનો વધારો નોંધાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રીની રાજ્યના પશુપાલકો પ્રત્યેની લાગણી તથા સન્માનની બાબત આ સભાગૃહ સમક્ષ મૂકતાં હું ગર્વ અને આનંદ અનુભવું છું. રાજકોટ ખાતે તા.૧૫–૧–૨૦૧૭ના રોજ શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર સમારોહ ૨૦૧૬–૧૭માં યોજાયેલ. જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની હાજરીમાં કુલ ૫૬૫ પશુપાલકોને શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડથી સન્માન આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫–૧૬માં પશુપાલન વિભાગે રાજયમાં દર દસ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનાની સુવિધા ઉભી કરવાની યોજનાનો પ્રારંભ કરેલ છે. વર્ષ ૨૦૧૭–૧૮ના અંદાજપત્રમાં કુલ ૩૪૫ મોબાઇલ પશુ દવાખાના માટે કુલ ૩૩.૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયમાં કુલ ૬ એનીમલ એમ્બ્યુલન્સ કમ ક્રિટીકલ કેર યુનિટની સ્થાપના માટે વર્ષ ૨૦૧૭–૧૮ના અંદાજપત્રમાં રુ. ૭.૦૩ કરોડની જોગવાઇ. વર્ષ ૨૦૧૪–૧૫માં મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજનાનો શુભારંભ કરવામાં આવેલો અને સમગ્ર રાજયમાં અમલીકરણમાં મુકવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭–૧૮માં અંદાજીત ૧૩૦ લાખ નિઃશુલ્ક પશુ સારવાર માટે રૂ. ૨૩.૦૦ કરોડની જોગવાઇ. રાજયમાં કૃમિનાશક દવાનાં કેમ્પ મારફતે ઘેટા–બકરાઓને કૃમિનાશક દવા પીવડાવી શકાય તે માટે વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૨.૪ કરોડની જોગવાઇ. રાજયમાં પશુ–પક્ષીઓમાં કુલ ૩.૨૯ કરોડ વિવિધ રોગપ્રતિકારક રસીકરણના ડોઝ માટે વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૨૯.૯૬ કરોડની જોગવાઇ. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની પ્રેરણાથી આ વર્ષે નવીન અભિગમ અપનાવતાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ૧૦મી જાન્યુઆરી ૨૦૧૭થી ૨૦મી જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન સમગ્ર રાજયમાં ઘાયલ પશુઓની સારવાર તથા ઓપરેશનની સુવિધા વિના મુલ્યે ઉપલબ્ધ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે પશુપાલન અને વન વિભાગના સંયુકત ઉપક્રમે કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત કુલ ૧૭,૭૯૨ પશુ–પક્ષીઓને સારવાર આપવામાં આવેલ. આ અભિયાનની સફળતા અને સારા પરિણામોને કેન્દ્રબિંદુમાં રાખી રાજ્ય સરકાર દ્વારા કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ–૧૯૬૨ના નામ હેઠળ ઘાયલ પશુ–પક્ષીઓની સારવાર તથા ઓપરેશનની સુવિધા વિના મુલ્યે ઉપલબ્ધ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે હાલમાં આરોગ્ય વિભાગ દ્વારા અમલી ૧૦૮ જેવી સુવિધા ઉભી કરવા માટે એક મહાનગરપાલિકામાં બે એવી કુલ ચાર મહાનગરપાલિકાઓ માટે પાયલોટ પ્રોજેકટ તરીકુ કુલ આઠ એમ્બ્યુલન્સ માટે રૂ. ૬.૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયમાં શુદ્ધ સંવર્ધન દ્વારા પશુ સુધારણા કાર્યક્રમને વધુ વેગ આપવા તેમજ દેશી પશુઓનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં વૃદ્ધિ કરવાના હેતુથી કૃત્રિમ બીજદાનનો વ્યાપ વધારવા સારૂં વર્ષ ૨૦૧૭–૧૮ના અંદાજપત્રમાં નવા એક ફ્રોઝન સીમેન સેન્ટર માટે રૂ. ૧૦.૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગઇ સાલ પણ આવા બે ફ્રોઝન સીમેન સેન્ટર મંજૂર કરવામાં આવેલા એટલે આ ત્રણ અને એક પાટણનું એમ કુલ ચાર કાર્યરત થતા આપણે રાજયના સો એ સો ટકા પશુઓને કૃત્રિમ બીજદાનથી કરી શકીશું અને માનનીય માનસિંહભાઇએ સામાન્ય માગણીઓ વખતે વાત કરી હતી એ ઉત્તમ ઓલાદના પશુઓ ગુજરાતમાં આવતા દિવસોમાં થશે. નરબચ્ચાંના જન્મદરને ઘટાડી પશુપાલન વ્યવસાયને વધુ નફાકારક બને તે હેતુથી સેકસડ સિમેન ડોઝની ખરીદી કરવા માટે વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૧.૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. માનસિંહભાઇ, આપે જે કીધું હતું એની પણ આ વખતે વ્યવસ્થા કરેલ છે. રાજયની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મહિલા સભાસદોને વર્ષ ૨૦૧૭–૧૮ માટે ૭૫૦ મિલ્કીંગ મશીન ખરીદી. ૨૪૦૦ પશુ વીમા પ્રીમિયમ, દસ હજાર ગાભણ પશુઓ માટે ખાણદાણની ખરીદી તેમજ મહિલા ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ૧૨૫ બલ્ક મિલ્ક કુલર્સ ખરીદી, ૩૭૫ ઓટોમેટિક મિલ્ક કલેકશન સિસ્ટમ ખરીદી, ૩૨૫ મિલ્ક એડલ્ટરેશન ડીટેકશન મશીન તથા ૨૨૫ દૂધઘર બાંધકામ માટે સહાય પુરી પાડવા માટે કુલ રૂ. ૩૭.૮૨ કરોડની જોગવાઇ. વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન સુરત, આણંદ, ભરૂચ, પંચમહાલ

અને બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોને એરિયા સ્પેસીફિક મીનરલ મિક્ષર પ્લાન્ટની સુવિધા ઉભી કરવા માટે રાજય સરકાર દ્વારા સહાય પુરી પાડવામાં આવેલ છે. રાજયના વધુ છ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોને એરીયા સ્પેસીફિક મીનરલ મિક્ષર પ્લાન્ટની સુવિધા ઉભી કરવા માટે સહાય પૂરી પાડવા રૂ.૧૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં સુરત, વલસાડ, ભાવનગર, અમરેલી, કચ્છ, ભરૂચ, બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોને કેટલ ફીડ ફેકટરીની સુવિધા ઉભી કરવા માટે રાજય સરકાર દ્વારા સહાય પુરી પાડવામાં આવેલ છે, વર્ષ ૨૦૧૭–૧૮માં વધુ બે જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોને કેટલ ફીડ ફેકટરીની સુવિધા ઉભી કરવા માટે સહાય પુરી પાડવા રૂ.૧૦.૦૦ કરોડની જોગવાઇ. ૧ થી ૨૦ દુધાળા પશુ એકમોની સ્થાપના માટે પાંચ વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ ટકા સુધીની વ્યાજ સહાય પુરી પાડવાનો રાજય સરકારે નિર્ધાર કરેલ છે જે અંતર્ગત કુલ દસ હજાર પશુ વર્ષ ૨૦૧૭–૧૮માં કુલ છ કરોડની જોગવાઇ કરેલ છે. રાજયમાં અંદાજે ૫૭૬ પશુ પાલકોને કેટલ શેડ બાંધકામ માટે સહાય પૂરી પાડવા માટે ૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં બકરા પાલન વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ૧૦ + ૧ બકરાના અંદાજે ૯૫૦ એકમની સ્થાપના સહાય પૂરી પાડવા માટે કુલ રૂપિયા ૨.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયના ૧૫,૫૫૬ પશુપાલકોને લીલા ઘાસચારાના લાંબાગાળાનાં સંગ્રહ માટે પોલી પ્રોપીલીન સાઇલેજ બેગની ખરીદી માટે સહાય પૂરી પાડવા માટે કુલ રૂપિયા ૯૧.૬૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. પશુપાલન સદરે સ્થાપિત કામધેનુ યુનિવર્સિટીના પશુ ચિકિત્સા વિજ્ઞાન, પશુપાલન, ડેરી વિકાસ તથા મત્સ્ય પાલન ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે રૂપિયા ૨૬.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પશુધન ઉત્પાદનની વિવિધ પદ્ધતિઓમાં ગુણાત્મક અને સંખ્યાત્મક સુધારણા તથા સહભાગીદારોમાં ક્ષમતા નિર્માણ થાય તે માટે નેશનલ લાઇવસ્ટોક મિશનની વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮માં રૂપિયા ૨૧.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નેશનલ પ્રોગ્રામ ફોન બોવાઇન બ્રીડીંગ અને ડેરી ડેવલપમેન્ટ રચના અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮માં રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭–૧૮ માટે પશુપાલન, ડેરી વિકાસ તથા ગૌસેવા અને ગૌચર વિકાસ માટે મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૫૬૮.૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેના ફળ સ્વરૂપે ગુજરાત રાજયનું દરિયાઇ મત્સ્ય ઉત્પાદન વર્ષ ૨૦૦૧–૦૨માં ૬.૫૦ લાખ મેટ્રિક ટન હતુ તે વધીને ૨૦૧૫–૧૬માં ૬.૯૭ લાખ મેટ્રિક ટન અને આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન જે ૦.૫૧ લાખ ટનમાંથી વધીને ૧.૧૨ લાખ ટન થયેલ છે. વર્ષ ૨૦૦૧–૦૨માં રાજ્યની વિદેશ નિકાસ ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી જે વધીને વર્ષ ૨૦૧૫–૧૬માં ૨.૦૮ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેને લીધે વર્ષ ૨૦૦૧–૦૨માં રૂપિયા ૬૨૫.૭૨ કરોડ વિદેશી હુંડિયામણ મળેલ હતું. જે વધીને વર્ષ ૨૦૧૫–૧૬માં રૂપિયા ૩૫૬૭.૨૪ કરોડ વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થયેલ છે. રાજ્યમાં ચાઇનીઝ હેચરીની સ્થાપના દ્વારા વર્ષ ૨૦૦૧–૦૨માં ૪૩.૬૪ કરોડનું મત્સ્ય બીજ સ્પોન ઉત્પાદન થયેલ જે વધીને વર્ષ ૨૦૧૬–૧૭માં ૮૮.૪૩ કરોડ થયેલ છે. બોટ રજીસ્ટ્રેશનની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતા હસ્તક મૂકવામાં આવતા અત્યાર સુધી ૨૭,૩૪૯ બોટોનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. રાજ્યના ૫૦ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે એલ.ઇ.ડી. લાઇટ દ્વારા વીજળીકરણની સુવિધાના ટેન્ડરો આખરી થયેલ હોઇ, ઓગષ્ટ ૨૦૧૭ સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવનાર છે. વેરાવળ અને માંગરોળ મત્સ્ય બંદરો ખાતે માછીમારોને પીવાના પાણીનો પ્રોજેક્ટ ટૂંક સમયમાં હાથ ધરાનાર છે. પોરબંદર ખાતે ડ્રેજીંગની કામગીરી તા. ૨૪–૨–૨૦૧૭થી ચાલુ થયેલ છે, જ્યારે વેરાવળ તેમજ માંગરોળ ખાતે ડ્રેજીંગની કામગીરી ચાલુ વર્ષમાં હાથ ધરાનાર છે. જાફરાબાદ ખાતે ફેઝ–૧ જેટીની લંબાઇ ૫૦૦ મીટર વધારવામાં આવેલ છે તથા ફેઝ–૨માં રોડ તથા ડ્રેનેજના કામો રૂપિયા ૫.૨૫ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. વર્ષ ૨૦૧૭–૧૮માં માછીમારોના વિકાસ માટે ચાલુ તેમજ નવી યોજનાઓ માટે નીચે મુજબની જોગવાઇઓ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭–૧૮માં દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં મૂલ્યવર્ધિત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તથા બદલાયેલા યુરોપીયન યુનિયનના ધારા ધોરણો મુજબ માંગરોળ, નવાબંદર, માઢવાડ, વેરાવળ–૨, પોરબંદર–૨ સુત્રાપાડા, ઓખા, ભદ્રેશ્વર ખાતે અદ્યતન માળખાકીય સુવિધાઓ સાથેના આઠ મત્સ્ય બંદરો તથા રૂપેણ, હીરાકોટ, ધામળેજ, ઉમરસાડી અને નવી બંદર એમ ૫ બંદરો ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્રોના વિકાસ માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હાઇસ્પીડ ડિઝલ ઓઇલ પરની વેચાણ વેરા માફી યોજના માછીમારી માટેની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડિઝલ ઓઇલ પરની વેચાણવેરા માફી યોજના માટે રૂપિયા ૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નાની ઓ.બી.એમ. બોટ ધારકોને પ્રતિ માસ ૧૫૦ લિટરની મર્યાદામાં રૂપિયા ૧૫ લેખે કેરોસિન ઉપર સહાય ચૂકવવા માટે રૂપિયા ૨૨.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની ફીશીંગ બોટોમાં વાયર રોપની જગ્યાએ ફાઇબર રોપ માટે રૂપિયા ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ફાઇબર રોપને ગ્રીસીંગ માટે ઓઇલની જરૂરત પડતી નથી જેથી દરિયાઇ પ્રદૂષણ ઘટાડવામાં તેમજ મચ્છીની ગુણવત્તા જાળવવામાં મદદરૂપ બને છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા હાઇજેનિક ફીશ માર્કેટની સ્થાપના માટે ડીપ ફ્રીજ, રેફ્રીજરેટર વાન માટે રૂપિયા ૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઝીંગા સીડ મળી રહે તે માટે ૧૦૦ મિલિયન પોસ્ટ લાર્વાની ક્ષમતા ધરાવતી એક શ્રીમ્પ હેચરીની સ્થાપના કરવા માટે રૂપિયા ૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કાંકરિયા ખાતે આવેલ મત્સ્ય ભવનમાં સુધારા–વધારા કરી આધુનિક બનાવવા માટે રૂપિયા ૧ કરોડની જોગવાઇ કરેલ છે. નીલ ક્રાંતિ–૨૦૨૦ કાર્યક્રમ અંતર્ગત આઇસ પ્લાન્ટની સ્થાપના, નવા તળાવ બાંધકામ, ઇનપુટ સબસિડી ફોર સીડ એન્ડ ફીડ, રેરીંગ

સ્પેસ ડેવલપમેન્ટ, એસ્ટાબ્લિશમેન્ટ ઓફ ફીશ શીડ હેચરી, ઇનપુટ સબસિડી ફોર બ્રેકીગ વોટર અને શ્રીમ્પ કલ્ચર, ફીડમીલની સ્થાપના, સી.વીડ કલ્ચર અને પર્લ કલ્ચર માટે રૂપિયા ૧૫.૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય મારે આપણે ફિશરીઝ માટે વાત કરું તો ૧૯૯૦–૯૧ થી ૧૯૯૪–૯૫ સુધી ૨૭૨૦ લાખ એની સામે ૨૦૧૨–૧૩ થી ૨૦૧૬–૧૭માં ૭૧૮૦૫ એટલે કે ૨૬૩૭% વધારે બજેટ ફાળવવામાં આવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પીવાના પાણીનાં પ્રશ્નનો કાયમી ઉકેલ તેમજ જળ સલામતી માટે કરવામાં આવેલ દીર્ઘદ્રષ્ટિપૂર્વકના આયોજન થકી રાજ્યને અછતના પ્રભાવથી મુક્ત બનાવવામાં સફળતા મળી છે. પાણી પુરવઠા ક્ષેત્રે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારની વ્યૂહરચના અંગે હું ધ્યાન દોરવા માગુ છું. રાજ્યના દરેક ગામ ફળિયા અને વ્યક્તિને પુરતું અને પીવાલાયક પાણી ઉપલબ્ધ કરાવવું. રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા અછત ધરાવતા વિસ્તારો અને ગુણવત્તા પ્રભાવિત ગામોને પાણી પુરવઠો પુરો પાડવો. ગ્રામ્ય કક્ષાએ પાણી વ્યવસ્થાપન સમિતિને વધુ સૃદઢ બનાવવી. સ્થાનિક સ્ત્રોતોનું મજબૂતીકરણ કરવું. માનનીય અધ્યક્ષશ્રી, બજેટની જો હું વાત કરું તો માનનીયશ્રી ઇશ્વરભાઇએ જે વાત કરી હતી કે અમારા કોંગ્રેસના સમયમાં પણ ઘણું બધું કામ થયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મારે જણાવવું છે કે ત્યારે શું કામ થયું હતું? પાંચ વર્ષના આંકડા આપીશ તો ખ્યાલ આવશે. ૧૯૯૧–૯૨ થી ૧૯૯૫–૯૬ બજેટની જે ફાળવણી હતી એ માત્ર ૮૩૫ કરોડ હતી. જ્યારે આપણે ૧૯૧૨–૧૩ થી ૧૯૧૬–૧૭માં ૧૬૬૪૫ એટલે ૧૯૯૩.૪૧% જેટલી વધારે એટલે ત્યારે શું કામ થયા છે પીવાના પાણીના? એના પછી શું થયા છે એ વાત સૌને મિત્રો ખ્યાલ આવશે આ બધા આંકડા રેકર્ડ ઉપરના છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણું રાજ્ય દેશની કુલ વિસ્તારના ૬.૪૦% જેટલું ક્ષેત્રફળ ધરાવે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓ જોઇએ તો ભારતની ૫% જેટલી વસ્તી આપણા રાજ્યમાં વસે છે. સરફેશ વોટરની વાત કરીએ તો માત્ર દેશનું ૨% જેટલું જ ભૂતળજળ ગુજરાતમાં ઉપલબ્ધ છે. આમ વસ્તી ૫%થી પણ વધારે અને પાણીની ઉપલબ્ધિ માત્ર ૨% જેટલી છે. હાલની સ્થિતિએ આપણા રાજ્યમાં ૨% જે પાણી મળે છે એમાંથી ૭૦% જેટલું પાણી રાજ્યના દક્ષિણ વિસ્તારમાં છે. રાજ્ય સરકારના વ્યાપક અને દીર્ઘદ્રષ્ટિભર્યા નિર્ણયો થકી રાજ્યના દક્ષિણ વિસ્તારથી પાણીનું ઇન્ટરબેઝીન ટ્રાન્સફર કરી સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ ઉત્તર ગુજરાતને આપી શક્યા છીએ અને આવા જ કારણોસર રાજ્યમાં પીવાના પાણીની રાજ્ય વ્યાપી ગ્રીડનું નિર્માણ થયેલ છે. રાજ્ય વ્યાપી પીવાના પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ નર્મદા માસ્ટર પ્લાન ગ્રીડનો એક અહમ ભાગ છે. નર્મદા માસ્ટર પ્લાન અંતર્ગત ૮૩૩૩ ગામો અને ૧૫૯ શહેરોને આવરી લેવામાં આવેલ છે. રાજ્યની પાણી પુરવઠા ક્ષેત્રની કામગીરીને સમગ્ર રાષ્ટ્રમાં એક મૉડેલ તરીકે અપનાવવામાં આવેલી છે. વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૬ દરમ્યાન ૪૦૧૧ ગામો જૂથ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા છે. હાલ કુલ ૧૨૦૨૮ ગામો જૂથ યોજના હેઠળ આવરી લીધેલ છે. સને ૨૦૧૭–૧૮માં ૧૦૮૮ ગામો અને ૧૩ શહેરોની ૨૨.૧૭લાખ વસ્તીને પાણી આપવાનું આયોજન પૂર્ણ થશે. સને ૨૦૧૭ –૧૨ના અંતમાં ૧૨૦૩ ગામો અને ૩ શહેરોની ૨૮.૧૪ લાખની વસ્તીને પાણી આપવાનું આયોજન પૂર્ણ થશે. સમગ્ર દેશમાં કોઇ પણ રાજ્યમાં સરફેસ સોર્સ આધારિત જૂથ યોજના મારફતે આટલા મોટા પ્રમાણમાં ગામોમાં પીવાનું પાણી આપવામાં આવતું નથી. જે રાજ્ય સરકાર માટે એક સરાહનીય પગલું છે. પીવાના પાણી અંગે ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીના માપદંડો અંગે પણ હું સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું. ભારત સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તાર માટે ૪૦ લિટર પ્રતિ દિવસ પ્રતિ વ્યક્તિના માપદંડો છે. જ્યારે પ્રગતિશીલ રાજ્યો માટે આ માપદંડ ૫૫ લિટર પ્રતિ દિવસ પ્રતિ વ્યક્તિ છે. રાજ્ય સરકારે આ માપદંડ આધારે ૯૮% ફળિયાઓને આવરી લીધેલ છે અને વર્ષ ૨૦૧૮માં ૧૦૦% ગામોનું આયોજન છે. રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ લિટર પ્રતિ દિવસ પ્રતિ વ્યક્તિના માપદંડો નક્કી કરાયા છે. આ જથ્થો ગ્રામ્ય વિસ્તારના સ્થાનિક સ્ત્રોત અને જૂથ પાણી પુરવઠા મારફતે પુરું પાડવાનું નિર્ધારિલ છે. ગ્રામ્ય વિસ્તારની પાણી પુરવઠા યોજનાઓમાં માથાદીઠ ૧૦૦ લિટર પ્રતિ દિન પ્રમાણે ઘટકોની ડિઝાઇન કરવામાં ગુજરાત રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય બનેલ છે.

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારો માટે ૧૪૦ લિટર પ્રતિ દિવસ, પ્રતિ વ્યક્તિના માપદંડો નક્કી કરેલા છે. ગ્રામ્ય સ્તરે છૂટાછવાયા વિસ્તારોને આપવામાં આવેલ સુવિધાઓ અંગે રાજ્ય સરકારે કરેલા ઉત્કૃષ્ઠ પ્રયાસો અંગે પણ હું આ સભાગૃહનું ધ્યાન દોરું છું. વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૭ દરમિયાન ૭૪,૪૩૮ હેન્ડ પંપો બનાવવામાં આવેલા, જ્યારે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૭ દરમિયાન ૧,૧૧,૦૧૧ હેન્ડ પંપો બનાવવામાં આવેલા છે. વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૭ દરમિયાન ૧,૦૯૧ મીની યોજનાઓ બનાવવામાં આવેલી, જ્યારે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૭ દરમિયાન ૧૦,૯૦૫ મીની યોજના બનાવવામાં આવેલી છે. વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૭ દરમિયાન ૪૦૦ કરતાં વધારે સોલાર મીની પાઇપ યોજનાઓ બનાવવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય પેય જળ કાર્યક્રમ અમલીકરણ હેઠળ છે. આ કાર્યક્રમ હેઠળ ગ્રામની આંતરિક વિતરણ યોજનાનું અમલીકરણ કરવાથી ૯૦ ટકા સહાય અને ૧૦ ટકા લોક ફાળા થકી થાય છે. મોટા પાયે જુદી જુદી તાલીમો આપી ગ્રામજનોની ક્ષમતા વર્ધન માટેના કાર્યક્રમ થકી યોજનાનું અમલીકરણ, આયોજન, સંચાલન અને નિભાવણી ગામ લોકો દ્વારા રચાયેલી પાણી સમિતિ દ્વારા કરવામાં આવે છે. રાજ્યની ૧૮,૩૬૨ જેટલી ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવેલી છે. જે પૈકી ૧૫,૩૧૪ યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલી છે. ૩૦,૦૪૮ જેટલી યોજનાઓ પ્રગતિ હેઠળ છે. રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૫૩.૩૬ લાખ જેટલા પરિવારોને નળ જોડાણની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલી છે. જે પૈકી આદિજાતિ વિસ્તારમાં ૮.૬૧ લાખ જેટલા પરિવારોને નળ જોડાણની સુવિધા પુરી પાડવામાં આવેલી છે.

રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે તાલુકા કક્ષાએ ૪૭ અને જિલ્લા કક્ષાએ ૩૩ લેબોરેટરી કાર્યાન્વિત કરવામાં આવેલી છે તેમજ ૬ મોબાઇલ વાન પણ મૂકવામાં આવેલી છે. રાજ્યમાં ૧૮,૯૯૯ ગુણવત્તા ચકાસણી ટીમની રચના કરી દરેક ગામને પાણીની ગુણવત્તાની ચકાસણીના સાધનોની કીટનું વિતરણ કરેલ છે અને ૪,૮૧,૫૩૩ તાલીમાર્થીઓને સઘન તાલીમ આપવામાં આવેલી છે. માનનીય બલવંતસિંહભાઇએ કહ્યું હતું કે, ત્યાં શુદ્ધ પાણી નથી મળતું, એટલે શુદ્ધ પાણી મળે એનું ચેક થાય અને ન મળતું હોય તો પુરું પાડવા માટે પણ આવી ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધા ઉભી કરવામાં આવેલી છે.

આ વર્ષના પાણીના જળ સલામતીના ભાગરૂપે બે મુખ્ય કામો કરેલા છે. હડાળા મુકામે ખૂબ જ ટૂંકા ગાળામાં પમ્પીંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરેલ છે. જેના થકી જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાઓ માટે પીવાના પાણી માટે ૬૦ એમ.એલ.ડી.ની જળ સલામતી થયેલી છે. માળિયા તાલુકાના વાઘરવા મુકામે ૧,૨૦૦ એમ.એલ.ડી.નું જળાશય કાર્યરત કરેલ છે. જેના થકી રાજકોટ અને કચ્છ જિલ્લાઓ માટે પણ જળ સલામતી થયેલી છે. અગાઉના વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૭ દરમિયાન રૂપિયા ૮,૩૯૨ કરોડની ફાળવણી કરેલી હતી જે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૭ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણી માટે ૨૬,૬૩૪ કરોડની ફાળવણી કરેલ છે. આમ છેલ્લા બે દાયકાની સરખામણી કરીએ તો બજેટ ફાળવણીમાં ત્રણ ગણો વધારો થયેલો છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજના માટે રૂપિયા ૯,૯૭૫.૩૩ કરોડ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના આદિજાતિ વિસ્તાર માટે ૭૭૧.૭૪ કરોડ, સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના માટે રૂપિયા ૬૯૩ કરોડ, કેન્દ્ર સહાયિત રાષ્ટ્રીય એટલે વાસ્મો હેઠળ રૂપિયા ૨૫૭.૩૩ કરોડ, શહેરી પાણી પુરવઠા યોજના માટે રૂપિયા ૧૪૫ કરોડ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અનૂસુચિત જાતિ માટે રૂપિયા ૨૮.૯૦ કરોડ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત વ્યક્તિગત યોજનાના ગામોને જુથ યોજના સાથે આવરી લેવાનું આયોજન તેમજ હયાત વ્યક્તિગત અને જુથ પાણી પુરવઠા યોજનાના સુધારણાના કામો તેમજ પૂર્ણ થયેલ જુથ પાણી પુરવઠા યોજના માટે વીજળી અને રો-વોટરના ખર્ચનો પણ સમાવેશ થયેલ છે. ૭૦૦ જેટલી ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજનાને અમલમાં મૂકવાનું તેમજ તેના થકી નળ જોડાણમાં વધારો કરવાનું છે. રાજ્યનો પૂર્વ પટ્ટી વિસ્તાર આદિજાતિ છે, આ વિસ્તારની પ્રજાને પીવાના શુદ્ધ પાણીની સગવડતા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વનબંધુ કલ્યાણ યોજનાનું અમલીકરણ કરેલું છે. વાસ્મો દ્વારા રાજ્યમાં પાણી સમિતિઓ થકી જે પાણી આપવામાં આવે છે અને એમાં જે દસ ટકા એને લોક ફાળો જે ભરવાનો હોય છે એ પણ આદિજાતિ વિસ્તારમાંથી દૂર કરવામાં આવ્યો છે. જેથી એ વિસ્તારના લોકોએ દસ ટકા ભરવા ન પડે. રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારના રાજકોટ જિલ્લાના ઉપલેટા, જામકંડોરણા, ધોરાજી અને જેતપુર તાલુકાના ૧૫૬ ગામો અને પાંચ શહેરો, ઉપલેટા, ભાયાવદર, જામકંડોરણા, ધોરાજી અને જેતપુર માટે નાવડાથી ઉપલેટા સુધીની રૂપિયા ૫૯૬ કરોડની નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. રાજ્ય સરકારે નાવડાથી ઉપલેટા પાઇપલાઇનને કુતિયાણા સુધી લંબાવવાનું આયોજન કરેલ છે. જેના થકી ૨૦.૩૦ એમ.એલ.ડી. પાણી ઉપલબ્ધ થશે. જોડીયા ૧૦૦ એમ.એલ.ડી. માટે પાણીનો ડીસલાઇનેશન પ્લાન્ટ નાખવાનું આયોજન છે. આ રીતે વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૧૩૩.૫૧ કરોડની રકમની માગણીઓ સાથે હું આવેલો છું. હું પાણી પુરવઠા, પશુપાલન અને મત્સ્યોદ્યોગની માગણીઓ લઇને આવ્યો છું ત્યારે જે મિત્રો કાપ દરખાસ્ત લઇને આવ્યા એ છે પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને આ અમારું બજેટ છે એને સર્વસંમતિથી પાસ કરે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા મત વિસ્તારની ખેરોલી જુથ પાણી પુરવઠા યોજના અને નમનાર જુથ પાણી પુરવઠા યોજના ૨૦ વર્ષ જુની થઇ છે. પાઇપો ખવાઇ ગઇ છે અને ગયા વખતે ખાતરી આપી હતી ગૃહમાં બે વર્ષ પહેલા એને તાત્કાલીક ધોરણે બદલવા માગો છો કે કેમ? અને બીજું એવું છે કે મારા મત વિસ્તારમાં નર્મદા આધારીત ઠાસરા પાસેથી બહીડપ ગામેથી અરવલ્લી જિલ્લામાં જે અન્ડરગ્રાઉન્ડ પાઇપલાઇન જાય છે એમાં આજે તળાવ ભરવા બે કિલોમીટરની રેંજ રાખી છે એને બદલે ચાર કિલોમીટર રાખવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ મારા વકતવ્યમાં કીધું કે અમે ગ્રામ્ય વિસ્તારને પર હેડ ૧૦૦ લીટર પાણી પર ડે અને શહેરી વિસ્તારમાં ૧૪૦ લીટર લેખે એટલે જયાં પણ જુની લાઇનો હશે, જયાં પાણી પુરતું નથી પહોંચતું એનું આવતા દિવસોમાં આખા રાજયમાં આયોજન કરીને પુરતો પાણીનો જથ્થો મળે એના માટેના પ્રયાસો કરવાના છીએ. માનસિંહભાઇ કાપ દરખાસ્તોમાં હેન્ડપંપો માટે બોલતા હતા તો મારે જણાવવાનું છે કે ૨૦૧૫-૧૬માં ૧૪૦૭ અને ૨૦૧૬-૧૭માં ૧૪૯૨ એટલે ૨૮૮૯ જેટલા હેન્ડપંપો તમારા વિસ્તારમાં કરેલા છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : બહેડપથી અરવલ્લી જિલ્લામાં જાય છે અન્ડર ગ્રાઉન્ડ પાઇપલાઇન એમાં બે કિલોમીટર તળાવ ભરવા આજે આપણે આપીએ છીએ બંને બાજુ રેન્જ તો બે કિલોમીટરને બદલે ચાર કિલોમીટર કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : એ મેટર છે એ, તળાવ ભરવાની યોજના છે એ ઈરીગેશનની છે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં પીએસથી ઓણાદ જે લાઇન આવે છે એ છેલ્લા બે વર્ષથી આવું આવું કરી રહી છે પણ કેટલા સમયમાં એ આવશે? અને પશુપાલનના દૂધના પ્રોત્સાહન માટે દૂધ પૌષ્ટીક આહાર છે. હવે દૂધનું પેકીંગ પણ ૧૦૦ દિવસ ચાલે એવી બેગ આવી ગઇ છે. મોતીસાગર અને અમુલ મોતી બંને દૂધ ૧૦૦ દિવસ ચાલે તેવા છે તો એ દૂધને આપણે મધ્યાહ્ન ભોજનમાં એડ કરીએ તો ઘણા અંશે આપણા બાળકોના કુપોષણના પ્રશ્નો હલ થાય તેમ છે.

અધ્યક્ષશ્રી : એ શિક્ષણમાં કહેજો. એ શિક્ષણ વિભાગમાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવી છે કે ૧૦ ટકા બોરના જે પૈસા ભરવા પડે છે પંદર–સોળ લાખનો બોર થતો હોય, ગામડાંમાં ૧,૬૦,૦૦૦ રૂપિયા આજે ભરવા બહુ મુશ્કેલ છે. મારી વિનંતી છે ૧૦ ટકા પૈસા હટાવી, બહુ ઓછા પૈસા રાખો, બહુ મીનીમમ. દરેક ઠેકાણે બોર તો મંજૂર થઇ જાય છે સૌથી મોટો પ્રશ્ન એ છે. બીજો સાહેબ, રીયાલીટીમાં શુદ્ધ પાણી નથી તો ૨૦૧૪ની જે યોજના છે પાંચ સીટી જુદા કરવાની તો ૪૦૦ ગામને ફાયદો થાય એવો છે તો ૨૦૧૪ની જે ૨૦૦ કરોડ રૂપિયાની યોજના છે એને કેટલા સમયમાં મંજૂર કરવા માગો છો?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો વાસ્મોની વાત કરી ૧૦ ટકા ભરવા માટેની. આમ તો એ ૧૦ ટકા એટલા માટે રાખેલા છે કે જેથી કરીને લોકોને એમ થાય કે આ યોજના અમારી છે અને એ ૧૦ ટકા પણ જયારે યોજના સોએ સો ટકા કાર્યાન્વિત થઇ જાય બરાબર ચાલતી હોય ત્યારે એની ડિપોઝીટ પરત આપવામાં આવે છે. (અંતરાય) મેં બોરની જ વાત કરી. અત્યારે આપણા કુલ જે ૧૭૮૪૩ ગામો છે એની અંદર ૮૩૨૩ ગામો અને ૧૫૯ શહેરો છે એને નર્મદા આધારીત પાણી આપણે આપીએ છીએ. અન્ય સ્ત્રોત દ્વારા પણ ૩૭૦૫ ગામ અને ૩૬ શહેરોને બાકી જે વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાઓ છે એ ૫૮૧૫ અને ૧૫૫ નગરપાલિકાઓને આને પણ ૨૦૧૭માં હમણા પૂરી થશે, ૨૦૧૮માં કેટલીક પૂરી થશે એટલે આવતા સમયની અંદર બધા ગામડાંઓને સરફેસ વોટર મળે એના માટે પ્રયત્નો છે.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું, મારો પ્રશ્ન ખેતી અને સિંચાઇ માટેનો છે. પણ અગાઉ જ્યારે મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયા સાહેબને મળી હતી ત્યારે તેમણે ખાતરી આપી હતી. જે રીતે વાત થઇ હતી ખેડૂત, ખેતર અને પાણી, સમૃદ્ધિ લાવે તાણી. તો હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા દહેગામ તાલુકાનો ખાત્રીબાનો પ્રશ્ન હતો. નાનુભાઇ વાનાણી સાહેબને મળી હતી. તો તેમણે કહ્યું હતું કે બહેન આપણે કઇ કરીશું, તો ખાત્રીબાનો વેરો ચાલુ કરવા માટે લીમ થી થરા કૂવા સુધીની પોણા પાંચ કિલોમીટરની પાઇપલાઇન નાખવામાં આવે તો મારા દહેગામ તાલુકાના ૬૫ ગામના ખેડૂતોને સિંચાઇનું પાણી મળી રહે. તો માનનીય મંત્રીશ્રી આવા પાઇપલાઇન દ્વારા ખેડૂતોને સિંચાઇનું પાણી આપવા માગે છે કે કેમ? અથવા તો જે ખેડૂતોએ જમીનનું દબાણ કર્યુ છે તે જમીન સંપાદન કરી ખેડૂતોને સિંચાઇનું પાણી આપવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : સિંચાઇની માગણીઓ બાકી છે. સિંચાઇની માગણી વખતે કહેશે તો નાનુભાઇ એનો જવાબ આપશે.

અધ્યક્ષશ્રી : આ વિષય પાણી પુરવઠાનો છે. સિંચાઇનું જુદું છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે મત્સ્યોદ્યોગના ૫–૬ બંદરોને વિકસાવવા માટે નવા બંદરોનો ઉલ્લેખ કર્યો. નવા બંદરની અંદર જે તમે ખર્ચ વિકસાવવાના છો તો તેમાં નવા બંદરની જરૂરિયાત ખાસ જેટીની છે. તો અત્યારે વાહનોની સંખ્યા છે, તે દ્રષ્ટિએ જેટી બનાવવાની જરૂરિયાત છે, તો તમે વાત કરી છે, તેમાં જેટીના કામનો સમાવેશ થાય છે કે કેમ? બીજો સવાલ પાણી પુરવઠાનો છે કે આપે એક વ્યક્તિદીઠ ૧૦૦ લિટર અને એમાં પશુઓનો સમાવેશ કર્યો છે. મારે ઉના ખાતે રાવળ જૂથ યોજના છે એ રાવળ જૂથ યોજનાના સમાવેશ ગામોને આજની તારીખે ૧૦૦ લિટર પાણી પહોંચાડી શકતા નથી. આજે ૫૦ લિટર પણ પહોંચતું નથી. મોટા ભાગની પાઇપલાઇન સંપૂર્ણપણે ડેમેજ છે. એની દરખાસ્ત પાણી પુરવઠા ઓફિસમાં પહોંચી ગઇ છે, તો તાત્કાલિક અસરથી એની મંજૂરી આપીને ટૂંક સમયમાં ઉનાળાની સિઝન શરૂ થાય તે પહેલાં આ કામ આપણે પૂર્ણ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય પુંજાભાઇએ બંદરો માટેની વાત કરી. તો આપણે જે કુલ બોટો છે, એમાં ૧૦૦ કરતા એફઆરપી બોટો જ્યાં વધારે છે, તે બધા બંદરો માટે ફીશ લેન્ડિંગ સેન્ટર એટલે કે તમારે જેટી બનાવવાના છીએ. એવી કુલ ૧૬ ની સરવેની કામગીરી ચાલુ છે. ૯ એ મત્સ્યબંદરો એટલે ફીશ હાર્બર કુલ ૨૫ કરીશું. જયાં પણ ૧૦૦ કરતા વધારે બોટો હશે ત્યાં આવી જોગવાઇ થઇ જશે. બીજી વાત પાણીની કરી એ માટે સરવે કરાવીને ચેક કરાવી લઇશું અને જરૂરિયાત હશે તે પ્રમાણે કરીશું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૫, ૬, ૮, ૧૦, ૧૧,૧૩,૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩,૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, અને ૪૫ મત ઉપર મુકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૨, ૩,૪,૬,૧૨,૧૩,૬૭ મત ઉપર મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૪ વાગ્યે પૂરું થતા સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૭ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

પહેલી બેઠક
ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૨૪, ૧૯૩૮ શાકે
સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયના ધોરણ-૧૦ અને ૧૨ના ૧૧ લાખથી વધારે વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શરૂ થાય છે. સમગ્ર ગૃહ વતી હું તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ જે શુભેચ્છા પાઠવી તેમાં હું પણ ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે તેમને ખૂબ શુભેચ્છા પાઠવું છું. જીંદગીનો ટર્નીંગ પોઇન્ટ અને એવા વખતે વાલીઓ કે શિક્ષકો તેમના ઉપર બહુ જોર ન મારે કે અમારી અપેક્ષા પ્રમાણે જ રીઝલ્ટ લાવ. પરિણામે રીઝલ્ટ આવે ન આવે, અલ્ટીમેટલી પરીક્ષા પરીક્ષા છે. એવા વખતે આપના માધ્યમથી ખૂબ શુભેચ્છાઓ. વાલીઓને પણ કહેવાનું કે વધારે પડતી અપેક્ષા ન રાખે. જે મહેનત થાય તે ખરી. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે વાહનવ્યવહાર મંત્રીશ્રી થોડી ચિંતા કરે. બસોની હડતાલ છે. કર્મચારીઓ વિશે યુનિયનને બોલાવીને વાત કરી લે. આ પરીક્ષા ચાલે ત્યાં સુધી પાછું ઠેલે. જે કંઇ વાત કરવી હોય એ કરીને તેમની સાથે પણ સહાનુભૂતિપૂર્વક વાત કરી લે. પરીક્ષાના દિવસોમાં હડતાલનો આશરો ન લે એના માટે જે કંઇ પણ લાગણી વ્યક્ત કરવી હોય એ આપ કરી શકો છો. ધન્યવાદ.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બાપુએ વાત કરી. હું પણ ધોરણ-૧૦ અને ૧૨માના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવું છું. યુનિયને જે હડતાળનું એલાન કર્યું છે. તેમની સાથે બે દિવસ પહેલાં મિટિંગ હતી. કાલે સી.એમ. સાહેબ અને અમે પણ મિટિંગ કરી હતી અને આજે પણ મિટિંગ કરીને વાટાઘાટો ચાલુ છે અને આનો અંત આવે એવી પૂરેપૂરી શકયતાઓ છે.

<#B/ માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) /B#>
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
માગણી ક્રમાંક ૨૨

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠો સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬,૧૫,૦૪,૮૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.

પ્રો. હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૨૩

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૫,૪૭,૬૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૧૫,૨૮,૭૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.

કલાઇટમેટ ચેન્જ વિભાગ

માગણી ક્રમાંક–૧૦૭

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઇટમેટ ચેન્જ વિભાગ સેવાને લગતી કલાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૦૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૧૦૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૦૭ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક. ૭૫

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (રા.ક.ના બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૧,૯૦,૧૩,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૫,૦૦,૦૨,૦૦૦/–માગણી ક્રમાંક– ૭૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક. ૩૯

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (રા.ક.ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪૮,૪૧,૩૮,૧૨,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૩,૯૯,૧૨, ૩૭,૦૦૦/–માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ માનનીય સભ્યશ્રી ગેરહાજર

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક. ૪૦

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( રા.ક.ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૦,૭૧,૪૬,૩૯,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૩,૬૨,૧૩,૦૦૦/-માગણી ક્રમાંક- ૪૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી <#Mi /શંકરભાઇ લ.ચૌધરી/Mi #>: (રાજય કક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૪,૩૩, ૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭-૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા. ૧૫-૩-૨૦૧૭ (પહેલી બેઠક) (ચોથો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માગણી નં ૨૨ | | | | |
| *૧ | ૩૪૫૬ – નાગરિક પુરવઠા<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧–PDS –૬ નાગરિક...... કચેરી<br>રૂ. ૪,૯૮,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૧૯ અને ૨૦ | ૧૦૦ | પેટ્રોલપંપો દ્વારા થતી ગેરરીતિઓ થકી કરાતી ઉઘાડી લૂંટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (છનાભાઈ ચૌધરી) |
| ૨ | ʼʼ | ૧૦૦ | સીંગતેલના તેલીયા રાજાઓ દ્વારા ગેરકાયદેસર સંગ્રહ કરી ઉંચા ભાવે કરાતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ગૌતમભાઈ ચૌહાણ) |
| ૩ | ʼʼ | ૧૦૦ | ઘરેલુ ગેસ સીલીન્ડરોનો ગેરકાયદેસર વપરાશ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે. રાઉલજી (પ્રો.હીરાભાઈ પટેલ) |
| *૪ | ʼʼ | ૧૦૦ | રેશનીંગના અનાજનું કાળાબજારમાં થતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ (પુંજાભાઈ વંશ) |
| ૫ | ʼʼ | ૧૦૦ | રેશનીંગની દુકાનોમાં સર્વર બંધ થતાં કાર્ડધારકોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલંવતસિંહ રાજપૂત(ગોવાભાઈ રબારી) |
| ૬ | ʼʼ | ૧૦૦ | રેશનીંગના અનાજને કાળાબજારમાં લઈ જતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(હર્ષદકુમાર રીબડીયા) |
| *૭ | ૩૪૫૬ – નાગરિક પુરવઠા<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૪–PDS –૨૩ ગ્રાહક તકરાર.... પંચ<br>રૂ. ૨,૮૪,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર(ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| *૮ | ʼʼ | ૧૦૦ | ગ્રાહક તકરાર નિવારણ પંચમાં કેસોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (નટરવસિંહ ઠાકોર) |
| ૯ | ૩૪૫૬ – નાગરિક પુરવઠા<br>૧૯૦ –<br>જાહેરક્ષેત્ર........સહાય<br>૧૧ – અન્ન સલામતિ (કે.પુ.યો.)<br>રૂ. ૨,૫૫,૪૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૨૭ થી ૨૯ | ૧૦૦ | ફુડ સીકયુરીટી એકટનો અમલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધારશીભાઈ ખાનપુરા (જીતુભાઈ ચૌધરી, કાંતિભાઈ ખરાડી) |
| માગણી નં. ૨૩ | | | | |
| ૧૦ | ૨૪૦૮ – ખાદ્ય | ૧૦૦ | વાજબી ભાવની દુકાનો નજીકના | શ્રી રમેશભાઈ ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | સંગ્રહ.......વ્યવસ્થા<br>૦૧ – ખોરાક<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧ – વ્યાજબી<br>ભાવની........ કચેરી<br>રૂ. ૧,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૭ અને ૮ | | અંતરમાં ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | (અનિલ જોષીયારા) |
| ૧૧ | '' | ૧૦૦ | એક જ વ્યકિતના નામે અનેક વાજબી ભાવની દુકાનો કરી તેને ભાડે આપી થતી ગેરરીતિ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા<br>(પ્રહલાદભાઈ પટેલ) |
| *૧૨ | ૪૪૦૮ –<br>ખાદ્યસંગ્રહ........જોગવાઈ<br>૦૨ – સંગ્રહ..........<br>વ્યવસ્થા<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>રૂ. ૧,૧૫,૨૮,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૩૭ | ૧૦૦ | અપૂરતી વખાર વ્યવસ્થાના લીધે અનાજસંગ્રહ માટે પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ<br>(પરેશ ધાનાણી) |
| ૧૩ | '' | ૧૦૦ | અદ્યતન સુવિધાઓના અભાવે સંગ્રહિત અનાજ બગડતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા<br>(શૈલેષ પરમાર) |
| | | ક્લાઈમેટ ચેન્જ વિભાગ<br>માગણી નં ૧૦૭ | | |
| *૧૪ | ૩૪૫૧ – સચિવાલય<br>........સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧ – કલાઈમેટ ચેન્જ<br>વિભાગ<br>રૂ. ૧,૦૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૮<br>પાના નં. ૯ | ૧૦૦ | હવામાનમાં થતા પરિવર્તન માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.મિતેશ ગરાસીયા<br>(ઈશ્વરભાઈ પટેલ) |
| ૧૫ | '' | ૧૦૦ | હવામાનમાં થતા ફેરફાર સંદર્ભે જનજાગૃતિ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા<br>(આનંદભાઈ ચૌધરી) |
| ૧૬ | '' | ૧૦૦ | ક્લાઈમેટ ચેન્જ વિભાગે કરેલ સંશોધનો સંબંધિત કામગીરીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત<br>(મહંમદ જાવીદ<br>પીરઝાદા) |
| ૧૭ | '' | ૧૦૦ | ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર વાયુ બાબતમાં સંશોધન કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. તેજશ્રીબેન પટેલ<br>(પ્રવિણભાઈ રાઠોડ) |
| ૧૮ | ૩૪૫૧ – સચિવાલય<br>........સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧ – કલાઈમેટ ચેન્જ | ૧૦૦ | ગ્લોબલ વોર્મિંગની માનવજીવન પર પડતી ખરાબ અસરોને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઈ ગોહેલ<br>(રામસિંહ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| | વિભાગ<br>રૂ. ૧,૦૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૮<br>પાના નં. ૯ | | | |
| ૧૯ | ʼʼ | ૧૦૦ | વાતાવરણ પરિવર્તન સંદર્ભે વેબ કાસ્ટીંગ કરવામાં તંત્રની અસક્ષમતા | શ્રી માનસિંહ ચૌહાણ<br>(મણીલાલ વાઘેલા) |
| *૨૦ | __"__ | ૧૦૦ | ગામડાઓને ગ્રીન કવચથી ઢાંકવાની યોજના અંગે તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ<br>(ગેંદાલભાઈ ડામોર) |
| *૨૧ | __"__ | ૧૦૦ | કલાઈમેટ ચેન્જ વિભાગમાં અનુભવી સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર<br>(અમિત ચૌધરી) |
| બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી નં ૭૫ | | | | |
| *૨૨ | ૩૪૫૧ –સચિવાલય<br>.....સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>રૂ. ૨,૩૬,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૨૦ અને ૨૧ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડના બંદરો પર વર્ષોથી ફરજ બજાવતા વર્કચાર્જ કર્મચારીઓને કાયમી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ<br>(મોહનસિંહ રાઠવા) |
| ૨૩ | ʼʼ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડમાં વર્કચાર્જ કર્મચારીઓને કાયમી કરવા માટે રચાયેલ બે સમિતિઓના અહેવાલ પર કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ<br>(મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૨૪ | ʼʼ | ૧૦૦ | બંદરોના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ<br>(જોઈતાભાઈ પટેલ) |
| *૨૫ | ʼʼ | ૧૦૦ | ખાનગી બંદરોને બદલે રાજ્યના નાના બંદરોના વિકાસને અગ્રતા આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ<br>(ઈન્દ્રનિલ રાજ્યગુરૂ) |
| ૨૬ | ʼʼ | ૧૦૦ | બંદરો પર જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મેરામણભાઈ આહીર<br>(બળદેવજી ઠાકોર) |
| ૨૭ | ʼʼ | ૧૦૦ | દરિયામાં ભરાયેલ કાંપને કારણે વહાણોને લંગારવામાં પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત<br>(કરમશીભાઈ પટેલ) |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં ૩૯ | | | | |
| ૨૮ | ૨૨૧૦ –<br>તબીબી......આરોગ્ય<br>૦૧–શહેરી.........એલોપથી<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – નિર્દેશ.....વહીવટ<br>રૂ. ૬,૨૮,૭૫,૦૦૦ | ૧૦૦ | હોસ્પિટલોમાં ડૉક્ટરોની ઘટ તેમજ અન્ય સ્ટાફની અનિયમિતતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ<br>(મહેન્દ્રસિંહ વાઘેલા,<br>રાજેન્દ્રસિંહ ઠાકોર) |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૦ અને ૧૧ | | | |
| *૨૯ | ૨૨૧૦ –<br>તબીબી......આરોગ્ય<br>૦૧–શહેરી.........એલોપથી<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – નિર્દેશ.....વહીવટ<br>રૂ. ૬,૨૮,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૦ અને ૧૧ | ૧૦૦ | દર્દીઓને સરકારી હોસ્પિટલ / દવાખાનામાંથી દવાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી (આનંદભાઈ ચૌધરી) |
| *૩૦ | ૨૨૧૦–<br>તબીબી......આરોગ્ય<br>૦૧ – શહેરી.....એલોપથી<br>૧૧૦ – હોસ્પિટલ અને દવાખાના<br>૦૧ – H L T ૨<br>સિવિલ........ વહીવટ<br>રૂ. ૩,૯૯,૨૬,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાના નં. ૨૦ અને ૨૧ | ૧૦૦ | ગરીબ દર્દીઓના સગાને તેમના સંબંધીના મૃતદેહને લઈ જવા માટે એમ્બ્યુલન્સ વાનની ફાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર (પરેશ ધાનાણી) |
| ૩૧ | '' | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં અપાતા ભોજન અને દૂધની ગુણવત્તા નિયમિત રીતે ચકાસવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર (નટવરસિંહ ઠાકોર) |
| ૩૨ | '' | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ડૉકટરોના સંકલનના અભાવે દર્દીઓના થતાં મૃત્યુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ (ડૉ.તેજશ્રીબેન પટેલ) |
| ૩૩ | '' | ૧૦૦ | અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં પુરતો સ્ટાફ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત (અમિતભાઈ ચૌધરી) |
| ૩૪ | '' | ૧૦૦ | હોસ્પિટલોમાં વેન્ટીલેટરોની અપુરતી સંખ્યાને કારણે દર્દીઓને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા (ધારશીભાઈ ખાનપુરા) |
| *૩૫ | '' | ૧૦૦ | સિવિલ હોસ્પિટલના ડૉકટરો દ્વારા પૂરતી ચકાસણી કર્યા વિના જ દારૂની હેલ્થ પરમીટ અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.મિતેશ ગરાસીયા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૩૬ | '' | ૧૦૦ | હોસ્પિટલો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં દર્દીઓની મુશ્કેલીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર (કરમશીભાઈ પટેલ) |
| *૩૭ | '' | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં પુરો પડાતો હલકી અને ઉતરતી કક્ષાના દવાના પુરવઠાની તપાસ કરાવી જરૂરી પગલા | શ્રી મોહનસિંહ રાઠવા (રાઘવજી પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૮ | ' ' | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સ્ટ્રેચરનો ઉપયોગ દર્દીઓને લઈ જવાને બદલે સ્ટેશનરી, ટપાલો અને ફાઈલો લઈ જવામાં કરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રનિલ રાજયગુરૂ (બળદેવજી ઠાકોર) |
| *૩૯ | ૨૨૧૦–<br>તબીબી......આરોગ્ય<br>૦૩–ગ્રામીણ....એલોપથી<br>૧૦૩–પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો<br>૦૧–H L T ૩૪<br>પ્રાથમિક.....કેન્દ્ર<br>રૂ. ૨,૫૬,૭૫,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાના નં. ૬૫ થી ૬૯ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓને અદ્યતન સુવિધાઓ મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (કામીનીબા રાઠોડ) |
| ૪૦ | ' ' | ૧૦૦ | વસ્તીના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (પ્રો.હીરાભાઈ પટેલ) |
| ૪૧ | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૬–જાહેર....આરોગ્ય<br>૧૦૪–ઔષધ નિયમન<br>૦૧–H L T –૪૫<br>ખોરાક...તંત્ર<br>રૂ. ૩૮,૬૧,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાના નં. ૧૪૮ અને ૧૪૯ | ૧૦૦ | ખાદ્યતેલોમાં અત્યંત જોખમી એવા સુગંધીત તેલોના મિલાવટથી પ્રજાના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ (રામસિંહ પરમાર) |
| ૪૨ | ' ' | ૧૦૦ | ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ માટે જવાબદાર વેપારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમંદ જાવીદ પીરઝાદા (મહેશકુમાર પટેલ) |
| ૪૩ | ' ' | ૧૦૦ | ખાદ્ય પદાર્થોના ભેળસેળના કાયદાનો સખ્ત રીતે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ રાઠોડ (મંગળભાઈ ગાવિત) |
| *૪૪ | ' ' | ૧૦૦ | પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા શેરડીના સંચાવાળાઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર (ધીરૂભાઈ ભીલ) |
| *૪૫ | ૨૨૧૦ – તબીબી અને જાહેર આરોગ્ય | ૧૦૦ | રાજયમાં વૈદ્ય પંચકર્મ વર્ગ – ૧ ની ૩૬ જગ્યાઓ પૈકી ૩૧ જગ્યાઓ તેમજ | શ્રી પરેશ ધાનાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨ – શહેરી....પધ્ધતિઓ<br>૧૦૧– આયુર્વેદ<br>૦૧ –H L T – ૨૦<br>આયુર્વેદ .....કચેરી<br>રૂ. ૧૭,૦૨,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૫૦ અને ૫૧ | | જીલ્લા આયુર્વેદ અધિકારીની કુલ ૨૪ જગ્યાઓ પૈકી ૨૧ જગ્યાઓ ખાલી છે તે ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| માગણી નં. ૪૦ | | | | |
| ૪૬ | ૨૨૧૧ – પરિવાર કલ્યાણ<br>૧૦૨– શહેરી.....સેવાઓ<br>૦૧ – H L T – ૧૧૮ –<br>શહેરી......કેન્દ્રો (કે.પુ.યો )<br>રૂ. ૨૧,૫૪,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાના નં. ૧૭૫ | ૧૦૦ | પરિવાર નિયોજનના કાર્યક્રમોને વેગ મળે તે માટે પુરતો સ્ટાફ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી<br>(જોઈતાભાઈ પટેલ) |
| ૪૭ | ૨૨૧૧....પરિવાર કલ્યાણ<br>૧૦૩ – પ્રસૂતિ......આરોગ્ય<br>૦૩ – H L T – ૬૯.......<br>પ્રસૂતિ....આરોગ્ય(કે.પુ.યો.)<br>રૂ. ૧,૧૮,૮૭,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૭૮ અને ૧૭૯ | ૧૦૦ | પ્રસુતિ અને બાળ આરોગ્યની કામગીરીને વધુ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રહલાદભાઈ પટેલ<br>(અનિલ જોષીયારા) |
| <u>વન અને પર્યાવરણ વિભાગ</u><br>માગણી નં ૨૭ | | | | |
| ૪૮ | ૨૨૧૫–પાણી......સ્વચ્છતા<br>૦૨ – ગટર....... સ્વચ્છતા<br>૧૦૬–વાયુ.........નિવારણ<br>રૂ. ૧૫,૫૯400,૦૦૦<br>અં. પ્રં. નં. ૮<br>પાના નં. ૯ અને ૧૦ | ૧૦૦ | પ્રદુષણ ફેલાવતા ઔદ્યોગિક એકમોને નોટિસો આપવા છતાં તેની અવગણના કરવા સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા<br>(મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૪૯ | ′′ | ૧૦૦ | ગંદા પાણીના શુધ્ધિકરણ બાબતે તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ<br>(તેજશ્રીબેન પટેલ) |
| *૫૦ | ′′ | ૧૦૦ | ખારીકટ કેનાલમાં ઠલવાતા કેમીકલ્સયુકત પાણી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(સી.કે.રાઉલજી) |
| ૫૧ | ′′ | ૧૦૦ | જી.આઈ.ડી.સી વિસ્તારમાં ગટરોમાં છોડાતા ઝેરી કેમીકલ્સયુકત પાણી સંદર્ભે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા<br>(ભોળાભાઈ ગોહેલ) |
| ૫૨ | ′′ | ૧૦૦ | પ્રદુષણ ફેલાવતી સરકારી કંપનીઓ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(મણીલાલ વાઘેલા) |
| ૫૩ | ૨૨૧૫–પાણી......સ્વચ્છતા<br>૦૨ – ગટર....... સ્વચ્છતા<br>૧૦૬–વાયુ.........નિવારણ<br>૦૧ – E P C –10<br>ગુજરાત....... સંગીન<br>બનાવવું | ૧૦૦ | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ હેઠળની કચેરીઓના વહિવટને સંગીન બનાવવામાં તંત્રની<br>નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા<br>( પુંજાભાઈ વંશ,<br>ગોવાભાઈ રબારી,<br>નિરંજન પટેલ ) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧૦,૦૦,૦૦૦<br>અં. પ્રં. નં. ૮<br>પાના નં. ૯ | | | |

ગુજરાત વિધાનસભા સચિવાલય                                                                 ડી. એમ.મ પટેલ
ગાંધીનગર.                                                                                           સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. <#M/અનિલ જોષીયારા/M#>(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, અન્ન અને નાગરિક પુરવઠા, કલાઇમેટ ચેન્જ, બંદરો અને વાહન વ્યવહાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને વન અને પર્યાવરણની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. આજે બોર્ડના તમામ વિદ્યાર્થીઓ જયારે પરીક્ષા આપી રહ્યા છે ત્યારે તમામને હું શુભકામનાઓ પાઠવું છું અને સાથે એમને વાહન વ્યવહારમાં કોઇ મુશ્કેલી ના પડે એના માટે સરકાર વહેલામાં વહેલી તકે પગલાં લે એ માટે પણ હું એમને સૂચન કરુ છું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ જે આ રાજયની સમગ્ર પ્રજાને આરોગ્ય અને પ્રજાકારીની સેવાઓ નજીકના સ્થળે સુલભ રીતે મળે એના માટે પ્રયત્ન કરતું હોય છે. આ ગૃહમાં જ આ ગૃહના માનનીય નેતા જયાં ખૂબ મોટી જાહેરાતો કરે, નંબર-વન, નંબર-વનના ખૂબ સુત્રો પોકાર્યા, આ નંબર વનના દાવાઓ તમે કરો છો પરંતુ હયુમન ડેવલપમેંટ ઇન્ડેકસમાં ગુજરાત ૧૧મા ક્રમે છે. આરોગ્યની સેવાઓ કેવી મળે છે એ એના માટેના માપદંડો છે, એમાં માતા મૃત્યુદર હોય એમ.એમ.આર જે ૧૧૨ છે. બાળમૃત્યુ દર જે ૩૩ સામાન્ય છે અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ છે. મૃત્યુ દર ૬.૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬.૫ છે. આ પેરામીટર ઉપરથી ખ્યાલ આવે છે કે ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યની જે સેવા મળવી જોઇએ એ પૂરી મળતી નથી અને એના લીધે આ પેરામીટર થોડા હાઇ છે. આનું મેઇન જો કારણ હોય તો સ્ટાફનો અભાવ, ડોકટરોની જગ્યાઓ ખાલી અને આ કારણે સમગ્ર દેશમાં આજે આ બધા પેરામીટરમાં આપણે દસમા ક્રમે છીએ. ગ્રામીણ વિસ્તારમાં સરકારે સબસેન્ટરો સી.એચ.સી. કે પી.એચ.સી. વસ્તીના ધોરણે મંજૂર જરૂર કરી દીધા પરંતુ આ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલા સબસેન્ટરો પી.એચ.સી. કે સી.એચ.સી. એનું બાંધકામનું કામ હજી પૂર્ણ કરવામાં આવ્યું નથી. પરિસ્થિતિ એ થાય છે કે આપણે શું કરીએ છીએ, પૈસા પી.આઇ.ઓ.ને આપી દઇએ છીએ. પી.આઇ.ઓ.વાળા કોઇપણ જાતનું ટેન્ડર બહાર પાડતા નથી અને પોતે જાતે કામગીરી કરે છે અને એના લીધે ખૂબ જ નબળી કામગીરી જોવા મળે છે અને એનાથી પરિસ્થિતિ એ પેદા થાય છે કે મોટા ભાગના બિલ્ડીંગો ખંડેર હાલતમાં જોવા મળે છે. હમણાંનો જ દાખલો આપું અમારા ભિલોડા તાલુકામાં ઓ.પી.ડી. બિલ્ડીંગ ચાલુ કર્યુ. આમ તો આ રાજય સરકાર કોઇપણ નવું મકાન ચાલુ કરે તો એનું ખાતમુહૂર્ત કરે, એનું લોકાર્પણ કરે, જાત જાતના પ્રોગ્રામ કરે પણ અમારા ભિલોડા તાલુકાના ઓ.પી.ડી. બિલ્ડીંગમાં સરકારે જાહેરાત કરી દીધી કે તમે ચાલુ કરી દો, કારણ કે એ બિલ્ડીંગ એટલું ખરાબ બન્યું કે એમાં તિરાડો પડેલી છે અને પડુ પડું થઇ રહ્યું છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તપાસ કરો અને આ જે પી.આઇ.ઓ.ની કામગીરી છે એ કામગીરી પહેલા માર્ગ અને મકાન વિભાગ કરતો હતો એને આપવી જોઇએ એમ મને લાગે છે. આપણે તંદુરસ્ત બાળકની ચિંતા કરીએ છીએ. તંદુરસ્ત બાળક સ્વસ્થ બાળક. આપણે દર વખતે લગભગ દોઢ કરોડથી વધુ બાળકોના આરોગ્યની તપાસણી કરીએ છીએ. એમાં પરિસ્થિતિ એ જોવા મળે છે કે બાળકોનું આરોગ્ય કેટલું કથળેલું છે એ આના ઉપરથી ખ્યાલ આવે છે. લગભગ દોઢ લાખથી વધારે બાળકોને તાત્કાલિક સારવાર આપવી પડે છે એટલું બાળકોનું આરોગ્ય કથળેલું જોવા મળે છે અને ૧૫ થી ૧૬ લાખ છોકરાઓને સ્પેશિયાલિસ્ટ જે ડોકટરો છે એની સર્વિસ આપવી પડે છે. એટલે એનો મતલબ એ થયો કે આ બાળકોમાં આ અંગે પરિસ્થિતિ ખરાબ છે. એમનું આરોગ્ય કથળેલું છે. સૌથી વધુ વિકટ પરિસ્થિતિ એવી છે કે હૃદય, કિડની અને કેન્સર જેવી બિમારી આજે ૮૫૦૦ થી ૯૦૦૦ જેટલા બાળકોને થયેલ જોવા મળી છે ત્યારે મને લાગે છે કે આરોગ્યની સેવાઓ આપવામાં આપણે ક્યાંકને ક્યાંક મુશ્કેલી અનુભવી રહ્યા છીએ, ક્યાંકને ક્યાંક સ્ટાફનો અભાવ છે એટલે તંદુરસ્ત બાળક જન્મી શકતું નથી. આ સેવાઓ ગામડામાં પૂરી કરવા માટે સી.એમ. સેતુ નામની યોજનાની જાહેરાતો કરી અને ૨૭૦ જેટલા તજજ્ઞોની નિમણૂંક કરી. પરંતુ આ ખાનગી ડોકટરોને પૂરતો સમય મળતો નથી. આ ડોકટરો સમયસર જતા નથી, ઓ.પી.ડી. પૂરી થઇ જાય પછી જતા હોય છે. એના કારણે પેશન્ટને સારવાર મળી શકતી નથી. મારી વિનંતી છે કે આ સારવાર ખરેખર આપવા માગતા હોય તો આની તપાસણી કરે અને ડોકટરો સમયસર આવે એ જોવું જોઇએ. કેન્દ્ર સરકારે ચાલુ કરેલી એક ચિરંજીવી યોજના છે એમાં પ્રાઇવેટ ડોકટરો, સ્ત્રી રોગ નિષ્ણાતની સેવાની વાત છે. પરંતુ અમારે શામળાજી ખાતે સરકારી હોસ્પિટલ સી.એચ.સી. હતું એને રાજ્ય સરકારે થોડા સમય પહેલા ખાનગી સંસ્થાને ચલાવવા આપ્યું. એ પછી અમારું આ ૧૦૦ ટકા આદિવાસીની વસતિ ધરાવતા વિસ્તારનું સી.એચ.સી. છે અને કેસ બારી ઉપર પૈસા લેવાય છે. એક્સ-રેના પૈસા લેવાય, લેબોરેટરીના પૈસા લેવાય, સરકારી દવાઓ આવે છે એના પણ પૈસા લેવાય અને જે કર્મચારીઓ છે એમનું પણ શોષણ થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આની તપાસ કરાવો. તમારા અધિકારીઓ જરૂર ત્યાં જાય છે પણ ત્યાંના કોઇ વહીવટકર્તાને રેસ્ટ હાઉસ બોલાવી લે છે અને રેસ્ટ હાઉસમાં શું ચર્ચા થાય છે એ ખબર પડતી નથી અને તપાસ થતી નથી.

મંત્રીશ્રીને વિનંતી છે કે આ અંગે ખાસ ધ્યાન આપે. સિકલ સેલ એનિમિયા એ ખૂબ ગંભીર બિમારી છે. ૨૦૦૯થી સરવે કરવામાં આવ્યો હતો અને આ સરવેની કામગીરી ખાનગી સંસ્થાને સોંપવામાં આવી હતી. મારા આદિવાસી વિસ્તારમાં આ રોગ છે. અમારા વિસ્તારમાં કોઇ સરવે કરવામાં આવ્યો નથી. અમારી ૨૦૧૧ની આદિવાસીઓની વસતિ ૮૯ લાખ છે. આ ખાનગી સંસ્થાવાળાએ જેમ આ સરકારની આંકડાની માયાજાળ છે એમ વસતિ કરતાં વધારે ૯૨,૪૪,૨૨૮ વ્યકિતઓનો સરવે કરી દીધો. આમાં બ્લડ સેમ્પલ લેવાનું હોય છે અને પ્રક્રિયા કરવાની હોય છે. એ કર્યા વગર ફક્ત કાગળ ઉપર વસતિ કરતા વધારે આંકડો આ સરકારે બતાવ્યો અને વધુમાં આ સરકારે એના માટે કેન્દ્ર સરકારનો વડાપ્રધાનનો પુરસ્કાર એક્સલન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશનનો પુરસ્કાર પણ મેળવી લીધો. આ આંકડાની માયાજાળમાં આપણે ક્યાં જઇને બેસીશું એ દેખાતું નથી. આજે મેડિકલ અને પેરા મેડિકલ સર્વિસિસ અને એનો અભ્યાસ, જેમ બીજું શિક્ષણ છે તેમ એમાં પણ ખાનગીકરણ તરફ વધી રહ્યા છીએ. છેલ્લા ઘણા સમયથી આપણે વાતો કરીએ છીએ કે કોંગ્રેસના શાસનમાં ૧૧૨૫ સીટો હતી એની અમે ૩૫૩૦ કરી. પણ આ સીટો વધારી એ કોની વધારી? ખાનગી સંસ્થાની વધારી છે. તમે શું કામગીરી કરી? સરકારી કોલેજોમાં સીટો વધવી જોઇએ એ એક પણ વધારી નથી. આ ખાનગીકરણ તરફ જવાની પ્રવૃત્તિ દેખાઇ રહી છે. ૬ મેડિકલ કોલેજો હતી એ આજે ૧૬ ખાનગી કોલેજો થઇ. ડેન્ટલની ૨ મેડિકલ કોલેજો હતી એ ૧૧ મેડિકલ કોલેજ થઇ અને ફિઝિયોથેરાપીની ૫ સરકારી હતી એ આજે ૭૨ પ્રાઇવેટ સંસ્થાઓની ચાલુ થઇ ગઇ. આ સરકારનો ખાનગીકરણ તરફ જવાનો પ્રયાસ દેખાઇ રહ્યો છે. એનાથી પરિસ્થિતિ એવી થાય છે કે જે છોકરાઓ ભણવા જાય છે એમને મોંઘુ શિક્ષણ પોષાતું નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં પણ સરકારી જગ્યાઓ ઉભી થાય એવા પ્રયત્નો કરે. ડેન્ટલમાં સરકારે થોડા સમય પહેલા જાહેરાત બહાર પડી હતી. જાહેરાત બહાર પાડ્યા પછી ઇન્ટર્વ્યુ પણ લીધા અને છોકરાઓ પાસ થયા એ પછી એમને ઓર્ડર ન આપ્યા. આમ કેમ બન્યું? એકબાજુ જગ્યાઓ ખાલી છે છતાં સરકારે આ કામગીરી કરી નથી. આ સરકારે મુખ્યમંત્રી મા અમૃતમ અને મા વાત્સલ્યની યોજનાની ઘણી જાહેરાતો કરી છે. સ્ટોપ ગેપ તરીકે સારી વાત છે કે કોઇ ડોકટર ન મળતા હોય તો એ વ્યવસ્થા ઉભી કરો. પણ આ કાયમી ઉકેલ નથી. મારી વિનંતી છે કે આપણે આના માટે ગંભીરતાથી વિચાર કરવો પડશે. જો આપણી પાસે આટલા બધા ડોકટરો દર વર્ષે નીકળતા હોય તો આટલી જગ્યાઓ છે તો સરકારી ડોકટરો આમાં આવે એવા પ્રયત્નો કરવા જોઇએ. સરકારી ડોકટરો કેમ આવતા નથી? એનું કારણ છે કે એને પૂરો પગાર આપતા નથી. ફીક્સ પગાર આપીએ છીએ. અને ફિક્સ પગારનો આટલો પગાર તો ૩ દિવસ ઓ.પી.ડી.માં પોતાના પ્રાઇવેટ દવાખાનામાં બેસે તો મળી જાય છે એટલા માટે ડૉકટરો નથી આવતા. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જે ડૉકટરો ગ્રામ્ય વિસ્તારમાં જાય એને પૂરો પગાર આપો અથવા તો એને ડબલ પગાર આપો તો મને લાગે છે કે આ ડૉકટરો છે એ ત્યાં રહેશે અથવા તો ઇન્સેન્ટીવ સ્પેશ્યલ આપો તો મને લાગે છે કે આ જે પરિસ્થિતિ છે કે તમારે નવી જવી યોજનાઓ દાખલ કરવી છે એમાં ઉકેલ આવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મમતા કીટની જાહેરાત કરેલી અને મમતા કીટ પ્રસૃતિ મહિલા અને નવજાત શિશુની સુરક્ષા માટેની આ યોજના હતી. આ પ્રગતિશીલ સરકારમાં આ યોજના ક્યાં અટવાઇ ગઇ એ ખબર નથી? એના ટેન્ડર બહાર પાડ્યા મે.જિન્દાલ ટેક્સોફેમને પહેલા ટેન્ડર ૨૮૫ રૂપિયે આપ્યું હતું અને પછી ફક્ત એક રૂમાલનો વધારો કરવા માટે આ રૂપિયા સાહેબ ૩૮૫ થી ૬૮૯ વધારી દીધા. કોણ જાણે સરકારને શું થયું છે કે આટલા બધા પૈસા વધારી દીધા? સાહેબ, પછી સરકારને એમ લાગ્યું કે આ જલદી માલ મળી જશે પણ આ પ્રાઇવેટ સંસ્થાએ માલ સપ્લાય કરવાનું બંધ કરી દીધું. એનાથી ૧ લાખ પ્રસૂતાઓને આ કીટ મળવાની હતી એ મળી નહિ એનું કારણ એ છે કે સ્ટરીલાઇઝ જે કીટ મળવી જોઇએ એ કીટ આપવાની એ લોકોએ ના પાડી દીધી. સાહેબ, આવી કંપનીઓને બ્લેક લિસ્ટ કરવી જોઇએ. તેના બદલે આજે પણ સરકાર આવી કંપનીઓ જે છે એની સલાહ લે છે, એ કહે તે પ્રમાણે કામગીરી કરે છે અને મારી મંત્રીશ્રીને વિનંતી છે કે વહેલામાં વહેલી તકે એનું ટેન્ડર બહાર પાડો અને તાત્કાલિક એ મમતા કીટ પ્રસૃતાઓને મળે એવો પ્રયત્ન કરો. સાહેબ, અમારે મોડાસા, અરવલ્લી જિલ્લો અલગ પડ્યો છે તો આ અલગ જિલ્લો પડયો છે ત્યારે દરેક જિલ્લામાં જિલ્લા સિવિલ હોસ્પિટલ હોવી જોઇએ. સાહેબ, અમારે ત્યાં તો આટલો સમય થયો. પરંતુ હજી સિવિલ હોસ્પિટલના નામે મુહૂર્ત કે ઇંટ પણ મૂકાઇ નથી. આના માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે નવો જિલ્લો અરવલ્લી થયો છે ત્યાં સિવિલ હોસ્પિટલનું કામ ચાલુ થાય. ભિલોડા કોટેજ ખાતે ૯૫ બેડની હોસ્પિટલ છે આજે ૨૫ વર્ષથી છે ત્યાં સાહેબ, ૯૫ બેડથી ૯૬ બેડ થઇ નથી. સાહેબ, આમાં પણ કાંઇક ધ્યાન આપે. કારણ કે નથી તો આરોગ્યના ડિસ્ટ્રિક્ટ અધિકારીઓ ત્યાં જતા કે નથી અહીંયાથી કોઇ ડાયરેક્ટર ત્યાં જતા એનું મુખ્ય કારણ સરકારી કામગીરી અટલી બધી વધી ગઇ છે. એટલા બધા કામો સરકારના બિનજરૂરી હોય છે કે જેના કારણે સરકારના અધિકારીઓને એટલો સમય હોતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રાષ્ટ્રીય અન્ન અને નાગરિક પુરવઠા બાબતે પણ થોડીક ચર્ચા કરવી છે. અન્ન સલામતી કાયદો ૨૦૧૩માં આવ્યો. સાહેબ, આ સરકારે ૨ વર્ષ સુધી એનો અમલ નહિ કર્યો અને તા. ૧-૪-૨૦૧૬થી આનો અમલ કરવાનું નક્કી કર્યુ. આ અન્ન સુરક્ષા કાયદો છે એનાથી ૩ કરોડ ૮૩ લાખની વસ્તીને એનો લાભ મળવાનો હતો. પરંતુ સાહેબ આ સરકારે એની કામગીરી પૂરી કરી નહિ એના લીધે ગ્રામ્ય વિસ્તારની ૭૫ લાખની વસ્તીને અને ૫૦ લાખ શહેરી વિસ્તારની વસ્તીને એનો લાભ મળવાનો હતો પણ એ લાભ મળી શક્યો નથી. સાહેબ, મારી વિનંતી છે કે આ લોકોને આ યોજનાનો લાભ મળે જેથી એને અન્ન મળી શકે. સાહેબ, મુશ્કેલી એ થાય છે કે કાર્ડનું જ્યારે વિભાજન થાય છે ત્યારે બી.પી.એલ. કાર્ડ ધારકો હોય છે એના એક કે બે દીકરા હોય છે ત્યારે મોટાભાગે બી.પી.એલ. કાર્ડવાળા એ.પી.એલ.કાર્ડ થઇ જાય છે અને પછી એના

માટે કોઇ ખ્યાલ રાખતું નથી. આના માટે તમે એકવાર પરિપત્ર તો કરી દીધેલો છે પણ ફરી કડક સૂચના આપો કે જો એના ડિવિઝન થાય અને જો કમાતો ના હોય કે સરકારી નોકરી ના કરતો હોય તો એને બી.પી.એલ. કાર્ડ મળવું જ જોઇએ એવી કોઇ વ્યવસ્થા ઉભી કરો સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બારકોડેડ રેશન કાર્ડની વાત કરું તો કુપન પદ્ધતિ. સાહેબ, આ પધ્ધતિ એટલા માટે દાખલ કરી કે જે વ્યવસ્થા હતી એમાં ચોરીઓ વધારે થતી હતી અને લીકેજીસ અને ડાયવર્ઝન વધારે હતા.

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

ડો. અનિલ જોષીયારા : સાહેબ, પૂરું કરું છું. સાહેબ, એટલા માટે આ જે વ્યવસ્થા ઉભી કરી એના કારણે આજે વધુ ને વધુ ડાયવર્ઝન થાય છે અને પરિસ્થિતિ એ થાય છે કે હમણાં જ અઠવાડિયા પહેલા બનાસકાંઠામાં કેટલો બધો જથ્થો બહાર લઇ ગયા. હમણાં જ શાહીબાગમાં જે સંસ્થા હતી એમાંથી પણ કેટલો બધો જથ્થો બારોબાર સગેવગે થઇ જાય છે. સાહેબ, એનું જો કોઇ કારણ હોય તો જે ડોર સ્ટેપ ડિલિવરી છે. સરકાર એમ માને છે કે એનાથી આપણને મુશ્કેલી ઓછી થશે અને આ ડાયવર્ઝન અટકશે પણ એનાથી ડાયવર્ઝન વધી ગયું છે. આપણે એડવાન્સમાં જથ્થો આપીએ છીએ એના કારણે પરિસ્થિતિ એ થાય છે કે એનો ખ્યાલ રહેતો નથી અને એના કારણે ત્યાં દુકાન પર તો માલ પુરતો હોય છે એટલે આ માલ બારોબાર જતો રહે છે અને બીજું એક એ થાય છે કે ડોર સ્ટેપ ડિલિવરીના જે કોન્ટ્રાક્ટરો છે એ દુકાનદારને જે પૈસા ભરવાના હોય છે એ પૈસા જાતે ભરી દે છે. અને પછી દબાણ કરીને આ માલ લઇ લેતા હોય છે, જે હું જાણું છું ગામડામાં જે પરિસ્થિતિ છે તે એટલે આમાં પણ થોડો ફેરફાર કરવામાં આવે. પહેલાંના સમયમાં તો અમારે બે જ કાર્ડ હતા, લીલુ કાર્ડ અને લાલ કાર્ડ. લીલુ કાર્ડ બતાવે એટલે તરત જ ખબર પડે કે આ બી.પી.એલ. છે અને એને અનાજ મળવું જોઇએ. આપણા સમયમાં વ્યવસ્થા એવી થઇ છે, જવાનું પહેલાં પંચાયતમાં, પંચાયતમાં પેલો અંગુઠો આપવાનો. હવે ગ્રામ્ય લોકોના અંગુઠા આવતા નથી, ખેતી કરતા હોય છે, મજૂરી કરતા હોય છે એનાથી રેખાઓ ઘસાઇ જતી હોય છે. અને એના લીધે આ અંગુઠો ન આવવાના કારણે એને સમયસર અનાજ મળતું નથી. બીજી પરિસ્થિતી એ થાય છે કે, મોટાભાગે ગામડા લેવલે સર્વર ડાઉન હોય છે. એટલે એક અનાજ લેવા માટે એને ત્રણથી ચાર વખત ધક્કા ખાવા પડે છે. આમાં કાંઇક વ્યવસ્થા કરી સરળતા ઉભી થાય એવું કાંઇક કરો તો આમાં કાંઇક ફેરફાર થશે. કેરોસીનની ફાળવણીમાં બહુ થપ્પડો ખાધી છે. ભૂતકાળમાં બહુ થપ્પડો મારી છે કે, કેરોસીનની ફાળવણી ઓછી થાય છે. પણ તમારી સરકારમાં અત્યારે જુલાઇ માસમાં ૪૯,૪૩૨ કિલો લિટર જે માસિક ધોરણે ફળવાતુ તે આજે ઘટીને ૩૧,૪૩૬ કિલો લિટર થયું છે, ૩૬.૪૧ ટકાનો ઘટાડો થઇ ગયો છે. જેથી આમાં હું સંમત થતો નથી અને હું વિરમું છું.

શ્રી <#M/પૂર્ણેશકુમાર ઈ. મોદી/M#>(સુરત–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર હિન્દુસ્તાનના સિત્તેર ટકા જેટલી વસ્તી અને લગભગ સિત્તેર ટકા એટલા ભૂભાગ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન લાવવા બદલ, ભા.જ.પ.નો ભગવો લહેરાવવા બદલ વિશ્વ નેતા અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આ ગૃહના ધારાસભ્યશ્રી અમિતભાઇ શાહ કે જેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભા.જ.પ.ના ચાણક્ય તરીકે તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. આરોગ્ય અને પરિવાર કલ્યાણના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપી મારી વાત હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વના તમામ દેશો આજે વિકાસ ઝંખી રહ્યા છે. એકવીસમી સદીમાં કોઇ પણ પાછળ ન રહી શકે એ બાબતે સમગ્ર વિશ્વના અનેક દેશો વિકાસ અને માત્ર વિકાસ ઝંખી રહ્યા છે અને એકવીસમી સદીમાં આપણે જઇ રહ્યા છીએ ત્યારે મારે આ ઇવીએમ મશીનના માધ્યમથી અઢારમી સદીમાં જે લોકો લઇ જવાની વાત કરે છે અને સોશિયલ મિડિયામાં ફટકાર આખા હિન્દુસ્તાનમાં એમને પડી રહી છે કે, તમે કયા મોંઢે એકવીસમી સદીમાં લઇ જવાની વાત કરો છો? તમે તો અઢારમી સદીની વાત કરો છો. સમગ્ર વિશ્વ આજે ત્રણ કેટેગરીમાં વહેંચાયેલું છે. એક વિકસીત દેશ, બીજું અર્ધ વિકસીત દેશ અને ત્રીજું પછાત દેશ. આજે પછાત રહેવાનું કોઇને પરવડતું નથી. બધા દેશોની ભૂખ વિકાસ તરફ હોય ત્યારે વિકાસને સીધો સંબંધ તેના પાયામાં પડેલા બે મહત્વના પરિબળ સાથે છે. પહેલું પરિબળ છે એ રાજ્યના લોકોનું આરોગ્ય અને બીજું એ રાજ્યના લોકોનું શિક્ષણ. આ બે પરિબળ ના હોય તો વિકાસ સંભવ જ નથી. જો કોઇ વ્યક્તિ તંદુરસ્ત ન હોય તો વિકાસ શક્ય નથી. વ્યક્તિ તંદુરસ્ત ન હોવાના કારણે રાજ્યનો વિકાસ પણ રૂંધાય છે અને એટલા માટે કહેવાયું છે કે, "પહેલું સુખ તે જાતે નર્યા". આજે સમગ્ર વિશ્વના નેતા અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકલાંગ વ્યક્તિને દિવ્યાંગ શબ્દની ઓળખ આપીને અને તેને પણ સાધન–સવલતો આપીને દિવ્યાંગ વ્યક્તિને શક્તિશાળી બનાવીને વિકલાંગની માનસિકતા દૂર કરીને વિકાસની નવી કેડી કંડારી છે ત્યારે અને ખાસ કરીને જ્યારે ભા.જ.પ. ચાર રાજ્યોમાં સરકાર બનાવી રહી છે ત્યારે એના મૂળમાં જો કોઇ વાત હોય તો તે એ છે કે, દલિત, શોષિત, પિડિત, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ, મજદુર વર્ગ, કિસાન વર્ગ, સમાજના અનેક છેવાડાના જે વર્ગ છે એની માતાઓ, એની બહેનો, એની દિકરીઓ જ્યારે રસોઇ કરતી હોય છે ત્યારે એનો ધુમાડો શ્વાસ મારફતે સીધો એના શરીરમાં જાય છે. આ ગરીબ વર્ગની માતા, બહેન, દિકરીઓ બિમારીનો ભોગ ન બને, તેનું આરોગ્ય જોખમાતું હોય ત્યારે આવા તમામ લાખો ગરીબ વર્ગો માટે, કિસાનો માટે, મજદુરો માટે, મા–બહેન અને દિકરીઓ એનો ભોગ ન બને તે માટે લખ્ખો લોકોને ગેસના સિલિન્ડરો આપીને આરોગ્ય ક્ષેત્રે આખું એક ટર્નીંગ લાવવાનું કામ આદરણીય પ્રધાનમંત્રશ્રીએ કર્યું છે ત્યારે તેને લાખ લાખ અભિનંદન આપું છું. અને એટલા માટે દેશના કરોડો, કરોડો ગરીબોના આશીર્વાદ આજે કેન્દ્રની અને રાજયની ભા.જ.પ. સરકારની જોડે છે અને એને કારણે દેશમાંથી હાથી, સાઇકલ, પંજો નેસ્તનાબૂદ થયા છે. મારે એટલા માટે કહેવું છે કે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નાયબ

મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ બંને મહાનુભવોના નેતૃત્વમાં ચાલતી સાડા છ કરોડની જનતાની તંદુરસ્તી માટે આરોગ્ય માટે આ બજેટની અંદર મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તબીબી અને જાહેર આરોગ્યમાં ૪૮૪૧ મહેસૂલી, ૧૩૯૯ કરોડ મૂડી, પરિવાર કલ્યાણમાં ૧૦૭૧ કરોડનું મહેસૂલી, પરિવાર કલ્યાણમાં ૪૩ કરોડની મૂડીની રકમ ફાળવેલ છે ત્યારે મારે કહેવું છે કે આ રાજયની સ્થાપના પછી પહેલી વખત રાજયના ૯૦ ટકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એમ.બી.બી.એસ. ડોકટર ઉપલબ્ધ છે. આ ખૂબ મોટી ઘટના છે. જયારે આ રાજયની સ્થાપના થઇ ત્યારે ૯૦ ટકા જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એમ.બી.બી.એસ. ડોકટર ઉપલબ્ધ ન હતા અને આજે ઉપલબ્ધ છે. ૧૯૯૮ પહેલાની વાત કરીએ તો ક્ષય રોગ ૫૦ ટકા કયોર રેટ હતો આજે વધીને ૯૦ ટકા ઉપર આ રાજયની સરકાર લઇ આવી છે. ૧૯૯૮ પહેલા ક્ષય રોગના કારણે મૃત્યુ દર ૩૦ ટકા હતો આજે આ સરકાર એ દર પાંચ ટકા કરીને આ રાજયની સુખાકારી માટે, આ રાજયના લોકોના આરોગ્ય માટે ચિંતા કરી છે. ૧૯૮૫માં રકતપિતિયાનો દર ૨૧.૨ હતો આજે ઘટીને માત્ર ૦.૯૯ રહયો છે એ આ ગુજરાત સરકારની, ગતિશીલ સરકારની સફળતા છે. રાજય સરકાર દ્વારા સ્તન કેન્સર, સર્વાઇકલ કેન્સર, ઓરલ કેન્સર, ડાયાબીટીસ રોગોની તપાસ માટે અને નિદાન માટે ખૂબ મોટા પ્રમાણમાં પગલાં ભરવામાં આવી રહયા છે. સમગ્ર વિશ્વમાં પહેલી વખત પાંચ વર્ષથી નીચેના બાળકોના કુપોષણ માટે હાથ ધરાયેલી સ્કીનીંગનું કામ ચાલી રહયું છે. આ પણ ગુજરાતના ઇતિહાસમાં ખૂબ મોટી ઘટના છે. સમગ્ર વિશ્વમાં પહેલી વખત આરોગ્યની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે. સમાજના લોકોની તંદુરસ્તી વધે, સમાજના લોકો વ્યસન મુકત થાય તે માટે ગુજરાત સરકાર તમાકુ નિયંત્રણ કાર્યક્રમ, દારૂબંધીનો કાર્યક્રમ અને જાગૃતિ અર્થે અનેક પ્રકારનું કામ આ સરકાર કરી રહી છે. આજે વ્યસનમુક્તિની સાથેસાથે કોંગ્રેસ મુકત સમાજ બને એવું પણ લોકો ઇચ્છી રહયા છે ત્યારે મારે આ રાજયના બંને મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા છે. સમગ્ર રાજયના ૧૯ વર્ષથી ઓછી ઉંમરના બાળકો એ સ્કૂલમાં જતા હોય કે ન જતા હોય લગભગ દોઢ કરોડ જેટલા બાળકો માટે વિનામૂલ્યે સારવાર આપી રહી છે. આજે આ બાળકોની આરોગ્યની તપાસ કરવામાં આવે છે તેમાં ૧૭,૨૨,૦૦૦ બાળકોની સ્થળ ઉપર સારવાર કરવામાં આવી છે. આ પણ સરકારની એક વિશિષ્ટ ઉપલબ્ધી છે. મારે આદરણીય પ્રધાનમંત્રીશ્રીને વિશિષ્ટ અભિનંદન આપવા ઘટે કે જયારે ૪૦૦૦ જેટલી પી.જી.ની બેઠકોની સમગ્ર દેશમાં જાહેરાત કરી છે તે પૈકી ૭૬ જેટલી સીટો ગુજરાતને પ્રાપ્ત થવાની છે. એમ.બી.બી.એસ.માં હમણા આદરણીય સભ્યશ્રીએ વાત કરી કે તમારા વખતમાં આટલી સીટ હતી પણ મારે એ કહેવું છે કે એમ.બી.બી.એસ. હોય કે ફીઝીયોથેરાપી હોય આ તમામની અંદર સીટો વધારવાનું શ્રેય કોઇને જતું હોય તો ગુજરાતની સરકારને જાય છે અને એના માટે આ સરકાર કેટલી સંવેદનશીલ છે, કેટલી ગંભીર છે એનો ખ્યાલ આવે. ગરીબ માણસને દવા લેવી હોય તો એને કલ્પના બહાર હોય, ઓછી આવક હોય એમાં પણ પ્રધાનમંત્રી દીનદયાળ જનઔષધિના માધ્યમથી ૩૦ ટકાથી ૮૦ ટકા જેટલી દવાની રકમથી આપણે ઓછી કિંમતે ગરીબ માણસને દવા માટે લાભ આપવામાં ગુજરાત સરકાર અવ્વલ નંબરે રહી છે. જેનરીક ડિપાર્ટમેન્ટ માટે ૫૦૦ સ્ટોર હોય કે બ્લડ માટે નવી બ્લડ બેંક હોય એ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા મા અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા ૧,૨૦,૦૦૦ થી ઓછી આવક ધરાવતા અને આજે તો ૧,૫૦,૦૦૦ થી ઓછી આવક ધરાવતા પરિવાર માટે આ બંને, મા અમૃતમ અને મા વાત્સલ્ય કાર્ડ દ્વારા સાત પ્રકારની બીમારીઓ. હૃદયની બીમારી, મગજની બીમારી, કિડનીની બીમારી, કેન્સરની બીમારી, ગંભીર અકસ્માત, દાઝી ગયેલાની સારવાર, નવજાત શિશુ માટે બે લાખ સુધીની કેશલેશ સારવાર આપી રહ્યા છે. માટે હું આ બંને મહાનુભાવોને અભિનંદન પાઠવું છું.

શ્રી <#M/શામજીભાઇ ભી. ચૌહાણ/M#>(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું અને સમર્થન આપું છું. ગુજરાત રાજયમાં જાહેર વિતરણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના હેતુથી ગુજરાતની પ્રજાલક્ષી સરકાર દ્વારા રાજય સરકારની માલિકીના સાહસો તરીકે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા તથા અન્ય કલ્યાણકારી યોજનાઓ હેઠળ રાજયની જાહેર જનતાને પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર મારફત આવશ્યક ચીજો જેવી કે ઘઉં, ચોખા, કઠોળ, ખાદ્યતેલ, ખાંડ, આયોડિન મીઠુ, પેટ્રોલિયમ પ્રોડકટ, સિમેન્ટ જેવી વસ્તુઓનું યોગ્ય અને વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવે છે. નિગમનો મુખ્ય ઉદ્દેશ નફો કરવાને બદલે સરકારની કલ્યાણકારી યોજનાઓ, જાહેર વિતરણ વ્યવસ્થાના અમલીકરણ માટે પાયાની જરૂરિયાતો પૂરી પાડવાનો છે. ઉપરાંત રાજયના કોઇપણ ભાગમાં ભૂકંપ, દુષ્કાળ, પૂર, વાવાઝોડુ તેમજ આફતોના સમયે પ્રજાને આવશ્યક ચીજ વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે. ઓકટોબર તથા નવેમ્બર ૨૦૧૬ દરમ્યાન રાજયના એએવાય અંત્યોદય અન્ન યોજના અને બીપીએલ કાર્ડ ધારકોને રૂપિયા ૬૦ પ્રતિ કિલોગ્રામ લેખે ૧ કિલોગ્રામ તુવરદાળ આપીને કુલ ૩૩ હજાર કિવન્ટલ તુવરદાળનું વિતરણ કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન રાજયના એએવાય અને બીપીએલ કાર્ડ ધારકોને રીફાઇન્ડ કપાસીયા તેલ રૂપિયા ૪૮ પ્રતિલિટર સબસિડાઇઝ દરથી ચાર વખત પ્રતિકાર્ડ એક લિટર લેખે કુલ ૧.૨૮ કરોડ નંગ એક લિટરના પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા નેશનલ ફૂડ સિકયોરિટી એકટ ૨૦૧૩ની અમલવારી ૧લી એપ્રિલ ૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે. પ્રતિમાસ એએવાય અંત્યોદય અન્ન યોજના અને પીએચએસ અગ્રતાક્રમ ધરાવતા કુટુંબો માટે પ્રતિમાસ ૧ લાખ ૩૦ હજાર મેટ્રિક ટન ઘઉં અને ૫૫ હજાર ૭૪ર મેટ્રિક ટન ચોખા મળી કુલ ૧ લાખ ૮૫ હજાર મેટ્રિક ટન જેટલું અનાજ ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયામાંથી ઉપાડીને વિતરણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઘઉંનું વિતરણ રૂપિયા બે પ્રતિ કિલોગ્રામ

તથા ચોખાનું વિતરણ રૂપિયા ત્રણ પ્રતિ કિલોગ્રામના ભાવથી નીચે મુજબ વિતરણ કરવામાં આવે છે. એએવાય અંત્યોદય અન્ન યોજનામાં ઘઉં ૨૫ કિલોગ્રામ કાર્ડદીઠ અને ચોખા ૧૦ કિલોગ્રામ કાર્ડદીઠ આપવામાં આવે છે. પીએચએસ અગ્રતાક્રમ ધરાવતા કુટુંબોને  એક વ્યક્તિદીઠ ૩ કિલો ૫૦૦ ગ્રામ ઘઉં અને ચોખા એક વ્યક્તિદીઠ ૧ કિલો ૫૦૦ ગ્રામ આપવામાં આવે છે. અનાજ, ઘઉં અને ચોખાનું ડાયવર્ઝન થાય નહીં તે માટે ટ્રક ઉપર જીપીએસ સિસ્ટમ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર દ્વારા લગાવવામાં આવી છે. આ ટ્રેડિંગ પ્રક્રિયાથી ૨૦૧૫-૧૬ માટે અનાજ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરો નિયત કરવાથી રૂપિયા ૩.૭૫ કરોડની બચત થયેલ છે. સને ૨૦૧૪ થી ૨૦૧૬ના ટૂંકા સમયગાળામાં નિગમના હિસાબોમાં સરપ્લસ ફંડ રૂપિયા ૧૪૦ કરોડ રાજય સરકારને પરત આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ઓન લાઇન રીવર્સ ઇ-ઓકશનથી મુકત બજારમાંથી ખાંડની પારદર્શક-સ્પર્ધાત્મક ખરીદી કરીને રાજય સરકારની ૩૯ કરોડની સબસિડીની બચત કરેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન નિગમનું ટર્ન ઓવર રૂા.૧૮૮૧ કરોડ હતું તે વધીને રૂા.૨૫૫૦ કરોડ થયેલ છે આમ, ૬૧૯ કરોડનો વધારો એટલે કે ૩૩ ટકા વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં નિગમનો નફો ૫.૬૫ કરોડ હતો તે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધીને રૂા.૯.૨૭ કરોડ થયો છે આમ, રૂા. ૩.૬૨ કરોડ જેટલો એટલે કે નફામાં ૬૪ ટકાનો વધારો દર્શાવે છે. હમણા ડો.જોષીયારા સાહેબ અન્ન નાગરિક પુરવઠા બાબતની ચિંતા કરતા હતા ત્યારે મારે કહેવું છે કે, હમણા યુ.પી. અને ઉત્તરાખંડની ચૂંટણીઓના જે પરિણામો આવ્યા છે તો માનનીય ડોકટર સાહેબ આપના સભ્યશ્રીઓનું આરોગ્ય જળવાઇ એની ચિંતા કરો તો વિશેષ સારું રહેશે. "જયહિન્દ"

ડો. <#M/તેજશ્રીબેન  દિ. પટેલ/M#>(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૧૦૭ કલાઇમેટ ચેઇન્ચ અને માગણી નંબર ૩૯, ૪૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણની માગણીઓ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘણી બધી બાબતોમાં નંબર વન છે એવી ચર્ચાઓ કરી પરંતુ પ્રદૂષણની બાબતમાં પણ ગુજરાત નંબર વન થવા જઇ રહ્યું હોય એવું લાગી રહ્યું છે. હવા, પાણી, જમીન અને જંગલો એ આપણી કુદરતી મિલકતો છે અને એની જાળવણી કરવી એ આપણી પવિત્ર ફરજ છે ત્યારે જાહેર હિસાબ સમિતિનો પાંચમો અહેવાલ જે ૧૦મી માર્ચ ૨૦૧૭ના રોજ વિધાનસભા ગૃહમાં રજૂ થયો એમાં કેગના ઓડિટ અહેવાલ પ્રમાણે જે તપાસ થઇ એમાં પાના નં.૪ ઉપર લખ્યું છે કે, આ તપાસ સમયે અમદાવાદના પિરાણા ડમ્પીંગ સાઇટ પર કચરાના ઢગલા છે એની ઉંચાઇ એ નિયમો વિરુદ્ધની છે અને તેને બાળવાના કારણે પર્યાવરણને ખૂબ જ નુકસાન થાય છે અને ત્યાંથી પસાર થવું પણ ખૂબ જ અઘરૂં થઇ રહ્યું છે. આંખો બળે અને એટલી બધી દુર્ગંધ મારે છે ત્યારે ત્યાંના આજુ બાજુના વિસ્તારના લોકો કઇ રીતે રહેતા હશે? અને સાબરમતીમાં છોડાતા વટવા અને બીજા ઉદ્યોગોના જે કેમિકલ યુકત પાણી છે એની સામે શિક્ષાત્મક કાર્યવાહી થાય એના માટેનો અહેવાલ આ વિધાનસભા ગૃહમાં રજૂ થયો છે તો આ અહેવાલ વિધાનસભાની ચોપડીઓમાં ગુંગળાઇને મરી જશે કે શું? માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકામાં ડી.પી.આર. પ્રોજેકટ રીપોર્ટ માટે લાખો રૂપિયા ખર્ચવામાં આવે છે ત્યારે મોટા ભાગે ભ્રષ્ટાચાર ત્યાં ગટરો બનાવવામાં થતો હોય છે. વિરમગામમાં ૨૪ કરોડ રૂપિયા ગટરો માટે વપરાયા એ પછી પરિણામ શું આવ્યું? રૈયાપુર સુએજ પંમ્પીગ સ્ટેશનથી પંમ્પીગ કરી લગભગ ૨૦ હજાર માણસોનું ચોખ્ખા પાણીનું તળાવ છે એમાં એ પાણી છોડવામાં આવે છે, વારંવાર કલેકટરને સંકલનમાં અને જી.યુ.ડી.સી.માં આની રજૂઆત કરી પણ કરોડો રૂપિયાનો આજે મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ રુલ્સ ૨૦૧૬ અને સ્ટેટ પોલીસી ફોર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એ બધું ગટરોમાં વહી ગયું અને મારે ખાસ એ કહેવાનું છે કે, જયાં નદીઓ છે ત્યાં સંસ્કૃતિનો વિકાસ થયો છે, ત્યાં મોટા મોટા શહેરોનો વિકાસ થયો છે અને આપણા મુખ્ય મંત્રીશ્રી સાબરમતીના કિનારે મહા આરતી કરતા હોય છે અને આપણા વડા પ્રધાનશ્રી રીવર ફ્રન્ટ ઉપર ચીનના પ્રમુખશ્રી સાથે બેસી હિંચકે ઝૂલ્યા છે ત્યારે એ જ સાબરમતીમાં વટવા અને આજુ બાજુના ઉદ્યોગગૃહ ટ્રીટમેન્ટ કર્યા વગર રોજના ૧૨.૫૦ કરોડ લિટર કેમિકલ યુકત પાણી આ સાબરમતીમાં છોડે છે અને એના પર નોટિસો આપી સરકાર સંતોષ લે છે પણ બીજા કોઇ પગલાં ભરવામાં આવતા નથી. સાબરમતીમાં છોડાતા પાણી અને ઉદ્યોગ ગૃહ દ્વારા હવામાં છોડવામાં આવતા ઝેરી વાયુઓના લીધે નાગરિકોને ચામડી, ફેફસા, શ્વાસના, મગજના, પેટના અને ગર્ભાવસ્થા દરમ્યાન બાળકો અને બહેનો પર તેની ખૂબ જ માઠી અસર પડે છે તેમ છતાં તંત્રના બહેરા કાને કોઇ અસર પડતી નથી. આજે ઇકો ફ્રેન્ડલી ટ્રેન્ડ એ મની ફ્રેન્ડલી થઇ ગયો છે. સાયન્સ ઇકોનોમીકસ અને પોલીટીકસ ઓફ કલાઇટમેટ ચેઇન્જનો હમણા જ એક સેમિનાર થઇ ગયો માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં નાણામંત્રીશ્રીએ કહેલું કે નીરોગી બાળક વર્ષ તરીકે આપણે ઉજવીશું. નીરોગી બાળકના બદલે નીતિ આયોગે કહ્યું કે ગુજરાત ૧૩માં ક્રમે જતું રહ્યું છે. ગુજરાતમાં દર હજારે ૩૮ બાળકોના મૃત્યુ થાય છે. મમતા કીટની અનિલભાઇ જોષીયારા સાહેબે વાત કરી તેમાં ૮૦ ટકા ભાવ વધારો આપી આટલો બધો ભ્રષ્ટાચાર થયો અને જે મહિલાઓ ડિલીવરી માટે જતી હોય એને ખૂબ અન્યાય થયો. ૨૦૧૭માં સ્ટેટસ ઓફ ગ્લોબલ એર રિપોર્ટ જે બહાર પડયો અને તેને ગંભીરતાથી લેવો પડે તેમ છે. કારણ કે ૨.૫ ના સૂક્ષ્મ પાર્ટીકલના લીધે ૨૦૧૫ માં ૧૧ લાખ લોકોના મૃત્યુ થયા. ગુજરાત નંબર ૧ ઘણાં બધામાં થઇ ગયું ઝૂંપડપટ્ટીમાં નંબર ૧, ગંદકીમાં નંબર ૧, પ્રદુષણમાં નંબર ૧, સ્કૂલોના ખાનગીકરણમાં નંબર ૧, કોલેજોના ખાનગીકરણમાં નંબર ૧, ભ્રષ્ટાચારમાં નંબર ૧. એટલે આ માગણીઓ કોઇ પણ હિસાબે અમે સ્વીકારી શકીએ એમ નથી કારણ કે પોલ્યુશન કન્ટ્રોલ કરવામાં પણ સરકાર નિષ્ફળ ગઇ છે અને વન અને જંગલોની બાબતોમાં કહું તો આડેધડ જંગલોનું જે પ્રમાણે નિયમ વિરુદ્ધ કટીંગ કરવામાં આવે છે તે અટકાવવામાં સરકાર નિષ્ફળ ગઇ છે.

શ્રી <#M/જીતેન્દ્રભાઇ ર. સુખડીઆ/M#>(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા અન્ન, નાગરિક પુરવઠા તથા ગ્રાહકોની વિભાગ માટે થઇને મહેસૂલ રેવન્યુ પેટે રૂપિયા ૬૭૦ કરોડ પર લાખ ૪૭ હજાર અને મૂડી કેપિટલ પેટે રૂપિયા ૧૧૫ કરોડ ૨૮ લાખ ૭૮ હજાર મળીને કુલ રૂપિયા ૭૮૫ કરોડ ૮૧ લાખ અને ૨૫ હજારની માગણીઓ લઇને આવ્યાં છે તેને હું સમર્થન કરું છું.

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

માનનીય અધ્યક્ષશ્રી, આ એક ખૂબ મહત્વનો એવો સેન્સેટીવ વિભાગ છે કે જેનું નેતૃત્વ અમારા એક યુવા મંત્રીશ્રી કરી રહ્યાં છે. ગુજરાત સરકાર, નાગરિક પુરવઠા નિગમ દ્વારા સમાજના નબળાં વર્ગો માટે આવશ્યક ચીજ વસ્તુઓનું સંપાદન કરીને તેની વિતરણ વ્યવસ્થા કરે છે. ખેડૂતોને તેમની પેદાશો માટે વાજબી ભાવ મેળવવામાં સહાય કરવાની સાથોસાથ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાની કામગીરી પણ નિગમને સોંપાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા નિગમ પાસે પોતાના ૫૩૭ અને ભાડાના ૨૩ મળીને કુલ ૫૬૦ ગોડાઉનોમાં ૩.૩૨ લાખ મેટ્રિક ટન સંગ્રહ શકિત ઉપલબ્ધ છે. કાપ દરખાસ્તોમાં ગોડાઉનોની ઉપલબ્ધતાની બાબતમાં જે સવાલ ઉઠાવવામાં આવે છે તેની સામે મારે આ વિગત કહેવી છે. ગુજરાતની વર્ષ ૨૦૧૫ની અંદાજીત વસતિ ૬.૫૧ કરોડ હતી. વસતિ ગણતરીના સર્વે મુજબ ગુજરાતની વસતિના ૪૨.૫૮ ટકા શહેરી વિસ્તાર, ૫૭.૪૨ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે તે ધ્યાને લેતાં ઘઉંની ૩૪.૫૯ લાખ મેટ્રિક ટન અને ચોખાની ૧૬.૫૬ લાખ મેટ્રિક ટનની જરૂરિયાત ગુજરાત રાજયને રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા નિગમ દ્વારા અનાજ અને બરછટ અનાજ, ખાદ્યતેલ, ખાંડ, કઠોળ, આયોડિન મીઠું વિગેરે ચીજ વસ્તુઓના વિતરણની વ્યવસ્થા કરવામાં આવે છે. પુરવઠા નિગમ દ્વારા સરકારની વિવિધ યોજનાઓનું સંચાલન કરવામાં આવે છે. જેવી કે, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટેની યોજના, ગરીબી રેખા ઉપર જીવતા કુટુંબો માટેની યોજના, ગરીબ કુટુંબો માટેની અંત્યોદય અન્ન યોજના, અન્નપૂર્ણા યોજના કે જે નિરાધાર વૃદ્ધોને ૧૦ કિલો ઘઉં આપે છે. અન્નમ્ બ્રહમ યોજના જે કુપોષણથી થતાં મૃત્યુને રોકવા માટે થઇને વૃદ્ધો અને આશ્રિતોને, અનાથોને ૧૦ થી ૧૫ કિલો ઘઉં આપવાની વ્યવસ્થા કરે છે. તથા સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, મધ્યાહન ભોજન યોજના તથા સંકલિત બાળ વિકાસ યોજનાની પણ કાર્યવાહી કરવામાં આવે છે. રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ નો અમલ તા.૧/૪/૧૬થી કરવામાં આવે છે તે મુજબ ગ્રામ્ય વિસ્તારની ૨૫૮.૭૮ લાખ અને શહેરી વિસ્તારની ૧૨૪.૦૬ લાખ મળીને કુલ ૩૮૨ લાખની વસ્તીને આ કાયદાનો લાભ મળે છે. આ કાયદાનો અમલ થતાં અંત્યોદય અન્ન યોજનાના કુટુંબોને કાર્ડ દીઠ ૩૫ કિ.ગ્રા. અનાજ, ચોખા પ્રતિ કિલો રૂ.૩/– અને ઘઉં પ્રતિ કિલો રૂ.૨/–ના ભાવે મળવાપાત્ર થયેલ છે. અંત્યોદય અન્ન યોજનાના કુટુંબો સિવાય પણ અગ્રતા ધરાવતા કુટુંબોના સભ્યોને પ્રતિ વ્યક્તિ ૫ કિ.ગ્રા. અનાજ, ચોખા પ્રતિ કિલો રૂ.૩/– અને ઘઉં પ્રતિ કિલો રૂ.૨/–ના ભાવથી મળવાપાત્ર થયેલ છે. ૮.૯ લાખ અંત્યોદય પરિવારોને ઘઉં, ચોખા, તેલ, ખાંડ, મીઠું અને કેરોસીન ૧૨૧૮૦/–ના વાર્ષિક દરે અને અગ્રતાક્રમ ધરાવતા ૬૩.૪૯ લાખ પરિવારોને વાર્ષિક રૂ.૯૮૧૦/–ની સહાય મળશે. આપણા રાજયમાં વાજબી ભાવની દુકાનોનું નામકરણ 'પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર'ના નામથી કરવામાં આવે છે. રાજયમાં 'પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર'ની કુલ ૧૭,૨૧૨/– દુકાનો કાર્યરત છે. આ ગ્રાહક ભંડારોનું આધુનિકીકરણ પણ કરવામાં આવેલ છે. દુકાન સંચાલકો કોમ્પ્યુટર, લેપટૉપ, પ્રિન્ટર, ફિંગર પ્રિન્ટ જેવા ઉપકરણો વસાવે છે. જેના માટે સરકાર સહાય કરે છે. કાર્ડ ધારકોની આ વ્યવસ્થાને ઇ.એફ.પી.એસ. કહેવામાં આવે છે. આ દુકાનોમાં બાયોમેટ્રિક આધારિત રીસીપ્ટ પદ્ધતિથી કાર્ડ ધારકોને મળવાપાત્ર જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. જેમાં ગુજરાત પ્રથમ છે. આખા હિન્દુસ્તાનમાંથી આનો અભ્યાસ કરવા માટે જુદા – જુદા રાજ્યોના પ્રતિનિધિ મંડળો ગુજરાત ખાતે આવેલ હતા. દેશમાં ગુજરાત જ એવું પ્રથમ રાજ્ય છે કે જેને ફેરપ્રાઇસ શોપ મૉડેલ સેન્ટરનો એક નવો વિચાર રજૂ કર્યો છે. આવા ફેરપ્રાઇસ મૉડેલ સેન્ટર શરૂ થવાને લીધે આવી દુકાનો ઉપર દરેક જાતની ગ્રાહકોની ઉપયોગી ચીજવસ્તુઓ વાજબી ભાવે મળતી થઇ છે. આનાથી તમામ દુકાનોની આર્થિક સ્થિતિમાં તેમજ જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારો થયેલ છે. દુકાનદારને પણ ગોલમાલ કરવાની ઇચ્છા ન થાય એવી વ્યવસ્થા ગોઠવી છે. રાજ્યમાં હાલમાં નવેમ્બર – ૨૦૧૬ની સ્થિતિએ ૧૭૨૧૨ દુકાનો પૈકી ૧૫૪૩૮ જેટલી વાજબી ભાવની મૉડેલ ફેર પ્રાઇઝ શોપ્સ કાર્યરત છે. Door step deliveryની બાબતમાં માનનીય જોષીયારા ભાઇએ જણાવ્યું એમાં જ ખૂબ મોટી ગરબડ થાય છે આ જે ઉઠાંતરીની સ્થિતિ છે એ ભૂતકાળની બાબત બની ગઇ છે. હવે અનાજનો જથ્થો તથા કેરોસીનની વિતરણ વ્યવસ્થા Door step deliveryથી કરવામાં આવે છે. સરકારે નાણાના વ્યયને અટકાવવા માટે પણ દરેક વાહનને જી.પી.એસ. લગાવવામાં આવે છે અને Transportationનું પણ મોનીટરીંગ કરવામાં આવે છે.

શ્રી <#M/અશોકકુમાર ર. પટેલ/M#>(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક – ૩૯ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ગુજરાતની પ્રજા માટે અને એમાં પણ ખાસ કરીને આરોગ્ય માટે જે પણ કરવું પડે, જેટલા પણ નાણા વાપરવા પડે એ વાપરીને પણ ગુજરાતની પ્રજાની સુખાકારી માટે અગ્રેસર રહી છે ત્યારે હું એક–બે વાત આપના ધ્યાને એટલા માટે મૂકવા માગું છું કે, ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રાજ્યની સરકારી આરોગ્ય સંસ્થાઓને ડ્રગ લીસ્ટેડ સ્ટાન્ડર્ડ ગાઇડલાઇન મુજબ જરૂરિયાત મુજબની ૫૭૫ દવાઓ સિવિલ હોસ્પિટલમાં મફત આપવામાં આવે છે. જનતાના સારા સ્વાસ્થ્ય માટે જીવનમાં વિવિધ સુખોમાં સર્વોચ્ચ સ્થાન આપેલું છે ત્યારે આરોગ્ય સેવાઓ મેળવવા માટે માનવનો અધિકાર છે તે પૈકી આરોગ્ય માટે જીવનરક્ષક દવાઓ અનિવાર્ય બની રહે છે. ડાયાબીટીસ,

બ્લડ પ્રેશર, કેન્સર, ક્ષય, કીડની, હ્રદયરોગ જેવા જે રોગો છે એની સામે પોતાનું જીવન ટકાવવા માટે જેમ મનુષ્યને ખોરાકની જરૂર પડે છે એમ આ રોગોમાં કોઇપણ વ્યક્તિ હોય પછી એ પૈસાદાર હોય, મધ્યમવર્ગની હોય કે ગરીક વ્યક્તિ હોય કે પીડિત હોય બધાને જ આ દવાઓની આ રોગો સામે જીવવા માટે જરૂર પડે છે. એટલે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ક્યાંય નહોતું કહ્યું કે, અમે આવું કરીશું, ક્યાંય નહતું કહ્યું, છતાં પણ આ ગરીબ વર્ગની, મધ્યમવર્ગની વિચારોને વરેલી સરકારે દવાઓ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં મારે રેગ્યુલર જવાનું થાય છે. તો ત્યાં જોઇએ તો જે દર્દી હોય એમની પાસે ઘણી વખત તો દવાના પૈસા પણ ન હોય, તો ત્યાં અમારી જેટલી સંસ્થાઓ જેસીસ ને જોઇન્ટેબલ ટ્રસ્ટો ચાલે છે એના દ્વારા ઘણા દર્દીઓને દવાઓ આપવાનું સૌભાગ્ય પણ મને પ્રાપ્ત થયું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અંદર આઇ.સી.યુ. યુનિટ ખૂબ સરસ વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે અને જયારે માનનીય નીતિનભાઇ સાહેબ આરોગ્ય મંત્રીશ્રી હતા ત્યારે ડાયાલીસીસ વિભાગ પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલુ કરવામાં આવ્યો છે. મને ગર્વ છે કે, ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય મંત્રી તરીકે જયારે માનનીય નીતિનભાઇ સાહેબ હતા ત્યારે પણ એમણે મુલાકાત લીધી હતી અને માનનીય શંકરભાઇ સાહેબે પણ ત્રણ થી ચાર વખત અમારી સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી છે. એટલે લોકોની સુખાકારી કરવા માટે શું શું કરવું જોઇએ, ત્યાં જઇને પણ અમારા મંત્રીશ્રીઓ આવી માહિતી લઇને કેમ કરીને વધારેને વધારે સારી સારવાર આપી શકાય તે બાબતે ચિંતિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જેનરીક દવાઓની વાત કરું તો, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં ગયો છું અને મારો જાતનો અનુભવ કહું તો જયારે કોંગ્રેસની સરકારો હતી, માનનીય જોષીયારા સાહેબ, અહીંયા આરોગ્ય મંત્રી હતા તો મારે એમને એક જ વિનંતી કરવી છે કે, તમે જયારે આરોગ્ય મંત્રી હતા ત્યારે પ્રજાની સુખાકારી માટે એક થી દસ કાર્યો હોય એવાં કાર્યો ગૃહમાં બતાવે. ખાલી નથી કર્યું, નથી કર્યું, નથી કર્યું એવું જ એમને બોલવાનું? હું ૧૯૮૪માં મેડિકલ સ્ટોર ચલાવતો હતો ત્યારે જે ટી.બી.થી પીડાતા દર્દીઓ માટેની જે દવાઓ આવે એ દવાઓ માટે એની પ્રિન્ટેડ કિંમતો એ દવાઓની ઘણી, ઘણી, ઘણી ઉંચી હોય અને એમાં ડોક્ટર્સ અને લખવાવાળા બધાનું સેટીંગ ભૂતકાળની સરકારોમાં ચાલતું હતું ત્યારે આ લોકોની સુખાકારી માટે કામ કરતી આ સરકારે જેનરીક દવાઓ માટેનું આખું તંત્ર પ્રધાનમંત્રી દ્વારા નકકી કરવામાં આવ્યું છે અને ગુજરાત સરકાર દ્વારા મેડિકલ સ્ટોરોનું જે ઓપનિંગ થયું, એમાં હું અમુક દવાઓની વાત કરું તો દર્દ નિવારક દવાઓ ડાયકલોફેનીક નામની જે દવા જે ટેબ્લેટ આવે છે એ આપણે બજારમાં લેવા જઇએ તો જેને પથરીનો દુખાવો થાય કે બીજો કોઇ દુખાવો થાય તો ડાયકલોફેનીક જે દવા લઇએ છીએ એ બજારમાં લેવા જઇએ તો ૪૪ રૂપિયા થાય, અને જેનરીક સ્ટોર્સમાં જઇએ તો ૬ રૂપિયામાં મળે, ઉધરસની દવાની બાટલી લઇએ તો બ્રાન્ડેડ દવા બહારથી લઇએ તો ૧૮ રૂપિયા અને જેનરીક સ્ટોર્સમાંથી લઇએ તો ૬ રૂપિયા, મેલેરિયાની દવાઓની જો વાત કરીએ તો, બ્રાન્ડેડ દવા લઇએ તો ૬૭ રૂપિયાની દવા થાય છે અને જેનરીક સ્ટોર્સમાં ૨૦ રૂપિયા થાય છે. એન્ટીબાયોટીકની વાત કરું તો, એરીથ્રોમાઇસીનની ત્રણ ગોળી જે એલેમ્બીક જેવી સારી કંપનીની દવા લઇએ તો ૧૦૦ રૂપિયા અને એ જ દવા જેનરીક સ્ટોર્સમાં લેવા જઇએ તો ૧૮ રૂપિયા થાય છે. એટલે મારું કહેવાનું એ છે કે, ગુજરાતી પ્રજા માટે પહેલી જાન્યુઆરીથી ૧૭મી ફેબ્રુઆરી સુધી જે આ દવાઓનું વેચાણ થયું છે એ બે કરોડ પાંત્રીસ લાખનું થયું છે. એના કારણે ગુજરાતની પ્રજાને ચાર કરોડ રૂપિયાની બચત થઇ છે અને એ બચત ગુજરાતની જનતા પોતાના બાળકો પાછળ વાપરી શકશે.

શ્રી <#M/પુનાભાઇ ઢે. ગામીત/M#>(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

અહીંયા ઘણા બધા સભ્યશ્રીઓએ આરોગ્ય વિશે વાતો કરી છે. એ જ રીતે સરકાર પણ અવારનવાર આ હાઉસમાં આરોગ્યની સુખાકારીની વાતો કરતી હોય છે. અહીંયા સિવિલ હોસ્પિટલોની વાતો કરવામાં આવી, સામૂહિક આરોગ્ય કેન્દ્રોની પણ વાતો કરવામાં આવી અને પબ્લિક હેલ્થ સેન્ટરોની પણ વાતો કરવામાં આવી છે. હું આ તબક્કે આખા રાજયની વાત કરવા માગતો નથી.

મારા તાપી જિલ્લાની વાત કરું તો સુરતમાંથી તાપી જિલ્લો છૂટો પડ્યો તેમ છતાં અમારુ અંતર ઘટ્યું નથી. તાપી જિલ્લો એટલા માટે બનાવવામાં આવ્યો કે લોકોને છેક સુરત સુધી ધક્કા ખાવા ન પડે. તાપી જિલ્લામાં સિવિલ હોસ્પિટલ આવેલી છે એના આધુનિકીકરણની પણ વાતો કરવામાં આવે છે, ગરીબ અને છેવાડાના માનવને જિલ્લા મથકે જ આરોગ્યની બધી સગવડો મળી રહે એના માટેની વાત કરવામાં આવે છે ત્યારે અમારી સિવિલ હોસ્પિટલમાં બધા જ પ્રકારના આધુનિક સાધનો હજી આપવામાં આવ્યા નથી. તાપી જિલ્લાના છેવાડાના ગામ જેવા કે કુકરમુંડા ગામ છે ત્યાંના દર્દીને જો સિટી સ્કેન કરાવવું હોય તો છેક સુરત સુધી જવું પડે છે. અમે હમણાં જ એક કાર્યક્રમમાં અમારા સ્થાનિક લોકો સાથે માનનીય શંકરભાઇને રજૂઆત કરી હતી કે અમારા તાપી જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સિટી સ્કેન મશીનની વ્યવસ્થા કરવામાં આવે એનું કારણ એ છે કે અમારા છેવાડાના ગામેથી છેક સુરત સુધીનું અંતર ૩૫૦ કિલોમીટર જેટલુ થાય છે. તેથી અમારે ત્યાં તાત્કાલિક સિટી સ્કેન મશીનની વ્યવસ્થા કરવા માટે રાજય સરકાર તથા માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કોઇ માણસ ગંભીર સ્થિતિમાં હોય એનું મગજ ડેમેજ થઇ ગયું હોય ત્યારે એને સિટી સ્કેન મશીનની જરૂર પડે છે અને છેક સુરત લઇ જતાં એનુ મૃત્યુ પણ થઇ જાય છે. તેથી આ અંગે સરકાર વિચારે. અમારી સિવિલ હોસ્પિટલને દેશ લેવલે સ્વચ્છતાનો એવોર્ડ પણ મળેલ છે. આ બજેટમાં સિવિલ હોસ્પિટલો માટે ૨૨૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આધુનિક સાધનો દરેક હોસ્પિટલોને

પૂરા પાડવા માટે ઘણી બધી જોગવાઇ કરવામાં આવી છે ત્યારે મારી ખાસ કરીને માનનીય મંત્રીશ્રી શંકરભાઇને વિનંતી છે કે અમારા વિરોધપક્ષને અન્યાય ન થાય. માનનીય મંત્રીશ્રીએ જ અગાઉ કહ્યું છે કે અમે ગુજરાતની જનતાને ધ્યાનમાં રાખીને જ બધા નિર્ણયો લઇએ છીએ ત્યારે તમે બોલેલા શબ્દો પાળો તેવી વિનંતી છે.

બીજી મારી વિનંતી એ છે કે અમારે ત્યાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં ડોકટરો તથા અન્ય સ્ટાફની ઘટ છે તો અમારા આદિવાસી વિસ્તારમાં તાત્કાલિક આ ઘટ પુરાય એવી સરકારને વિનંતી છે. ઘણી વખત ડોકટરો અને સ્ટાફની ઘટ હોય એના લીધે આપણે દર્દીને બચાવી શકતા નથી. તો સરકાર આધુનિક મશીનરી પૂરી પાડે, ડોકટરો અને સ્ટાફ પૂરા પાડે એવી વિનંતી છે. અહીંયા સરકાર એમ કહે છે કે અમે આરોગ્યને લગતી બધી જ સગવડો પૂરી પાડી દીધી છે એટલે ચિંતા કરવાની જરૂર નથી પરંતુ આજે પણ દૂર છેવાડાના અને અમારા આદિવાસીભાઇઓ વેદના અને પીડા ભોગવી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં અત્યારે ભારે રોગચાળો ફાટી નીકળ્યો છે, ઝાડા ઉલટીના મોટા પ્રમાણમાં કેસો બન્યા છે અને એના લીધે ઘણા બધા લોકો મોતને ભેટ્યા છે એનુ કારણ એ છે કે ડોકટરો પૂરતા પ્રમાણમાં છે નહિ તથા અન્ય સ્ટાફ પણ પૂરતો ન હોવાને કારણે આમ બન્યુ છે. આજે ભોગ બનવું પડે છે. એ પણ જોગવાઇ કરવી જોઇતી હતી. એ જોગવાઇ કરી હોત તો મંત્રીશ્રી અભિનંદનને પાત્ર બને. રાજ્ય સરકાર અને મંત્રીશ્રી જયારે આરોગ્યલક્ષી ચિંતા કરતા હોય. અમે તો આખી હોસ્પિટલમાં મંત્રીશ્રી સાથે ફર્યા હતા. સરકારી કાર્યક્રમ હતો અને એમાં અમારે કોઇ વિરોધ પણ ન હતો. મંત્રીશ્રી મારા મિત્ર પણ છે, એટલે મને કહે કે પુનાભાઇ, તમારી ચિંતા એ મારી ચિંતા છે. એ શબ્દ હું ભૂલી ગયો નથી. કદાચ માનનીય મંત્રીશ્રીને પણ યાદ હશે. અન્ય મશીનની સાથે સાથે સિટીસ્કેન મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવી આપે તો હું માનું છું કે ખરેખર છેવાડાના માનવી સુધી આરોગ્યની સગવડ પહોંચી શકે. આ સગવડ આરોગ્ય વિભાગે કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણની વાત કરું તો અમારા છેવાડાના ગામડાંમાં કેટલોક સ્ટાફ પહોંચી વળતો નથી એટલે ખબર પડતી નથી. કેટલા કુપોષણમાં મર્યા છે, કેટલા કુપોષણમાં સબડે છે. તો આ દિશામાં પણ પૂરેપૂરી કાળજી રાખવામાં આવે. પૂરતો સ્ટાફ ભરવામાં આવે તો હું એમ માનું કે આરોગ્ય અંગેની સુવિધા રાજ્ય સરકાર પૂરી પાડી રહી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઇને આરોગ્ય મંત્રીશ્રી આવ્યા છે એ માગણીઓ ત્યારે સાર્થક થશે કે ગ્રામ્ય વિસ્તારની અને શહેરી વિસ્તારની જનરલ હોસ્પિટલ છે, તમારી હોસ્પિટલો છે, તમારા અધિકારમાં આવે છે તો મારી મંત્રીશ્રીને ખાસ વિનંતી છે. આ માગણીઓ સાથે સંમત થતો નથી.

શ્રી <#M/કનુભાઇ મો. દેસાઇ/M#>(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા યુવા મંત્રી શંકરભાઇ બંદરો અને વાહનવ્યવહાર માટે માગણી નં. ૭૫ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું અને સરકારે તે અંગે કરેલી કામગીરીનો ઉલ્લેખ કરીશ. મહેસૂલી ખર્ચ માટે ૫૧ કરોડ ૯૦ લાખ અને મૂડી ખર્ચ માટે ૨૫ લાખ કરોડની જે માગણી છે એ માગણી અનેકવિધ કાર્યો માટે છે. કોઇ પણ દેશના આર્થિક વિકાસનો પાયો ઉદ્યોગ, વેપાર ધંધા અને રોજગારી છે. વર્ષ ૨૦૦૨થી શરૂ થયેલી આ વિકાસની યાત્રાને સમગ્ર દેશે ગુજરાત મૉડેલ તરીકે સ્વીકાર્યું છે અને તેનો છેલ્લો પડાવ ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં જે સુનામી પરિણામો આવ્યા છે તેમાં દેખાઇ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઇએ આ પરિણામોને એક વિજય તરીકે નહીં પરંતુ લોકોના આદેશ તરીકે સ્વીકારીને દરેક કાર્યકરને અને ભારતીય જનતા પાર્ટીના સમર્થકોને જેમ વૃક્ષ પર ફળ આવે ત્યારે વૃક્ષ નમે છે તેમ નમ્ર બનવાની સલાહ આપી છે એ પણ એક સુંદર સંકેત છે. ઉત્તરપ્રદેશની જનતાએ નાત–જાત, પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને જે રીતે વિકાસની રાજનીતિને મહત્વ આપ્યું છે અને વિકાસ માટેની એક ઉત્કંઠા ઉત્તર પ્રદેશમાં જાગી છે એ અભિનંદનને પાત્ર છે. ગુજરાતના વિકાસ મૉડેલમાં ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો અચૂક રીતે જોડાયેલ છે. સાગરકાંઠાના વેપાર–ઉદ્યોગના વિકાસ માટે મહત્તમ ઉપયોગ છેલ્લા ૧૫ વર્ષમાં કરવામાં આવ્યો છે. સાગરકાંઠો અને બંદરો વિષે હું વધુ વાત કરું તે પહેલાં મારે તેજશ્રીબેનને એક જવાબ આપવો છે કે નરેન્દ્રભાઇ વડાપ્રધાન થયાને ૨૧ દિવસમાં જ નર્મદા યોજનાને મંજૂરી આપી. એ સાથે જ સરકાર પર્યાવરણ માટે એટલી કટિબદ્ધ હતી, દરેક વખતે કહેવાય છે કે મોસાળમાં જમણ અને માં પીરસનાર. પરંતુ નરેન્દ્રભાઇએ ગુજરાતના ઉદ્યોગોને ૨૦૧૪માં નહીં પરંતુ ઓક્ટોબર–૨૦૧૬માં વાપી, અંકલેશ્વર, વટવાને સંપૂર્ણ રીતે પર્યાવરણની જાળવણી કર્યા પછી જ મુક્ત કર્યા એ બતાવે છે કે સરકાર પર્યાવરણ માટે કેટલી કટિબદ્ધ છે. જ્યારે જીઆઇડીસીની રચના થઇ ત્યારે પર્યાવરણના કોઇપણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવેલા ન હતા. ૧૯૫૦ પછીથી હાઇકોર્ટમાં શ્રી જસ્ટીશ કિરપાલની કોર્ટમાં ઓર્ડર થયા પછી ભારતીય જનતા પાર્ટીની સરકારોએ પર્યાવરણ ક્ષેત્રે ખૂબ કામ કર્યા છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સુંદર કામગીરી કરી રહ્યું છે એને પણ અભિનંદન આપવા ઘટે. આના લીધે જ ગુજરાત જે રોજગારીના ક્ષેત્રમાં ૮૦ ટકા રોજગારી આપીને સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાને છે એ બતાવે છે કે ગુજરાત લોકોની સુખાકારી માટે અને યુવાનો માટે કેટલું કામ કરી રહ્યું છે ! રાજ્યમાં કુલ ૪૮ બંદરો આવેલા છે. એમાં કંડલા એક મહાબંદર છે. જેનો વહીવટ ભારત સરકાર વતી પોર્ટ ટ્રસ્ટ કરે છે. રાજ્યમાં કુલ ૪૮ બંદરો પૈકીના ૧૧ બંદરો મધ્યમ કક્ષાના છે અને ૭ ખાનગી બંદરો છે અને ૩૦ નાના બંદરો તરીકે વિકસાવેલ છે. મધ્યમ અને નાના બંદરોનો વહીવટ ગુજરાત મેરી ટાઇમ બોર્ડ કરે છે અને દેશનું સૌથી મોટું અલંગ રિસાઇકલીંગ યાર્ડ એની કામગીરી પણ મેરી ટાઇમ બોર્ડ કરે છે. સમગ્ર ભારતમાં કુલ ૧૮૫ બંદરો આવેલા છે. એમાં ૪૮ બંદરો ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. જે દેશના કુલ બંદરોના ૨૫ ટકા જેટલા છે. એ દેશમાં સૌથી વધુ બંદરો ધરાવતું રાજ્ય ગુજરાત છે. મહામહિમ રાજ્યપાલશ્રીના જણાવ્યા અનુસાર ૨૦૧૫–૧૬ દરમિયાન રાષ્ટ્રીય સ્તરે બંદરો થકી માલની હેરફેર ૧૦૫૧ લાખ મેટ્રીક ટન થઇ. જ્યારે ગુજરાત મેરી ટાઇમ બોર્ડના

બંદરો થકી ૩૩૬ લાખ મેટ્રીક ટનની હેરાફેરી થઇ. જે કુલ રાષ્ટ્રીય ટ્રાફિકના ૩૨.૦૨ ટકા છે. ગુજરાતના બંદરોનો વિકાસ થયો છે. જેવા કે ખાનગી બંદર, કેપ્ટીવ જેટી વગેરેનો વિકાસ થયો છે. દરિયા કિનારે ઉદ્યોગોનો વિકાસ થયો છે. દરિયા કિનારે સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ થયો છે અને જે રીતે ગેસની આયાત કરીને વિતરણ કરવામાં આવે છે એના માટે પણ ગુજરાત સરકારે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપમાં ઘણા બિડરોને બોલાવીને ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે ઘણો પ્રયત્ન કર્યો અને તેના પરિણામે ઉદ્યોગોનો સુંદર વિકાસ કર્યો છે. દરિયાઇ કાંઠા ઉપર શીપ બિલ્ડીંગ અને રિપેરીંગ અને તેને સંલગ્ન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦માં શીપ બિલ્ડીંગ નીતિ જાહેર કરેલ છે. સમુદ્રી શિક્ષણ, સમુદ્રી અર્થતંત્ર અને બંદરોની કામગીરી અને નિભાવ તથા નાણા વ્યવસ્થા મેરીટાઇમ એક્ટ અને બંદરોની રૂપરેખા તથા આયોજનના અભ્યાસક્રમો પૂરા પાડવા માટે ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે અને એ માટે રૂ.૨૦/− કરોડની ફાળવણી થઇ છે.

શ્રીમતી <#M/વર્ષાબેન ન. દોશી/M#>(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા બાબતમાં માગણી ક્રમાંક−૨૨ અને ૨૩ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. રાજ્ય સરકાર દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારોના પોષણનું સ્તર જાળવવા માટે તેઓને અન્ન સુરક્ષા આપવી તે પાયાની જરૂરિયાત છે. ત્યારે આ વિભાગ અતિ સંવેદના સાથે મહિલાઓ, કુપોષિત બાળકો અને નિરાધારો માટે અનેક યોજનાઓ બનાવીને જ્યારે કામ કરી રહ્યો છે ત્યારે હું સૌરાષ્ટ્રમાંથી અને ખાસ કરીને ઝાલાવાડમાંથી આવું છું ત્યારે મારે ત્યાં વિશ્વનું એક માત્ર રબારી સમાજનું આસ્થાનું સૌથી મોટું વડવાળા દેવનું મંદિર આવેલું છે. ત્યાં દિવસમાં ત્રણ વખત હરિહરનો સાદ પડે અને નાતજાતના ભેદભાવ વગર તમામ ગરીબો અને ભૂખ્યા એવા સૌને અનાજ આપવાનું કામ, જમાડવાનું કામ હરિહરના સાદથી થાય છે ત્યારે અને ''જ્યાં ટૂકડો ત્યાં હરિ ઢૂકડો'' એવું જલારામબાપાની જગ્યાથી આપણે જાણીએ છીએ. આવી વિરાસત આપણને વારસામાં મળી છે ત્યારે મારી સરકાર પણ સાચા અર્થમાં ગરીબોના બેલી બનીને કામ કરી રહી છે. અન્ન પુરવઠા વિભાગની માગણી ક્રમાંક ૨૨ અને ૨૩માં ઘણી નવી બાબતોને સ્થાન મળ્યું છે ત્યારે આ વખતે રાજ્યમાં આવેલ દિન દયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારોના નવીનીકરણ માટે અને એને આધુનિક બનાવવા માટે રાજ્ય સરકારે એક નેમ કરી છે. આવી વાજબી ભાવની દુકાનોને આધુનિક બનાવવા માટે રાજ્ય સરકારે રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી આ સંચાલકોને રૂ.૧/− લાખની લોન આપવાનું નક્કી કર્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે લોન એટલે એના ઉપર વ્યાજનો દર તો હોય જ, પરંતુ આ સરકારને મારે અભિનંદન આપવા છે કે આ લોન ઉપરના ચાર ટકાનું વ્યાજ પણ રાજ્ય સરકાર પોતે ભરવાની છે અને આ બજેટની અંદર ૨૦૧૭−૧૮ની અંદર પ્રારંભિક ૨૦૦૦ આવા વ્યાજબી ભાવના ભંડારો માટે આપણે રૂ. એક કરોડની જોગવાઇ કરી છે. રાષ્ટ્રીય સલામતિ કાયદો ૨૦૧૩ હેઠળ વિતરણ કરવામાં આવતા અનાજના જથ્થાની બાબતમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ૫૦−૫૦ ટકા આ ખર્ચ ભોગવે છે. બી.પી.એલ. યોજનામાં જે અનાજ વિતરણ થાય તેમાં ૨૦૧૬ સુધી આપણે સબસિડીના ખર્ચનું આયોજન કરતા હતા પરંતુ તા.૧−૪−૨૦૧૬થી અન્ન સલામતી યોજનાનો અમલ થતા ફુડ સીક્યોરીટી માટે આગામી વર્ષ ૨૦૧૭−૧૮માં રુ.૪૫૧ કરોડની સૂચિત જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો ૨૦૧૩માં અમલમાં મૂકવામાં આવ્યો. આ યોજના અમલમાં મૂકતા નિયત થયેલી યાદી મુજબ લાભાર્થીને નકકી કરવામાં આવેલા હતા. આ યોજનાની શરૂઆતમાં સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો મારા સુરેન્દ્રનગર જિલ્લામાં ૧,૯૩,૩૬૫ રેશનકાર્ડને સમાવવામાં આવ્યા હતા અને એના કારણે ૯,૧૧,૦૨૧ લાભાર્થી જન પરિવારને મળવાનું હતું પરંતુ મારે એ બાબત કહેવી છે કે આ યોજનામાં વંચિત રહી ગયેલા લોકોને પણ સમાવિષ્ટ કરવા માટે મારી સરકારે વ્યવસ્થા ગોઠવી અને કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ બની. એ સમિતિ દ્વારા સમયાંતરે સમીક્ષા કરીને સાચા લાભાર્થીનો ઉમેરો કરવામાં આવ્યો અને આજે મારે કહેવું છે કે ફેબ્રુઆરી ૨૦૧૭માં મારા જિલ્લામાં ૧,૯૩,૩૬૫ રેશનકાર્ડ ધારકોની સામે અત્યારે ૨,૩૯,૩૯૭ રેશનકાર્ડ ધારકોની સંખ્યા બની છે. આમ ૪૬હજાર જેટલા વધારે લાભાર્થીને આપણે લાભ અપાવી શકયા છીએ. જનસંખ્યામાં વાત કરું તો એ વખતે ૯,૧૧,૦૨૧ હતી જે આજે આ જનસંખ્યા વધીને ૧૧,૨૬,૩૭૦ થઇ છે. માત્ર ગરીબોની વાતો કરવાથી રોટલો ના ઉપજે. ગરીબોના ખાટલે બેસીને ચા પીવાથી કે થાળીમાં રોટલો ખાઇને ફોટા પડાવી દઇએ એનાથી ગરીબોના રોટલામાં કોઇ ફેરફાર ન થાય પરંતુ જે લોકો રહી ગયા છે એના માટે મારી સરકારે ખૂબ પ્રયત્ન કર્યો. સેવા સેતુ કાર્યક્રમની અંદર જે પણ લાભાર્થી રહી ગયા હતા એનું ફોર્મ ભરાવ્યું, સાચી સ્થિતિમાં એને લઇ જવાનું કામ કરાવ્યું. આપણે એ કામ કરવું નથી અને રહી ગયા, રહી ગયાની વાતો કરવી છે. લોક સેવક તરીકે તો દરેક મનુષ્ય બધાના માટે સરખો જ છે. લાભાર્થી માટે આપણે શું કરી શકીએ, શું યોજના લોકો સુધી પહોંચાડી શકીએ એ કોંગ્રેસના મિત્રોએ ખાસ જાણવાની જરૂર છે. રાજયમાં વ્યાજબી ભાવની દુકાનના સંચાલકોને કોમ્પયુટર, લેપટોપ, પ્રિન્ટર, ફીંગર પ્રીન્ટ જેવા ઉપકરણો વસાવી દુકાન સંચાલકો કાર્ડ ધારકની ફીંગર પ્રીન્ટ મેળવી રીસીપ્ટ દ્વારા જથ્થાનું વિતરણ જે કરવામાં આવે છે એને E .F .P .S . કહેવામાં આવે છે. આજે રાજયની ૯૯ ટકા દુકાનોની અંદર આ યોજના કાર્યાન્વિત થઇ ગઇ છે. આ વિભાગ દ્વારા બારકોડેડ રેશન કાર્ડની યોજના બની અને મને કહેતા આનંદ થાય છે કે દેશમાં સૌ પહેલા ગુજરાત હતું કે જેણે આ યોજનાનો અમલ કર્યો અને ભૂતિયા રેશનકાર્ડોને નાબૂદ કર્યા. એના કારણે રેશનકાર્ડ અને ગેરવલ્લે જતો અનાજનો જથ્થો અટકાવવામાં મારી સરકારે સો ટકા સફળતા મેળવી છે અને સાચા લાભાર્થીને આપણે લાભ આપી શકયા છીએ. અન્ન સુરક્ષા અધિનિયમના અમલ અંગેની દેખરેખ રાખવા માટે આ માગણીની અંદર સ્વાયત્ત સ્ટેટ ફુડ કમિશનની રચના પણ કરવામાં આવી છે. મને શ્રદ્ધા છે, એક પંકિતમાં કહેવાયું છે કે ભુખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું

જળ થાજો, દીનદુઃખીયાના આંસુ લોતા અંતર કદીના ધરાજો. કવિશ્રી કરસનદાસ માણેકની પંકિતઓ એમની કલમે લખાઇ તો ગઇ પરંતુ મારી સરકારે આજે આ પંકિતને ચરીતાર્થ કરી છે અને એટલે જ ઉત્તર પ્રદેશમાં વન વે જીત થઇ છે. હું માનનીય મંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપુ છું અને સમર્થન આપુ છું.

શ્રી <#M/જીતુભાઇ હ. ચૌધરી/M#>(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૨૨, ૨૩, ૧૦૭, ૭૫, ૩૯, ૪૦ અને ૨૭ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય બાબતે ગામડા વિસ્તાર અને સરહદી વિસ્તાર બાબતે ધ્યાન દોરવા માગું છું. આપણે વાતો કરીએ છીએ કે બધી જ સુવિધાઓ મળી ગઇ છે. પરંતુ સરહદી વિસ્તાર અને ગામડા વિસ્તાર જેમ કે વલસાડ અને ડાંગ જિલ્લાના સરહદી વિસ્તારની વાત કરીએ તો ત્યાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય અને વર્ગ-૧ના ડોકટરો હોય. અત્યારના આંકડા છે એ પ્રમાણે જોઇએ તો ૮૭ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એમ.બી.બી.એસ. ડોકટર હોય છે. પરંતુ સર્જન, ગાયનોકોલોજીસ્ટ જેવા ડોકટરોની જરૂરિયાત હોય છે. સરહદી વિસ્તાર અને તાલુકા વિસ્તારમાં પ્રાઇવેટ દવાખાના પણ ન હોય ત્યાં સતત ૮-૧૦ કે ૧૫ વર્ષથી જગ્યાઓ ખાલી છે, ત્યારે સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, માતા અને બાળ મૃત્યુ દર ઘટાડવાની વાતો કરીએ છીએ પરંતુ હું વલસાડ જિલ્લાનો દાખલો આપીશ કે ધરમપુરની અંદર ખૂબ મોટી હોસ્પિટલ બનાવી, ઇન્ફ્રાસ્ટ્રકચર ખૂબ સારું થઇ ગયું. ૨૩ કરોડના ખર્ચે હોસ્પિટલ બની અને જ્યારે ઓપનિંગ હતું ત્યારે મંત્રીશ્રી નીતિનભાઇ પણ પધારેલા. જે તે સમયે જગ્યાઓ ભરી દીધી પરંતુ અત્યારે હોસ્પિટલ ખાલીખમ છે. ડોકટર વગરની હોસ્પિટલ શું કામની? જ્યાં ડોકટર ન હોય તો એને ખાનગીમાં જવા સિવાય બીજો રસ્તો નથી. સી.એમ.સેતુ યોજનામાં ડોકટર આવે એ પણ એમના સમયે બે-ત્રણ કલાક આવે અને જતા રહે છે. સી.એમ. સેતુમાં ડોકટર આવતા હોય ત્યારે જ પેશન્ટ આવે એ જરૂરી હોતું નથી. ગામડા વિસ્તારમાં અને શહેરથી દૂરનો વિસ્તાર છે એમાં આરોગ્યની સુવિધા છે એ લોકોને મળવી જોઇએ. અત્યારે કહેવાયું કે ૪ હજાર ડોકટરોની સીટો વધારી છે. સારી વાત છે પણ એની સામે નવા ડોકટરો આવવાના એમને ગામડામાં મળતી સુવિધા કરતાં શહેરોમાં પ્રાઇવેટમાં સારી સુવિધા મળી રહે છે. જો એમને શહેર જેવી જ સુવિધાઓ ગામડામાં મળી રહે તો ગામડા વિસ્તારની સમસ્યાઓ હલ થઇ જાય. એ જ પ્રમાણે એક બીજો દાખલો આપું કે સબ સેન્ટરો બનાવવામાં મારા ખ્યાલ મુજબ ૩૫ થી ૪૦ લાખ રૂપિયામાં એક સબ સેન્ટર બને છે. વલસાડ જિલ્લામાં લગભગ ૪૦ થી ૫૦ સબ સેન્ટરો એવા છે કે એ બની ગયા છે પણ તેમાં ફિમેલ હેલ્થ વર્કરે આજની તારીખે પગ મૂક્યો નથી. અમુક સબ સેન્ટરો તો એવા છે કે એનું પઝેશન લીધા વગર જ ખંડેર જેવા થઇ ગયા છે. ૩૫-૪૦ લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ આવા સબ સેન્ટરોમાં ફિમેલ હેલ્થ વર્કર જતા ન હોય એ દુઃખની વાત છે. નિયમાનુસાર તેમને ત્યાં સબ સેન્ટરમાં જ રહેવાનું હોય છે. પરંતુ કોઇપણ વર્કર રહેતા નથી. એના કારણે ખંડેર જેવી હાલત થઇ ગઇ છે. સરકાર ખૂબ સારા પૈસા ખર્ચે અને એનો ઉપયોગ ન થાય અને પ્રજાને એનો લાભ ન મળે એ ખૂબ ગંભીર બાબત છે. હમણાં મારા આદરણીય મિત્ર કનુભાઇ પર્યાવરણ બાબતે કહેતા હતા. હું આપનું ધ્યાન દોરવા માગું છું કે, દેશ આઝાદ થયો પછી ૧૯૫૨માં પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ અતુલ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. એના પછી ૧૯૭૮-૭૯ના દાયકામાં વાપી જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરી. ખૂબ સારી વાત છે કે ઉદ્યોગો તો હોવા જોઇએ. એનાથી રાજ્ય, દેશ અને એ વિસ્તારની પ્રગતિ થાય. પણ તેનાથી પ્રજાને પડતી મુશ્કેલીઓની વાત કરું તો વાપી જી.આઇ.ડી.સી.માં ઇ.એસ.આઇ. હોસ્પિટલ કે જેના ૪૫ હજાર કર્મચારીઓ છે, થોડા દિવસ અગાઉ પણ મેં કહ્યું હતું કે એ ખૂબ સારી હોસ્પિટલ છે પણ કોઇપણ જાતની સુવિધા નથી. તમામ કર્મચારીઓ અને કામદારો છે એને પ્રાઇવેટ હોસ્પિટલમાં જવું પડે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપ વલસાડ અને વાપીની આ ઇ.એસ.આઇ. હોસ્પિટલની મુલાકાત લો અને એમની દયનીય પરિસ્થિતિનું નિરીક્ષણ કરો. ખરેખર તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બન્નેના પૈસા મળીને આખી હોસ્પિટલનો વહીવટ ચાલતો હોય છે ત્યારે બીજો એક દાખલો આપવા માગું છું.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે જીતુભાઇ..

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : ગઇ વખતે પર્યાવરણની માગણી ઉપર આદરણીય અમારા મંત્રીશ્રી મંગુભાઇએ એક ખાતરી આપેલી કે વાપી કલસ્ટર ખાતે પોલ્યુશન એમ.ડી.એસ. ક્વોલિટી એર પોલ્યુશન માટે મૂકવાનું હતું એ વાપી ચાર રસ્તાથી ગૂંજનની આજુબાજુ મૂકવાનું હતું. તા. ૨૧-૩-૨૦૧૬ના દિવસે મને માનનીય મંત્રીશ્રીએ લેટર મોકલાવ્યો કે આટલા દિવસમાં મૂકાઇ જશે ત્યારે એક વર્ષ પછી સંકલનમાં પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે તા. ૨૦-૧-૨૦૧૭ના દિવસે એનું ટેન્ડર થયું છે તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આપ ગતિશીલ ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાત કહો છો તો ગતિશીલ ગુજરાત આટલું ધીમું કેમ? એક વર્ષ પછી એનું ટેન્ડર આપવામાં આવ્યું છે. એગ્રીમેન્ટ કરવામાં આવ્યું છે. કારણ કે, વાસ્તવમાં પોલ્યુશન થાય છે એ નેશનલ હાઇવેના બાજુમાંથી નીકળતી દરેક પ્રજાને પોલ્યુશન કેટલી માત્રામાં છે એ દરેક વસ્તુ દેખાય શકે એ પોઝિશન આપવાની હતી અને એ માનનીય મંત્રીશ્રીએ લેટર દ્વારા એમ કીધું કે એનો જવાબ ૧૫ દિવસ, મહિનામાં મળી જશે પણ એક વર્ષ પછી પણ આ એર પોલ્યુશન સિસ્ટમ એક કિલો મીટર દૂર લગાવી છે. જેથી આ એર પોલ્યુશન સિસ્ટમ વાપી જી.આઇ.ડી.સી. બાજુમાં લગાવાની છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અરવિંદભાઇ પટેલ..

શ્રી <#M/અરવિંદકુમાર ગાં. પટેલ/M#>(સાબરમતી) : માનનીય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર ૩૯ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી વર્ષોની સંસ્કૃતિમાં આપણા ઋષિમૂનિઓએ મહાભારત, રામાયણ જેવા આપણા ધર્મગ્રંથોમાં યોગ માટે ખૂબ મહત્વ આપ્યું છે. તેને પૂન:જીવિત કરવા માટેનું કામ આપણા દેશના વડાપ્રધાન એવા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેને મહત્વ આપ્યું અને આજે આપણો દેશ નહિ પણ વિશ્વની અંદર એક દિવસ એટલે કે ૨૧મી જૂન એ યોગ દિવસ તરીકે ઉજવવાનું જો કોઇને શ્રેય પ્રાપ્ત થતું હોય તો આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને ફાળે જાય છે. આરોગ્યની સેવા એ ખૂબ મહત્વની છે અને આરોગ્યની સેવા માટે રાજ્ય સરકાર તરફથી અનેક નિયમો બનાવી, અનેક યોજનાઓ બનાવી છેવાડાનો માનવી હોય કે શહેરી વિસ્તારમાં રહેતો પરિવાર હોય એની ખૂબ ચિંતા કરી છે અને એના માટે આપણી રાજ્ય સરકારે એટલે કે ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ૨૦-૨૦ વર્ષમાં અગાઉ ૪૦ વર્ષ સુધી ગુજરાતમાં અને ૫૫-૬૦ વર્ષ સુધી કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે જે કામ નથી કર્યા એનાથી તેજ ગતિએ આ આરોગ્ય વિભાગની અમારી રાજ્ય સરકારે આ કામો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ સભાગૃહને મારે કહેવું છે કે, અત્યારે હાલ ગુજરાતમાં ૯૧૫૬ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૩૯૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. શહેરી વિસ્તારમાં પણ અર્બન હેલ્થ સેંન્ટરો ૩૦૭ જેટલા અત્યારે કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરની વાત કરું તો અમદાવાદ શહેરની અંદર એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એટલે કે સિવિલ હોસ્પિટલને રાજ્ય સરકાર દિન પ્રતિ દિન ખૂબ સુવિધાપૂર્ણ અને સમય પ્રમાણે એની અંદર માનવને આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવા માટે અદ્યતન બનાવવાનું કામ આ અમારી રાજ્ય સરકાર કરે છે. પહેલા એની અંદર ૨૦૦૦ પથારી હતી આજે એમાં ઉમેરો કરીને બીજી ૧૨૦૦ પથારી વધારવાનું કામ પણ આ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી એક ખૂબ પ્રખ્યાત અમારી અમદાવાદની અંદર આવેલી એચ.એલ. ત્રિવેદી કિડની હોસ્પિટલ અને એની સાથે સાથે યુ.એન.મહેતા કાર્ડિયોલોજી હોસ્પિટલ એનું પણ નિર્માણ આ સરકારે ગ્રાન્ટ ઇન એઇડ તરીકે એને માન્યતા આપી અને આરોગ્યની સેવા માટે પ્રસ્થાપિત કર્યું છે. એવી તો આ રાજ્ય સરકારે જિલ્લા મથક હોય, તાલુકા મથક હોય ત્યાં પણ સિવિલ હોસ્પિટલો, પેટા સિવિલ હોસ્પિટલોનું નિમાર્ણ કર્યું છે. આજે કહેતા આનંદ થાય છે કે, તમે જિલ્લા સિવિલ હોસ્પિટલોની અંદર આ રાજ્ય સરકારે ડાયાલિસીસ સેન્ટરો અને તમામ આરોગ્ય કેન્દ્રોની અંદર અમારા વિભાગના માનનીય મંત્રીશ્રીએ ફિઝિયોથેરાપી સેન્ટરોનું પણ અને એમાં ડોકટરોની પણ નિમણૂક કરવાનું એક પ્રશંસનીય કામ કર્યું છે. આ ગુજરાતની અંદર આપના માધ્યમથી મારે એક વાત કરવી છે કે, સરકાર તરફથી ચેરિટેબલ હોસ્પિટલોને ગ્રાન્ટ ઇન એઇડ કરવા માટે એટલે કે, આ રાજ્યની અંદર ૧૦૩ જેટલી હોસ્પિટલો ચેરિટેબલ ટ્રસ્ટોથી અને સરકારની ગ્રાન્ટથી ચાલતી હોસ્પિટલો છે. મારે આપના માધ્યમથી આ સભાગૃહને કહેવું છે કે, આપણા અધ્યક્ષશ્રી પણ આવી એક સંસ્થાના પ્રમુખ છે અને સેવાકીય રીતે હું પણ એની સાથે જોડાયેલો છું. હું બે-ત્રણ સંસ્થાઓ સાથે જોડાયેલો છું. આ સંસ્થાઓનું ગુજરાતની અંદર એક ફેડરેશન છે અને એ ફેડરેશનની જવાબદારી મને આ ફેડરેશને આપી છે. અમારી આ સંસ્થાઓ માટે...

શ્રી <#M/ભરતભાઇ કી. પટેલ/M#>(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતો વિભાગના મંત્રીશ્રી જયેશભાઇ માગણી ક્રમાંક ૨૨ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને આ બાબતે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ રાજ્યના અને દેશના જન જનને સ્પર્શતો વિભાગ છે. ગુજરાત સરકાર દ્વારા ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગના કલ્યાણ અર્થે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ સાહેબ દ્વારા લોક કલ્યાણની યોજનાઓ દ્વારા વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી બજેટ રજૂ કર્યું છે ગુજરાતભરની પ્રજાએ સમર્થન આપ્યું છે. ગુજરાતની છ કરોડની જનતા માટે શ્રી નરેન્દ્રભાઇ હીરો છે, જેણે કોંગ્રેસને ગુજરાતમાં કરી છે ઝીરો. સમગ્ર ગુજરાતની પ્રજા ઇચ્છતી હતી અને કહેતી હતી કે, નરેન્દ્રભાઇ દિલ્હી પહોંચે અને આ મારો વિરો દિલ્હી જઇ દેશમાં કોંગ્રેસને ઝીરો કરશે. જે કાર્ય એમણે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇની સાથે યુ.પી. અને ઉત્તરાખંડમાં શરૂઆત કરી છે જે માટે અમને ગૌરવ છે અને આ કાર્ય માટે આ બંને રાષ્ટ્રીય નેતાને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે ગુજરાતમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, ઉપ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ અને અમારા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીની સંગઠનની ટીમ સાથે ગુજરાતમાં પણ ૨૦૧૭માં યુ.પી.વાળી કરીશું અને કોંગ્રેસને ઝીરો કરીને રહીશું એવી શ્રદ્ધા અને વિશ્વાસ છે. વલસાડ જિલ્લામાં ૨૦૧૪માં સંસદની ચૂંટણીમાં અત્યાર સુધીના ઇતિહાસમાં નહીં મળી હોય એવી ૧,૦૮,૦૦૦ની લીડ સાથે વલસાડના સાંસદને અમે જીતાડ્યા છે અને કોંગ્રેસ મૂક્ત વાતાવરણ કર્યું છે. છ કરોડની જનતામાં સિત્તેર ટકા લોકો ગામડામાં વસે છે. આમ ગુજરાતનો વાયબ્રન્ટ આત્મા સાચા અર્થમાં ગામડામાં રહે છે જે સરકારે ધ્યાનમાં લીધું છે. અમારી સરકાર વતી વાત કરું તો ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી માંડીને સારા એવા સમય કાળ સુધી મારી સામે બેઠેલા કોંગ્રેસના મિત્રોની સરકારે શાસન કર્યું છે.અને આ શાસનમાં ગુજરાતના ગામડાંના લોકો મરવાના વાંકે જીવી રહયા હતા, લાઇટ વગરનું ગામડું, શાળા વગરનું ગામડું, રસ્તા વગરનું ગામડું, પાણી વગરનું ગામડું આ દશા હતી ત્યારપછી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. ખાસ કરીને પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ

મોદી સાહેબે ગુજરાતના શાસનની ધુરા સંભાળી ત્યારથી આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડાંની પ્રજામાં દરેક ક્ષેત્રે સુવિધાઓ આપી વિકાસ કર્યો અને રસ્તાઓમાં ઉપમુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની આગેવાની હેઠળ અનેક રસ્તાઓ ડામરના થયા અને પ્રજાના કલ્યાણ અર્થે અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા સભાનતા કેળવી પ્રજાને પુરવઠો મળે તે માટે સતત ચિંતા કરી છે. રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના ગરીબ અને મધ્યમ પરિવારો માટે મા અન્નપૂર્ણા યોજના હેઠળ બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા આપવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા વાર તહેવાર દરમિયાન રીફાઇન્ડ તેલનું રાહત દરે આશરે ૩૫ લાખ પરિવારોને અને અંત્યોદય પરિવારમાં ૨૮ રૂપિયા પ્રતિ લિટરે રાહત આપીને સહાય કરી છે. છેવાડાના ગરીબ પરિવારોને મળતું અનાજ અને પુરવઠામાં ભ્રષ્ટાચાર ન થાય એ ધ્યાનમાં લઇને સરકારે લક્ષિત વિતરણ વ્યવસ્થાનું સંપૂર્ણ કમ્પ્યુટરાઇઝેશન કરવાના ભાગરૂપે રાજયની કુલ ૧૭૨૦૯ વ્યાજબી ભાવની દુકાનો પૈકી ૧૬૪૨૨ દુકાનોને કમ્પ્યુટરાઇઝ કરીને સમગ્ર દેશમાં સસ્તા ભાવની દુકાનોમાં કમ્પ્યુટરાઇઝેશનની મહત્તમ કામગીરી કરી ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે જેને કેન્દ્રીય મંત્રી અને ઇન્ફર્મેશન ટેકનોલોજીના મંત્રીએ નવાજી છે. ભૂતકાળમાં અનાજના ગોડાઉનમાંથી અનાજનો જથ્થો જયારે દુકાનમાં જતો ત્યારે કોઇક હડપ કરી જતા કંઇક ઓછું થતું અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચને ધ્યાનમાં લઇને સરકારે ડોર સ્ટેપ યોજના કરી. સરકારની માગણીને હું સમર્થન આપું છું.

શ્રી <#M/ધારશીભાઇ લ. ખાનપુરા/M#>(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને અન્ન અને નાગરિક પૂરવઠાની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. યોજનાઓ બહુ સારી કરે છે. મોટી મોટી જાહેરાતો થાય છે પણ ગરીબ સુધી પહોંચતી નથી. ખેતરમાં રહેવાવાળો ગરીબ જયારે અનાજ લેવા જાય ત્યારે ચાર–ચાર કિલોમીટરના અંતરે રહેતો હોય છે એ ચાર કિલોમીટર ચાલીને જાય અને ધક્કા ખાઇને પછો આવે છે. કવોટા બંધ હોય પેલો એમ કહે કે આજે નથી કાલે આવજો. કાલે જાય તો ફરી પાછા કહે બીજા દિવસે આવજો. આવા ને આવા ધક્કા ખાઇને, પેલા લોકો આંટા ખવડાવતા હોય છે એટલે પેલો થાકી, નાસીપાસ થઇ અને એને પડયું મેલે છે અને આ લોકો બારોબાર વેચી દે છે. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આમાં બરાબર ચેકીંગ કરીને ગરીબ સુધી પહોંચે એવું મારું તમને આહ્વાન છે કે ગરીબ સુધી પહોંચવું જોઇએ. લેવાવાળા તો ઘણી વખત બકરાનું કુતરું અને કુતરાનું બકરું કરી કાઢે છે. તોય હેંહે જ હેંડવુ પડે તમે મોઢું બાંધેલું રાખો તોય એટલે મારી વિનંતી છે કે આ જે પણ ફાળવો છો એમાંથી ઘરાક સુધી પહોંચે એવું સૂચન છે. ડેન્ગ્યુ, ચીકનગુનીયા , ફ્લ્યુ જેવા જીવલેણ રોગો થાય, અત્યારે પણ ગામડાંમાંથી આવતા હોય છે એ દવાખાનામાં જાય તો પટાવાળો સાહેબ થઇ જાય છે અને એના મળતીયા હોય ત્યાં જઇને દવા લેવડાવે છે. એને દવામાં કમિશન હોય છે એટલે મારી સૌને વિનંતી છે કે એમાંથી સારી સારવાર મળે અને ગરીબોનું કલ્યાણ થાય.અત્યાર સુધીમાં સરકારી દવાખાનામાં સારવાર માટે બપોરના ટાઇમે ડૉકટરો હોતા નથી. આમાં સાહેબ દુઃખ કયારે થાય તેનો કોઇ સમય હોતો નથી. પ્રસુતિના રોગમાં રાત્રે દવાખાનામાં જઇએ તો કોઇ મળતું નથી. સવારમાં આવે ત્યારે સારવાર થાય છે. આવા કેસો ઘણા બગડે છે અને લોકો પરેશાન થાય છે. મારી વિનંતી છે કે કાયમી ડૉકટરો ત્યાં રહે અને તેમાં સુધારો થાય તેવું કંઇક કરવું જોઇએ. ટાઇમસર દવા થાય અને સુવિધા લોકો સુધી પહોંચે તેવી મારી વિનંતી છે. બીજું સૂચન છે કે જયારે પણ દવાઓ આપણા દવાખાનામાંથી આપવામાં આવે છે તે દવાઓ પૂરી મળતી નથી. બાકીની દવાઓ બહારની દુકાનોમાંથી લેવાનો આગ્રહ કરતા હોય છે. તો દુકાનોમાંથી દવા ન લેવી પડે અને દવાખાનામાંથી દવા આપવામાં આવે તેવી મારી આપશ્રીને ભલામણ છે. તો આ પ્રમાણે વ્યવસ્થા થાય તેવી મારી નમ્ર વિનંતી છે. અસ્તુ.

શ્રી <#M/ઇશ્વરભાઇ ર. પરમાર/M#>(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા સાહેબ જે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણી નં.૨૩ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઇચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિસ્તાર એટલે કે બારડોલી વિધાનસભા વિસ્તારની વાત કરું તો બારડોલી તાલુકામાં કુલ ૭૫ એફસીએસ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર સસ્તા અનાજની દુકાનો આવેલ છે. પુરવઠા શાખા બારડોલીમાં વર્ષ ૨૦૧૦ પહેલાં કોમ્પ્યુટરાઇઝડ રેશનકાર્ડ આપવામાં આવતા હતા. જેમાં તમામ એપીએસના સંચાલકો મેન્યુઅલ બિલ બનાવી ગ્રાહકોને અનાજ આપતા હતા. જેમાં ખૂબ મોટા પ્રમાણમાં ફેરફાર થઇ ગયો છે. પુરવઠા શાખામાં ઓનલાઇન સિસ્ટમ દાખલ કરવામાં આવી છે અને બારકોડેડ રેશનકાર્ડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે બારડોલી તાલુકામાં અત્યાર સુધીમાં બીપીએલ–૧માં ૨૧૩૧૦ રેશનકાર્ડ, બીપીએલ–૨ માં ૧૪૧૦ રેશનકાર્ડ, બીપીએલ ૧૩૪૬૭ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે. અંત્યોદયના રેશનકાર્ડ ૫૧૨૫ ઇસ્યુ કરવામાં આવ્યા છે. ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીમાં વિધવા બહેનો તથા ગંભીર બીમારીથી પીડાતી હોય તેવા વ્યક્તિઓને કુલ ૧૦૯ જેવા અંત્યોદય રેશનકાર્ડનો લાભ આપવામાં આવ્યો છે. તેમજ નિરાધાર વૃદ્ધ અને નિઃસહાય હોય તેવા ૨૧૧ વ્યક્તિઓને દરમાસે દસ કિલોગ્રામ ઘઉં વિનામૂલ્યે આપવામાં આવે છે. દરમાસે લગભગ દસ થી વીસ ભિક્ષુકોને વિનામૂલ્યે અનાજ પણ આપવામાં આવે છે. ભૂતકાળમાં મને ચોક્કસ યાદ છે કે ૧૯૮૪–૮૫માં અનામત આંદોલન થયેલ. હું નવમા ધોરણમાં ભણતો હતો ત્યારે પરીક્ષા નહોતી લેવાઇ અને સીધા ઉપલા ધોરણમાં મોકલવામાં આવેલા. એક સમય એવો હતો કે અમારી આર્થિક પરિસ્થિતિ નબળી હતી ત્યારે મેં પણ આ સસ્તા અનાજની દુકાનનું અનાજ ખાધેલું છે. હું તે વખતે લાઇનમાં ઉભો રહ્યો અને મારો નંબર આવ્યો ત્યારે દુકાનદારે એમ કહ્યું કે અનાજ પૂરું થઇ ગયું એટલે હવે તમને અનાજ નહીં મળે. પાવડર જેવી ખાંડ મળતી હતી. જે દિવસે હું સસ્તા અનાજની દુકાનમાં ગયો ત્યારે મને ખાંડ નહીં મળી. વડીલ મારી વાત સાંભળો. મને ખાંડ નહીં મળી. સાહેબ, મેં અને મારા પરિવારે એ દિવસે બૂરુની ચા પીધી છે, કદાચ

આ ગૃહમાં કોઇને ખબર નહીં હોય કે બૂરુ વસ્તુ શું છે? ૫૦૦ કાર્ડ સાચા હતા તો ૫૦૦ કાર્ડ ભૂતિયા રહેતા હતા અને એ ભૂતિયા કાર્ડનો સર્વનાશ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. અનાજ ભરેલા ખટારાઓ ગોડાઉન પર નહોતા જતા અને સીધા વેપારીઓને ત્યાં જતા હતા. હાલમાં આપણે ગયા વર્ષે જોયું કે, શાળાના બાળકોને પણ મધ્યાહન ભોજનમાં સરસ મજાનું અન્ન મળે છે અને એ અહીંયા વિધાનસભાની મુલાકાતે આવ્યા હોય અને અહીંયા ગ્રાઉન્ડ ફ્લોર પર બેઠા હોય ત્યારે એ અનાજની એવી તાકાત છે કે એ લોકો ભારત માતાની જય બોલાવે તો અહીંયા કેટલાક ભારત માતાના વિરોધીઓને ડિસ્ટર્બ થાય છે. આપણા આદરણીય શ્રી અટલબિહારી બાજપેયજીએ કહ્યું હતું કે, "ભારત કી ભૂમિ કોઇ ભૂમિ કા ટૂકડા નહીં હૈ, એ જીતા જાગતા રાષ્ટ્ર પુરુષ હૈ. યે વંદન કી ભૂમિ હૈ યે અભિનંદન કી ભૂમિ હૈ, યે અર્પણ કી ભૂમિ હૈ, યે તર્પણ કી ભૂમિ હૈ. ઇસકી નદી હમારે લીયે ગંગા હૈ, ઇસકા કંકર કંકર હમારે લીયે શંકર હૈ. હમ જીએંગે તો ઇસ ભારત કે લીયે ઔર મરેંગે તો ઇસ ભારત કે લીયે, ઔર મરને કે બાદ ભી ગંગાજલમે બહતી હુઇ હમારી અસ્થિયા કો કાન લગાકર કોઇ સુનેગા તો આવાઝ આયેંગી ભારત માતા કી જય."

<#M/દુષ્યંતભાઇ ર. પટેલ/M#>(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેન્જ આજે જોવા જઇએ તો સમગ્ર વિશ્વની સામે સૌથી મોટી સમસ્યા પૈકીની એક સમસ્યા છે અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યા મુખ્યત્વે માનવ સર્જીત છે અને એની ગંભીર અસરો પણ એ માનવ વસતિને જ સહન કરવાની છે. વિશ્વના લોકોની જીવન શૈલી ભલે અલગ અલગ હોય પણ એની અસર પૃથ્વી પર એક સમાન પડનાર છે. એક સરવે એવું કહે છે કે જો અમેરિકનની લાઇફ સ્ટાઇલ આ વિશ્વ પર દરેક લોકો જીવે તો એક પૃથ્વી નહીં પાંચ પૃથ્વીની જરૂર પડે. એટલે એવું કહેવાય છે કે, કલાઇમેટ ચેન્જ કોઇ દંતકથા નથી પરંતુ વાસ્તવિકતા છે અને આપણા અસ્તિત્વ માટે સૌથી મોટો ખતરો છે. પર્યાવરણમાં ફેરફાર એ સમગ્ર વિશ્વ માટે એક ચિંતાનો વિષય રહ્યો છે ત્યારે એટલું કહી શકાય કે પ્રજાતિ અનેક, ધરા એક અને ભાવિ એક છે ત્યારે કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ એ ગ્લોબલ વોર્મિંગના પડકારો આજની પેઢીના નહીં પણ આવતી કાલની પેઢીના પણ ખૂબ મહત્વના છે ત્યારે મારે સ્વામી વિવેકાનંદજીના શબ્દો અહીંયા કહેવા છે. સ્વામી વિવેકાનંદજીએ એ વખતે કહ્યું હતું કે, All nature is bound by law, the law takes its own action and this law cannot be broken and if you could brake the law of nature all nature will to an end instantly and there would be no more nature. આ સ્વામી વિવેકાનંદજીએ તે વખતે એમના પૂસ્તકમાં લખેલું હતું અને એવું કહી શકાય કે, આપણી આ ધરતી છે એ બ્રહ્માંડની સૌથી મુલ્યવાન આપણને મળેલી બક્ષીસ છે અને આ પ્રકૃતિનું રક્ષણ કરવું એ પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય છે. આપણે જે વિશ્વમાં રહીએ છીએ અને જે પ્રકૃતિના સંશાધનો છે એ મર્યાદિત છે અને જેમ જેમ વસતિ વધતી જાય છે આ મર્યાદિત સંશાધનો પણ ઓછા થતા જાય છે અને અંતે એ ભોગવવાનું આપણે જ છે. ઋગ્વેદમાં પણ જોવા જઇએ તો પાંચ તત્વોને ખૂબ મહત્વ આપેલું છે અને આ પાંચ તત્વો જે પૃથ્વી, હવા, જલ, તેજ અને નભ જાણે અજાણ્યે આપણે આ પાંચે તત્વોની અંદર વિક્ષેપ ઉભો કર્યો છે ત્યારે આપણે આ સમસ્યા ઉભી થઇ છે. ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન એ સમજતા હતા કે આ વિકાસ કરીશું એની સાથે સાથે આ પણ પડકારો આવનારા છે તો તે વખતે ૨૦૦૯ની અંદર એમણે કલાયમેન્ટ ચેઇન્જ વિભાગની સ્થાપના કરી. આ દેશની અંદર ગુજરાત એ પહેલું રાજ્ય હતું કે જેણે ક્લાયમેટ ચેઇન્જ વિભાગની સ્થાપના કરી. ગુજરાતનો વિકાસ જગતના બદલાતા સમીકરણોને ધ્યાનમાં રાખીને કર્યો છે. હું એટલું ચોક્કસ કહી શકું કે ... Environment and growth both zero defect and zero effect સાથે આ સરકારે વિકાસ કર્યો છે. ચાર આર એટલે કે ફોર આર ને બહુ મહત્વ આપ્યું છે. reduce, recover recycle and reuse ના અભિગમને આ સરકારે હંમેશા ધ્યાન પર રાખેલ છે. આ સરકારનો હંમેશા મંત્ર રહ્યો છે development with justice, growth with equality and technology with human face આ ધ્યાને રાખીને આ રાજ્યની સરકારે ખૂબ કામ કર્યું છે. મારે કહેવું છે કે non-conventional energy sources ની અંદર આ સરકારે ખૂબ અસરકારક કામગીરી કરી છે. ૨૦૦૨ની વાત કરું તો તે વખતે આપણે સોલાર એનર્જી એક પણ મેગાવોટનું ઉત્પાદન નહોતા કરતાં. આજે પંદર વરસ પછી જોઇએ તો આ રાજ્યની અંદર ૧૧૪૨ મેગાવોટ સોલાર એનર્જી આપણે ઉત્પન્ન કરીએ છીએ. એવી જ રીતે જોઇએ તો વિન્ડ એનર્જી, પવન ઉર્જા. ૨૦૦૨ની અંદર ૯૯ મેગાવોટ આપણી પાસે પવન ઉર્જા હતો આજે ૨૦૧૭ની અંદર આપણે એમ કહી શકીએ કે ૪૬૨૨ મેગાવોટ વીજળી એમાંથી આપણે ઉત્પન્ન કરી શકીએ છીએ. આપણે જૈવિકની વાત કરીએ તો આજની તારીખે ૪૧.૨૦ મેગાવોટ વીજળી આપણે ઉત્પન્ન કરીએ છીએ અને આનાથી કેટલા મિલિયન ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન થતો આપણે બચાવી શક્યા છીએ. ગુજરાત એક પહેલું રાજ્ય છે કે જેણે ગુજરાત સોલાર પાવર પોલિસી ડિકલેર કરી. ૨૦૦૯ની અંદર આપણે પાવર પોલિસી ડિકલેર કરી. એની સાથે સાથે સૌર ઉર્જા નીતિ પણ આપણે ૨૦૧૫ની જાહેર કરી અને એના અનેક અનેક લાભો છે. મને જણાવતાં આનંદ અને ગર્વ થાય કે ગુજરાત એક એવું રાજ્ય છે કે જે કાર્બન ક્રેડિટ મેળવનાર આ દેશની અંદર અગ્રેસર રાજ્ય છે. સાથે સાથે આખા વિશ્વમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે સોલાર પાર્ક ચારણકા ખાતે ઉભો કર્યો છે અને એની સાથે સાથે બનાસકાંઠામાં પણ એક ૭૦૦ મેગાવોટનો સોલાર પાર્ક સ્થાપવા આપણે જઇ રહ્યા છીએ. એનાથી આગળ જઇએ તો કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ પણ આપણે વિકસાવ્યો છે અને દેશભરની અંદર આ પ્રકારનો કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ કડી ખાતે એક મેગાવોટની ક્ષમતાનો સ્થાપવામાં આવ્યો છે. આનાથી આપણને

ત્રણ પ્રકારના ફાયદા થાય છે. આપણે એમાંથી ઉર્જા ઉત્પન્ન કરીએ છીએ. બાષ્પીભવન થતું પાણી આપણે અટકાવી શકીએ છીએ. ત્રીજું આમાં જમીનની જરૂરિયાત રહેતી નથી. એની સાથે સાથે એગ્રીકલ્ચર સોલાર પાવર પ્રોજેકટ કર્યા છે. renewable power purchase obligations. આપણે કર્યા છે. આ સરકારે ગ્રીન સોલાર પ્રોજેકટ પણ હાથમાં લીધો છે. સોલાર રૂફ ટોપ સબસીડી પણ આપવામાં આવે છે. મારે કહેવું છે કે આ દેશની અંદર એવું કહી શકાય કે ૯૫ ટકા ગરીબ ગ્રામીણ અને ૬૦ ટકા શહેરી ગરીબ છે અને તેઓ આજે પણ રાંધવા માટે લાકડાં, છાણ, સાંઠી વિગેરેનો આધાર લે છે. આ દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ દેશની અંદર ઉજ્જવલા યોજના મૂકી અને એમાં હજી તો અઢી કરોડ કનેકશન મળ્યા છે. યુ.પી.નું રિઝલ્ટ એ કોઇ ઇ.વી.એમ. થી નથી આવ્યું. ઇ.વી.એમ. નો મતલબ જ એ થાય છે કે everyone voted for Modi અને એનું આ પરિણામ છે. સરવે જોઇએ તો આ દેશની અંદર ઉજ્જવલા યોજનાના અઢી કરોડ કનેકશન મળ્યા છે આ પ્રતાપ એનો છે. સાથે સાથે એમણે વીજળીની ચિંતા કરીને ઉજાલા યોજના પણ આ દેશની અંદર મૂકી. એલ.ઇ.ડી. બલ્બ આપણે જોઇએ તો એનાથી પ્રકાશ વધારે મળે છે અને consumption ઓછું થાય છે. ત્યારે મારે કહેવું છે કે આ જ ભારત હતું, આ જ ધરતી હતી અને આ જ ઓફિસ હતી પણ ખૂટતું હતું શું? તો એમાં ઇચ્છાશક્તિ, મિશન અને વિઝનની કમી હતી.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, માનનીય દુષ્યંતભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

શ્રી <#M/બાબુભાઇ કા. વાજા/M#>(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ ઉપર મારા વિચારો રજૂ કરવા માગુ છું. પર્યાવરણમાં અત્યારે જોઇએ તો વધારેમાં વધારે જો પર્યાવરણ, ભૂગર્ભ અને પાણીની જો તકલીફ હોય તો જે નદીઓ છે તેમાં ખરેખર જોઇએ તો વધારે પ્રદુષિત પાણી આવે છે. આ પ્રદુષિત પાણી ઉદ્યોગો મારફત અને મોટાં શહેરો હોય તેના મારફતે આ પાણી પ્રદુષિત થતું હોય છે. અને આ પ્રદુષિત પાણીમાં અમારા જેતપુર પાસે નીકળતી નદીમાં ટેક્ષટાઇલ મિલો જે છે અને તે મિલોનું પાણી આ નદીમાં પડે છે અને તેના હિસાબે ૩૦ થી ૪૦ કિલોમીટર સુધીમાં આ પાણીનો જે જમીનમાં જાય એટલે આ જમીનને પણ કેમિકલ્યુકત અને રંગવાળું પાણી થઇ ગયેલ છે તો આના માટે પણ સરકારે કંઇક વિચારણા કરવી જોઇએ. આ રીતે જોઇએ તો આ સરકારમાં જે વાત કરીએ તો પ્રદુષણ બાબતમાં આ સરકારે પૂરેપૂરી કાળજી લેવી જોઇએ એ પણ પૂરતી લેવામાં આવી નથી અને જે પર્યાવરણના નામે ખર્ચાઓ કરવામાં આવે છે અને તે ખર્ચા ખરેખર જે આપણે જોઇએ, જે પ્રજાને જે લાભ મળવો જોઇએ તે પર્યાવરણના નામે જે ખર્ચા થાય છે અને જે ઉધારવામાં આવે તેનું પૂરેપૂરું વળતર મળતું નથી આના માટે પણ સરકારે સજાગ થવાની જરૂર છે અને તે સજાગ થાય તો ખરેખર આ નદીઓનું જે પાણી છે તે પીવાલાયક પણ બને અને ભૂગર્ભમાં જે સારું પાણી છે તે પણ સારું પાણી રહી શકે. આજે આપણે જોઇએ તો સાબરમતિની વાત કરીએ તો સાબરમતીમાં પણ એટલી જ તકલીફ છે અને તેને પણ આપણે ભલે પાણી કેનાલ મારફત નાંખીએ અને આપણે મન મનાવી લઇએ તો એ પાણી પણ ખરેખર પ્રદુષિત છે તો આના માટે પણ સરકારે વિચારણા કરવી જોઇએ. આ જે પ્રોજેકટો છે તેના મારફત મોટા સીટોઓ હોય, ઉદ્યોગો હોય અને તે પ્રોજેકટો નાંખીએ જેથી કરીને પાણીનું શુદ્ધિકરણ થઇ અને આ નદીઓમાં જાય તો આ પાણી છે તે ખરેખર પીવાલાયક તો ના બને પણ ખેતીના ઉપયોગ માટે બને અને જે ખેતીની પાણીની સમસ્યા છે તે પાણીની સમસ્યા પણ હળવી જાય. આના માટે જે વાત કરવાની છે અને જે વાત કરીએ તે સરકાર એમ કહે કે આ તો કોંગ્રેસવાળા છે એટલે તેની વાત સાંભળી લેવાય પણ કંઇ કરાય નહીં. અમે પણ પ્રજાના પ્રતિનિધિઓ છીએ અને અમે પણ તમારા ભાજપની પ્રજાના પ્રતિનિધિની વાત કરીએ તો એ પણ વિચારવું જોઇએ અને આના માટે પણ સરકારે વિચાર કરવો જોઇએ. (અંતરાય )

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણના નામે જે વન જંગલ ખાતામાં ૧ લાખ હેકટર વનીકરણ સામે અમલીકરણ કરાતું નથી. આ વનીકરણની પાછળ ૭૦૦ કરોડનો ખર્ચ કરાયો છે પરંતુ ૩૩ ટકા વન વિસ્તારની સામે ગુજરાતમાં ૭.૪૬ ટકા વિસ્તાર જ છે. અને આ વિસ્તારમાં ૪ ટકા વૃક્ષો હેઠળ છે આમ ૨૨ ટકા વિસ્તાર વધારવાની તાતી જરૂર છે. આ વનીકરણમાં સરકાર મારફત જંગલ ખાતાને જે આપણે રોપા ઉછેર કરી અને રોપાનું જે વાવેતર કરીએ તે ખરેખર આ વાવેતર પણ પૂરતાં પ્રમાણમાં થતું નથી. અને જે આંકડા બતાવી આપે કે ૨ કરોડ, ૪ કરોડ ઝાડ વાવેલાં છે પણ તેનું ખરેખર અત્યારે પણ નિરીક્ષણ કરવામાં આવે અને અત્યારે પણ તપાસ કરવામાં આવે તો ખરેખર તે ઝાડવાં વાવેલાં હોય, રોપા વાવેલાં હોય તો એ રોપાઓનો પણ પૂરતો ઉછેર નથી થતો. કદાચ વાવતા હોય કે ના વાવતા હોય તે પણ ખબર નથી. એના માટે પણ સરકારે વિચારવું જોઇએ. આ દસ-દસ કે વીસ-વીસ વર્ષોથી જે વાવેતર કરે છે અને એનું કાંઇ પરિણામ ન મળે તો એ પણ વાજબી નથી. આજે આપણે જોઇએ તો દરિયા કિનારા ઉપર જે ફેક્ટરીઓ છે અને એ ફેક્ટરીઓએ એક એક કિ.મી. સુધી પાઇપલાઇન નાખી દીધી છે અને આ ફેક્ટરીઓ તેમનું ગંદુ પાણી દરિયામાં નિકાલ કરે છે અને એનાથી દરિયાઇ જીવસૃષ્ટિને નુકસાન થાય છે એના માટે પણ સરકારે વિચારવું જોઇએ. આ બધું કરવા માટે સરકારે પર્યાવરણના નામે નદીઓને થોડીક ઊંડી ઉતારવી જોઇએ અને એમાં જો ક્યાંય એવું લાગે તો સમુદ્ર કિનારે બંધ બાંધવામાં આવે તો પણ ઘણો ફાયદો થાય એમ છે. મારા વિસ્તારમાં બે ફેક્ટરીઓ છે અને એ બે ફેક્ટરીઓનું પ્રદૂષિત પાણી પાઇપલાઇન મારફતે દરિયામાં જાય છે અને એ પાણી દરિયાઇ જીવસૃષ્ટિને નુકસાન કરે તો આ માટે પણ યોગ્ય કરવા વિનંતી છે.

શ્રી <#M/વિંછિયાભાઇ જો. ભૂરિયા/M#>(લીમખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્રને પૂરા દેશની અંદર સમર્થન મળી રહ્યું છે અને હાલ પાંચ રાજ્યોની ચૂંટણીની અંદર સૌનો સાથ સૌનો વિકાસનું સૂત્ર છેવાડાના માનવી સુધી પહોંચ્યું છે. ગુજરાતની આ જોડી પૂરા દેશની અંદર પરિણામ લાવી રહી છે. ત્યારે આ ગુજરાતની જોડીને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે એના પર વાત કરવી છે. મુખ્યમંત્રી નિદાન યોજના, દીન દયાળ મેડિકલ સ્ટોર, અટલ સ્નેહ યોજના, પ્રધાનમંત્રી માતૃત્વ સુરક્ષા અભિયાન, બેટી બચાવો બેટી બઢાઓ, ચિરંજીવી યોજના, જનની સુરક્ષા યોજના, જનની શિશુ સુરક્ષા યોજના, ૧૦૮ ફ્રી યોજના અને ખિલખિલાટ તેમજ આરોગ્ય સેવા સેતુ જેવી ૧૧ જેટલી યોજનાઓ લઇને અમારી ગુજરાતની સરકાર ગરીબોની સેવા કરવા માટે નીકળી છે ત્યારે મારે મારા મત વિસ્તારની વાત કરવી છે. ૧૯૯૫ પહેલાં મારો લીમખેડા મત વિસ્તાર છે ત્યાં તાલુકા લેવલે એક પી.એ.સી. હતું અને તે વખતે લગભગ ૨૪૨ ગામનો તાલુકો હતો. હમણા જે વિભાજન થયું એમાં લગભગ ૧૫૨ ગામનો તાલુકો છે અને મારો મતવિસ્તાર પણ ૧૫૨ ગામનો છે ત્યારે મારે હાલની વાત કરવી છે. આરોગ્ય સુવિધા માટે મારા તાલુકાની અંદર હાલ ૩ જેટલા સી.એ.સી., ૧૦૦ જેટલા પી.એ.સી. આવેલ છે અને ૯૯ જેટલા સબ સેન્ટરો આવેલ છે. અને એના માધ્યમથી છેવાડાના માનવી સુધી આરોગ્યનો લાભ પહોંચાડવામાં આવે છે. જયારે ગરીબ માણસ હોય ત્યારે એના ઘરની અંદર પૈસો ના હોય, એ બીમાર થઇ ગયો હોય એવા સમયની અંદર માનનીય દેશના વડા પ્રધાન પૂર્વ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૦૮ની સુવિધા ગુજરાતને આપીને ગયા છે. એના માધ્યમથી એક ગરીબ માણસનો આત્મા બચી શકે. ગરીબ બેન હોય અને એને પ્રસુતિ થવાની હોય અને એના ઘરની અંદર પૈસો ન હોય, એની પાસે ગાડીમાં જવા માટે ભાડાના પૈસા ન હોય, એવા સમયે પણ ૧૦૮ના માધ્યમથી ખૂબ સારી સેવા મળે છે, એટલું જ નહીં પણ જે બેનને સુવાવડ કરવા માટે જે હોસ્પિટલમાં મોકલે અને ત્યાં એની પ્રસુતિ થાય ત્યારે નિઃશુલ્ક ખિલખિલાટ ગાડી રમતી ખિલતી ઘર સુધી મૂકવા માટે આવે છે. તો આ અમારી સરકારની સિધ્ધિઓ છે અને આ સિધ્ધિઓને લીધે આ દેશની અંદર પરિણામો આવી રહ્યાં છે. એવું જ પરિણામ ૨૦૧૭ની ચૂંટણીઓમાં ગુજરાતમાં પણ આવવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી દેશની જનતાને જણાવવા માગું છું કે, મોદી સાહેબનો મંત્ર જે છે એ મંત્ર " સૌનો સાથ અને સૌનો વિકાસ" એ ઘર ઘર સુધી પહોંચ્યો છે. આટલું કહીને હું મારું વક્તવ્ય પુરું કરું છું અને આરોગ્ય મંત્રીશ્રીની જે માગણીઓ છે એને સમર્થન આપું છું.

શ્રી <#M/ભોળાભાઇ ભી. ગોહેલ/M#>(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, આરોગ્ય વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને પુરવઠા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાની અંદર આરોગ્યલક્ષી વાત કરવામાં આવે છે. સરકારની આરોગ્યલક્ષી હકીકત છે એમાં વાંધો નથી પણ માત્રને માત્ર શહેરી વિસ્તારની અંદર આરોગ્યલક્ષી કામગીરી છે એ વધારે કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારની અંદર પેટા આરોગ્ય કેન્દ્રો ખોલવામાં આવ્યા છે પણ પેટા આરોગ્ય કેન્દ્રોની અંદર હજી કોઇ પણ જાતની સવલતો સરકાર તરફથી આપવામાં આવી નથી. જસદણ તાલુકાની અંદર અમારું જે આરોગ્ય કેન્દ્ર છે આ આરોગ્ય કેન્દ્રને અપગ્રેડેશન કરવા માટે છેલ્લા એકાદ વર્ષથી માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, અમારી જસદણ હોસ્પિટલને અપગ્રેડેશન કરવામાં આવે. જસદણ હોસ્પિટલની અંદર એક્સ રે મશીન ચોવીસ વર્ષથી કુકાવાવ તાલુકામાંથી અમારી હોસ્પિટલને આપવામાં આવ્યું છે. આ એક્સ રે મશીન છે પણ જે ડોકટરો છે એમને નિદાન કરવામાં પૂરેપૂરી તકલીફ પડે છે. તો એક્સ રે મશીન માટે પણ સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છતાં પણ એક્સ રે મશીન જસદણ હોસ્પિટલમાં આપવામાં આવતું નથી એના કારણે પ્રાઇવેટ હોસ્પિટલની અંદર સામાન્ય અને ગરીબ માણસોને નિદાન કરાવવા માટે જવું પડે છે. જસદણ તાલુકાની અંદર ૧૦૨ ગામ સાથે સંકળાયેલી હોસ્પિટલ છે ત્યાં ગાયનેક ડોક્ટરની લાંબા સમયથી ભરતી કરવામાં આવી નથી. આ ગૃહમાં વાત કરવામાં આવે કે, ચિરંજીવી યોજના નીચે લાભ આપવામાં આવે છે, પણ અમારા તાલુકાની અંદર ચિરંજીવી યોજના છેલ્લા એક વર્ષથી બંધ છે. એ અંગેની ફરિયાદ મેં સંકલન સમિતિમાં પણ વારંવાર કરી છે છતાંય કલેકટર, જિલ્લા આરોગ્ય અધિકારી કે ડી.ડી.ઓ. આ યોજના આ તાલુકાની અંદર મળે અને સામાન્ય અને ગરીબ માણસોને એનો લાભ મળે એના માટે છેલ્લા એકાદ વર્ષથી પ્રાઇવેટ ડોક્ટર માટે ના પાડે છે. પ્રાઇવેટ ડોક્ટરનો આખા ગુજરાતની અંદર આ લાભ મળતો હોય, ગરીબ માણસોને આપતા હોય તો માત્રને માત્ર જસદણ તાલુકામાં આ યોજનાનો લાભ મળતો નથી. તો આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતે તપાસ કરાવીને જસદણ અને વિછીયા તાલુકાને ચિરંજીવ યોજનાનો લાભ અપાવે.

બીજું આર.એસ.બી.વાય. યોજનાના કાર્ડ એક વર્ષ માટે રીન્યુ કરવામાં આવે છે. દર વર્ષે જે બનાવવામાં આવે છે તો આ બાબતે પણ આમના માટે કાયમી ધોરણ કાર્ડનો લાભ મળે એવુ કરવા વિનંતી છે. જસદણ તાલુકામાંથી વિછીયા તાલુકાનું વિભાજન થયું એમાં ચાર ગામ સાયલા તાલુકાના વિછીયા તાલુકામાં સમાવેશ થયો છે. ઓરી, બોરીયા, સમઢીયાળા અને નાના માતરા આ ગામનો જે સમાવેશ વિછીયા તાલુકામાં થયો એમાં મા વાત્સલ્યકાર્ડ કઢાવવા માટે થઇને આ ચારે ચાર ગામના લોકોને સાયલા તાલુકામાં જવું પડે છે. ગઇ વિધાનસભામાં પણ આના અનુસંધાને રજૂઆત કરી હતી કે આ ચાર ગામના લાભાર્થીઓને વિછીયા તાલુકાની અંદર મા વાત્સલ્યના કાર્ડ કાઢી આપવામાં આવે. પણ વિછીયા તાલુકાની અંદર છેલ્લા છ મહિનાથી મા વાત્સલ્ય કાર્ડ કાઢી આપવામાં આવતા નથી.આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારીનું ધ્યાન દોરવામાં આવ્યું તો

એમના તરફથી જવાબ આવ્યો કે પ્રાઇવેટ એજન્સી કાર્ડ કાઢી આપતી નથી. અહીંયા ગૃહમાં વાતો કરવામાં આવે છે, મા વાત્સલ્ય યોજના ગરીબો માટે ખૂબ ઉપયોગી છે પરંતી વિછીયા તાલુકાના સામાન્ય લોકોને આ યોજનાના કાર્ડ કાઢી આપવામાં આવતા નથી તો આ તાલુકાને આ યોજનાનો લાભ વહેલી તકે મળે એવી મારી આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી છે.

પર્યાવરણના અનુસંધાને જસદણ અને વિછીયા તાલુકાના દસ ગામોને ઇકો સેન્સિટીવ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા અને માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાના અધ્યક્ષસ્થાને પવન ઉર્જાની કામગીરી થાય છે ત્યારે બંને મંત્રીશ્રીઓનું ધ્યાન દોર્યું હતું કે એક પણ ગામમાં પવન ઉર્જાનું કામ કરવામાં ન આવે પરંતુ આ અંગે કલેકટરશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું, આ અંગે માનનીય ગણપતભાઇ વસાવાને રૂબરૂ રજૂઆત કરી કે આ દસ ગામોનો ઇકો સેન્સિટીવ ઝોનમાં સમાવેશ થયો છે ત્યાં આ કામગીરી ન થાય તેમ છતાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વહીવટી તંત્ર દ્વારા ભ્રષ્ટાચાર કરીને આ કામગીરી કરવામાં આવે છે. અમારી સરકારમાં ભ્રષ્ટાચાર નથી થતો એવી વાતો કરવામાં આવે છે પરંતુ રાજકોટ જિલ્લામાં પ્રાઇવેટ કંપનીઓ કામ કરે છે એ ગામડાંની અંદર પ્રાથમિક શાળાની પાસે અને સીમ તળ નીમ કરવામાં આવ્યું હોય એની બાજુમાં વિન્ડફાર્મ ઉભા કરવામાં આવે છે. આ બાબતની ફરિયાદ પણ સંકલન સમિતિમાં કરવામાં આવેલ છે. પવન ઉર્જાની કામગીરી થતી હોય એમાં અમારો વિરોધ નથી પરંતુ આ કંપનીઓ પૈસા દઇને ગામતળ નીમ થવાનું હોય ત્યાં બાજુમાં પૈસા આપીને આ સરકારમાં કામ કરાવે છે. તો આ બાબતે તપાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં હવાનુ પ્રદૂષણ થઇ રહ્યું છે, પ્રાથમિક શાળાની બાજુમાં થઇ રહ્યું છે અને જેમાં બાળકો ભણે છે તો એની તાત્કાલિક તપાસ કરાવીને આ કામગીરી બંધ કરાવવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી <#M/ભૂષણ અ. ભટ્ટ/M#>(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આજથી થતી ધોરણ ૧૦ અને ૧૨ની કારકિર્દીના ઉંમરે આવેલા લાખો વિદ્યાર્થીઓને આ સભાગૃહના માધ્યમથી પરીક્ષાર્થી ભાઇ-બહેનોને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ માગણી ક્રમાંક ૨૨ અને ૨૩ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી શંકરભાઇ માગણી ક્રમાંક ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એને સમર્થન સાથે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા વિભાગની વાત કરીએ. ઘણા બધા સભ્યશ્રીઓએ ઘણી બધી વાત કરી છે અને નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ મુજબ ગુજરાતમાં આ રાજય સરકારે એક નેમ બનાવી છે. ગરીબને રોટલો અને ઓટલો આપવાનું કામ છેલ્લા ૨૦ વર્ષથી આ રાજય સરકાર કરી રહી છે. તેનો નિરંતર પ્રવાહ આજે આપણને દેખાઇ રહ્યો છે. આ નિરંતર પ્રવાહ એટલા માટે કહું છું કે આ ગરીબની સેવાથી, તેના આશીર્વાદથી એક પછી એક રાજયોના ચૂંટણીના પરિણામો આવ્યા. પરિણામો આવતા ગયા એટલે કેટલાક લોકો તો નાના નાનીના ઘરે વિદેશમાં ફરવા જતા રહ્યા એ આનંદની બાબત છે. આ નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટથી ગુજરાતના ૩ કરોડ ૮૨ લાખ લોકોને ત્રણ રૂપિયે કિલો ચોખા અને બે રૂપિયે કિલો ઘઉં આપવાનું કામ, ગરીબના ઘરની અંદર (અંતરાય) બધું તમારી દેન છે. આ દેશ જ તમારી દેન છે. આ દેશની અવદશા છે એ પણ તમારી જ દેન છે. હમણાં ઇશ્વરભાઇએ કહ્યું કે બુરૂ ખાંડ મળતી હતી. આજે રેશનીંગમાં જે ખાંડ મળે છે એ જોવા જેવી છે. હમણાં તુવેરની દાળની શોર્ટેજ ઉભી થઇ. આ રાજય સરકારે ગુજરાતના ૨૭,૩૨,૧૦૯ કુટુંબોને ૬૦ રૂપિયે પ્રતિ કિલો દાળ આપવાનું કામ કર્યું. આ રાજયમાં જે રીતે નાગરિક પુરવઠા વિભાગે કામગીરી કરી છે તેના કારણે ડોર સ્ટેપ ડિલીવરી. પહેલાં ગોડાઉનમાં માલ લેવા જાય. માલ લઇને આવે ત્યારે અડધો માલ સાફ થઇ જતો હતો અને એ ગ્રાહક ઉપર કાતર મારતો હતો. એ વિભાગે નક્કી કર્યું અને દુકાનદારને વ્યાજબી ભાવની દુકાનની અંદર જ માલ મળે એ વ્યવસ્થા કરી. ઓનલાઇન પરમિટની વ્યવસ્થા કરી. પૈસા ભરી અને સીધેસીધું દુકાનદારને મળે. આધાર કાર્ડ વગેરે અનેકવિધ સુવિધાઓના કારણે આજે નાગરિક પુરવઠા વિભાગ ખૂબ સારી કામગીરી કરી રહ્યો છે. આ દુકાનદારોને એક લાખ રૂપિયા સુધીની સહાય આપીને ૪ ટકા વ્યાજ પણ રાજય સરકારે ભોગવવાની તૈયારી બતાવી. નિગમના ગોડાઉનોની અંદર પહેલાં ખુલ્લા દરવાજાઓ રહેતા હતા. જેને માલ જોઇએ ત્યારે જે માલ લઇ જવો હોય તે લઇ જતા હતા. તેનું પણ મોનોટરીંગ થાય તેના માટે ૧૦૦ ગોડાઉનોની અંદર સી.સી. ટી.વી કેમેરા દ્વારા મોનીટરીંગની શરૂઆત પણ આ રાજયમાં થઇ. આ રાજયમાં ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં તહેવારોના દિવસોમાં જયારે તેલ ન મળે ત્યારે આ વિભાગે કપાસીયા તેલના પાઉચ બનાવીને આપવાની શરૂઆત કરી. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં તોલમાપ વિભાગ જેની આજ દિન સુધી કોઇ ગણના નહોતું કરતું. ગ્રાહક તોલમોલના બોલથી છેતરાતો હતો. ગ્રાહકને પૂરતો માલ મળે એ તોલમાપ વિભાગની સક્રિય કામગીરીના કારણે આજે સસ્તુ, સારું અને વજનવાળું મળતું થયું છે. કન્ઝ્યુમર્સ પ્રોટેકશન કાઉન્સિલના હિસાબે ગ્રાહક લીધા પછી છેતરાયા હોય તો તેને પણ ન્યાય મળતો હોય એવા અનેક દાખલાઓની આ રાજયમાં શરૂઆત થઇ છે. તેના પરિણામો આજે જોવા મળે છે. મને કહેવાનું મન એટલા માટે થાય કે ગરીબના ઘરની અંદર બેસીને કોઇએ ફોટા પડાવ્યા હોય કે રોટલો ખાવાનું કામ કોઇએ કર્યું હોય પણ આ રાજય સરકારે ગરીબના ઘરમાં, તેના કોઠારમાં અનાજ આપવાનું કામ કર્યું છે. માત્ર ફોટા પડાવવાનું કામ આ રાજયમાં નથી કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની આરોગ્ય વિભાગની વાત કરું તો આજે ૧૦૮ની દેશવ્યાપી સુવિધા વિશ્વવિખ્યાત બની છે. આજે ગુજરાતમાં પોલીયો ઝીરો ઉપર પહોંચી ગયો છે. કહેવાનું મન એટલા માટે થાય કે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઝીરોથી ૧૮ વર્ષના બાળકને કોઇપણ જાતનો રોગ થયો હોય, આ રાજય સરકાર એની મા-બાપ છે એવું બતાવીને ગરીબના ઘરની અંદર એની પાસે પૈસા ન હોય, એને ઝીરોથી ૧૮ વર્ષના બાળકને શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત કેન્સર,

કિડની જેવા રોગોની અંદર આરોગ્યની સારવાર ગમે તેટલા રૂપિયાની થાય એનો ખર્ચ ઉપાડવાનું કામ આ સરકારે કર્યું છે. ગુજરાત એ મેડિકલ ટૂરીઝમ બન્યું છે અને એના કારણે રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાંથી અનેક તબીબી સેવા લેવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવે છે. ગુજરાતના છ કરોડ લોકોને કહેતા મને આનંદ એટલા માટે થાય છે કે ગુજરાતમાં આવનારા દિવસોમાં એઇમ્સની સ્થાપના થવાની છે એની જાહેરાત આ પ્રધાનમંત્રીશ્રીએ કરી છે. માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી <#M/ગ્યાસુદીન હ. શેખ/M#>(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય વિભાગની ચર્ચામાં ભાગ લેવા માટે સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય વિભાગને એવો વિભાગ સમજું છું કે જેના દ્વારા લોકોની સૌથી સારી સેવા કરવાનો વિભાગ છે, ભગવાનને પામવાનો વિભાગ છે એટલે હું આરોગ્ય વિભાગની ચર્ચા વખતે ટીકા ટીપ્પણ કરતો નથી અને આજે પણ કરવાનો નથી. મારા કેટલાક સૂચનો છે એ બાબતે હું થોડુ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. અમદાવાદ શહેરમાં સિવિલ હોસ્પિટલ સહિત વી.એસ., શારદા, સોલા હોસ્પિટલ આવેલી છે. આમ તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત હોસ્પિટલો છે ખરેખર તો લોકોના આરોગ્યની જાળવણી થાય અને હોસ્પિટલની સારવાર મળી રહે એવી સંપૂર્ણ વ્યવસ્થા રાજ્ય સરકારે કરવી જોઇએ. આ જે હોસ્પિટલો છે એની અંદર અમે ઘણી વખત જોયું છે કે જ્યારે ઇમરજન્સીમાં ગરીબ દર્દીઓ આવતા હોય ત્યારે વેન્ટીલેટરની સંખ્યા ઓછી પડે છે. ઘણી વખત અમે એવું પણ જોયું છે કે ડોક્ટરો દ્વારા હાથમાં કૃત્રિમ શ્વાસોશ્વાસ માટે કુગ્ગા આપી દેવામાં આવતા હોય છે અને કહે કે તમે કુગ્ગાઓ દ્વારા શ્વાસોશ્વાસ કરાવો. પણ મારે એટલું જ કહેવું છે કે જ્યારે દર્દી ગંભીર હોય અને વેન્ટીલેટરની જરૂર હોય અને એને કુગ્ગાથી શ્વાસોશ્વાસ કરાવવામાં આવે તો એનો જીવ બચાવવામાં જોખમ રહે છે અને એનો જીવ બચતો નથી. એટલે વેન્ટીલેટરની પૂરતી વ્યવસ્થા કરવી જોઇએ. રાજ્ય સરકારના આ આરોગ્ય વિભાગે ઘણા સારા કાર્યો પણ કર્યા છે. પણ એક વેન્ટીલેટરની જરૂરિયાત છે. વેન્ટીલેટર માટે આર્થિક બોજ પડવાનો નથી. પરંતુ પહેલા ક્રિટિકલ સમયની અંદર માણસનો જીવ બચાવશો પછી જ એને આગળની સારવાર આપી શકશો. એટલે વેન્ટીલેટરની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં થાય એવી આ સભાગૃહ સમક્ષ માનનીય મંત્રીશ્રી સમક્ષ માગણી કરું છું. અમદાવાદ શહેરમાં દિન–પ્રતિદિન વસ્તી વધી રહી છે અને જેની સામે હોસ્પિટલોમાં બેડની સંખ્યા વધી રહી છે. સિવિલ હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ, વી.એસ. હોસ્પિટલ અને સોલા હોસ્પિટલની થઇને ૧૮૦૦ બેડની સંખ્યા છે પરંતુ એના કરતાં વધુ સંખ્યામાં દર્દીઓ આવે છે. તેમાં આઇસીયુના બેડની સંખ્યા ઓછી છે. એટલે આઇસીયુના બેડની સંખ્યા વધારવા માટે માગણી કરું છું. ઘણી વખત હૃદયરોગનો હુમલો થયો હોય એવા દર્દીઓ આવતા હોય અને એમને આઇસીયુમાં જગ્યા ન હોવાના કારણે બીજા રૂમોમાં રાખવામાં આવે છે અને ઘણી વખત એવું પણ થાય છે કે એમને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવે છે. એટલે પૂરતા પ્રમાણમાં આઇસીયુની વ્યવસ્થા થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મા વાત્સલ્ય યોજના– આ યોજના ગરીબો અને મધ્યમવર્ગ માટે એક મોટા આશીર્વાદરૂપ પૂરવાર થઇ છે. પરંતુ એની અંદર આપને જણાવવા માગું છું કે જ્યારે કોઇ ગરીબ દર્દી હોસ્પિટલમાં દાખલ થાય અને એની પાસે મા કાર્ડ ન હોય તો એને આવકનો દાખલો કઢાવવા હોસ્પિટલ સુધી જવું પડે છે અને ગ્લુકોઝનો બાટલો ચડેલો હોય, એની પરિસ્થિતિ બરાબર ન હોય એવા સમયની અંદર પરિસ્થિતિ એ થાય છે કે લોકોને નાણાના અભાવે પૂરતી સારવાર મળતી નથી. આથી માત્ર જે દર્દીઓ છે એ જે હોસ્પિટલમાં દાખલ છે એ પત્રના આધારે એમનો એ પુરાવો ગણીને એને આવકનો દાખલો મળવો જોઇએ. હું તો મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે કોંગ્રેસ સરકારે રાઇટ ટુ ફૂડ આપ્યું. રાઇટ ટુ એજયુકેશન આપ્યું, આર.ટી.આઇ.નો કાયદો સરસ રીતે લાવ્યા, મનરેગા લાવ્યા, હું એટલું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે રાઇટ ટુ હેલ્થનો કાયદો અમલમાં આવે, ગુજરાતમાં રહેનારી કોઇપણ વ્યકિત હોય એ વ્યકિતને વિનામૂલ્યે સારવાર મળી રહે અને આજે જયારે ઉત્તર પ્રદેશમાં જે પરિણામ આવ્યા ત્યારે મારા ભા.જ.પ.ના મિત્રો કહે છે કે ગરીબોએ અમને સાથ આપ્યો. સો ટકા ગરીબોએ તમને સાથ આપ્યો એટલે જ આટલી સીટો આવી હોય. હું તો એટલે સુધી કહુ છું કે માનનીય મંત્રીશ્રી, ગુજરાતની અંદર જે મા વાત્સલ્ય યોજનાની સફળતા થઇ છે એ સફળતાને લઇ પ્રધાનમંત્રી સમક્ષ રજૂઆત કરે અને પ્રધાનમંત્રી મા વાત્સલ્ય યોજના સમગ્ર ભારત દેશમાં લાગુ થાય અને સમગ્ર ભારતના ગરીબ લોકોને આજ પ્રમાણે ગુજરાતમાં જે સારવાર મળી રહેલ છે, બે લાખ સુધી આવકની મર્યાદામાં સારવાર મળે છે તો એના માટેનો પ્રયાસ માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરુ છું કે એ પણ કરે. હું પોતે પણ પ્રધાનમંત્રીશ્રીને આ બાબતે વિનંતી કરતો પત્ર લખવાનો છું પરંતુ મારો પત્ર પહોંચે છે કે કેમ એ સવાલ છે પરંતુ હું આ બાબતમાં મારી રીતે સો ટકા રજૂઆત કરવાનો છું અને જો કદાચ રાષ્ટ્રીય અધ્યક્ષ તમારા અહીંયા પધારશે તો હું એમને આ વાત પહોંચાડવાનો પ્રયાસ કરીશ. જેનરીક દવાઓના સ્ટોર ખોલવામાં આવે છે, બહુ સારી બાબત છે. જેનાથી સસ્તી દવાઓ મળે પણ હજી પણ કેટલીક જગ્યાએ ડોકટર જેનરીક દવાને બદલે એવી દવાઓ લખી આપે છે કે જે દવા બહારથી ફરજીયાત લેવી પડે એટલે એની ઉપર પણ થોડું આપણું નિયંત્રણ થાય અને ડોકટરો જેનરીક દવાઓ જ લખી આપે કે જેથી ગરીબ લોકોને બહુ મોટો ફાયદો થાય. સ્વાઇન ફ્લુ, બર્ડ ફ્લુ આવા અનેક રોગો આપણે જોઇએ છીએ કે દિવસે દિવસે માથું ઉંચકતા જાય છે એ બાબતે પણ આપણે પૂરતી કાળજી લઇ અને રોગચાળો ન ફેલાય એ માટે આપણે પૂરતી વ્યવસ્થા કરીએ એ જ મારી વિનંતી છે. અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલ, વી.એસ. હોસ્પિટલ, ખાનગી હોસ્પિટલમાં રાજયમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. જયારે એ દર્દીઓ સારવાર માટે આવે છે ત્યારે એ દર્દીની સાથે એક જ એના

સગાને રહેવા માટે પરમીશન હોય છે તો હું એવી વિનંતી કરુ છું કે જયાં શકય હોય ત્યાં આપણે એવા રૂમો બનાવીએ કે જયાં ગરીબ દર્દીઓના બે–ચાર સગા ઇમરજન્સીમાં આવ્યા હોય એ લોકો વિનામૂલ્યે રહી શકે અથવા બિલકુલ ઓછા ભાવે રહી શકે એવી સગવડ કરીએ તો બહુ સારુ. ઘણી જગ્યાએ આપણને એવું જોવા મળે છે કે હોસ્પિટલ આજુબાજુની હોટલો છે એ લોકો પાસેથી બહુ મોટા પ્રમાણમાં પૈસા વસુલતી હોય છે. બીજું એ મારે કહેવાનું કે હૃદયરોગનો હુમલો થાય એમાં જે સ્ટેન્ડ મૂકવામાં આવે છે એ બાબતમાં બહુ સારું આયોજન થયું, ભાવમાં બહુ સારુ થયું. લગભગ ૬૦ થી ૭૦ ટકા ભાવો ઘટયા છે. સો ટકા આનાથી ગરીબ લોકોને લાભ થવાનો છે એટલે એ બાબતે પણ અભિનંદન આપું અને બીજું હું એવું કહેવા માગુ છું કે આ જે તબીબી સારવારમાં લોકો ડોકટરને પોતાનો ભગવાન માનતા હતા, ઘણી જગ્યાએ બહુ સારા ડોકટરો પણ છે પણ જે રીતે આપણે સ્ટેન્ડ બાબતે કર્યુ, જેનરીક દવા બાબતે કર્યુ, આપણે જે પ્રાયવેટ પ્રસુતિગૃહો છે એમની પાસેથી આપણે એમનો રીપોર્ટ મગાવીએ કે કેટલી ડીલેવરી એની અંદર કુદરતી રીતે થઇ અને કેટલી ઓપરેશન દ્વારા કરવામાં આવી? આપણે અહીંયા ૧૮૨ સભ્યશ્રીઓ બેઠા છીએ આપણે નસીબદાર છીએ કે આપણે મોટા ભાગનાએ કુદરતી ડીલીવરીથી આપણે જન્મ લીધો છે પરંતુ આજે પરિસ્થિતિ એવી છે કે ૬૦ થી ૭૦ ટકા ઓપરશન દ્વારા જ ડીલીવરી કરાવવામાં આવે છે એટલે જે ખર્ચો છે એ ચાર ગણો વધી જતો હોય છે એટલે એ બાબત ઉપર નિયંત્રણ થાય અને નિયંત્રણ કરવા માટે આપણે બધા જે ખાનગી પ્રસુતિગૃહો છે એમની પાસેથી રીપોર્ટ મગાવીએ, એમની સાથે ચર્ચા વિચારણા કરીએ, એ માટે ટકાવારી જોઇએ અને આ બાબત ઉપર આપણે નિયંત્રણ લાવીએ તો હું માનુ છું કે બહુ મોટી સેવા કરી ગણાશે. મારે થોડુંક અન્ન અને નાગરિક પુરવઠા બાબતે કહેવું છે કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની અંદર આજે લોકોને આંદોલનનો સહારો લેવો પડે છે. પરિસ્થિતિ એવી છે કે લગભગ ૫૭ લાખ લોકો જે છે એ મા અન્ન પૂર્ણા યોજનાની યાદીમાં નહીં હોવાને કારણે આજે લોકો વંચિત રહ્યા છે તો મારી માગણી એવી છે કે એનો બરાબર સરવે થાય અને જેટલા જરૂરી લોકો છે કે જે ખરેખર એના હકદાર છે એવા તમામ લોકો કારણ કે આ પણ બહુ મોટું સેવાનું માધ્યમ છે. આપના માટે મંત્રીશ્રી આ વિભાગ નવો છે પરંતુ એમાં ઘણા સુધારા થયા પરંતુ પરિસ્થિતિ એવી છે કે જે પુરવઠા તંત્રના જે અધિકારીઓ છે એ બહુ ભ્રષ્ટ છે, એ બહુ ભ્રષ્ટ અને એમનો દુકાનદારો સાથેનો તાલમેલ એવો છે કે હપ્તા સિસ્ટમ ચાલે છે. આ બાબતે નિયંત્રણ થાય અને રાજ્ય સરકાર જે જથ્થો ફાળવે છે એ ગરીબ લોકો સુધી પૂરતા પ્રમાણમાં પહોંચે એના માટે પ્રયાસ કરવા વિનંતી છે.

ડો. <#M/ટી. ડી. માણીયા/M#>(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની માગણી નં. ૩૯ ને ૪૦ લઇને માનનીય શંકરભાઇ આવ્યા છે એમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યનું મહત્ત્વ પરાપૂર્વથી ચાલ્યું આવે છે. પહેલું સુખ તે જાતે નર્યા, હેલ્થ ઇઝ વેલ્થ અને સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા. આ જે સુવાક્યો છે એ જ બતાવે છે કે આરોગ્યનું કેટલું મહત્ત્વ છે. તંદુરસ્ત નાગરિક કોઇપણ રાજય કે રાષ્ટ્રની સૌથી મોટી તાકાત છે. નાણામંત્રીશ્રીએ જનરલ તો હેલ્ધી બજેટ આપ્યું છે પરંતુ હેલ્થ વિભાગને પણ વધુ હેલ્ધી બનાવવા માટે ૮૮૦૦ કરોડ જેટલી જંગી રકમ ફાળવી છે. એના કારણે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ આપણે જે ઉંચો લઇ જવા માગીએ છીએ એમાં આપણને ઘણી મદદ થશે. મારી વાત કરતા પહેલા મારે સ્પેશિયલ અભિનંદન આ સરકારને આપવા છે કે સંવેદનશીલ સરકાર અને નિર્ણાયક સરકારનું એક ઉત્તમ ઉદાહરણ ગઇ કાલે જે નિર્ણય લીધો છે એના માટે આપવા માગું છું. સરકાર હસ્તકની ગ્રાન્ટેડ હોસ્પિટલો જે ચેરીટેબલ ટ્રસ્ટો ચલાવે છે તેમાં અમારી સરકારે ફેડરેશનના પ્રમુખ અને પાર્ટીના ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ પટેલે રજૂઆત કરી અને એને ધ્યાને લઇ હોસ્પિટલમાં વધારાના કર્મચારીઓના મહેકમની મંજૂરી આપી તથા સાધનો ખરીદવા વધારાની ગ્રાન્ટ અને ચાલુ વર્ષે જે સંસ્થાઓએ પાંચમુ અને છઠ્ઠું પગારપંચ કર્મચારીઓને આપેલું તેના તફાવતની રકમ આ બધું મળી ૨૫ કરોડ રૂપિયા જેવી જંગી રકમ ગઇ કાલે સરકારે ફાળવી દીધી છે એ બદલ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. હેલ્થ વિભાગમાં ઘણી બધી વાતો થઇ એટલે હું થોડી જુદી રીતે વાત કરું કે હેલ્થ વિભાગમાં જુદા જુદા પ્રકારના કવરેજ હોય. વિસ્તારની દ્રષ્ટએ જોઇએ તો સાડા છ કરોડની જનતા માટે ભૌગોલિક રીતે એ ટુ ઝેડ વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. સબ સેન્ટરથી માંડીને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો સુધી અને મોબાઇલ હેલ્થ મેડિકલ યુનિટો દ્વારા જંગલ, અંતરિયાળ અને પહાડી વિસ્તાર હોય કે સાગરકાંઠા વિસ્તાર હોય, ટૂંકમાં ગુજરાતના ખૂણે ખૂણાને હેલ્થ વિભાગે આવરી લીધો છે એ પણ એક પ્રશંસનીય કાર્ય છે. બીજું ઉમરલક્ષી વાત લઇએ તો પિડિયાટ્રીક ટુ ઝેરિયાટ્રીક, બાળકોથી લઇને વૃધ્ધો સુધીની ઉમરની જે પ્રજા હોય એના દરેક વિભાગને જુદી જુદી રીતે આવરી લીધો છે. હવે તો અટલ સ્નેહ યોજના દ્વારા ગર્ભસ્થ બાળક માટે પણ જે કાંઇ જન્મજાત ખોડ ખાપણ કે ડેવલપમેન્ટમાં ખામી હોય તો એની તપાસ માટે હમણાં ૨૫મી ડિસેમ્બર બાજપાઇજીના જન્મદિવસથી અટલ સ્નેહ યોજના પણ શરૂ કરવામાં આવી છે. એટલે ટોટલ ઉમરનું કવરેજ. ત્રીજું કવરેજ એ દરેક પ્રકારના રોગોની સારવાર આવે એમાં ટી.બી., એઇડઝ, સિકલસેલ એનિમિયા હોય, હિમો ફેલિયા હોય, થેલેસિમિયા હોય, રકતપિત, મેલેરિયા, ફાઇલેરાસિસ, ચીકનગુનિયા, ડેન્ગ્યુ, બર્ડ ફ્લુ, સ્વાઇન ફ્લુ, કોંગો ફિવર, લેપ્ટોસ્પાઇરોસિસ, મેન્ટલ અને સાઇકિયાટ્રીક રોગો, કેન્સર, કિડની, હૃદયરોગ, ટૂંકમાં દરેક પ્રકારના રોગોને આવરી લીધા. ચોથું કવરેજ એ સંસ્થાકીય અને માળખાકીય સુવિધાઓનું છે. એ પણ હમણાં વાત કરી એમ પેટા કેન્દ્રથી માંડીને સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોનું પૂરેપૂરું કવરેજ છે. જુદા જુદા પ્રકારની ચિકિત્સાને પણ આમાં આવરી લેવામાં આવી છે. એમાં એલોપથી હોય, આયુર્વેદ હોય, હોમિયોપેથી હોય કે યુનાની સિસ્ટમ એ દરેક પદ્ધત્તિને મહત્ત્વ આપી અને દરેકનો વિકાસ થાય અને એમને ગ્રાન્ટ મળે અને દરેક પદ્ધત્તિને બજેટ ફાળવાય એ રીતની એક યોજના કરવામાં

આવી છે.  હેલ્થના પેરામીટર માપવામાં આરોગ્ય સૂચકાંક જે બહુ અગત્યનું પરિબળ છે એમાં માતા મૃત્યુ દર ૨૦૦૧માં ૧૭૨ માંથી આપણે અત્યારે ૧૦૦ની આસપાસ આવી ગયા છીએ. બાળ મૃત્યુ દર ૨૦૦૧માં એક હજારે ૬૦નો હતો એમાં ૩૩ સુધી પહોચ્યા છીએ. આરોગ્ય વિભાગની મોટાભાગની વાત તો થઇ છે.  મારે એવી ટેવ નથી કે રાજકીય ટીકા–ટિપ્પણ કરું, એમાં હું પડતો નથી અને એ મારો સ્વભાવ પણ નથી છતાં જે કાંઇ દેશમાં અને રાજ્યમાં બી.જે.પી ઇઝ એવરી વ્હેર અને એની વ્હેર છે. કોંગ્રેસ સમ વ્હેર છે.  પણ જો કોંગ્રેસ આ પ્રકારનું વલણ, આ પ્રકારની માનસિકતા અને આ પ્રકારની નેગેટિવ રાજકીય પદ્ધતિ અને પ્રવૃત્તિ ચાલુ રાખે તો (અંતરાય) બી.જે.પી. એવરી વ્હેર રહેશે જ. પરંતુ કોંગ્રેસ નો વ્હેર થઇ જશે એટલું હું ચોક્કસ કહી શકું. બીજી એક વાત થપ્પડ બાબત વિપક્ષો દ્વારા વારંવાર કહેવામાં આવે છે તો એટલું જ કહીશ કે છેલ્લી ૪–૫ ચૂંટણીઓના પરિણામો આપી દેશની જનતાએ કોંગ્રેસને કચકચાવીને જે થપ્પડ મારી છે એ માટે કાંઇ જાહેરાતની જરૂર પડે એવું નથી. આરોગ્ય મંત્રી જે માગણી લઇને આવ્યા છે એને મારું પૂરું સમર્થન છે.

શ્રી <#M/પૂંજાભાઇ ભી. વંશ/M#>(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી અને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ રાજ્યના લોકોની સુખાકારી અને આરોગ્ય સારી રીતે જળવાઇ રહે એની ચિંતા આ વિભાગ કરે છે. બીજા રાજકીય અવલોકનો કરવાને બદલે જે હકીકત છે એ બાબતે સરકારનું અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું. મેડિકલ વ્યવસાય સામાન્ય રીતે માનવતાની સાથે જોડાયેલો છે. પરંતુ આજે આ વ્યવસાય લગભગ પ્રોફેશનલ થઇ ગયો છે અને પ્રોફેશનલ થવાના કારણે જો કોઇ વધારેમાં વધારે તકલીફ કે મુશ્કેલીઓ પડતી હોય તો એ નાના, ગરીબ અને પછાત લોકોને પડે છે. ગઇ વિધાનસભા વખતે, એના આગલા વખતે, ઘણી વખત રેકર્ડ ઉપર મૂક્યું છે, મંત્રીશ્રીને પણ મૂકયું છે. સીમર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સી.એચ.સી.ની અંદર કન્વર્ટ કર્યુ એની જગ્યા એલોટ કરવા માટેની વાત ચાલે છે. ઘણા લાંબા સમયથી ત્રણથી સાડા ત્રણ કરોડની રકમનું ફાળવણું થઇ ગયું છે. તાજેતરમાં જમીનનો હુકમ મળ્યો છે. આપની પી.આઇ.યુ. સંસ્થાએ, આપના વિભાગની સંસ્થાએ જે જગ્યાએ જમીનની ફાળવણી કરવામાં આવી છે એ જમીન ઉપર સામૂહિક આરોગ્ય કેન્દ્ર કરવું હિતાવહ નથી આવું સ્પષ્ટપણે તમારા વિભાગે કીધું છે છતાં પણ તમે એ જ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડિંગ બનાવવાનો શા માટે આગ્રહ રાખો છો એ મને સમજાતું નથી? માનનીય મંત્રીશ્રીને નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે એ વિસ્તારના લોકો માટે, આવનારી પેઢી માટે અને ભવિષ્યમાં હેરાન ના થાય એના માટે કમ સે કમ એમાં પૂન:વિચારણા કરી અને જે જગ્યાએ સારી રીતે થઇ શકે એમ છે ત્યાં આ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડિંગ બનાવવામાં આવે તો લોકોને ઉપયોગી થશે. ઉના સી.એચ.સી. ૩૦ બેડની છે. ૧૦૦ બેડની કરવા માટે થઇને વારંવાર વર્ષોથી રજૂઆત કરતા આવ્યાં છીએ છતાં હજુ સુધી એમાં કોઇ જાતનો નિર્ણય રાજ્ય સરકારે લીધો નથી. એકબાજુ વેરાવળ, જૂનાગઢ અને બીજી બાજુ ભાવનગરમાં જે સારી સુવિધાઓ મળી જોઇએ એ ત્યાં મળતી નથી તો ૧૦૦ બેડની હોસ્પિટલમાં કન્વર્ટ કરવામાં આવે એવી માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. ભૂતકાળની અંદર અશોકભાઇ ભટ્ટ હતા એ વખતે ઓરેટ પ્રોજેક્ટ નીચે આખા રાજ્યની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્રની અંદર લાખો–કરોડો રૂપિયાના ખર્ચે સાધનો આપવામાં આવ્યા હતા. એ સાધનોનો આજે પણ પૂર્ણ રીતે ઉપયોગ થઇ શકતો નથી એના કારણે આ પૈસા સંપૂર્ણપણે વેડફાય છે તો જ્યાં આ સાધનો ઉપલબ્ધ છે એ સાધનોનો મહત્તમ અને સારી રીતે ઉપયોગ થાય તો મને લાગે છે કે પ્રજાને વધુ સેવા મળશે. ખાસ કરીને આઉટ સોર્સિંગથી બધા વિભાગોની અંદર ભરવામાં આવે એમ આરોગ્ય વિભાગમાં પણ મોટાભાગે મારી પાસે સાહેબ એનું લિસ્ટ છે. ક્રમ નંબર ૧ થી લઇને છેક ૪૭ સુધી આરોગ્ય વિભાગમાં જુદા જુદા કેડરો છે એ તમામ કેડરોની અંદર આઉટ સોર્સિંગથી ભરતી કરવામાં આવે છે અને કામ લેવામાં આવે છે. આનાથી આ લોકોના કારણે ખોટી રીતે એમને આજની તારીખે તમે જે ફિક્સ પગાર આપો છો. જે આપવા માટેનું મહેનતાણું નક્કી કર્યુ છે એ મહેનતાણા મુજબ સાહેબ એમને ૫૦% રકમ પણ આ આઉટ સોર્સિંગના જે કોન્ટ્રાક્ટર દ્વારા આપવામાં આવતું નથી અને એમનું શોષણ થઇ રહ્યું છે અને તેના કારણે એમને ખરેખર કામ કરવાની લાગણી અને ભાવના છે છતાં પણ એ સારી રીતે કામ કરી શકતા નથી. તમે બીજા વિભાગોમાં ચાલુ રાખો પણ કમ સે કમ આરોગ્ય વિભાગમાં આઉટ સોર્સિંગથી જે તમે ભરતી કરો છો એને સંપુર્ણપણે તાત્કાલિક અસરથી બંધ કરવી જોઇએ.  અને એનાથી આ લોકોને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની અંદર જે મોટી મોટી કંપનીઓ છે અમારા ગિર–સોમનાથમાં જી.એચ.સી.એલ. હોય, ઇન્ડિયન રેયોન હોય, અંબુજા સિમેન્ટ હોય કે એલ.એન્ડ ટી. હોય એમાં ઝેરી કેમિકલ દરિયાની અંદર ઠાલવે છે. દરિયામાં ઠાલવવાથી દરિયાઇ વનસ્પતિને નુકસાન થાય છે અને એ નુકસાન થવાના કારણે પાકિસ્તાનવાળા જે લોકો માછીમારો પકડી જાય છે એને પણ આ કનેકશન લાગુ પડે છે. એટલા માટે કે, દરિયામાં ઝેરી કેમિકલ છોડવાના કારણે માછલી છે એ દૂર ભાગતી જાય છે અને એ દૂર ભાગવાના કારણે માછીમારો એને પકડવા પાકિસ્તાન બોર્ડર ક્રોસ કરે છે અને એના કારણે માછીમારો પકડાય છે અને હેરાન થવું પડે છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અહીંથી તપાસ કરે અને તપાસ કર્યા પછી સ્થળ ઉપર, રેકોર્ડ ઉપર આવે એ પછી એને નોટિસો આપવામાં આવે અને નોટિસો આપ્યા પછી પણ કોઇ પણ જાતના પગલા લેવાતા નથી એવું ઓન રેકોર્ડ, હકીકત આધારિત હું જે આપની સમક્ષ વાત કરું છું. આવી રજૂઆતો કર્યા પછી પણ આજની તારીખે ગુજરાત

પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને એના અધિકારીઓના મેળાપીપણાને કારણે કોઇ પણ ઉદ્યોગો સામે કાંઇ પગલા લેવાતા નથી એટલે માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું કે, પર્યાવરણની જાળવણી માટે આમાં કડક હાથે કામ લેવામાં આવે.

શ્રી <#M/છત્રસિંહજી પૂં. મોરી/M#>(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પર્યાવરણ મંત્રી શ્રીમાન શંકરભાઇ માગણી ક્રમાંક ૨૭ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા અને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

પર્યાવરણ ક્ષેત્રને ઘણા બધા જુદા જુદા વકતવ્યો વિષયની વાત કરી છે. પણ આ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ જ્યારે અહીંયા મુખ્યમંત્રી હતા ત્યારે આ વિષયની ચિંતા, એમણે પર્યાવરણને કારણે ક્લાઇમેટ ચેઇન્જની જે ગંભીર સમસ્યા વિશ્વ સમક્ષ આવવાની છે એ વાત માત્ર દેશ અને રાજ્ય પૂરતી ન રાખવા વિશ્વ લેવલે પણ જ્યાં પણ ગયા છે ત્યાં આ ક્લાઇમેટ ચેઇન્જ માટેની એમણે ચિંતા કરી છે. અને એના માટે શું કરવું જોઇએ એ સામૂહિક પ્રયત્નો કરવા માટે એ હર હંમેશ વિશ્વ સમક્ષ વાત મૂકી છે. પર્યાવરણ એ આપણી બધાની આજુબાજુ અસ્તિત્વ ધરાવે છે, એવું સજીવ અને નિર્જીવ બંનેમાં હોઇ શકે છે અને આ આદિ માનવના યુગથી આ વાત પર્યાવરણ સાથે જોડાયેલી છે. શરૂઆતમાં આદિ માનવ હતો ત્યારે જંગલમાં રહેતો હતો પછી વસ્તી વધી તો લાકડાના ઘરો બનાવ્યા પછી ગામડાં બન્યા, શહેરો બન્યા અને એના કારણે મનુષ્ય જન્મથી જ પર્યાવરણ એની સાથે જોડાયેલું છે. આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાતમાં જ્યારે સરકાર આવી છે ત્યારથી આ વિષયને ગંભીરતાપૂર્વક, કોઇ વાત પૂરતું કોઇ ડિપાર્ટમેન્ટ બનાવીને નહીં પણ એના માટે નક્કર પગલાં કેવી રીતે લેવા એ બાબતની ચિંતા કરવા માટે દર વર્ષે બજેટની અંદર આયોજન કરવામાં આવે છે અને એટલા માટે ચાલુ વર્ષે પણ આ બજેટની અંદર પર્યાવરણમાં ૨૦૧૭-૧૮માં ૧,૨૨૬ કરોડ રૂપિયાની ફાળવણી માત્ર આ ક્ષેત્રમાં કરવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું. આ પર્યાવરણને વધારે સતેજ બનાવવા માટે કોઇ એક કાયદો કામ નથી આવતો, આ દરેક મનુષ્યએ આ પાળવાનું અને અનુસરણ કરવાની આ ચીજ છે. એટલા માટે રાજ્ય સરકારે પાયામાંથી કામ કરવા માટે ૧૯૯૯થી દરેક શાળાઓની અંદર પર્યાવરણના વિષયને અભ્યાસ ક્રમમાં દાખલ કરીને એની શરૂઆત કરી છે. એના કારણે બાળકને નાનપણથી જ પર્યાવરણ માટેનું જ્ઞાન મળે અને એથી આગળ જઇને ૧૯૯૧થી લઇને આજે પ્રાયવેટ અને સરકારી કોલેજોમાં પણ પર્યાવરણ ઇજનેરોની સીટો અને એની વ્યવસ્થાપન ઉભું કરવાની આ સરકારે યોજના બનાવી છે. આ આખા વિશ્વની અંદર પર્યાવરણની સમસ્યા જ્યારે હોય ત્યારે વિશ્વ સંસ્થા જે છે યુ.એને. પણ એના માટે ચિંતા કરી છે અને ૫મી જુન, ૧૯૭૪નો દિવસ પર્યાવરણ દિન તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. આપણી આ રાજ્ય સરકારે એ જ દિવસે આખા રાજ્યની અંદર કેવી રીતે નવા નવા ઇનીશીયેટીવ લેવાય અને એને કેવી રીતે આગળ વધારાય એના માટે દર વર્ષે વિવિધ પ્રકારના કાર્યક્રમો જે કરે છે હું મારા આગળના વકતવ્યમાં વાત કરીશ. રાજ્ય સરકારે એને નિયંત્રણ કરવા માટે ગુજરાત એન્વાયર્મેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયૂટ, જેને ગેમી કહે છે એની સ્થાપના કરી છે. ગુજરાત પોલ્યુશન બોર્ડ જી.પી.સી.બી.ની રચના કરી છે. ગુજરાત કલીનર પ્રોડકશન એટલે જી.સી.પી.સી. આ ત્રણ સંસ્થાઓ દ્વારા એને કન્ટ્રોલ કરવાનું કામ પણ આ રાજ્ય સરકારે હાથમાં લીધું છે. વિવિધ ક્ષેત્રમાં પર્યાવરણ અત્યારે વ્યાપેલું છે. જેમ કે પાણીમાં, હવામાં, અવાજનું પ્રદુષણ, જમીનનું પ્રદુષણ અને પાંચમું રેડીયો એકટીવ પ્રદુષણ પણ અત્યારે કામ કરતું થયું છે ત્યારે આની ચિંતા કરવા માટે પાણી શુદ્ધ મળે અને એમાં પ્રદુષણ ઓછું થાય, સરોવરો, નદીઓ, મહાસાગરો, ભુગર્ભ જળ આ બધા સ્ત્રોતોને શુદ્ધ પાણી મળે અને જળાશયોમાં જે વનસ્પતિ છે એનું રક્ષણ થાય એના માટે આ રાજ્ય સરકારે વિવિધ પગલાંઓ લીધાં છે અને અત્યારે એક સર્વે રિપોર્ટ આવ્યો છે આખા વિશ્વનો કે આ વિશ્વ સ્તરે પાણીજન્ય જે રોગો થાય છે અને એના કારણે જે મૃત્યુ થાય છે એ ૧૪૦૦૦ જેટલા વ્યક્તિઓનું મૃત્યુ થાય છે. આ બોર્ડ દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે અને આ રાજ્ય સરકારે જે સરાહનીય કાર્યવાહી કરી છે એની હું ટુંકમાં માહિતી મુકવા માગું છું કે આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુડ ગવર્નન્સ તો આપ્યું પણ હવે ઇ-ગવર્નન્સ એના માટે કામ કરવા માટે આપણા રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડને ઇ-ગવર્નન્સ એવોર્ડ ૨૦૧૫-૧૬ની અંદર ગોલ્ડ મેડલ મળ્યો છે એવું આ દેશનું પ્રથમ રાજ્ય છે. એવી જ રીતે કચરામાંથી જે પ્રદુષણ ઉભું થતું હતું એમાંથી કંચન બનાવવાની યોજના પણ આ રાજ્ય સરકાર લઇ આવી છે એમાં બળતણથી, ઉર્જાથી, કોલસાથી, પેટ્રોલથી, ગેસથી આ વિવિધ ક્ષેત્રથી જે પ્રદુષણ ફેલાતુ હતુ એના કારણે સિમેન્ટ ઉધોગમાં એનો ઉપયોગ કરીને ૧૧૭૯૯૦૦૦ મેટ્રીક ટન જેટલો જોખમી આ કચરાની સહપ્રક્રિયા કરીને કોપ્રોસેસ કરવાનું કામ પણ હાથમાં લીધું છે અને આ કોપ્રોસેસ માટે આ રાજ્ય સરકારે ઘણાબધા યુનિટો વિવિધ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં શરૂ કરીને કચરાનું માનવસર્જીત મોટું પર્યાવરણ હતું એને દુર કરવા માટે પણ પગલાં લીધાં છે. વેસ્ટેજ-૨૦૧૬ આના માટે પણ આ રાજ્ય સરકારે ખૂબ સુંદર કામ કર્યું છે અને એના માટે વાઇબ્રન્ટ સમીટ-૨૦૧૭માં પ્રી ઇવેન્ટ તરીકે એનો ઉપયોગ કરવા માટે રાજ્ય સરકારે રાજ્યના મુખ્યમંત્રી અને કેન્દ્રના અનિલ માધવ મંત્રીશ્રી બંને જણાએ અહીંયા બે દિવસની વેસ્ટ આંતરરાષ્ટ્રીય સમિટનું ઉદ્દ્ઘાટન કર્યું હતું અને આ સમિટની અંદર ૨૦ જેટલી આંતરરાષ્ટ્રીય કંપનીઓ, ૧૦૬ દેશની કંપનીઓ અને ૧૫૦ જેટલા સ્ટોલ ઉભા કરીને આમાં ભાગ લીધો હતો. આ પ્રમાણે આપણી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં પર્યાવરણના ક્ષેત્રમાં અનેકવિધ કામ કર્યું છે ત્યારે હું એમને ધન્યવાદ પાઠવીને, અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી <#Mi /શંકરભાઇ લ.ચૌધરી/Mi #> ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે અલગ અલગ વિભાગોની માગણીઓ, ખાસ કરીને મારા કલાઇમેટ ચેન્જ વિભાગની માગણી નં. ૧૦૭, બંદરો અને

વાહન વ્યવહાર વિભાગની માગણી નં. ૭૫, તબીબી અને જાહેર આરોગ્યની માગણી નં. ૩૯, પરિવાર કલ્યાણ વિભાગની માગણી નં. ૪૦ અને પર્યાવરણ વિભાગની માગણી નં. ૨૭ લઇને વિધાનસભા ગૃહ સમક્ષ આવ્યો છું. આ માગણીઓ તે ગુજરાતના આવતીકાલના ઉજ્જવળ ભવિષ્ય માટે ઉપયોગી થશે એટલા માટે આ વિધાનસભાગૃહને વિનંતી કરું છું કે તે તમામ માગણીઓને સર્વાનુમતે સ્વીકારે. બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અમારી જે માગણીઓ છે તેમાં વાહન વ્યવહાર અને બંદરો માટે વર્ષ ૨૦૧૭–૧૮ની અંદર ૧૪૦૦ કરોડની જોગવાઇઓ કરવામાં આવી છે. ગુજરાત ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે. દરિયાને પ્રગતિ અને વિકાસ માટેનું આયામ આપણે ગણી શકીએ. આમ તો વર્ષો પહેલાં સમુદ્રના માધ્યમથી દુનિયાની અંદર વ્યવહાર કરવા માટે ગુજરાતે અનેક પહેલ કરેલી છે. અંગ્રેજો પણ ગુજરાત અને હિન્દુસ્તાનની સમૃદ્ધિ જોઇને તે વખતે વ્યવહાર કરવા માટે અહીં આગળ આવેલા હતા. ખાસ કરીને દરિયા કિનારાના સેન્ટરો ઉપર સુરતની બાજુમાં તેમણે કોઠીઓ સ્થાપી હતી. ઇતિહાસ બહુ જૂનો છે. દુનિયાની અંદર સમુદ્રી માર્ગે જવા માટે કંબક ઋષિ છેક કંબોડીયા સુધી પહોચ્યા હતા. જ્યારે દુનિયાને વસ્ત્રો પહેરવાનું ભાન ન હતું ત્યારે એમણે સમુદ્ર માર્ગે છેક કંબોડીયા સુધી જઇને દુનિયાને વસ્ત્રો પહેરવાનું ભાન છેક વૈદિક કાળની અંદર કરેલું તેવા પણ ઉલ્લેખો છે. આપણા ગુજરાતે જે પ્રમાણે પ્રગતિની દિશા પકડી છે તેને આગળ લઇ જવા માટે આ વિભાગ કામ કરી રહ્યો છે. સમુદ્રી બંદરોની સ્થાપના થાય, સમુદ્રની અંદર કાર્ગો અને બીજી બોટ જતી હોય તેમાં વૈજ્ઞાનિક ઢબે આપણે આગળ વધીએ તો ઘણું સારું કામ થઇ શકે. તેના માટે સમુદ્રી અર્થતંત્ર તેમજ બંદરોની કામગીરીના નિભાવના અભ્યાસક્રમો અને તેમાં ખાસ કરીને ગુજરાત મેરીટાઇમ ઇનીસીએટીવની સ્થાપના માટે ૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એક વખત રીસર્ચ અને સાથે સાથે એજ્યુકેશનના માધ્યમથી બંદરોનું ડેવલપમેન્ટ થાય અને આપણે સમુદ્રની અંદર જ્યાં સુધી પહોંચવું છે ત્યાં સુધી પહોંચી શકાય તેના માટે ખૂબ સારી પહેલ અમારા વિભાગે આ વખતે કરી છે. અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ વર્ષોથી ચાલે છે. પરંતુ તેના તાલીમાર્થીઓ જે છે, તેની અંદર કામ કરવાવાળા લોકો છે તેને તાલીમ આપવામાં આવે તો તેમની પાસે જે શકિતઓ રહેલી છે તેને વધારે ડેવલપ કરવામાં આવે તો વધારે સારુ કામ કરી શકે તેમ છે. એટલે તાલીમ અને કલ્યાણ માટે સંસ્થા ઉભી કરવી અને તેના માટે ૩૦ કરોડની જોગવાઇ આ વખતે આપણે કરી છે. જે પર્યાવરણનું ધ્યાન રાખે અને વેસ્ટમાંથી બેસ્ટ કઇ રીતે કરી શકાય તથા બાકી વેલ્યુ એડીશન કંઇ રીતે કરી શકાય તેના માટે ખૂબ ઉપયોગી થઇ શકશે. ત્રીજુ માનનીય અધ્યક્ષશ્રી, ઘોઘા અને દહેજ વચ્ચેની રો–રો ફેરી સેવા યોજના છે તેના માટે ૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને દહેજ અને ઘોઘા વચ્ચેનું અંતર ૩૬૦ કિલોમીટર છે. જયારે દરિયાઇ માર્ગે જવામાં આવે તો ૩૧ કિલોમીટર થઇ શકે તેમ છે. એટલે સમુદ્રી પરિવહનના માધ્યમથી કેટલો મોટો ફાયદો થઇ શકે તેમ છે. આ સામાન્ય નહીં પણ એશિયાનું સૌથી મોટું કહી શકાય તેવું સેન્ટર બની શકે તેમ છે. આ કામ માટે ૨૨૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એસ્સાર પ્રોજેકટ ઇન્ડિયા લિમિટેડ જેવી કંપનીને આ કામગીરી આપવામાં આવી છે અને તે લગભગ ૮૩ ટકા પૂર્ણ થઇ છે. વર્ષ ૨૦૧૭માં આ યોજના પૂરી કરવાનું આયોજન છે. આ રો–રો ફેરી સર્વિસમાં ૫૦૦ જેટલા મુસાફરો એકસાથે જઇ શકે અને ૧૦૦ જેટલા વાહનો એટલે કે મોટી ટ્રક સહિત તથા આખી બસ હોય તો પણ તેની અંદર જઇ શકે એટલે કે વાહનોની હેરાફેરી થઇ શકે તેવું દક્ષિણ પૂર્વ એશિયાનું સૌથી મોટું કહી શકાય તેવું મોટું કામ કરવામાં આવી રહ્યું છે. તે સિવાય રાજયમાં ૪૮ જેટલા નાના અને મધ્યમ કક્ષાના બંદરો આવેલા છે તેમાં પણ વિકાસ કરવા માટે જઇ રહ્યા છીએ. ૩૦ કેપ્ટીવ જેટી, ૧૦ જેટલી ખાનગી જેટીઓ અને ૪ જેટલા ખાનગી બંદરો પણ ડેવલપ કરવામાં આવ્યા છે. નર્મદા પરિક્રમા માટે એક અલગ જેટી બનાવવા માટે ૮ કરોડ રૂપિયાની જોગવાઇ તેમાં કરી છે. જેના કારણે દહેજથી શરૂ કરીને નર્મદાનો આખો એરીયા છે તે લોકોની રોજગારી માટેનું એક મોટું માધ્યમ બનશે. ૧૯૯૪–૯૫ના વર્ષની અંદર બંદરો ઉપર માલ સામાન વહન કરવા માટેની ક્ષમતા તે ૪૫ મિલિયન મેટ્રીક ટન કાર્ગોની હતી. જે વર્ષ ૨૦૧૬–૧૭માં ૪૬૬ મિલિયન મેટ્રીક ટન જેટલો કાર્ગો થઇ શક્યો છે. એટલે આ આ વર્ષનું જ બજેટ માત્ર છે એવું નહીં પણ છેલ્લા કેટલાક વર્ષોથી નરેન્દ્રભાઇ મુખ્ય મંત્રી તરીકે અહીંયા હતા એ સમયથી જે વિકાસની યાત્રા ચાલુ કરી હતી એજ વિકાસની યાત્રાનો ગ્રોથ આગળ વધી રહ્યો છે અને એના ભાગરૂપે આ વખતની આ માગણીઓ મારી છે. વર્ષ ૨૦૧૫–૧૬માં રાષ્ટ્રીય સ્તરે બંદરો હેઠળના માલની હેરાફેરી માટે ૧૦૫૧ લાખ મેટ્રીક ટન હતી જે પૈકી ગુજરાત મેરિટાઇમ બોર્ડના બંદરો થકી ૩૩૬ લાખ મેટ્રીક ટન થઇ છે. ખાનગી બંદરો દ્વારા ૨૦૧૬–૧૭માં ૯૩૧.૩૯ લાખ મેટ્રીક ટન માલ વહન કરવામાં આવ્યો છે. ભારતના કુલ દરિયાઇ ટ્રાફિકમાં ગુજરાત મેરિટાઇમ બોર્ડ હેઠળનો હિસ્સો ૩૨ ટકા છે અને ગુજરાતનો બાકીનો જોઇએ તો નાના અને મધ્યમ કક્ષાના બંદરોનો કુલ ટ્રાફિક હિસ્સો ૭૪ ટકા છે. અત્યાર સુધીમાં ગુજરાતના બંદરો ઉપરથી ૩૩ હજાર કરોડનું ખાનગી મૂડી રોકાણ પણ કરવામાં આવ્યું છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા જૂના બેડી બંદર અને નવા બેડી બંદર અને રોઝી બંદરને બ્રોડગેજ લેનથી જોડવા માટેનું આયોજન છે જેમાં પ્રથમ તબક્કામાં જૂના બેડી બંદરને જોડવામાં આવશે અને એ પછી ડી.પી.આર.ની કામગીરી અંતિમ તબક્કામાં છે જેના કારણે મોટી સાગરમાળા અંતર્ગત આ એરિયાને એક મોટો લાભ મળશે. આમ, સર્વગ્રાહી રીતે કહી શકાય તેવું આ કામ રાજય સરકાર કરવા જઇ રહી છે તો તે બાબતમાં હું મારો આ વિષય મૂકું છું અને માગણીને સભાગૃહ મંજૂર કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જ આ વિભાગની પણ સંયુકત રીતે હું વાત કરીશ. અમીબાથી ઇન્ટરનેટ સુધીની માનવ વિકાસની જે યાત્રા આખી ચાલી એ યાત્રાને કારણે માણસને લાગ્યું કે હું પક્ષી કરતા પણ વધારે ઝડપથી ઉડી શકું, કયારેક એવું લાગે કે હું માછલી કરતા પણ વધારે તરી શકું આવી અનેક કલ્પનાઓને કારણે વિકાસ કરવા માટેનો પ્રયત્ન તો કર્યો પરંતુ સૃષ્ટિ સાથેનું જે સંકલન હતું એ ઘણું બધું આ વિકાસની બાબતમાં ખોરવાઇ ગયું અને

માણસ સૃષ્ટિ પરના તમામ જીવો કરતા વધારે બુદ્ધિજીવી જીવ હોવાના કારણે માણસને પોતાનું જ આધિપત્ય રહે તે માટે કરીને બાકી વન, પક્ષીઓ, પશુ, જીવજંતુ, પર્વતો, નદીઓ એ બધા ઉપર માણસ એવું માનવા માંડ્યો કે આ બધું હું વધારે ભોગવી શકું તેવી ખેવનાને કારણે એન્વાયરમેન્ટને જે પ્રોટેકટ કરવાની બાબત હતી, એન્વાયરમેન્ટ અને ડેવલપમેન્ટ બંને એક સિક્કાની બે બાજુ હતી તેની જગ્યાએ આ મોટી ગેપ થઇ. ૨૦ વરસ પહેલા કલ્પના કરીએ કે પાણી વેચાતું લેવું પડશે? આવી કલ્પના પણ આપણે કરી શકતા ન હતા પરંતુ અત્યારે જે પ્રમાણેની સમસ્યાઓ આવે છે, ખાસ કરીને દેશની રાજધાની દિલ્હી જે કહેવાય એમાં એવું લાગે છે કે હવે સ્કૂલો બંધ રાખવી પડશે કેમ કે, ઓકસીજનનું પ્રમાણ ઘટી ગયું છે અને વ્હિકલ જે હોય એના નંબર અલગ અલગ કરવા પડે છે કે આજે આ નંબરના વ્હિકલ વાપરો બીજે દિવસે આ નંબરના વ્હિકલ વાપરો. ઓકસીજન ત્યાં આગળ ન મળે એવી સ્થિતિ ઉભી થઇ હોય તો સમયસર ન જાગીએ તો જે પ્રમાણે પાણીની સમસ્યાઓ ઉભી થઇ અને પાણી વેચાતું લેવું પડે છે એવી વાત આવીને ઉભી છે ત્યારે એની જગ્યાએ આવનારા સમયમાં ઘ્યાન ન રાખીએ તો ઓકસીજન માટેની પણ આવી સમસ્યા ઉભી થઇ શકે. આવું ન થાય એટલા માટે સજાગતા આપણે પહેલેથી કરવી પડે અને સજાગતા જેટલી હોય તો જ આપણે નવી પેઢી માટે કમસેકમ સારું નહીં તો જેવું એન્વાયરમેન્ટ છે તેવું એન્વાયરમેન્ટ આપણે આવનારી પેઢીને આપી શકીએ. હું તો ત્યાં સુધી કહું છું કે, વૃક્ષો, નદીઓ, જમીન જે છે તેના કરતા કાંઇક સારું કરીને નવી પેઢીને આપવા માટેનો પ્રયત્ન કરવો પડે અને આ કામ કરવા માટે રાજય સરકારે અનેક પગલાં લીધા છે. ખાસ કરીને પહેલા વિકાસ માટે માનનીય ધારાસભ્યશ્રી જીતુભાઇ હમણા વાત કરતા હતા કે, જી.આઇ.ડી.સી. માટેની દેશના પ્રથમ પ્રધાન મંત્રીએ ત્યાં આગળ પ્રાર્થના કરી હતી. હા, ત્યારે અને અત્યારમાં ફરક માત્ર એટલો આવ્યો કે અમદાવાદની મીલની અંદરથી નીકળતો ઘુમાડો હોય તો એના માટેની ત્યારે વાતો એવી થતી કે આ લોકશાહીના મંદિરો છે. એટલે ઘુમાડાના ફોટા જોઇને આપણે લોકશાહીનું મંદિર કહેતા અને એમ લાગતું કે વિકાસ આના માઘ્યમથી થશે. પરંતુ આજે એવું લાગે છે કે આ મોટી સમસ્યા થઇ ગઇ છે. ત્યારે ઘ્યાનમાં હતું કે ડેવલપમેન્ટ જેટલું થાય તેટલું સારું, પરંતુ અમદાવાદ જેવા શહેરની અંદર પાંચ સાત વરસ પહેલાં એવી સ્થિતિ ઉભી થયેલી કે અમદાવાદમાંથી પસાર થઇએ તો મોઢું કાળું થઇ જાય, કપડાંનો કલર હોય એ બદલાઇ જાય, ત્યારે આપણને લાગ્યું કે આની ચિંતા કરવી પડશે અને ચિંતા નહિ કરીએ તો શું થશે એટલે સી.એન.જી. રિક્ષા માટેની વ્યવસ્થા ઉભી કરી. બાકીની જે સમસ્યાઓ હતી એના ઉપર કન્ટ્રોલીંગ કર્યું. આજે અમદાવાદમાં એન્વાયરમેન્ટની અંદર સૌથી સારો સુધારો આવ્યો છે અને એ સ્થિતિએ આપણે પહોંચી શક્યા છીએ. પહેલાં દષ્ટિકોણ આ ટાઇપનો આપણને નહોતો લાગતો કે એક તરફી વિચારતા હતા કે ડેવલપમેન્ટ કરીએ, ડેવલપમેન્ટ કરીએ તો એ દિશા પકડી પરંતુ હવે સુધારા પણ અનેક બાબતમાં કરવા આપણે જઇ રહ્યા છીએ. ટવેન્ટી વનની કોન્ફરન્સની અંદર જે પ્રમાણેનું બિલ પસાર થયું અને એના માઘ્યમથી હિંદુસ્તાને કરવાનું હતું, જે ગુજરાતે કરવાનું હતું એમાં અનેક પગલાં લીધા છે, ખાસ કરીને ઉર્જાની બાબતમાં પણ બહુ મોટા ફેરફાર કર્યા આપણે. પર્યાવરણની જાળવણી માટે અમારું ડિપાર્ટમેન્ટ અને એના અંતર્ગત ગેમીની પ્રયોગશાળાનું મકાન, ગેમી એક એવી ઇન્સ્ટીટ્યુટ ગુજરાતમાં ઉભી કરી રહી છે કે, જે પર્યાવરણની અંદર રિસર્ચ પણ કરે અને રિસર્ચ કર્યા પછી જ્યાં જ્યાં પાણીની સમસ્યા હોય, કુવાના તળ નીચે ગયા હોય તો તે, ઉપરનું પાણી હોય તો તેને ઠીક કરવા માટે, આ બધાની અંદર રિસર્ચ, માત્ર જળ જ નહિ પોલ્યુશન માટેના લિવિંગ હેબીટ્સ સુધીની વ્યવસ્થા એના માઘ્યમથી થઇ રહી છે અને અત્યારે પહેલાં ગુજરાતની અંદર એક સંસ્થા તરીકે કામ કર્યું અને અત્યારે બીજા રાજયોની અંદરથી પણ આ સંસ્થાને કામ મળવા માંડ્યું છે અને બધાને લાગે છે કે માન્ય સંસ્થા તરીકે ગેમીને આપણે આગળ કરી રહ્યા છીએ. બજેટની અંદર જે જે જોગવાઇઓ આ વખતે કરવામાં આવી છે એના આધાર ઉપર ઇન્ડસ્ટ્રીઝનું પોલ્યુશન હોય તો એને કન્ટ્રોલ કરવા માટે, જળનું પોલ્યુશન હોય તો તેને કન્ટ્રોલ કરવા માટેની પણ ઘણી બધી વ્યવસ્થાઓ ઇકોલોજી કમિશન હોય કે ભારત સરકારમાંથી પણ માર્ગદર્શન જે જે મળ્યું હોય એના માઘ્યમથી ઘણા બધા ફેરફારો આપણે કરી શક્યા છીએ. જી.પી.સી.બી.ના માઘ્યમથી ગુજરાતમાં કન્ટીન્યુઅસ એબીઅન્ટ અને ક્વોલિટિ મોનીટરીંગ કરવા માટેની, એના માટે હવાની ગુણવત્તાનું મોનીટરીંગ કરવા માટે અમદાવાદ અને જામનગર ખાતે કન્ટીન્યુઅસ ક્વોલિટિ માટેના સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે. અંકલેશ્વર, વાપી, સુરત, વડોદરા, મોરબી, અમદાવાદ અને ભુજ આ બધી જગ્યાએ પણ સ્ટેશનો ઉભા કર્યા છે. જેના કારણે ત્યાંનું પોલ્યુશન માપી શકાય. અહીંયા જ નહિ પણ ઓનલાઇન દિલ્હીની અંદર બેસીને પણ એ લોકો જોઇ શકે કે ગુજરાતની અંદર પોલ્યુશનની સ્થિતિ શું છે અને હવે આવનારા સમયમાં ત્યાં સુધી આપણે વિચારી રહ્યા છીએ કે એક એપ ડેવલપ કરીને હવાનું પ્રદૂષણ કયા શહેરમાં કેટલું છે તે ઓનલાઇન મોબાઇલથી પણ જોઇ શકાય તે સુધીનો વિચાર અમે કર્યો છે અને આગામી સમયમાં તેને અમલ કરવા માટેનો પ્રયત્ન અમે કરીશું. ગુજરાતની નદીઓ, ખાસ કરીને જળાશયો, તળાવ, કૂવાના પાણીનું મોનીટરીંગ કરવા માટે અમે પરિયોજના કરી છે, ગ્લોબલ એન્વાયરમેન્ટલ મોનીટરીંગ સિસ્ટમ, જેને જેમ્સ તરીકે ઓળખીએ છીએ તેના માઘ્યમથી આ કામ હાથ ઉપર લીધું છે. મોટા શહેરોની અંદર આવેલા ઔદ્યોગિક વિસ્તારોની અંદર પણ અમે અલગ અલગ મોનીટરીંગની સિસ્ટમો કરી છે તેના કારણે ઘણા બધા સારા પરિણામો મળી રહ્યા છે. ખાસ કરીને વાપી અને અંકલેશ્વરથી પસાર થતાં હોઇએ ત્યારે દસ પંદર વરસ પહેલાં એવી સ્થિતિ હતી કે નાક બંધ કરી દેવું પડતું હતું અથવા તો ત્યાંની હોટેલ પર ક્યારેય ઉભું રહેવું હોય તો ત્યાં ઉભું ના રહી શકાય એવી દુર્ગંધ મારતી હોય, આંખો સતત બળતી હોય અને ત્યાંથી પસાર થવું મુશ્કેલ થાય. પરંતુ છેલ્લાં કેટલાક વરસોથી જે મહેનત અને મથામણ ચાલુ કરી એના કારણે એમાં કેટલાક સુધારા આપણે લાવી શક્યા છીએ. જેના કારણે ૨૦૧૦માં વાપીમાં સેપી સ્કોર જે ૮૮.૯ ટકા હતો તે ૨૦૧૬માં ૬૮.૨ ટકા થયો છે. એટલે દર વખતે બગડતું જ જતું હતું એની

જગ્યાએ આટલો સુધારો આપણે કરી શક્યા છીએ. અંકલેશ્વરની અંદર ૮૮.૭૫ ટકા જે હતો તે સુધારીને ૨૦૧૬ની અંદર ૬૮ ટકા થયો છે. વટવાની અંદર ૭૪.૭૭ ટકા હતો તે ઘટીને ૫૪.૨૦ ટકા થયો અને આ બધો સ્કોર સુધરવાના કારણે ભારત સરકારે ક્રિટિકલ પોલ્યુટેડ એરિયા તરીકે આ વિસ્તારોને જે ડિકલેર કરેલા હતા. તો સતત મોનીટરીંગ બાકીની જે ટ્રીટમેન્ટ માટેની વ્યવસ્થાઓ કરી તે બધાને કારણે આટલો સુધારો કર્યો છે અને આવનારા સમયની અંદર હજુ વધારે ત્યાં આગળ સુધારો કરી શકાય તે માટેના આયોજનો પણ અમે કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વટવાની અંદરથી જે પોલ્યુશન કેટલાંક માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી હા, ચોક્કસ આ બાબતમાં તકેદારી રાખવી એ જવાબદારી આપણાં બધાની છે. વટવાની અંદરથી નીકળતું ગંદુ પાણી અને તેને ઠીક કરવા માટે એક ડ્રેનેજ આખે આખી ચોકઅપ થઇ ગઇ હતી. અમે કોઇની પણ ચિંતા કર્યા સિવાય તાત્કાલિક એ પ્રોડકશન ઉપર ઇન્ડસ્ટ્રીઓ બધી બંધ કરાવડાવી અને કહ્યું કે જયાં સુધી આ બંધ ના થાય ત્યાં સુધી, જયાં સુધી આ ગટર ખુલ્લી ના થાય ત્યાં સુધી આ ફેકટરીઓ ત્યાં ચાલુ નહીં થઇ શકે. અને મહિના કરતાં પણ વધારે સમય સુધી આ અમદાવાદનું આખું એસ્ટેટ બંધ રાખ્યું. હું જાતે ત્યાં આગળ મોનીટરીંગ કરવા માટે જયારે ગટર ખોદાતી હતી ત્યારે ત્યાં ગયો. અહીંયાના મશીનથી નહોતું થતું તો બહારથી મશીન લાવીને અંદરથી બધો કચરો બહાર કાઢીને આખી કેનાલ ઠીક કરાવડાવી નહીંતર ત્યાંથી બ્લોક થઇ જાય તો બાજુની જે કેનાલ હતી તે કેનાલની અંદર જાય અને એ ગંદુ પાણી તેના કારણે લોકોને મુશ્કેલી પડે તેવુ પણ હતું એટલે એ પણ ઠીક કરાવ્યું. કેમિકલવાળું પાણી તે લોકોને નુકસાન ના કરે એના માટે જે જે સમસ્યાઓ હોય તેનું સતત મોનીટરીંગ કરી અને સમયાંતરે એવું લાગે કે ઇન્ડસ્ટ્રીઝ આ વધારે આ પ્રમાણેનું અથવા એસ્ટેટ વધારે કરે છે તો તેના ઉપર બેન મૂકવા સુધીના અનેક પગલાં લીધાં છે અને હજુ આવનારા સમયમાં વધારે સખ્તાઇથી આ કામ કરીને લોકોના આરોગ્યની સુખાકારી વધે તે માટે આપણે ઠીક કરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીરાણાની ડમ્પીંગ સાઇટ માટેની પણ આપે જે વાત કરી તે ચિંતાનો વિષય ચોક્કસ છે. આપણી પાસે એવી ટેકનોલોજી અત્યાર સુધીમાં ન હતી કે તેનો ઉકેલ શું કરવો અને કચરો તો રોજેરોજ ઢગલો થતો જ જાય અને ઢગલો એટલો મોટો થતો જાય કે આપ જે વાત કરો છો તે પ્રમાણે આખો પર્વત જેવું દેખાય તો એનો ઉકેલ શું ? ઉકેલ હવે એ કર્યો છે કે એમાંથી વીજળી બનાવવા માટે એક કંપની સાથે પીપીપીના ધોરણે કરાર કર્યો છે કે એ વીજળી બનાવે, વીજળીને વેચાતી લેશે અને ત્યાંથી એ ઢગલો કચરાની અંદરથી જ વીજળી બનાવવા માટેની વ્યવસ્થાઓ આપણે કરવા જઇ રહ્યાં છીએ તો લાંબાગાળે આવનારા સમયનું પ્લાનીંગ કરીને આપણે ભવિષ્યની પેઢીને આવો કચરો અને ગંદકી ના આપીએ એવું પણ આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) બંધ પણ કરાવડાવીએ અને નવી ડમ્પીંગ સાઇટ પણ આપની વાત સાચી છે તે કરવા માટે આપણે અમદાવાદ કોર્પોરેશનને પણ સૂચના આપીશું શૈલેષભાઇ અને આ બાબતમાં આપ સજાગ છો એટલે મને લાગે છે કે હજુ વધારે નવી દિશા પણ મળશે. પરંતુ આનું આયોજન વહેલું શૈલેષભાઇ નહોતાં કરી શકયા જો વહેલું ૪૦–૫૦ વર્ષ પહેલાં જો આવી સમસ્યાઓ શહેરીકરણની થશે તેની જો આપણે કરી હોત તો મને લાગે છે કે આજે લગભગ સમસ્યાઓ બની ના હોત. પરંતુ ગામડાં તૂટયાં અને શહેરોની તરફ ૫૦ વર્ષની અંદર આ બધુ આવવા માંડયુ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બાબત કે પેલી બાબતની અંદર જવું નથી હું આરોગ્ય વિભાગની માગણીઓ ઉપર આવું છું. કલાઇમેટ ચેન્જ માટેના જે વિભાગ છે તેને પણ સોલાર માટે રૂફટોપ માટેની વ્યવસ્થા કરી હોય બાકીના સોલારના પાર્કો કરીને વીજળી પોલ્યુશન વગરની મળે જે કોલસાના આધાર ઉપર વીજળી મળતી હતી, જે નેપ્થાના આધાર ઉપર વીજળી મળતી હતી તેની જગ્યાએ માઇક્રો લેવલ ઉપર ઘરની અંદર રૂફટોપ લગાવીને પણ વીજળી ઉત્પન્ન કરી શકાય તે માટેની સુવિધાઓ ઉભી કરવા માટે અનેક પગલાંઓ જે લીધાં છે તે સિવાય પણ અલગ અલગ વિભાગોની અંદર કલાઇમેટ ચેન્જ વિભાગે ગ્લોબલ વોર્મીંગની જે સમસ્યા છે તેના ઉકેલ માટેના અનેક પગલાં લીધાં છે તેની નાણાંકીય જોગવાઇ પણ કરી છે. નવી પેઢી માટે આવતા આપણાં ભવિષ્ય માટે આપણે બધાએ સજાગ થઇને આ દિશાની અંદર જો મહેનત કરીએ તો જેવું આકાશ, જેવી હવા, જેવું પાણી, જેવી ધરતી, જેવાં વૃક્ષો, જેવાં પ્રાણીઓ, જેવાં જળચરો એ છે તેને કોઇ નાશ ના પામે, તે ડેમેજ ના થાય તેના માટેની સજાગતા રાખવી એ જરૂરી છે એટલા માટે થઇને કલાઇમેટ ચેન્જ વિભાગની જે માગણીઓ છે તેને પણ મંજૂર કરે એવી મારી વિનંતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારા આરોગ્ય વિભાગની જે માગણીઓ છે તેના ઉપર મારી વાત કરીશ. હું ભાગ્યશાળી છું કે આરોગ્ય વિભાગ અગાઉ સૂચારુ રીતે આજના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વની અંદર ચાલ્યુ અને તેમણે ખૂબ સારું આરોગ્યનું માળખું.

અધ્યક્ષશ્રી : ૧૫ મિનિટ બાકી છે તમે સમયસર ગોઠવી શકો એટલે પહેલેથી કહ્યું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : (ક્રમશ:)માનનીય અધ્યક્ષશ્રી, એક ખૂબ સારું માળખું તૈયાર કરીને આપ્યું છે જેના કારણે ગુજરાતના આરોગ્યની ચિંતા કરી રહ્યા છીએ. આરોગ્ય વિભાગ ‘‘સર્વે ભવન્તુ સુખિન: સર્વે સન્તુ નિરામયા:’’ની ભાવના સાથે કામ કરવાવાળો વિભાગ છે. વર્ષ ૨૦૧૭–૧૮ના બજેટની અંદર લગભગ રૂ.૮૮૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે જે ગયા વર્ષ કરતાં ૫૮૮ કરોડ જેટલી વધારે છે. રાજયનું આરોગ્ય સુધરે તે ચિંતા આપણા બધાની હોય અને મને ભરોસો છે કે આ વિધાનસભા ગૃહ ૧૦૦ ટકા સંમતિ આપશે જ. આપણે જોઇએ તો બજેટની જોગવાઇમાં ૨૦૦૮માં ૧૬૧૫ કરોડની જોગવાઇ હતી એ ક્રમશ: વધીને ૨૦૧૬ની અંદર ૮૨૧૨ કરોડની છે અને ચાલુ વર્ષની અંદર ૮૮૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે

જેના કારણે ઘણા બધા સુધારા પણ આપણે કરી શક્યા છીએ. માતૃત્વ બાળ સંભાળ માટે ૧૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વાહક જન્ય રોગોની નાબૂદી માટે ૧૦૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્ય સરકારે ઘણા બધા Initiative પગલા લીધા. જેમ કે, ૧૦૮ની સુવિધા ન હતી ત્યારે કેટલાય લોકોને પોતાના પ્રાણ ગુમાવવા પડતા. માણસને મૃત્યુના મુખમાંથી પરત લાવવા માટેનું કામ રાજ્ય સરકારે હાથ ઉપર લીધું. ક્યાંક અકસ્માત થયો હોય અને ફોન કરે તો પોતાના સ્વજન પહોંચે એ પહેલા સરકારની વ્યવસ્થા ત્યાં પહોંચી જાય છે. કોઇને ડીલીવરી માટે લઇ જવા હોય, કોઇને સાપ કરડ્યો હોય, એટેક આવ્યો હોય તો ફોન કરે અને ૧૫ મીનીટની અંદર સરકારની ૧૦૮ વાન ત્યાં પહોંચી જાય છે. ૧૫ વર્ષ પહેલાં આનો વિચાર કરવો પણ અઘરો હતો અને આ રાજ્ય સરકારે આ કરી બતાવ્યું છે અને આના ખૂબ સારા પરિણામો સરકારને મળ્યા છે. ૧૦૮ માટે તો એવી કહેવત કહેવાય છે કે, યમરાજનો પાડો પહોંચે એ પહેલાં ૧૦૮ વાન પહોંચી જાય છે અને એના કારણે લોકોના પ્રાણ બચાવી શકાય છે અને આ ૧૦૮ વાન માટે વિરોધપક્ષના એક પણ સભ્યએ આ બાબતની ટીકા નથી કરી અને હું આ બાબતને આવકારું છું. આપે જે સૂચનો કર્યા છે એનો હું સ્વીકાર કરું છું અને એમાંથી જે શક્ય બને તેટલા પ્રયત્નો કરીને આપણે સૌ સાથે મળીને રાજ્યની આરોગ્ય સુવિધાઓ સુધરે એ માટે મહેનત કરીશું. આખા રાજ્યની અંદર ૧૦૮નો Response time ફોન કર્યા પછી કેટલા સમયમાં ૧૦૮ વાન આવે છે અને આવ્યા પછી કેટલા સમયમાં હૉસ્પિટલ પહોંચાડે છે તેના આધારે નક્કી કરવામાં આવે છે. આ સમય ગ્રામ્ય વિસ્તારમાં સરેરાશ ૧૮.૫૬ મીનીટ અને શહેરી વિસ્તારમાં સરેરાશ ૧૦.૨ મીનીટ છે એટલે કે સરેરાશ ૧૬.૨ મીનીટની અંદર ૧૦૮ વાન દર્દીને હોસ્પિટલ પહોંચાડે છે. વર્ષ ૨૦૧૭–૧૮ના બજેટની અંદર અમે વધારાની ૭૦ જેટલી એમ્બ્યુલન્સની જોગવાઇ કરી છે. મને લાગે છે કે, વિધાનસભાના તમામ સભ્યો આ બાબતમાં સંમત થશે અને રાજ્ય સરકારના આ કામની અંદર આપ પણ સહયોગ આપશો તેવી વિનંતી કરું છું. પી.એ.સી. અને સી.એ.સી. સેન્ટરોની વાત કરું તો ઘણા બધા સૂચનો આપ્યા છે. ૯૧૫૬ જેટલા પેટા સેન્ટરો છે. ૧૩૮૩ જેટલી પી.એ.સી. છે. શહેરોની અંદર ૩૦૫ જેટલા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૬૪ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે. ૩૫ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો, ૨૨ જેટલી જિલ્લા હોસ્પિટલો છે. આમ જોઇએ તો આયુર્વેદિક, હોમિયોપેથી મળીને ઘણી બધી હોસ્પિટલો આવેલી છે. રાજ્યની અંદર ઓ.પી.ડી.નો આંકડો જોતાં સરકારી હોસ્પિટલોની અંદર દર્દીઓ ઓછા જાય છે. અથવા તો નથી મળતા આવી વાત અહીં કહેવામાં આવી તો હું આ વર્ષના ફીગર આપું એના ઉપરથી અંદાજ આવશે. ૪૫૪ લાખ દર્દીઓએ સારવાર આ વર્ષે સરકારી હોસ્પિટલમાં લીધી છે. ૬૦.૫૩ લાખ દર્દીઓ ઇન્ડોર તરીકે દાખલ થયા અને સારવાર લીધી છે. મેજર ઓપરેશનો ૨.૪૬ લાખ, જેની સર્જરી ત્યાં આગળ થઇ હોય, માઇનોર ઓપરેશન ૫.૭૦ લાખ, એટલે કેટલો મોટો ફીગર છે એના ઉપરથી અંદાજ આવી શકે છે. લેબટેસ્ટ જે થયા હોય ૪૧૪.૪૫ ટકા થયા છે.

ડોક્ટરો વિશે પણ અહીંયાં વાત થઇ, શહેરી વિસ્તારના કેટલાક ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી, મારા પક્ષમાંથી પણ રજૂઆત થઇ, વિપક્ષમાંથી પણ રજૂઆત થઇ કે, ગ્રામ્ય વિસ્તારમાં ઘણી બધી વ્યવસ્થાઓ કરી છે, હવે શહેરી વિસ્તારમાં પણ મોટી હોસ્પિટલ છે, નીચેનું સેન્ટર છે પણ વચ્ચેની કોઇ વ્યવસ્થા થવી જોઇએ તો આ વખતે અમે શહેરી વિસ્તારની અંદર પણ સીએચસી કક્ષાના નવા સેન્ટરો મંજૂર કરવા માટેનો અમે નિર્ણય કર્યો છે. શહેરી વિસ્તારમાં પણ જે પ્રમાણે અહીં આગળથી અમે સીંગરવાથી શરૂઆત કરવામાં માનનીય પ્રદિપસિંહજીના ત્યાંથી એક પ્રયત્ન કર્યો અને એના ખૂબ સારા પરિણામ મળ્યા પછી એવું લાગે છે કે, સુરત હોય, અમદાવાદ હોય કે મહાનગરો જે જે છે, રાજકોટ હોય, વડોદરા હોય કે બાકીના જે શહેરો ભાવનગર હોય, જામનગર કે જૂનાગઢ હોય, જયાં જયાં આવી જરૂરિયાત છે ત્યાં શહેરોની અંદર પણ પીએચસીથી અને સિવિલ હોય એની વચ્ચેના જે સેન્ટર છે એ ૨૬ કરતાં વધારે સેન્ટરો મંજૂર કરવાનો પણ આપણે નિર્ણય કરી રહ્યા છીએ. જેના કારણે બધો લોડ સિવિલ ઉપર ના આવે, બધો લોડ કોર્પોરેશનની હોસ્પિટલો પર ના આવે એટલે માનનીય ગ્યાસુદ્દીનભાઇ આ સરકારી વ્યવસ્થાના માધ્યમથી થશે એટલે તમારી જે લાગણી છે એ પણ આની અંદર સંતોષાશે. અમારા સભ્યશ્રી ભૂષણભાઇએ પણ એના માટે ખાસ કરીને આગ્રહ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી તબીબીની સીટો વધે એ માટે પણ આપણી જોગવાઇ છે. માનનીય ડોક્ટર સાહેબે એક વાત કરી હતી કે ખાનગી મેડિકલ કોલેજો વધી છે. તો ખાનગી મેડિકલ કોલેજો વધી એવું નથી, માત્ર બે ખાનગી કોલેજો, બાકીની જે કોઇ વધી છે એ સરકારી કે અર્ધ સરકારી આપણે વ્યવસ્થા કરી કે કોર્પોરેશને કરી હોય અથવા તો આપણી જે સોસાયટી છે એના અંતર્ગત કરવામાં આવી. ટોટલ સીટો જે આપણી વધી છે એ જે ૧૧૦૦ હતી એની જગ્યાએ ૩૫૦૦ સુધી આપણે પહોંચ્યા હોય તો સરકારના માધ્યમથી જે સરકારી ફીસ એના અંતર્ગત સીટો વધવામાં આવી છે. એક વાઘોડિયાના કારણે આખા ગુજરાતમાં એવું થઇ ગયું છે એવું ના કહીએ. ગુજરાતમાં ઘણુ બધુ સારું થયું છે અને વાઘોડિયા જેવા જે લોકો ખરાબ કરતા હતા એના માટે મેં અગાઉ પણ જવાબ આપ્યો હતો. અત્યારે સખતમાં સખત કાર્યવાહી કરવા માટેની જોગવાઇ પોલીસ તંત્ર દ્વારા બાકી પણ વ્યવસ્થા એના માધ્યમથી આપણે કરવા જઇ રહ્યા છીએ. પી.જી.ની સીટોની અંદર પણ આ વખતે રેકોર્ડબ્રેક મંજૂરી, અગાઉ નહોતી મળતી મંજૂરી પણ આ વખતે રેકોર્ડ બ્રેક મંજૂરી મળવાની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાની અંદર બે દિવસ પહેલાં પ્રશ્નોની અંદર ચર્ચા કરી અને ચર્ચાના માધ્યમથી એવું લાગ્યું કે, ડીમ્ડ યુનિવર્સિટી આની અંદર પ્રવેશ માટેની જે પ્રક્રિયા હતી એનું અલગ હતું. ભારત સરકારની સંવેદના જોઇએ કે, આપણે વિધાનસભાની અંદર બે દિવસ પહેલાં જ ચર્ચા કરી અને અત્યારે ત્યાંથી પત્ર આરોગ્ય વિભાગે મોકલ્યો અને કોમન

કાઉન્સીલીંગ અંતર્ગત ડીમ્ડ યુનિવર્સિટીનો પણ પ્રવેશ થશે તેનો નિર્ણય પણ ભારત સરકારે કરીને પત્ર આપણા વિભાગને મોકલી આપ્યો છે તો હું માનું છું કે ઐતિહાસિક કામ જે વર્ષો સુધી એક ઇન્સ્ટીટ્યુટ ગુજરાતના વિદ્યાર્થીઓને જે લૂંટતું હતું, ગુજરાત સરકાર એની અંદર કંઇ કરી શકતી ન હતી અને ભારત સરકારમાંથી આ પ્રમાણેની મંજૂરી મળતી ન હતી, મોદી સાહેબ, ત્યાં બેઠા અને એની વ્યવસ્થા મળી ગઇ. મેડિકલ કાઉન્સીલની અંદર પણ એની સૂચના હતી. મેડિકલ કાઉન્સીલે પણ પત્ર ત્યાંથી એના બોર્ડની અંદર ઠરાવ કરીને મોકલી આપ્યો છે. હું માનું છું કે ગુજરાતની પ્રજાને, ગુજરાતના વિધાનસભાને ભારત સરકાર કેટલું મહત્વ આપે છે એ પણ આના કારણે જોઇ શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સંવેદનશીલ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અનેક બાબતોની અંદર નવી પહેલ કરી છે તેની અંદર બાળક જન્મ્યુ હોય તો એની કોઇ બીમારી હોય, એ બીમારીનું તાત્કાલિક ડિટેકટ કરી શકાય તે માટે ની વ્યવસ્થા અટલસ્નેહ યોજના અંતર્ગત કરવામાં આવી છે. આખા રાજયભરની અંદરથી કોઇપણ બાળક જન્મે અને એને કોઇપણ મુશ્કેલી હોય તો એને તાત્કાલિક સારવાર મળી જાય, ખાનગીની અંદર બાળક જન્મ્યુ હોય કે કોઇપણ હોસ્પિટલમાં પરંતુ ત્યાં આગળ એની તાત્કાલિક ડીટેકટ થાય અને એની સારવાર સુધીની વ્યવસ્થા કરવાનું અટલ સ્નેહ યોજના અંતર્ગત રાજય સરકારે આ વખતે નિર્ણય કર્યો છે.

મેડીકલ કોલેજોની અત્યારની જે સ્થિતિ છે એમાં નવી હેલ્થ પોલિસી અંતર્ગત રાજયમાં આજે જે મેડીકલની સીટો છે એમાં અનેકગણો વધારો કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપીને હેલ્થ પોલિસી અંતર્ગત મેડીકલ કોલેજોનો વધારો થાય, ગ્રીન ફિલ્ડ બ્રાઉન ફિલ્ડ આ બધી મેડીકલ કોલેજો અને ખાસ કરીને ટ્રાયબલ અને એવા એરિયા ખાસ કરીને તાપી, બનાસકાંઠા, અમરેલી, ભરૂચ, દાહોદ અને પંચમહાલ જિલ્લાની અંદર બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજો ઉભી કરવાનો નિર્ણય કર્યો છે અને રાજયભરની અંદર કોઇ મેડીકલ કોલેજ કરે તો પહેલા રાજય સરકારને ૪૦૦-૫૦૦ કરોડનો ખર્ચ કરવો પડતો હતો. હવે રાજય સરકારે નવી પોલિસી અંતર્ગત પ્રાઇવેટ લોકોને પણ આવકારીને કહ્યું છે કે તમે ગુજરાતના નિયમો અંતર્ગત જો મેડીકલ કોલેજ કરશો તો એક વિદ્યાર્થીએ ૧૫ લાખ જેટલી રકમ આપવાની પણ આમાં જોગવાઇ કરી છે. હું સમજુ છું કે પોલિસી અંતર્ગત ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અને નવી સીટો વધશે અને ગુજરાતમાં આરોગ્યની વ્યવસ્થા પણ થઇ શકશે. એક સર્વાઇકલ કેન્સર અને ખાસ કરીને સ્તન કેન્સર થતું હોય છે તે અને બીજું ગર્ભાશયના મુખનું કેન્સર આ બંને કેન્સરનો સર્વેલન્સ કરાવીને રાજય આખામાં બહેનોને મોતના મુખમાં જતી બચાવવા માટે એક મોટુ અભિયાન અમે હાથ ઉપર લીધું અને ગામ ગામ સુધી પહોંચીને આનુ સ્કેનીંગ કરાવ્યું અને અનેક બહેનોને મોતના મુખમા જતાં બચાવી શકયા છીએ. પહેલા સ્ટેજની અંદર કેન્સર હોય તો એની સારવાર આપીને અનેક બહેનોને બચાવવાનું કામ કર્યુ છે. એ હોસ્પિટલ સુધી જાતજ નહિ એને કંઇ લાગે જ નહિ પણ નાના ચિહ્નો દેખાયા એને સારવાર આપી અને ખૂબ મોટુ કામ કરવામાં આવ્યું છે. આવા શંકાસ્પદ કેસો ૧.૧૨ લાખ મળ્યા એટલી બહેનોનું ચેકીંગ કરીને બચાવવા માટેનું કામ કર્યુ છે. એ જ રીતે ડાયાબિટીશ નામની બિમારી પહેલા રાજરોગ કહેતા હવે માત્ર રાજ રોગ નથી રહ્યો, સામાન્ય માણસ સુધી પહોંચી ગયો અને એ બિમારીમાંથી બચાવવા માટે અમે એક મોટુ અભિયાન કર્યું. ગામડે ગામડે પી.એચ.સી., સી.એચ.સી., પેટા સેન્ટર સુધી પહોંચ્યા અને મોટા પ્રમાણમાં સ્કેનીંગ કર્યું. દસ હજારથી વધુ જાહેર સંસ્થાઓની અંદર અમે કર્યું. ૮૦ લાખ જેટલી વ્યકિતઓનું ચેકીંગ કર્યું અને એના બ્લડ ટેસ્ટ લેવાયા અને જેના કારણે ઘણા બધા લોકોને જેને ખબર જ નહોતી કે ડાયાબિટીસ છે એવા લોકોને પણ ડાયાબિટીસની દવા આપવાની તથા સારવાર આપવાની વ્યવસ્થા કરાવડાવી.

રાજય સરકારે ઘણા બધા સારા જે પગલાં લીધા છે એમાંનુ એક પગલું દવા માટેનું છે. જેનરિક સ્ટોર માટેનું છે. સસ્તી દવા મળી રહે જે દવા બજારમાં ૨૨૫ રૂપિયાની મળે એ જેનરિક સ્ટોરમાં ૧૬ રૂપિયાની મળે છે. જે દવા હૃદયરોગ માટે લાબેટાલોલ ૨૮૧ રૂપિયાની મળે છે એ ૫૦.૪૦ રૂપિયામાં મળે છે. એવી જ રીતે ૯૦-૯૨ અને ૯૪ જેટલી સસ્તી દવા જેનરિક સ્ટોરની અંદર મળે અને એ માટે અમે ૫૦૦ જેટલા નવા મેડીકલ સ્ટોર ચાલુ કરવાનું દેશની અંદર પ્રથમ વખત આ રાજય સરકારે કર્યું છે. અનેક સરકારી યોજનાઓ હજી પણ એક કલાક સુધી કહી શકાય તેવું છે પરંતુ સમયની મર્યાદાઓ હું સમજુ છું એટલે છેલ્લે એક વાત કરીશ કે મેલેરીયા મુકત રાજય કરવા માટે આ વખતે એક નવું આયામ લીધું છે. મચ્છર જન્ય જે રોગો છે એને બંધ કરવા માટે ૨૦૨૨ સુધીમાં ગુજરાત મેલેરીયા મુકત બને એ માટે મહત્વકાંક્ષી ડેવલપ કન્ટ્રીઓમાં છે પણ અહીંયા આપણે ત્યાં કરવુ થોડું અઘરુ રહેતું હોય છે પરંતુ આ નવો લક્ષ્યાંક કર્યો છે જેમાં આ વિધાનસભાના તમામ સભ્યશ્રીઓ સહયોગ આપશે તો લોકજાગૃતિ અને રાજય સરકારના માધ્યમથી મચ્છર વાહક રોગ છે એને કન્ટ્રોલ કરવા માટેની જોગવાઇ કરવી છે અને એના માટે જેમ ૧૦૮ની સુવિધા છે એ પ્રમાણે ફીવર હેલ્પ લાઇન ૧૦૪ની કરવા પણ રાજય સરકાર આવનારા સમયમાં જઇ રહી છે જેના કારણે તાત્કાલિક ખબર પડશે કે જો બિમાર પડ્યા હોય તો તાત્કાલિક સારવારની વ્યવસ્થા થઇ શકે. કીડની કેન્સર, હૃદય રોગ માટે પણ ઘણું બધું કામ કર્યુ છે. મોટા ભાગના સભ્યશ્રીઓએ આમાં પોઝિટીવ જ બાબતો કરી છે. જે કંઇ ખૂટતું હોય ડોકટરોની અંદર પણ અમે ૯૦ ટકા જેટલી જગ્યાઓ પી.એચ.સી.માં ભરી દીધી છે. હમણાં જી.પી.એસ.સી.માંથી નવી જગ્યાઓ આવી છે એના લીધે પી.એચ.સી.માં લગભગ ૯૯ ટકા જગ્યાઓ ભરી દેવામાં આવશે. અને ટ્રાઇબલ એરિયા કે ખાસ કરીને રીમોટ એરિયા હોય ત્યાં જરૂર પડે તો પગાર વધારે આપીને પણ ડોક્ટરો ત્યાં જાય ત્યાં સુધીની વ્યવસ્થા કરવા જઇ રહ્યા છીએ. સભાગૃહના તમામ સભ્યશ્રીઓને આરોગ્ય વિભાગની માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવા મારી વિનંતી છે. શ્રી <#Mi /જયેશકુમાર વિ.રાદડીયા/Mi #> (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની

બાબતોનો વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંક–૨૨ અને ૨૩ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું અને તેમાં મારા પક્ષના સભ્યશ્રીઓ અને વિપક્ષના સભ્યશ્રીઓએ તેમની વાત રજૂ કરી. તમામ સભ્શ્રીઓનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની વાત છે. આ રાજય સરકારનો એક એવો વિભાગ કે જે છેવાડાના માનવીની ચિંતા કરી રહ્યો છે. આ રાજયના ગરીબ પરિવારો સુધી અન્ન પહોંચાડવા માટે રાજય સરકારે આખી એક પ્રક્રિયા કરી છે. તેના ભાગ રૂપે આ માગણીઓ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું. આ સરકાર ગરીબોની બેલી રહી છે. અન્ન અને પુરવઠા વિભાગે ગુજરાત રાજ્યની પ્રજાને ખાસ કરીને દરિદ્રનારાયણને ધ્યાનમાં રાખીને બજેટની જોગવાઇ કરી છે. વર્ષ ૧૯૮૯–૯૦ થી વર્ષ ૨૦૦૧–૦૨ સુધી આ વિભાગનું બજેટ ૯૪૭ કરોડ રૂપિયા હતું અને વર્ષ ૨૦૦૧–૦૨થી વર્ષ ૨૦૧૬–૧૭ આ બજેટ ૫,૬૯૪ કરોડ થયું છે. જેની સામે આવનારા વર્ષ ૨૦૧૭–૧૮ માટે ૧૦૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠાને કાયદા કાનૂન આધારિત નિયમન કરવાનું, કાયદો તોડીને કાળાબજાર કરી ગ્રાહકોને છેતરનાર કાળાબજારીયાઓને ઝબ્બે કરી અટકાયત કરવાનું અને કડકમાં કડક શિક્ષા કરવાનું કામ આ વિભાગ કરી રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના ગરીબ, અંત્યોદય અને છેવાડાના માનવીના ઘરમાં ચૂલો પ્રગટે તેની ચિંતા કરી છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીના માનવ એકાત્મવાદના સિદ્ધાંત આધારિત એકે ય દરિદ્રનારાયણ ભૂખ્યો ન રહે અને સૌને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર ચિંતા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો. ૧લી એપ્રિલ–૨૦૧૬થી આ કાયદાની આપણાં રાજયમાં અમલવારી કરી અને આ કાયદા અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની ૭૫ ટકા અને શહેરી વિસ્તારની ૫૦ ટકા વસતિ એટલે કે ગ્રામ્ય વિસ્તારના ૨૫૮.૭૮ લાખ અને શહેરી વિસ્તારના ૧૨૪.૦૬ લાખ એમ કુલ ૩ કરોડ ૮૨ લાખની આ રાજયની વસતિને આ કાયદામાં આવરી લેવાનું આયોજન હતું. રાજય સરકારે તા. ૨૨–૭–૧૪ના ઠરાવથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો અગ્રતા ધરાવતા કુટુંબો માટે ધોરણો નક્કી કરીને તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ૬૩.૪૯ લાખ કુટંબ અને ૩.૨૬ કરોડની જનસંખ્યાને આવરી લીધેલ. જેમાં કુલ ૮,૦૯,૦૦૦ અંત્યોદય કાર્ડ અને ૪૨.૭૨ લાખ કુટુંબોનો આ કાયદા અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે. જેમ ધારાસભ્યશ્રીએ વાત કરી કે આ કાયદો જયારે અમલમાં આવ્યો ત્યારે જનસંખ્યામાં ઓછો સમાવેશ થયો હતો. મારે ગૌરવ સાથે કહેવું પડે કે સમગ્ર રાજયમાં ૩ કરોડ ૮૨ લાખ જે જનસંખ્યાનો ટાર્ગેટ હતો એ આજે હું માહિતી આપી રહ્યો છું ત્યારે ૩ કરોડ ૮૨ લાખ જનસંખ્યા પૂરી કરવામાં સફળતા મેળવી છે. જયાં પણ એવી મુશ્કેલી પડી હોય ત્યાં તાલુકા લેવલે તેની સમિતિ બનાવીને મામલતદાર તેના અધ્યક્ષ છે. નગરપાલિકા વિસ્તાર હોય તો નગરપાલિકામાં પણ મામલતદારશ્રી સમિતિના અધ્યક્ષ છે એટલે ત્યાં તેની અરજી દાખલ થાય અને તેની તપાસણી કરી અને જે આ યોજનામાં સમાવેશ થતો હોય તેમનો સમાવેશ કરવામાં આવે છે. એ સિવાયની અરજી જયારે નામંજૂર થઇ હોય ત્યારે જિલ્લા લેવલે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે. અને એમાં પણ એની ચકાસણી થાય છે ત્યારે આ કાયદો અમલમાં થતા અગ્રતા ધરાવતા પરિવારોને રૂ.૨/– કિલો ઘઉં અને રૂ.૩/– કિલો ચોખા આપવાની આ યોજનામાં જોગવાઇ હતી એ મુજબ એને અનાજ પૂરું પાડી રહ્યા છીએ. મા અન્નપૂર્ણા યોજનાના અનાજની ફાળવણીમાં ઘણા વિસ્તારોમાંથી એવી રજૂઆત આવી હતી કે અમારા ચોખાના જથ્થાને ડબલ કરો. ઘઉં કરતાં ચોખાનો જથ્થો વધતા મારે ગૌરવપૂર્વક કહેવું જોઇએ કે અમારા પુરવઠા વિભાગે કેન્દ્રમાં રજૂઆત કરી અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતની જે જરૂરિયાત હતી એવા ચોખાનો જથ્થો ડબલ કરીને વાર્ષિક રૂ.૪૦૦/– કરોડ કે જે કેન્દ્ર સરકાર સબસિડીરૂપે ચૂકવશે અને ગુજરાતને રૂ.૪૦૦/– કરોડની વધારાની સબસિડીરૂપે ચોખાનો જથ્થો ડબલ કર્યો છે. આ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ બીપીએલના પરિવારોને માસિક જે ૩૫ કિલો અનાજના રૂ.૧૭૩/– ચૂકવવા પડતા હતા. આ કાયદાની જોગવાઇથી અત્યારે માસિક રૂ.૮૦/– ચૂકવવાના થાય છે અને એક પરિવારને રૂ. ૯૨/–નો આ કાયદા હેઠળ સીધો ફાયદો થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી આ વિભાગની અન્ન બ્રહ્મ યોજના છે. આ રાજયની અંદર કોઇપણ વ્યક્તિનું ભૂખમરાથી મૃત્યુ ન થાય. એવો પરિવાર હોય કે એવા વ્યક્તિ હોય કે જેને પોતાનું ઘર ન હોય, તે રસ્તા ઉપર રહેતા હોય કે ગમે ત્યાં સૂઇ જતા હોય, એમનું કાયમી રહેઠાણ ન હોય એમના માટે મામલતદારશ્રીને પાવર આપીને અન્ન બ્રહ્મ યોજના હેઠળ દસ કિલો અનાજ આપવાની જોગવાઇ છે અને રાજય સરકાર એનો પૂરેપૂરો ખર્ચ ઉઠાવી રહી છે. એટલે આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપના વિસ્તારની અંદર આવા વ્યક્તિઓ હોય તો મામલતદારશ્રીને એની સત્તા આપેલી છે એટલે એમને જાણ કરવામાં આવે અને વધારાના છ મહિના સુધી દસ કિલોગ્રામ ઘઉં તેમને આપવાની આ યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે. મા અન્નપૂર્ણા યોજના– ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધો કે જે રાષ્ટ્રીય નિરાધાર યોજનાની પેન્શન યોજના હેઠળ, રાજયની પેન્શન યોજનામાં જે પેન્શન મેળવવા પાત્ર હોય પરંતુ પેન્શન મેળવતા ન હોય એવા લોકો માટે નવેમ્બર ૨૦૦૧થી આ યોજના શરૂ કરવામાં આવી છે અને એના લાભાર્થીને દસ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે. જયારે આવડી મોટી યોજના હોય અને એનો લાભ સમગ્ર રાજયની અંદર આપતા હોય ત્યારે સ્વાભાવિક રીતે અનાજ સંગ્રહ કરવાની રાજયની અંદર પરિસ્થિતિ ન હોય. વર્ષ ૨૦૦૧ની સ્થિતિએ નિગમ પાસે કુલ ૨૪૮ ગોડાઉનો અને ૨૨૩૨૨૦ મેટ્રીક ટનની સંગ્રહ ક્ષમતા હતી. જયારે જિલ્લાઓ અને તાલુકાઓના વિભાજન થયા ત્યારે ચાલુ વર્ષે ૨૦૧૭–૧૮ના બજેટમાં

રૂ.૧૧૬/– કરોડની જોગવાઇ કરી અને દરેક નવરચિત તાલુકા મથકે પણ એનું ગોડાઉન પોતાનું રહે એ માટે આયોજન કરી અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલની તા.૧–૩–૨૦૦૦ની સ્થિતિએ કુલ સંગ્રહ શક્તિ ૩૩૬૪૩૦ મેટ્રીક ટન અને ૫૬૨ ગોડાઉનો આપણી પાસે ઉપલબ્ધ છે. આવનાર દિવસોમાં નવા જે જિલ્લા અને તાલુકા છે એનો સમાવેશ કરીને ૪૨ નવરચિત તાલુકાઓની અંદર ગોડાઉનના બાંધકામનું કાર્ય આગામી બે વર્ષની અંદર પૂર્ણ થશે. આ તમામ જિલ્લા અને તાલુકામાં અનાજ સંગ્રહની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા એક વર્ષમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ૧.૧૪ લાખ મેટ્રીક ટન સંગ્રહ શક્તિ વધારવાનું આયોજન છે અને આવનારા બે વર્ષની અંદર ૫.૦૮ લાખ મેટ્રીક ટનનું આયોજન પણ આ વિભાગે હાથ ઉપર લીધું છે. મારા વિભાગે મહેસૂલ વિભાગ સાથે સતત પરામર્શ કરીને ગોડાઉનના બાંધકામની જમીનની વ્યવસ્થા ઉભી થાય તે માટે જમીન મહેસૂલના વહીવટી હુકમો મેળવી જમીન ફાળવણીના હુકમ કલેક્ટર કક્ષાએથી થાય અને ત્યાંથી ગોડાઉનના બાંધકામમાં ઝડપ લાવી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીથી વહીવટ પારદર્શકતા આગળ ધપાવવા માટે ૨૦૧૭–૧૮માં ચાલુ વર્ષે નિગમના જે ગોડાઉન છે ત્યાં સીસીટીવી કેમેરા માટેનો પાઇલોટ પ્રોજેક્ટ ગણીને તેના ખર્ચ માટે રૂ.૬.૩૯ કરોડની નવી જોગવાઇ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વહીવટ અને પ્રજાકીય કામોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા માટે માર્ગદર્શન આપવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. એફસીઆઇથી નિગમના ગોડાઉન સુધી જ્યારે માલ જતો હોય એને લઇ જનાર તમામ વાહનો ઉપર જીપીએસ લગાવવામાં આવ્યા છે. ગોડાઉનના માલના જથ્થાની વિગતો ઓનલાઇન કરવામાં આવી છે અને દુકાનદારો તેમને મળનાર જથ્થાની કિંમતો ઓનલાઇન ભરે છે. સાથે નિગમના ગોડાઉનથી જયારે ડોરસ્ટેપ ડીલીવરીની યોજના વર્ષ ૨૦૧૨થી અમલમાં મૂકી. માનનીય જોષીયારાજી કહેતા હતા કે ડોરસ્ટેપ ડીલીવરીમાં G P S સાથેનું કનેકશન અને એનું ડાયવર્ઝન વધ્યું નથી ઉલટાનું આપણે એને ઘટાડી શકયા છીએ એટલે F C I થી નિગમના ગોડાઉન અને નિગમના ગોડાઉનથી ડોરસ્ટેપ ડીલીવરી કરી અને દુકાન મથક સુધી અનાજ પહોંચે એનું આખું વ્યવસ્થિત રીતે આયોજન કરી અને ડોરસ્ટેપ ડીલીવરીની યોજના પણ અમલમાં મૂકી છે. સીસીટીવી કેમેરા ગોડાઉનથી લગાવી અને G P S સિસ્ટમ દાખલ કરી એટલે અનાજનું કયાંય ડાયવર્ઝન ન થાય અને ગરીબ પરિવાર સુધી અનાજ પહોંચાડવા માટે આ રાજય સરકારની કટિબદ્ધતા છે અને એ દિશામાં આગળ વધી રહ્યા છીએ એટલે લગભગ એમાં કયાંય મુશ્કેલી કે ફરિયાદ આવી નથી. જે નવા ટેન્ડર આપ્યા એમાં પણ આ કાયદા હેઠળ G P S ની ફરજીયાત અમલવારી મૂકી છે એટલે તમે જે ચિંતા કરતા હતા એ આ કાયદાની અંદર આવરી લીધેલ છે. વ્યાજબી ભાવની દુકાનો કે જયાંથી સમગ્ર રાજયની અંદર અનાજનું વિતરણ થઇ રહ્યું છે ત્યારે ગ્રામ્ય વિસ્તાર માટે ૩૦૦૦ની વસ્તી અને ખાસ કિસ્સામાં ૨૭૦૦ની વસ્તીએ દુકાનો આપી દે છે. શહેરી વિસ્તારોમાં ૭૫૦૦ની વસ્તીએ અને ત્રણ કિલોમીટરથી ઓછા અંતરે ગામ હોય તો એને નજીકની દુકાન સાથે જોડી અને અત્યારે ડિસેમ્બર ૨૦૧૬ની સ્થિતિએ રાજયમાં કુલ ૧૭,૦૩૮ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે અને આ દુકાનોને પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર તરીકે આને આપણે ઓળખીએ છીએ. એમાં કેટેગરીવાઇઝ સહકારી મંડળી સંચાલિત હોય, સ્વસહાય જૂથ હોય, વ્યકિતગત, ખાનગી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, દિવ્યાંગો માટે, બિન અનામત માટે અને શહેરી ગ્રામિણ વિસ્તારમાં આખા રાજયની અંદર ૧૭હજાર આવી દુકાનો ચાલે છે એના ભાગરૂપે કામગીરી સમગ્ર રાજયમાં થઇ છે. સભ્યશ્રીએ જે વાત કરી કે આ દુકાનોનું આધુનિકીકરણ થાય અને એક લાખ રૂપિયા સુધીની લોન અને એનું ચાર ટકા વ્યાજ પણ રાજય સરકાર ભોગવે. દુકાનમાં કોમ્પ્યુટર આવે અને સારી દુકાન બને એટલા માટે રાજય સરકારે આ વર્ષે બજેટમાં એક કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરેલી છે. માનનીય સભ્યશ્રી સર્વર ડાઉનના પ્રશ્નની ચિંતા કરતા હતા. અગાઉના સમયમાં બે સર્વરો કાર્યરત હતા. આજે જયારે માહિતી આપી રહ્યો છું ત્યારે વધારાના છ સર્વરનો ઉમેરો કરી અને આઠ સર્વરો કામ કરી રહ્યા છે ત્યારે કયાંય ગ્રામ્ય વિસ્તાર હોય, અંતરિયાળ વિસ્તાર હોય એને કયાંય પ્રશ્ન ન આવે અને નવી જે સિસ્ટમ દાખલ થઇ છે કેસલેસ, A E P S એમાં આખી ઓન લાઇન પદ્ધતિથી આવી દુકાનોમાં છેવાડાના ગામ સુધી કાર્યરત હોય એટલે એમને મુશ્કેલી ન પડે એટલા માટે વધારાના છ સર્વરનો ઉમેરો કરી અને એ કામ આપણે કરી રહ્યા છીએ. આ રાજયની અંદર દુકાનમાં A E P S સિસ્ટમ દાખલ કરવામાં ગુજરાત પ્રથમ રાજય છે અને કેન્દ્રીય મંત્રીશ્રી રામવિલાસ પાસવાનજીએ પણ અભિનંદન આપી અને સમગ્ર ભારત દેશની અંદર દરેક રાજયોને જે માર્ચ–૩૧ સુધીનો ટાર્ગેટ હતો એ આપણે આ વિભાગની કામગીરીથી બે મહિના વહેલો આપણે પૂર્ણ કરી શકયા છીએ. સમગ્ર રાજયમાં કોઇ અપવાદને બાદ કરતા સમગ્ર દુકાનો A E P S સાથે કનેકટ કરી અને ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકોને ટીકિટથી લઇ અન્ય બુકીંગો માટેની પણ વ્યવસ્થા ગ્રામ્ય લેવલ સુધી મળે એ માટે પણ કામગીરી કરી છે અને આધાર કાર્ડ સાથે લીંકઅપ કરી, હું જણાવું છું ત્યારે સમગ્ર રાજયમાં ૯૪ ટકા ઉપરની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે અને આધાર સાથે લીંકઅપ કરી એનો આધાર નંબર દાખલ થાય એટલે એ વ્યકિતનું અનાજ બીજું કોઇ લઇ ન જાય એના માટે પણ આખી એક સિસ્ટમ બનાવીને કાર્ય કરી રહ્યા છીએ અને એની ઓનલાઇન જાણકારી થાય એ માટે વેબસાઇટ ઉપર સતત એનું માર્ગદર્શન મળતું રહે છે. જયારે આટલું બધું આયોજન થતું હોય અને એમાં તપાસણી કરવામાં પણ આ વિભાગે આખી એક કમિટી બનાવી અને દુકાનોની તપાસ કરવાની થતી હોય તો એમાં પણ તપાસો કરી અને પરવાના મોકૂફ રાખવાના, પરવાના રદ કરવાના, પોલિસ કેસ કરી અને જરૂર પડે તો P B Mના કેસ પણ આ રાજયના ગરીબ લોકોને અનાજ મળે એ માટે મારા વિભાગે કર્યા છે અને તપાસણી દરમિયાન ૧–૧–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આવા ખાદ્ય તેલ અને આવા ઉત્પાદકો હોય એની તપાસ કરી અને અનાજ લોકો સુધી પહોંચે એ માટેનું કામ કરી રહ્યા છે. એ સિવાયના રાજયમાં

પેટ્રોલ પંપ, ડીઝલ પંપ એની પણ સમયાંતરે ચકાસણી કરી ગેસ એજન્સીઓ હોય એની પણ તપાસણી કરી અને વ્યાજબી ભાવની દુકાનની તપાસણી કરી ખાદ્ય તેલ, તેલીબિયા, કઠોળ વગેરે માલ જે છે એ સપ્લાય કરે છે એની તપાસ કરી અને જરૂર પડે ત્યાં આકરામાં આકરા પગલા લીધા છે અને રાજયની અંદર કદાચ કોઇ કાળાબજાર કરતું હોય, કોઇ સંગ્રહખોરી કરતું હોય તો ગમે તેવા ચમરબંધીઓ હોય તો પણ આ રાજય સરકાર કોઇને છોડવા માગતી નથી. આ સરકાર ગરીબોની સરકાર છે અને ગરીબો સુધી અનાજ પહોંચે એવી સારી વ્યવસ્થા રાજ્યમાં ઉભી થાય એ માટે આ સરકાર કટિબદ્ધ રીતે આગળ વધી રહી છે. સ્ટેટ ફૂડ કમિશન, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ની કલમ ૧૮ હેઠળ રાજ્ય સરકારે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનને સ્ટેટ ફૂડ કમિશન તરીકે તા. ૨–૪–૨૦૧૬ના જાહેરનામાથી ડેઝિગ્નેટ કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ની કલમ ૧૬ હેઠળ સ્વાયત સ્ટેટ ફૂડ કમિશન રચવાની બાબત વિચારણા હેઠળ છે. આ હેતુસર વર્ષ ૨૦૧૭–૧૮માં રૂપિયા ૩.૨૯ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ પણ કરવામાં આવી છે. સ્ટેટ ફૂડ કમિશન કાયદાની જોગવાઇ હેઠળ અન્ન નાગરિક પુરવઠા વિભાગની લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા, મહિલા અને બાળ વિકાસ વિભાગની સગર્ભા ધાત્રી મહિલાઓને આંગણવાડી યોજના તેમજ શિક્ષણ વિભાગની મધ્યાહન ભોજન યોજનાની દેખરેખ અને મૂલ્યાંકન કરી શકે છે. આ યોજના અંગેની જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી સમક્ષ થયેલ ફરિયાદની અપીલ પણ સાંભળી શકે છે. આ સન્માનનીય સભાગૃહને જણાવું કે જ્યારે તહેવારો નિમિત્તે તુવેર દાળનું બજાર ઉંચું હતું અને અમારા સભ્યશ્રીઓએ પણ ઉલ્લેખ કર્યો હતો કે એવી મુશ્કેલી હતી ત્યારે સૌ પ્રથમવાર આ રાજ્ય સરકારે નિર્ણય કર્યો અને વર્ષ ૨૦૧૬–૧૭ની દિવાળીના તહેવારમાં ૮ લાખ અંત્યોદય પરિવાર અને ૨૭ લાખ બી.પી.એલ.ના પરિવારો એમ કુલ ૩૬ લાખ પરિવારોને રાહત ભાવે ૬૦ રૂપિયે કિલો તુવેર આપીને કુલ ૩૨૨૨૩.૬૩ મેટ્રીક ટન તુવેરદાળનું વિતરણ કરવામાં આવેલ છે. એમાં ૯ કરોડની સબસિડી રાજ્ય સરકારે ચૂકવી હતી અને રાજયની અંદર પ્રથમ વખત એવો નિર્ણય કર્યો હતો. એવી રીતે કપાસિયા તેલ, ખાદ્યતેલ માટે શ્રાવણ માસ દરમિયાન તહેવારો આવતા હોય ત્યારે અત્યાર સુધી પ્રતિ લિટર બે વખત વિતરણ કરતા હતા. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને અભિનંદન આપવા છે કે એમણે નિર્ણય કર્યો કે બે વખતના બદલે ચાર વખત શ્રાવણ મહિનો અને દિવાળી સુધીમાં આવા ૩૬ લાખ ગરીબ પરિવારોને કપાસિયા રિફાઇન્ડ તેલ મળે એ માટે રૂપિયા ૪૮ પ્રતિલિટરના ભાવે આપીને આ રાજ્ય સરકારે ૪૧.૩૮ કરોડની સબસિડી ચૂકવી અને આવા ગરીબ પરિવારોને ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજે આ સન્માનનીય સભાગૃહને ગૌરવ સાથે કહું છું કે, તુવેર અને કપાસિયાનું જે સમગ્ર રાજ્યમાં વિતરણ થયું એ ૩૬ લાખ પરિવાર સુધી આપણે વિતરણ કર્યું. પરંતુ આખા રાજ્યમાં આ ૩૬ લાખ કુટુંબોમાંથી એક પણ એવી ફરિયાદ મળી નથી કે એમને એક કિલો તુવેર ન મળી હોય કે ખાદ્યતેલ ન મળ્યું હોય. ૩૬ લાખ કુટુંબો સુધી આ તેલ અને તુવેર પહોંચાડવામાં અમને સફળતા મળી છે. એક નવી ટેકનોલોજીથી તુવેર દાળનું વિતરણ હોય, કપાસિયા તેલનું વિતરણ હોય કે અનાજનું વિતરણ કરવાનું હોય તો આધુનિક ટેકનોલોજીની મદદથી સરકાર છેવાડાના પરિવારો સુધી વિતરણ કરી રહી છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના. હમણાં વાત થતી હતી કે કેરોસીનની અંદર ઘટાડો આવ્યો છે. આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇનો સમગ્ર ગુજરાત વતી આભાર વ્યક્ત કરું છું. કારણ કે જે સારા પરિવારો હતા અને ગેસની જે સબસિડી આવતી હતી. એક વડાપ્રધાનશ્રીની અપીલમાં આખો દેશ એ સબસિડી જતી કરે અને એ સબસિડી એક ગરીબ પરિવારની મહિલાઓને, અંત્યોદય અને ગરીબ પરિવારોને મફતમાં ગેસ કનેકશન આપવાની વાત હોય ત્યારે કુલ ૮ લાખ ૧૪ હજાર પરિવારને કનેકશનો આપી શક્યા છીએ. ભારત સરકાર તરફથી જે કેરોસીનની ફાળવણી થતી એવા એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય પરિવારો હોય કે જેમને ગેસ કનેકશન નથી તે તમામને કેરોસીન આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. આ ઉજ્જવલા યોજના અંતર્ગત જે કાંઇ ગેસ સિલિન્ડરો નવા આવ્યા ત્યારે આ રાજ્યની અંદર કુલ ૧ કરોડ ૨૦ લાખ કુટુંબો એમાં એલ.પી.જી. જોડાણ ધરાવતા કુટુંબો ૭૬ લાખ પરિવારો અને પી.એન.જી. મારફત જે કુટુંબો ગેસ મેળવે છે એવા ૧૫.૯૩ લાખ એટલે સમગ્ર રાજ્યમાં એલ.પી.જી. અને પી.એન.જી. મારફત ગેસ મેળવે છે એવા ૯૨.૧૩ લાખ કુટુંબો છે. બાકી રહેતા ૨૮ લાખ કુટુંબો કે જેમને આપણે કેરોસીન આપી રહ્યા છીએ. અંત્યોદય અને બી.પી.એલ.ના જે પરિવારો છે, એમાં જે વ્યકિતદીઠ ૨–૪–૬ અને મહત્તમ ૮ લિટર સુધી વિતરણ કરતા કેરોસીનના ઘટાડામાં પણ આવા ૩૬ લાખ પરિવારોને આપણે એમાં ઓછું થવા દીધું નથી અને જે મુજબ કેરોસીનનું વિતરણ કરતા હતા એ મુજબ વિતરણ આપણે કરી રહ્યાં છીએ અને વધારાના ૨૮ લાખ ઉપરના પરિવારોને પણ કેરોસીન આપી રહ્યાં છીએ. એટલે એક સારો ઉદ્દેશ છે કે મહિલાઓને મફતમાં કનેકશન મળે અને ધૂમાડાની ઝંઝટમાંથી મુક્તિ મળે એટલે એમાં એક કાર્ય થઇ રહ્યું છે અને કેરોસીનનું પણ ડાયવર્ઝન અટકે એ માટે પણ રાજ્ય સરકારે પગલા લીધા છે અને એક ગૌરવ સાથે કહેવું પડે કે પાઇપ લાઇન મારફતે ગેસ સમગ્ર દેશની અંદર આપણો ૪૮% હિસ્સો ગુજરાત રાજ્યનો છે. એટલે સમગ્ર દેશમાં પાઇપ લાઇન મારફતે ગેસ મેળવવામાં ગુજરાત પ્રથમ નંબરે છે અને આજે જ્યારે અમારા વિભાગની માગણીઓ લઇને જ્યારે હું આવ્યો છું ત્યારે આજે ૧૫મી માર્ચ એટલે વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી થઇ રહી છે ત્યારે ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક દિનની સૌને શુભેચ્છાઓ પાઠવું છું અને આ ડિઝિટલ યુગની અંદર ગ્રાહકોના જે અધિકારો છે એમાં સલામતી, માહિતી મેળવવાનો, પસંદગીનો, ફરિયાદ કરવાનો, વળતર મેળવવાનો એમાં ગ્રાહકોનો સ્વતંત્ર અધિકાર છે અને ગ્રાહક તકરાર નિવારણ કમિશન અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૨.૩૧ કરોડની જોગવાઇ પણ કરી છે એટલે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જ્યારે હું માગણીઓ લઇને આવ્યો છું ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ગરીબોને અન્ન સલામતિ, ટેકનોલોજીનો મજબૂત આધાર આપી દરિદ્ર

નારાયણની સેવા કરવાનો, રોજી–રોટી, મકાન આપવાનો, સદભાવના પ્રસરાવવાનો અને અન્ય સુવિધાઓ આપવાનો સમગ્ર રાજ્યમાં જ્યારે આ યજ્ઞ ચાલુ કર્યો છે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી અને સંવેદનશીલ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કીધું છે કે,

''અન્ન વસ્ત્ર સંસ્કાર સુવિધા, સહજપણે અહીં સુલભ હશે,
લીલીછમ હશે ધરા અહીં, તારા ભર્યુ કોઇ નભ હશે.
એકતા, સમતા, મમતાને, અમો જતન કરી જાળવીશું
અમો અજવાળા પાથરીશું, ઘેર ઘેર અજવાળા પાથરીશું. ''

માનનીય અધ્યક્ષશ્રી, એક ગરીબો માટે જ્યારે અમારો વિભાગ કામ કરી રહ્યો છે ત્યારે સૌ સભ્યોને મારી વિનંતી છે કે આની કાપ દરખાસ્ત પરત ખેંચીને મારા વિભાગની માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી સૌ સભ્યશ્રીઓને અપિલ કરું છું, ધન્યવાદ.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે અમારા શામળાજી ખાતે સરકારી સી.એચ.સી. આવેલું છે અને જે પ્રાઇવેટ સંસ્થાને સંચાલન માટે આપેલ છે તે છેલ્લા ઘણા સમયથી એમાં દરેક સ્ટેજે પૈસા લેવાય છે અને આદિવાસી વિસ્તાર છે ત્યારે ખૂબ મોટી ફરિયાદ આવે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે પહેલા જે સંચાલન કરતા હતા એ જોષીભાઇ હવે છે નહિ અને બીજા માણસો જ્યારે આ સંચાલન કરી રહ્યાં છે ત્યારે સરકાર આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને આ જે હોસ્પિટલ છે એ પરત સરકાર હસ્તક લેવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઇ એની અંદર ત્રૂટીઓ હશે એ માનનીય ધારાસભ્યશ્રી બતાવશે તો તપાસ કરાવી ત્રૂટીઓનું નિવારણ કરવા માટેનો પ્રયત્ન કરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સામાન્ય રીતે કોઇ મૃત્યુ થાય ત્યારે પરિવારનો સભ્ય ગૂમાવ્યો હોય છે અને આખો પરિવાર તકલીફમાં હોય છે. ભૂતકાળમાં આપણે પરિપત્ર કરીને દરેક પી.એચ.સી., સી.એચ.સી. અને હોસ્પિટલોમાં એક બોર્ડ લગાવ્યા હતા કે શંકાસ્પદ કેસ સિવાય ૨૪ કલાક પોસ્ટ મોર્ટમ કરી અપાશે અને એક નંબર પણ આપેલો હતો કે કોઇને તકલીફ હોય તો આ નંબર પર જો ડૉક્ટર ના પાડે પોસ્ટ મોર્ટમ કરવાની, સિવાય કે પોઇઝનશ કે એવા કેઇસીસ કે જેમાં આંખોનો કલર જોવા માટે ડે–નાઇટ જરૂરી હોય છે. એ સિવાય ૨૪ કલાક અને પોસ્ટ મોર્ટમ રૂમ ના હોય તો ચારબાજુ ચાદર બાંધીને પણ પોસ્ટ મોર્ટમ કરી આપવું જેથી લાશ રઝળે નહિ અને કુટુંબના સભ્યો દફન વિધિ કે અગ્નિ સંસ્કાર એનો સમયસર કરી શકે આ માટેની વ્યવસ્થા કરી હતી. આ સંજોગોમાં અત્યારે એ અમલીકરણમાં કાંઇક ને કાંઇક જગ્યાએથી ફરિયાદો આવે છે તો જે ભૂતકાળમાં આપણે પરિસ્થિતિ કરી હતી એ જ રીતે દરેક હોસ્પિટલમાં ૨૪ કલાક ના કરે તો નમૂનારૂપે જે ડૉક્ટર જવાબદાર હોય. કારણ કે એના માટે કોઇ સ્પેશ્યલાઇઝ જરૂરી નથી તો એવા કિસ્સામાં ૨૪ કલાક પોસ્ટ મોર્ટમ થાય એ માટે આપણે કાંઇ વ્યવસ્થા આપણે કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં શંકાસ્પદ કેસ ના હોય અને પેનલવાળા ડૉક્ટરની જરૂર ના હોય ત્યાં કોઇની ફરિયાદ ના હોય અને આ ટાઇપનો કોઇ કેસ હોય, ઘણી વખત એક એવું પણ થતું હોય છે કે પહેલા તબક્કે આપણને પી.એમ.માટે લઇને આવ્યા હોય અને ત્યારે ખબર ના હોય અને પાછળથી ધ્યાનમાં આવે છે કે એપ્લીકેશન કરીને પછી પી.એમ. રાતના સમયે કર્યુ. આમાં તો આંખોનું પેલુ નહીં હોય, સિંગલથી કર્યું, પેનલથી ન કર્યું આના કારણે ડોકટરોને ક્યારેક મુશ્કેલીમાં મૂકાવવું પડતું હોય છે. બાકીના જનરલ કેસોની અંદર મને લાગે છે કે, રાત્રે પણ કરવામાં વાંધો નથી. જરૂર પડે તો એની સુચનાઓ પણ ખાસ કોઇ મુશ્કેલી ન હોય તો એની અંદર આપી શકીશું.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આરોગ્ય મંત્રીશ્રીને પૂછવું છે કે, ગુજરાતમાં સિકલસેલ એનીમિયાના લગભગ ત્રીસ હજાર જેટલા દર્દીઓ છે. એને થોડા થોડા સમયે બ્લડની જરૂર હોય છે અને ગરીબ માણસ બ્લડના પૈસા ખર્ચી નથી શકતા એના કારણે ઘણા મૃત્યુ પણ જોવા મળે છે. તો આરોગ્ય મંત્રીશ્રી બ્લડ બેન્કનું જે આ વખતે બજેટમાં આયોજન કર્યું છે તે આદિવાસી વિસ્તારમાં કરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ વખતે કહ્યું છે તે પ્રમાણે નવ જેટલી બ્લડ બેન્ક અને એકતાળીસ જેટલા બ્લડ સ્ટૉરેજ યુનિટ કાર્યરત કરવાનું, અમે ૧૩.૫૬ કરોડની જોગવાઇ પણ અમે આ વખતે કરી છે. આદિવાસી વિસ્તાર માટો વિશેષ કરીને જ્યાં સિકલ સેલની જ્યાં સમસ્યા છે ત્યાં સ્ટૉરેજ કે બ્લડ બેન્ક જ્યાં પણ જરૂર હશે તો નજીકમાં નજીક ત્યાં આગળ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા અમે કરીશું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે આરોગ્ય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે, બનાસકાંઠા જિલ્લામાં મેડિકલ કોલેજ કાર્યરત કેટલા સમયમાં કરવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતની માગણીઓ આજે જે છે અને ખાસ કરીને બજેટની અંદર એની જોગવાઇ પણ કરવામાં આવી છે. એટલે તાત્કાલિક આ વર્ષની અંદર જ એની માગણી અમે પ્રપોઝલ કરવાની પણ વ્યવસ્થા આપણે કરી લીધી છે. વર્ષોનું જે વડીલોનું સ્વપ્ન હતું મેડિકલ કોલેજનું એ આપણું બનાસકાંઠાનું મેડિકલ કોલેજનું અ આ વર્ષથી આપણે ચાલુ કરીશું. બહુ તાજેતરમાં આપણે કરીશું. મેડિકલ કોલેજ તો એક વ્યક્તિ અહીંયા બેસીને જેમ દવાખાનું

ચાલુ કરે એવું નથી હોતું. એના કારણે કાઉન્સીલની અંદર મંજૂરી માટેની વ્યવસ્થા હોય છે, બહુ મોટું બિલ્ડિંગ બનાવવાનું હોય છે, ઘણું બધું પણ કાર્યવાહીની એની પ્રક્રિયા આપણે ચાલુ કરી દીધી છે જોઇતાભાઇ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, રાજ્યમાં મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં સુપર સ્પેશ્યિલિસ્ટ તબીબોને વિઝિટીંગ તબીબ તરીકે એટલે કે, સી.એમ. સેતુથી લેવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સુપર સ્પેશ્યિલિટી હોસ્પિટલની વાત કરી અને મેડિકલ કોલેજ સંલગ્ન જે હોસ્પિટલ હોય તેની અંદર અત્યાર સુધીમાં મગજની બીમારી, ન્યૂરો સર્જરી હોય, ગેસ્ટ્રો સર્જનની વાત હોય, યુરોલોજીસ્ટની વાત હોય, નેફ્રોલોજીસ્ટની વાત હોય અથવા કાર્ડિયોલોજીસ્ટની વાત હોય તો અત્યાર સુધી નીચે સુધી હતી પણ આજે માનનીય સભ્યશ્રીએ વાત કરી છે, તો હું જાહેરાત પણ કરું છું કે, મેડિકલ સંલગ્ન કોલેજોમાં પણ જે સરકાર અને ચલાવે છે ત્યાં જરૂર પડે તો એવા સુપર સ્પેશ્યિલિસ્ટને સી.એમ.સેતુ અંતર્ગત લેવાની પણ વ્યવસ્થા અમે કરીશું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હમણાં એક દિવસ પ્રતિક ઉપવાસ ગુજરાત મેડિકલ કાઉન્સીલ અને ગુજરાતના બધા ડોકટરો અને મેડિકલ સ્ટુડન્ટોએ હડતાલ પાડી હતી કે જે એગ્ઝીટ એક્ઝામ લેવાની વાત છે, એમાં ખરેખર ઇન્ડિયન મેડિકલ કાઉન્સીલે ગાઇડ લાઇન પ્રમાણે જ અને ગુજરાત યુનિવર્સિટી એ જ પ્રમાણે એક્ઝામ લે છે. તો ફર્સ્ટ એમ.બી.બી.એસ., સેકન્ડ અને થર્ડ છોકરાઓ જ્યારે આટલી બધી મહેનત કરતા હોય અને સારી રીતે એક્ઝામ લેવાતી હોય છે તો પછી એગ્ઝીટ એક્ઝામ ન લેવાય એના માટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારને ઠરાવ કરી અને ના પાડવાની ભલામણ કરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરી એમાં ઇન્ડિયન મેડિકલ કાઉન્સીલ નહીં જે મેડિકલનો નિર્ણય ત્યાં આગળ નથી કરતું. એ એમનું યુનિયન છે તે ડોકટરોનું અને સારું એટલે પોઝેટિવ સજેશન ચોક્કસ આપી શકીએ પરંતુ જે ભારત સરકારે અત્યારે જે છેલ્લે કોમન કાઉન્સીલીંગની વ્યવસ્થા કરી છે. જે કરપ્શન કરીને વચ્ચે જે જગ્યાઓ હતી એ બધી જગ્યાઓ બંધ કરવાનું કર્યું છે. મને લાગે છે કે, આ બાબતમાં આપણે પોઝેટિવ રહીશું તો કોઇને લાગવગનો ચાન્સ રહેશે જ નહીં અને એના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૩, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪, ૨૬, ૨૭ ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨ અને ૫૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૧૦૭, ૭૫, ૩૯, ૪૦ અને ૨૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

"સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું."

બીજી બેઠક
ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૨૪, ૧૯૩૮ શાકે

સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

<#B/તારાંકિત પ્રશ્નો/B#>
<#SB/આપત્તિ વ્યવસ્થાપન પ્લાનનું અપગ્રેડેશન/SB#>

<#M/*૨૯૮૪૩ શ્રી સતીષભાઈ પટેલ /M#> (કરજણ) : માનનીય મંત્રીશ્રી ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્લાન બનાવવામાં/અપડેટ કરવામાં આવેલ છે કે નહિ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા વર્ષ ૨૦૧૫–૨૦૧૬ તથા વર્ષ–૨૦૧૬–૨૦૧૭ માટેનો રાજ્યકક્ષાનો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અપડેટ કરવામાં આવેલ છે. |

શ્રી સતીષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની સ્થાપના કયારે કરવામાં આવી અને તેનું મુખ્ય કામ શું છે તેની જાણકારી જોઇએ છે અને મારો બીજો પ્રશ્ન છે, આપત્તિ વ્યવસ્થાપનનો પ્લાન અપડેટ કરવો એટલે શું અને તેની વિસ્તૃત માહિતી આપે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની સ્થાપના આઠમી ફેબ્રુઆરી, ૨૦૦૧માં કરવામાં આવી છે અને જી.એસ.ડી.એમ.ની મુખ્ય કામગીરી નીચે મુજબની છે. આપત્તિ વ્યવસ્થાપનની નીતિ નકકી કરવી, આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલ રાજયના વિવિધ વિભાગો સાથે સંકલન, નિયંત્રણ અને નિરીક્ષણ કરવું, આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતા કેળવવા અંગે માર્ગદર્શન પૂરું પાડવું, જનશિક્ષણ અને જનજાગૃતિના કાર્યક્રમો તૈયાર કરવા, આપત્તિ વ્યવસ્થાપન અંગે જ્ઞાન અને તજજ્ઞ જેવી સેવાઓ આપવી, આપત્તિને ઓળખવાનો તેમજ તેને સમય અને તીવ્રતાનો અંદાજ મેળવવો, આપત્તિના સામાનનું આયોજન કરવું, આપત્તિની અસરોને હળવી કરવા કે તેને નિવારવા માટે સજ્જતા કેળવવી, આપત્તિ વેળાએ થતી બચાવ અને રાહત કામગીરીની તમામ પ્રકારની તાલીમ આપવી, આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે ટુંકા અને લાંબાગાળાના આયોજનની પણ વ્યવસ્થા કરવી, બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો એ છે કે આપત્તિ વ્યવસ્થાપનનો પ્લાન અપડેટ કરવો એટલે કે મારો જવાબ એ છે કે આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી માટે હયાત સંશાધનોને કાર્યક્ષમ હોય અથવા બંધ હાલતમાં હોય તેની વિગતો મેળવીને તેને અદ્યતન કરવાનું કામ કરવું, જરૂરી નવા અદ્યતન સાધનોની યાદી બનાવવી, જુદાજુદા વિભાગો પાસેથી જે અદ્યતન સાધનસામગ્રી ઉપલબ્ધ હોય એની પણ માહિતી તૈયાર કરવી, નવા જોખમો અને ભયજનક વિસ્તારોની આકારણી કરીને માહિતી અદ્યતન કરવી, રાજયમાં વર્ષ દરમિયાન આવેલ આપત્તિઓનો અભ્યાસ કરી એની કામગીરીને અદ્યતન કરવાની કામગીરી કરવી. આવી અપગ્રેડ કરવાની કામગીરી થતી હોય છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં ભુકંપના આંચકા આવ્યા, તો આપની પાસે એની અદ્યતન માહિતી અને અવલોકન શું છે એ સભાગૃહને આપ જણાવવા કૃપા કરો.

અધ્યક્ષશ્રી : આમ તો જોઇતાભાઇ, પહેલેથી એવું કહી રાખવું પડે પણ માનનીય મંત્રીશ્રી જેટલી માહિતી ઉપલબ્ધ હોય તેટલી આપો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં જે ભૂકંપના આંચકા આવ્યા તેની માહિતી પેપરમાં અને બધી રીતે આપેલી છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ આપત્તિ સત્તા મંડળની રચના કચ્છના ભૂકંપ પછી કરવામાં આવી અને રચના કર્યા પછી આ માટેનું જે સુંદર મજાનું આયોજન અને સુંદર મજાની વ્યવસ્થા રાજય સરકારે કરી છે એને હું અભિનંદન આપું છું. આ બાબતે અગાઉથી જાણ થતી હોય છે અને અગાઉથી જાણ થવાના કારણે આપત્તિ સામે શું શું ફાયદાકારક પગલાં ભરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જોઇતાભાઇ તે કદાચ રાહુલ ગાંધીને પૂછો તો ખબર પડશે કે આંચકા કેવા આવ્યા છે? માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ આ વ્યવસ્થાના કારણે કયાંક દરિયાકાંઠો હોય...

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. નલિયામાં જે આંચકા આવ્યા છે..

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય શૈલેષભાઇ નલિયામાં કોઇપણ પ્રકારના આંચકા આવ્યા નથી. જે આંચકા આવ્યા છે તે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં આવ્યા છે. આ વ્યવસ્થાના કારણે રાજયની અંદર કયાંક વાવાઝોડું, પૂર આવતું હોય તેવા સમયે પ્રશિક્ષણ કરવામાં આવે છે કે વધારે વાવાઝોડું હોય તો કયા પ્રકારના પગલાં ભરવાં, કયાંક વરસાદ વધારે આવે અને પૂર આવે તો તેવા સમયે પૂર બચાવની કામગીરી કેવી રીતે કરવી, કયાંક વરસાદ આવતો હોય અને વીજળી પડતી હોય તો તેવા સમયે વીજળી પડતી હોય ત્યારે જે સંકેતો મળે છે તેની માહિતી પ્રજાજનોને આપવાથી આપણે જાનમાલનું રક્ષણ કરી શકતા હોઇએ છીએ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપ આવવાથી બનાસકાંઠા જિલ્લામાં કેટલું નુકસાન થયેલ છે તેનો સરવે સરકારે કરાવ્યો છે?

અધ્યક્ષશ્રી : જોઇતાભાઇ પ્રશ્ન બહુ સ્પષ્ટ છે એટલા માટે મેં પહેલાં તમને કહ્યું છે. નહીંતર હું તરત જ કહેત. તેમાં કંઇ વાંધો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં પણ આ મુદ્દો આવે છે એટલા માટે કહું છું કે સરકારને આની પૂરી જાણકારી છે. પહેલો ભૂકંપ યુ.પી.માં આવ્યો. બીજો ભૂકંપ ૧૨મી તારીખે કચ્છમાં અને ડીસામાં આવેલો હતો. સરકારે તપાસ કરાવી છે. તેમાં કોઇપણ પ્રકારની માનહાનિ કે જાનહાનિ થઇ નથી એટલું જોઇતાભાઇના ધ્યાન પર મૂકું.

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિ સમયે સામાન્ય નાગરિકને બચાવ અને રક્ષણ માટે જિલ્લા કક્ષાએ કેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આપત્તિ વ્યવસ્થાપન પ્લાન જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને તેની માહિતી આપવામાં આવે છે. તાલુકા કક્ષાએ પણ તેની માહિતી આપવામાં આવે છે. જે તે ભૌગોલિક વિસ્તારોની અંદર જે આફતો આવતી હોય તેની સામે રક્ષણ કરવા માટે કયા પ્રકારના પગલાં ભરવા જોઇએ, આગોતરું આયોજન કેવા પ્રકારનું કરવાનું હોય તેની જાણ કરવામાં આવે છે. રાજય આપત્તિ વ્યવસ્થાપન પ્લાન સામાન્ય નાગરિકોને ઉપલબ્ધ થાય તે માટે જીએસડીએમએની વેબસાઇટ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વધારાની માહિતી વેબસાઇટ ઉપરથી લોકો મેળવી શકતા હોય છે.

શ્રી નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, ડીઝાસ્ટર મેનેજમેન્ટનો વિભાગ ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ પછી ખોલવામાં આવ્યો છે. સાહેબ આ સર્વ પ્રથમ ગુજરાતમાં ખોલવામાં આવ્યો છે. એટલે ગુજરાત તેમાં નંબર વન છે. કલાઇમેટ ચેઇન્જના બોર્ડની બેન વાત કરતા હતા. કલાઇમેટ ચેઇન્જ, ઇકો ફ્રેન્ડલી આ બધુ ફ્રેન્ડલી મની એવું બધુ છે. એવો વિષય નથી હોતો. ધીસ ઇઝ એ રીફોર્મેશન ઓફ ધી કન્ટ્રી, રીફોર્મેશન ઓફ ધી ઈન્ડિયા એન્ડ રીફોર્મેશન ઓફ ગુજરાત. આમાં ઉંડાણમાં ઉતરશો પછી ખબર પડી જશે. મારે એ જાણવું છે કે ડીઝાસ્ટર મેનેજમેન્ટનો અપગ્રેડેશન પ્લાન કર્યો તે ખૂબ સારી વાત છે. સમય પ્રમાણે તેનું અપગ્રેડેશન થતું હોય છે. આ બહુ અગત્યનો સવાલ છે. રાજય સરકાર આ ડીઝાસ્ટર મેનેજમેન્ટના પ્લાનનું અપગ્રેડેશન કરે છે તે ખૂબ જ સારી અને જરૂરી બાબત છે. આ અપગ્રેડેશન પ્લાન કર્યા પછી બચાવ કામગીરીમાં કેટલો સુધાર આવ્યો અને તેમાં શુ ફાયદો થયો તે હું જાણવા માગુ છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની કામગીરીના કારણે અને અપગ્રેડેશનના કારણે રાજયમાં વાવાઝોડું, વરસાદ આવે, ભૂકંપ આવે તેવા સમયે તેની અંદરથી અભ્યાસ કરીને સમયાંતરે આ પ્લાનને અપગ્રેડ કરવામાં આવતો હોય છે. તેના કારણે આપણને જાનમાલ બચાવવામાં રક્ષણ મળે છે. માણસોનું પણ રક્ષણ થઇ શકે છે. પશુઓનું પણ રક્ષણ મળે છે. વધુ પડતી ખુવારી અટકાવવા માટે આપણને મોટા પ્રમાણમાં રક્ષણ મળતું હોય છે.

<#SB/મહેસાણા જિલ્લાની આંગણવાડીઓમાં પીવાનું પાણી અને શૌચાલયો/SB#>

<#M/* ૩૧૯૭૩ શ્રી રમેશભાઇ ચાવડા/M#> (કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલયો ઉપલબ્ધ નથી, | (૧) મહેસાણા જિલ્લામાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની અને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર પીવાના પાણીની સુવિધા અને શૌચાલય માટેની સુવિધા કેટલા આંગણવાડી કેન્દ્રોમાં ઉપલબ્ધ કરવામાં આવી, અને | (૨) છેલ્લા બે વર્ષમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવાની વિગતો નીચે મુજબ છે તેમજ પાણીની સુવિધા અગાઉથી તમામ આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ હોય પ્રશ્ન નથી. |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૫-૧૬ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ | વર્ષ ૨૦૧૬-૧૭ શૌચાલયની સુવિધા |
|---|---|---|---|

| | | કરવામાં આવેલ કેન્દ્રોની સંખ્યા | ઉપલબ્ધ કરવામાં આવેલ કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કડી | ૧ | ૨ |
| ૨ | ખેરાલુ | ૦ | ૦ |
| ૩ | મહેસાણા | ૨ | ૦ |
| ૪ | વિસનગર | ૧ | ૦ |
| ૫ | જોટાણા | ૧ | ૮ |
| ૬ | વડનગર | ૯ | ૦ |
| ૭ | વિજાપુર | ૮ | ૯ |
| ૮ | સતલાસણા | ૦ | ૨ |
| ૯ | ઉંઝા | ૦ | ૦ |
| ૧૦ | બેચરાજી | ૦ | ૦ |
| | કુલ | ૨૨ | ૨૧ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલય સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) તમામ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલય સુવિધા ઉપલબ્ધ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે. હું મારા વિસ્તારમાં ગામડામાં નીકળ્યો તે દરમ્યાન એસ.સી. અને ઓ.બી.સી. વિસ્તારોમાં મેં જે રાઉન્ડ લીધો એમાં આંગણવાડી સંચાલકોની અને આંગણવાડીની મુલાકાત લેતા જે જોવા મળ્યું એની વાત કરવા માગુ છું. અહીંયા જે છાપેલો જવાબ આપ્યો છે માનનીય મંત્રીશ્રીએ એમાં લખ્યું છે કે ૨૦૧૫–૧૬માં એક બાકી હતું તે બનાવી દીધું, ૨૦૧૬–૧૭માં ૨ બાકી હતા એ બનાવી દીધા છે, એમ કરીને આખા જિલ્લામાં કુલ ૨૨ શૌચાલયો અને પાણીની વ્યવસ્થા એમણે કરી દીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો આ વર્ષ ચાલુ થયું છે એમાં દાખલા તરીકે ઘટક–૧ એમાં હું નામજોગ આપુ કે બલાસર બિલકુલ ઓ.બી.સી. અને એસ.સી. વિસ્તાર છે, ફતેપુરા ઠાકોરનું ગામ છે, વરખડિયા, પાલી આ બધા જે ગામો છે ત્યાં શૌચાલય છે પણ પાણીની વ્યવસ્થા છે જ નહીં અને પાણીની વ્યવસ્થા જ ન હોય ત્યાં શૌચાલયનો કોઇ મતલબ જ નથી. પછી કડી શહેરમાં અમારા રોહિત વિસ્તારમાં ત્યાં હદ વિનાનું પાણી છે પણ પાણીની લાઇન નાંખવામાં નગરપાલિકાને શું ચૂક આવે છે? અમારા વિસ્તારમાં પણ પાણી મળતું નથી, પછી કોર્ટ જોડે તંદાણીનો મહોલ્લો છે ત્યાં પણ પાણી નથી. આ બધા વિસ્તાર હું બતાવું છું એ દલિત અને ઓ.બી.સી. લોકોના વિસ્તારમાં જ આ કામગીરી થયેલી નથી એટલે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ દલિત અને ઓ.બી.સી.ના વિસ્તારમાં જાણી જોઇને આપણે બાકી રાખ્યા છે, કે પછી કોઇ કારણસર આ કામ બાકી રાખ્યું છે? આ કારણ હું જાણવા માગુ છું.

અધ્યક્ષશ્રી : રમેશભાઇ, આ પ્રશ્નમાં આપ જે જાણવા માગો છો એમાં કાંઇ ખાસ છે નહીં, અને જવાબ શું આપશે એ તમને પણ ખબર છે. મારો કહેવાનો મતલબ એ છે કે, એવા મુદા ઉપર આવી જાવ કે તમને થોડીક માહિતી મળે. આપ જે પૂછો છો એવો કોઇ સરકારનો આશય ન હોય કે એવો કોઇ ઉદેશ ન હોય.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકાર એ સૌનો સાથ સૌનો વિકાસમાં વિશ્વાસ રાખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનીય ગૃહને એક વાત જણાવવા માગુ છું કે, સ્વચ્છતા અભિયાન, શૌચાલયની માનનીય સભ્યશ્રી જે વાત કરે છે એ અંતર્ગત...(અંતરાય)

અધ્યક્ષશ્રી : એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના વિસ્તારમાં જાણી જોઇને તમે સુવિધા નથી આપતા? આટલી જ વાતનો જવાબ આપો.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધી જ જગ્યાએ સો ટકા શૌચાલયો છે. તાલુકાવાર મારી પાસે વિગત છે અને પાણીની પણ વ્યવસ્થા છે બધી જગ્યાએ આપ કહો તો તાલુકાવાર માહિતી આપુ. આપણા દેશના માનનીય વડા પ્રધાનશ્રીએ સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું છે તો અત્યારે જ્યારે વિશ્વ મહિલા દિવસ ૮ માર્ચના રોજ કર્ણાટકથી એક બહેન આવી હતી તેણે સ્વચ્છતાને માન આપીને પોતાના અને પોતાની દીકરીના ઘરેણાં વેંચીને અને એલ.આઇ.સી.ના બોન્ડ વેંચીને રૂપિયા ૯૬ હજાર ભેગા કર્યા અને એમાંથી શૌચાલય બનાવ્યા અને માત્ર ૮ મહિનામાં ૩૨૫ જેટલા શૌચાલય બનાવીને એને ઓ.ડી.એફ. જાહેર કર્યું એને માનનીય વડા પ્રધાનના હસ્તક ઇનામ પણ આપવામાં આવ્યું. એવી રીતે આપણા ગુજરાતમાં પણ બધી જગ્યાએ શૌચાલયો બનાવવામાં આવે છે અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવે છે અને આમાં અમે કોઇ નાત–જાતનો ભેદભાવ કરતા નથી આપ કહો તો તાલુકાવાર માર માહિતી મારી પાસે છે જે આપવા તૈયાર છું.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, મહેસાણા જિલ્લાના જે દસ તાલુકા આવેલા છે એમાં જે આંગણવાડીઓ આવેલી છે તો એમાં નોંધાયેલા બાળકોની સંખ્યા કેટલી છે એ તાલુકાવાર માહિતી મારે જોઇએ છીએ.

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણામાં કુલ દસ તાલુકા આવેલા છે એ પૈકી કડી તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૧૧૨૮૮ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૧૦૦૧૧ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૨૧૨૯૯ છે. એવી રીતે ખેરાલુ તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૫૧૩૨ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૪૮૬૦ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૯૯૯૨ છે. મહેસાણા તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૭૫૯૫ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૭૨૯૫ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૧૪૮૯૦ છે. વિસનગર તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૬૭૮૦ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૬૧૮૦ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૧૨૯૬૦ છે. જોટાણા તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૫૬૫૬ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૫૮૫૮ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૧૧૫૫૪ છે. વડનગર તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૫૨૯૩ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૪૨૫૭ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૯૫૫૦ છે. વિજાપુર તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૭૯૪૩ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૭૪૪૬ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૧૫૩૮૯ છે. સતલાસણા તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૩૯૫૨ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૩૫૯૮ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૭૫૫૦ છે. ઉંઝા તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૪૪૦૪ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૪૭૨૮ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૯૧૩૨ છે. બેચરાજી તાલુકામાં ૬ માસથી ૩ વર્ષના ૩૫૭૦ લાભાર્થી બાળકો છે અને ૩ થી ૬ વર્ષના ૩૨૪૭ છે એમ કુલ નોંધાયેલા બાળકો ૬૮૧૭ છે. એમ કરીને ૬ માસથી ૩ વર્ષના ૬૧૬૧૩ અને ૩ થી ૬ વર્ષના ૪૭૪૮૦ છે એમ કુલ ૧,૧૯,૦૯૩ લાભાર્થી બાળકો છે.

<#SB/ગોધરા આર.ટી.ઓ. દ્વારા ડીટેઇન વાહનો/SB#>

<#M/* ૨૯૮૦૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ/M#> (કાલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬માં ગોધરા આર.ટી.ઓ.માં કેટલા વાહનો ડીટેઇન કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૬માં ગોધરા આર.ટી.ઓ.માં કુલ ૧૮૯૨ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ? | (૨) તે અન્વયે કુલ રૂ.૮૬,૭૯,૭૩૬/– દંડની રકમ વસુલવામાં આવી. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મોટર વાહન કાયદા હેઠળ વાહનને ડિટેઇન કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલી છે. આર.ટી.ઓ. ગોધરા કચેરીમાં વર્ષ ૨૦૧૬માં ડિટેઇન થયેલા વાહનો અને થયેલ રિકવરીની માસવાર વિગત શું છે?

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક જાણકારી આપવા માગું છું કે જે આજે સવારે આપે પણ ચિંતા કરી હતી, ગઇકાલે મુખ્યમંત્રીશ્રીએ પણ ચિંતા કરેલી અને આજે સવારે વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ બાપુએ પણ ચિંતા કરી અને ભૂપેન્દ્રસિંહજીએ પણ ચિંતા કરેલી અને એસ.ટી.ના કર્મચારીઓ જે માસ સી.એલ. ઉપર જવાના હતા એ હડતાલ તે લોકોએ આજે પાછી ખેંચી લીધી છે, જે સૌની જાણકારી માટે. સભ્યશ્રીએ જે પુછ્યું છે કે, મોટર વાહન કાયદા હેઠળ વાહનને ડિટેઇન કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલી છે. તો એ અંગે કહું છું કે મોટર વાહન કાયદા કલમ–૨૦૭ નીચે ડિટેઇન થવાના કારણો રજીસ્ટ્રેશન વગરનું વાહન ચલાવતો હોય, ઉંમર વગર વાહન ચલાવતા હોય, લાયસન્સ વગર વાહન ચલાવતા હોય, નશો કરીને વાહન ચલાવતા હોય એવા વાહનોને ડિટેઇન કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન તેમણે જે પૂછયો છે કે ડિટેઇન થયેલી વાહનોની રીકવરીની વિગતો માસવાર શું છે? જે ગોધરા આર. ટી. ઓ. ૨૦૧૬માં જાન્યુઆરીમાં ૨૯૩ વાહનો ડિટેઇન થયા અને ૪,૨૦,૫૬૨ ફી માંડવાળ કરેલ છે. ફેબ્રુઆરીમાં ૩૪૭ અને ૧૧,૩૪,૬૭૯, માર્ચમાં ૧૪૧ વાહનો અને ૫,૫૯,૯૦૮ અને એપ્રિલમાં ૧૧૦ વાહનો ૬,૫૫,૦૪૪, મે માં ૧૨૯ અને ૮,૪૬,૪૮૭, જૂનમાં ૧૫૩ અને ૮,૯૨,૦૦૨, જુલાઇમાં ૧૫૫ વાહનો અને ૯,૩૫,૧૮૨ની આવક થયેલ છે. અને ઓગસ્ટમાં ૧૨૭ વાહનો ૮,૩૨,૭૨૩ની આવક થયેલ છે. સપ્ટેમ્બરમાં ૯૪ અને ૬,૪૬,૪૬૭ આવક છે અને ઓકટોબર ૧૩૦ વાહનો અને ૭,૧૨,૬૨૪, નવેમ્બરમાં ૬૨ અને ૩,૨૯,૮૨૨ અને ડિસેમ્બરમાં ૧૫૧ વાહનો અને ૭,૧૪,૨૩૬ અને ૧૮૯૨ વાહનો ડિટેઇન કરેલ છે અને તેની રકમ થાય છે ૮૬,૭૯,૭૩૬.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મોટર વ્હિકલ એકટ–૧૯૮૮ હેઠળ ઓવરલોડ અને ઓવર ડાયમેન્શન સંબંધી જે ગુનાઓ થાય છે તેના માટે દંડની શું જોગવાઇ કરવામાં આવેલ છે ?

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મોટર વ્હિકલ એકટ–૧૯૮૮ હેઠળ ઓવરલોડ અને ઓવર ડાયમેન્શન ગુના સબંધી જે તેમણે પૂછયું છે તો ઓવરલોડ માટે મોટર વ્હિકલ એકટ–૧૯૮૮ની કલમ–૧૧૩,૧૧૪ અનુસાર

વાહનની ક્ષમતા કરતાં વધુ વજન ભરવા માટે દંડ લેવાની જોગવાઇ થયેલ છે. બંદરો અને વાહન વિભાગ ગાંધીનગરના તારીખઃ ૨૧–૧૨–૧૩ના જાહેરનામા અનુસાર દંડ ઠરાવેલ છે. પ્રથમ ૫૦૦ કિલોગ્રામ સુધી ૩૦૦ રૂપિયા ૫૦૦ કિલોગ્રામથી વધુ ૧ હજાર કિલોગ્રામ સુધીના ઓવરલોડ માટે ૬૦૦, ૧ હજાર કિલોગ્રામથી વધુ ૧૫૦૦ કિલોગ્રામ સુધીના ઓવરલોડ માટે ૯૦૦, ૧૫૦૦ કિલોગ્રામથી વધુ ૨ હજાર કિલોગ્રામ સુધીના ઓવરલોડ માટે ૧૨૦૦, ૨ હજાર કિલોગ્રામથી વધુના ઓવરલોડ માટે પ્રત્યેક ૫૦૦ કિલોગ્રામ માટે ૫૦૦ રૂપિયા ઠરાવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન છે ઓવર ડાયમેન્શન એટલે વાહન જે હોય તેના કરતાં લંબાઇમાં વધારે સામાન ભરેલો હોય, લોડ વધારે ઉંચો ભરેલો હોય અને તેનું જે વજન હોય તે પણ વધારે હોય. એ અંગે જે પૂછયું છે તો એ અંગે કહું તો rigid goods vehicles, ખેત વિષયક સિવાયનો માલ તેમજ દૂધ મટીરીયલ સિવાયનો માલ કોઇ પણ ડાયમેન્શનના ભંગ બદલ ૨ હજાર રૂપિયા, rigid ગુડઝ વાહનો ખેત વિષયક સિવાયનો માલ તેમજ દૂધ મટીરીયલ માલ ઘરવખરી સિવાય કોઇ પણ ડાયમેન્શનના ભંગ બદલ એક હજાર રૂપિયા. ટ્રક, ટેલર combination તથા articulated વાહનો એક જ માલ, એક જ નંગ અવિભાજય માલ એટલે કોઇ પણ ડાયમેન્શનના ભંગ બદલ દસ હજાર. એટલે એક જ લંબાઇનો વધારે માલ ભરેલો હોય વજનદાર તો એના દસ હજાર દંડ છે. તે જ રીતે એકથી વધુ માલ વજન એ જ હોય પણ એકથી વધારે ટૂકડા હોય તો એ કોઇ પણ ડાયમેન્શન ભંગ બદલ ૪ હજાર રૂપિયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાર કેરિયર તથા ઓટોમોબાઇલ કેરિયર. ઓટોમોબાઇલ પ્રોડકટ કોઇ પણ ડાયમેન્શનના ભંગ બદલ ૧ હજાર રૂપિયા છે આ પ્રમાણેના નિયમો છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કયા તાલુકામાં કેટલા વાહનો ડીટેઇન કરવામાં આવ્યા અને કેટલી – કેટલી રકમ વસૂલ કરવામાં આવી? બીજો પ્રશ્ન એ છે કે, દરેક તાલુકામાં કેટલા ઓવરલોડ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા?

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા: માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આર.ટી.ઓ. દ્વારા ડીટેઇન કરાયેલા વાહનો માટે છે. એમાં કોઇ તાલુકાનો પ્રશ્ન નથી આવતો. જો સાહેબશ્રી લેખિતમાં પૂછશે તો પછી જવાબ આપવામાં આવશે.

<#SB/આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી/SB#>

<#M/* ૨૯૮૭૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર/M#> (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રોજગાર વિનીમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૪૨૦૬ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૧૮૨૫ |

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૦ની પરિસ્થિતિએ લગભગ ૨૪૨૦૬ બેરોજગારોની નોંધણી થઇ એમાંથી ૧૧,૮૨૫ને રોજગારી આપી. સમગ્ર ગુજરાતમાં લગભગ ૬૦ લાખ જેટલા બેરોજગારો છે. મારે મંત્રીશ્રીને ફક્ત એટલું જ પૂછવું છે કે, આણંદ જિલ્લામાં તમે ૧૧,૮૨૫ લોકોને નોકરી આપી એમાં કેટલાને સરકારી નોકરી અને કેટલાને પ્રાઇવેટ સેક્ટરમાં નોકરી આપી અને છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારો નોંધાયા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા બેરોજગાર નોંધાયા એનો જવાબ તો મેં આગળ આપી દીધો છે અને એમનો બીજો પ્રશ્ન એ છે કે, સરકારી નોકરી કેટલી આપી અને પ્રાઇવેટ સેક્ટરમાં કેટલી નોકરી આપી? માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર સંચાલિત બે લોકો જે નોંધાયા છે એમને નોકરી આપી. ખાનગી એટલે કે કોઇ ઔદ્યોગિક એકમ હોય કે બીજી કોઇ સંસ્થામાં ૧૧,૮૨૩ લોકોને નોકરી આપી. નોંધાયેલ લોકોમાંથી કુલ ૧૧,૮૨૫ લોકોને નોકરી આપી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો સૌથી મોટો આવનાર સમયનો પડકાર હોય તો તે બેરોજગારી છે. ૨૦૦૩થી વાઇબ્રન્ટની શરૂઆત થઇ. રોજગારીમાં નંબર – ૧ની વાતો થાય. મેગા જોબ ફેરની વાતો થાય પણ આ પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે ફક્ત ૪૮ ટકા જેટલા લોકોને આપણે નોકરી આપી શક્યા છીએ. આવો જ પ્રશ્ન આજની પ્રશ્નોત્તરીમાં ૧૦૬ નંબરનો છે. અમદાવાદમાં બે વર્ષમાં એક લાખ જેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયા અને એમાંથી સરકારી નોકરી કેટલાને આપી તો એના જવાબમાં ફક્ત એક વ્યક્તિને સરકારી નોકરી આપવામાં આવી અને માનનીય રાજેન્દ્રભાઇની વાતને હું ફરીથી દોહરાવવા માગું છું કે આપણે જે નોકરી આપીએ છીએ એમાં પણ ફિક્સ પગારના નામે શોષણ થાય છે, આઉટ સોર્સિંગના નામે શોષણ થાય છે. એના બદલે આપણે કાયમી ધોરણે કેટલાને નોકરી આપી અને હંગામી ધોરણે કેટલાને નોકરી આપી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગનું કામ બેરોજગારી નોંધવાનું કામ છે અને જયાં આગળ નોકરીની ઉભી થાય એને સંલગ્ન બેરોજગારો જે રોજગાર કચેરીમાં નોંધાયેલ હોય છે એને જાણ કરવાનું કામ છે. સરકારી

નોકરી માટે તો ગૌણ સેવા પસંદગી મંડળ મારફત અલગ – અલગ વિભાગોની જાહેરાત પડતી હોય છે. બીજું જે રોજગાર વાંચ્છુઓ છે એને શોધવાનું કામ અમે કરીએ છીએ. આ રાજ્યની અંદર બેરોજગારોને રોજગારી મળી રહે એટલા માટે ગુજરાતમાં સ્થપાયેલ ઔદ્યોગિક એકમોમાં જેને કામ આપવાનું હોય એવા રાજ્યના નવયુવાનોને રોજગારી ઘરઆંગણે મળી રહે એટલા માટે રોજગાર વાંચ્છુઓને એક સ્થળે ભેગા કરીને સાચું માર્ગદર્શન આપીને રોજગારી આપવાનું અમારું કામ છે.

અધ્યક્ષશ્રી : શ્રમ અને રોજગાર વિભાગનો મૂળ વિષય એવો છે કે રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ જે લોકો હોય એ લોકોને રોજગારી આપવી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાંથી કાયમી નોકરી કેટલાને મળી અને હંગામી નોકરી કેટલાને મળી? માત્ર બે જ વ્યક્તિને ત્યાં નોકરી અપાઇ તો એમાંથી ખાનગીમાં હંગામી કેટલી છે અને કાયમી કેટલી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ કે ખાનગી સંસ્થામાં કાયમી કે હંગામી નોકરી પણ ન હોઇ શકે.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને એક સીધો સવાલ છે કે, રોજગાર કચેરીમાં એસ.સી., એસ.ટી.ના કેટલા બેરોજગાર છે અને બેરોજગાર વ્યક્તિઓને નોકરી આપવા માટે લાવવા લઇ જવા કેટલી રકમ ભાડાની ચૂકવવામાં આવે છે અને કેટલી મહિલાઓને રોજગારી આપવામાં આવી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના ૨૭૩૪ પુરુષોની નોંધણી કરવામાં આવી અને ૯૭૯ સ્ત્રીઓની નોંધણી કરવામાં આવી. અનુસૂચિત જનજાતિમાં ૪૩૫ પુરુષો અને ૧૮૬ સ્ત્રીઓની નોંધણી કરવામાં આવી. બક્ષીપંચમાં ૫૩૩૦ પુરુષો અને ૧૨૬૦ સ્ત્રીઓની નોંધણી કરવામાં આવી છે. ઓ.બી.સી.માં ૨૧૦ પુરુષો અને ૧૫ સ્ત્રીઓની નોંધણી કરવામાં આવી, આ સિવાય અન્ય ૧૦૪૪૪ પુરુષો અને ૨૬૧૩ સ્ત્રીઓની નોંધણી કરવામાં આવી આમ, કુલ ૨૪૨૦૬ લોકોની નોંધણી કરવામાં આવી. આ પૈકી અનુસૂચિત જાતિમાં કુલ ૩૭૧, અનુસૂચિત જનજાતિમાં ૩૯, બક્ષીપંચમાં ૨૭૭૫ લોકોને રોજગારી આપવામાં આવી, એ સિવાય અન્યને ૮૬૪૦ લોકોને રોજગારી આપી છે આમ, ૧૧૮૨૫ લોકોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આણંદ જિલ્લો વિકાસશીલ જિલ્લો છે છતાં ય ત્યાં ૨૪ હજાર જેટલાઓની નોંધણી થઇ હોય અને એમાંથી ૧૧ હજાર લોકોને જ નોકરી આપવામાં આવી હોય, એવા સંજોગોની અંદર બાકીના આદિવાસી જિલ્લાઓમાં તો શું દશા હશે એ તો કલ્પના બહારની વાત છે, પણ મારો તો એ સવાલ છે કે, ૧૧૮૨૫ લોકોને નોકરી આપવામાં આવી એમાં એક મહિના માટે કેટલાને, બે મહિના માટે કેટલાને, ત્રણ મહિના માટે કેટલાને આપવામાં આવી અને બાકીનાને કયારે છૂટા કરી દીધા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એક મહિના માટે ન હોય કે બે મહિના માટે કેટલાને આપી એ કોઇ ચોક્કસ ના હોય, જેને રોજગારી લેવી છે એને અનુકુળ જેટલા સમય માટે જેટલા મહિના, જેટલા દિવસ જેટલા દિવસ અનુકૂળ આવે એટલા સમય માટે ત્યાં નોકરી કરી શકે છે.

<#SB/દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કિટ્સની વહેંચણી/SB#>

<#M/* ૩૧૧૭૬ શ્રી મેઘજીભાઇ ચાવડા/M#> (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિકસતી જાતિના લોકોને નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી? | ૩૦૦ લાભાર્થીઓને |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માનવ ગરીમા યોજના હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર વિકસતી જાતિની કેટલી અરજી મળી અને કેટલી મંજૂર કરી અને તાલુકાવાર કેટલી રકમની કીટ્સની વહેંચણી કરવામાં આવી?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, દેવભૂમિ દ્વારકામાં તાલુકાવાર માનવ ગરીમા યોજના અંતર્ગત જે કિટ્સ આપવામાં આવી છે, એમાં વિગત જોઇએ તો, ખંભાળીયામાં ૮૫ અરજીઓ મળી, એ ૮૫ મંજૂર કરી, ૮૫ કિટ્સ આપવામાં આવી અને કુલ ૨.૫૫ લાખ રૂપિયાની કિટ્સ આપવામાં આવી. ભાણવડમાં ૭૫ અરજીઓ મળી, એ ૭૫ મંજૂર કરી, ૭૫ કિટ્સ આપવામાં આવી અને કુલ ૨.૫૫ લાખ રૂપિયાની કિટ્સ આપવામાં આવી. કલ્યાણપુરમાં ૮૦ અરજીઓ મળી, એ ૮૦ મંજૂર કરી, ૮૦ કિટ્સ આપવામાં આવી અને કુલ ૨.૪૦ લાખ રૂપિયાની કિટ્સ આપવામાં આવી. દ્વારકામાં ૬૦ અરજીઓ મળી, એ ૬૦ મંજૂર કરી, ૬૦ કિટ્સ આપવામાં આવી અને કુલ ૧.૮૦ લાખ રૂપિયાની કિટ્સ આપવામાં આવી. આમ, કુલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૦૦ અરજીઓ મળી, એ ત્રણસો એ ત્રણસો મંજૂર કરી, ૩૦૦ કિટ્સ આપવામાં આવી અને ૯ લાખની ટોટલ રકમની કિટ્સ આપવામાં આવી.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : વિકસતી જાતિના લાભાર્થીઓને માનવ ગરિમા યોજના અંતર્ગત મોટા ભાગે કેવા પ્રકારના ટુલ કીટસ આપવામાં આવે છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : વિકસતી જાતિના લાભાર્થીઓને માનવ ગરિમા યોજના અંતર્ગત મોટા ભાગે જે કીટો આપવામાં આવે છે એમાં ઓટો રિપેરીંગ, સાયકલ રિપેરીંગ, સુથારી કામ, સાવરણી–સુપડા વેચનાર, શાકભાજી ફળ વેચાણ માટે, વાસકામ માટે, આખા આંટાના સિલાઇ મશીન માટે, પાન બીડી વેચાણના સાધનો, સાયકલ દ્વારા વિવિધ ફેરી, લુહારી કામ, કડીયા કામ,પ્લમ્બર કામ, વાળંદ કામ, ચાના સાધનો, દહી દૂધ વેચનારના સાધનો, માછલી માટે, ઢોલ ત્રાસાના સાધનો, મોચી કામ, હાથલારી દ્વારા વિવિધ ફેરી, ધોબી કામ, ઇંડાની લારી, ઠંડા પીણા વેચનાર, વાયરમેન,બ્યુટીપાર્લર, રસોયા કામ, મોબાઇલ રિપેરીંગ, કુંભારી કામની કીટ, આઇસ કેન્ડિની ફેરી, એરકન્ડિશન રેફરીજરેટર રિપેરીંગ, ગેસ વેલ્ડીંગ, ઇલેકટ્રોનિકસ અને કન્ઝયુમર્સ આ રીતે ૩૧ જેટલા ધંધા માટે આ કીટસ આપવામાં આવે છે.

<#SB/લઘુમતિ વર્ગના વિકાસ માટે બજેટમાં ફાળવેલ રકમ/SB#>

<#M/* ૩૦૩૩૨ શ્રી શૈલેષ પરમાર/M#> (દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લઘુમતી વર્ગના વિકાસ માટે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

(રૂ. લાખમાં)

| વર્ષ | ફાળવેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૫–૨૦૧૬ | ૧૧૯૨૩.૫૨ | ૩૩૭૮.૦૬ |
| ૨૦૧૬–૨૦૧૭ (ડીસે.૧૬ સુધી) | ૩૫૮૪.૯૧ | ૩૩૧૭.૫૨ |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રી પાસેથી જાણવા માગુ છું કે છેલ્લા બે વર્ષમાં લઘુમતિ વર્ગના વિકાસ માટે જે બજેટની ફાળવણી કરવામાં આવી છે. એ લઘુમતિ વર્ગમાં ખાલી મુસ્લિમ નથી આવતા, એમાં વિજયભાઇ રૂપાણી મખ્યમંત્રી છે એ જૈનનો સમાવેશ પણ થઇ જાય છે. તો છેલ્લા બે વર્ષના બજેટમાં ૧૫૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે એની સામે ફકત ૬૬ કરોડ ૯૫ લાખ રૂપિયાનો જ ખર્ચ કરવામાં આવ્યો છે જયારે આશરે ૮૮.૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો નથી. તો મારો પ્રશ્ન કલીયર છે એક તો રાજયના જયારે મુખ્યમંત્રી જૈન હોય ત્યારે આ લઘુમતિ વર્ગના વિકાસ માટેના નાણાં કેમ ઓછા ફાળવવામાં આવે છે અને જે નાણાં ફાળવ્યા પછી આ નાણાંની રકમનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી, વણવપરાયેલ કેમ પડી રહે છે એનો મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫–૧૬માં જે રકમની ફાળવણી કરી છે એની સામે ૩૩ કરોડ વાપર્યા છે. હકીકત એ છે કે ભારત સરકારની ધાર્મિક લઘુમતિ માટેની પ્રી–મેટ્રિક, પોસ્ટ મેટ્રિક, મેરિટ કમ મીન શિષ્યવૃતિનો અમલ અગાઉ ભારત સરકાર દ્વારા રાજય સરકારને મેરિટ મુજબના ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી અને રાજય સરકાર દ્વારા જિલ્લા મારફતે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવામાં આવતી હતી. એના લીધે રાજય સરકાર દ્વારા બજેટમાં જોગવાઇ કરવામાં આવતી હતી એટલે વધારે જોગવાઇ થઇ છે. હવે પરિસ્થિતિ એ થઇ કે ૨૦૧૪–૧૫માં ભારત સરકાર દ્વારા ડાયરેક બેનિફિટ ટ્રાન્સફર હેઠળ સીધી વિદ્યાર્થીઓના ખાતામાં ભારત સરકારના અલ્પ સંખ્યક મંત્રાલયની શિષ્યવૃતિની મંજૂર રકમ પોસ્ટ મેટ્રિક, મેરિટ કમ મીન વિદ્યાર્થીઓની જમા કરવામાં આવેલ છે અને પ્રી–મેટ્રિક શિષ્યવૃત્તિમાં ડીબીટીનો અમલ ૨૦૧૫–૧૬ની થયો છે એટલે જે રકમની જોગવાઇ બજેટમાં કરી છે. પણ ડાયરેક્ટ કેન્દ્ર સરકારે સીધી ત્યાંથી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવી એટલે એ રકમ અહીંયા ઓછી વપરાઇ એમ દેખાય છે. ખરી હકીકતે મારે આપને જે વાત કરવી છે. મારે કોઇ કોંગ્રેસની વિચારધારામાં પણ નથી જવું. કયા પ્રકારની વિચારધારા છે તેમાં પડવું પણ નથી, મારે જે વાત કરવી છે કે આ ધાર્મિક અને ભાષાકીય લઘુમતી માટે બે પ્રકારની યોજનાઓ છે. રાજય સરકારની અને કેન્દ્ર સરકારની. ભારત સરકારની યોજના પણ અલગથી બજેટ ફાળવે છે. કેટલાક વર્ષોથી ભારત સરકારની યોજના જે બજેટની ફાળવણી કરતી હતી તે વખતે અમારે પણ નીચે જોગવાઇ કરવી પડે, ભારત સરકારની આવે ત્યાં સુધી. હવે એ વિષય રહેતો નથી પણ બીજી એક વાત મારે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવી છે. રાજયની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીઓ છે તેમાં ૧૪૬ જાતિઓ છે. તો એ જાતિઓમાં લઘુમતી હોય અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત હોય એવી ૩૧ જાતિઓ છે કે જે અમારી ગવર્નમેન્ટની બજેટરી પ્રોવિઝન સિવાય એસ.ઇ.બી.સી.માં જે જોગવાઇ કરીએ છીએ એ જાતિઓને રાજય સરકારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની હાલમાં અમલમાં હોય એવી અંદાજે ૭૦થી ૮૦ યોજનાઓનો તેને લાભ મળે છે. જેથી લઘુમતીઓ માટે અલગ બજેટ ઉપરાંત એસ.ઇ.બી.સી.માં પણ બહોળા પ્રમાણમાં લાભ આપવામાં આવે છે એની વાત નથી. એની વાત પણ આમાં સમાવેશ થાય છે. મારે આજે એ કહેવું છે કે કેન્દ્રની સરકારે સચર કમિટીનો અહેવાલ જે રજૂ થયો છે. આજે આ વિષય તમે છેડ્યો છે એટલા માટે મારે આ વાત કરવી છે કે ભારતમાં ગુજરાતમાં

અમે કહ્યું છે કે દેશમાં લઘુમતીઓમાં શિક્ષણનું પ્રમાણ ૪૯ ટકા છે. ગુજરાતમાં મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ ૭૫ ટકા છે. જનરલ સાક્ષરતા દર કરતા તેમનો વધારે છે. બીજી વાત મારે એ કરવી છે.

અધ્યક્ષશ્રી : એમણે જેટલું કહ્યું છે એ. આ આમાં આવશે નહીં.

શ્રી આત્મારામ મ. પરમાર : એમાં સાહેબ, આ આવે છે કારણ કે આ પ્રશ્ન પૂછવા પાછળની કયાંકને કયાંક જે માનસિકતા છે તેનો જવાબ પણ એ રીતે જ અપાય. એમના સમયમાં એમના કેન્દ્રના પંચના વડાઓએ સ્વીકાર્યું છે કે આ શાસનમાં અમારી જોઇએ એવી કાળજી લેવાઇ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો બહુ સીધો સવાલ છે સાહેબ. રાજયમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લઘુમતી વર્ગના વિકાસ માટે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી? સાહેબ, આમાં કેન્દ્ર સરકારને કોઇ નહાવા-નિચોવવાનો સંબંધ જ નથી. તેની કોઇ સ્કીમને, તેની કોઇ સ્કોલરશીપને આમાં કોઇ લેવાદેવા જ નથી. રાજય સરકારે લઘુમતી સમાજ માટે બજેટ ફાળવ્યું છે એ સરકારે સ્વીકાર્યું કે આટલું બજેટ અમે ફાળવ્યું છે. મેં વાંચ્યું. તેની સામે ખર્ચ આટલો થયો એ પણ મેં વાંચ્યું. ખર્ચ કેમ ઓછો થયો એટલું જ મારે સરકારને પૂછવું છે.

અધ્યક્ષશ્રી : એમણે પહેલાં એમના પ્રશ્નમાં એવું કહ્યું, એમણે જે કહ્યું એ પ્રમાણે બજેટ એલોકેશન તો ઓલરેડી થઇ ગયું છે. એલોકેશન થયા પછી કેન્દ્ર સરકારે કહ્યું કે સીધેસીધા લાભાર્થીના ખાતામાં જમા કરીશું. એલોકેશન થઇ ગયું, લાભાર્થીને મળી ગયા અને તેના કારણે રકમ છે એ વણવપરાયેલી રહી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭-૧૮ના કુલ ૧.૭૨ લાખ કરોડના બજેટમાંથી ફક્ત ૪૮.૬૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ૨૦૧૬માં ગુજરાતમાં લઘુમતી સમાજ તરીકે જૈન સમાજને દરજ્જો આપવામાં આવ્યો. રાજયના મુખ્યમંત્રી જૈન સમાજમાંથી આવતા હોય અને જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપ્યો હોય એ પછી જે રીતે ૨૦૧૫-૧૬માં ૧૧૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. ૨૦૧૬-૧૭માં ૯૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા અને જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપ્યા પછી ગ્રાન્ટ જે છે તે અડધાથી પણ ઓછી કરીને ૪૮.૬૭ લાખ કરવામાં આવી છે. તો તેના કારણો શું છે? ગ્રાન્ટ વધવી જોઇએ. જૈન સમાજનો પણ સમાવેશ થયો છે. એ તમામ લોકોને માટે. લઘુમતી એટલે ફક્ત મુસ્લીમોનો પ્રશ્ન નથી. આમાં તમામ બીજી જે ભાષાકીય લઘુમતી છે, બધા જ લોકો આમાં સામેલ છે.

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં કહ્યું તે પ્રમાણે સ્કોલરશીપ અને શિષ્યવૃત્તિની ત્રણ પ્રકારની યોજનાઓ છે. એક શિક્ષણ ઉત્કર્ષ યોજના, આર્થિક ઉત્કર્ષ યોજના અને આરોગ્ય વિષયક ઉત્કર્ષ યોજના. આ યોજનાઓના બજેટરી પ્રોવિઝન સિવાય અમારી પાસે લઘુમતી માટેનું પણ બોર્ડ છે. એના દ્વારા પણ લાભાર્થીઓને રકમની ફાળવણી કરીએ છીએ. હું તો ત્યાં સુધી કહીશ કે અમે આ વર્ષે લઘુમતીઓ માટે જે રકમની ફાળવણી કરી છે એમાં ૨૦૧૫-૧૬માં ફાળવણી કરતાં વધારે રકમનો ખર્ચ કર્યો છે. ફાળવણી કરી છે રૂ.૬૧૫૩.૩૪ લાખ અને ખર્ચ રૂ.૬૫૯૦.૮૩ લાખ. રાજ્ય સરકારની જે યોજના છે એમાં વધારે ખર્ચ કર્યો છે. નિગમ દ્વારા પણ ખર્ચ થયો છે. આમાં ઓછી રકમ ફાળવણીનો વિષય આવતો નથી, આમાં તુષ્ટીકરણનો કોઇ વિષય આવતો નથી. (અંતરાય)

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ અને શ્રી ગ્યાસુદ્દીનભાઇ, તમે જે લઘુમતી સમાજની ચિંતા કરી છે. સ્વાભાવિક રીતે જ એમાં જૈન સમાજનો સમાવેશ કર્યો છે એટલે એનો લાભ એમને પણ મળશે અને બજેટ બધુ જૈન સમાજ તરફ ઢળી જશે. એમાં એમણે બજેટ વધારવાની વિનંતી કરી છે એના માટે શ્રી ગ્યાસુદ્દીનભાઇ આપનો આભાર માનું છું. તમે આ સમાજ માટે ચિંતિત છો એ તમારા વક્તવ્યમાં દેખાતું હતું. સ્વાભાવિક રીતે જ તમે આ પરિસ્થિતિમાં કશુ કરી શકો તેમ નથી. (અંતરાય) સાહેબ, મને છંછેડે છે. મુખ્યમંત્રીશ્રી જૈન હોય કે નાયબ મુખ્યમંત્રી ગમે તે હોય એ બધા સમાન રીતે જોતા હોય છે. જૈન સમાજનો લઘુમતી સમાજમાં સમાવેશ થયો છે એનો મને આનંદ છે. આજે સરકારની યોજનાઓથી જૈન સમાજના છોકરાઓ વિદેશ ભણવા પણ જવા માંડ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવું છે કે આપ રાજ્ય સરકારની લઘુમતી સમાજ માટેની યોજના લઇને આવ્યા છો તેમાં કેટલી રકમની જોગવાઇ સામે કેટલો ખર્ચ કર્યો છે એની ટકાવારી શું છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં લઘુમતી માટે જે રકમની ફાળવણી થઇ છે, એમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં રૂ.૧૫૧૫૫.૪૩ લાખની ફાળવણી થઇ છે એની સામે રૂ.૬૬૯૫.૦૦ લાખનો ખર્ચ થયો છે અને મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ડીબીટી દ્વારા વિદ્યાર્થીઓને સીધી ફાળવણી થઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વિષય એવો આવ્યો છે કે તમે છાપેલા છે એના સિવાયના આંકડા બોલો છો.

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં રાજ્ય સરકારની વિગત આવી છે. માનનીય શક્તિસિંહજી, આમાં બે પ્રકારની યોજનાઓ હોય છે. એક ભારત સરકારની યોજના હોય છે અને બીજી રાજ્ય સરકારની યોજના હોય છે. એમણે સ્પેશિફિક રાજ્ય સરકારનું કહ્યું છે એટલે રાજ્ય સરકારના આંકડા મૂકું છું.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી ડિવિઝન કરીને આપે છે.

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કુલ રૂ.૧૦૪૯.૫૮ લાખની ફાળવણી સામે રૂ.૧૦૫૦.૩૨ લાખનો વધારે ખર્ચ કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇનો પ્રશ્ન છે એમાં કાં તો એમણે પહેલાથી બ્રેકઅપ આપવો જોઇએ. સવાલ અમારો એટલો જ ઉભો થયો છે કે રૂ.૧૧૯૨૩.૫૨ કરોડની ફાળવણી છે.અને એની સામે જે

ખર્ચ થયો એ ૩૩૭૮.૦૬ રૂપિયા લાખમાં આટલો ખર્ચ થયો. હવે માનનીય મંત્રીશ્રી જે ઓરલી જવાબ આપે છે એ આંકડો જુદો છે, કાં તો તમે કેન્દ્ર અને રાજય બન્ને મીકસ છે એમ કહેવા માગો છો, અથવા તમે કેન્દ્ર અને રાજય જુદું પાડતા હોવ તો તમારો ફીગર અહીંયા રીફલેકટ થાય છે એના વચ્ચેની મોટી વિસંગતતા ઉભી થાય છે. અમારે શું સમજીને ચાલવાનું? અમારે તો જે છાપેલો આકડો અપાયો છે એ પરિસ્થિતિને અનુરૂપ માનનીય શૈલેષભાઇનો પ્રશ્ન બહુ જ સાચો છે. આમાં આટલી સ્પષ્ટતા જરૂરી છે.

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ સ્પષ્ટતા કરી છે, ૨૦૧૫-૧૬ની જોગવાઇ રાજય સરકારની ૨૬ કરોડની, ભારત સરકારની જોગવાઇ હતી ૯૩ કરોડની એટલે ૧૧૯ કરોડની જે માનનીય શકિતસિંહજી, આપ વાત કરી રહ્યા છો એ. એની સામે ૨૦૧૫-૧૬માં ખર્ચો છે ૩૩ કરોડનો કારણ કે બીજી રકમ ડીબીટીથી સીધી જમા થઇ અને એ સિવાય બીજા સાત કરોડ રૂપિયા સ્ટેટ મારફત અમે વધારાનો ખર્ચો કર્યો છે. કુલ ૨૦૧૫-૧૬ના ૧૧૯ કરોડની સામે ૨૦૧૫-૧૬નો ખર્ચ ૩૪ કરોડનો છે. અમે કહ્યું એ પ્રમાણે કેન્દ્ર સરકારની જે રકમ સીધી ડીબીટીમાં જમા થઇ એના લીધે આ રકમનો અહીંયા ખર્ચો કરવાનો અવકાશ રહેતો નથી.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે રાજય સરકારની કઇ યોજનામાં લઘુમતિ માટે વધુમાં વધુ બજેટની ફાળવણી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી? અને તેની સામે કેટલો ખર્ચ કરી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની રીતિ શિક્ષણને પ્રાધાન્ય આપવાની રહી છે. લઘુમતિને માટે શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની જે યોજના છે એમાં ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં શિષ્યવૃત્તિની વર્ષવાર રકમ છે એમાં ૨૦૧૫-૧૬માં જોગવાઇ ૨૪૬ પોઇન્ટ અને એની સામે ખર્ચ વધારે થયો છે. ૧૩૧૫ પોઇન્ટનો ખર્ચો છે અને કુલ લાભાર્થીઓની જે સંખ્યા છે એ ૨,૬૩,૭૨૫. ૨૦૧૬-૧૭માં એની સામે જે જોગવાઇ છે એ ૧૭૯૧.૨૭ એની સામે ખર્ચો છે ૧૬૦૯.૪૯ . વિદ્યાર્થીની સંખ્યા વધી છે. ૨,૯૧,૨૨૨.

<#SB/જામનગર આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો/SB#>

<#M/* ૨૯૮૦૧ શ્રીમતી વસુબેન ત્રિવેદી /M#> (જામનગર દક્ષિણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬માં જામનગર આર.ટી.ઓ.માં કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૬માં જામનગર આર.ટી.ઓ.માં કુલ ૧૫૫ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ? | (૨) તે અન્વયે કુલ રૂ.૧૧,૧૦,૧૪૭/- દંડની રકમ વસુલવામાં આવી. |

પ્રો વસુબહેન ન. ત્રિવેદી : માનનનીય અધ્યક્ષશ્રી, મોટર વાહન કાયદા હેઠળ વાહનને ડીટેઈન તો કરે પરંતુ એ કર્યા પછી દરેક વાહનને અલગ અલગ રીતે મુકત કરવામાં આવે તો એના માટેની સ્પષ્ટ જોગવાઇઓ શું છે? અને બીજું આર.ટી.ઓ. જામનગર કચેરીમાં ૨૦૧૬માં ડીટેઇન થયેલા વાહનો છે એ કયા પ્રકારના છે? સ્કૂટર છે, રીક્ષા છે શું છે અને એની કેટલી ફી વસૂલ થઇ છે?

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ જે ચિંતા કરી છે મોટર વાહન કાયદા હેઠળ વાહનને ડીટેઇન કર્યા પછી તે વાહનને મુકત કરવા બાબતની શું જોગવાઇ છે? મોટર વાહન કાયદા હેઠળ વાહનને ડીટેઇન થવાનું કારણ પૂર્ણ થાય ત્યાં સુધી અથવા ટ્રાન્સપોર્ટ ઓથોરીટી આર.ટી.ઓ., એ.આર.ટી.ઓ. વાહન મુકત કરવા હુકમ કરે ત્યાં સુધી અથવા નામદાર કોર્ટ હુકમ કરે ત્યાં સુધી વાહનને ડીટેઇન કરનાર ઓથોરીટીના કબજામાં રાખવામાં આવે છે. મોટર વાહન કાયદા હેઠળ મોટર વીહીકલ એકટ ૧૯૮૮ની કલમ-૨૦૭,પેટા કલમ(૨) માં ડીટેઇન થયેલ વાહન મુકત કરવા વાહનના માલિકે અથવા વાહન જેના નિયંત્રણમાં હોય તેવી વ્યકિતએ ટ્રાન્સપોર્ટ ઓથોરીટીને અરજી કરવાની હોય છે અને જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના હોય છે. દસ્તાવેજો ચકાસીને ટ્રાન્સપોર્ટ ઓથોરીટી આર.ટી.ઓ. અથવા તો એ.આર.ટી.ઓ. તેને જે યોગ્ય લાગે તે શરતો મૂકીને ડીટેઇન થયેલ વાહન મુકત કરી શકે છે. બીજો પ્રશ્ન આર.ટી.ઓ. જામનગર દ્વારા ૨૦૧૬માં ડિટેઇન થયેલ વાહનોનો પ્રકાર અને રીકવરી બાબતનો છે. ૯૭ ટ્રકો છે એની ૭ લાખ ૪૩ હજાર ૮૧૪ રૂપિયાની રકમ મળેલ છે. મધ્યમ ગુડઝ વાહનો ૫ છે અને એની ૭૮ હજારની રકમ મળેલ છે. ટેક્સી ૪ છે અને એની ૧૩ હજારની માંડવાળ રકમ મળેલ છે. મેક્ષી, છ સીટ કરતા વધારે મોટી હોય તો એને મેક્ષી કહે છે એવા ૯ વાહનો છે અને ૧ લાખ ૪ હજાર ૯૭૩ ની રકમ મળી છે. એલ.એમ.વી. પ્રકારના વાહનો એટલે ફોર વ્હીલ વાહન ૧૭ છે અને એની ૬૮,૪૦૦ ની રકમ મળી છે. મોટર સાઇકલ ૧૧ છે અને એની ૩૬,૩૦૦ રકમ મળી છે. ઓટો રીક્ષા ૧૨ છે અને એની ૬૫,૭૦૦ ની રકમ મળી છે. આમ કુલ ૧૧,૧૦,૬૪૭ની રકમ આવેલ છે અને ૧૫૫ વાહનો ડિટેઇન કરેલછે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માંડવાળ ફી એટલે શું? આ માંડવાળ ફી લેવાની સત્તા કોને છે તેમજ ફીટનેસ સંબંધી ગુના માટે દંડની જોગવાઇઓ શું છે?

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મોટર વ્હીકલ એક્ટ હેઠળ થયેલ ગુનાઓ પૈકી અમુક ગુનાઓ

સામે પ્રોસિક્યુશન કરવાની અવેજીમાં રાજ્ય સરકાર નોટિફિકેશનથી ઠરાવે તે રકમ લઇ ગુનાઓ માંડવાળ કરવાની જોગવાઇ છે. આ રકમને માંડવાળ ફી કહેવામાં આવે છે. મોટર વાહન ખાતાના સહાયક મોટર વાહન નિરીક્ષકશ્રી તથા તેની ઉપરના અધિકારીને તેમજ નગરપાલિકા કે મહાનગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક ડ્યૂટી બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેની ઉપરના અધિકારીને આ સત્તા આપવામાં આવે છે. ફીટનેસ સંબંધી ગુના માટે મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ ૩૯ અનુસાર વાહનનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. આમાં ખાનગી વાહનોને ૧૫ વર્ષ માટેનું પાર્સીંગ આપવામાં આવે છે જ્યારે ટ્રાન્સપોર્ટ વાહનને પ્રથમ બે વર્ષ માટે અને ત્યાર બાદ દરેક વર્ષ માટે પાર્સીંગ કરવાનું હોય છે. પાર્સીંગ વગર ફરતા ટ્રાન્સપોર્ટ વાહનો પકડાય તો તેના માટે બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ગાંધીનગરના તા. ૫-૨-૨૦૧૬ના જાહેરનામા અનુસાર પ્રથમ ગુના માટે ૫ હજાર તથા બીજા ગુના માટે ૧ હજારનો દંડ લેવામાં આવે છે.

<#SB/ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય/SB#>

<#M/* ૨૯૭૬૦ શ્રી છત્રસિંહજી મોરી /M#> (જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૫૧,૧૯૦ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૧,૧૯૦ વિદ્યાર્થીઓને રૂ.૧,૫૩,૫૭,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવી. |

શ્રી છત્રસિંહજી પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિજયભાઇ રૂપાણીના નેતૃત્ત્વમાં કામ કરતી સરકારને મારે અભિનંદન આપવા છે કે જેટલી અરજીઓ જિલ્લામાં આવી એ ૧૦૦ ટકા અરજીઓ મંજૂર કરી દીધી છે. માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે મારા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ભરુચ જિલ્લામાં ગણવેશ સહાય માટે તાલુકાવાર મળેલ અરજીઓ અને ગણવેશ સહાયની વિગતો જોઇએ તો ભરુચ તાલુકામાંથી ૧૨૩૧૯ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને ૩૬ લાખ ૯૫ હજાર ૭૦૦ રૂપિયાની ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે. વાગરા તાલુકામાંથી ૫૮૬૫ અરજીઓ મળે એ બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૭,૫૯,૫૦૦ રૂપિયાની ગણવેશ સહાય મંજૂર કરવામાં આવી. જંબુસર તાલુકામાં ૧૬,૫૯૮ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને ૪૯,૭૯,૪૦૦ રૂપિયાની ગણવેશ સહાય ચૂકવવામાં આવી. આમોદ તાલુકામાં ૫૦૦૬ અરજીઓ આવી એ તમામ મંજૂર કરવામાં આવી અને ૧૫,૦૧,૮૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. અંકલેશ્વર તાલુકામાં ૫૮૧૩ અરજીઓ આવી એ તમામ મંજૂર કરી અને ૧૭,૪૩,૯૦૦ રૂપિયાની ગણવેશ સહાય ચૂકવવામાં આવી. હાંસોટ તાલુકામાં ૧૧૪૭ અરજીઓ મળે તે તમામ મંજૂર કરી અને ૩,૪૪,૧૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. વાલીયા તાલુકામાં ૭૯૮ અરજીઓ આવી એ તમામ મંજૂર કરી અને ૨,૩૯,૪૦૦ રૂપિયાની ગણવેશ સહાય ચૂકવવામાં આવી. ઝઘડિયા તાલુકામાં ૩૨૮૪ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

<#B/અતારાંકિત પ્રશ્નો/B#>

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

<#SB/અસ્પૃશ્યતા અંગે સેપ્ટનો અહેવાલ/SB#>

<#M/* ૩૧૬૫૭ શ્રી મહેશકુમાર પટેલ /M#> (પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દલીતો સામે અસ્પૃશ્યતા અંગે સેપ્ટ યુનિવર્સિર્ટિનો અહેવાલ તા.૧૭/૦૪/૨૦૧૩ ના રોજ રાજ્ય સરકારને મળેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ સરકાર દ્વારા તેને પ્રસિદ્ધ કરવામાં આવ્યો નથી તેના શા કારણો છે ? | (૨) આ બાબતમાં સેપ્ટને વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે અહેવાલ આપવા જણાવેલ હોઈ પ્રસિદ્ધ કરવો કાયદાકીય રીતે આવશ્યક નથી. |

---------

<#SB/દાહોદ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ/SB#>

<#M/* ૨૯૭૭૩ શ્રી રમેશભાઇ કટારા/M#> (ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૨૩૩ |
| (૩) કુલ કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૨૩૩ |

---------

<#SB/સુરેન્દ્રનગર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન/SB#>

<#M/* ૨૯૭૮૪ શ્રીમતી વર્ષાબેન દોશી /M#> (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૩૬૫

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૬૫૨ |
| ૨ | ધ્રાંગધ્રા | ૪૪૮ |
| ૩ | લીંબડી | ૩૬૭ |
| ૪ | ચોટીલા | ૧૭૮ |
| ૫ | થાન | ૨૦ |
| ૬ | મુળી | ૪૫ |
| ૭ | સાયલા | ૪૮ |
| ૮ | ચુડા | ૭૬ |
| ૯ | લખતર | ૬૧ |
| ૧૦ | પાટડી | ૪૭૦ |
| | કુલ | ૨૩૬૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી,

(૨) ૧૬૪૦

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૪૬૦ |
| ૨ | ધ્રાંગધ્રા | ૧૮૫ |
| ૩ | લીંબડી | ૨૭૯ |
| ૪ | ચોટીલા | ૮૭ |
| ૫ | થાન | ૧૮ |
| ૬ | મુળી | ૨૪ |
| ૭ | સાયલા | ૪૨ |
| ૮ | ચુડા | ૭૫ |
| ૯ | લખતર | ૪૬ |
| ૧૦ | પાટડી | ૪૨૪ |
| | કુલ | ૧૬૪૦ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને

(૩) ૭૨૫

| ક્રમ | તાલુકાનું નામ | નામંજુર અરજી |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૯૨ |
| ૨ | ધ્રાંગધ્રા | ૨૬૩ |
| ૩ | લીંબડી | ૮૮ |

| | | |
|---|---|---|
| ૪ | ચોટીલા | ૯૧ |
| ૫ | થાન | ૦૨ |
| ૬ | મુળી | ૨૧ |
| ૭ | સાયલા | ૦૬ |
| ૮ | ચુડા | ૦૧ |
| ૯ | લખતર | ૧૫ |
| ૧૦ | પાટડી | ૪૬ |
| | કુલ | ૭૨૫ |

(૪) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શું છે?

મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી | ૨૭૯ |
| બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ન હોવાથી | ૪૦૬ |
| અવસાન થવાથી | ૦૧ |
| પુરાવા રજૂ કરેલ ના હોવાથી | ૩૯ |
| કુલ | ૭૨૫ |

---------

<#SB/સુરત જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો/SB#>

<#M/* ૨૯૮૩૭ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા /M#> (કામરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને

(૧) ૧૪

(૨) વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

(૨) ૨૧૯૭૮

---------

<#SB/મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ ખેતમજુર/SB#>

<#M/* ૨૮૮૪૨ શ્રી ગેંદાલભાઈ ડામોર /M#> (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા ખેતમજુર નોંધાયેલા છે, અને

(૧) મહીસાગર જિલ્લામાં કુલ ૫૦૬૧૩ અને પંચમહાલ જિલ્લામાં કુલ ૮૦૭૩૩ ખેત મજુર નોંધાયેલા છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેતમજુરો અકસ્માતથી મૃત્યુ પામેલ છે.

(૨)

| જિલ્લો મહીસાગર | | જિલ્લો પંચમહાલ | |
|---|---|---|---|
| વર્ષ | સંખ્યા | વર્ષ | સંખ્યા |
| ૨૦૧૫ | ૦૬ | ૨૦૧૫ | ૦૧ |
| ૨૦૧૬ | ૦૭ | ૨૦૧૬ | ૦૪ |
| કુલ | ૧૩ | | ૦૫ |

---------

<#SB/જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં ધનવંતરી રથ/SB#>

<#M/* ૩૦૨૮૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા /M#> (જામનગર–ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યમાં બાંધકામ શ્રમયોગી અને તેમના

(૧) રાજ્યના–૦૮ મહાનગરપાલિકા વિસ્તારમાં

પરિવારજનોના આરોગ્યની ચકાસણી માટે ધનવંતરી રથ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ક્યારે શરૂ કરવામાં આવ્યો,

તા.૨૬-૧૨-૨૦૧૫થી ધનવંતરી રથ શરૂ કરવામાં આવ્યો.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલાં બાંધકામ શ્રમિકો અને તેના પરિવારજનોની આરોગ્ય તપાસણી કરી, અને

(૨) જામનગર મહાનગરપાલિકા (શહેરી) વિસ્તારમાં કુલ - ૨૦,૫૯૨ બાંધકામ શ્રમિકો તથા તેમના પરિવારજનોની આરોગ્ય તપાસણી કરવામાં આવી.

દેવભુમી દ્વારકા જિલ્લામાં આ યોજનાનો લાભ હાલમાં આપવામાં આવતો નથી.

(૩) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

(૩) કુલ રૂ.૪૦.૭૭૮/- લાખ

---------

<#SB/મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય/SB#>

<#M/* ૨૯૭૭૦ શ્રી ઋષિકેશ પટેલ/M#> (વિસનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી, | (૧) ૧૩૭૪૭ |
| (૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજી મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૩૭૪૭ |
| (૩) ઉક્ત મંજુર કરેલ અરજીઓ અન્વયે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ.૪૧,૨૪,૧૦૦/- |

---------

<#SB/ભાવનગર જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ/SB#>

<#M/* ૩૦૯૫૮ શ્રી પ્રવિણભાઈ રાઠોડ /M#> (પાલીતાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) ૧૫૭૫. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને | (૨) તે અન્વયે ૧૨૫૭ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને ૩૧૮ આંગણવાડીઓને પોતાના મકાનો નથી. અને |
| (૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન આપવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા? | (૩) ઉક્ત સ્થિતિએ ભાવનગર જીલ્લામાં ૧૧૪ આંગણવાડી કેન્દ્રનાં બાંધકામ અંગે વહીવટી મંજુરી આપેલ છે. (જે પૈકી ૮૭ આંગણવાડી કેન્દ્રનાં કામો ચાલુ છે) ૭૨ આંગણવાડી કેન્દ્રની તાંત્રિક મંજુરી આપેલ છે. ૧૩૨ આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

---------

<#SB/જૂનાગઢ જિલ્લામાં યાત્રાધામ વિકાસ/SB#>

<#M/* ૩૦૦૮૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા /M#> (વિસાવદર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કયા યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ ? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#SB/સુરત અને તાપી જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો/SB#>

<#M/* ૨૯૫૨૦ શ્રી આનંદભાઈ ચૌધરી/M#> (માંડવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) સુરત જિલ્લામાં ૧૭૩૩ અને તાપી જિલ્લામાં ૧૦૪૯ |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને | (૨) સુરત જિલ્લામાં ૧૫૭૧ અને તાપી જિલ્લામાં ૧૦૦૧ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને સુરત જિલ્લામાં ૧૬૨ તથા તાપી જિલ્લામાં ૪૮ આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને |
| (૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન સત્વરે આપવા સરકારે શા પગલાં લીધાં? | (૩) સુરત જિલ્લામાં ૧૬૨ પૈકી ૨૦ તાંત્રીક મંજુરી કક્ષાએ ૯, ના બાંધકામ ચાલુ ૯૭ જર્જરીત મકાનની કાર્યવાહી ચાલુ તથા ૩૬ આંગણવાડી કેન્દ્ર માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે તેમજ તાપી જિલ્લામાં ૩૯ ના બાંધકામ માટે આયોજનમાં મંજુર થઇ ગયેલ છે તથા બાકીના ૯ આંગણવાડી કેન્દ્રો માટે આયોજનની પ્રક્રિયા ચાલુમાં છે. |

---------

<#SB/અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના/SB#>

<#M/* ૨૯૭૬૩ શ્રી જગદીશભાઈ પંચાલ /M#> (નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી,

(૧)

| મળેલ અરજી |
|---|
| સંસ્થા -૦૪ |
| યુગલ -૧૨૦ |

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને

(૨)

| મંજૂર અરજી |
|---|
| સંસ્થા -૦૪ |
| યુગલ -૧૦૭ |

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૩)

| ચૂકવેલ સહાય |
|---|
| સંસ્થા - રૂ.૧.૬૬ લાખ |
| યુગલ - રૂ.૧૦.૭૦ લાખ |
| કુલ રૂ.૧૨.૩૬ લાખ |

---------

<#SB/મહેસાણા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ/SB#>

<#M/* ૨૯૭૮૨ શ્રી નારાયણભાઈ પટેલ/M#> (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૦૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી? | (૨) ૧૭૯૩ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે તમામ લાભાર્થીઓને રૂ.૨૨,૪૨,૦૦૦/- (અંકે રૂપિયા |

બાવીસ લાખ બેંતાલીસ હજાર પુરા)ની શિષ્યવૃતિ ચુકવવામાં આવેલ છે.

---------

<#SB/ડાકોર યાત્રાધામનો વિકાસ/SB#>

<#M/* ૨૯૭૫૮ શ્રી ભૂષણ ભટ્ટ/M#> (જમાલપુર-ખાડિયા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ડાકોર યાત્રાધામના વિકાસ અર્થે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ડાકોર યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં નીચેની કામગીરી કરવામાં આવી.

- પાર્કીંગ અને શૌચાલય
- ૫૬ દુકાનો સાથેનું શોપીંગ સેન્ટર
- ગોમતીઘાટનો વિકાસ-ગજેબો અને છત્રી
- ગોમતીઘાટ ઉપરના શૌચાલય અને સ્નાનાગારનુ રીનોવેશન
- સ્ટોનનુ પીંડદાન સ્ટ્રક્ચર
- ડોનબોસ્કો સ્કુલથી પાર્કીંગ એરીયા સુધીનો રોડ
- ગાર્ડન એરીયા

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૧૫ | ૪૯૫.૮૪ |
| ૨૦૧૬ | ૧૩૫૪.૬૬ |

---------

<#SB/બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી/SB#>

<#M/* ૩૧૮૦૪ શ્રી જોઈતાભાઈ પટેલ/M#> (ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા એકમોએ, સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ નોંધાયું, અને

(૩) ઉક્ત ઉલ્લંઘન કરનાર એકમો સામે ઉક્ત સ્થિતિએ શું પગલા લેવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| અપાયેલ રોજગારી | |
|---|---|
| વર્ષ | રોજગારી |
| ૨૦૧૫ | ૨૭૮૯ |
| ૨૦૧૬ | ૪૩૫૬ |

(૨) એકપણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

<#SB/કચ્છ જિલ્લામાં વિધવાઓને સહાય/SB#>

<#M/* ૨૯૮૩૫ શ્રીમતી નિમિષાબેન સુથાર/M#> (મોરવા હડફ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

જવાબ

(૧) કુલ ૧૧૨૭ અરજીઓ મળી.

(૨) ૯૪૯ અરજીઓ મંજૂર અને ૧૬૨ અરજીઓ નામંજૂર કરી.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ

---------

<#SB/તાપી જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય/SB#>

<#M/* ૨૯૭૮૫ શ્રી મોહનભાઈ ઢોડીયા /M#> (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૨૪

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વ્યારા | ૨૨ |
| ૨ | વાલોડ | ૩૫ |
| ૩ | ડોલવણ | ૧૫ |
| ૪ | સોનગઢ | ૮૭ |
| ૫ | ઉચ્છલ | ૨૯ |
| ૬ | નિઝર | ૩૧ |
| ૭ | કુકરવંડા | ૫ |
| | કુલ | ૨૨૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી,

(૨) ૧૭૦

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | વ્યારા | ૧૩ |
| ૨ | વાલોડ | ૩૪ |
| ૩ | ડોલવણ | ૧૦ |
| ૪ | સોનગઢ | ૭૭ |
| ૫ | ઉચ્છલ | ૮ |
| ૬ | નિઝર | ૨૫ |
| ૭ | કુકરવંડા | ૩ |
| | કુલ | ૧૭૦ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને

(૩) ૫૪

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | વ્યારા | ૯ |
| ૨ | વાલોડ | ૧ |
| ૩ | ડોલવણ | ૫ |
| ૪ | સોનગઢ | ૧૦ |
| ૫ | ઉચ્છલ | ૨૧ |
| ૬ | નિઝર | ૬ |
| ૭ | કુકરવંડા | ૨ |
| | કુલ | ૫૪ |

(૪) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શું છે?

(૪) નામંજૂરીના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| નામંજૂરીના કારણો | સંખ્યા |
|---|---|
| પુખ્ત વયનો પૂત્ર હોવાથી | ૨૬ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૬ |
| પૂરાવા રજૂ કરેલ ન હોવાથી | ૧૨ |
| કુલ | ૫૪ |

---------

<#SB/ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ/SB#>

<#M/* ૨૯૭૭૨ શ્રીમતી ભાવનાબેન મકવાણા/M#> (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૯૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૯૪ |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, | (૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વસ્તીના ધોરણે અનુક્રમે ૩૬૨૨ અને ૧૦૬૮ આંગણવાડી છે જે હાલનાં તબક્કે પૂરતા પ્રમાણમાં છે. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે અને કેટલી આંગણવાડીઓની ઘટ છે, અને | (૨)<br>• અમદાવાદ જિલ્લામાં તમામ ૩૬૨૨ અને ગાંધીનગર જિલ્લામાં તમામ ૧૦૬૮<br>• આંગણવાડીઓની સંખ્યા પર્યાપ્ત હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

<#SB/અસ્પૃશ્યતા અંગે સેપ્ટનો અહેવાલ/SB#>

<#M/* ૩૧૬૩૮ શ્રી રાઘવજી પટેલ/M#> (જામનગર–ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દલીતો સામે અસ્પૃશ્યતા અંગે સેપ્ટ યુનિવર્સિટીનો અહેવાલ તા.૧૭–૪–૨૦૧૩ ના રોજ રાજ્ય સરકારને મળેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ સરકાર દ્વારા તેને પ્રસિદ્ધ કરવામાં આવ્યો નથી તેના શા કરાણો છે ? | (૨) આ બાબતમાં સેપ્ટને વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે અહેવાલ આપવા જણાવેલ હોઇ પ્રસિદ્ધ કરવો કાયદાકીય રીતે આવશ્યક નથી. |

---------

<#SB/વલસાડ જિલ્લામાં કીટ્સની વહેંચણી/SB#>

<#M/* ૨૯૭૬૫ શ્રી રમણલાલ પાટકર/M#> (ઉમરગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ જિલ્લામાં વિકસતી જાતિના લોકોને નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી ? | ૧૨૫ લાભાર્થી. |

---------

આણંદ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

* ૩૧૧૬૫ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૩૮૦. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૬૦. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૪.૩૦ લાખ. |

---------

વલસાડ જિલ્લામાં શ્રમિકોને આવાસ સહાય

* ૨૯૫૦૬ શ્રી ઇશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર શ્રમિકોને આવાસ બનાવી આપવાની યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા શ્રમિકોને આવાસો બનાવવા સહાય આપવામાં આવી, અને | (૧) કોઇ સહાય આપવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલી રકમની સહાય આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો

* ૨૯૪૯૯ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓ કાર્યરત છે. |

છે,

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત આં.વા. કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાંતા | ૨૮૪ |
| ૨ | વાવ | ૨૮૭ |
| ૩ | થરાદ | ૩૫૨ |
| ૪ | દિયોદર | ૨૦૯ |
| ૫ | શિહોરી | ૨૯૨ |
| ૬ | ધાનેરા | ૧૯૫ |
| ૭ | ડીસા | ૫૫૬ |
| ૮ | પાલનપુર | ૪૨૦ |
| ૯ | વડગામ | ૩૦૨ |
| ૧૦ | અમીરગઢ | ૨૦૩ |
| ૧૧ | ભાભર | ૧૩૫ |
| ૧૨ | દાંતીવાડા | ૧૨૯ |

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, અને

(૨) ૨૯૪૮.

(૩) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેને પોતાના મકાન આપવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલા લીધા ?

(૩) ઉક્ત સ્થિતિએ ૧૬૩ આંગણવાડીઓના મકાન બાંધકામ ચાલુમાં છે, ૧૩૦ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થયેલ છે તથા ૧૨૪ આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં શ્રમિકોને આવાસ સહાય

* ૨૯૪૯૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોની નોંધણી કરવામાં આવેલ છે, અને

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૪,૦૩૯ |
| પંચમહાલ | ૧૩,૩૯૯ |

(૨) તે પૈકી કેટલા બાંધકામ શ્રમિકોને ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર આવાસ બાંધવા માટે સહાય ચુકવવામાં આવી ?

(૨) કોઇ સહાય ચુકવવામાં આવેલ નથી.

---------

તાપી જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો

* ૨૯૮૩૮ શ્રી કાંતિલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ તાપી જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને

(૧) ૬.

(૨) વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

(૨) ૧૬૦૨૬.

---------

તાપી અને વલસાડ જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૨૯૨૫૦ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

જવાબ

(૧) ૬૨૯૫

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં મળેલ અરજી | તા.૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં મળેલ અરજી | કુલ મળેલ અરજી |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૧૨૪૭ | ૧૧૨૨ | ૨૩૬૯ |
| ૨ | વલસાડ | ૨૧૪૦ | ૧૭૮૬ | ૩૯૨૬ |
| | કુલ | ૩૩૮૭ | ૨૯૦૮ | ૬૨૯૫ |

(૨) ૫૧૦૧

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં મંજૂર અરજી | તા.૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં મંજૂર અરજી | કુલ મંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૬૯૪ | ૫૯૮ | ૧૨૯૨ |
| ૨ | વલસાડ | ૨૦૭૮ | ૧૭૩૧ | ૩૮૦૯ |
| | કુલ | ૨૭૭૨ | ૨૩૨૯ | ૫૧૦૧ |

(૩) ૧૦૧૫

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં નામંજૂર અરજી | તા.૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં નામંજૂર અરજી | કુલ નામંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૫૫૩ | ૩૫૩ | ૯૦૬ |
| ૨ | વલસાડ | ૫૪ | ૫૫ | ૧૦૯ |
| | કુલ | ૬૦૭ | ૪૦૮ | ૧૦૧૫ |

---------

હિંમતનગર આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો

* ૨૯૭૯૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬માં હિંમતનગર આર.ટી.ઓ.માં કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૬માં હિંમતનગર(સાબરકાંઠા) આર.ટી.ઓ.માં કુલ ૧૮૧૦ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા.

(૨) તે અન્વયે કુલ રૂ.૬૬,૭૦,૬૦૦/- દંડની રકમ વસુલવામાં આવી.

---------

વડોદરા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તી

* ૨૯૮૪૨ શ્રી કેતનભાઇ ઇનામદાર (સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧) ૭૮૦.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૮૦. |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી? | (૩) કુલ ૭૮૦ લાભાર્થીઓને રૂ. ૧૦,૦૩,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ ત્રણ હજાર પુરા) ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે. |

---------

ગીર સોમનાથ જિલ્લામાં આંગણવાડીઓ

* ૩૧૧૨૬ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, | (૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગીર સોમનાથ જિલ્લામાં વસ્તીના ધોરણે ૧૧૬૮ આંગણવાડી છે.જે પૂરતા પ્રમાણમાં છે |
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે અને કેટલી આંગણવાડીની ઘટ છે, | (૨) તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓની સંખ્યા નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | તલાલા | ૧૨૭ |
| ૨ | ઉના/ગીર ગઢડા | ૩૭૩ |
| ૩ | વેરાવળ | ૩૨૪ |
| ૪ | કોડીનાર | ૨૨૫ |
| ૫ | સુત્રાપાડા | ૧૧૯ |
| | કુલ | ૧૧૬૮ |

- આંગણવાડીઓની સંખ્યા પર્યાપ્ત છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ઘટતી આંગણવાડીઓ પૈકી છેલ્લાં એક વર્ષમાં તાલુકાવાર કેટલી નવી આંગણવાડીઓ બનાવવામાં આવી,અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ બાકી ઘટતી આંગણવાડીઓ કયા સુધીમાં બનાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વલસાડ અને ડાંગ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં મહેકમ

* ૩૦૪૬૭ શ્રી જીતુભાઇ ચૌધરી(કપરાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં આવેલ રોજગાર વિનિમય કચેરીઓમાં મંજૂર મહેકમ મુજબ સ્ટાફ ભરવામાં આવેલ છે કેમ, અને | (૧) ના જી. |
| (૨) જો ના, તો ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) ખાલી જગ્યાઓ વહીવટી અનુકુળતાએ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે. |

---------

જુનાગઢ જિલ્લામાં આંગણવાડીઓ

* ૩૦૪૪૧ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, | (૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ જુનાગઢ જિલ્લામાં વસ્તીના ધોરણે ૧૪૨૬ આંગણવાડી છે.જે પૂરતા પ્રમાણમાં છે |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે અને કેટલી આંગણવાડીની ઘટ છે, અને | (૨) તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓ નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૯૪ |

| | | |
|---|---|---|
| ૨ | માણાવદર | ૧૩૭ |
| ૩ | વંથલી | ૧૨૩ |
| ૪ | માંગરોળ | ૧૭૪ |
| ૫ | ભેસાણ | ૭૯ |
| ૬ | જુનાગઢ–૧ | ૧૭૯ |
| ૭ | જુનાગઢ–૨ | ૧૩૫ |
| ૮ | માળીયા | ૧૭૬ |
| ૯ | મેદરડા | ૮૯ |
| ૧૦ | વિસાવદર | ૧૪૦ |
| | કુલ | ૧૪૨૬ |

- આંગણવાડીઓની સંખ્યા પર્યાપ્ત હોઈ ઘટનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) ઉક્ત સ્થિતિએ ઘટતી આંગણવાડીઓ કયા સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૨૯૫૧૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કયા યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી, અને

(૨) તે અન્વયે કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહી ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ | ફાળવેલ રકમ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| સાબરકાંઠા | ..... | ..... | ..... |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વપરાયેલ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૨૦૧૫ | ..... | ..... |
| | ૨૦૧૬ | ..... | ..... |
| અરવલ્લી | ૨૦૧૫ | ૧૪૮.૭૪ | ૩૫૧.૨૬ |

---------

રાજકોટ આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો

* ૨૯૮૦૩ શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬માં રાજકોટ આર.ટી.ઓ.માં કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૬માં રાજકોટ આર.ટી.ઓ.માં કુલ ૬૯૫૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા.

(૨) તે અન્વયે કુલ રૂ.૯૩,૫૯,૭૯૬/– દંડની રકમ વસુલવામાં આવી.

---------

બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય

* ૨૯૭૭૯ શ્રી પરબતભાઇ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૫૦૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૫૨. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૩) કુલ ૪૫૨ લાભાર્થીઓને રૂ. ૭,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ વીસ હજાર પુરા) ની સહાય ચુકવવામાં આવી. |

---------

સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૩૨૦૪૮ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૮માં ભણતા કેટલા બાળકોને તાલુકાવાર શિષ્યવૃત્તિ આપવાની બાકી છે, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૮ માં ભણતા કોઇપણ બાળકને કોઇપણ તાલુકામાં શિષ્યવૃત્તિ આપવાની બાકી નથી. |
| (૨) ઉક્ત શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત શિષ્યવૃત્તિ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

એસ.ટી. બસોમાં ભાડામાં ઘટાડો

* ૩૦૭૮૧ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એસ.ટી. બસોના મુસાફરી ભાડા ઘટાડવા માટે કેટલી દરખાસ્તો સરકારને મળી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એસ.ટી. બસોના મુસાફરી ભાડા ઘટાડવા માટે નિગમ તરફથી એક દરખાસ્ત તા.૨૯-૦૧-૨૦૧૫ના રોજ મળેલ. |
| (૨) ઉકત મળેલ દરખાસ્તો અંગે ઉકત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ઉકત મળેલ દરખાસ્તનો સક્ષમ કક્ષાએ જરૂરી ચર્ચા વિચારણા અને જે તે સમયની પરિસ્થિતિ અન્વયે યોગ્ય નિકાલ કરવામાં આવેલ છે. દરખાસ્ત આજની સ્થિતિએ પડતર નથી. |

---------

ભિલોડા અને મેઘરજ તાલુકામાં વિકલાંગોને ટ્રાયસિકલ

* ૩૨૦૪૯ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં ૫૦ ટકાથી ઉપરની વિકલાંગતા ધરાવતી કેટલી વ્યકિતઓ તાલુકાવાર છે, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | કુલ વ્યકિત |
|---|---|
| ભિલોડા | ૩૯૧ |
| મેઘરજ | ૩૩૨ |
| કુલ | ૭૨૩ |

પ્રશ્ન

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ પગની વિકલાંગતાના કારણે ચાલી ન શકતી કેટલી અપંગ

જવાબ

(૨)

| તાલુકાનું | વર્ષ | લાભાર્થીની | રકમ |
|---|---|---|---|

વ્યકિતઓને સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર ટ્રાયસીકલની સહાય કે ટ્રાયસીકલ આપી ?

| નામ | | સંખ્યા | |
|---|---|---|---|
| ભિલોડા | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ | ૪ | ૨૪,૦૦૦/- |
| | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ | ૬ | ૩૬,૦૦૦/- |
| મેઘરજ | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ | ૨ | ૧૨,૦૦૦/- |
| | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ | ૬ | ૩૬,૦૦૦/- |
| | કુલ | ૧૮ | ૧,૦૮,૦૦૦/- |

---------

રાજ્યમાં ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફોરમેશન સેન્ટર

* ૨૯૮૩૩ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ''ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફોરમેશન સેન્ટર'' કાર્યરત છે, અને | (૧) ૦૩. |
| (૨) ક્યા જિલ્લામાં કાર્યરત છે ? | (૨) અમદાવાદ, વડોદરા તથા રાજકોટ. |

---------

ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં આઉટસોર્સિંગ એજન્સી દ્વારા પી.એફ. કપાત

* ૩૧૭૫૫ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે આવેલ વિભાગ હસ્તકની કચેરીઓમાં આઉટ સોર્સિંગથી સેવા પુરી પાડતી એજન્સીઓમાંથી કેટલી અને કઈ એજન્સી દ્વારા તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ તેમાં કામ કરતા કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ જમા કરાવવામાં આવતું નથી ? | • પ્રોવિડન્ટ ફંડ જમા ન કરાવનાર આઉટ સોર્સિંગ એજન્સીઓની સંખ્યા - ૩<br>• પ્રોવિડન્ટ ફંડ જમા ન કરાવનાર આઉટ સોર્સિંગ એજન્સીઓ-(૧) મે.દિપક એસ.સુતરીયા, અમદાવાદ.<br>(૨) હિન્દુસ્તાન સિકયોરીટી એન્ડ ડીટેકટીવ, ગાંધીનગર<br>(૩) એ.બી. એન્ટરપ્રાઈઝ, મહેસાણા. |

---------

વઘઈ ખાતે આર.ટી.ઓ. કચેરી માટે જમીન સંપાદન

* ૩૦૯૩૭ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વઘઈ ખાતે આવેલ આર.ટી.ઓ. કચેરી માટે જમીન સંપાદનની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વઘઈ ખાતે આવેલ એ.આર.ટી.ઓ માટે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાની નજીકમાં ગોંડલવિહીરી ગામની સરકારી પડતર જમીન મેળવવાની દરખાસ્ત કલેકટરશ્રી ડાંગને તા.૦૩-૦૧-૨૦૧૭ના રોજ કરવામાં આવી છે. આમ જમીન સંપાદન કાયદા હેઠળ જમીન મેળવવાની નથી. |
| (૨) ઉકત કામગીરી કેટલા સમયમાં પુર્ણ થશે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

---------

વડોદરા જિલ્લામાં સમરસ છાત્રાલયો

* ૨૯૭૬૮ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલા સમરસ છાત્રાલયો છે, | (૧) ૧(એક) કુમાર અને ૧ (એક) કન્યા. |
| (૨) ઉકત છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૧૦૦૦ કુમાર અને ૧૦૦૦ કન્યા, કુલ ૨૦૦૦ |
| (૩) ૨૦૧૬-૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૬ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૮૫૦ વિદ્યાર્થીઓને અને ૪૧૮ વિદ્યાર્થીનીઓને |
| (૪) ઉકત છાત્રાલયોમાં શી સગવડો આપવામાં આવે છે? | (૪) વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને મુખ્યત્વે વિના મૂલ્ય રહેવા જમવાની સગવડ, વાંચનાલય, વિઝીટીંગ રૂમની સગવડ આપવામાં આવે છે. |

---------

ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૨૯૭૬૧ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ વિકસતી જાતિની વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) કુલ ૨,૩૮,૪૬૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૨,૩૮,૪૬૪ વિદ્યાર્થીઓને રૂ.૭,૧૫,૩૯,૨૦૦/- ની સહાય ચૂકવવામાં આવી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓમાં પીવાનું પાણી અને શૌચાલય

* ૩૧૯૮૨ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ આંગણવાડીઓ પૈકી તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓમાં પીવાના પાણી અને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ આંગણવાડીઓ પૈકી તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ તમામ આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે અને ૩૭૧ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને |
| (૨) ઉકત બાકી આંગણવાડીઓમાં ઉકત સુવિધાઓ કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના

* ૨૯૭૭૮ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ-ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવેલ છે, અને | (૧) ૧૧૨ |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૮૧ લાભાર્થીઓને રૂ.૩,૮૯,૪૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ નેવ્યાસી હજાર ચારસો પુરા) ની સહાય ચુકવવામાં આવેલ છે. |

---------

રાજકોટ જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૯૭૭૫ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૪૧૫ |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વીંછીયા | ૦૧ |
| ૨ | જસદણ | ૦૯ |
| ૩ | જામકંડોરણા | ૦૪ |
| ૪ | ધોરાજી | ૨૬ |
| ૫ | ઉપલેટા | ૧૦ |
| ૬ | જેતપુર | ૨૯ |
| ૭ | ગોંડલ | ૫૯ |
| ૮ | રાજકોટ તાલુકા | ૧૮ |
| ૯ | રાજકોટ પૂર્વ | ૧૦૬ |
| ૧૦ | રાજકોટ પશ્ચિમ | ૩૧ |
| ૧૧ | રાજકોટ દક્ષિણ | ૧૦૨ |
| ૧૨ | કોટડાસાંગાણી | ૦૨ |
| ૧૩ | લોધીકા | ૧૨ |
| ૧૪ | પડધરી | ૦૬ |
| | કુલ | ૪૧૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી,

(૨) ૨૪૯

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | વીંછીયા | ૦૦ |
| ૨ | જસદણ | ૦૮ |
| ૩ | જામકંડોરણા | ૦૧ |
| ૪ | ધોરાજી | ૧૩ |
| ૫ | ઉપલેટા | ૦૨ |
| ૬ | જેતપુર | ૦૭ |
| ૭ | ગોંડલ | ૫૧ |
| ૮ | રાજકોટ તાલુકા | ૧૦ |
| ૯ | રાજકોટ પૂર્વ | ૪૮ |
| ૧૦ | રાજકોટ પશ્ચિમ | ૨૬ |
| ૧૧ | રાજકોટ દક્ષિણ | ૭૧ |
| ૧૨ | કોટડાસાંગાણી | ૦૨ |
| ૧૩ | લોધીકા | ૦૬ |
| ૧૪ | પડધરી | ૦૪ |
| | કુલ | ૨૪૯ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને

(૩) ૧૩૯

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | વીંછીયા | ૦૧ |
| ૨ | જસદણ | ૦૧ |
| ૩ | જામકંડોરણા | ૦૩ |
| ૪ | ધોરાજી | ૧૧ |
| ૫ | ઉપલેટા | ૦૩ |
| ૬ | જેતપુર | ૨૨ |
| ૭ | ગોંડલ | ૦૮ |
| ૮ | રાજકોટ તાલુકા | ૦૭ |
| ૯ | રાજકોટ પૂર્વ | ૪૨ |

| | | |
|---|---|---|
| ૧૦ | રાજકોટ પશ્ચિમ | ૦૨ |
| ૧૧ | રાજકોટ દક્ષિણ | ૩૧ |
| ૧૨ | કોટડાસાંગાણી | ૦૦ |
| ૧૩ | લોધીકા | ૦૬ |
| ૧૪ | પડધરી | ૦૨ |
| | કુલ | ૧૩૯ |

(૪) અરજીઓ નામંજૂર થવાનાં મુખ્યત્વે કારણો શું છે?

(૪) મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી | ૬૦ |
| મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી | ૪૧ |
| કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી હોવાથી | ૦૧ |
| અરજી સાથે જરૂરી આધાર પુરાવા રજૂ કરેલ ન હોવાથી | ૦૭ |
| બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૩૦ |
| કુલ | ૧૩૯ |

---------

સુરત જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના

* ૨૯૭૬૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી,

(૧)

| મળેલ અરજી |
|---|
| સંસ્થા –૧૩ |
| યુગલ –૫૯૧ |

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને

(૨)

| |
|---|
| તમામ ૧૩ સંસ્થાઓની |
| તમામ ૫૯૧ યુગલોની |

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૩)

| ચૂકવેલ સહાય |
|---|
| સંસ્થા – રૂ.૫.૪૮ લાખ |
| યુગલ – રૂ.૫૯.૧૦ લાખ |
| કુલ રૂ.૬૪.૫૮ લાખ |

---------

બનાસકાંઠા જિલ્લામાં પોતાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૯૬૮૪ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની આંગણવાડીઓ કાર્યરત છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત આં.વા કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાંતા | ૨૮૪ |
| ૨ | વાવ | ૨૮૭ |
| ૩ | થરાદ | ૩૫૨ |

| | | |
|---|---|---|
| ૪ | દિયોદર | ૨૦૯ |
| ૫ | શિહોરી | ૨૯૨ |
| ૬ | ધાનેરા | ૧૯૫ |
| ૭ | ડીસા | ૫૫૬ |
| ૮ | પાલનપુર | ૪૨૦ |
| ૯ | વડગામ | ૩૦૨ |
| ૧૦ | અમીરગઢ | ૨૦૩ |
| ૧૧ | ભાભર | ૧૩૫ |
| ૧૨ | દાંતીવાડા | ૧૨૯ |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૨) તે પૈકી ૨૯૪૮ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને ૪૧૭ આંગણવાડીઓને પોતાના મકાનો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી અને ભાડાના મકાનમાં ચાલે છે તેમને મકાન બનાવવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા?

(૩) ઉક્ત સ્થિતિએ ૧૬૩ આંગણવાડીઓના મકાન બાંધકામ ચાલુમાં છે, ૧૩૦ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થયેલ છે તથા ૧૨૪ આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૩૧૧૮૪ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૧૧૦ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૫૦૭૩ |

---------

મહેસાણા જિલ્લામાં ઓવરલોડ વાહનો પાસેથી દંડ

* ૩૧૯૭૪ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ઓવરલોડ માટી/રેતી ભરી જતા કયા પ્રકારના કેટલા વાહનો પકડવામાં આવ્યા, | (૧) સામેલ પત્રક ૧ મુજબ. |
| (૨) તે અન્વયે કેટલા ઇસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા,અને | (૨) તે અન્વયે પકડાયેલ વાહન માલિકો પાસેથી રૂ. ૧૩,૭૫,૦૦૦/-ની માંડવાળફી વસુલ કરવામાં આવેલ છે તેમજ આઠ ચાલકોના ડ્રાઈવીંગ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત પકડાયેલ વાહનો અન્વયે ઉકત તાલુકાવાર કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૩) સામેલ પત્રક ૨ મુજબ. |

પત્રક :૧

| તાલુકાનું નામ | કેસોની સંખ્યા | વાહનનો પ્રકાર |
|---|---|---|
| મહેસાણા | ૭૩ | ડમ્પર |
| વિસનગર | ૬૮ | ડમ્પર |
| ઉંઝા | ૪૫ | ડમ્પર |
| બેચરાજી | ૪ | ડમ્પર |

| | | |
|---|---|---|
| જોટાણા | ૩ | ડમ્પર |
| ખેરાલુ | ૫૫ | ડમ્પર |
| વડનગર | ૧૨ | ડમ્પર |
| સતલાસણા | ૧૦ | ડમ્પર |
| વિજાપુર | ૭૦ | ડમ્પર |
| કડી | ૪૫ | ડમ્પર |
| કુલ | ૩૮૫ | |

પત્રક :૨

| તાલુકાનું નામ | વસુલ કરેલ દંડ |
|---|---|
| મહેસાણા | ૨,૬૨,૦૦૦ |
| વિસનગર | ૨,૪૧,૦૦૦ |
| ઉંઝા | ૧,૫૮,૦૦૦ |
| બેચરાજી | ૧૭,૦૦૦ |
| જોટાણા | ૧૧,૫૦૦ |
| ખેરાલુ | ૧,૯૮,૦૦૦ |
| વડનગર | ૪૪,૫૦૦ |
| સતલાસણા | ૩૬,૦૦૦ |
| વિજાપુર | ૨,૪૬,૦૦૦ |
| કડી | ૧,૬૧,૦૦૦ |
| કુલ | ૧૩,૭૫,૦૦૦ |

---------

આણંદ જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૯૮૭૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

જવાબ

(૧) ૧૯૯૩ આંગણવાડીઓ નીચે મુજબ તાલુકાવાર કાર્યરત છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૬૭ |
| ૨ | ઉમરેઠ | ૨૦૪ |
| ૩ | બોરસદ | ૪૦૫ |
| ૪ | આંકલાવ | ૧૫૭ |
| ૫ | પેટલાદ | ૨૭૨ |
| ૬ | સોજીત્રા | ૧૦૭ |
| ૭ | ખંભાત | ૨૭૯ |
| ૮ | તારાપુર | ૧૦૨ |
| | કુલ | ૧૯૯૩ |

પ્રશ્ન

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વસ્તીના ધોરણે કેટલી નવી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કેટલા સમયમાં પુરી થશે?

જવાબ

(૨) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ આંગણવાડીઓની સંખ્યા હાલના તબક્કે પર્યાપ્ત છે.

---------

અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૩૦૩૩૩ શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષવાર કેટલા શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારો નોંધાયા,

(૧)

| ક્રમ | છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ બેરોજગારો | | |
|---|---|---|---|
| | શિક્ષિત/અશિક્ષિત | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ |
| ૧ | શિક્ષિત | ૫૦૯૩૯ | ૪૦૬૮૫ |
| ૨ | અશિક્ષિત | ૬૦૦૮ | ૨૧૩૪ |

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અશિક્ષિત નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | ઉક્ત નોંધણી પૈકી અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|
| | શિક્ષિત/અશિક્ષિત | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ |
| ૧ | શિક્ષિત | ૧૮૮૪૭ | ૧૪૪૪૩ |
| ૨ | અશિક્ષિત | ૨૫૯૩ | ૯૬૪ |

(૩) તે પૈકી સરકારી નોકરી કેટલાને મળી?

(૩)

| ક્રમ | ઉક્ત રોજગારી પૈકી મળેલ સરકારી નોકરી | | |
|---|---|---|---|
| | શિક્ષિત/અશિક્ષિત | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ |
| ૧ | શિક્ષિત | ૦૧ | ૦૦ |
| ૨ | અશિક્ષિત | ૦૦ | ૦૦ |

---------

જામનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

* ૩૧૧૬૬ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૪૯૦ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૯૦ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૪૯.૦૦ લાખ |

---------

ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૩૧૧૮૧ શ્રી છત્રસિંહ મોરીજી(જંબુસર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ ખાતે કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૯૬૧૪ (જીવંત રજીસ્ટર મુજબ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૦૬૩૬ |

---------

બનાસકાઠાં જિલ્લામાં બાળકોમાં કૂપોષણ

* ૩૧૬૫૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાઠાં જિલ્લામાં તા.૩૧-૧૨- | (૧) તાલુકાવાર કુપોષિત બાળકોની માહિતી નીચે મુજબ |

૨૦૧૬ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે,

છે,

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૪૮૯ | ૬૪ | ૫૫૩ |
| ૨ | વાવ | ૧૮૩ | ૨૯ | ૨૧૨ |
| ૩ | થરાદ | ૧૧૬૯ | ૧૦૪ | ૧૨૭૩ |
| ૪ | દિયોદર | ૧૦૩ | ૧૪ | ૧૧૭ |
| ૫ | શિહોરી | ૭૪૭ | ૧૬૩ | ૯૧૦ |
| ૬ | ધાનેરા | ૫૭૫ | ૯૬ | ૬૭૧ |
| ૭ | ડીસા | ૬૫૬ | ૯૦ | ૭૪૬ |
| ૮ | પાલનપુર | ૬૦૫ | ૧૪૩ | ૭૪૮ |
| ૯ | વડગામ | ૩૭૨ | ૭૦ | ૪૪૨ |
| ૧૦ | અમીરગઢ | ૧૫૯૮ | ૧૪૬ | ૧૭૪૪ |
| ૧૧ | ભાભર | ૫૮ | ૨૨ | ૮૦ |
| ૧૨ | દાંતીવાડા | ૧૭૨ | ૪૫ | ૨૧૭ |
| | કુલ | ૬૭૨૭ | ૯૮૬ | ૭૭૧૩ |

(૨) તે પૈકી કેટલા બાળકો ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા છે, અને

(૨) ઓછા વજનવાળા બાળકો = ૬૭૨૭
અતિ ઓછા વજનવાળા બાળકો = ૯૮૬

(૩) ઉપરોક્ત કુપોષિત બાળકો પૈકી કેટલા બાળકોને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુપોષણથી મુક્ત કર્યા?

(૩) છેલ્લા એક વર્ષમાં ૪૧૨૬/– બાળકોને કુપોષણથી મુક્ત કર્યા(ડિસેમ્બર–૧૫ થી ડિસેમ્બર–૧૬ સુધીમાં)

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૩૧૧૫૭ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન છે,

(૧) તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓને ગેસ કનેકશન છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગેસ કનેકશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૯૦ |
| ૨ | લખત્તર | ૭૫ |
| ૩ | પાટડી–૧ | ૧૪૫ |
| ૪ | પાટડી–૨ | ૪૫ |
| ૫ | સાયલા | ૮૯ |
| ૬ | લીંબડી | ૧૩૯ |
| ૭ | ધ્રાંગધ્રા | ૨૧૨ |
| ૮ | વઢવાણ–૧ | ૧૩૮ |
| ૯ | વઢવાણ–૨ | ૧૫૦ |
| ૧૦ | ચુંડા | ૮૨ |
| ૧૧ | મુળી | ૮૮ |
| | કુલ | ૧૩૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે,અને

(૨) ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓ કુલ – ૨ (બે) છે.

| ક્રમ | ઘટકનું નામ | ગેસ કનેકશન ન ધરાવતા આં.કે.ની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | ૧ |
| ૨ | પાટડી–૨ | ૧ |
| | કુલ | ૨ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સેસ પેટે જમા રકમમાંથી ખર્ચ

* ૨૯૬૯૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા પ્રમાણે વેલફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૧) કુલઃ રૂ.૧૫૨૪.૩૬/– કરોડ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા | વાપરવામાં આવેલ રકમ(રૂ.) |
|---|---|---|
| ૨૦૧૫ | મહીસાગર | ૬.૬૮ |
| | પંચમહાલ | ૦ |
| ૨૦૧૬ | મહીસાગર | ૫.૭૩ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ બાળકો

* ૩૦૨૮૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓમાં નોંધાયેલ બાળકોની સંખ્યા કેટલી છે ?

| જામનગર – (૦ થી ૬ વર્ષના નોંધાયેલ બાળકો) | | |
|---|---|---|
| અનુ. નં. | જિલ્લા | (૦ થી ૬ વર્ષના નોંધાયેલ બાળકોની સંખ્યા) |
| ૧ | જામનગર અર્બન ૧ | ૧૨૦૬૨ |
| ૨ | જોડીયા | ૫૪૦૪ |
| ૩ | જામનગર રૂરલ ૧ | ૮૫૪૪ |
| ૪ | જામનગર અર્બન ૨ | ૧૧૫૩૬ |
| ૫ | ધ્રોલ | ૫૭૮૪ |
| ૬ | જામનગર રૂરલ ૨ | ૧૦૨૬૨ |
| ૭ | લાલપુર | ૧૦૦૯૦ |
| ૮ | જામજોધપુર | ૮૭૮૮ |
| ૯ | કાલાવાડ | ૯૯૩૮ |
| | જામનગર – ટોટલ | ૮૨૪૦૮ |

| દેવભૂમિ દ્વારકા –( ૦ થી ૬ વર્ષના નોંધાયેલ બાળકો) | | |
|---|---|---|
| ૧ | કલ્યાણપુર | ૨૨૩૭૭ |

| | | |
|---|---|---|
| ૨ | દ્વારકા | ૧૦૭૩૨ |
| ૩ | જામ ખંભાળિયા | ૧૬૭૬૦ |
| ૪ | ભાણવડ | ૮૧૪૮ |
| | દેવભૂમિ દ્વારકા – ટોટલ | ૫૮૦૧૭ |
| | (જામનગર + દેવભૂમિ દ્વારકા) કુલ ટોટલ | ૧૪૦૪૨૫ |

---------

ભાવનગર આર.ટી.ઓ. માં ખાલી જગ્યાઓ

* ૩૦૯૫૯ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ પત્રક ૧ મુજબ છે.

પત્રક–૧

| અ.નં | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૬ |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૭ | જનસંપર્ક અધિકારી | ૦૨ |
| ૮ | હેડ ક્લાર્ક | ૦૩ |
| ૯ | સીનીયર ક્લાર્ક | ૦૬ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૨૪ |
| ૧૧ | હિસાબનીશ | ૦૧ |
| ૧૨ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૩ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૪ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૫ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૬ | નાયક | ૦૧ |
| ૧૭ | પટાવાળા | ૦૯ |
| ૧૮ | વોચમેન | ૦૧ |
| | કુલ | ૬૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત પત્રક ૨ મુજબ છે.

પત્રક–૨

| અ.નં | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | – |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | – | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વહીવટી અધિકારી | – | ૦૧ |
| ૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ | ૦૩ |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ | ૦૪ |
| ૭ | જનસંપર્ક અધિકારી | ૦૧ | ૦૧ |
| ૮ | હેડ ક્લાર્ક | ૦૨ | ૦૧ |
| ૯ | સીનીયર ક્લાર્ક | ૦૬ | – |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૧૨ | ૧૨ |
| ૧૧ | હિસાબનીશ | ૦૧ | – |
| ૧૨ | સબ ઓડીટર | – | ૦૧ |
| ૧૩ | સર્કલ ઓફીસર | – | ૦૧ |
| ૧૪ | આંકડા મદદનીશ | ૦૧ | – |
| ૧૫ | ડ્રાઈવર | – | ૦૧ |
| ૧૬ | નાયક | – | ૦૧ |
| ૧૭ | પટાવાળા | ૦૪ | ૦૫ |
| ૧૮ | વોચમેન | ૦૧ | – |
| | કુલ | ૩૬ | ૩૩ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

જૂનાગઢ જિલ્લામાં લઘુતમ વેતન અને બાળમજૂર ધારાનો ભંગ

* ૩૦૦૮૧ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં લઘુતમ વેતન ધારા અને બાળમજૂર ધારા ભંગના કેટલા કિસ્સા નોધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ લઘુતમ વેતન કરતા ઓછું વેતન આપનાર અને બાળ મજૂરને કામે રાખનાર ઈસમો સામે ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લામાં શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વર્ષ–૨૦૧૫માં લઘુત્તમ વેતન ધારા ભંગના અને બાળ મજૂર ધારા ભંગના કોઈ કિસ્સા નોંધાયા નથી. વર્ષ–૨૦૧૬માં લઘુત્તમ વેતન ધારા ભંગના કોઈ કિસ્સા નોંધાયા નથી. તથા વર્ષ–૨૦૧૬માં બાળ મજૂર ધારા ભંગના ૦૨ કિસ્સા નોધાયા છે.

(૨) વર્ષ ૨૦૧૫માં ઉક્ત બંને ધારા ભંગના કોઈ કિસ્સા નોંધાયા ન હોવાથી તેમજ વર્ષ ૨૧૦૬માં લઘુત્તમ વેતન ધારા ભંગના કોઈ કિસ્સા નોંધાયા ન હોવાથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

વર્ષ ૨૦૧૬માં બાળ મજૂર ધારા ભંગના ૦૨ કિસ્સા નોધાયા છે. જેમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

| વિગત | વર્ષ | ઈસમોની સંખ્યા | ઈસમો સામે કરેલ કોર્ટ કેસની સંખ્યા |
|---|---|---|---|
| બાળ મજૂરને કામે રાખનાર ઈસમો સામે કરેલ કાર્યવાહી | ૨૦૧૬ | ૦૨ | ૦૨ |

---------

સુરત અને તાપી જિલ્લાની આર.ટી.ઓ. માં ખાલી જગ્યાઓ

* ૨૯૫૨૧ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ પત્રક ૧ મુજબ છે. |

પત્રક ૧

| અ.નં | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | આર.ટી.ઓ. સુરત | એ.આર.ટી.ઓ. વ્યારા (તાપી) |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | -- |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ | -- |
| ૫ | હિસાબી અધિકારી | ૦૧ | -- |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૧૦ | ૦૩ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૮ | ૦૩ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૨ | -- |
| ૯ | હેડ કલાર્ક | ૦૬ | ૦૧ |
| ૧૦ | સીનીયર ક્લાર્ક | ૧૧ | -- |
| ૧૧ | જુનીયર કલાર્ક | ૪૪ | ૦૭ |
| ૧૨ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ | -- |
| ૧૩ | હિસાબનીશ | ૦૧ | -- |
| ૧૪ | સબ ઓડીટર | ૦૨ | ૦૧ |
| ૧૫ | સર્કલ ઓફીસર | ૦૨ | ૦૧ |
| ૧૬ | સંશોધન મદદનીશ | ૦૧ | -- |
| ૧૭ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૧ |
| ૧૮ | ડ્રાઈવર | ૦૨ | ૦૧ |
| ૧૯ | પટાવાળા | ૦૯ | ૦૧ |
| | કુલ | ૧૧૭ | ૨૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત સામેલ પત્રક ૨ મુજબ છે. |

પત્રક ૨

| અ.નં | સંવર્ગનું નામ | આર.ટી.ઓ. સુરત | | એ.આર.ટી.ઓ. વ્યારા (તાપી) | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- | ૦૧ | -- | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- | ૦૩ | -- | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | -- | ૦૧ | -- | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | -- | ૦૧ | -- | -- |
| ૫ | હિસાબી અધિકારી | ૦૧ | -- | -- | -- |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ | ૦૫ | ૦૨ | ૦૧ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૨ | ૦૬ | ૦૧ | ૦૨ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૨ | -- | -- | -- |
| ૯ | હેડ કલાર્ક | ૦૫ | ૦૧ | ૦૧ | -- |
| ૧૦ | સીનીયર ક્લાર્ક | ૦૯ | ૦૨ | -- | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | જુનીયર ક્લાર્ક | ૨૨ | ૨૨ | ૦૪ | ૦૩ |
| ૧૨ | સ્ટેનો ગ્રેડ-૨ | -- | ૦૧ | -- | -- |
| ૧૩ | હિસાબનીશ | ૦૧ | -- | -- | -- |
| ૧૪ | સબ ઓડીટર | ૦૧ | ૦૧ | -- | ૦૧ |
| ૧૫ | સર્કલ ઓફીસર | ૦૧ | ૦૧ | -- | ૦૧ |
| ૧૬ | સંશોધન મદદનીશ | ૦૧ | -- | -- | -- |
| ૧૭ | આંકડા મદદનીશ | -- | ૦૧ | -- | ૦૧ |
| ૧૮ | ડ્રાઈવર | -- | ૦૨ | -- | ૦૧ |
| ૧૯ | પટાવાળા | ૦૬ | ૦૩ | ૦૧ | -- |
| | કુલ | ૬૬ | ૫૧ | ૦૯ | ૧૨ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

બનાસકાંઠા જિલ્લામાં ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો

* ૩૧૮૦૬ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિનાં ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો ક્યા તાલુકામાં કાર્યરત છે?

જવાબ

| ક્રમ | તાલુકાનું નામ |
|---|---|
| ૧ | પાલનપુર |
| ૨ | ડીસા |
| ૩ | થરાદ |
| ૪ | કાંકરેજ |
| ૫ | ભાભર |
| ૬ | ધાનેરા |
| ૭ | વાવ |
| ૮ | દિયોદર |
| ૯ | વડગામ |
| ૧૦ | દાંતીવાડા |
| ૧૧ | સુઇગામ |
| ૧૨ | લાખણી |

---------

ગાંધીનગર જિલ્લામાં કૂપોષીત બાળકો

* ૨૯૫૧૪ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો અને મહિલાઓ કૂપોષણથી પિડીત છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કૂપોષણથી પિડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજન વાળા બાળકો | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ ઓછા વજન વાળા બાળકો સંખ્યા |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર–૧ | ૭૫૨ | ૯૫ | ૮૪૭ |
| ૨ | ગાંધીનગર–૨ | ૪૦૬ | ૯૩ | ૪૯૯ |
| ૩ | દહેગામ–૧ | ૪૮૪ | ૬૬ | ૫૫૦ |
| ૪ | દહેગામ–૨ | ૩૨૫ | ૬૫ | ૩૯૦ |
| ૫ | કલોલ | ૧૩૨૫ | ૨૩૫ | ૧૫૬૦ |
| ૬ | માણસા | ૨૭૦ | ૩૬ | ૩૦૬ |
| | કુલ | ૩૫૬૨ | ૫૯૦ | ૪૧૫૨ |

નોંધઃ– કૂપોષિત મહિલાઓની વિગત અત્રેના વિભાગને સંબંધિત ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે અન્વયે ઉક્ત કૂપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કર્યો?

(૨) ઉક્ત કૂપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૫ની સ્થિતિએ | રૂ.૨,૬૪,૭૨,૧૩૧/–(રૂપિયા બે કરોડ ચોંસઠ લાખ બોંતેર હજાર એકસો એકત્રીસ). |
| ૨૦૧૬ની સ્થિતિએ | રૂ.૧,૦૯,૦૪,૩૨૭/–(રૂપિયા એક કરોડ નવ લાખ ચાર હજાર ત્રણસો સત્યાવીશ) |
| બે વર્ષનો કુલ ખર્ચ | રૂ.૩,૭૩,૭૬,૪૫૮/–(રૂપિયા ત્રણ કરોડ તોંતેર લાખ છોંતેર હજાર ચારસો અઠ્ઠાવન). |

---------

અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે વિવિધ યોજનાઓમાં આવક મર્યાદા

* ૩૧૬૬૩ શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલીયા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્રારા જુદી જુદી યોજનાઓમાં યોજનાવાર આવક મર્યાદા અલગ અલગ છે તે હકીકત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો યોજનાવાર આવકની મર્યાદા અલગ અલગ રાખવાના કારણો શાં છે? | (૨) નીતિ વિષયક બાબત છે. |

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ડિરેક્ટરશ્રીઓની નિમણૂંક

* ૩૦૩૪૬ શ્રી ધીરુભાઇ ભીલ (સંખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર અને વડોદરા જિલ્લા ખાતે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમમાં કેટલાં ડિરેક્ટરશ્રીઓની નિમણૂંક ક્યારથી કરેલ છે, | (૧) છોટાઉદેપુર અને વડોદરા જિલ્લા ખાતે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમમાં વિભાગના તા.૨૯–૧૨–૨૦૧૪ના જાહેરનામાથી એક ડિરેક્ટરશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ એક ડિરેક્ટરશ્રી પાછળ વાર્ષિક ખર્ચની મર્યાદા છે કે કેમ, અને | (૨) ના, જી. |

(૩) જો હા, તો વાર્ષિક કેટલા ખર્ચની મર્યાદા છે? (૩) પ્રશ્ન રહેતો નથી.

---------

ખેતી સાથે જોડાયેલા શ્રમિકોનું વેતન

* ૨૯૫૧૧ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખેતી વ્યવસાયમાં જોડાયેલા અસંગઠીત શ્રમિકો માટે દૈનિક લઘુત્તમ વેતન અને કાયમી ખેત શ્રમિકો માટે કેટલું વેતન નક્કી કરેલ છે? | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખેતી વ્યવસાયમાં જોડાયેલા અસંગઠીત શ્રમિકો માટે દૈનિક રૂ. ૧૭૮/– અને કાયમી ખેત શ્રમિકો માટે વાર્ષિક રૂ.૬૪,૯૭૦ /– વેતન નક્કી કરેલ છે. |

---------

અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે વિવિધ યોજનાઓમાં આવક મર્યાદા

* ૩૧૬૭૨ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા જુદી જુદી યોજનાઓમાં યોજનાવાર આવક મર્યાદા અલગ અલગ છે તે હકીકત ખરી છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો યોજનાવાર આવકની મર્યાદા અલગ અલગ રાખવાના શા કારણો છે ? | (૨) નીતિ વિષયક બાબત છે. |

---------

ખેડા જિલ્લામાં કિશોરી શક્તિ યોજના

* ૩૧૧૬૧ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કિશોરી શક્તિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવે છે ?

જવાબ

| અ.નં. | તાલુકાનું નામ | આઇસીડીએસ ઘટકનું નામ | વર્ષ ૨૦૧૫–૧૬ આવરી લીધેલ કિશોરીની સંખ્યા | વર્ષ ૨૦૧૬–૧૭ આવરી લીધેલ કિશોરીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | માતર | માતર | ૧૯૫૧ | ૫૧૮૪ |
| ૨ | ઠાસરા | ઠાસરા–૧ | ૪૩૫૯ | ૪૭૬૩ |
| ૩ | | ડાકોર | ૩૫૧૭ | ૪૧૯૪ |
| ૪ | મહેમદાવાદ | મહેમદાવાદ–૧ | ૨૮૨૦ | ૪૧૩૬ |
| ૫ | | મહેમદાવાદ–૧ | ૨૨૪૫ | ૩૦૬૩ |
| ૬ | કપડવંજ | કપડવંજ–૧ | ૨૯૮૭ | ૪૧૪૧ |
| ૭ | | કપડવંજ–૨ | ૩૯૮૭ | ૧૦૩૮ |
| ૮ | કઠલાલ | કઠલાલ | ૪૧૧૨ | ૫૫૭૬ |
| ૯ | નડીયાદ | નડીયાદ–૧ | ૫૪૭૪ | ૬૫૬૭ |
| ૧૦ | | નડીયાદ–૨ | ૩૯૮૦ | ૪૯૮૩ |
| ૧૧ | મહુધા | મહુધા | ૪૦૩૬ | ૪૮૬૩ |
| ૧૨ | ખેડા | ખેડા | ૨૭૮૫ | ૩૧૯૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | કુલ | ૪૨૨૫૩ | ૫૪૭૦૦ |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં બાળકોમાં કૂપોષણ

* ૩૦૩૧૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ છોટા ઉદેપુર જીલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓમાં કેટલા કુપોષિત બાળકો નોંધાયેલ છે.

જવાબ

(૧) નોંધાયેલ કુપોષિત બાળકો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૧૯૪૭ | ૧૭૩ | ૨૧૨૦ |
| ૨ | કવાંટ | ૧૩૬૦ | ૧૮૦ | ૧૫૪૦ |
| ૩ | જેતપુર પાવી | ૭૭૮ | ૬૪ | ૮૪૨ |
| ૪ | જેતપુર પાવી-૨ | ૫૫૦ | ૫૮ | ૬૦૮ |
| ૫ | સંખેડા (બોડેલી) | ૧૨૩૩ | ૪૨ | ૧૨૭૫ |
| ૬ | નસવાડી | ૪૬૭ | ૬૦ | ૫૨૭ |
| | કુલ | ૬૩૩૫ | ૫૭૭ | ૬૯૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ કુપોષિત બાળકો માટે સરકારે શાં પગલા લીધેલ છે, અને

(૨) બાળકોમાં કૂપોષણ નિવારવા માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલભોગ પ્રિમિક્ષના પેકેટ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે. આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામા આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે ઘનિષ્ઠ પોષણ અભિયાન (INCC) કેન્દ્રો દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત અઠવાડીયામાં પાંચ દિવસ તમામ બાળકોને દૂધ આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

(૩) રૂ.૧,૯૭,૦૨,૫૦૦/- (રૂપિયા એક કરોડ

સત્તાણું લાખ બે હજાર પાંચસો).

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસ એક્ટ હેઠળ ફાળવેલ બેઠકો

* ૩૧૭૯૮ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસ એક્ટ હેઠળ કેટલા ઔદ્યોગિક એકમોને કેટલી બેઠકો ફાળવવામાં આવી ?

(૨) તે અન્વયે ઉક્ત સમયગાળામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં કેટલી બેઠકો ભરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ એપ્રેન્ટીસ એક્ટની જોગવાઇ મુજબ બેઠકો ન ભરતા કેટલા એકમો સામે મુખ્યત્વે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮(૩) માં તા.૦૮/૧૨/૨૦૧૪ના સુધારા અધિનિયમ, ૨૦૧૪ ના સુધારા–૭ મુજબ એકમોને બેઠકો ફાળવવાની રહેતી નથી.

(૨)

| જીલ્લો | એકમો | ભરાયેલ બેઠકો |
|---|---|---|
| આણંદ | ૬૨ | ૬૪૪ |
| વડોદરા | ૫૩૫ | ૩૬૧૨ |

(૩) બેઠકો નહિ ભરેલ ૨૦૧ એકમો સાથે બેઠકો/પત્ર–વ્યવહાર/ઈ–મેઈલ દ્વારા એપ્રેન્ટીસ(સુધારા) અધિનિયમ, ૨૦૧૪ ની જોગવાઈઓથી એકમોને વાકેફ કરી બેઠકો ભરાય તે માટે ની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

સુરત આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો

* ૩૧૧૫૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬માં સુરત આર.ટી.ઓ.માં કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૬માં સુરત આર.ટી.ઓ.માં કુલ ૬૧૮ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા.

(૨) તે અન્વયે દંડની કુલ રૂ.૪૦,૧૬,૬૦૦/– રકમ વસુલવામાં આવી.

---------

પાટણ જિલ્લામાં વિધવા સહાય

* ૩૦૦૮૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જીલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી અને કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ?

જવાબ

(૧) પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| અનું. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાટણ | ૨૮૫ |
| ૨ | સિધ્ધપુર | ૨૦૪ |
| ૩ | ચાણસ્મા | ૧૩૪ |
| ૪ | હારીજ | ૧૧૨ |
| ૫ | સમી | ૬૬ |
| ૬ | રાધનપુર | ૮૮ |
| ૭ | સાંતલપુર | ૧૨૫ |
| ૮ | શંખેશ્વર | ૪૬ |
| ૯ | સરસ્વતી | ૧૮૫ |
| | કુલ | ૧૨૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર મંજુર કરવામાં આવેલ અરજીઓ અને તે અન્વયે ચુકવવામાં આવેલ સહાયની વિગતો નીચે મુજબ છે.

| અનું. | તાલુકાનું નામ | મંજૂર કરવામાં | ચુકવવામાં આવેલ |
|---|---|---|---|

| | | આવેલ અરજીઓ | સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૭૩ | ૪૦૫.૪૨ |
| ૨ | સિધ્ધપુર | ૧૮૬ | ૧૬૮.૯૪ |
| ૩ | ચાણસ્મા | ૧૨૫ | ૧૨૫.૭૭ |
| ૪ | હારીજ | ૯૭ | ૫૯.૮૫ |
| ૫ | સમી | ૫૮ | ૩૩.૨૧ |
| ૬ | રાધનપુર | ૮૨ | ૫૨.૩૬ |
| ૭ | સાંતલપુર | ૯૩ | ૪૦.૭૬ |
| ૮ | શંખેશ્વર | ૪૬ | ૨૩.૦૧ |
| ૯ | સરસ્વતી | ૧૬૯ | ૯૧.૮૭ |
| | કુલ | ૧૧૨૯ | ૧૦૦૧.૧૯ |

---------

અમદાવાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૨૯૫૧૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કયા યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ વપરાઇ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં નીચે મુજબ ત્રણ યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ | ફાળવેલ રકમ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| અમદાવાદ | કેમ્પ હનુમાન મંદિર, ગણેશપુરા મંદિર, ધોળકા અને પરપોટીયા મહાદેવ | --- | ૧૫૦.૦૦ |

(૨) આ યાત્રાધામોના વિકાસ માટે ના ડીપીઆર / પ્લાન / ડીઝાઇન તૈયાર કરવા આર્કિટેક કમ કન્સલ્ટન્ટ અને પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની સેવાઓ પ્રાપ્ત કરવા અંગેની કામગીરી પ્રગતિમાં હોઇ આ અંગે ફાળવેલ ગ્રાંટ પૈકી કોઇ જિલ્લામાં રકમ વપરાયેલ નથી.

---------

જૂનાગઢ જિલ્લામાં સબલા યોજના

* ૩૧૧૫૮ શ્રી અરવિંદભાઇ લાડાણી (કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સબલા યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ કિશોરીઓને પુરક પોષણ આહારમાં શું આપવામાં આવે છે.,

(૨) ઉક્ત સ્થિતિએ કિશોરીદીઠ પ્રતિદિન કેટલો ખર્ચ કરવાની જોગવાઇ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખર્ચ પૈકી રાજ્ય સરકાર કિશોરી દીઠ પ્રતિદિન કેટલો ખર્ચ ભોગવે છે?

જવાબ

(૧) સરકારશ્રી તરફથી નિયત કરેલ સુખડીનું એક પેકેટ, શીરાના ૩ પેકેટ અને ઉપમાના ૨ પેકેટ એમ ટેકહોમ રેશન તરીકે આપવામાં આવે છે.

(૨) ભારત સરકાર દ્વારા પ્રતિદિન પ્રતિ લાભાર્થી રૂ. ૫/– ના ખર્ચની જોગવાઇ કરેલ છે. વધારાના રૂ. ૨/– રાજ્ય સરકાર દ્વારા રાજ્યબોજા તરીકે ખર્ચ કરવામાં આવે છે. આમ કુલ રૂ.૭/– પ્રતિદિન પ્રતિ કિશોરી ખર્ચ કરવામાં આવે છે.

(૩) રાજ્ય સરકાર પોષણના ૫૦ % પ્રમાણે રૂ. ૨.૫૦/– અને વધારાના રૂ. ૨/– એમ કુલ મળી રૂ. ૪.૫૦/– ખર્ચ ભોગવે છે.

---------

મહીસાગર જિલ્લામાં આંગણવાડીઓના મંજૂર મકાનનું બાંધકામ

* ૨૯૫૦૪ પ્રો. હીરાભાઇ પટેલ (લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી આંગણવાડીના મકાનોના બાંધકામ મંજૂર કરવામાં આવ્યા,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ બાંધકામની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૭ |
| ૨ | ખાનપુર | ૧૪ |
| ૩ | સંતરામપુર | ૧૨ |
| ૪ | કડાણા | ૭ |
| ૫ | બાલાશિનોર | ૧૩ |
| ૬ | વિરપુર | ૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા મકાનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ૨૪ મકાનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.

(૩) કેટલા મકાનોનું બાંધકામ બાકી છે, અને

(૩) ૪૭ મકાનોનું બાંધકામ બાકી છે, અને

(૪) બાકી મકાનોનું બાંધકામ ક્યા તબક્કે છે?

(૪) ૮ આંગણવાડીના મકાનો માટે જમીનનો પ્રશ્ન છે ૫ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે ૩૪ કામો ટુંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

---------

બોટાદ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

* ૩૧૧૭૦ ડૉ. ટી.ડી.માણીયા (બોટાદ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ–૨૦૧૬–૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,

(૧) ૩૭૩

(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૩૬૭

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ. ૩૬.૩૦ લાખ

---------

ગાંધીનગર જિલ્લામાં શ્રમ કાયદાઓનો ભંગ

* ૩૧૮૦૮ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં શ્રમ કાયદાઓનો ભંગ કરતાં કેટલા ઔદ્યોગિક એકમો સામે સરકારને ફરિયાદો મળી અને તે પૈકી કેટલા એકમોની તપાસ કરવામાં આવી,

(૧)

| વર્ષ | ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો | તપાસ કરવામાં આવેલ એકમો |
|---|---|---|
| તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ | ૧૩૪ | ૯૬ |
| તા.૦૧–૦૨–૨૦૧૬ થી તા.૩૧–૦૧–૨૦૧૭ | ૧૪૫ | ૧૭૬ |
| કુલ | ૨૭૯ | ૨૭૨ |

(૨) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા એકમો કસુરવાર જણાયા, અને

(૨) કુલઃ ૪૭ એકમો.

(૩) તે અન્વયે લઘુત્તમ વેતન ધારા તથા સમાન વેતન અધિનિયમ ભંગ અંગેની કેટલી ક્ષતિઓ નોંધાઇ ?

(૩)
- લઘુત્તમ વેતન ધારાના ભંગ અન્વયે નોંધાયેલ કુલ ક્ષતિઓ – ૧૨૩
- સમાન વેતન અધિનિયમના ભંગ અન્વયે નોંધાયેલ કુલ ક્ષતિઓ – ૦૨.

---------

રાજકોટ જિલ્લામાં સેસ પેટે જમા રકમ

* ૨૯૭૦૩ શ્રી ઇન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા પ્રમાણે વેલફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે,

(૧) કુલ રૂ.૧૫૨૪.૩૬/– કરોડ.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજકોટ શહેર અને જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રાજકોટ શહેર અને જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા | વાપરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | રાજકોટ શહેર | ૧૩.૮૫ |
| | રાજકોટ જિલ્લો | ૨૭.૬૪ |
| ૨૦૧૬ | રાજકોટ શહેર | ૪૩.૭૩ |

---------

દાહોદ જિલ્લામાં બાળકો અને મહિલાઓમાં કૂપોષણ

* ૩૦૮૭૫ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો અને મહિલાઓ કુપોષણથી પીડીત છે, અને

(૧) તાલુકાવાર કુપોષણથી પીડીત બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ ઓછા વજનવાળા બાળકો |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૩૨૨ | ૨૦૨ | ૧૫૨૪ |
| ૨ | દેવગઢબારીયા | ૧૦૫૦ | ૧૪૭ | ૧૧૯૭ |
| ૩ | ધાનપુર | ૧૦૬૨ | ૧૪૪ | ૧૨૦૬ |
| ૪ | ફતેપુરા | ૮૦૫ | ૧૩૯ | ૯૪૪ |
| ૫ | ગરબાડા | ૬૫૦ | ૯૪ | ૭૪૪ |
| ૬ | લીમખેડા | ૨૪૪૬ | ૨૨૪ | ૨૬૭૦ |
| ૭ | ઝાલોદ | ૧૦૬૨ | ૧૨૧ | ૧૧૮૩ |
| ૮ | સંજેલી | ૩૨૯ | ૧૭ | ૩૪૬ |
| | કુલ | ૮૭૨૬ | ૧૦૮૮ | ૯૮૧૪ |

– કુપોષિત મહિલાઓની બાબત મહિલા અને બાળ વિકાસ વિભાગને સંબંધિત નથી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુપોષણ દુર

વર્ષમાં કુપોષણ દુર કરવા સરકારે કેટલી રકમ ખર્ચ કરી ?

કરવા સરકારશ્રીએ નીચે મુજબ ખર્ચ કરેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ રૂ.માં |
|---|---|
| ૨૦૧૫ | રૂ.૩,૪૨,૧૨,૬૦૦/- |
| ૨૦૧૬ | રૂ.૧,૮૬,૪૪,૪૦૦/- |
| બે વર્ષનો કુલ ખર્ચ | રૂ.૫,૨૮,૫૭,૦૦૦/- |

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૯૭૨૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ શહેર જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં શહેર/જિલ્લામાં કુલ કેટલા શિક્ષિત, અર્ધશિક્ષિત અને તાંત્રિક કુશળતા ધરાવતા બેરોજગારો રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા નોંધાયેલ બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

જવાબ

(૧)

| નોંધાયેલ બેરોજગારો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | શહેર/ જિલ્લો | શિક્ષિત | અર્ધ શિક્ષિત | તાંત્રિક કુશળ | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૩૨૯૬ | ૩૬૬૫ | ૧૧૯૧૮ | ૪૮૮૭૯ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૧૨૭૧૧ | ૧૭૨૭ | ૩૫૭૧ | ૧૮૦૦૯ |
| | કુલ | ૪૬૦૦૭ | ૫૩૯૨ | ૧૫૪૮૯ | ૬૬૮૮૮ |
| ૩ | ગાંધીનગર શહેર | ૭૩૬૭ | ૧૨૩૧ | ૨૮૦૪ | ૧૧૪૦૨ |
| ૪ | ગાંધીનગર જિલ્લો | ૫૨૫૩ | ૮૯૧ | ૧૯૯૯ | ૮૧૪૩ |
| | કુલ | ૧૨૬૨૦ | ૨૧૨૨ | ૪૮૦૩ | ૧૯૫૪૫ |

(૨)

| નોકરી અપાયેલ બેરોજગારો - વર્ષઃ ૨૦૧૫ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | શહેર/ જિલ્લો | શિક્ષિત | અર્ધ શિક્ષિત | તાંત્રિક કુશળ | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૩૯૪૧ | ૩૯૬૪ | ૩૪૩૮ | ૪૧૩૪૩ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૪૨૫૭ | ૯૦૨ | ૭૫૪ | ૫૯૧૩ |
| | કુલ | ૩૮૧૯૮ | ૪૮૬૬ | ૪૧૯૨ | ૪૭૨૫૬ |
| ૩ | ગાંધીનગર શહેર | ૩૭૩૧ | ૨૦૮૮ | ૩૩૭ | ૬૧૫૬ |
| ૪ | ગાંધીનગર જિલ્લો | ૨૬૯૯ | ૧૫૧૧ | ૨૨૮ | ૪૪૩૮ |
| | કુલ | ૬૪૩૦ | ૩૫૯૯ | ૫૬૫ | ૧૦૫૯૪ |
| નોકરી અપાયેલ બેરોજગારો - વર્ષઃ ૨૦૧૬ | | | | | |
| ક્રમ | શહેર/ જિલ્લો | શિક્ષિત | અર્ધ શિક્ષિત | તાંત્રિક કુશળ | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૫૪૦ | ૨૧૬૩ | ૪૦૪૭ | ૩૭૭૫૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૫૦૯૭ | ૫૪૪ | ૭૩૬ | ૬૩૭૭ |
| | કુલ | ૩૬૬૩૭ | ૨૭૦૭ | ૪૭૮૩ | ૪૪૧૨૭ |
| ૩ | ગાંધીનગર | ૪૦૫૮ | ૧૯૨૦ | ૨૧૭ | ૬૧૯૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | શહેર | | | | |
| ૪ | ગાંધીનગર જિલ્લો | ૨૯૩૭ | ૧૩૮૯ | ૧૪૩ | ૪૪૬૯ |
| | કુલ | ૬૯૯૫ | ૩૩૦૯ | ૩૬૦ | ૧૦૬૬૪ |

(૩) તે પૈકી કેટલાને ખાનગી, અર્ધસરકારી અને સરકારી નોકરી આપવામાં આવી ?

(૩)

| નોકરી અપાયેલ બેરોજગારો – વર્ષઃ ૨૦૧૫ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | શહેર/ જિલ્લો | ખાનગી | અર્ધ સરકારી | સરકારી | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૯૮૮ | ૧૫ | ૧૩૪૦ | ૪૧૩૪૩ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૫૮૮૬ | ૦૦ | ૨૭ | ૫૯૧૩ |
| | કુલ | ૪૫૮૭૪ | ૧૫ | ૧૩૬૭ | ૪૭૨૫૬ |
| ૩ | ગાંધીનગર શહેર | ૫૯૫૨ | ૧૫૧ | ૫૩ | ૬૧૫૬ |
| ૪ | ગાંધીનગર જિલ્લો | ૪૨૯૩ | ૧૧૩ | ૩૨ | ૪૪૩૮ |
| | કુલ | ૧૦૨૪૫ | ૨૬૪ | ૮૫ | ૧૦૫૯૪ |
| નોકરી અપાયેલ બેરોજગારો – વર્ષઃ ૨૦૧૬ | | | | | |
| ક્રમ | શહેર/ જિલ્લો | ખાનગી | અર્ધ સરકારી | સરકારી | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૬૩૩ | ૦૦ | ૧૧૭ | ૩૭૭૫૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૬૩૭૭ | ૦૦ | ૦૦ | ૬૩૭૭ |
| | કુલ | ૪૪૦૧૦ | ૦૦ | ૧૧૭ | ૪૪૧૨૭ |
| ૩ | ગાંધીનગર શહેર | ૫૫૧૨ | ૬૦૫ | ૭૮ | ૬૧૯૫ |
| ૪ | ગાંધીનગર જિલ્લો | ૩૯૨૮ | ૪૯૭ | ૪૪ | ૪૪૬૯ |
| | કુલ | ૯૪૪૦ | ૧૧૦૨ | ૧૨૨ | ૧૦૬૬૪ |

---------

નવસારી જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૩૦૭૯૮ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧) ૧૩૨૭૧.

(૨) તે પૈકી જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

(૨)

| અપાયેલ સરકારી નોકરી | | |
|---|---|---|
| વર્ષઃ ૨૦૧૫ | વર્ષઃ ૨૦૧૬ | કુલ |
| ૦૧ | ૦૦ | ૦૧ |

---------

પાટણ જિલ્લામાં ઉપાધ્યાય આવાસ યોજના

* ૩૧૧૬૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના

(૧) ૮૪૯.

| | |
|---|---|
| હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી, અને | (૨) તમામ ૮૪૯. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૨૮.૯૮ લાખ. |

---------

ગાંધીનગર જિલ્લામાં કિશોરી શક્તિ યોજના

* ૩૧૧૫૯ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કિશોરી શક્તિ યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) વર્ષઃ ૨૦૦૫–૦૬ થી. |
| (૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં ઉક્ત સ્થિતિએ કિશોરી શક્તિ યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) ૨૧૯૩૮. |

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો

* ૨૯૫૨૪ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ ગાંધીનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) અમદાવાદ જિલ્લામાં ૧૫૨૬ અને ગાંધીનગર જિલ્લામાં ૧૦૬૮. |
| (૨) તે અન્વયે જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને | (૨) અમદાવાદ જિલ્લામાં ૧૧૮૦ તથા ગાંધીનગર જિલ્લામાં ૯૦૨ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને અમદાવાદ જિલ્લામાં ૩૪૬ તથા ગાંધીનગર જિલ્લામાં ૧૬૬ આંગણવાડીઓને પોતાના મકાનો નથી. અને |
| (૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી. તેમને મકાન આપવા સરકારે શા પગલાં લીધા ? | (૩) અમદાવાદ જિલ્લામાં ૫૫ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પ્રગતિમાં, ૬૩ તાંત્રીક મંજુરી કક્ષાએ છે તેમજ ૨૨૮ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. તથા ગાંધીનગર જિલ્લામાં ૮૬ આંગણવાડી કેન્દ્રના મકાનોને બાંધકામની કાર્યવાહી ચાલુમાં છે તેમજ ૮૦ આંગણવાડી કેન્દ્ર માટે જમીન ઉપલબ્ધીના ઠરાવો મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે. ઉક્ત આંગણવાડીઓને પોતાના મકાનો બનતી ત્વરાએ પુરા પાડવામાં આવશે. |

---------

અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે વિવિધ યોજનાઓમાં આવક મર્યાદા

* ૩૧૬૪૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા જુદી જુદી યોજનાઓમાં યોજનાવાર લાભાર્થીઓની આવક મર્યાદા અલગ અલગ છે તે હકીકત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો યોજનાવાર આવક મર્યાદા અલગ અલગ રાખવાના શા કારણો છે ? | (૨) નીતિ વિષયક બાબત છે. |

---------

આણંદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય

* ૩૧૧૬૯ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) ૦૬ (છ) |
| (૨) તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી ? | (૨) રૂ.૯૦.૦૦ લાખ. |

---------

વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૯૫૦૭ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ વલસાડ રોજગાર વિનીમય કચેરી દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૪૪. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૭૩૪૨. |

---------

બનાસકાંઠા જિલ્લામાં કૂપોષિત બાળકો

* ૨૯૫૦૦ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કૂપોષણથી પિડીત છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૪૮૯ | ૬૪ | ૫૫૩ |
| ૨ | વાવ | ૧૮૩ | ૨૯ | ૨૧૨ |
| ૩ | થરાદ | ૧૧૬૯ | ૧૦૪ | ૧૨૭૩ |
| ૪ | દિયોદર | ૧૦૩ | ૧૪ | ૧૧૭ |
| ૫ | શિહોરી | ૭૪૭ | ૧૬૩ | ૯૧૦ |
| ૬ | ધાનેરા | ૫૭૫ | ૯૬ | ૬૭૧ |
| ૭ | ડીસા | ૬૫૬ | ૯૦ | ૭૪૬ |
| ૮ | પાલનપુર | ૬૦૫ | ૧૪૩ | ૭૪૮ |
| ૯ | વડગામ | ૩૭૨ | ૭૦ | ૪૪૨ |
| ૧૦ | અમીરગઢ | ૧૫૯૮ | ૧૪૬ | ૧૭૪૪ |
| ૧૧ | ભાભર | ૫૮ | ૨૨ | ૮૦ |
| ૧૨ | દાંતીવાડા | ૧૭૨ | ૪૫ | ૨૧૭ |
| | કુલ | ૬૭૨૭ | ૯૮૬ | ૭૭૧૩ |

(૨) ઉક્ત કુપોષણ દુર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કર્યો ?

(૨) નીચે મુજબનો ખર્ચ કરેલ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ રૂ. માં |
|---|---|---|
| ૧ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ | ૨,૨૪,૨૮,૯૦૦/- |
| ૨ | તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ | ૧,૪૭,૭૦,૮૦૦/- |

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં શ્રમિકોને કૌશલ્ય તાલીમ

* ૨૯૪૯૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ શ્રમિકોને કડિયાકામ, સુથારી કામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્યવાળી તાલીમ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

(૧)

| વર્ષ | જિલ્લા | તાલીમાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૫ | દાહોદ | ૦ |
| | પંચમહાલ | ૦ |
| ૨૦૧૬ | દાહોદ | ૦ |
| | પંચમહાલ | ૫૪૧ (કડિયાકામ) |

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | જિલ્લા | વાપરવામાં આવેલ રકમ (રૂ.) |
|---|---|---|
| ૨૦૧૫ | દાહોદ | ૦ |
| | પંચમહાલ | ૦ |
| ૨૦૧૬ | દાહોદ | ૦ |
| | પંચમહાલ | ૬૫,૮૦,૧૭૮ |

---------

તાપી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૯૫૨૨ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ તાપી જીલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારો રોજગાર વિનીમય કચેરીમાં નોંધાયેલ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | વ્યારા | ૩૪૭૨ |
| ૨ | વાલોડ | ૧૧૬૦ |
| ૩ | સોનગઢ | ૩૩૧૩ |
| ૪ | ઉચ્છલ | ૭૭૪ |
| ૫ | નિઝર | ૩૦૪ |
| ૬ | ડોલવણ | ૮૯૬ |
| ૭ | કુકરમુંડા | ૨૨૮ |
| | કુલ | ૧૦૧૪૭ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ પાંચ વર્ષથી વધુ સમયથી નોંધણી થઇ હોય અને રોજગારી ન અપાઈ હોય તેવા બેરોજગારોની સંખ્યા કેટલી છે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી ના મળેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | વ્યારા | ૪૨૪ |
| ૨ | વાલોડ | ૧૫૭ |
| ૩ | સોનગઢ | ૩૭૯ |
| ૪ | ઉચ્છલ | ૯૮ |
| ૫ | નિઝર | ૫૩ |
| ૬ | ડોલવણ | ૯૦ |
| ૭ | કુકરમુંડા | ૩૮ |
| | કુલ | ૧૨૩૯ |

---------

સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને સાયકલ

* ૩૧૧૬૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૭૮. |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને | (૨) ૮૭૫. |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૮૭૧. |

---------

વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૩૧૧૮૦ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, વડોદરા ખાતે કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૪૪૬૧૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૮૬૪૭. |

---------

ગીર સોમનાથ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ

* ૩૧૧૨૭ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૧) નીચે મુજબની આંગણવાડીઓ કાર્યરત છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તાલાલા | ૧૨૭ |
| ૨ | ઉના/ગીર ગઢડા | ૩૭૩ |
| ૩ | વેરાવળ | ૩૨૪ |
| ૪ | કોડીનાર | ૨૧૫ |
| ૫ | સુત્રાપાડા | ૧૨૯ |
| | કુલ | ૧૧૬૮ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં ચાલે છે અને કેટલી ભાડાના મકાનમાં ચાલે છે, અને

(૨) નીચે મુજબ

| અ. નં. | તાલુકાનું નામ | પોતાના મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | ભાડાના મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તાલાલા | ૯૮ | ૨૯ |
| ૨ | ઉના/ગીર ગઢડા | ૨૧૩ | ૧૬૦ |
| ૩ | વેરાવળ | ૧૩૮ | ૧૮૬ |
| ૪ | કોડીનાર | ૧૩૩ | ૮૨ |
| ૫ | સુત્રાપાડા | ૯૧ | ૩૮ |
| | કુલ | ૬૭૩ | ૪૯૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે પોતાનું મકાન કેટલા સમયમાં

(૩) બનતી ત્વરાએ.

ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

---------

વલસાડ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ

* ૩૦૪૬૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ આવેલી છે , અને

જવાબ

(૧) નીચે મુજબની આંગણવાડીઓ આવેલી છે

| અ.નં. | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ–૧ | ૨૧૦ |
| ૨ | વલસાડ–૨ | ૧૦૧ |
| ૩ | વલસાડ–૩ | ૧૦૨ |
| ૪ | પારડી–૧ | ૧૯૧ |
| ૫ | પારડી–૨ | ૧૪૩ |
| ૬ | પારડી–૩ | ૧૨૨ |
| ૭ | ઉમરગામ–૧ | ૧૮૩ |
| ૮ | ઉમરગામ–૨ | ૧૬૩ |
| ૯ | ધરમપુર–૧ | ૧૪૩ |
| ૧૦ | ધરમપુર–૨ | ૧૭૭ |
| ૧૧ | કપરાડા–૧ | ૧૯૧ |
| ૧૨ | કપરાડા–૨ | ૧૭૩ |
| | કુલ | ૧૮૯૯ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે અને કેટલી આંગણવાડીઓ પોતાના મકાન ધરાવે છે ?

(૨) નીચે મુજબની આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે અને પોતાના મકાન ધરાવે છે

| અ. નં. | તાલુકાનું નામ | ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | પોતાના મકાનમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વલસાડ–૧ | ૦ | ૧૭૧ |
| ૨ | વલસાડ–૨ | ૦ | ૮૯ |
| ૩ | વલસાડ–૩ | ૦ | ૭૫ |
| ૪ | પારડી–૧ | ૦ | ૧૬૨ |
| ૫ | પારડી–૨ | ૦ | ૯૯ |
| ૬ | પારડી–૩ | ૦ | ૧૧૦ |
| ૭ | ઉમરગામ–૧ | ૦ | ૧૫૮ |
| ૮ | ઉમરગામ–૨ | ૦ | ૧૩૫ |
| ૯ | ધરમપુર–૧ | ૦ | ૧૧૯ |
| ૧૦ | ધરમપુર–૨ | ૦ | ૧૫૫ |
| ૧૧ | કપરાડા–૧ | ૦ | ૧૫૮ |
| ૧૨ | કપરાડા–૨ | ૦ | ૧૩૮ |
| | કુલ | ૦ | ૧૫૬૯ |

---------

જુનાગઢ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે ફાળવેલ રકમ

* ૩૦૪૪૨ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય ડીઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ડિઝાસ્ટર મનેજમેન્ટ માટે કેટલી

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ : શૂન્ય
વર્ષ ૨૦૧૫–૧૬ : રૂ. ૫,૦૦,૦૦૦/–

રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ માંથી કયા તાલુકામાં કેવા પ્રકારના કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) વર્ષ ૨૦૧૪–૧૫

૧ વંથલી તાલુકામાં રૂ. ૧૨૮૬૦/– અવરેનેસ, તાલીમ અને પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

૨ માળીયા હાટીના તાલુકામાં રૂ. ૧૦૩૯૬/– અવરેનેસ, તાલીમ અને પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

૩ મેંદરડા તાલુકામાં રૂ. ૧૪૦૦/– પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લાના ઉક્ત દર્શાવેલ તાલુકાઓમાં કુલ રૂ. ૨૪૬૫૬/–નો ખર્ચ ૨૦૧૧ના વર્ષમાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ માંથી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૫–૧૬

૧ જુનાગઢ તાલુકામાં રૂ. ૩૯,૭૨૫/– પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

૨ કેશોદ તાલુકામાં રૂ. ૧૦૨૨૩/– અવરેનેસ, તાલીમ અને પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

૩ માળીયા હાટીના તાલુકામાં રૂ. ૭૧૦૦૦/– પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

૪ ભેસાણ તાલુકામાં રૂ. ૨૧૨૦/– પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવલે છે.

૫ માંગરોળ તાલુકામાં રૂ. ૧,૨૯૯૩૭/– પ્લાન પ્રિપરેશન બાબતે ખર્ચ કરવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લાના ઉક્ત દર્શાવેલ તાલુકાઓમાં કુલ રૂ. ૨૫૩૦૦૫/–નો ખર્ચ ૨૦૧૫–૧૬ના વર્ષમાં ફાળવવામાં આવેલ ડીઆરએમ હેડ હેઠળની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ છે.

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૯૫૧૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) ૭૦૨૫

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં મળેલ અરજી | ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં મળેલ અરજી | કુલ મળેલ અરજી |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૧૧૪ | ૧૧૩૩ | ૨૨૪૭ |
| ૨ | સાબરકાંઠા | ૨૯૯૩ | ૧૭૮૫ | ૪૭૭૮ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૪૧૦૭ | ૨૯૧૮ | ૭૦૨૫ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૫૧૪૮

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં મંજૂર અરજી | ૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં મંજૂર અરજી | કુલ મંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૦૪૫ | ૧૦૩૮ | ૨૦૮૩ |
| ૨ | સાબરકાંઠા | ૧૭૬૩ | ૧૩૦૨ | ૩૦૬૫ |
| | કુલ | ૨૮૦૮ | ૨૩૪૦ | ૫૧૪૮ |

(૩) ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) ૧૬૯૭

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં નામંજૂર અરજી | ૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં નામંજૂર અરજી | કુલ નામંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૬૬ | ૭૭ | ૧૪૩ |
| ૨ | સાબરકાંઠા | ૧૧૨૪ | ૪૩૦ | ૧૫૫૪ |
| | કુલ | ૧૧૯૦ | ૫૦૭ | ૧૬૯૭ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ઉપાધ્યાય આવાસ યોજના

* ૩૧૧૬૪ શ્રી પરબતભાઇ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ છેલ્લા બે નાંણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી. | (૧) ૩૦૯૪. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) તમામ ૩૦૯૪. |
| (૩) કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) રૂ. ૧૨૩૮.૨૬ લાખ. |

---------

સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓ

* ૩૨૦૪૬ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડીના મકાનોની ઘટ છે,

(૧) તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીના મકાનોની ઘટ છે,

| ક્રમ | તાલુકાનું નામ | મકાનોની ઘટ |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૩૨ |
| ૨ | વિજયનગર | ૯૪ |
| ૩ | ઇડર | ૪૬ |
| ૪ | હિંમતનગર | ૪૦ |
| ૫ | પ્રાંતિજ | ૪૭ |
| ૬ | વડાલી | ૨૪ |
| ૭ | તલોદ | ૨૧ |
| ૮ | પોશીના | ૨૧ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓ ભાડાના

(૨) ૨૨૫ આંગણવાડીઓ.

મકાનમાં કાર્યરત છે, અને

(૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ આંગણવાડીના ઘટતા મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

મહિસાગર જિલ્લામાં ડિટેઇન વાહન

* ૩૦૭૮૨ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ કેટલા વાહનો ડિટેઇન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ ૨૦૮ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા.

(૨) તે અન્વયે દંડની રૂ. ૮,૯૬,૭૮૭/– રકમ વસુલવામાં આવી.

---------

અરવલ્લી જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૩૨૦૫૦ ડૉ. અનિલ જોષિયારા: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા વર્ષવાર કેટલા ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ભરતી મેળાઓ દ્વારા વર્ષવાર કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | યોજેલ ઔદ્યોગિક ભરતીમેળા |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૨/૨૦૧૫ થી ૩૧/૦૧/૨૦૧૬ | ૨૩ |
| ૨ | તા.૦૧/૦૨/૨૦૧૬ થી ૩૧/૦૧/૨૦૧૭ | ૨૪ |
| કુલ | | ૪૭ |

(૨)

| ક્રમ | વર્ષ | અપાયેલ રોજગારી |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૨/૨૦૧૫ થી ૩૧/૦૧/૨૦૧૬ | ૧૧૩૩ |
| ૨ | તા.૦૧/૦૨/૨૦૧૬ થી ૩૧/૦૧/૨૦૧૭ | ૧૯૬૪ |
| | કુલ | ૩૦૯૭ |

---------

ગાંધીનગર અને અમદાવાદ શહેર ખાતે આઉટસોર્સીંગ એજન્સી

* ૩૧૭૫૬ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે વિભાગ હસ્તક કચેરીઓમાં આઉટ સોર્સીંગથી સેવા પુરી પાડતી એજન્સીઓ વિરૂધ્ધ તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી એજન્સી વિરૂધ્ધ ફરીયાદો મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે શી કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) કોઇ એજન્સી વિરૂધ્ધ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં બાળકોમાં કૂપોષણ

* ૩૧૯૮૩ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ કૂપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૧) તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ કૂપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૪૬૨ | ૫૪ | ૫૧૬ |
| ૨ | વાવ | ૧૪૩ | ૨૬ | ૧૬૯ |
| ૩ | થરાદ | ૧૧૧૧ | ૧૧૧ | ૧૨૨૨ |
| ૪ | દિયોદર | ૮૯ | ૧૪ | ૧૦૩ |
| ૫ | શિહોરી | ૭૪૦ | ૧૬૦ | ૯૦૦ |
| ૬ | ધાનેરા | ૫૭૫ | ૯૬ | ૬૭૧ |
| ૭ | ડીસા | ૬૦૬ | ૮૨ | ૬૮૮ |
| ૮ | પાલનપુર | ૫૯૭ | ૧૩૫ | ૭૩૨ |
| ૯ | વડગામ | ૩૪૧ | ૬૮ | ૪૦૯ |
| ૧૦ | અમીરગઢ | ૧૫૪૮ | ૧૨૩ | ૧૬૭૧ |
| ૧૧ | ભાભર | ૪૯ | ૨૨ | ૭૧ |
| ૧૨ | દાંતીવાડા | ૧૮૬ | ૪૪ | ૨૩૦ |
| | કુલ | ૬૪૪૭ | ૯૩૫ | ૭૩૮૨ |

(૨) ઉક્ત કુપોષિત બાળકોનું કુપોષણ દૂર કરવા તાલુકાવાર કઇ બાબતો માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ઉક્ત કુપોષિત બાળકોનું કુપોષણ દૂર કરવા તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરેલ છે. જે ખર્ચ બાળકને પૂરક પોષણ તરીકે અપાતા નિદર્શક ભોજન, ત્રીજુ ભોજન, ફળ તથા I.N.C.C અંતર્ગત થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ |
|---|---|---|
| ૧ | દાંતા | ૯,૭૭,૪૦૦/- |
| ૨ | વાવ | ૩,૨૭,૬૦૦/- |
| ૩ | થરાદ | ૨૨,૯૯,૫૦૦/- |
| ૪ | દિયોદર | ૧,૯૮,૦૦૦/- |
| ૫ | શિહોરી | ૧૭,૬૪,૦૦૦/- |
| ૬ | ધાનેરા | ૧૨,૯૪,૨૦૦/- |
| ૭ | ડીસા | ૧૩,૧૨,૨૦૦/- |
| ૮ | પાલનપુર | ૧૪,૩૯,૧૦૦/- |
| ૯ | વડગામ | ૭,૯૭,૪૦૦/- |
| ૧૦ | અમીરગઢ | ૩૧,૧૮,૫૦૦/- |
| ૧૧ | ભાભર | ૧,૪૭,૬૦૦/- |
| ૧૨ | દાંતીવાડા | ૪,૫૩,૬૦૦/- |
| | કુલ ખર્ચ | ૧,૪૧,૨૯,૧૦૦/- |

---------

સુરત જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૩૧૧૮૩ શ્રી મુકેશભાઇ પટેલ (ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) જિલ્લા રોજગાર કચેરી, સુરત ખાતે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૧) ૩૫૯૨૮.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૨) ૩૩૧૯૮.

---------

બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓ

* ૩૧૨૯૬ શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ

જિલ્લામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉકત જિલ્લામાં કેટલી આંગણવાડી કાર્યરત છે, અને કેટલી આંગણવાડીની ઘટ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

બનાસકાંઠા જિલ્લામાં વસ્તીના ધોરણે ૩૩૬૫ આંગણવાડીઓ મંજૂર થયેલ છે જે પૂરતા પ્રમાણમાં છે.

(૨)

૩૩૬૪ આંગણવાડીઓ કાર્યરત છે.

એક આંગણવાડી સ્થળફેરને લીધે કાર્યરત નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેસાણા જિલ્લામાં છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ

* ૩૧૯૭૫ શ્રી રમેશભાઇ ચાવડા (કડી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧)

તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાદીઠ અનુસૂચિત જાતિની કન્યાના તથા કુમારના કેટલા સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં કેટલી કન્યાઓને અને કેટલા કુમારને પ્રવેશ આપવામાં આવ્યો, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત સરકારી અનુ. જાતિ કન્યા છાત્રાલયો | કાર્યરત સરકારી અનુ. જાતિ કુમાર છાત્રાલયો | કાર્યરત સરકારી અનુ. જાતિ કન્યા આદર્શ નિવાસી શાળાઓ | કાર્યરત સરકારી અનુ. જાતિ કુમાર આદર્શ નિવાસી શાળાઓ | એકંદરે કુલ સરકારી છાત્રાલયો/ આદર્શ નિવાસી શાળાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧ | ૧ | ૦ | ૧ | ૩ |
| ૨ | કડી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | વિસનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | બેચરાજી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ખેરાળુ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | વડનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | વિજાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઉંઝા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સતલાસણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | જોટાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨ | ૨ | ૦ | ૧ | ૫ |

(૨)

| ક્રમ | સરકારી છાત્રાલય/ આદર્શ નિવાસી શાળા | પ્રવેશ સંખ્યા (વર્ષ ૨૦૧૫-૧૬) તા.૩૧/૧/૨૦૧૬ અંતિત | પ્રવેશ સંખ્યા (વર્ષ ૨૦૧૬-૧૭) તા.૩૧/૧/૨૦૧૭ અંતિત | તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ બે વર્ષમાં કુલ પ્રવેશ |
|---|---|---|---|---|
| છાત્રાલયમાં પ્રવેશ આપેલ કન્યાઓની સંખ્યા | | | | |
| ૧ | કન્યા છાત્રાલય, મહેસાણા | ૩૫ | ૨૫ | ૬૦ |
| ૨ | કન્યા છાત્રાલય, વિસનગર | ૨૬ | ૨૯ | ૫૫ |
| આપેલ કુલ કન્યાઓની | | ૬૧ | ૫૪ | ૧૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| સંખ્યા | | | | |
| છાત્રાલયમાં પ્રવેશ આપેલ કુમારોની સંખ્યા | | | | |
| ૧ | કુમાર છાત્રાલય, મહેસાણા | ૬૨ | ૬૦ | ૧૨૨ |
| ૨ | કુમાર છાત્રાલય, કડી | ૨૧ | ૧૯ | ૪૦ |
| આપેલ કુલ કુમારોની સંખ્યા | | ૮૩ | ૭૯ | ૧૬૨ |
| આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ આપેલ કુમારોની સંખ્યા | | | | |
| ૧ | આદર્શ નિવાસી શાળા (કુમાર) મહેસાણા | ૬૮ | ૬૦ | ૧૨૮ |
| કુમારોને પ્રવેશ કુલ | | ૬૮ | ૬૦ | ૧૨૮ |
| એંકદરે કુલ પ્રવેશ આપેલની સંખ્યા | | ૨૧૨ | ૧૯૩ | ૪૦૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓમાં મુખ્યત્વે શી સવલતો આપવામાં આવે છે?

(૩) સરકારી છાત્રાલયોમાં રહેવા-જમવાની તથા રમત-ગમતના સાધનો બુકબેંક સામાયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ, રહેવા-જમવાની, બે જોડી ગણવેશ, બૂટ-મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્ય આપવામાં આવે છે.

---------

અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે વિવિધ યોજનાઓમાં આવક મર્યાદા

* ૩૧૬૬૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા જુદી જુદી યોજનાઓમાં યોજનાવાર આવક મર્યાદા અલગ અલગ છે તે હકીકત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો યોજનાવાર આવકની મર્યાદા અલગ અલગ રાખવાના શા કારણો છે ? | (૨) નીતિ વિષયક બાબત છે. |

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આઈ.ટી.આઈ.

* ૨૯૬૯૧ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કેટલી છે, | (૧) મહિસાગર જિલ્લામાં - ૦૬<br>પંચમહાલ જિલ્લામાં - ૦૮ |
| (૨) ઉકત સંસ્થાઓમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ટ્રેડમાં પ્રવેશ મેળવવા કેટલા વિદ્યાર્થીઓએ અરજીઓ કરી, અને | (૨) |

| વર્ષ | ટ્રેડની સંખ્યા | પ્રવેશ માટે આવેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૫ | ૩૧ | ૨૫૫૭૯ |
| ૨૦૧૬ | ૨૯ | ૧૧૮૪૦ |

(૩) તે પૈકી વર્ષવાર કેટલા તાલીમાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

(૩) વર્ષ ૨૦૧૫ માં – ૬૧૩૫
વર્ષ ૨૦૧૬ માં – ૫૩૫૨

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાળકો માટે દૂધ સંજીવની યોજના

* ૩૦૨૮૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દૂધ સંજીવની યોજના અન્વયે બાળકોને દૂધ પુરું પાડવા છેલ્લાં બે વર્ષમાં માસવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

જામનગર જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત ઘટકો મંજુર થયેલ નથી જેથી કોઈ ખર્ચ થયેલ નથી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ કલ્યાણપુર તાલુકામાં કરવામાં આવેલ માસવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | માસનું નામ | કુલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧ | ઓગષ્ટ–૨૦૧૬ | ૯૨૧૯૬૦ |
| ૨ | સપ્ટેમ્બર–૨૦૧૬ | ૧૧૧૭૩૫૦ |
| ૩ | ઓકટોબર–૨૦૧૬ | ૪૫૪૦૧૫ |
| ૪ | નવેમ્બર–૨૦૧૬ | ૮૭૩૩૫૫ |
| ૫ | ડીસેમ્બર–૨૦૧૬ | ૧૦૪૪૮૧૦ |
| | કુલ | ૪૪૧૧૪૯૦ |

---------

ભાવનગર જિલ્લામાં લઘુત્તમ વેતન અને બાળમજૂર ધારાનો ભંગ

* ૩૦૯૬૦ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા અને બાળ મજૂર ધારા ભંગના કેટલા કિસ્સા નોંધાયા, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન આપનાર અને બાળ મજૂરને કામે રાખનાર કેટલા ઈસમો સામે વર્ષવાર શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫માં લઘુત્તમ વેતન ધારા ભંગના ૫ કિસ્સા નોંધાયા છે. અને બાળમજૂર ધારાના ભંગનો કોઈ કિસ્સો નોંધાયો નથી. વર્ષ ૨૦૧૬માં ભાવનગર જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા ભંગના ૪ કિસ્સા નોંધાયા છે. અને બાળમજૂર ધારા ભંગના ૫ કિસ્સા નોંધાયા છે.

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન આપનાર ૨ ઈસમો સામે વર્ષ ૨૦૧૫માં ૪ કોર્ટ કેસ કરવામાં આવેલ છે. અને બાળ મજૂર ધારાનો કોઈ ભંગ થયેલ ન હોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વર્ષ ૨૦૧૬માં લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન આપનાર ૨ ઈસમો સામે ૪ કોર્ટ કેસ કરવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૧૬માં બાળ મજૂર ધારા ભંગના ૫ ઈસમો સામે ૫ કોર્ટ કેસ કરવામાં આવેલ છે.

---------

જુનાગઢ જિલ્લાની આર.ટી.ઓ માં ખાલી જગ્યાઓ

* ૩૦૦૮૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામેલ પત્રક–૧ મુજબ છે.

પ ત્ર ક – ૧

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ |
|---|---|---|

| | | મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૭ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૬ | હેડ કલાર્ક | ૦૨ |
| ૭ | સીનીયર કલાર્ક | ૦૫ |
| ૮ | જુનીયર કલાર્ક | ૧૪ |
| ૯ | હિસાબનીશ | ૦૧ |
| ૧૦ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૪ | નાયક | ૦૧ |
| ૧૫ | પટાવાળા | ૦૩ |
| | કુલ | ૪૫ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત સામેલ પત્રક–૨ મુજબ છે.

પત્રક – ૨

| અ.નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | –– | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | –– |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ | ૦૩ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ | ૦૩ |
| ૫ | જનસંપર્ક અધિકારી | –– | ૦૧ |
| ૬ | હેડ કલાર્ક | ૦૨ | –– |
| ૭ | સીનીયર કલાર્ક | ૦૪ | ૦૧ |
| ૮ | જુનીયર કલાર્ક | ૧૦ | ૦૪ |
| ૯ | હિસાબનીશ | ૦૧ | –– |
| ૧૦ | સબ ઓડીટર | –– | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | –– | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ | –– | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર | –– | ૦૧ |
| ૧૪ | નાયક | –– | ૦૧ |
| ૧૫ | પટાવાળા | ૦૧ | ૦૨ |
| | કુલ | ૨૫ | ૨૦ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

ગાંધીનગર જિલ્લાની આંગણવાડીઓમાં ભીંતચિત્રો

* ૨૯૫૧૫ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫માં ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો ખાતે ભીંતચીત્રો બનાવવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને | (૧) કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ક્યા ગામે કેટલી આંગણવાડીઓમાં ભીંતચિત્રો બનાવવાનું કામ પુર્ણ થયું? | (૨) અગાઉના વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી ૩૬૦ આંગણવાડીઓમાં ભીંતચિત્રો બનાવવામાં આવેલ છે તેની *યાદી આ સાથે સામેલ રાખેલ છે. |

(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

છોટાઉદેપુર જિલ્લામાં આઈ.ટી.આઈ. માં તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૩૦૩૫૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના તાલુકાઓમાં કાર્યરત આઈ.ટી.આઈ. માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવાની બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં આઈ.ટી. આઈ. વાર કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવાની બાકી છે, | (૨) |

| ક્રમ | આઈ.ટી.આઈ. નું નામ | તાલીમાર્થીઓની સંખ્યા | શિષ્યવૃત્તિની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૧૧ | ૯૮૧૬૦૦ |
| ૨ | સંખેડા | ૨૭૯ | ૯૬૩૨૦૦ |
| ૩ | પાવીજેતપુર | ૩૪૯ | ૯૧૬૮૦૦ |
| ૪ | નસવાડી | ૫૨૭ | ૧૬૧૬૦૦૦ |
| ૫ | જબુગામ | ૬૦૬ | ૧૬૩૬૮૦૦ |
| ૬ | કવાંટ | ૨૬૫ | ૮૬૫૬૦૦ |
| | કુલ | ૨૩૩૭ | ૬૯૮૦૦૦૦ |

| | |
|---|---|
| (૩) શિષ્યવૃત્તિની ચૂકવણીમાં વિલંબ થવાના મુખ્યત્વે કારણો શા છે, અને | (૩) વહીવટી કારણોસર. |
| (૪) બાકી રહેતા તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિ ક્યારે ચૂકવવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

ખેડા જિલ્લામાં કિટ્સની વહેંચણી

* ૩૧૧૭૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખેડા જિલ્લામાં વિકસતી જાતિના લોકોને નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી ? | ૭૫૦ લાભાર્થીઓને. |

---------

લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળના કામો માટે લઘુત્તમ વેતન

* ૩૧૭૯૯ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં | (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સામેલ |

| | |
|---|---|
| લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ ક્યા કામો માટે લઘુત્તમ વેતન કેટલું જાહેર કરવામાં આવેલ છે, અને | *પત્રક-૧ થી ૭ મુજબના કામો માટે લઘુત્તમ વેતન જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લે ક્યારે લઘુત્તમ વેતનમાં કેટલો વધારો-ઘટાડો કરવામાં આવ્યો ? | (૨) ઉકત સ્થિતિએ સામેલ પત્રક-૧ થી ૭ મુજબના કામો માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ લઘુત્તમ વેતનમાં છેલ્લે વધારો કરવામાં આવેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ગોપાલક વિકાસ નિગમ અને ઠાકોર અને કોળી વિકાસ નિગમને ગ્રાન્ટ

* ૩૦૦૮૫ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગોપાલક વિકાસ નિગમ તથા ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ? | (રૂ.લાખમાં) |

| નિગમનું નામ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૧૦૧૨.૬૫/- |
| ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૧૨૬૫.૭૦/- |

---------

આંગણવાડી વર્કરો અને હેલ્પરોની નિવૃત્તિ વયમર્યાદા

* ૨૯૫૧૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કરો અને હેલ્પરોની નિવૃત્તિની વય મર્યાદા ૫૮ વર્ષ નક્કી કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આંગણવાડી વર્કરો અને હેલ્પરોની વય મર્યાદામાં સરકાર દ્વારા વધારો કરવાનું શું આયોજન છે ? | (૨) હાલના તબક્કે કોઈ આયોજન નથી. |

---------

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી

* ૩૧૮૦૯ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૦૨૪૦ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) |

| ક્રમ | વર્ષ | અપાયેલ રોજગારી |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૨-૨૦૧૫ થી ૩૧-૦૧-૨૦૧૬ | ૭૦૫૭ |
| ૨ | તા.૦૧-૦૨-૨૦૧૬ થી ૩૧-૦૧-૨૦૧૭ | ૭૬૬૦ |
| | કુલ | ૧૪૭૧૭ |

---------

રાજકોટ આર.ટી.ઓ.માં ખાલી જગ્યાઓ

* ૨૯૭૦૪ શ્રી ઇન્દ્રનીલભાઇ રાજયગુરૂ (રાજકોટ પૂર્વ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ ખાતે આવેલ વાહન વ્યવહાર કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ ખાતે આવેલ વાહન વ્યવહાર કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામેલ પત્રક-૧ મુજબ છે.

પત્રક-૧

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૨ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૫ | હિસાબી અધિકારી | ૦૧ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૭ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૨ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૨ |
| ૯ | હેડ કલાર્ક | ૦૪ |
| ૧૦ | સીનીયર કલાર્ક | ૧૧ |
| ૧૧ | જુનીયર કલાર્ક | ૩૭ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ |
| ૧૩ | સબ ઓડિટર | ૦૨ |
| ૧૪ | સર્કલ ઓફીસર | ૦૨ |
| ૧૫ | સંશોધન મદદનીશ | ૦૧ |
| ૧૬ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૮ | નાયક | ૦૧ |
| ૧૯ | પટાવાળા | ૧૧ |
| ૨૦ | વોચમેન | ૦૧ |
| | કુલ | ૧૦૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત સામેલ પત્રર-૨ મુજબ છે.

પત્રક-૨

| અ.નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | --- | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | --- | ૦૨ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | --- | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | --- | ૦૧ |
| ૫ | હિસાબી અધિકારી | --- | ૦૧ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ | ૦૨ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૬ | ૦૬ |
| ૮ | જનસંપર્ક અધિકારી | --- | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૯ | હેડ કલાર્ક | ૦૪ | --- |
| ૧૦ | સીનીયર કલાર્ક | ૦૯ | ૦૨ |
| ૧૧ | જુનીયર કલાર્ક | ૨૨ | ૧૫ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ | --- |
| ૧૩ | સબ ઓડિટર | ૦૧ | ૦૧ |
| ૧૪ | સર્કલ ઓફીસર | ૦૧ | ૦૧ |
| ૧૫ | સંશોધન મદદનીશ | ૦૧ | --- |
| ૧૬ | આંકડા મદદનીશ | --- | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ | --- |
| ૧૮ | નાયક | ૦૧ | --- |
| ૧૯ | પટાવાળા | ૦૪ | ૦૭ |
| ૨૦ | વોચમેન | --- | ૦૧ |
| | કુલ | ૫૬ | ૪૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે.?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

દાહોદ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ

* ૩૦૮૭૬ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

જવાબ

(૧) નીચે મુજબની આંગણવાડીઓ કાર્યરત છે,

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૮૯ |
| ૨ | દેવગઢબારીયા | ૩૯૦ |
| ૩ | ધાનપુર | ૨૬૫ |
| ૪ | ફતેપુરા | ૨૯૭ |
| ૫ | ગરબાડા | ૨૯૩ |
| ૬ | લીમખેડા | ૫૩૮ |
| ૭ | ઝાલોદ | ૫૧૪ |
| ૮ | સંજેલી | ૧૭૦ |
| | કુલ | ૩૦૫૬ |

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૨) ૨૫૨૫ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને ૫૩૧ આંગણવાડીઓને પોતાના મકાનો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેને પોતાના મકાનો આપવા સરકારે શાં પગલાં લીધા?

(૩) ૫૨૪ આંગણવાડી કેન્દ્રોની વહીવટી/તાંત્રીક મંજુરી આપેલ છે. જે પૈકી ૧૩૨ આંગણવાડી કેન્દ્રોનાં કામો પ્રગતિમાં છે.

---------

પાટણ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના

* ૩૧૧૭૨ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી,

જવાબ

(૧) મળેલ અરજી

સંસ્થા-૦૬

યુગલ-૧૨૩

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજુર કરી, અને | (૨) મંજૂર અરજી<br>સંસ્થા–૦૩<br>યુગલ–૧૨૦ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ચૂકવેલ સહાય<br>સંસ્થા–રૂ.૦.૯૪ લાખ<br>યુગલ–રૂ.૧૨.૦૦ લાખ<br>કુલ – રૂ.૧૨.૯૪ લાખ |

---------

ગાંધીનગર જિલ્લામાં કિટ્સની વહેંચણી

* ૩૧૧૭૮ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના લોકોને નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી? | ૪૦૦ લાભાર્થીઓને. |

---------

અમદાવાદ આર.ટી.ઓ.માં અરજદારોને નાણા પરત આપવા બાબત

* ૨૯૮૬૦ શ્રી કરમશીભાઇ પટેલ(સાણંદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વાહન ચાલકે નવા વાહન માટે પસંદગીનો નંબર મેળવવા માટે જરૂરી નાણાં ભર્યા હોય છતાં કોઇ કારણસર નંબર ન ફાળવાય તો અરજદારને ભરેલ નાણા પરત આપવાની નિયમોનુસાર જોગવાઇ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ આર.ટી.ઓ કચેરીમાં ઉક્ત બાબતે કેટલા કિસ્સામાં ચેકથી નાણાં પરત આપવામાં આવ્યા, અને | (૨) ઉક્ત સ્થિતિએ ૫૪૧ કિસ્સામાં ડીમાન્ડ ડ્રાફ્ટથી નાણાં પરત આપવામાં આવ્યા. |
| (૩) જો આવી જોગવાઇ ન હોય તો અરજદારને નાણા પરત મળે તેવી જોગવાઇ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલા લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ઉંઝા, સિધ્ધપુર અને ખેરાલુ તાલુકાઓમાંથી હિજરત

* ૩૧૬૪૨ શ્રી રાઘવજી પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના નંદાલી ગામના અનુસૂચિત જાતિના ચાર વ્યક્તિઓ કામલી તા.ઉંઝા, પાંચ વ્યકતિઓ નાગવાસણા, તા. સિધ્ધપુર તથા ચાર વ્યક્તિઓ મન્દ્રોપુર તા.ખેરાલુ ખાતે તા.૨૯–૦૬–૨૦૧૬થી હીજરતની ફરજ પડતા હિજરત કરી ગયા છે તે હકીકત ખરી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત હિજરતની ઘટનાને તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ હિજરત તરીકે જાહેર કરવામાં આવેલ નથી તેના શા કારણો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ હિજરતની ઘટનામાં અનુસૂચિત જાતિ/ | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તથા નિયમો - ૨૦૧૬ અન્વયે હિજરતી પરિવારોને કોઈ પણ પ્રકારના આર્થિક સહિતના મળવાપાત્ર સરકારી લાભો પુરા પાડવામાં આવ્યા નથી તે હકીકત ખરી છે કે કેમ, અને

(૪) આ તમામ હિજરતી પરિવારોને મળવાપાત્ર લાભો પુરા પાડવા શા પગલા લેવામાં આવ્યા છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ધરમપુર તાલુકામાં રાધાકૃષ્ણ મંદિરનું રીનોવેશન

* ૨૯૫૦૮ શ્રી ઈશ્વરભાઇ પટેલ (ધરમપુર) :તા.૩૧-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩૯૦(અગ્રતા-૩)ના અનુસંધાને માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ અને મકાન વિભાગ) વલસાડ દ્રારા તા.૩૧-૧-૨૦૧૫થી નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય, ગાંધીનગરને રાધાકૃષ્ણ મંદિરના જીર્ણોદ્ધાર માટે અંદાજીત રૂપિયા ૬૫.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે,તે હકિકત ખરી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ઉક્ત દરખાસ્ત અન્વયે ઉક્ત સ્થિતિએ નિયામકશ્રી પુરાતત્વ અને સંગ્રહાલય, ગાંધીનગર તરફથી કેટલી રકમની મંજુરી ક્યારે આપવામાં આવી, અને

(૩) ઉક્ત મંજૂરી અન્વયે ઉક્ત મંદિર જર્જરીત હોવાથી ઉક્ત સ્થિતિ સુધીમાં તેનું રીનોવેશન કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ નિયામકશ્રી પુરાતત્વ અને સંગ્રહાલય, ગાંધીનગરએ તા.૨૨-૦૮-૨૦૧૬ અને તા.૨-૧૧-૨૦૧૬ના રોજ રૂપિયા ૬૫.૦૦ લાખની મંજુરી આપેલ છે.

(૩) આ મંદિરની કામગીરી ખાસ પ્રકારની હોઇ, તેના રીનોવેશન માટે જાણકાર સ્થપતિની કન્સલટન્ટની નિમણૂંક કરવા કાર્યપાલક ઇજનેરશ્રી, (માર્ગ અને મકાન વિભાગ) વલસાડ દ્રારા તા.૧-૧૦-૨૦૧૬ અને તા.૧૦-૦૧-૨૦૧૭ થી જાહેર નિવિદા પ્રસિધ્ધ કરેલ છે.

---------

કિશોરી બાળાઓ માટે રાજીવ ગાંધી યોજના અંતર્ગત કેન્દ્રિય સહાય

* ૨૯૪૯૮ ડૉ. મિતેશભાઇ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કિશોરી બાળાઓ માટે સશકિતકરણની રાજીવ ગાંધી યોજના અંતર્ગત કેન્દ્રિય સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨)

| વર્ષ | કેન્દ્ર સરકારમાંથી મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૨૨૭૦.૩૧ |
| ૨૦૧૫-૧૬ | ૨૨૩૪.૨૫ |

(૩)

| વર્ષ | રકમ પૈકી વર્ષવાર ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૭૧૯૧.૧૪ |
| ૨૦૧૫-૧૬ | ૬૦૨૩.૨૫ |

---------

સાબરકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય

* ૩૧૧૭૩ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૮૭,૮૫૮. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૮૭,૮૫૮ વિદ્યાર્થીઓને રૂ.૨,૬૩,૫૭,૪૦૦/- સહાય ચુકવવામાં આવી. |

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાની આંગણવાડી વર્કરો અને હેલ્પરોની ફરિયાદો

* ૩૧૧૨૮ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં આંગણવાડી વર્કર તેમજ હેલ્પરોને લગતાં પ્રશ્નો બાબતની કેટલી ફરિયાદો/અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને મળેલ છે, | (૧) ગીર સોમનાથ જિલ્લોઃ–<br>૨(બે) અરજીઓ મળેલ છે.<br>જુનાગઢ જિલ્લોઃ–<br>એક પણ ફરિયાદ કે અરજી મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ/ ફરિયાદોમાં મુખ્યત્વે કયા મુદ્દાઓનો સમાવેશ થાય છે, અને | (૨) ગીર સોમનાથ જિલ્લોઃ–<br>મળેલ અરજીઓ/ ફરિયાદોમાં ગ્રેજ્યુઇટી મેળવવાનો મુદ્દો છે.<br>જુનાગઢ જિલ્લોઃ–<br>પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પડતર અરજીઓ/ ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) આંગણવાડી કાર્યકરો/તેડાગરો સરકારી કર્મચારી ગણાતા ન હોઇ તેઓને ગ્રેજ્યુઇટી આપી શકાતી નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૩૧૧૬૭ શ્રી પરબતભાઇ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કન્યાની કેટલી આદર્શ નિવાસી શાળાઓ છે, અને | (૧) ૦૧(એક). |
| (૨) ઉક્ત આદર્શ નિવાસી શાળામાં મુખ્યત્વે શુ સગવડતા આપવામાં આવે છે? | (૨) આદર્શ નિવાસી શાળામાં કન્યાઓને અભ્યાસ, રહેવાની–જમવાની, બે જોડી ગણવેશ, બૂટ–મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. |

---------

ભિલોડા અને મેઘરજ તાલુકામાં વૃધ્ધોને સહાય

* ૩૨૦૫૧ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, અને

(૧) ૨૨૪.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૦૬ |
| ૨ | મેઘરજ | ૧૧૮ |
| | કુલ | ૨૨૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને વર્ષવાર અને તાલુકાવાર કેટલા અરજદારોને નિરાધાર વૃધ્ધ સહાય આપવામાં આવી?

(૨) ૧૯૧ અરજીઓ મંજૂર કરી.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૯૧ |
| ૨ | મેઘરજ | ૧૦૦ |
| | કુલ | ૧૯૧ |

સહાય ચૂકવેલ લાભાર્થી ૧૭૫

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૧૫ થી તા.૩૧-૧-૧૬ સુધી સહાય ચૂકવેલ લાભાર્થીઓ | તા.૧-૨-૧૬ થી તા.૩૧-૧-૧૭ સુધી સહાય ચૂકવેલ લાભાર્થીઓ | કુલ સહાય ચૂકવેલ લાભાર્થીઓ |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૧ | ૮૦ | ૯૧ |
| ૨ | મેઘરજ | ૧૯ | ૬૫ | ૮૪ |
| | કુલ | ૩૦ | ૧૪૫ | ૧૭૫ |

---------

કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનોની ફરીયાદો

* ૩૧૭૫૭ શ્રી શક્તિસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનો ચાલતા હોવાની સરકારને તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરીયાદો મળેલ છે?

જવાબ

કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનો ચાલતા હોવાની સરકારને તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૯ ફરીયાદો મળેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં સગર્ભા અને ધાત્રી મહિલાઓ માટે ગ્રાન્ટ

* ૩૧૯૮૪ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં સગર્ભા મહિલાઓ અને ધાત્રી બહેનો માટે સન ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧-૧૭ સુધીમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સગર્ભા મહિલાઓ અને ધાત્રી બહેનો માટે સન ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧-૧૭ સુધીમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૬-૧૭ (૩૧-૧-૧૭ સુધી) | ૧,૭૩,૫૨,૦૦૦/- |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી છે?

(૨) ઉક્ત સ્થિતિએ રૂ. ૫૫,૦૮,૦૦૦/- ગ્રાન્ટ વાપરવાની બાકી છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં વૃધ્ધોને સહાય

* ૩૧૨૯૭ શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નિરાધાર

જવાબ

(૧) ૫૫૦.

વૃધ્ધ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં મળેલ અરજી | ૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં મળેલ અરજી | કુલ મળેલ અરજી |
|---|---|---|---|---|
| ૧ | ડીસા | ૨૪ | ૫૨ | ૭૬ |
| ૨ | કાંકરેજ | ૧૪ | ૨૦ | ૩૪ |
| ૩ | દિયોદર | ૧૧ | ૨૫ | ૩૬ |
| ૪ | લાખણી | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૫ | સુઇગામ | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૬ | પાલનપુર | ૭૨ | ૫૨ | ૧૨૪ |
| ૭ | વડગામ | ૩૮ | ૫૨ | ૯૦ |
| ૮ | ધાનેરા | ૧૧ | ૦૯ | ૨૦ |
| ૯ | દાંતીવાડા | ૦૬ | ૧૩ | ૧૯ |
| ૧૦ | ભાભર | ૦૦ | ૦૩ | ૦૩ |
| ૧૧ | દાંતા | ૪૧ | ૨૬ | ૬૭ |
| ૧૨ | અમીરગઢ | ૧૯ | ૧૯ | ૩૮ |
| ૧૩ | થરાદ | ૦૮ | ૦૯ | ૧૭ |
| ૧૪ | વાવ | ૧૧ | ૦૮ | ૧૯ |
| | કુલ | ૨૬૦ | ૨૯૦ | ૫૫૦ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર – ૪૫૬

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં મંજૂર અરજી | ૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં મંજૂર અરજી | કુલ મંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | ડીસા | ૨૨ | ૪૫ | ૬૭ |
| ૨ | કાંકરેજ | ૧૧ | ૧૪ | ૨૫ |
| ૩ | દિયોદર | ૧૦ | ૨૦ | ૩૦ |
| ૪ | લાખણી | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૫ | સુઇગામ | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૬ | પાલનપુર | ૫૨ | ૩૫ | ૮૭ |
| ૭ | વડગામ | ૩૦ | ૪૫ | ૭૫ |
| ૮ | ધાનેરા | ૦૯ | ૦૮ | ૧૭ |
| ૯ | દાંતીવાડા | ૦૬ | ૧૩ | ૧૯ |
| ૧૦ | ભાભર | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૧૧ | દાંતા | ૩૪ | ૨૪ | ૫૮ |
| ૧૨ | અમીરગઢ | ૧૯ | ૧૮ | ૩૭ |
| ૧૩ | થરાદ | ૦૮ | ૦૯ | ૧૭ |
| ૧૪ | વાવ | ૧૦ | ૦૬ | ૧૬ |
| | કુલ | ૨૧૫ | ૨૪૧ | ૪૫૬ |

નામંજૂર – ૯૪

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | ૧-૧-૧૬ થી ૩૧-૧૨- | કુલ નામંજૂર અરજી |
|---|---|---|---|---|

| | | સુધીમાં નામંજૂર અરજી | ૧૬ સુધીમાં નામંજૂર અરજી | |
|---|---|---|---|---|
| ૧ | ડીસા | ૦૨ | ૦૭ | ૦૯ |
| ૨ | કાંકરેજ | ૦૩ | ૦૬ | ૦૯ |
| ૩ | દિયોદર | ૦૧ | ૦૫ | ૦૬ |
| ૪ | લાખણી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | સુઇગામ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | પાલનપુર | ૨૦ | ૧૭ | ૩૭ |
| ૭ | વડગામ | ૦૮ | ૦૭ | ૧૫ |
| ૮ | ધાનેરા | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૯ | દાંતીવાડા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | ભાભર | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૧ | દાંતા | ૦૭ | ૦૨ | ૦૯ |
| ૧૨ | અમીરગઢ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૩ | થરાદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | વાવ | ૦૧ | ૦૨ | ૦૩ |
| | કુલ | ૪૫ | ૪૯ | ૯૪ |

મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત આવક કરતા આવક વધુ હોવાથી | ૧૧ |
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૪૪ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૬ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૧૩ |
| અવસાન થવાથી | ૦૨ |
| પુરાવો રજૂ કરેલ ના હોવાથી | ૦૮ |
| કુલ | ૯૪ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે?

(૩) એક પણ અરજી પડતર ન હોઇ કોઇ પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

---------

<#B/તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) /B#>

<#SB/સૈનિકને ગંભીર ઇજા પહોંચાડવા બાબત /SB#>

શ્રી <#M/પૂંજાભાઇ ભી. વંશ/M#>(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું કે –

‘‘તાજેતરમાં બોટાદ જિલ્લાના રાણપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇનસ્પેક્ટર દ્વારા ભારતીય સૈનિકની મોટર સાઇકલની નંબર પ્લેટ બાબતે રકઝક થતાં ફરિયાદ નોંધીને માર મારતાં સૈનિકને ગંભીર ઇજા પહોંચતા આમ જનતામાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાં.’’

શ્રી <#Mi/પ્રદિપસિંહ ભ.જાડેજા/Mi#> ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિવેદન કરું છું કે–

(૧) બોટાદ જિલ્લાના રાણાપુર પોલીસ મથકે બનેલ બનાવની હકીકત નીચે મુજબ છે.

આ બનાવની એફ.આઇ.આર. મુજબ તા.૨૮/૦૨/૨૦૧૭ના ૧૯.૩૦ કલાકે પોલીસ સબ ઇન્સ્પેકટર, રાણપુરે મોટરસાઇકલ નંબર જીજે–૧–એસ.એમ.–૦૫૪૫ વાળા વાહન ચાલક અશ્વિનભાઇ, મૂળ ગામ–હડમતાળા, તા.રાણપુર, જી. બોટાદને મોટરસાઇકલના કાગળો અંગે પૃચ્છા કરતાં, તેઓએ સંતોષકારક જવાબ આપેલ ન હતો તેમજ તેઓની મોટરસાયકલમાં પાછળની નંબર પ્લેટમાં નંબર લખેલ ન હોવાથી, પોલીસ સબ ઇન્સ્પેકટર, રાણપુરે મોટરસાયકલને મોટર

વ્હીકલ એક્ટ કલમ–૨૦૭ મુજબ ડીટેઇન કરેલ અને જ્યુડિશ્યલ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટશ્રી, રાણપુરની કોર્ટમાં દંડ ભરી પહોંચ રજૂ કરી, મોટરસાયકલ લઇ જવા જણાવેલ. તે સમયે અશ્વિનભાઇ મેમો લઇને જતા રહેલ હતા.

તે દિવસે રાતના આઠ કલાકે અશ્વિનભાઇ તથા મહેશભાઇ જેસીંગભાઇ કે જેઓ બંને આર્મીમાં નોકરી કરે છે અને રજામાં તેમના વતન હડમતાળા તા.રાણપુર જી.બોટાદ ખાતે આવેલ હોઇ તેઓ રાણપુર પોલીસ સ્ટેશને આવેલા ''અમો આર્મીમાં નોકરી કરતા હોય અમારું મોટરસાયકલ કેમ લઇ લીધું છે, મેમો કેમ આપેલ છે?'' તેવી દલીલ કરેલ હતી. પોલીસ સબ ઇન્સ્પેકટર, રાણપુરે તેમના ઓળખપત્ર માંગતા તેઓએ બિભત્સ ગાળો બોલી ધમકી આપી હતી. તે સમયે આ બંને ઇસમોએ હાજર રહેલા પોલીસ કર્મચારી પૈકી એક પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઇને પકડી, ઝપાઝપી કરી, ઢીકા પાટુનો માર મારી, જાનથી મારી નાખવાની અને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. આ ઝપાઝપીમાં પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઇને છોડાવવા પોલીસ કોન્સ્ટેબલ સવજીભાઇ વચ્ચે પડતા મહેશભાઇ જેસીંગભાઇએ તેઓને જમણા હાથે બચકુ ભરેલ અને ઢીકાપાટુનો માર મારેલ હતો. તે સમયે અન્ય પોલીસ કર્મચારીઓ પોલીસ કોન્સ્ટેબલ સવજીભાઇને છોડાવતી વખતે મહેશભાઇ જેસીંગભાઇ ભાગવા જતાં બહારની દીવાલ સાથે તેઓનું માથું ભટકાતા પડી ગયેલ હતા. આ દરમ્યાન હડમતાળા ગામના ભાવુભાઇ ઉકાભાઇ, રમેશભાઇ ચતુરભાઇ અને ગોપાલભાઇ ભાવુભાઇ લાકડાના ધોકા સાથે પોલીસ સ્ટેશને આવી બિભત્સ ગાળો બોલી, ધોડા વડે સરકારી મોટરસાયકલને નુકસાન કરી સરકારી મિલકતને નુકસાન પહોંચાડેલ.

ઉપરોક્ત વિગતની એફ.આઇ.આર. તા.૨૮/૦૨/૨૦૧૭ના રોજ કલાક ૨૧.૩૦ વાગે રાણપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.૦૮/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૩૫૩, ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ કલમ ૩, ૭ મુજબની દાખલ થયેલ. ત્યાર બાદ આ ગુના સાથે સંકળાયેલા પાંચ આરોપીઓને અટક કરેલ હતા. તા.૦૧/૦૩/૨૦૧૭ના રોજ કલાક ૧૫.૦૦ વાગે જ્યુડિશ્યલ ફર્સ્ટ કલાક મેજિસ્ટ્રેટશ્રી, રાણપુરની કોર્ટમાં આ આરોપીઓને રજૂ કરતા, નામદાર કોર્ટે તેઓને જામીન મુક્ત કરેલ હતા. નામદાર કોર્ટમાં આરોપીઓએ પોલીસ વિરુદ્ધ કોઇ ફરિયાદ કરી નથી.

જામીન મુક્ત થયા બાદ મહેશભાઇ જેસીંગભાઇ તા.૦૧/૦૩/૨૦૧૭ના રોજ બોટાદ સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ અને પોતાને પોલીસ સ્ટેશનમાં ધોલ–ધપાટ, મુઢમાર માર્યા અંગેની ફરિયાદ કરતા તા.૦૨/૦૩/૨૦૧૭, કલાક ૦૪.૦૦વાગે રાણપુર પોલીસ સ્ટેશને નોન–કોગ્નીઝેબલ ગુ.ર.નં.૧/૧૭ ઇ.પી.કો.ક.૩૨૩,૧૧૪ મુજબ ગુનો પોલીસ સબ ઇન્સ્પેકટર રાણપુર તથા બે પોલીસ કર્મચારી વિરુદ્ધ દાખલ થયેલ છે. દાકતરી પ્રમાણપત્રો જોતા મહેશભાઇને ગંભીર ઇજા થયેલ નથી.

એફ.આર.આઇ.માં જણાવેલ ઇસમો વિરુદ્ધમાં રાણપુર પોલીસ સ્ટેશન ચેપ્ટર કેસ નંબર ૮૪–૮૫–૮૬/૨૦૧૭ સી.આર.પી.સી. કલમ–૧૦૭, ૧૧૬(૩) મુજબ તા.૦૧/૦૩/૨૦૧૭ ના રોજ અટકાયતી પગલાં લીધેલ છે.

આમ, આ બનાવ મોટરસાયકલ ચાલક (જે પછીથી આર્મીમાં નોકરી કરતા હોવાનું જણાયેલ) દ્વારા મોટર વ્હીકલ એક્ટનો ભંગ (ત્રિપલ સવારીમાં વાહન ચલાવવું, નંબર પ્લેટમાં નંબરના બદલે અન્ય લખાણ કરવું, ડ્રાઇવિંગ લાયસન્સ રજૂ ન કરવું, હેલમેટ ન પહેરવું, વાહન રજિસ્ટ્રેશનની વિગતો ન આપવી વિગેરે) કરેલ હોઇ, પોલીસ દ્વારા કાનૂની કાર્યવાહી કરવામાં આવતાં, તે કાર્યવાહી અનુસંધાને આ બનાવ બનવા પામેલ છે. જે પરત્વે પોલીસ દ્વારા ત્વરિત અને સચોટ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૨) કેન્દ્રીય સુરક્ષા દળોમાં રાજ્યના યુવાનોને નોકરી મળે તે માટે, રાજ્ય સરકાર દ્વારા પૂર્વ સેવા તાલીમનું આયોજન કરવામાં આવે છે. બોટાદ જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા યુવક અને યુવતીઓ દેશના સુરક્ષા દળોમાં જોડાય, પરીક્ષાની જાણકારી મળી રહે, તેમનો ઉત્સાહ વધે તે હેતુથી નિષ્ણાંત પ્રશિક્ષકો રોકીને લેખિત અને શારીરિક કસોટીની પૂર્વ તૈયારી કરાવવામાં આવેલ અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી બને તેવું તાલીમનું સાહિત્ય પૂરું પાડવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કુલ ૭૩૦ વ્યક્તિઓને તાલીમ આપેલ છે.

(૩) વર્ષ ૨૦૧૬માં બોટાદ જિલ્લામાં મોરટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ અન્વયે કુલ ૨૨૧૭ વાહનોને જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. ૧૧૭૦ વાહનચાલકોને નોન–કોગ્નીઝેબલ મેમો આપેલ છે. ૧૮૩૪૫ વાહનચાલકોને સમાધાન શુલ્ક મેમો આપેલ છે.

તા.૨૮/૦૨/૨૦૧૭ના રોજ બોટાદ જિલ્લામાં મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ અન્વયે ૫ વાહનોને તથા રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩ વાહનોને જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આમ, પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમનની કાર્યવાહીમાં સાતત્યતા જોવા મળેલ છે. બનાવ અન્વયે દાકતરી સારવારમાં ગંભીર ઇજા થયેલ હોવાનું પ્રસ્થાપિત થયેલ નથી. આ બનાવથી આમજનતામાં રોષ કે ભયની લાગણી ફેલાયેલ નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ જવાબમાં અડધી હકીકત સત્યતા તરફ છે અને અડધી બાબત અસત્ય છે. મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે નિવેદનમાં એ પોલીસ વિભાગની અંદર કામ કરતા જેમણે કાયદાનું રક્ષણ કરવાનું છે, લોકોના જાન–માલની સલામતી રાખવાની જવાબદારી છે એ જ લોકો બેજવાબદાર રીતે વર્તન કરે એ કોઇપણ સંજોગોમાં વાજબી અને ઉચિત જણાતું નથી અને એમાંય સરહદ ઉપર જે સૈનિકો રાત–દિવસ

ટાઢ–તડકો વેઠીને પોતાની ફરજ બજાવે છે અને જેને આપણે સૌ માનથી જોઇએ છીએ અને રાજ્યની પ્રજા પણ માનથી જોવે છે એ લોકોની સાથે આવો દુર્વ્યવહાર કર્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે એમણે જે જવાબમાં કીધું કે મહેશભાઇ જેસીંગભાઇને તા.૧–૩–૨૦૧૭ના રોજ બોટાદ સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ અને પોતાને પોલીસ સ્ટેશનમાં ધોલ–ધપાટ માર માર્યા અંગેની ફરિયાદ કરતા તા.૨–૩–૨૦૧૭ના ૧૨–૦૦ કલાક વાગે રાણપુર પોલીસ સ્ટેશનમાં નોન–કોગ્નીઝેબલ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪ મુજબ ગુનો દાખલ કર્યો છે. પોલીસની સામે સામાન્ય ગુનો દાખલ કર્યો છે. પોલીસે રાત–દિવસ એમને બેરહેમ રીતે માર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ફોટોગ્રાફ છે. આપ કહો તો આપને પણ મોકલાવું છું. ફોટોગ્રાફ ઉપરથી જોઇ શકાય છે કે પોલીસે એમને બેરહેમીથી કેટલા બધા માર્યા છે? બોટાદ હોસ્પિટલની અંદર એને સારવાર આપવામાં ના આવી. ત્યાંથી આવીને એમને અમદાવાદ આર્મી કેમ્પની અંદર દાખલ કરવામાં આવ્યા. ગઇકાલે સાંજે જ એને હજી રજા આપવામાં આવી. આજે પણ એને મૂઢમાર મારવામાં આવ્યો છે મુખ્યમંત્રીશ્રી એ પણ હજી આજે પણ સામે દેખાય છે ત્યારે પોલીસ સામે એક સામાન્ય ગુનો દાખલ કરીને આ પ્રકારનો હુમલો થાય તો હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે આમની સામે સંપૂર્ણપણે અન્ય તપાસની તપાસ અધિકારીને તપાસ સોંપીને સંપૂર્ણ તપાસ કરીને જવાબદાર લોકોની સામે કડક કાર્યવાહી કરવા માગો છે કે કમે? અને બીજો મુદ્દો, નંબર પ્લેટ, હેલમેટ એવા પ્રકારનો આમાં ઉલ્લેખ કર્યો છે ત્યારે આજે પણ રાજ્યની અંદર પોલીસખાતા પાસે પોતાની પ્રાઇવેટ માલિકીના જે વાહનો છે એના ઉપર પોલીસનું લેબલ લગાવેલા હોય છે. હાઇકોર્ટે પણ એમ કીધું છે કે લાલ લાઇટ ઉતારવાની છે પણ હજી સુધી રાજ્યમાં એમ ને એમ લાલ લાઇટો સાથે ગાડીઓ ફરે છે તો એમાં પગલા નથી લેતા અને એક સૈનિક સામે સામાન્ય બાબત છે અને એમાં પોલીસે ગંભીર પ્રકારનું કૃત્ય આચર્યુ છે તો એની સામે કડકમાં કડક કાર્યવાહી અન્ય તપાસણી કરીને સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબની અંદર બહુ સ્પષ્ટ જો એમણે વાંચ્યું હોય તો આ પ્રમાણેના ઉલ્લેખો કદાચ એ ના કરત. મેં જે જવાબ આપ્યો છે એ રેકોર્ડ આધારિત જ આપ્યો છે. આ જવાબમાં કાંઇ છૂપાવવાનું છે નહિ. ત્રણ સવારી જતા લોકોને પોલીસ પોતાની ફરજના ભાગ દરમ્યાન પૂછે – તમારું લાઇસન્સ લાવો, તમારા પેપર્સ બતાવો અને કોઇ પણ વ્યક્તિ હોય અને જો એ પોલીસને યોગ્ય પ્રમાણેનો જવાબ ના આપે તો અયોગ્ય કહેવાય. આ આર્મીના જવાન હતા. પોલીસ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા લોકો હોય કે આર્મીમાં કામ કરતા લોકો હોય. સમાજને અપેક્ષા છે એમની પાસેથી કે, શિસ્તબદ્ધ રીતે એ વર્તે. આ ત્રણેય જણા જ્યારે પોલીસ સ્ટેશને આવ્યા અને પોલીસ સ્ટેશને આવ્યા પછી એ ઘરે ગયા એમના ભાઇને લઇને આવ્યા ત્યાં બાઇક તોડી નાખ્યું અને બાઇક તોડી નાખ્યું એટલું નહીં મારી પાસે ફોટોગ્રાફ છે ફરજ ઉપરના પોલીસ કોન્સ્ટેબલને બટકા ભર્યા, પછી પોલીસ અધિકારી શું કરે? જે કેસ નોંધ્યો છે એ યોગ્ય પ્રમાણે નોંધ્યો છે અને હું એમણે જે વાત કરી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ એમને રજૂ કરવામાં આવ્યા ૧–૩–૨૦૧૭ના રોજ. એમણે મેજિસ્ટ્રેટે પોતાના અક્ષરમાં જે નોંધ લખી છે એ હું કહેવા માગુ છું. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી રાણપુરની નોંધ," આરોપીઓને આજરોજ ૧–૩–૨૦૧૭, મારી સમક્ષ કલાક ૧૫ વાગ્યે રજૂ કરાયેલ છે. આરોપીઓને પૂછતાં પોલીસ વિરુદ્ધ મારકૂટ કે ત્રાસની કોઇ ફરિયાદ નથી". નંબર–૨, રાણપુર ખાતે એમને જે પ્રાથમિક સારવાનું સર્ટિફિકેટ્સ મળ્યું છે, એ પ્રાથમિક સારવારના સર્ટિફિકેટ્સમાં ડોકટરે કેટોગરીકલી લખ્યું છે કે," નો ઇન્જરી માર્કસ ". નંબર–૩, આ બનાવના કારણે એ જે રોષની લાગણીની વાત કરે છે, મારા પોલીસના ઉચ્ચ અધિકારીઓ હડમતાળા ગામે ગયા હતા. ત્યાંના લોકોને એકત્રિત કર્યા, લોકોએ કહ્યું કે, "અહીંયા કોઇ રોષની લાગણી નથી". આ ગેરવર્તણૂકની જાણ પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા કંપની કમાન્ડન્ટ ૯મી બટાલીયન મહા.રેજીમેન્ટ, આસામને કરવામાં આવી છે.

જે આ ફરિયાદ એમણે પોલીસ સામે કરી, એમણે પ્રેસ કોન્ફરન્સ કરી એ પ્રેસ કોન્ફરન્સમાં કહેલા શબ્દોની વિડિયો કલીપ મારી પાસે છે. એમાં એમણે પોતે સ્વીકાર્યું છે કે, હા મેં પોલીસ ઉપર માર માર્યો હતો. અને જ્યારે પોલીસ તંત્ર પોતાની ફરજના ભાગ સ્વરૂપે કામ કરતું હોય અને એ કોઇ એમની સામે વ્યંજન્સથી કામ નથી કર્યું. એ દિવસે મેં જે જોયું તો ૨૦૧૬માં આ પ્રમાણેના ૨,૨૧૭ વાહનોને જપ્ત કર્યા છે. એમાં દંડની કાર્યવાહી કરી છે અને એ પ્રમાણે એ દિવસમાં કુલ કેટલા કર્યા હતા ? તો એ દિવસમાં મોટર વ્હીકલ ૨૦૭ની કલમ હેઠળ ૫ વાહનો તથા રાણપુર પોલીસ સ્ટેશને ત્રણ વાહનો જપ્ત કર્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે અપેક્ષા એવી હતી કે, આર્મી મેન છે, આર્મી મેન ડિસિપ્લીન ફોર્સનો માણસ છે એ ડિસિપ્લીન ફોર્સ તરીકે વર્તવું જોઇતું હતું પરંતુ એમણે જે બેહૂદું વર્તન કર્યું છે એના કારણે પોલીસ તંત્રએ પોતાની ફરજના ભાગ સ્વરૂપે આ કામ કરેલું છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે, ગૃહના રેકોર્ડ ઉપર રહે એટલા માટે આ લોકોને માર માર્યો, બચકું ભર્યું છે એ વાત સાચી. સાહેબ, એને બેરહેમ માર માર્યા પછી એના રક્ષણ માટે એ કર્યું છે છતાં એને બક્ષવામાં ન આવે એની હું તરફેણ નથી કરતો. એમણે પછી બોટાદ પોલીસ સ્ટેશનની અંદર સારવાર લેવા માટે ગયા પછી જાણ કરી, પોતે ફરિયાદ લખાવી, ફરિયાદ લખાવ્યા પછી રાણપુર પોલીસ સ્ટેશનના સબ ઇન્સ્પેકટરે શું કાગળ લખ્યો છે એ હું વાંચુ છું, એમના બાપુજીને કે, "આથી તમોને જણાવવામાં આવે છે કે, આજરોજ આ પોલીસ સ્ટેશનમાં તમારા દિકરા મહેશભાઇ જેસીંગભાઇ બરોલીયાએ સરકારી હોસ્પિટલમાં રાણપુર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફની વિરુદ્ધમાં ફરિયાદ લખાવેલ હોઇ જેની ફરિયાદ જોતાં પોલીસ અધિકાર બહારનો ગુનો બનતો હોઇ જેથી સદરહું બાબતે આપને યોગ્ય કોર્ટથી દાદ લેવા થતી હોઇ જે આપને જાણ કરવામાં આવે છે". પોલીસ ઇન્સ્પેકટરે એમને કાગળ લખ્યો છે કે, આમાં ગુનો બનતો નથી, તમારે જો ન્યાય મેળવવો

હોય તો અન્ય દાદ મેળવી શકો. તો પછી એ જ તારીખે તમે જવાબમાં એમ કહો છો કે, એની સામે કોગ્નીજેબલ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ બેય વસ્તુથી આખે આખું ષડયંત્ર રચાયેલું છે એ રેકોર્ડ ઉપર સાબીત થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ, તમે તો ખૂબ સિનિયર માણસ છો. સામાન્ય રીતે આવી કોઇ ઘટના બને તો કોઇ પોલીસ ઇન્સ્પેકટર કોઇને લેખીત જાણ કરતો હોય એવું ગૃહના કોઇ સભ્યના ધ્યાનમાં હોતું નથી. પરંતુ આર્મી મેન છે, જવાબદાર માણસ છે અને એટલા માટે પ્રોસીજરના ભાગ સ્વરૂપે આ થયું છે, એ તમારે સ્વીકારવું જોઇએ. કારણ કે, આપ સિનિયર સભ્ય છો એટલા માટે. માનનીય મંત્રીશ્રી કાંઇ કહેવાનું હોય તો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એ લોકો એમ કહે છે કે ગુનો બનતો નથી. પાછળથી એની વિરુધ્ધમાં ગુનો દાખલ કર્યો એટલી વાત જ હું કહેવા માગું છું સાહેબ. આ સિવાયની મારી બીજી કોઇ વધારાની વાત નથી અને બીજો મુદ્દો જે હોય તે છતાં પણ આર્મીમેન છે અને એક આવી બાબતની અંદર આવો દુર્વ્યવહાર જે કરવામાં આવ્યો છે એ વાત યોગ્ય નથી એ તો સરકાર સ્વીકારે?

અધ્યક્ષશ્રી: સરકાર નહીં, આપણે બધા સ્વીકારીએ. બધા લોકો પોતાની મર્યાદામાં રહે. ડીસીપ્લીન રાખે અને ઠીક લાગે એ દિશામાં વાણી વર્તન કરે એ પણ એટલું જ જરૂરી છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના હડમતાળા ગામે જે બનાવ બન્યો, આ બે આર્મીમેન, એક ખેડૂત પરિવાર અને કડીયા પરિવારમાંથી અને મજૂર વર્ગમાંથી છે. આ સર્વીસ કરે છે. આ બંને આર્મીમેન ઉપર રાણપુર પી.એસ.આઇ.એ જબરજસ્ત ઢોરમાર મારેલ છે. એમને હોસ્પિટલમાં પણ એડમીટ કર્યા છે. છતાં પણ પાછળથી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આમાં બધાય, એ વિસ્તારના તમામ આગેવાનો, એસ.પી., કલેકટરમાં પણ આવેદનપત્ર આપ્યું છે પણ આ કેસની તટસ્થ તપાસ કરી આની ઉપર કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણેની એમણે વાત કરી, હું હજી આખા શબ્દો કહું છું. એમને પોલીસ સબઇન્સ્પેકટરે એવું પૂછયું કે તમે કેમ આમાં નંબર નથી લગાડયો? એટલે એણે એવું કીધું કે હું આર્મીમાં છું અને જયારે પણ રજા ઉપર આવું છું ત્યારે આવી જ રીતે નંબર વગરનું મોટર સાઇકલ ફેરવું છું. મારે નંબર લખવાની કોઇ જરૂર નથી. સમગ્રતયા એમના દ્વારા જયારે ફરિયાદ કરવામાં આવી ત્યારે એ ફરિયાદનો પણ ઉલ્લેખ કર્યો છે એટલે માનનીય ધારાસભ્યશ્રી જે કહે છે એ પ્રમાણે આ આખો જે બીન ફોજદારી ગુનો દાખલ થયેલ છે એ બીન ફોજદારી ગુનાની તપાસ, કોર્ટની મંજૂરી પછી તપાસ થઇ શકે છે એટલે આમાં આખા ગુનાને રોકવા માટેનો કે ફરિયાદ રોકવા માટેનો કોઇ આશય નથી. આ જે પી.એસ.આઇ. છે એ ત્યાં ઇફિકટીવલી કામ કરે છે અને પહેલા તમારા વિસ્તારમાં જ હતા. તમે સારી રીતે ઓળખો છો. એની સામેનો તો આપનો કોઇ વાંધો નથીને? અને ઇફિકટીવલી કામ કરે છે અને જયારે પોલીસ પોતાની ફરજના ભાગરૂપે ઇફિકટીવલી કામ કરતા હોય ત્યારે આ રીતે ફરજમાં અવરોધ કરવા માટેનું અયોગ્ય કૃત્ય છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ આક્ષેપ નથી. નહીં, પ્લીઝ, પ્લીઝ. આઇ એમ સોરી.(અંતરાય) (સુત્રોચ્ચાર) હર્ષદભાઇ, બહાર જવાનો વારો આવશે. બાબુભાઇને બોલવા દો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ નવા જે પી.એસ.આઇ. આવે અને એ બધા, આપણે એમ નથી કે આ એકની વાત કરીએ છીએ જે આવે એ બધાનો આવો જ ત્રાસ છે એમાં આવા માણસો જે આવે એને એમ કે પી.એસ.આઇ. હું થઇ ગયો એટલે પ્રજાને મારવાનું જ છે અને એમાં કોઇ આડું ન આવે એવા ઘણા પી.એસ.આઇ. છે. અને આવા માટે, ભલે તમે સરકાર છો એનું રક્ષણ કરો નોકરીયાતનું એનો પણ વાંધો નથી પણ તમારો પણ દાબ હોવો જોઇએ. કાલ સવારે તમારા ધારાસભ્યને પણ બે ડંડા મારી દેશે એટલે આ ખરેખર ભલે આને માર્યો, આની વાઇડાઇ કરી અને સ્વમાનની રીતે હોય, સ્વાભાવિક છે કોઇ સ્વમાની માણસ હોય તો એને કોઇ ખોટી રીતે હેરાન કરવા માંડે તો સામે એ પણ મારે એવું પણ કંઇ નથી પણ જે માર મારેલો છે, આખી રાત માર મારેલો છે અને એ મારેલો છે એને હિસાબે આપણે વાત કરીએ કે ઘણા આવા કિસ્સાઓ બને કે આ તો લશ્કરનો માણસ છે એની ફરિયાદ થઇ, એની વાત કરી, એનું સાંભળ્યું પણ એવા ઘણા કિસ્સા છે કે પોલીસ છે, આ નવી પોલીસ આવી એમાં થોડાઘણા એવા માણસો છે એવા માણસોને તમારો કંઇક દાબ રહે તો એના માટે કંઇ કરવા માગો છો કે નહીં? એ વાત કરો. નહીંતર આવા ઉંછાછળા સ્વભાવવાળા માણસો હોય તો ખરેખર આવું હોય તો ડી.એસ.પી. સાહેબે પણ કંઇક કહેવું જોઇએ કે તમે બહુ વધારે પડતો અતિરેક ન કરો. એવું કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું તેમાં મારી પાસે લેખીતમાં ડૉકટરનું સ્ટેટમેન્ટ છે. તેમાં તેમણે લખ્યું છે કે તેઓ સારવારમાં આવેલ ત્યારે આવી કોઇ તકલીફ જણાવેલ નથી. આ સ્પષ્ટ લખેલ છે. તેમણે પોલીસતંત્ર માટેની વાત કરી છે. અશોકભાઇ એક મિનિટ. હું આપને કહું છું કે પેલીસ તંત્રના સંદર્ભમાં પોલીસતંત્ર દ્વારા કયાંય સમાજમાં આ રીતે કોઇને હેરાનગતિ કરવા માટેનો પ્રયાસ હશે તો તેની જવાબદારી મારી છે, પણ જે ગુનેગારોને છાવરશે, જે ગુનેગારો સાથે જોડાયેલા હશે તેની સાથે ગુજરાતની પોલીસ કડકમાં કડક વ્યવહાર કરવાની છે. કોઇની સાડાબારી રાખવાની નથી. અમારે ગુજરાતમાં શાંતિ, સલામતી, સુરક્ષા જોઇએ છે. અમારે કોઇ ગુનેગારોને રાજયાશ્રય આપવાનો નથી. એટલે મહેરબાની કરીને તમારે આ માનસિકતામાંથી બહાર આવવું જોઇએ. પોલીસની સાથે બેહૂદું વર્તન કરવા સાથે આ જ પ્રમાણેના હાલ થશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આખો મુદ્દો છે તેને પોલીસ કે આર્મી તેમ સમજીને વિચારીએ. આર્મીમેન માટે આર્મી કોર્ટ માર્શલની આખી સિસ્ટમ છે. પોલીસ ખાતાને જનરલ સૂચના હોય કે આ પ્રમાણે નંબર પ્લેટ નથી તો તેના કમાન્ડન્ટને પાછળથી ફરિયાદ કરી તે પહેલાં ફરિયાદ કરે. તેની આર્મી હોસ્પિટલ હોય છે ત્યાં તેને આવવું પડયું. એટલે કોઇનો બચાવ આ સાઇડ કે પેલી સાઇડ તેના કરતાં વિભાગની સૂચના હોવી જોઇએ કે આર્મીમેનની દુનિયા અલગ છે. તેમની પોસ્ટ ઓફિસ પણ અલગ હોય છે. તેમના વ્હીકલ ઉપર એરોનું નિશાન હોય એટલે સમજવાનું કે આર્મીનું ઓફીશ્યલ વાહન છે. તે તેમની દુનિયા છે. આપણું ડિપાર્ટમેન્ટ એવી વિગત લઇને તેના કમાન્ડન્ટને કહે તો તે જ કોર્ટ માર્શલ કરીને તેને લઇ જશે. આપણા વિભાગની તેમાં જરૂર ન પડત. આર્મીવાળાને મારવામાં કમસેકમ જે કંઇ હોય તેણે તેમાં કંટ્રોલ કરવો જોઇએ. જયાં સરહદ ઉપર હોય તો તેના બહુ વખાણ આપણે કરીએ છીએ. અહીં પોલીસ કે આર્મીના બદલે તેને બહુ ઉછાળ્યા સિવાય કલોઝ થાય તો વધારે સારુ છે. ધન્યવાદ.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે પ્રમાણે કહ્યું છે તેમાં પોલીસનો કોઇ ઇન્ટેન્શન એવો ન હતો. પરંતુ જયારે આ પ્રમાણે થયું , તેમણે જે કહ્યું, વર્તન કર્યુ અને તે વર્તન કર્યા પછી બધાને બધાને છોડીને જવા દીધા હતા. તે પછી તે તેમના ભાઇઓ સાથે પરત આવ્યા છે અને પછી તેમણે હુમલો કર્યો છે. પોલીસે પ્રથમ દ્દષ્ટિએ તો માત્ર કેસ લખ્યો છે. તે પછી તે બધા ઘરે ગયા અને ઘરે જઇને તેમના ભાઇઓને લઇને આવ્યા અને બેહૂદું વર્તન કર્યું તેના કારણે આ ઘટના બની છે. પોલીસ ડિપાર્ટમેન્ટ સુરક્ષા સેતુ દ્વારા બોટાદની અંદર ભરતી થાય તેના માટે વિશિષ્ટ પ્રકારના પ્રયાસો કરે છે. એટલે આમાં આર્મીમેનનું માન સન્માન જાળવવું આપણી ફરજ છે. પરંતુ તેમણે તેમના ભાઇઓ સાથે આવીને જે બેહૂદું વર્તન કર્યુ તેના કારણે આ ઘટના બની છે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલની રજૂઆત

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા (હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો વીસમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

<#B/માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)/B#>

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

માગણી ક્રમાંક-૧૦૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૧૦,૮૧,૨૩,૪૪,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૧૦૨

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૮૬,૧૯,૫૯,૮૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રુ.૯૦,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

માગણી ક્રમાંક–૮૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ( નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનો સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૧,૭૫,૨૪,૯૫,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રુ.૩,૦૨,૭૦,૯૪,૦૦૦/– ની માગણી ક્રમાંક–૮૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૫ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૮૬

શ્રી નીતિનભાઇ ર. પટેલ( નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૩૨,૬૫,૮૦,૮૧,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રુ.૨૫,૨૯,૩૮,૭૩,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૮૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામ યોજનાની સેવાની લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૫,૯૦,૮૨,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા, ૨,૧૭,૯૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૮૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭-૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા. ૧૫–૩-૨૦૧૭ (બીજી બેઠક) (પાંચમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>માગણી નં ૧૦૧ | | |
| ૧ | ૨૨૧૬ – આવાસન<br>૦૨ – શહેરી ગૃહ નિર્માણ<br>૧૦૩ – ગૃહ નિર્માણ....સહાય<br>રૂ. ૪૫,૨૫,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૧૮ થી ૨૦ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડને સહાય આપવા છતાં સમયસર આવાસો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી<br>(જોઈતાભાઈ પટેલ) |
| ૨ | ” | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડ પાસે ફાજલ પડેલ જમીનો પર આવાસો બનાવવાના આયોજનમાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ<br>(ગેંદાલભાઈ ડામોર) |
| ૩ | ૨૨૧૬ – આવાસન<br>૮૦ – સામાન્ય<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫૫,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૩૨ અને ૩૩ | ૧૦૦ | ગરીબો માટેના આવાસો બનાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ<br>(અશ્વિન કોટવાલ ) |
| ૪ | ” | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડના નબળા આવાસો અંગેની ફરિયાદો સામે | શ્રી મહંમદજાવીદ પીરઝાદા(મહેશકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | પટેલ) |
| ૫ | ” | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે પડેલી અનિયમિત બાંધકામને નિયમિત કરવાની દરખાસ્તોને સમયસર મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ ખરાડી (પ્રવિણભાઈ રાઠોડ, મંગળભાઈ ગાવિત) |
| માગણી નં ૧૦૨ | | | | |
| ૬ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૩ – નાના.......વિકાસ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – UDP–૨<br>વિશ્વ.........સ્થાપના<br>રૂ. ૪૧,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૩૬ | ૧૦૦ | રાજ્યમાં મોટી ઈમારતોને બચાવવા માટે ટી.પી. સ્કીમોમાં કરાતા ફેરફાર સામે પગલાં લઈ સામાન્ય વ્યકિતઓને થતો અન્યાય અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ (ઈન્દ્રનીલ રાજ્યગુરૂ) |
| ૭ | ” | ૧૦૦ | રાજ્યની નગર યોજનામાં ગરીબો માટે ૧૦% જમીન અનામત રખાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઈ પટેલ (મેરામણભાઈ આહીર) |
| ૮ | ” | ૧૦૦ | ટી.પી. સ્કીમોને સત્વરે મંજુરી આપી તેનો સત્વરે અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી (પુનાભાઈ ગામીત) |
| ૯ | ” | ૧૦૦ | ટી.પી. સ્કીમની ફાઈલોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (ધર્મેન્દ્રસિંહ જાડેજા, બળદેવજી ઠાકોર,પરેશ ધાનાણી) |
| ૧૦ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૩ –<br>નાના..........વિકાસ<br>૧૯૧ – મહાનગરપાલિકાને સહાય<br>રૂ. ૨૫,૯૯,૦૦,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૪૬ થી ૫૩ | ૧૦૦ | મહાનગરપાલિકાને સહાય મળવા છતાં પૂરતા પ્રેસરથી પાણી પૂરું નહિ પાડવાની ફરિયાદો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (પૂનમભાઈ પરમાર) |
| ૧૧ | ” | ૧૦૦ | મહાનગરપાલિકાઓને અપાતી સહાયના નાણા કયા કામો પાછળ ખર્ચાયા તેવી દેખરેખ રાખવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.તેજશ્રીબેન પટેલ (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૧૨ | ” | ૧૦૦ | અમદાવાદ મહાનગરપાલિકાના વિસ્તારોમાં પૂરતુ પાણી ન મળવાની ફરિયાદોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (નિરંજન પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ’’ | ૧૦૦ | પુનર્વસન હેઠળ ગરીબોને ફળવાતા આવાસોની ગુણવત્તાની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ (કામીનીબા રાઠોડ) ` |
| ૧૪ | ’’ | ૧૦૦ | ગરીબોના ઝૂંપડા તોડતા પૂર્વે તેમના રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ મિતેશ ગરાસીયા (વજેસિંગભાઈ પણદા) |
| ૧૫ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૩ – નાના......વિકાસ<br>૧૯૨ – નગરપાલિકાઓને.....સહાય<br>રૂ. ૨૩,૯૮,૫૩,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૫૪ થી ૬૦ | ૧૦૦ | રાજીવ ગાંધી આવાસ યોજના હેઠળ ઝૂંપડામુકત નગર બનાવવાના હેતુ અર્થે ગરીબોને સમયસર આવાસ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધારશીભાઈ ખાનપૂરા (ડૉ. અનિલ જોષીયારા) |
| ૧૬ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૩ – નાના..........વિકાસ<br>૧૯૨ – નગરપાલિકાઓને....સહાય<br>૧૧ – જકાત નાબૂદીના .........અનુદાન<br>રૂ. ૪,૨૧,૪૬,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૫૪ થી ૫૭ | ૧૦૦ | જકાત નાબૂદી બાદ નગરપાલિકાઓને સમયસર સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી (રામસિંહ પરમાર) |
| ૧૭ | ’’ | ૧૦૦ | જકાત નાબૂદીની સહાય સમયસર ન ફળવાતા વિકાસના કામો ખોરંભે ચઢતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (છનાભાઈ ચૌધરી) |
| ૧૮ | – ’’ | ૧૦૦ | જકાત નાબુદી બાદ આપવાની થતી અનુદાનની રકમમાં સમયાંતરે વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર (ગ્યાસુદ્દીન શેખ) |
| | | માર્ગ અને મકાન વિભાગ<br>માગણી નં ૮૫ | | |
| ૧૯ | ૨૨૧૬ – આવાસન<br>૮૦ – સામાન્ય<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>૦૧ – રહેણાંકના........... મરામત<br>રૂ. ૧,૩૫,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પાના નં. ૪૩ | ૧૦૦ | સરકારી આવાસોના મરામતમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ (રમેશભાઇ ચાવડા) |
| ૨૦ | ’’ | ૧૦૦ | સરકારી આવાસોની મરામત માટે અપૂરતી સાધનસામગ્રીની સમસ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ગૌતમભાઈ ચૌહાણ) |
| | | માગણી નં ૮૬ | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૩૦૫૪ – માર્ગ અને પુલ<br>૦૪ – જિલ્લા........માર્ગો<br>૩૩૭ – માર્ગ કામો<br>(કે.પુ.યો)<br>૧૧ – RBD–4 માર્ગ અને પુલો<br>રૂ. ૧,૩૩,૩૫,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પાના નં. ૫૭ | ૧૦૦ | જિલ્લા માર્ગોની કામગીરી કર્યા બાદ તેની ગુણવત્તાની ચકાસણી કરવા બાબતમાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ (અમીત ચાવડા) |
| ૨૨ | ૩૦૫૪ – માર્ગ અને પુલ<br>૦૪ – જિલ્લા........માર્ગો<br>૩૩૭ – માર્ગ કામો<br>(કે.પુ.યો)<br>૧૧ – RBD–4 માર્ગ અને પુલો<br>રૂ. ૧,૩૩,૩૫,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પાના નં. ૫૭ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોને તાલુકા મથક સુધી જોડવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઈ ગોહેલ (મણીલાલ વાઘેલા) |
| ૨૩ | ” | ૧૦૦ | ગ્રામ્ય માર્ગના ડામર સપાટીના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (મહેન્દ્રસિંહ વાઘેલા) |
| ૨૪ | ” | ૧૦૦ | ચોમાસામાં ગ્રામ્ય માર્ગોના ધોવાણ પછી સત્વરે મજબૂતીકરણ કરવા બાબતે તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ (સી.કે.રાઉલજી) |
| ૨૫ | ” | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારમાં નાળા પુલીયાના કામો તેમજ કાચા માર્ગોને પાકા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાંતિભાઈ ખરાડી (અશ્વિન કોટવાલ) |
| ૨૬ | ” | ૧૦૦ | જિલ્લા માર્ગોની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગોવાભાઈ રબારી (બાબુભાઈ વાજા) |
| ૨૭ | ” | ૧૦૦ | છોટા ઉદેપુર તાલુકાના મીઠાબોર ગામને છોટા ઉદેપુર આવવા માટે સીધો રસ્તો બનાવી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (ધીરૂભાઈ ભીલ ) |
| ૨૮ | ૩૦૫૪ – માર્ગ અને પુલ<br>૦૪ – જિલ્લા........માર્ગો<br>૩૩૮ – પ્રધાનમંત્રી...યોજના<br>(કે.પુ.યો)<br>૦૧ – ગ્રામ્ય રસ્તાઓ<br>રૂ. ૫૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૫૯ | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રસ્તાઓ મંજુર કરવામાં રખાતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |
| ૨૯ | ” | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદાસીનતા | |
| ૩૦ | ૫૦૫૪ – માર્ગ........જોગવાઈ<br>૦૩ – રાજય ધોરી માર્ગ<br>૧૦૧ – પુલો<br>૧૧–RBD 2(b) મૂળ કામો<br>રૂ. ૧,૯૬,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પાનં. ૩૪૬ અને ૩૪૭ | ૧૦૦ | નદીઓ ઉપર બનાવેલ નીચા પુલોને કારણે પડતી મુશ્કેલીઓ નિવારવા પુલોને ઉંચા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૩૧ | ’’ | ૧૦૦ | પુલોની અપૂરતી સવલતોને લીધે નદીમાં તરીને બીજા ગામે જવા જેવી દુ:ખદ ઘટનાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૩૨ | ૫૦૫૪ – માર્ગ........જોગવાઈ<br>૦૩ – રાજય ધોરી માર્ગ<br>૧૦૧ – પુલો<br>૧૧–RBD 2(b) મૂળ કામો<br>રૂ. ૧,૯૬,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પાનં. ૩૪૬ અને ૩૪૭ | ૧૦૦ | ધારાસભ્યોશ્રીઓની પુલો બનાવવાની રજુઆતને અગ્રતા આપવા અંગે તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| | | માગણી નં ૮૭ | | |
| ૩૩ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૧– રાજય.........વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૯૦,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧)<br>પાના નં. ૪૬ થી ૪૯ | ૧૦૦ | ગાંધીનગરમાં પૂરતા પ્રમાણમાં પ્રેશરથી પાણી પૂરૂ પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી <#M/નિરંજન પટેલ/M#>(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. શહેરી વિકાસની અંદર ઘણી યોજનાઓ મૂકી છે. એમાં ઘણી સારી યોજનાઓ છે. એના માટે મંત્રીશ્રીને અને વિભાગને હું અભિનંદન આપું છું. સાથે સાથે જે યોજનાઓ મૂકી છે તેની અંદર ક્ષતિઓ છે અને એમાં વિરોધપક્ષમાં હું છું એટલે ફરજના ભાગરૂપે અહીંયા હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. સફાઇ અભિયાનની બાબતમાં આપે પૂજ્ય મહાત્મા ગાંધીજીના ચશ્મા મૂક્યા, એ ચશ્માની અંદરથી આપણે જોઇએ તો શું આપણે શહેરો સાફસુથરાં કરી શક્યા છીએ ખરાં? ગાંધીજીના રેંટિયાને આપણે પ્રતિકરૂપે અપનાવ્યો. શું આપણે કોરપોરેશન અને નગરપાલિકાઓને સ્વાયત્ત રીતે અને કરકસરરૂપે આપણે એનો વહીવટ આપી શક્યા છીએ ખરા? સરદાર પટેલનું આપણે બહુ મોટું સ્ટેચ્યુ બનાવ્યું છે બહુ ગૌરવની વાત છે અમે પટેલ છીએ એટલે અમારા આણંદ જિલ્લા માટે તો બહુ ગૌરવની વાત છે પણ એમણે કરેલા જે કાર્યો અને

એ રીતે આપણે શહેરી પ્રજાને તંદુરસ્ત અભિગમ સાથે સંગઠિત કરી શક્યા ખરાં? આપણે બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવી. તો શું આપણે ગરીબ અને દલિત વિસ્તારોને મોર્ડન કરી શક્યા ખરાં? મોટા મોટા બજેટો હોય, હું એના આંકડામાં પડવા માગતો નથી, કારણ કે બજેટમાં આંકડા મોટા લઇએ છીએ અને વાપરીએ છીએ ઓછાં અને ઘણી જગ્યાએ ઓછાં આંકડા લઇએ છીએ અને વાપરીએ છીએ વધારે, છેલ્લે બધું સબમીટ કરીએ છીએ આપણે એટલે હું એ આંકડામાં પડવા માગતો નથી. યોજનાના નામોમાં પણ હું પડવા માગતો નથી. પણ હું એટલું કહેવા માગું છું કે, માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિ કેટલું ખાય છે એ મહત્વનું નથી એ કેટલું પચાવે છે એ મહત્વનું છે. વ્યક્તિ કેટલો મોટો છે એ મહત્વનું નથી પણ એની કદર એના ગુણો કેટલા છે એ મહત્વનું છે. બજેટ ગમે તેટલું મોટું હોય એનું મહત્વ નથી. પણ એ પ્રજાલક્ષી અને પ્રજા સુધી જાય છે કે નહિ એ મહત્વનું છે. ઘણી બધી વાતો કરવી છે મારે પણ આપણે •(×××) એટલે કહી શકાય એમ નથી. *(×××)

શ્રી આત્મારામ મ. પરમાર : *(×××) આ શબ્દો રેકર્ડ પર રહે તે બરાબર નથી માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી નિરંજન પટેલ : જે કરવું હોય તે છેલ્લે બધું કરી દેજો માનનીય અધ્યક્ષશ્રી. મારું આખું બોલેલું પણ કાઢી નાંખજો તો પણ મને વાંધો નથી. મારા જે વિચારો છે એ મૂકું છું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય બંધારણની કલમ–૭૪ના સુધારાને લઇને શું આપણે વફાદાર રહી શક્યા છીએ ખરા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઇએ જે વાત કરી એની સાથે નિરંજનભાઇ એવું બોલ્યા કે *(×××) (અંતરાય) બધા ધારાસભ્યશ્રીઓ અને શક્તિસિંહજી આપને પણ લાગુ પડે, એમણે જે કહ્યું એ સાંભળો બે મિનિટ. હું કહું એ સાંભળો. એમણે એમ કહ્યું કે *(×××) સાહેબ આ ધારાસભ્યશ્રીઓનું અપમાન છે. પ્રજાની સેવા કરવા માટે આપણે આવ્યાં છીએ અહીંયા તમે પૈસા ગણવા નથી આવ્યા. આવી રીતે તમે વાત કરો કે *(×××). આ ગૃહના નિયમો આપ કરો છો, ગૃહના સભ્યોને કેટલું ભથ્થું આપવું તેના નિયમો છે અને રૂપિયાની વાત કરો છો તે બરાબર નથી તમે અહીંયા સેવાની વાત કરો.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પબ્લિકના પ્રશ્નોની ચર્ચા કરવા માટે આપણે અહીંયા આવ્યાં છીએ એમ મારો કહેવાનો ભાવાર્થ છે. ૮ કોર્પોરેશનમાં ભાજપ રાજ કરે છે ૧૬૨ નગરપાલિકામાંથી ૧૨૦માં ભાજપનું રાજ છે, ૨૦માં અપક્ષનું છે અમે માત્ર ૨૪માં છીએ. છતાંય ખાટલે ખોટ કેમ છે ? કે ચીફ ઓફિસરોને કાયદાની અંદર અધિકાર આપવો પડયો અને ચૂંટાયેલી બોડીને બાજુએ મૂકવી પડી કારણ કે ખાટલે ખોટ છે. કંઇ એવું નથી કે ખદબદતા આ રાજકારણની અંદર પોતાના કાર્યકર્તાઓ ઉપર શંકાઓ ઉભી કરવાનું આ કોઇ કાવતરું છે કે શું ?

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં સંસદ સભ્યો તેમના, શહેરી વિસ્તારનામાં ધારાસભ્યો, કોર્પોરેટરો તેમના અને તંત્ર આખું તેમની પાસે છે છતાંય ૪૫મી કલમની જોગવાઇ કરવામાં આવતી નથી. તમામ યોજનાઓ, મોટી યોજનાઓ ગાંધીનગરથી નક્કી કરવાનું કારણ કે નીચેના માણસો ઉપર તમને ભરોસો નથી રહ્યો કે શું ? પાણી પુરવઠાની કરોડો રૂપિયાની અહીંયાથી નક્કી થાય, રોડોની કરોડો રૂપિયાની યોજના અહીંયાથી નક્કી થાય, નગરપાલિકાના સાધનો ખરીદવાની યોજના અહીંયાથી નક્કી થાય, પાણી પુરવઠાની યોજનાઓ બધીય અહીંથી નક્કી થાય કારણ કે નીચે આપણાં જ કાર્યકર્તાઓ છે આપણને મહેનત કરીને બેસાડયા છે અને તેમની ઉપર આપણે શંકા કરવાના દિવસો આવી ગયા છે. છતાંય અહીંયાનો અંકુશ હોવા છતાંય એ યોજનાઓ આજની તારીખમાં ત્રણ ત્રણ વર્ષ થવા છતાંય પૂરી કરી શકયા નથી. પ્રજાલક્ષી યોજનાનું રિઝલ્ટ મળી શકયું નથી. Samay oriented, result orinted- ની અંદર કોઇ પણ જગ્યાએ આપણે ઉણાં ઉતરીએ છીએ. માટે મારું કહેવુ એમ છે કે, ૪૫ ટકા વસતિ શહેરોમાં વસે છે અને ૧૫ થી ૨૦ ટકા શહેરોમાં રોજ પબ્લિક આવ–જા કરે છે. આરોગ્ય માટે, પ્રવાસન માટે, ખરીદી માટે એટલે શહેરોની અંદર ૬૫ ટકા વસતિ કુલ સીટીમાં વન ડેની અંદર ખડકાય છે અને તેના માટે આપણે શું આયોજન કરીએ છીએ ? ૪૫ ટકા વસતિ શહેરની અને બીજી બહારની તાલુકા લેવલની, જિલ્લા લેવલની, નગરપાલિકા, કોર્પોરેશનમાં વસતિ આવે છે. જે વસતિ આવે છે તે પાણી તો પીવે છે, જે વસતિ આવે છે તે બાથરૂમ તો વાપરે છે, જે વસતિ આવે છે તે રોડ તો ઘસે છે અને આપણે વસતિને આધારે ફાળવીએ છીએ તો એ બહારની આવેલી વસતિને સુવિધાઓ માટે વિચારવાના દિવસો આવી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૨ નગરપાલિકાની અંદર ચીફ ઓફિસરની નિમણૂકો થઇ છે. તે આખા મહિનાના તમે ૩૦ દિવસ ગણો. ૩૦ માંથી ૬ દિવસની રજા કાયદેસરની અને પછી ધાર્મિક રજાઓ બાદ કરો, એની સીક લીવ બાદ કરો, તેના વહીવટની બાદ કરો, એની ગાંધીનગરની મિટિંગ બાદ કરો, એને વિડીયો કોન્ફરન્સમાં જાય, કલેકટરની મિટિંગમાં જાય, ધાર્મિક ઉત્સવોમાં જાય, પટ્ટીઓ કાપે એમાં જાય, ખાતમૂર્હુતમાં જાય એ ચીફ ઓફિસરને કામ કરવાના પબ્લિક માટે માત્ર ૧૦ દિવસ મળે છે. તેમાં ૬૦ નગરપાલિકામાં ચીફ ઓફિસર બે બેની જગ્યાએ એક એક ચાલે છે. એટલે એક ચીફ ઓફિસરને પાંચ જ દિવસ પબ્લિકના કામ કરવાના મળે છે તો આટલી બધી રકમ ફાળવીએ છીએ, આટલી બધી યોજનાઓ છે તો એની ઉપર ધ્યાન રાખનાર કોણ રહ્યું ? તો એ યોજનાઓનું રિઝલ્ટ શું મળશે ? નગરપાલિકાની અંદર ૧૬૨ એકટ આપણે તૈયાર કર્યો ત્યાર પછી કોઇ ફેરફાર કર્યો તમે આના માહિતગાર છો અને આપણે નગરપાલિકામાં જોડે જ હતા. ૧૯૬૩માં ૪૫મી કલમની સત્તાનો ઉપયોગ કરવાનો ચીફ ઓફિસરને આપણે અધિકાર આપ્યો. નગરપાલિકાના પ્રમુખને કોઇ અધિકાર રહ્યો જ નથી, ગાંઠતા જ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

નથી. આપણાં કાર્યકર્તા બેઠાં છે જે આપણને ઇલેકશનમાં મદદ કરે છે અને તેના માટે આપણે શંકાઓ ઉભી કરીને કાયદાઓ બદલી નાંખ્યા. સાહેબ કદાચ એવું હોય કે વચેટીયાઓને દૂર કરવાનો Idea હોય તો એનો વાંધો નથી પણ આપણે તો ઉપલેટીયા ઊભા કરી રહ્યા છીએ. લોકશાહી બંધારણની અંદર ચૂંટેલી બોડીને અધિકારો આપ્યા છે. હું ધારાસભ્ય થયો પબ્લિકે મને ચૂંટ્યો. મંત્રી થાય તો પબ્લિક એને ચૂંટે છે. એમ એ વોર્ડનો પ્રતિનિધિ છે, એ ગામનો નેતા છે એને લોકશાહીની રીતે વહીવટ કરવાની પણ તક ન આપીએ? ૨૦૦૪ની અંદર કમિટીની નિમણૂક કરી એમણે નિયમો બનાવ્યા. આમા કહેવાનો ભાવાર્થ એ હતો કે એ કમિટીનો રીપોર્ટ વિધાનસભામાં આવ્યો જ નથી એટલે કહું છું કે આપણે વધારે બેસો. આર્થિક ખર્ચો બધાનો નથી. પ્રબ્લિકના પ્રશ્નોની ચર્ચા કરો અને નિવેડો લાવો કારણ કે, આપણે ચાર સૂત્રો આપ્યા છે. એ ચાર સૂત્રોનું અમલીકરણ ક્યારે થશે. નાના ગામની અંદર તો નહિ પણ શહેરોની અંદર નાની પબ્લિકને એ જે સૂત્રો આપ્યા છે એને સમજાવવા માટે પણ કાયદા બદલવા પડશે, નિયમો બદલવા પડશે. પરિવર્તન આવી રહ્યું છે, પરિવર્તન સાથે જવું પડશે. આપણે ઘણા બધા પરિવર્તનો લાવ્યા તો પણ એને સ્વીકારતા નથી. સફાઇના સાધનો ગાંધીનગરથી supply કરે. ફાયર ફાઇટર લેવું હોય તો ટાટા ના મૂકાય. એવી કંપની આપે છે કે એની સર્વિસ જ આપણે આપી શકતા નથી. ત્યાં કંપનીઓ છે જ નહિ. જો વાહન બંધ હોય અને એને રીપેરીંગ માટે અમદાવાદ મોકલવાનું થાય તો અમદાવાદ કઇ રીતે મોકલવું? આપણે મોકલેલા સાધનો પબ્લિક વાપરી શકતી નથી અને એ જે પૈસા રીપેરીંગના થાય છે એ સ્વભંડોળના વપરાય છે. નગરપાલિકાને બહુ મોટું નુકસાન થાય છે. માટે નીચેથી કામ કરવા દો તો ઘણું થશે. હવે પહેલા મારો એક પ્રશ્ન લઇ લઉ. મારી પેટલાદ નગરપાલિકામાં જી.યુ.વી.એસ.માં અમને ગટર આપી. અહીંથી નક્કી થયું, માપણી અહીંથી થઇ, કોન્ટ્રાક્ટ અહીંથી આપવામાં આવ્યો. અમને કોઇને ખબર પડી નહિ. અમુક વિસ્તાર રહી ગયો. એ યોજના પૂરી કરી અમને સોંપવાની વાત કરે છે. એની અંદર મેઇન પમ્પીંગ સ્ટેશનથી ઓંડ સુધીની પાઇપ જૂની નાખી. એ નાની સાઇઝ હતી. હવે અમે કનેક્શન આપવાના ચાલુ કર્યા. તો જો પાઇપમાં વધારે પાણી નાખીએ તો પાઇપ ફાટી જાય છે. તો એ યોજના થતી નથી અને જો કનેક્શન આપીએ છીએ તો ગામમાં પાણી ઉભરાય છે. મેં બે વર્ષથી રજૂઆત કરી કે તમે ભૂલ કરી છે તો નવી પાઇપ નાખી આપો. પણ હજી સુધી એનો નિવેડો આવ્યો નથી. જો અમારી નગર પાલિકામાં આવી સ્થિતિ હોય તો બાકીની નગર પાલિકાઓની શું દશા હશે. નગર પાલિકાનો ખર્ચ વધ્યો અને આવક ઘટી છે. યોજનાઓ ત્યાં આવે છે પણ એનું મેઇન્ટેનન્સ કરવા માણસોની ભરતી કરવાની કોઇ જોગવાઇ નથી. ટ્રેક્ટર આપ્યા, ફાયર ફાઇટર આપ્યા પણ ચાલકોની ભરતી કરતા નથી, ફાઇલો વિભાગમાં પડી રહે છે. ફાયર ફાઇટર પડી રહ્યા છે, ટ્રેક્ટરો પડી રહ્યા છે અને જો અમે માણસોને લઇએ તો અમારી ગ્રાન્ટ કપાઇ જાય. કારણ કે, ૪૬ ટકાથી વધારે અમે વાપરી શકીએ નહિ. પાન ખાઇએ તો અંદર કાથો, ચુનો, કિમામ કે કાંઇ હોય તો પાન ખાવાની મજા આવે. મેઇન્ટેનન્સ કરવા માટેની કોન્ટ્રાક્ટ અવધિ પણ પૂરી થઇ ગઇ. મીનીમમ ઇલેક્ટ્રીસીટીનું બિલ પણ એમાં ભરવાનું ચાલુ થઇ ગયું છે. લાઇટબિલ ભરીએ છીએ અને એનો ઉપયોગ લોકો નથી કરી શકતા. બધી જ યોજનાઓમાં આ દશા છે. અમારે ત્યાં મકાનો બનાવ્યાં છે. આપણે રહેવા જવાનું થાય તો પણ તકલીફ થાય એમ છે. એ મકાનોનું બાંધકામ જોઇએ તો ગરીબ લોકોને એ મકાન આપણે આપીશું તો ૨-૩ વર્ષ પછી એને રીપેરીંગનો ખર્ચો આવશે. એ હપ્તો નહિ ભરી શકે અને ગરીબ વધારે ગરીબ થશે. આપણે શહેરી વિકાસ અને ગરીબો માટે બહુ યોજનાઓ કરી પણ હજી સુધી કોઇ ગરીબ બી.પી.એલ. કાર્ડ પાછું આપવા આવ્યો હોય એવું મને યાદ નથી. રોજે રોજ ગરીબોની સંખ્યા વધતી જ જાય છે કે અમને બી.પી.એલ. કાર્ડ આપો. સારું માગો, ગરીબી ના માગો. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે, ગરીબો માટે આપણે જે જે યોજનાઓ બનાવીએ છીએ એ એવી બનાવો કે, જે નીચે સુધી જાય અને લાભાર્થીને મોટામાં મોટો લાભ મળે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે કાયદાઓમાં સુધારો કરીએ છીએ, આદર્શ શહેરના દસ રેન્ક નકકી કરેલા છે એમાં ગુજરાતના એક પણ શહેરને રેન્ક નથી મળ્યો, તિરૂવનન્તપુરમ સીટીને આવો રેન્ક મળ્યો છે એનો રેન્ક ૪.૪ છે. ૧૦ રેન્ક નકકી કર્યા છે એમાં ન્યુઓર્ક અને લંડનનો ૯ રેન્ક છે તો આપણે હજુ ગુજરાતમાં કેટલા પાછળ છીએ એની પણ નોંધ આપણે લેવી પડશે. માનનીય અધ્યક્ષશ્રી, ,પારદર્શકતા અને ભ્રષ્ટાચાર વચ્ચેની એક નાની પાતળી રેખા છે. બહુ પાતળી રેખા છે. જે પાતળી રેખા સહારા બિરલાની ડાયરીએ તોડી નાખી.

ઉપાધ્યક્ષશ્રી: માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પુરૂં થાય છે.

શ્રી <#M/રણજીતભાઇ મં. ગીલીટવાલા/M#>(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની કુલ માગણીઓ પૈકી શહેરી આવાસન માટે મહેસૂલ માટે રૂ. ૧૦,૮૧,૨૩,૪૪,૦૦૦/- તથા શહેરી વિકાસ માટે મહેસુલી ૮૬,૧૯,૫૯,૮૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે ૯૦,૦૦,૦૦,૦૦૦/- રૂપિયાની માગણી લઇને આવ્યા છે ત્યારે હું અત્યંત આનંદ સાથે તેને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી આવાસન અને શહેરી વિભાગની અનુદાન માટેની માગણી અનુમોદન સાથે શહેરી આવાસન અને શહેરી વિકાસ વિભાગ દ્વારા સરકારશ્રીની પ્રતિબદ્ધતા અને અમલીકરણની સફળતાનો ઇતિહાસ હું ટૂંકમાં મૂકવાનો પ્રયાસ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬ની અંદર શહેરી આવાસન માટે રૂપિયા ૫૧ ૨૦૯.૬૨ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થયો હતો. એની સામે ૨૦૧૬-૧૭ના વર્ષનો શહેરી આવાસન માટેનો રિવાઇઝ એસ્ટીમેટ ૭૭૪૪૯.૧૪ લાખ રૂપિયાનો કરવામાં આવ્યો છે. એટલે કે an increase of રૂ. ૨૬૨૩૯.૫૨ લાખ છે. આગળના વર્ષની સરખામણીમાં બીજા વર્ષમાં

વધારો કરવામાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬–૧૭ માટેના રિવાઇઝ એસ્ટીમેટની સામે વર્ષ ૨૦૧૭–૧૮ માટે બજેટ એસ્ટીમેટ ૧૦૮૧૨૩.૪૪ લાખનો પ્રપોઝડ કરવામાં આવ્યો હતો એટલે કે ૨૦૧૬–૧૭ના બજેટની સામે રિવાઇઝ એસ્ટીમેટ કરતાં ૩૯.૬૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. With your kind permission I would like to inform this Hon'ble House that ૨૦૧૫–૧૬ માટેનો આવાસનનો હિસાબ રૂ.૫૧૨૦૯.૬૨ લાખ થયેલ છે તેની સામે ૨૦૧૭–૧૮ માટે ૧૦,૮૧,૨૩,૪૪ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી છે એટલે કે આ બે વર્ષની સામે ૧૧૧.૨૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. Just within 2 years. I am pleased to state that within a short span of two years only the budgetory provision for Urban Housing is increased by 111.27% for which Hon'ble Deputy Chief Minister Shri Nitinbhai Patel deserves a special congratulations from me and all the MLAs of Bharatiya Janata Party of this learned House.

Hon'ble Speaker, Sir, the total budgetory outlay for Urban Development and urban Housing is Rs. 11500 crores.

I am proud to state that Gujarat is one of the most urbanised states in India with more than 42 per cent of its population is residing in urban area. Sir, this is one of the focus areas in Government of Gujarat.

Hon'ble Deputy Speaker, Sir, Swarna Jayanti Mukhya Mantri Shaheri Vikas Yojana is the flagship scheme of our Goverrnment for providing civic infrastructure in urban areas for which Rs. 4026 crores is allocated to take care of urban infrastructure, water supply and underground drainage, Mukhya Mantri Sadak Yojana, internal infrastructure in residential colonies on PPP basis and undertaking works of unique identity.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીની ચર્ચામાં અમારા પક્ષના બીજા અન્ય છ ધારાસભ્યો પણ ભાગ લેવાના છે ત્યારે હું ફકત સુરત શહેરમાં થયેલા વિકાસની ગાથા ટૂંકમાં રજૂ કરવા માટે ઉભો થયો છું.

સુરત શહેરમાં ગરીબ પોતાની આવાસ યોજના બૈઝિક સર્વિસીસ અર્બન પુવર માટે ૭૦૦ કરોડ રૂપિયાના અંદાજીત ખર્ચમાંથી ૪૬૬૧૦ આવાસો બાંધવાનું આયોજન કરેલું તે પૈકી આજ સુધીમાં ૮૭૩.૮૩ કરોડના ખર્ચે ૪૬૬૮૦ આવાસોનું બાંધકામ એના આંતર માળખાકીય સુવિધા સાથે પૂર્ણ કરેલ છે અને ૪૩૯૦૭ આવાસોની ફાળવણી કરીને ગરીબ અને છેવાડાના માણસને તેમાં વસાવવામાં આવ્યા છે. સુરત શહેરની ૧૦૭ જેટલી સ્લમ પોકેટ છે એ સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યા છે અને ૮૦ જેટલા સ્લમ પોકેટ અંશતઃ દૂર કરવામાં આવ્યા છે. આ અમારા શહેરી વિકાસની કામગીરી છે. મુખ્યમંત્રી ગૃહ યોજના રાજય સરકાર તરફથી ૨૦૧૩માં અમલમાં મૂકવામાં આવેલી અને છેલ્લા ત્રણ વર્ષમાં ૬૭૦.૩૦ કરોડના ખર્ચે સંપૂર્ણ સુવિધા યુકત ૮૭૨૧ એલઆઇજી આવાસોનું બાંધકામ પૂર્ણ કરીને સુરત શહેરની વાત કરું તો આ ૮૫૯૩ આવાસો મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના કેન્દ્ર તરફથી જૂન,૨૦૧૫માં અમલમાં મૂકવામાં આવેલ છે. તમામ ઘર વિહોણાને ૨૦૨૨ સુધીમાં સુવિધાયુકત આવાસો મળી રહે એવા ઉમદા હેતુ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હાઉસીંગ ફોર ઓલ મીશનની નવી નીતિ જાહેર કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં સુરત શહેરના વિસ્તારની અંદર વસતા આર્થિક રીતે નબળા ઘર વિહોણા શહેરીજનો માટે ૧૪૩.૧૮ કરોડ રૂપિયાના ખર્ચે ૨૨૯૬ ઇડબલ્યુએસ આવાસોના બાંધકામની કામગીરી પૂર્ણ કરી છે અને ૨૨૯૬ આવાસો એના લાભાર્થીઓને લોક કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બીજા તબક્કામાં ૧૮૯૬ ઇડબલ્યુએસ –૧ અને ૩૧૨૧ ઇડબલ્યુ એસ ટુ મળી કુલ ૫૦૧૭ આવાસોનું બાંધકામ કરવાનું આયોજન કરેલ છે.

સુરત શહેરને ૨૦૧૦માં ભારત સરકારની Ministry of Renewable Energy દ્વારા સોલાર સિટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાએ ૨૦૧૬–૧૭ સુધીમાં પાંચ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ, સોલાર ફોટો ઓઇલીથીક બેઇઝ પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન કરેલ છે. પ્રથમ તબક્કામાં ૨૦૧૩માં ૬ કિલોવોટ, બીજા તબક્કામાં ૭૫૦ કિલોવોટ અને ત્રીજા તબક્કામાં ૫૪૦ કિલોવોટ પ્લાન્ટ સથાપિત કરીને કુલ ૧.૩૯ મેગાવોટ ક્ષમતા પ્રાપ્ત કરી ચૂકયું છે.આજ સુધીમાં એસ.એમ.સી.દ્વારા ૧.૩૯ મેગાવોટ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરેલ છે અને તેના થકી એસ.એમ.સી.એ પ્રતિવર્ષ ૧૯ લાખ યુનિટ ઉત્પાદન કરશે અને ૨.૨૪ કરોડ રૂપિયાની એમાંથી આવક થનાર છે. સોલાર પાવર .ઉપરાંત વિન્ડ પાવર ઉત્પાદનમાં પણ બિનપરંપરાગત અને Renewable power માટે સુરત મહાનગરપાલિકા થકી પાવર જનરેશન કરવામાં ભારતની સર્વપ્રથમ મહાનગરપાલિકા બની છે. સુરત મહાનગર પાલિકાએ ૨૦૦૯–૧૦થી પોરબંદર જિલ્લા ઓડેદર ખાતે ૩ મેગાવોટ ક્ષમતાનો વીજ પાવર ક્ષમતાનો પ્લાન્ટ શરૂ કરી, ૨૦૧૩–૧૪માં ૮.૪ મેગાવોટ, ૨૦૧૪–૧૫માં ૬.૩ મેગાવોટ અને ૨૦૧૬–૧૭માં કચ્છ જિલ્લાના નખત્રણા ખાતે ૮.૬ મેગાવોટ સાથે એસ.એમ.સી.ની કુલ ક્ષમતા ૩૦.૩ મેગાવોટ થયેલી છે જેના થકી ૭.૩૩ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન થશે અને ૩૫ કરોડ રૂપિયાનો વાર્ષિક નફો થશે. ટૂંક સમયમાં પૂરું કરીશ. એસ.અમે.સીની કુલ વીજ જરૂરિયાત છે એની 32% of the total necessity of electricity આ ઉર્જાના આ સ્ત્રોતમાંથી મેળવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરને સમગ્ર દેશમાં સિટી ઓફ બ્રિજીસ કહેવામાં આવે છે. સુરતમાં ૧,૩૦૨.૭૯ કરોડના કેપિટલ એક્સપેન્ડીચરની સાથે ૧૦ રીવર બ્રિજ, ૧૭ ફ્લાયઓવર બ્રિજ, ૭ બી.આર.ટી.એસ. રૂટ, ૯ રેલ્વે સ્ટેશનની ઉપર અને ૫૭ creak bridge બનાવીને સાહેબ, આ આંકડો થયો છે ૧૦૦. A century of bridges is completed. સાથે સાથે મારે કહેવું જોઇએ કે અમારી પાસે હજુ બીજાં ત્રણ રીવર બ્રિજીસ છે. મને જણાવતા આનંદ થાય છે કે આદરણીય નાણામંત્રીશ્રીએ તેઓની બજેટ સ્પીચમાં પણ સુરતમાં બે ફ્લાયઓવર આપ્યા છે તેનો મારે ઉલ્લેખ કરવાનો રહે છે. સુરતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા કે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્વીમીંગ પુલ, આર.સી.સી. અને બી.આર.ટી.એસ. રોડ, ટેક્ષટાઇલ ક્લસ્ટર, ગોપી તળાવ ડેવલપમેન્ટ, સાયન્સ સેન્ટર સાથે સાથે સુપ્રસિદ્ધ ફિલ્મ કલાકાર, ફિલ્મ શોલે કા વો ઠાકુર, સુરતના સપૂત શ્રી હરીભાઇ જરીવાલા ઉર્ફે સંજીવકુમારના નામે ઓડિટોરીયમ, આંતરરાષ્ટ્રીય ઉડાન ભરવા માટે સુરત શહેર તૈયાર થઇ રહ્યું છે ત્યારે જે શહેરમાં ૮૪ રાષ્ટ્રોના ધ્વજ ફરકાવવામાં આવતા હતા ત્યારે ફરીથી વિવિધ રાષ્ટ્રોના ધ્વજ લહેરાતા થાય એવી અમારા સુરતીઓની લાગણી છે.

શ્રીમતી <#M/મનીષા રા. વકીલ/M#>(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી નં.૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

સમગ્ર વિશ્વમાં ગુજરાતની ચર્ચા છે. આખી દુનિયામાં ગુજરાતનો પરિચય થઇ ગયો છે. ભૂતકાળમાં એવું નહોતું. આપણે કહીએ કે હું ગુજરાતમાંથી આવું છું. તો વિદેશમાં લોકો પૂછતા કે ગુજરાત કયાં આવ્યું? તો આપણે કહેતા કે મુંબઇથી સ્હેજ ઉત્તર તરફ. હવે લોકો પૂછે, મુંબઇ કયાં આવ્યું? તો આપણે કહીએ કે ગુજરાતથી સ્હેજ નીચે આવ્યું. આવી ગુજરાતની શાખ બની છે. આખા દેશ અને દુનિયામાં તમે વિકાસની વાત કરો તો સામેવાળો બોલે ગુજરાત અને જો તમે ગુજરાત બોલો તો સામેવાળો બોલે વિકાસ. આ ૧૫ થી ૧૮ વર્ષમાં શહેરોની કાયાપલટ ખૂબ તેજીથી થઇ છે. હું વડોદરાથી આવું છું. વડોદરા કલ્ચરલ કેપિટલ કહેવાય છે. સંસ્કાર નગરી કહેવાય છે. સર શ્રી સયાજીરાવ ગાયકવાડની સંસ્કાર નગરી. તેમના શાસનકાળ દરમ્યાન વડોદરાનો સુવર્ણયુગ આવ્યો. ૧૮૭૫થી લઇને ૧૯૩૮ સુધી એમણે શાસન કર્યું. એક પ્લાન્ડ સિટીનું નિર્માણ કર્યું. મને કહેતા આનંદ થાય કે પાછો એ જ સુવર્ણયુગ આવ્યો છે. સર શ્રી સયાજીરાવ ગાયકવાડ જેવી વિચારધારા, એ જ વિઝનથી કામ કરતા એવા જ ગાયકવાડી સ્ટેટના વડનગરના વિચારશીલ, વિકાસશીલ, શક્તિશાળી, સંવેદનશીલ, નિષ્ઠાવાન. કહીએ એટલું ઓછું. એવા આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આ દેશને વિકાસની દિશા બતાવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શહેરો ખૂબ સુંદર, ગુજરાતના શહેરો નિર્મળ, ગુજરાતના શહેરો પ્રજાલક્ષી અને વિકાસથી ધબકતા શહેરો ગુજરાતની આન,બાન અને શાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શહેરોમં વિશાળ રોડ હોય.મોટા, મલાઇ અને માખણ જેવા રસ્તા ઉપર ગાડી સડસડાટ જાય છે. પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ઓક્સિજન પાર્ક, ફ્લાય ઓવર, રેલવે બ્રિજ, રેલવે અન્ડર બ્રિજ વગેરે માળખાકીય સુવિધાના કામો થયા છે. વડોદરા શહેરમાં વિવિધ તળાવોની સ્વચ્છતા તથા સુંદરતા જળવાય અને તળાવો શહેરીજનો માટે પર્યટનનું સ્થળ બને, વિવિધ એક્ટિવિટિઝ થાય. મારે મારા વિસ્તારના કમલાનગર તળાવની વાત કરવી છે. શું કમળ ખીલે ! આખું તળાવ ગુલાબી થઇ જાય એટલે જ કમલાનગર તળાવ. કમલાનગર અને હરણી તળાવની વોક વે, ચિલ્ડ્રન પ્લે એરિયા, ગાર્ડનીંગ, સિનિયર સિટિઝન ક્લબ, ડેકોરેટીવ લાઇટીંગ, વગેરે રૂ. ૨૨/– કરોડના ખર્ચ આ કમળાનગર તળાવનું બ્યુટિફિકેશન થયું છે. આવી જ રીતે સમા, ગોત્રી, હરણી, છાણી, દરસાલીના તળાવો વિકસાવાઇ રહ્યા છે અને એના માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના દ્વારા રૂ. ૪૦/– કરોડની ગ્રાન્ટ વડોદરાને આપવામાં આવી છે. આને કહેવાય ઇનોવેટીવ સરકાર, આને કહેવાય ક્રિએટીવ સરકાર, આને કહેવાય ડાયનેમિક સરકાર, આને કહેવાય એનર્જેટીક સરકાર. કેમ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. આ લોકોના હિતની સરકાર છે. આ ગુજરાતના જનજનની સરકાર છે. શહેરીકરણના પરિણામે શહેરમાં વધતા જતા ટ્રાફિકની સુવિધા પૂરી પાડવા શહેરી જનતાને ટ્રાફિકમાંથી મુક્ત કરવા, ફ્લાય ઓવર બનાવવામાં આવે છે. એક ફ્લાય ઓવરની વાત કરવા માગું છું. હમણાં જ બજેટમાં મૂકવામાં આવ્યું. રૂ.૩.૦૧ કરોડના ખર્ચે આ ફ્લાય ઓવર બનવાનો છે. ૩.૫ કિ.મી. લાંબો છે. સિક્સ લેન, ગેંડા સર્કલથી લઇને મનિષા સર્કલ સુધી. સાહેબ, મારું નામ મનિષા છે. એટલે વખાણ કરતી નથી પણ હું કહેવા માગું છું કે આવડો લાંબો અદભૂત ૩.૫ કિ.મી. લાંબો ફ્લાય ઓવર આખા ગુજરાતમાં અહીં થશે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વડોદરા શહેરને ભેટ આપ્યો છે. નામ પણ મનિષા છે. શહેર એટલે માત્ર ગટર,પાણી લાઇટ જ નહીં લોકોની સુખાકારી માટેની તમામ સગવડ. એમને સંતોષ થાય એ રીતે આપણે આગળ વધી રહ્યા છીએ. વડોદરા શહેરમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની આવાસ યોજના દ્વારા પાયાની સુવિધાઓ આપવામાં આવી છે. બીએસયુપીના ૧૬૪૮૦ આવાસો, ઇડબલ્યુએસ, એલઆઇજી અને એમઆઇજીના કુલ ૪૮૩૩ આવાસોની ફાળવણી કરવામાં આવી છે. તે પૈકી કુલ ૧૩૬૦ આવાસોનું લોકાર્પણ થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને વિચાર આવે છે કે હું જ્યારે આવાસોની મુલાકાતે જઉં ત્યારે મારું સ્વાગત ફૂલહારથી કરવામાં આવે છે. પણ ત્યાંની બહેનો મને કાયમ એક પ્રશ્ન પૂછે છે. જ્યારે ચૂંટણી આવે ત્યારે મારા સાથી પક્ષના લોકો કહે કે આ કરી આપીશું. ગઇ ચૂંટણીમાં ઘરના ઘરની વાત કરી હતી અને ત્યારે *(×××)અધ્યક્ષશ્રી : આ શબ્દો રદ કરવામાં આવે છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી બહેનો બિચારી રૂ.૧૦૦/- ફોર્મ પણ ભર્યા હતા. તેઓ મને બહુ પ્રશ્નો કર્યા. એ મને પૂછે છે કે આટલા બધા ફોર્મ ભર્યા લગભગ એક કરોડ લોકોએ ભર્યા હશે. બહેનો પૂછે છે અને મારી પાસે હિસાબ માંગે છે. સાહેબ, તમે મને મદદ કરો. રૂ.૧૦૦/- ફોર્મના હોય તો હિસાબ તો કરો એક કરોડ ફોર્મના કેટલા પૈસા થાય? સાહેબ, એ પૈસા ક્યાં ગયા? કેમ કોઇ હિસાબ આપતું નથી. આપના દ્વારા હિસાબ મળી જાય તો મારા વિસ્તારની બહેનોને કહેતા ફાવે. આ રાજ્યની બહેનોના પૈસા ન લેવાય. રાજ્યની બહેનો માફ ન કરે. મારે એમાં પડવું નથી. આવા કાર્યો એ વિકાસના કાર્ય છે. ભારતીય જનતા પાર્ટીનો ટાર્ગેટ હતો યુપીમાં ૩૦૦+ અને ગુજરાતમાં ટાર્ગેટ છે ૧૫૦+. સાહેબ, અહીં બેઠેલા તમામ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોને ગર્વ છે કે ચાર રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે. મારે તો એટલું જ કહેવું છે કે ,

''વો ખુદ હી તય કરતે હૈ મંઝીલ આસમાનોં કી, પરિન્દો કો નહીં દી જાતી તાલીમ ઉડાનો કી.
રખતે હૈ જો હોંસલે આસમાન છૂને કી, વો નહી પરવા કરતે ગીર જાને કી.''

આ સાથે મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

(વિરામ બપોરના ૪.૩૦થી ૫.૦૦)

વિરામ બાદ

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી <#M/બળદેવજી ચં. ઠાકોર/M#> : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. ગુજરાતીમાં એક એવી કહેવત છે કે જેનો રાજા વેપારી એની પ્રજા ભીખારી. સામે બેંચેથી ઘણું બધું કહેવામાં આવે છે. કોંગ્રેસ મુકત ભારત પણ કોંગ્રેસ મુકત ભારત કરતા કરતા તમારે સાત વખત જન્મ લેવો પડે. સાત વખત. સૌનો સાથ સૌનો વિકાસ. કોનો વિકાસ? •(×××) (અંતરાય) કોઇનું નામ નથી લીધું, તમે વચ્ચે બોલતા નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે શીખો, હજી તમારે શીખવાનું છે બળદેવજી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું શીખેલો છું તમારે શીખવાડવાની જરૂર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે મંત્રીઓ કીધું. મંત્રીમંડળ નકકી છે. આ રીતે વાત ના કરાય સાહેબ. માફી જ મંગાવો સાહેબ, એમને ટેવ પડી ગઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બળદેવજીએ જે મંત્રીઓ ઉપર આક્ષેપ કર્યા છે એ કાઢી નાખીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માફી જ મંગાવો સાહેબ, એમને ટેવ પડી ગઇ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કડી કલોલ અને સાણંદ આ ત્રણ વિસ્તારના ૬૭ ગામોનો ઔડામાં સમાવેશ કરવામાં આવે છે. આ ૬૭ ગામ અમદાવાદથી લગભગ ૩૦, ૩૫ અને વધુમાં વધુ ૪૦ કિલોમીટર સુધીનો વિસ્તાર આવેલો છે. ૬૭ ગામની તમામે તમામ જમીનોનો ઔડામાં સમાવેશ કરી ચાર જ ટકા કપાતના નામે આ સરકાર એનો વ્યાપાર કરવાની છે. ૬૭ ગામની વાત કરું તો એ ૪૦-૪૦ કિલોમીટરના એરીયાના નામે ૨૦૦૯ની સાલમાં આ ગામડાઓનો અંદર સમાવેશ કરવામાં આવ્યો હતો. મારી સરકારને વિનંતી છે કે જે ગામડાઓ અમદાવાદની આજુબાજુમાં જરૂરીયાતવાળો વિસ્તાર હોય એટલા ગામોનો સમાવેશ કરી અને જો લીધા હોત તો સારું હતું. પરંતુ છેક કડી અને વિરમગામ, છેક ૪૦-૪૦ કિલોમીટર સુધીનો વિસ્તાર લઇ અને એ ગામડાઓનો વિકાસ રુંધવાની જે કામગીરી કરવામાં આવી છે, તો સરકાર વહેલી તકે વિચારી જેટલો જરૂરિયાતવાળો વિસ્તાર હોય એટલા વિસ્તારનો સમાવેશ કરે અને બાકીનો વિસ્તાર એમાંથી છૂટો કરે એવી આ તબકકે હું સરકારને વિનંતી કરુ છું. ૪૦ ટકા કપાતના નામે લાખો એકર જમીન એ સરકાર વિકાસના નામે લેવાની છે. ગૌચર કે સરકારી પડતર જમીન પણ એના નામે લેવાની છે. આ ૬૭ ગામોની ૫૦ ટકા જમીન એ કપાતના નામે સરકાર એના ખાતે રાખવાની છે. એ તમામે તમામ જમીન એ ખેડૂતોની જવાની છે. એ વિસ્તારમાં ખેડૂતની જે તકલીફ છે, દા.ત. ૬૭ ગામોની અંદર ખેતી ખેતી વચ્ચે ખેડૂતને જમીન જુની શરતની કરવાની આવે છે. સરકારે નિર્ણય કર્યો છે કે પંદર વર્ષ ઉપરની જે જમીન હોય એને ઓટોમેટીક તમારે જૂની શરતમાં ગણવી પણ આ ૬૭ ગામોની અંદર ૫૦ ટકા જંત્રીના નામે પ્રીમીયમ લઇ અને જૂની કરવાની થાય છે અને એ સિવાયના ગામડાઓમાં ૬૦ ટકા પટ લઇ અને એ જૂની કરતા હોય છે. આ ૬૭ ગામના ખેડૂતોને લાખ-બે લાખથી લઇ પાંચ-પાંચ , સાત-સાત લાખ રૂપિયા જૂની શરતમાં ૫૦ ટકાની જંત્રી પ્રમાણે ભરવા પડે એ મોટો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

અન્યાય થાય છે તો એ ૬૭ ગામની અંદર પણ જે ખેડૂતો જૂની શરત કરવા માગતા હોય એનો ૬૦ ટકા પટ લઇ અને જૂની શરતની જમીન કરે એવું આ તબકકે હું સરકારનું ધ્યાન દોરું છું. મારા કલોલની વાત કરું તો કલોલ શહેરની અંદર બાળકોને રમવા માટે રમત–ગમતનું મેદાન માગેલું છે. ૪૦ ટકા કપાતના નામે કેટલાય પ્લોટો તમે બિલ્ડરોને વિકસાવવા માટે આપ્યા. જુદા જુદા નામે પેપર ઉપર સોસાયટી બનાવી બિલ્ડરોએ વેપાર કર્યો એની સામે અમને વાંધો નથી. પરંતુ જ્યારે કલોલના બાળકોને રમવા માટે મેદાનની વાત થતી હોય તો એ મેદાન વહેલામાં વહેલી તકે મળે એવી આ તબક્કે માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખું છું. ગાંધીનગર પાટનગર યોજનાના નામે સંપાદિત કરેલ જમીનો, સરકારના ધ્યાને એટલા માટે મૂકવા માગું છું કે હું આ વાત કરીશ એટલે એ અમારા ઉપર કામ વગર આક્ષેપ ન કરે એટલા માટે સરકારમાં હિંમત હોય અને સરકાર જો સાચી વાત ધ્યાને લેતી હોય તો તપાસ કરાવે કે ઇન્દ્રોડાની સરવે નં. ર૩ની જમીન પાટનગર યોજના માટે સંપાદન કરેલ હતી એને કાયદાની આંટીઘૂટીમાં કરી અને પ્રિમિયમ લઇ અને એને એન.એ. કરવાના હૂકમો પણ આ સરકારમાં થયા. પાટનગરની સંપાદન કરેલ જમીનની વાત કરું છું. માનનીય નીતિનભાઇ વારંવાર મને ડિસ્ટર્બ કરે છે અને ઉભા થઇ જાય છે. મારે કહેવું છે કે આ ૬૭ ગામોની અંદર, હું તમને ગામ ગણાવું, લીલાપુર, શીલજ, મુલસાણા, સબાશપુર, ગોમા, બોપલ, રાંચરડા, રણછોડપુરા, સાંતેજ આ તમામ ગામો ક્રીમ કહેવાય. આ ગામોમાં કોણે જમીન ખરીદી છે? એની તપાસ કરાવજો અને મને કહેશો તો હું ખાનગીમાં નામ આપીશ. એટલા માટે ૬૭ ગામોની અંદર ઈરાદાપૂર્વક જકડી રાખવામાં આવ્યા છે. જમીનોનો વેપાર કરી ઈરાદાપૂર્વક આ ગામડાઓની મોટા ભાગે જમીન ખરીદી અને આ ગામોની અંદર ૪૫–૪૫ સુધીના એરિયામાં, (અંતરાય) એ બધા આવશે, મને કહેજો તો હું નામ પણ આપીશ. મારી આગળ બધાના નામો છે. એટલા માટે મારે કહેવું છે કે ૯૦ ટકા વિસ્તારને ગ્રીન ઝોનમાં મૂક્યો. તમે રેસિડન્સ ઝોનમાં મૂક્યો હોત તો વાંધો ન હતો. આ ગામડાના ખેડૂતો ખેતી કરતા જ હતા. અમુક માણસોને ઈરાદાપૂર્વક એની સ્પેશિયલ સવલત માટે આ ૬૭ ગામડાઓની અંદર તમે ૫ કે ૬ બિલ્ડરોને જ વ્યક્તિગત ટાઉનશીપ તમે મંજૂર કરી છે. આ ટાઉનશીપ મંજૂર કરીને બીજા આખા વિસ્તારને તમે ગ્રીન ઝોનમાં મૂકીને અન્યાય કર્યો છે. મારે નીતિનભાઇનું ધ્યાન દોરવું છે કે, મારા જ ગામ બપીયારાનો રોડ તમે અટકાવ્યો છે. નીતિનભાઇને બે–ત્રણ વખત મળવા ગયો એટલે કહે બે–ચાર ઠાકોરો મળવા આવો, બે–ચાર રબારીઓ મળવા આવો. નીતિનભાઇ, આમાં કરગરવાનું ન હોય, તમારા ગજવાના પૈસામાંથી બનાવવાનો હોય તો અમે તમને કરગરવા આવીએ પણ આ તો સરકારના પૈસા છે. મારે કલોલની વાત કરવી છે. અમારે કલોલમાં પશ્ચિમ અને પૂર્વ વિસ્તાર આવેલો છે. ત્યાં ૫૦ ટકા વસતિ દલિત અને બક્ષીપંચની વસતિ એ પૂર્વ વિસ્તારમાં રહે છે. ત્યાં ત્રણ મોટી રેલવેની લાઇનો આવેલી છે. આપના માધ્યમથી સરકારનું ધ્યાન દોરવું છે કે રેલવેના કારણે શહેરના પશ્ચિમ અને પૂર્વ વિસ્તારને જોડવા માટે બી.વી.એમ. મિલ ઉપર જો ઓવરબ્રીજ બનાવો તો કલોલની પ્રજાને સારી સવલતો મળી રહેશે. આવવા જવા માટે એમને સરળતા રહેશે.

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી <#M/સંજયકુમાર ર. પટેલ/M#>(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ શહેરી વિકાસ વિભાગની ૮૬૧૭ કરોડ ૫૯ લાખ ૮૩ હજારની મહેસૂલી ખર્ચ માટેની અને ૯૦ કરોડની મૂડી ખર્ચ માટેની માગણી નં. ૧૦૨ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો અવિરત વિકાસ સુદ્રઢ શહેર થકી થાય તે માટે આ સરકાર કટિબદ્ધ છે. રાજ્યના ગ્રોથ એન્જિન સમા મહાનગરો અને નગરોમાં શહેરીજનોને સુવિધાપૂર્ણ સગવડો મળે અને શ્રેષ્ઠતમ સેવાઓ મળે એ માટે જ્યારથી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે આજે દેશના વડાપ્રધાન છે, એ હતા ત્યારથી જ ગુજરાતમાં શહેરોના વિકાસ માટે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરોમાં સુવિધા ઉપલબ્ધ કરાવવાનું કામ કર્યું છે. એ રીતે ૨૦૦૭ની અંદર શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના એ જ વર્ષની અંદર નિર્મળ શહેર અભિયાન એ અંતર્ગત શુદ્ધ જળ શહેરીજનોને મળી રહે અને પ્રદૂષણ મુક્ત થાય એ માટેના આગવા પ્રયત્નો આ સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે તે વખતે શહેરીકરણની ઝડપી પ્રક્રિયા અને તેના માટે ઉદભવતા પટકારોને પહોંચી વળવા માટે, શહેરની માળખાકીય સુવિધાઓ સંતોષવા માટે ૭૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં ૨૦૦૯–૧૦ની અંદર આ સરકાર દ્વારા લાવવામાં આવી હતી અને એના કારણે સમગ્ર ગુજરાતના નગરો, મહાનગરોનો જે પ્રકારે વિકાસ થયો એમાં જે પ્રકારે સુવિધા ઉપલબ્ધ થઇ એમાંથી પ્રેરણા લઇને આ સરકાર દ્વારા પાંચ વર્ષની તબક્કાવાર ૧૫૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના બીજા તબક્કાનો અમલ ૨૦૧૨–૧૩થી કરવામાં આવ્યો. આ યોજના અંતર્ગત શહેરોમાં પીવાના પાણીની જોગવાઇ કરવા માટેનું ફંડ આ સરકાર દ્વારા ઉપલબ્ધ કરવામાં આવ્યું. એ સિવાય ભૂગર્ભ ગટર યોજના માટે આપણને બધાને ખબર છે કે શહેરોનો વિકાસ જે પ્રકારે થઇ રહ્યો છે એ વિકાસના કારણે આજે જે પ્રકારની સુવિધાઓની શહેરીજનોને જરૂર હોય તો એના માટે એક સાથે ૫૦ કરોડ, ૧૦૦ કરોડ, ૧૫૦ કરોડ, ૨૦૦ કરોડ રૂપિયા જેવી રકમ એક સાથે એક શહેરને આપીને ભૂગર્ભ ગટર યોજનાનું કામ પણ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું. સાથે સાથે એ યોજનાની સાથે ગટર યોજનાને કારણે રસ્તાનું જે પ્રકારે ખોદકામ થાય એ રસ્તા નવા બનાવવા પડે, પંમ્પિંગ સ્ટેશન બનાવવું પડે આ બધા જ પ્રકારની જોગવાઇ કરીને સંપૂર્ણ ગટર યોજનાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ સિવાય રસ્તાના કામો સાથે સાથે ફ્લાય ઓવર બ્રીજ, અંન્ડર બ્રીજના રેલવે ફાટકો પહોળા કરવાના કામ, ગાર્ડનના કામ, તળાવના કામ, રિવર

ફ્રન્ટના કામ, નાના શહેરો માટે ટાઉન હોલ બનાવવાના કામો પણ આ સરકાર દ્વારા યોજનામાં સમાવીને આ સરકાર દ્વારા શહેરોને ફંડ આપવામાં આવ્યું છે. આ સિવાય ખાનગી સોસાયટીઓમાં પણ જનભાગીદારી દ્વારા માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ બધી જ જરૂરિયાત એટલા માટે ઉભી થઇ છે કે હમણાં જ વાત થઇ એમ ગુજરાતની વસ્તીના લગભગ ૪૨% કરતા પણ વધારે લોકો આજે શહેરોમાં વસે છે અને એ શહેરમાં જે પ્રકારે સુવિધા ઉપલબ્ધ થઇ છે. એના કારણે આપણે જોઇ શકીએ છીએ કે લોકશાહીમાં કોઇ પણ કામની સફળતાનો માપદંડ એ ઇલેકશન છે. આપણે બધા જ જોઇએ છીએ કે આખા ગુજરાતમાં શહેરોની અંદર જે પ્રકારે એકેએક ચૂંટણીમાં લોકોનો મિજાજ ભારતીય જનતા પાર્ટીની સાથે છે ત્યારે એ સરકારની જે કામગીરી છે એની ઉપર મહોર મારવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે શહેરીજનોના લોકોએ કર્યું છે. આ સિવાય ખૂબ અગત્યની યોજના આપણે ગાંધીનગર–અમદાવાદને જોડનારી મેટ્રો માટેની મેટ્રો લીંક એક્ષપ્રેસ ફોર ગાંધીનગર–અમદાવાદ કંપનીની એક સ્થાપના કરી જેમાં ગુજરાત અને ભારત સરકારનો ૫૦ – ૫૦% હિસ્સો છે. અને એમાં ૧૦૭૭૩ કરોડ રૂપિયા જેટલી રકમની જોગવાઇ કરીને આ એક ખૂબ સરસ યોજના આજે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

શ્રી <#M/ગોવિંદભાઇ ઉ. પટેલ/M#>(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ૧૦૧, ૧૦૨ ની જે માગણીઓ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એ વિષે મારા વિચારો વ્યક્ત કરવા માટે અને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ ફાટી જાય તો પણ એમાંથી સરસ મઝાનું પનીર બને છે અને સુંદર મઝાની નારંગી હોય તો છતાંય એને કહેવાય તો નારંગી છતાં એક સારામાં સારો કલર એનો હોય છે.જ્યારે આ સરકાર શહેરી વિકાસ માટેની, શહેરી ગૃહ નિર્માણ માટેની જે યોજનાઓનો અમલ કરી રહી છે, જે રીતે સમૃદ્ધ અને સારું ગામડું એની એક ચિંતા થાય અને એ ગામડામાંથી આવીને માણસ શહેરમાં જ્યારે વસતો થયો છે ત્યારે ૧૯૧૧ની વસતી ગણતરી પ્રમાણે આપણે જોઇશું તો લગભગ ૪૨.૫૩ ટકા લોકો, લગભગ બે કરોડ અને સડસઠ લાખ લોકો આજે ટોટલી શહેરી વિસ્તારમાં આજે વસતા થયા છે. અને ફ્લો આજે શહેરો તરફ વધતો જાય છે તેના માટે આવતા દિવસોમાં, પચીસ વર્ષ, પચાસ વર્ષ પછી કેવી હાલત હશે શહેરોની એનો પણ આજથી જ વિચાર કરવો પડે. તાત્કાલિક કોઇ પગલા લેવામાં આવે તો કોઇ એનું પરિણામ આવી શકે નહીં. પણ આવતા દિવસોમાં જે વસતિ શહેરોમાં આવી રહી છે અને શહેરોમાં કેવી રીતે સુગઠિત રીતે વ્યવસ્થા થાય, એ શહેરોની કેવી રીતે રચના યોગ્ય રીતે કરી શકાય એના માટેનું પ્લાનીંગ એડવાન્સ કરવું પડતું હોય છે. કેટલીક વાતો એવી પણ થાય કે, ખેડૂતોની જમીન પડાવી લેવાની પછી વેચવાની.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા રાજકોટની વાત કરીશ કે, હમણાં જે છેલ્લો ડ્રાફ્ટ પ્લાન બન્યો એમાં ૬૮૬ હેકટર જમીનની અંદર જે નવી ટી.પી.સ્કીમ બનવાની છે, જે ડ્રાફ્ટ સ્કીમ બની છે. એમાંથી ૩૫૩ એકર જમીનનો આગામી દિવસોને ધ્યાનમાં રાખીને એક મોટું મેદાન આજે રાજકોટમાં કે બાકીના કોઇ પણ શહેરોમાં જ્યારે મેદાનની અછત હોય એવા સમયે આવતા પચીસ વર્ષ, પચાસ વર્ષ પછી જ્યારે આવશ્યકતા ઉભી થવાની છે એને ધ્યાને રાખીને ૩૫૩ એકર જગ્યાની અંદર વિશાળ મેદાનનું આયોજન પણ આ યોજનાના કારણે બનવાનું છે. આજે રાજકોટની વાત કરું તો, ૧૯૯૫ પહેલાં રાજકોટ કેવું હતું અને આજે ૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ કેવું છે? આને ૨૦૧૭ની દ્રષ્ટિએ જોઇએ તો એશિયાનું કદાચ સૌથી મોટામાં મોટુ ઝૂ , વાઇલ્ડ એનિમલ જે ખુલ્લા મેદાનની અંદર તમે જોઇ શકો એ પ્રકારનું સારામાં સારું ઝૂ આજે રાજકોટમાં ડેવલપ રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશન મારફતે થયેલું છે. ફ્લાય ઓવર બ્રિજ, રિંગ રોડ, અન્ડર ગ્રાઉન્ડ બ્રિજ અનેક પ્રકારની સુવિધાઓથી શહેરી વિકાસ વિભાગ આજે કામ કરે છે. ( એક મિનિટ બાકી છે )

માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ૨૦૧૫ની સાલમાં એક સરસ મઝાની યોજના બનાવી, સ્માર્ટ સિટીની. આખા દેશની અંદર સો જેટલા સિટી પસંદ કરવામાં આવ્યા, એમાંથી આપણા ગુજરાતના છ શહેરોનો પણ સ્માર્ટ સિટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્માર્ટ સિટી એટલે આગામી દિવસોમાં એને તમારા પ્રકારની સુખ–સુવિધાની સંપન્ન શહેર હોય, સ્લમ લેસ હોય. મારે કહેવું છે કે, પી.પી.પી.ના ધોરણે રાજકોટની અંદર જ્યાં સ્લમ વિસ્તારના લોકો વસતા હતા એ જ જગ્યાએ એમને સારામાં સારા પાકા મકાનો બનાવીને આજે રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશન આપી રહી છે. આજે એ લોકો ખુશીથી જગ્યાઓ ખાલી કરીને એ મકાનોમાં જઇ રહ્યા છે. એજ રીતે આ દેશની અંદર "અટલ મિશન અમૃત યોજના" કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગે પાંચસો શહેરોને પસંદ કર્યા છે. મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી <#M/પૂંજાભાઇ ભી. વંશ/M#>(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી શહેરી વિકાસ અને માર્ગ અને મકાન વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિકાસમાં માર્ગ અને મકાન વિભાગનો મહત્વનો ફાળો રહ્યો છે. રાજ્યના રસ્તાઓ સારા હોય અને સારા રસ્તાઓના કારણે ગ્રામ્ય વિસ્તારનું અર્થતંત્ર સારી રીતે મજબૂત બને

અને એના માટે રસ્તા સારા હોવા જરૂરી છે. રસ્તાઓમાં છેલ્લે નોન પ્લાન આપવા માટેની રાજય સરકારે શરૂઆત કરી. એ સારી વાત છે કે ગ્રામ્ય વિસ્તારના ઇન્ટરનલ રસ્તાઓ એક ગામથી બીજે ગામને જોડતા રસ્તાઓ નોન પ્લાન આપવાની શરૂઆત થઇ પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે નોન પ્લાન રસ્તાઓમાં પણ સપ્રમાણ રેશીયા પ્રમાણે બધા ધારાસભ્યોને રસ્તાઓ મળી રહે એવી માનનીય મંત્રીશ્રી પાસેથી હું અપેક્ષા રાખું છું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં ભણતા

બાળકો માટે આંગણવાડીના રૂમો બનાવવા માટે ૨૦૧૩ના વર્ષની અંદર માર્ગ અને મકાન વિભાગને ૮,૨૫,૦૦,૦૦૦ રૂપિયાની ફાળવણી કરી અને એનું ટેન્ડર બહાર પડયું, ટેન્ડર બહાર પાડયા પછી ૧૬૫ આંગણવાડીના રૂમો આજની તારીખ સુધી એની ટાઇમ લીમીટ મુદત પૂર્ણ થઇ ગયા પછી પણ હજી સુધી પૂર્ણ થયા નથી. લોક સંવાદ સેતુ કાર્યક્રમ હતો, અમારા પ્રભારી મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા હતા, ડી.ડી.ઓ. હતા, કલેકટર હતા, એની હાજરીમાં પણ આ પ્રશ્ન રજૂ કર્યો, જિલ્લા ફરિયાદ સમિતિમાં પ્રશ્ન રજૂ કર્યો પણ હજુ સુધી ૧૬૫માંથી માત્ર ૫૦ આંગણવાડીના બાંધકામ પૂર્ણ થયા છે. બાકીની આંગણવાડીઓના બાંધકામ પૂર્ણ થયા નથી. ગઇ વિધાનસભામાં એલ. એ. કયુ. પૂછયો, એના આગળની વિધાનસભામાં પણ એલ.એ.કયુ. પૂછયો, આ વખતની વિધાનસભામાં પણ એલ.એ.કયુ. દાખલ કર્યો છતાંપણ માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા જે એજન્સી છે એ એજન્સી સામે સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય એ પ્રકારની વ્યવસ્થા આજની તારીખ સુધીમાં થઇ નથી. એક ટેન્ડર જુનાગઢનું છે બાકીના ટેન્ડરો સાત, પેકેજ છે એ એક ઉનાની એજન્સી છે એની પાસે છે મારે બહુ સ્પષ્ટપણે કહેવું છે કે જે એજન્સી છે એ એજન્સી ગમે તેની હોય પણ એ એજન્સીની સામે પગલાં લેતાં આપણે શા માટે અચકાઇએ છીએ? અંતે તો બાળકોને બેસાડવાના છે. મારા વિસ્તારમાં આજે પણ જે આંગણવાડીઓ કાર્યરત છે એ ભાડાના મકાનમાં બેસે છે તો આજે ૨૦૧૩ ને બદલે ૨૦૧૭ છે અને ચાર ચાર વર્ષ થવા છતાં હજુ આ કામ પૂર્ણ થયા નથી તો આ કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય અને જેની જવાબદારી નકકી કરવાની વાત આવતી હોય એક જવાબદારી નકકી કરી અને એ એજન્સીની સામે પગલાં લેવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું. ગીરગઢડા તાલુકો નવો બનાવવામાં આવ્યો છે. ગીરગઢડા તાલુકાને જોડતો રસ્તો પ્રાંસ્લી, ઘાંટવડ, પ્રાંસ્લી છે એ સુત્રાપાડા તાલુકાનું છે, ઘાંટવડ, હરમડીયા, પીશ્રી ગીરગઢડા રોડને સ્ટેટને સોંપવા માટે જુનાગઢ જિલ્લા પંચાયત જયારે હતી, ગીર સોમનાથ જયારે અલગ નહોતું પડયું ત્યારે જુનાગઢ જિલ્લા પંચાયતે જનરલ બોર્ડે સામાન્ય સભાની અંદર ઠરાવ કરીને આ રસ્તાને સ્ટેટને સોંપી દેવા માટે દરખાસ્ત કરવામાં આવી છે એને પણ ઘણો બધો લાંબો સમય થઇ ગયો હોવા છતાં હજુ માર્ગ અને મકાન વિભાગે નિર્ણય કર્યો નથી સ્ટેટને કન્વર્ટ કરવામાં આવે અને આ રસ્તો સારી સુવિધાવાળો બને તો ગીરગઢડા તાલુકાને જોડતો રસ્તો બને તો મને લાગે છે કે જિલ્લા પ્લેસ ઉપર ગીર સોમનાથ જવામાં ગીરગઢડા તાલુકાના લોકોને વધારે અનુકૂળતા થાય એની સાથોસાથ ગીરગઢડાથી ખીલાવડ દ્રોણ, ખીલાવડ અને ઇટવાયા અને ધોકડવા કે જે અમરેલી જિલ્લાને જોડતો રસ્તો બને તો પણ ગીરગઢડા તાલુકાને ફાયદો થાય એટલે આ બંને રસ્તાઓ જે છે એ સ્ટેટને સોંપવા માટેની દરખાસ્ત અને રજૂઆત કરી છે તો એ વહેલામાં વહેલી તકે થાય એના માટે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ગુણવત્તાને માટે, લાખો અને કરોડો રૂપિયાનો આપણે ખર્ચ કરતા હોઇએ છીએ ત્યારે ગુણવત્તામાં બાંધછોડ કરવી જોઇએ નહીં. છતાં પણ હજુ ઘણાબધા કામો એવા પ્રકારના થાય છે કે આપણે રોડ બનાવી નાખ્યા, આપણે સી.સી. રોડ બનાવ્યા છે, સુવિધા માટે ગ્રામ્ય વિસ્તારમાં જે રસ્તાઓ બનાવીએ છીએ તો એ સી.સી. રોડ ઉનામાં અમારે કંસારી વાવરડા રોડ, ડામર બનાવવામાં આવ્યો, પેવર બન્યો, બંને બાજુ સી.સી. રોડ બનાવ્યા, હજી ડામરનું કામ નીતિનભાઇ, પૂર્ણ ન થયું ત્યાં એ સી.સી. રોડ સંપૂર્ણપણે ઉખડી ગયો. એમાં લોખંડ વાપરવામાં આવ્યું હતું એ લોખંડ પણ બહાર દેખાવા માંડયુ. ટાઇમ લીમીટ છે, કોન્ટ્રાકટર સામે પગલાં લેવાની, એને ખર્ચે અને જોખમે કરાવવાની જોગવાઇ છે.ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના મારફત આ બાબતે વિનંતી કરું છું. બીજું ગીર સોમનાથ જિલ્લામાં તુમડીવાવ- ફરેલી- પાદરુકા–લોઢવા રોડ દસ કિલોમીટરનો રોડ છે. તે સૂત્રાપાડા તાલુકામાં આવે છે. સિદ્ધિ સિમેન્ટની સાથે માર્ગ અને મકાન વિભાગે એગ્રીમેન્ટ કરેલ હતો કે આ રસ્તો સિદ્ધિ સિમેન્ટે કરવો. તે પુનઃ માર્ગ અને મકાન વિભાગમાં પરત કરેલ છે. છેલ્લા દસ વર્ષથી માનનીય મંત્રીશ્રી આ રસ્તો રીકાર્પેટ કરવામાં આવ્યો નથી. તેના કારણે ૨૦ થી ૨૫ ગામના લોકોને હાલાકી પડે છે અને મુશ્કેલીઓ ઉભી થાય છે. સિદ્ધિ સિમેન્ટ કંપનીના ઓવરલોડેડ વાહનોને કારણે આ રસ્તો તે ચાલવા લાયક કે વાહન વ્યવહાર ચાલે તે પ્રકારે આ રસ્તો રહેવા દેતા નથી. આજુબાજુના ગામના લોકોએ અને તે વિસ્તારના લોકોએ આવેદનપત્ર આપ્યું, કલેકટરશ્રીને રજુઆત કરી, રસ્તા રોકો આંદોલન કર્યુ છતાં પણ આજ તારીખ સુધી આ રસ્તા માટેની કોઇ વ્યવસ્થા કરવામાં આવી નથી. તેના માટે આપના મારફત સરકારશ્રીને વિનંતી કરું છું કે તાત્કાલિક અસરથી સિદ્ધિ કંપનીની સાથે આનો કરાર કરી તાત્કાલિક આ રસ્તો થાય તેવી મારી વિનંતી છે.

શ્રી <#M/રજનીકાન્ત સો. પટેલ/M#>(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી ક્રમાંકઃ ૮૬ માર્ગ અને પુલ વિશેની છે તેના સમર્થનમાં મારી વાત કરવા ઉભો થયો છું. કોઇ પણ રાજય કે રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેના રોડ રસ્તા કેવા છે તેના ઉપર રહેતો હોય છે. મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતના રોડ રસ્તા સમગ્ર દેશમાં સૌથી શ્રેષ્ઠ છે. તેનો અનુભવ અહીં બેઠેલા આપણે સૌ કરી શકીએ છીએ. ભૂતકાળમાં આપણા વિસ્તારમાંથી વિધાનસભા ગાંધીનગર ખાતે આવતા થતો સમય અને આજે તે સમયમાં ચોકકસ આપણે ફેરફારનો અનુભવ કરી શકીએ છીએ. હમણાં દક્ષિણ ગુજરાતના મિત્રોનો જે પ્રશ્ન હતો તે પણ સોલ્વ થઇ ગયો છે. કેબલ સ્ટ્રેન્થ બ્રીજનો પ્રશ્ન સોલ્વ થઇ ગયો છે. માનનીય વડાપ્રધાનશ્રીએ સ્વયં અહીં આવીને જનતા માટે ખુલ્લો મૂકયો છે તો આ તબક્કે હું માનનીય નરેન્દ્રભાઇનો આભાર માનું છું કે તેમણે આ બ્રીજ તો આપણને આપ્યો પણ સાથે સાથે છ જેટલા આપણા સ્ટેટ હાઇવેને નેશનલ હાઇવે કરવાની વાત કરી છે. મારે વાત મહેસાણાની કરવી છે. મહેસાણા પ્રાચીન અર્વાચીન વારસાના કારણે કયાંકને કયાંક રાષ્ટ્રીય કક્ષાએ કે આંતર રાષ્ટ્રીય કક્ષાએ હંમેશાં ઝળકતું રહ્યું છે. તેમાં મોઢેરાનું સૂર્ય મંદિર હોય, વડનગરનું કીર્તિતોરણ હોય, ઉંઝાનું એ.પી.એમ.સી. હોય, મહેસાણાની ડેરી હોય કે બહુચર માતાજીનું મંદિર હોય.

આ સમગ્ર બાબતોને કારણે મહેસાણા હંમેશાં ઝળકતું રહ્યું છે. આમાં વધારે ચળકાટ ઉમેરવાનું કામ બે મહાપુરુષોએ કર્યુ છે. દેશની નહીં પણ વિશ્વની સૌથી મોટી પોલિટીકલ પાર્ટીના પ્રમુખ માનનીય અમિતભાઇ શાહ અને આ દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન આપવાનું કામ જેમણે વડાપ્રધાન પદ પરથી કર્યુ છે તે બંને લોકો મહેસાણાના છે. વિશેષ ગૌરવ અમને થાય તે સ્વાભાવિક છે. તેમાં સોનામાં સુગંધ ભળે તેમ આજે આ માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તે પણ અમારા મહેસાણા જિલ્લાના છે. સ્વાભાવિક જોગાનુજોગ આ બાબતનો અમને આનંદ હોય. મહેસાણા જિલ્લો તે ૨૦ લાખ ૩૫ હજાર જેટલી વસ્તી ધરાવતો જિલ્લો છે. મહેસાણા, ઉંઝા, વિજાપુર, વિસનગર, વડનગર, ખેરાલુ, સતલાસણા, બહુચરાજી, કડી અને જોટાણા આ તમામ તાલુકાઓનો તેમાં સમાવેશ થાય છે. માર્ગ મકાન વિભાગ હસ્તક હાલમાં કુલ ૧૨૧૧ કિલોમીટરના જિલ્લામાં રસ્તા આવેલા છે. મહેસાણા જિલ્લો મુખ્યત્વે વેપારી મથકો, યાત્રાધામો, પર્યટન સ્થળો, જી.આઇ.ડી.સી., પાટનગર અને રાજસ્થાન જતા રસ્તાઓ સાથે જોડાયેલો છે ત્યારે રાજયના ધોરીમાર્ગ તેમાં ૬૦૭ કિલોમીટરના છે. મુખ્ય જિલ્લા માર્ગ ૨૧૩ કિલોમીટર જેટલા છે. અન્ય જિલ્લા માર્ગ ૯૮ કિલોમીટર છે અને ગ્રામ્ય માર્ગ ૨૯૩ કિલોમીટર જેટલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, ગામડાના આપણા ભાઇઓ બહેનો હંમેશા અપેક્ષા રાખતા હતા કે ગામડાના રસ્તાઓ ઇન્ટરલિંકીંગ થાય કાચા રસ્તાઓ અને મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત આજે જ્યારે આ તમામ રસ્તાઓને પાકા બનાવવાનો જે અભિગમ માનનીય મંત્રીશ્રીએ અપનાવ્યો છે અને એના ખૂબ સારા પરિણામો આજે આપણે જ્યારે જોઇ રહ્યા છીએ ત્યારે મારા મત વિસ્તારમાં પણ આવા અનેક રસ્તાઓ પાકા થયા છે અને એ પાકા રસ્તાઓ ઉપરની અવર જવર પછીનો આનંદ, તરવરાટ, સંતોષ આજે પ્રજાજનોમાં બહુ સ્પષ્ટ દેખાય છે. માનનીય અધ્યક્ષશ્રી, બહુચરાજી તાલુકાના વિધાનસભા વિસ્તારની વાત કરું તો બહુચરાજી વિધાનસભા વિસ્તારમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૧૪.૫૯ કરોડના કામ ૪૫૩.૧૭ કિલો મીટરની લંબાઇના મંજૂર કરવામાં આવેલા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા તેને સમર્થન આપુ છું.

શ્રી <#M/મોહનભાઇ ધ. ઢોડિયા/M#>(મહુવા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી નીતિનભાઇ પટેલ જે માગણી ક્રમાંક–૮૬, માર્ગ અને પુલ વિભાગની લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સમગ્ર ગુજરાતમાં માર્ગ, પુલો, નોન પ્લાન રસ્તાઓ ખૂબ વિકસ્યા છે પરંતુ હું મારા કાર્ય વિસ્તારની જ વાત કરીશ. મારા કાર્ય વિસ્તારમાં ૯ જેટલી નદીઓ આવેલી છે અને એ ૯ નદીઓના કાંઠાના વિસ્તારમાં આદિવાસી વસતિ રહે છે અને એ આદિવાસી વિસ્તારમાં ૯ નદીઓ પર હોડીના ઘાટ ચાલતા હતા અને ૨૦૦૨માં જ્યારે આ સન્માનનીય ગૃહમાં મને ચૂંટાઇને આવવાનો મોકો મળ્યો ત્યાર પછી હાલના આ દેશના વડા પ્રધાન અને તે સમયના મુખ્ય મંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને તે વિસ્તારના લોકોનો જે આક્રોશ હતો કે આટલી નદીઓ આવેલી છે એ નદીઓ ઉપર હોડીના ઘાટ ચાલતા હતા અને એને કારણે ત્યાં જે વિકાસ થવો જોઇએ એ થયો ન હતો અને એટલે ૧૦૦ જેટલા સરપંચો સાથે મને અહીંયા રજૂઆત કરવાનો મોકો મળ્યો હતો અને તે સમયે માનનીય નરેન્દ્રભાઇ મોદી હાલના વડા પ્રધાન અને એ વખતના મુખ્ય મંત્રીશ્રીને રજૂઆત કરતાની સાથે કંજોડ અને વડિયા પૂર્ણા નદીના કિનારા પર એક પુલ અમારા માટે મંજૂર કરી આપવામાં આવ્યો અને એમણે પોતે ખાત મુહૂર્ત કર્યું અને એ ખાત મુહૂર્ત કર્યા પછી આ દૈવી પુરુષના પગલાં પડતાની સાથે એ પૂર્ણા નદી પર આજે ૫ જેટલા પુલ બનાવવામાં આવ્યા છે. આજે મને કહેતા આનંદ થાય કે, એ વિસ્તારની જનતા આ ૫ જેટલા પુલ બનવાના કારણે એક તાલુકાથી બીજા તાલુકામાં અને એક વિસ્તારથી બીજા વિસ્તારમાં જઇ શકતી ન હતી પણ આજે એ પુલ બનવાના કારણે આર્થિક રીતે અને અન્ય રીતે પ્રજાને ખૂબ ફાયદો થયો છે. મને કહેતા આનંદ થાય છે કે, આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ આદિવાસી વિસ્તારમાં રસ્તાઓ અને પુલોનું જે કામ કર્યું છે ત્યારે આજે આદિવાસી સમાજ એને આવકારી રહ્યો છે. મારા વિસ્તારમાં આ સંવેદનશીલ સરકારના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રુપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ૩૨૫ કરોડ રૂપિયા આપ્યા છે ત્યારે વધુમાં વધુ પૈસા આપ્યા હોય એવું મને પોતાને લાગે છે. નોન પ્લાન રસ્તાઓ માટે ૨૦૧૨ થી ૨૦૧૬–૧૭ સુધીમાં આ જે પૈસા આપ્યા છે એને કારણે જે વિકાસ થયો છે અને એ વિકાસ આજે તમે નજરે જોઇ શકો એમ છો. રસ્તાઓ પહોળા કરવામાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કામગીરી કરી છે એના લીધે આ વિસ્તારની જનતાને ખૂબ આનંદ થયો છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપે છે. મને કહેતા એ આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે નોન પ્લાન રસ્તાઓ જે શરૂ કર્યા અને બે ગામને જોડવાનું જે ભગીરથ કાર્ય કર્યું એના કારણે અમારા આદિવાસી વિસ્તારના જે ત્રણ ત્રણ કિલોમીટરની અંદર ગામડાની અંદર છેવાડામાં રહેતા હતા એને એ સુવિધા પ્રાપ્ત થઇ છે. એટલે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કામગીરી કરી છે તે સરાહનીય છે. પૂર્ણા નદી, અંબિકા નદી આ બધી નદીઓને જે પુલોથી જોડવામાં આવેલ છે અમારી બાજુમાં જે સાથી સભ્યશ્રી પુનાજી છે એમને પણ પોતાને ખબર છે કે એમના વિસ્તારમાં જ પૂર્ણા નદી આવેલી છે. એમના વિસ્તારમાં પણ પુલોનું કામ કરવામાં આવેલ છે.

પ્રો <#M/હીરાભાઇ હ. પટેલ/M#>(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને રાજયના નાયબ મુખ્યમંત્રી અને નાણાપ્રધાન નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તે અંગે મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. રાજ્યના વિકાસ માટે રસ્તાઓનું સુદઢ માળખું આવશ્યક છે. રાજ્યનો સમતોલ અને સર્વાંગી વિકાસ થાય, બંદરોનો વિકાસ થાય, રાજ્યમાં પ્રવાસનને વેગ મળે, રેલ્વે અને બંદરો સુધી તૈયાર થયેલ માલનું સરળતાથી વહન થાય, કાચો માલ ઉદ્યોગ સુધી પહોંચે. ખેત પેદાશોનું વેચાણ સરળતાથી થાય. ઉપરોકત તમામ બાબતો જોતાં કોઇપણ રાજ્ય કે દેશ માટે

સારા પાકા, બારમાસી રસ્તાઓ વિકાસને આગળ વધારવા માટે અત્યંત જરૂરી છે. આ ગૃહની અંદર ઘણી વખત સામેના સત્તારૂઢ પાર્ટીના ધારાસભ્યોથી માંડીને મંત્રીશ્રીઓ પણ કેટલીક વખત એવી રજૂઆત કરતા હોય છે કે, ભૂતકાળની સરકારોએ કોઇ કામ કર્યું જ નથી. ૧૯૬૦–૬૧ની સાલમાં આ રાજ્યની સ્થાપના થઇ ત્યારે ૨૨૬૨૯ કિલોમીટરની લંબાઇના રસ્તા આ રાજ્યની અંદર આપણને વારસામાં મળેલા. ત્યારપછી એમના કહેવા પ્રમાણે ૧૯૯૫ સુધી આ રાજ્યની અંદર કોંગ્રેસે શાસન કર્યું. તો આ ૩૫ વર્ષના ગાળા દરમિયાન કોંગ્રેસના શાસનમાં ૭૦૬૪૯ કિલોમીટરના રસ્તા થયા એટલે કે આ ૩૫ વર્ષના સમયગાળા દરમ્યાનમાં ૩૮૦૦૦ કિલોમીટરના રસ્તા થયા છે અને ૧૯૯૫ પછી છેક ૨૦૧૩–૧૪ સુધીમાં રસ્તાઓની લંબાઇ ૭૭૬૯૦ કિલોમીટરની થઇ. એટલે એનો અર્થ એ થયો કે આટલા ૨૦ વર્ષના ગાળા દરમિયાન ૭૦૪૧ કિલોમીટરના રસ્તા થયા. એમાંય હું આપને કહુ કે, તો ૨૦૦૨ થી ૨૦૧૩–૧૪ માં ૩૬૭૨ કિલોમીટરની લંબાઇવાળા નવા રસ્તા થયા. આના અનુસંધાનમાં તમે જાણે એમ કહો છો કે બજેટ. પહેલાં બજેટ ૮૦૦ કરોડ રૂપિયાનું હતું, આજે અમારું બજેટ ૮૦૦૦ કરોડનું છે, કૃષિમંત્રીશ્રી પણ ગઇકાલે કહેતા હતા કે પહેલાં ૮૦૦ કરોડ રૂપિયાનું બજેટ હતું અને હવે અમારું બજેટ ૬૦૦૦ કરોડ રૂપિયાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા નાણાકીય ખર્ચની ગણતરી ન થાય. વાસ્તવિક ખર્ચની ગણતરી થાય. ૧૯૫૦–૫૧ની અંદર દેશનું સંરક્ષણનું બજેટ ૧૦૦ કરોડનું હતું અને પછી આજે તમે એમ કહો કે સાડા ત્રણ લાખ કરોડનું બજેટ છે તો એનો અર્થ એવો નથી થતો કે સાડા ત્રણ લાખ અને સો કરોડ એટલે કેટલા ગણું થયુ અને એટલા ગણો વિકાસ થઇ જાય. ૧૯૬૮માં હું નોકરીએ જોડાયો ત્યારે મારો પગાર ૩૦૦ રૂપિયા હતો આજે મને ૫૦ હજાર રૂપિયા પેન્શન મળે છે. અને બીજી એક વાત કહું ( અંતરાય ) કોઇ ઉદ્ધાર નથી. મોંઘવારી છેલ્લાં ૨૦ વર્ષમાં અઢીસો ટકા વધી છે. તમે મને સમજાવવાની વાત ના કરો. ૧૯૭૩–૭૪માં ૪૫ રૂપિયા હોસ્ટેલનું ફૂડ બિલ હતું અને તે વધીને ૬૦ રૂપિયા થયુ તો અમદાવાદની અંદર જે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં ભણતાં હતા તે આ ફૂડ બિલના કારણે આ વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ થયુ ત્યારે સરકારમાં બેઠેલાં માણસો આટલી સામાન્ય બાબત પણ એમની સ્વીકારવાની તૈયારી નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા નાણાકીય ખર્ચ વધતું જતું હોય છે. મૂલવણી હંમેશા વાસ્તવિક ખર્ચના સંદર્ભમાં થવી જોઇએ અને તે કરતા નથી એટલે આ બધા પ્રશ્નો ઉભાં થાય છે. બીજી મારા પોતાના વિસ્તારની વાત છે કે, મેં પ્રશ્ન પૂછ્યો હતો ૨ માર્ચ, ૨૦૧૭ના રોજ અને પ્રશ્ન ક્રમાંકઃ ૯૭, ૧૪ વર્ષથી વધુ સમયના નોનપ્લાન રસ્તાઓ જે કાર્પેટીંગ ના કર્યું હોય તેવા મહિસાગર જિલ્લામાં ૨૫, પંચમહાલ જિલ્લામાં ૧૦, રીકાર્પેટીંગ કરવાની ખાતરી મંત્રીશ્રીએ આપી તે પ્રમાણે મહિસાગરમાં ૮ અને પંચમહાલમાં ૩. તે જ પ્રમાણે પ્રશ્ન ક્રમાંકઃ ૪૫, ૨ માર્ચ, ૨૦૧૭ એમાં મેં પૂછ્યું હતું કે સાત વર્ષથી ઉપરનાં કેટલાં રસ્તા એવા છે લુણાવાડા અને ખાનપુર કે જે મારો મત વિસ્તાર છે તો સાત વર્ષથી ઉપરના ૮૬ રસ્તાઓ છે. અને હું માનું છું કે આખા રાજયની અંદર આ જે રીકાર્પેટીંગ કરવાના બાકી રસ્તા તે મારા વિસ્તારમાં આખા રાજયની અંદર હાઇએસ્ટ છે. સાહેબે એવો જવાબ આપ્યો કે દસ રસ્તાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ત્રણની ટેન્ડર પ્રક્રિયા છે અને છતાં ૬૩ રસ્તાઓ બાકી છે. આ તબક્કે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આ રસ્તાઓ બાબતે કૂણું વલણ રાખે.

શ્રી <#M/જેઠાભાઇ ઘે. આહીર/M#>(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી માર્ગ અને મકાનની જે માગણીઓ લઇને આવ્યાં છે તેમાં મારું સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એ કહેવું છે કે જે આ વર્ષના બજેટની અંદર માર્ગ અને મકાન વિભાગમાં ૮૮૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારે કરેલી છે. મારે એ કહેવું છે કે, ૧૮ હજાર ગામડાંની અંદર અને ૧૬,૨૪૫ વસાહતોને સારી ગુણવત્તાના રસ્તાઓ મળી શકે બારમાસીથી જોડાણ માટે. ૧૦ હજાર કરોડના કુલ પરિયોજના સુદ્રઢ રસ્તા બનાવવા મુખ્યમંત્રી સડક યોજનાની અંદર શરૂ કરી અઢી કરોડ ગ્રામ્ય વસતિને લાભ થશે એવી વિપુલ તકો મળે એના માટે સરકારે આયોજન કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સર્વાંગી વિકાસ માટે ગામડાંથી લઇને શહેર સુધીના સાંકળતા, જોડતા રસ્તાઓ, વિવિધ યોજના પ્રગતિ પથ, વિકાસ પથ, તાલુકા મથકે વિકાસ પથ, પ્રવાસી પથ, કિસાન પથ, તાલુકાને જોડતા જિલ્લા મથકના નજીકના મથક સાથે જોડતા બંદરો જોડાણ, ઉદ્યોગોને જોડતા રસ્તાઓ જેથી યોજના અંતર્ગત કામો મંજૂર કરેલ છે. ચોમાસાં દરમિયાન વિખૂટા પડતાં ગામો માટે સરકારે ઓછામાં ઓછો એક બારમાસી રસ્તો આપવા માટે મરૂન વિલેજ નામના રસ્તાને સંપૂર્ણ અમલમાં મૂકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હીરાભાઇ સાહેબે હમણા વાત કરી હતી ત્યારે મારે એમને કહેવું છે કે કોંગ્રેસના શાસનમાં ૩૫,૦૦૦ કિ.મી.ના રસ્તાઓ બન્યા હતા અને આજે ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં ૧,૧૩,૭૨૬ કિ.મી.ની લંબાઇના માર્ગ બનાવ્યા છે. ૫૧૫૨ કિ.મી.ની લંબાઇના નેશનલ હાઇ–વે બનાવેલા છે. ૧૬,૭૯૬ કિ.મી.ના રાજ્ય ધોરીમાર્ગો બનાવ્યા છે. ૨૦૨૭૬ કિ.મી.ની લંબાઇના મુખ્ય જિલ્લા માર્ગો બનાવ્યા છે. ૭૧,૪૯૨ કિ.મી.ના ગ્રામ્ય અને જિલ્લા માર્ગો બનાવેલા છે. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને ખાસ અભિનંદન આપવા છે કે મારા શેરા તાલુકાની અંદર શેરા સેવાસદનમાં ૧૧ કરોડ રૂપિયા મંજૂર કરી શેરા સેવાસદન બનાવવા માટેનું ટેન્ડર પણ બહાર પાડ્યું છે અને મંજૂર પણ થઇ ગયું છે. તાલુકાની અંદર તાલુકા ભવન પણ મંજૂર કરેલ છે અને એની અંદર પણ ૩ કરોડ જેટલી રકમ સરકારે મંજૂર કરેલ છે. મારે ખાસ એ કહેવું છે કે, વિકાસ પથ પહોળા કરવા માટે ૮૦ કરોડ રૂપિયા ફાળવેલ છે. તેમાં ૩૬ પુલો અને ચાલુ બાંધકામ ઉપરાંત ૩૭ નવા પુલોનું કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કેટલાક અગત્યના કામો પૈકી પાંચ અગત્યના કામો મંજૂર કરેલ છે. સરકારે જે રસ્તાઓ બનાવ્યા છે તે રસ્તાઓની અંદર વિમોડથી વિઠ્ઠલાપુર, દેત્રોજ કડી,

સોનગઢ, પાલિતાણા, તળાજા, સુરત, ઓલપાડ, અંકલેશ્વર, ઝઘડીયા એ રીતના રસ્તાઓ મંજૂર કર્યા છે. માર્ગ અને મકાન વિભાગમાં બાંધકામ ઉપરાંત મરામત અને જાળવણી માટેના પણ કામો સરકારે હાથ ધરેલા છે. શહેરી વિકાસ વિસ્તારોમાં જમીનની મર્યાદા ઉપલબ્ધિ ધ્યાને લેતાં રહેણાંક માટે બહુમાળી ટાવરો અથવા નાના શહેરોમાં એક થી ત્રણ માળ સુધીના ફ્લેટ જેવા મકાનો બાંધવાનો અભિગમ સરકારે અપનાવ્યો છે. ક્વાર્ટરો, ટાવરો અદ્યતન ફ્લોરીંગ, આર.સી.સી., ભૂકંપ ડિઝાઇન પ્રુફ, લિફ્ટની સુવિધા, વૃક્ષારોપણ, વરસાદી પાણીના સંચય માટેની વ્યવસ્થા, આંતરિક રસ્તાઓ વગેરે સાથેના કામોની સમાવેશ કરવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ ૩૦૭ કરોડની જોગવાઇ પૈકી ૧૯૧ રૂપિયા રહેણાંકના મકાનો માટે ફાળવવામાં આવેલા છે. કર્મચારી/અધિકારીને તેમના કાર્ય સ્થળે રહેણાંકની સરકારી વ્યવસ્થા મળી રહે તે માટે હાલના નવરચિત છ જિલ્લાના મુખ્ય મથકો મોડાસા, લુણાવાડા, છોટા ઉદેપુર, બોટાદ, વેરાવળ અને જામખંભાળિયા ખાતે ૧૮૬ કરોડના ખર્ચે રહેણાંકના મકાનોનું કામ પણ ચાલુ છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે ૨૧૦ કરોડના ખર્ચે એ,બી,સી,ડી, અને ઇ કેટેગરીના રહેણાંકના ટાવરોના કામો પ્રગતિમાં છે. મારે હિરાભાઇને કહેવું છે કે, મહિસાગરનો પુલ જે તૂટી ગયો હતો એ લોકોને જવા આવવામાં તકલીફ ન પડે એટલા માટે આ સરકારે તાત્કાલિક ધોરણે મંજૂર કરી આપ્યો છે.

શ્રી <#M/રાકેશભાઇ જ. શાહ/M#>(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ જે શહેરી વિકાસ વિભાગની માગણી નં-૧૦૧ શહેરી આવાસ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું. માનનીય નાણામંત્રીશ્રીએ એમના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની ૧૧,૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ સ્વયં બજેટ જ બતાવે છે કે, સરકારની મહાનગરો અને નગર પાલિકાઓ પત્યેની કટિબદ્ધતા છે. સામાન્ય માનવીની પણ આ સરકાર ચિંતા કરે છે. ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ અને નીતિનભાઇ એ સામાન્ય માણસના રોટલા અને ઓટલા એ બંનેની ચિંતા કરે છે. રોટલો એટલે બેરોજગારોને રોજગારી આપી અને ઓટલો એટલે સામાન્ય માણસને રહેવા માટે આવાસોની પણ વિવિધ યોજનાઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. સાડા છ કરોડની જનતાને બજેટ અનુરૂપ હોય એ બજેટ હવે એક સામાન્ય પ્રક્રિયા થઇ ગઇ છે કે ગુજરાતના નાગરિકોને શું જોઇએ છે. સૌથી સારું શું હોઇ શકે અને વધુ ને વધુ શ્રેષ્ઠ આપવું ભારતીય જનતા પાર્ટી છેલ્લા કેટલાય સમયથી પોતાના બજેટમાં એનો અરીસો રજૂ કરી અને ગુજરાતની સાડા છ કરોડની જનતાને પૂરું પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, પૂર્વ મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ પછી આનંદીબેન અને હાલ માનનીય વિજયભાઇ જે રીતે ગુજરાતનો વિકાસ કરી રહ્યા છે અને ગુજરાતના શહેરો હવે વિકસિત દેશોની હરોળમાં આવી ગયા છે ત્યારે આગામી દિવસોમાં આ ગુજરાતના શહેરો, નગરો અને મહાનગરોમાં જે રીતે વિકાસ થઇ રહ્યો છે ત્યારે એનો વિકાસ થવાનું મુખ્ય કારણ એ છે કે, ગુજરાતના શહેરોમાં શાંતિ છે, સલામતી છે અને સમૃદ્ધિ પણ છે. દુનિયાના મોટા મોટા ઉદ્યોગપતિઓ આજે ગુજરાતને આંગણે આવી રહ્યા છે એટલે સામાન્ય રીતે મારા આગળના વક્તાઓએ કહ્યું કે, મહાનગરોમાં વસતિનું ભારણ વધી ગયું છે અને લગભગ ૪૨ ટકાથી વધારે વસતિ એ મહાનગરોમાં આવેલી છે, ત્યારે ગરીબોની ચિંતા કરતી આ સરકાર સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરવા માટે તેમના ઘર વિહોણા સ્વજનો માટે તેમની પણ ચિંતા કરી અને વિવિધ યોજનાના માધ્યમથી સામાન્ય માણસ પણ પોતાનું ઘરનું ઘર બનાવી શકે એવી યોજનાઓ લઇને માનનીય મુખ્ય મંત્રી અને માનનીય વિભાગના મંત્રી આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ઘરના ઘરની એટલે આવાસની વાત કરવી છે એટલે ઘરનું ઘર એટલે એનું ફોર્મ ભરવાની વાત નથી કરતો. ભૂતકાળમાં ઘરનું ઘર માત્ર ફોર્મ ભરવાનું અને ગરીબોની મજાક ઉડાડવી અને એમને સ્વપ્ના દેખાડવા, પણ જે રીતે ગુજરાત સરકાર હાલ જે વિવિધ યોજનાઓ લઇને આવી છે અને એ વિવિધ યોજનાઓ દ્વારા એ સામાન્ય માણસને પોતાનું મકાન મળે એની ચિંતા કરી છે. સામાન્ય પરિવાર માટે મને ખ્યાલ છે અને આપણે સૌ જાણીએ છીએ કે ઘરનું ઘર એક સ્વપ્ન પૂરું કરવું એ એક સ્વપ્ન થઇ ગયું છે અને ત્યારે એ પૂરું કરવામાં નિયત જોઇએ તો ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાન્ય માણસનું ઘરનું ઘર બને એની ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે વિવિધ યોજનાની વાત કરું તો એફોર્ડેબલ હાઉસની પાર્ટનરશીપ લઇને જયારે આ સરકાર આવી છે ત્યારે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓને સબસીડીઓના લાભથી આવાસ યોજનામાં ૬૨,૧૨૫ આવાસો મંજૂર કર્યા છે. મહાનગરોમાંથી ઝૂપડપટ્ટીઓમાં રહેતા, સેવા વસતિમાં રહેતા સ્વજનોને પણ પોતાના ઘરનું ઘર બને અને એ સેવા વસતિમાં પણ સારા સારા ફ્લેટનું નિર્માણ થાય એવી પણ યોજનાઓ લઇ આ સરકાર આવી છે, ત્યારે એનો દીકરો કે દીકરી આગામી દિવસોમાં એનું ભવિષ્ય સુધરે અને એ મહાનગરના એક ભાગ તરીકે પણ રહે એવી સુંદર યોજનાઓ લઇને પણ જયારે સરકાર આવી છે ત્યારે સંવેદનશીલ સરકારને કારણે આવા લગભગ ૮૦૦૦ મકાનો મારા મહાનગરમાં પૂર્ણ થયા છે. આવા ૩૭૫૫૧ આવાસોની મંજૂરી પણ મળી ગઇ છે. ક્રેડીટલિંક સબસીડી, સી.એલ.એસ.એસ.ની એક યોજના દ્વારા જે રીતે ઇ.ડબલ્યુ.એસ. હોય કે એલ.આઇ.જી. હોય એ મકાનોને પણ મોટી સબસીડી આપી સરકાર એવી યોજના લાવી છે કે, સામાન્ય માણસ હોય કે મધ્યમ વર્ગનો માણસ હોય એ પોતાનું એ બનાવી શકે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા/M#>(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૧૦૧, ૧૦૨, ૮૫, ૮૬ લઇને આવ્ય છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મનિષાબેન વાત કરતા હતા વડોદરાની ત્યારે મારે કહેવું છે કે, ઘરના ઘરના ફોર્મનો એક રૂપિયો પણ લેવામાં નહોતો આવતો. મનિષાબહેનને ટીકીટ આપજો સારું બોલતા હતા એટલે એટલા માટે બોલવું એ વાજબી નથી. બીજું માનનીય નીતિનભાઇ સાહેબ હિસાબ તો આપે પેલી રામ મંદિરની ઇંટોનો આપવો પડશે, રામ મંદિરની જે ઇંટો લીધી હતી એનો હિસાબ આપે તો સારું. માનનીય મંત્રીશ્રી જે ઘણાં લાંબા સમયથી માર્ગ અને મકાન વિભાગનું બજેટ લઇને આવે છે હું તો ધારાસભ્ય તરીકે ઘણા વર્ષથી છું, ત્યારે ઘણી વખત વાત થાય છે કે, બજેટ ખૂબ મોટું આવે, નાણાકીય જોગવાઇ થાય પણ હજુ સુધી ગામડાઓના રસ્તાઓ પેટાપરાંના રસ્તાઓથી હજુ જોડાયા નથી. સૌથી અગત્યની વાત હોય તો ગામડાઓમાં ચોમાસા દરમ્યાન જે પાણી આવે છે નદીઓમાં અને એના કારણે એ ગામો સંપર્ક વિહોણા થાય છે એના કારણે ખૂબ મુશ્કેલી ગામડાઓમાં ઉભી થાય છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કે, અત્યારે હાલ જે કોઇ પ્લાન નોન પ્લાન રસ્તાઓ ડામર થયેલા હોય અને જે રહી ગયા હોય એને પહેલાં પ્રાયોરીટી આપીને મંજૂર કરવામાં આવે. તે સિવાય આજે ગામડાઓમાં જવા માટે જે નાના માઇનોર બ્રીજ હોય કે એવા જે કોઇ હોય એને જો પ્રાયોરીટી આપવામાં આવે તો ચોમાસા દરમિયાન જે ગામડાઓમાં તકલીફ પડે છે એ ઓછી થાય. એ તકલીફ ઓછી થાય. હું મારા મત વિસ્તારની વાત કરું તો રણાસણથી મોટુકા પુંસરી જવાનો એક રસ્તો છે ત્યાં ચોમાસા દરમિયાન મેશ્વો નદીમાં પાણી આવે એટલે એ રસ્તા ઉપરથી જઇ શકાતું નથી. ૪૦ વર્ષ પહેલા કોઝવે બનેલો પણ અત્યારે સિંચાઇ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ વચ્ચે ફસાયો છે. અહીંયા જયારે સાધન લઇને નીકળે ત્યારે પેલી સમજુ બકરીવાળી વાર્તા યાદ કરીને નીકળવું પડે છે. જો સામેથી એક સાધન આવતું હોય તો એક સાધન ઉભું રાખવું પડે પછી બીજું સાધન લઇને નીકળાય એવી પરિસ્થિતિ છે એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. એવું મારું હરસોલથી પડુસણ તરફ જવાના રસ્તા ઉપર પણ આજ તકલીફ છે એટલે આપ સાહેબ આ પ્રશ્ન હલ કરો તેવી મારી વિનંતી છે.

બીજી વાત કરું તો મારા મત વિસ્તારમાં તલોદ તાલુકો છે એના બે ચાર રસ્તાઓ પાટનગર યોજના ભવનમાં આવે છે. અને એ પાટનગર યોજના ભવનમાં અહીંયા જોરાજીના મુવાડાથી અબજીના મુવડા અદાપુર જવાનો એક રસ્તો છે એમાં લુણી નદી આવે છે ચોમાસામાં પાણી આવે છે, સુજલામ સુફલામનું પાણી વહે છે એના કારણે ત્યાં ચોમાસામાં એ બંને ગામો એકદમ સંપર્ક વિહોણા બની જાય છે. એવા સમયે કોઇ ગરીબ માણસ હોય કે કોઇ દર્દી હોય એને દવાખાને લઇ જવામાં પણ તકલીફ પડે છે. તો આ પાટનગર યોજના ભવનનું કામ હોય આપ મંજૂર કરો તેવી મારી વિનંતી છે.

એવી રીતે અમારા વિસ્તારમાં દલિત સમાજનું આસ્થાનું પ્રતિક એવું વાવ ગામે વિર બાવજીનું મંદિર આવેલ છે. અમારા પુનમભાઇ આવે, તમારા જીતુભાઇ પણ ત્યાં આવ્યા હતા, માનનીય અધ્યક્ષશ્રી પણ વારંવાર આવે છે, માનનીય શૈલેષભાઇ પણ આવેલા છે એટલે ઘણા બધા ધારાસભ્યો ત્યાં જાય છે. ઘણા બધા આગેવાનો પણ જાય છે એ રસ્તો તાજપુર કેમ્પથી વાવથી અણીયોર બે સ્ટેટ હાઇવેને જોડે છે. એ રસ્તા ઉપર બે ડીપ છે આ રસ્તા ૩.૫ મીટર પહોળાઇનો છે એના બદલે ૫.૫ મીટર કરવામાં આવે કારણ કે આ યાત્રાધામ હોવાને લીધે રવિવારે હજારો યાત્રિકો ત્યાં જાય છે તો આ રસ્તો પહોળો થાય એના માટે મારી આપશ્રીને વિનંતી છે.

એ સિવાય પણ અમારો એક પ્રાંતિજથી અમીપુર પલ્લાચર પોગલું કડીનો પણ સાંકડો રસ્તો છે આ બધા રસ્તા સ્ટેટ હસ્તકના છે.આપ સાહેબ પંચાયત હસ્તકના સાડા પાંચ મીટર કરવાની મંજૂરી આપો છો પણ સ્ટેટ હસ્તકના આવા રસ્તાઓ સાડા પાંચ મીટર કરવાની પરવાનગી આપો તો આપનો ખૂબ આભાર માનીશ.

હમણાં જ માનનીય જેઠાભાઇ વિકાસપથની વાત કરતા હતા. મારા મત વિસ્તારમાં તલોદ અને પ્રાંતિજ એમ બે શહેર આવેલા છે. તલોદ શહેરમાં વિકાસપથ નથી ત્યાં આગળ એટલો બધો ટ્રાફિકનો પ્રશ્ન છે તો તલોદ શહેરના વિકાસપથને ચાલુ સાથે મંજૂર કરવામાં આવે તેવી મારી વિનંતી છે. આપનો આભાર માનું છું કે ગત સાલે મારો પ્રાંતિજનો વિકાસપથ મંજૂર કરી આપ્યો હતો. એવી જ રીતે મારા મત વિસ્તારમાં ત્રણ માજી મંત્રીઓ અને એક એમ.પી. છે આજુબાજુ પવિત્ર યાત્રાધામો છે, પ્રાંત ઓફિસ છે, મામલતદાર સહિત બધી ઓફિસો છે પરંતુ અમારુ વિશ્રામગૃહ નથી એટલે અમારે અલગ અલગ દુકાને બેસવું પડે છે, તો એક વિશ્રામગૃહ મંજૂર કરો તેવી મારી વિનંતી છે.

આમ તો ફરિયાદ નથી કરતો પણ આપ અમારા જે કોઇ રોડ રસ્તાઓ મંજૂર કરો એ રોડ રસ્તાઓની અમને એટલીસ્ટ જાણ કરો તો સારું. તાલુકા ભાજપના પ્રમુખ હોય, જિલ્લાના ભાજપના પ્રમુખ હોય અને સાહેબ અમારા એસ.આર.ના રોડ મંજૂર થાય એની પણ અમને ખબર નથી પડતી. એટલી તો જાણ કરો કે તમારો આ એસ.આર. નો રોડ મંજૂર કર્યો છે. અમારા બધા ધારાસભ્યોની આ લાગણી છે કે અમને ઠેસ ન પહોંચે તેવું કરજો. પત્ર અમને છેલ્લે મળે એટલામાં તો ફેસબુક અને વોટસઅપ ઉપર ભાજપના આગેવાનોએ મૂકયો હોય એનો અમને કંઇ વાંધો નથી.

શહેરી વિકાસની વાત કરું તો મારા મત વિસ્તારના તલોદમાં ૨૦૦૮ની સાલમાં આઇડીએસએમટી યોજના હેઠળ ૧ કરોડ ૩૪ લાખના ખર્ચે એક નગરપાલિકાનું મકાન અને વાણિજય કોમ્પ્લેક્ષ બનાવેલ છે. માનનનીય અમારા વિરોધપક્ષના નેતા શંકરસિંહ બાપુના હસ્તે ૨૦૧૦માં એનું ઉદ્ઘાટન કર્યું પણ એની ફાઇલ સાત આઠ વર્ષથી અભરાઇએ ચડી છે. એના કોઇ નીતિ નિયમો નક્કી થતા નથી એના કારણે આજે પણ એ કોમ્પ્લેક્ષની હરાજી થતી નથી અને સરકારની રેવન્યુને ખૂબ નુકસાન થાય છે. મેં હમણાં જ ભાજપના અમારા નગરપાલિકાના પ્રમુખને ફોન કર્યો કે ફાઇલ કલીયર થતી નથી અને એ ફાઇલ

અટકાવી છે. એનું કારણ કહું તો આપને એમ લાગશે કે એક ધારાસભ્ય આવું કહે છે. મેં વાત કરી તો એમણે કહ્યું કે નાણાકીય બાબતની વાત કરે છે.

શ્રી <#M/અશોકકુમાર ર. પટેલ/M#>(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માગણી ક્રમાંક-૮૭ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત રાજયને એક અત્યંત પ્રગતિશીલ રાજય બનાવવાનો નિર્ધાર કર્યો છે ત્યારે પાટનગર ગાંધીનગરને વિકાસની ખૂબ સુવિધાઓ પૂર્ણ કરવા માટે માનનીય શ્રી નીતિનભાઇએ જે દીર્ઘદૃષ્ટિ રાખીને વિકાસ કર્યો છે તે માટે ગાંધીનગર વતી હું નીતિનભાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ખ રોડ જે સાત કિલોમીટર જેટલો લાંબો, છ માર્ગી રસ્તો બનાવવાનું કામ અત્યારે ચાલુ છે. સેકટર-૯માં અધિકારી-કર્મચારીઓ માટે ગ ટાઇપના ૨૪ કવાર્ટર્સ બનાવવામાં આવી રહ્યા છે. હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇએ ગાંધીનગર શહેરને જે નજરાણું મહાત્મા મંદિર રૂપે આપ્યું છે ત્યાં પણ એક કેબલ સ્ટ્રેઇટ બ્રિજની કામગીરી હમણાં જ પૂર્ણ કરવામાં આવી છે. એવી રીતે સાબરમતી નદી ઉપર રાયસણથી શાહપુર તરફ જતા ગીફ્ટ સિટીને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. સચિવાલયમાં આવતા કર્મચારી મિત્રો, મુલાકાતીઓ માટે એમના સાધનોની સારી રીતે સારસંભાળ રાખી શકાય, તેનું સારી રીતે પાર્કીંગ થઇ શકે તેના માટે પાર્કીંગની પણ વ્યવસ્થા આ સંકુલની અંદર કરવામાં આવી છે. ગુજરાતમાં કાયદાઓ ઘડવાની અને બજેટની વિધાનસભા સંકુલમાં વાત કરી રહ્યા છીએ તેના નવિનીકરણ માટે ૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. નવા જોડાયેલા કર્મચારીઓ અહીં ગાંધીનગરમાં નોકરી કરવા માટે આવે ત્યારે તેમને રહેવા માટે ખૂબ અગવડતા પડે. તેમનો પણ વિચાર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો. તેમાં ૮૦૦ મકાનો માટે ૧૧૫ કરોડ અને બીજાં ૩૩૬ મકાનો માટે ૮૬ કરોડનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત ક્ષેત્રે ગાંધીનગરમાં જીમખાના માટે ૨૫ કરોડ રૂપિયાની મોટી રકમ ફાળવીને ગાંધીનગરના સૌ વસાહતીઓ માટે એક અલગ રમતગમતનું ગ્રાઉન્ડ પૂરું પડે તે માટે જોગવાઇ કરવામાં આવી છે. ગાંધીનગરમાં પાણી, રોડ-રસ્તા અને લાઇટ માટે સરકાર દ્વારા જે કામગીરી કરવામાં આવી છે, ટાઉન પ્લાનીંગ દ્વારા જે સુઆયોજીત નકશાઓ બનાવવામાં આવ્યા છે તે બદલ આ વિભાગનો ખૂબ-ખૂબ આભાર માનું છું. એ બાબતે હું બે વાત કરવા માગું છું. હમણાં ગાંધીનગરમાં ખૂબ જરૂરી એવી ઉર્જા અને નાણાંની બચત થાય એવી અમારા નાણા મંત્રીની દીર્ઘ દૃષ્ટિના કારણે ગાંધીનગર શહેરમાં ૧૮,૦૦૦ એલ.ઇ.ડી. લાઇટો નાખી. તેમાં ૧૧૦,૭૦,૩૫ અને ૧૫ વોલ્ટની એલ.ઇ.ડી. લાઇટો નાખવામાં આવી તેના કારણે નવેમ્બર-૨૦૧૬ નું જે બિલ હતું એ ૩૮,૯૭,૦૦૦ એ સરકાર લોકોની સુખાકારી માટે રોડ-રસ્તાનું બિલ ભરતી હતી. તેમાં ઘટાડો થઇને ૨૯,૯૬,૦૦૦ જેટલું આવ્યું. ગયા ડિસેમ્બરમાં જે ૩૮,૦૦,૦૦૦ હતું તે ૩૦,૦૦,૦૦૦ થયું. જાન્યુઆરી-૨૦૧૬માં ૩૫,૯૧,૦૦૦ હતું તેનું ૨૮,૦૦,૦૦૦ જેવું થયું. ફેબ્રુઆરીમાં ૩૯,૩૪,૦૦૦ હતું એ ૨૩,૫૫,૦૦૦ થયું. એટલે ચાર મહિનાની અંદર જો આવા નાણામંત્રી અમને મળ્યા હોય અને એમની પાસે આ વિભાગ હોય અને ૪૦,૦૦,૦૦૦ રૂપિયા જેટલી બચત કરી છે. એ નાણાં ચોક્કસપણે ગાંધીનગરની પ્રજા માટે વપરાવાના છે ત્યારે બીજી વાત કરું તો ગાંધીનગરનો આખો વિસ્તાર મારા મતવિસ્તારમાં આવે છે. એટલા માટે હું ખાસ આ સરકારનો આભાર વ્યક્ત કરું છું. તેમનો ઋણ સ્વીકાર કરું છું કે પાણી એ અત્યંત પ્રાથમિક જરૂરિયાત છે. ગાંધીનગરમાં રહેતા દરેક વસાહતી, કર્મચારી હોય, વેપારી હોય કે નાનામાં નાનો ગરીબ માણસ હોય કે મધ્યમ વર્ગનો માણસ હોય. એમને પાણીની ખૂબ જરૂરિયાત હોય અને એ જરૂરિયાતને પહોંચી વળવા માટે સેક્ટર-૧થી ૩૦ની અંદર અને ગાંધીનગરમાં સમાવિષ્ટ ગામો જેવા કે પાલજ, ઇન્દ્રોડા, રાયસણ, બોરીજ, ધોળાકૂવા એમાં પાણી પુરવઠા દ્વારા દર વર્ષે રૂ.૨૧.૪૦ કરોડ જેટલું બિલ આ સરકાર ભોગવે છે. જે વસાહતીઓ છે એમના પાસેથી નોમીનલ રૂ.૨/- કરોડ જેટલો પાણીનો ચાર્જ વસૂલ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

પ્રો <#M/વસુબહેન ન. ત્રિવેદી/M#>(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમની માગણી નં. ૧૦૧, ૧૦૨ લઇને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ અહીં ઉપસ્થિત છે અને એને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ હંમેશાં વિકાસની આવશ્યકતાના કારણે આવતી હોય છે. કેન્દ્રસ્થાને માનવ હોય છે. અમારી વિચારધારા એકાત્મ માનવવાદના કારણે આ કામ થઇ રહ્યું છે. શરીર એક હોય, આંખ આંખનું કામ કરે, હાથ હાથનું કામ કરે, પગ પગનું કામ કરે. મગજ મગજનું કામ કરે, હૃદય હૃદયનું કામ કરે. બધા અલગ અલગ પણ કામ તો માનવ શરીરની જાળવણી માટેનું કરે છે. સમાજના કલ્યાણ દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ થતી હોય છે અને એ માટે મારી સરકાર, મારા મંત્રીશ્રીઓ અને મારા સાથી સભ્યો કામ કરી રહ્યા છે. આ જ વિચારને કારણે દેશના લોકોએ પણ વિકાસને સ્વીકાર્યો છે. દેશમાં માનનીય મોદીજી, માનનીય અમિતભાઇએ આ વિચારધારાને આધીન રહીને કર્યું અને સમાજે સૌથી મોટી પાર્ટીને સ્વીકારી અને આપને બાય બાય થવું પડ્યું. હું શાંતિથી કેટલીક વાતો સાંભળતી હતી. શ્રી હિરાભાઇ બોલ્યા, શ્રી જીતુભાઇ બે દિવસ પહેલા બોલ્યા. સમગ્ર વિશ્વની નજરે ગુજરાતને જોશો તો વિશ્વના નકશામાં ગુજરાત નંબર વન છે અને રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની વાતોમાં ક્યાંય કોઇનું સમર્થન નહીં. આ કઇ રીતે ચાલે? અમે તો જે કહ્યું છે એ બધુ કર્યું છે, સવિશેષ કર્યું છે. અમારી નીતિ એકાત્મ માનવવાદની નીતિ છે. તમારી નીતિ નહેરૂની નીતિ છે. ૨૦૦૭ની ધારાસભાની ચૂંટણીમાં શ્રી રાહુલભાઇએ યુપીમાં કહ્યું હતું કે જો રાહુલભાઇ નહેરૂ ગાંધી પરિવાર આ સત્તામાં હોત તો બાબરીનો ધ્વંશ ન થાત.

આ ચૂંટણીની સભામાં બોલ્યા હતા. યાદ કરાવું જરા ! આ દેશ સ્વતંત્ર થયો. દેશને સ્વરાજ્ય મળ્યું. સુરાજ્ય ક્યાં ગયું? સ્વતંત્રતા મળી, મારી ભારત માતાનું ખંડન કરીને રાજ્ય મેળવ્યું હતું. આ નીતિ હતી તમારી! સૌની આસ્થાનું કેન્દ્ર સોમનાથ. અહીં શ્રી પુંજાભાઇ બેઠા છે. અમારા શ્રી જશાભાઇ પણ ત્યાંના છે. સોમનાથનું કલેવર બદલાઇ ગયું છે. કેટલું સુંદર મજાનું સોમનાથ બનાવ્યું છે! જરા યાદ કરાવુંને? સૌની આસ્થાનું કેન્દ્ર, વિશ્વના લોકોના પ્રવાસનું કેન્દ્ર આ સોમનાથ •(×××) આ તમારી નીતિ છે. સમજાય છેને આ બધું? આ કહ્યું એ સમજાય છેને? *(×××)(અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. બહેનશ્રી બોલે એનો કોઇ વાંધો નથી. એક તો માગણી ઉપર બોલતા નથી અને કઇ વ્યક્તિને ક્યાં દર્શન કરવા જવું એ એનો અધિકાર છે. કોઇને યાદ કરાવવાની જરૂર નથી. આ એટલા માટે કે દરેકની લાગણી અને આસ્થા દરેક જગ્યાએ જોડાયેલી હોય છે. ગયા કે ન ગયા, એમનો નામ સાથે ઉલ્લેખ થાય છે. શ્રીમતી વસુબેન તમે બોલો છો. અમે તમને ડિસ્ટર્બ નથી કરતા. *(×××)એવું તો અમે બોલતા નથી.. બહેન છો બોલો એનો વાંધો નથી. પણ તમે ડિસિપ્લિનમાં બોલો અને ગૃહના ડેકોરમ પ્રમાણે બોલો. સાહેબ, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરજો.

અધ્યક્ષશ્રી : ઓ.કે. ચાલો.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી : સાહેબ, હું સિસ્ટમથી બહાર જનારી વ્યકિત નથી. હું સાચું જ બોલું છું ને! આમાં ખોટું ક્યાં બોલું છું *(×××) આ દેશની સ્વર્ગ સમાન ભૂમિને નર્ક સમાન બનાવી દીધી છે. દેશભરના લોકો બોલે છે. જહાં હુઆ બલિદાન મુકરજી વહ કશ્મિર હમારા હૈ. બોલોને તમે કંઇક, કરોને કંઇક. મને બરાબર યાદ છે. આ જ કાશ્મિરના લાલ ચોકમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે અમારે આંદોલન કરવા પડ્યા છે. શું કાશ્મીરમાં લાલચોકમાં ધ્વજવંદન ના થાય? આજ સત્તાલક્ષી રાજનીતિના આ બધા તો પુરાવા છે. તૃષ્ટિકરણની શરમજનક રાજનીતિને સૌ ઓળખી ગયા છે અને ગુજરાતમાં સત્તા મેળવવાના સપના જોવાનું બંધ કરો. રાજયના ગ્રોથ એન્જિન સમા મહાનગરોમાં તમામ સુવિધાઓ, જીવન ધોરણ ઉંચું લાવવાના પ્રયત્નો, સર્વસમાન વિકાસની તમામ જરૂરિયાતોને ધ્યાને લઇ અનેકવિધ યોજનાઓ કરી. ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ, ૨૦૦૭માં શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના. ૨૦૦૭માં નિર્મલ શહેર અભિયાન. ૨૦૦૯–૧૦માં રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થયા. ઉજવણી કરી, રાજયના વિકાસના પડકારોને પહોંચવા માટે સૌનો સાથ સૌના વિકાસનું અભિયાન કર્યું. માળખાકીય જરૂરીયાતો માટે ૭હજાર કરોડની જાહેરાત કરી. પહેલી મે ૨૦૧૦, માનનીય મોદીજી મુખ્યમંત્રી હતા. સ્વર્ણીમ ગુજરાતનો અવસર હતો અને સદભાવનાની રેલી કરીને મોદીજીએ કહ્યું કે, ગુજરાત બી.જે.પી. સંકલ્પ કરે, આવો, ગુજરાતના પરિશ્રમથી ભારતને શકિતશાળી બનાવીએ અને આ અવસર દ્વારા પ્રત્યેક માનવીના જીવનની સુખાકારીની ઉંચાઇઓને શ્રેષ્ઠતમ ઉંચાઇ સુધી લઇ જવાનો સંકલ્પ કરીએ. કોંગ્રેસના મિત્રોએ શું સંકલ્પ કર્યો? કોંગ્રેસના મિત્રોએ સંકલ્પ કર્યો કે ગુજરાતમાંથી બી.જે.પી.ને સત્તા ઉપરથી ઉતારી દો, ઘરે બેસાડી દો અને આપણે સત્તા ઉપર આવી જઇએ. પ્રસંગની ગરીમાને જાળવી નથી શકતા અને સત્તા પ્રાપ્ત કરવા માટે આગળ વધે છે. ૨૦૧૨–૧૩માં ૫ વર્ષમાં માનનીય મુખ્યમંત્રી શહેરી વિકાસનો બીજો તબકકો ૧૫હજાર કરોડનો. ૨૦૧૬–૧૭ની જોગવાઇ ૧૧૨૫૬ કરોડમાં ૨૪% જેટલો વધારો કરી ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૧૧૫૦૦ કરોડની જોગવાઇ આ ગૃહ સમક્ષ મૂકી. આ આકડા માત્ર પેપરના નથી. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નીતિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

શ્રી <#M/ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ/M#>(રાજકોટ–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વાત કરવામાં આવી કે ૩૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. અમારા રાજકોટમાં પણ સાલ તો ભૂલી ગયો પણ ૧૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. અહીંયા માનનીય સભ્યશ્રી જવાહરભાઇને કહેવાનું કે તમારો નંદુવાળી જોક સહેજ બધાને મોકલી દેજો. એ જોક બહુ સરસ છે. હમણાં કહેવામાં આવ્યું કે બહુ સારો વિકાસ થઇ ગયો છે. કોંગ્રેસે કોઇ દિવસ કંઇ કર્યુ જ નથી. આપણે હેલીકોપ્ટરમાંથી બધા સભ્યોને લઇ આવીએ, ગુજરાતમાં કોઇ ઘરવિહોણું હોય નહીં, આપણે અહીંયાથી એકદમ સરસ પચાસ પચાસ હજાર લોકો બેસી શકે એવા સાઉન્ડપ્રુફ દાંડીયા રાસ રાત્રે લઇ શકે એવી સાઉન્ડપ્રુફ બધા જ શહેરોમાં વ્યવસ્થા હોય, આવી આપણે કલ્પના કરીએ અને એવી હું માગણી કરું કે વર્ષમાં કરી દો તો તમે ચોકકસ મારા ઉપર દાંત કાઢો કેમ કે આપણી પાસે એટલી વ્યવસ્થા નથી. એ જ પ્રકારની સ્થિતિ આ દેશની હતી. અમે હમણાં બહાર લોબીમાં બેઠા હતા ત્યારે કોઇકે વાત કરી કે નરેન્દ્ર મોદીએ કેવું મહાત્મા મંદિર બનાવ્યું છે. તમે શું કર્યુ? મેં કીધું કે તમે આ વિધાનસભામાં બેઠા છો એ વિધાનસભા બની હતી એટલે આ બન્યું. નહીંતર તમારે આ બનાવવું પડેત. આ વાસ્તવિકતા છે. આજે દેશ માટે કોંગ્રેસે શું કર્યુ? •(×××)એને સન્માનભેર બોલાવવા પડે, અને એની પાસે પાર્લામેન્ટમાં ભાષણ અપાવડાવવું પડે, એ ગરીબ અને ગુલામ દેશ હતો એને આઝાદ કરીને એને આર્થિક તાકાતવર કર્યો, અણુતાકાત તરીકે સ્થાપિત કર્યો, એના વડાપ્રધાનની અવગણના ન થઇ શકે એટલે નરેન્દ્ર મોદીને ત્યાં બોલવાનો ચાન્સ આપવામાં આવ્યો હતો એ કોંગ્રેસે કરી બતાવ્યું છે. એક ચાવાળો આ દેશના વિરોધ પક્ષમાં હોવા છતાં વડાપ્રધાન બની શકે એ લોકશાહીનું જતન કર્યુ હોય તો આ નહેરૂના વિચારે, કોંગ્રેસના વિચારે અને ગાંધીના વિચારે કર્યુ છે. આ વાસ્તવિકતાઓ સ્વીકારવી જોઇએ. અહીંયા મોટેથી બોલશે ૫૦ લાખ આપ્યા એને બદલે ૫૦લાખ આપ્યા એમ શાંતિથી પણ કહી શકાય. ૫ કરોડ આપ્યા પણ આવ્યા છે તો એનો સદઉપયોગ કરો છો? શહેરના વિકાસની તમે વાત કરો છો ત્યારે શહેરમાં વિકાસ એટલે ટાઉનપ્લાનીંગ જ થઇ ગયું છે. શહેરી વિકાસ ખાતામાં પણ ખાલી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ટાઉન પ્લાનીંગનું જ ચાલે. એમાં પણ ટી.પી. સ્કીમ મંજૂર કરાવવા પૈસા આપવા પડે. ત્યાંના ટી.પી.ઓ. સચિવાલયમાં આવે એટલે સચિવાલયમાં એણે વહીવટ કરવો પડે, નહીં તો ટી.પી. વર્ષો સુધી પેન્ડીંગ પડી રહે. ૪૦-૪૦ ટકા જગ્યાઓ કાપી લીધી હોય એ માણસ હેરાન થાય એવું તમારું તંત્ર છે. આજે રાજકોટમાં શહેરના વિકાસની વાત કરે છે. આ મુખ્યમંત્રી, નરેન્દ્રભાઇ મોદીને પણ પહેલી વખત ત્યાંથી અમે મોકલ્યા હતા, કેશુભાઇને પણ મોકલ્યા હતા અને વજુભાઇએ તો ૧૮ વર્ષ અને છતાં હજુ ૧૦-૧૫ ટકા વિસ્તાર એવો છે કે કાચા મકાનમાં તો રહે છે પણ ત્યાં રોડ, રસ્તા, ગટર કે વીજળી આપી શક્યા નથી. તમારા મુખ્યમંત્રીઓ જ્યાંથી હતા છતાં આવું તો શેના વખાણ કરો છો?

શ્રી <#M/મુકેશભાઇ ઝી. પટેલ/M#>(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષનું માર્ગ અને મકાન વિભાગનું બજેટ ૮૮૧૨ કરોડનુ છે. ગત વર્ષ કરતાં ૪૧૯ કરોડ બજેટ વધારે આપ્યું છે. જ્યારે મારા મિત્રો આજુબાજુના રાજ્યમાં રહેતા હોય ત્યાં સ્વભાવિક છે કે માર્ગ અને મકાનના બજેટ વિશે પુછતા હોય કે તમારા રાજયમાં કેટલા રૂપિયાનું બજેટ છે? આપણને એમ થાય કે કોઇ રાજયમાં ૫ હજાર કરોડ તો કોઇ રાજયમાં ૬ હજાર કરોડનું બજેટ. પણ આપણું આ નાનું ગુજરાત હોવા છતાં ૮૮૧૨ કરોડનું જે બજેટ આપ્યું એના માટે હું નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને માર્ગ અને મકાન વિભાગને ધન્યવાદ આપું છું કે આટલું મોટું બજેટ ગુજરાતમાં બનાવ્યું છે. આપણે જોઇએ છીએ કે ગામડે ગામડે રસ્તાઓના કામો થયેલા છે એ માર્ગ અને મકાન વિભાગના બજેટના કારણે થયેલા છે. હું પહેલા ગાંધીનગર આવતો હતો તો ગાંધીનગર આવવા માટે અમારે એક દિવસ પહેલા સુરતથી નીકળવું પડતું હતું, જ્યારે આજે અમે ગાંધીનગર આવવા સવારે ૭ વાગ્યે નીકળીએ તો ૧૧ વાગ્યે ગાંધીનગર આવીએ છીએ. ૫ વાગ્યે ટ્રેઇનમાં નીકળેલ માણસ ૧૧ વાગ્યે ગાંધીનગર આવે છે. આપણા રસ્તા જોઇએ તો એક્સપ્રેસ હાઇ-વે ઉપર પાણીનો ગ્લાસ મૂકીએ તો પણ એ ઢોળાય નહીં એટલા સરસ રસ્તા આ ગુજરાતની સરકારે બનાવ્યા છે. હું મારા વિસ્તારની વાત કરું તો એકદમ દરિયાકાંઠાના ગામનો હું ધારાસભ્ય છું. ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારા પૈકીનો મારો વિસ્તાર છે. મને કહેતા આનંદ થાય છે કે મારા છેવાડાના વિસ્તારમાં હમણાં જ ૪ તારીખે માનનીય નીતિનભાઇ પટેલ ૧૦૦ કરોડના ખર્ચે બનાવેલા ટેના બ્રીજનું લોકાર્પણ કરી ગયા. ૧૦૦ કરોડનો બ્રીજ એટલે ગુજરાતમાં કોઇ ગામડામાં ભાગ્યે જ આવો બ્રીજ પહેલો વહેલો બનેલો હશે. તે જ દિવસે ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે સુરતથી ઓલપાડ માટેનું ભૂમિપૂજન કરી ગયા. એક જ દિવસે ૧૭૫ કરોડ રૂપિયાના લોકાર્પણ અને ભૂમિપૂજન થતા હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ થાય. હમણાં આ ગૃહના ઘણા બધા સભ્યો કહેતા હતા કે અમે પથ્થર મૂક્યો, અમે ખાતમુહૂર્ત કરેલું, અમે ભૂમિપૂજન કરેલું. હીરાભાઇ કહેતા હતા કે કોંગ્રેસના શાસનમાં ઘણા બધા રોડ બનાવેલા. મારા વિસ્તારના કપાસી-ડેલાસા બ્રીજનું હું ઉદાહરણ આપું તો ૪૫ વર્ષ પહેલા આ બ્રીજનું ખાતમુહૂર્ત આ કોંગ્રેસના લોકોએ કરેલું. આજની તારીખે બ્રીજ બન્યો નથી. આના ઉપરથી ખબર પડે કે તમે કેવા પથ્થર મૂકેલા. આવો આજની તારીખે તમને બતાવુ, કોંગ્રેસના જમાનામાં પથ્થર મૂકેલા એ એમને એમ પડેલા છે. એટલે તમે એવી વાત ન કરો કે અમે પથ્થર મૂકેલો. સત્ય હકીકત છે એને આપણે સ્વીકારવી પડે. તમે ઉંધા ચશ્મા પહેર્યા હોય તો બધુ ઉંધુ ઉંધુ જ દેખાય. રોડ-રસ્તાની વાત કરે, અરે આવો આવો અમારા દક્ષિણ ગુજરાતમાં.

શ્રી <#Mi/નીતિનભાઇ ર. પટેલ/Mi#> (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિકાસ માટે અતિ જરૂરી અને રાજ્યની ૬ કરોડની જનતામાંથી ૪૪% લોકો જે શહેરોમાં, ૮ મહાનગરપાલિકા અને ૧૬૨ નગરપાલિકામાં વસે છે. એ શહેરોમાં વસતા નાગરિકો માટે પીવાના પાણીની વ્યવસ્થા, મહાત્મા ગાંધીની યાદગીરીરૂપ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની કામગીરી, શહેરમાં સુંદર રસ્તા બનાવવા, ગરીબો માટેના હજારો આવાસો બનાવવા, ઝૂંપડપટીના સ્થાને એજ જગ્યાએ એજ ગરીબો માટે સુંદર પાકા મકાનો બનાવવા, બાગ-બગીચા બનાવવા, આંગણવાડી બનાવવી અને શહેરને સ્વચ્છ, સુંદર ભવ્ય અને ખૂબ વિકાસશીલ બનાવવું અને જે શહેરની અંદર વેપાર-ઉદ્યોગ-ધંધા ધમધમે શિક્ષણ અને આરોગ્યની સુવિધા વધુ ને વધુ પ્રાપ્ત થાય એવી તમામ બાબતોને સાંકળી લેતું શહેરી વિકાસ વિભાગનું બજેટ આજે મેં અહીંયા રજૂ કર્યુ છે. એવી જ રીતે રાજ્યના વિકાસ માટે જે જરૂરી છે એ રસ્તાઓનું નેટવર્ક વધુ ને વધુ વ્યાપક બનાવવું અને રાજ્યની વસ્તી વધતી જાય, સમૃદ્ધિ વધતી જાય, વાહનો વધતા જાય, જરૂરિયાત વધતી જાય એને અનુલક્ષીને રસ્તાઓ વધારવા, હયાત રસ્તાઓને પહોળા કરવા, નવા નવા પૂલો બનાવવા, શહેરોની અંદર જોડતા નવા રસ્તાઓ બનાવવા, રેલવે અંડર બ્રીજ બનાવવા, રેલવે ઓવર બ્રીજ બનાવવા, ગામડાઓ માટે પાકા રસ્તાઓ બનાવવા આવું બધું જ જેટલું યાદ આવે એટલું તમારું મનમાં હોય એ બધા જ વિચારોને માર્ગ-મકાન વિભાગ દ્વારા અમલમાં મૂકવાનું અને સાથે સાથે રાજ્ય સરકારના તમામ વિભાગોના મકાનોની જરૂરિયાત પૂર્ણ કરવા, કોર્ટ બનાવવી હોય તો માર્ગ-મકાન વિભાગ બનાવે, પંચાયત બનાવવી હોય તો માર્ગ-મકાન વિભાગ બનાવે, કોઇ કલેક્ટર કચેરી નવી બનાવવી હોય તો માર્ગ-મકાન વિભાગ બનાવે, તાલુકા સેવા સદન હોય કે બીજા અન્ય બિલ્ડિંગો હોય એની સાથે સાથે સરકારના હજારો કર્મચારીઓ માટે જરૂરિયાત પ્રમાણે નવા આવાસો બનાવવા હોય આ બધું જ કામ અમારો માર્ગ-મકાન વિભાગ કરે છે અને જે બજેટની રકમ આંકડાકીય રીતે મેં અહીંયા કહી છે ૧૦-૧૦ અબજ રૂપિયાના બજેટો થાય એ તો અમારા માનનીય સભ્યશ્રીઓએ જે એમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે. કોઇ દિવસ કલ્પના કરી ના હોય એટલા ગુજરાતના શહેરોનો વિકાસ અને ગામડાઓ સહીત જોડેલું રસ્તાઓનું નેટવર્ક બનાવવાનું કામ સાહેબ, અમારી ભારતીય જનતા પક્ષની સરકાર જ્યારે કરી રહી હોય ત્યારે ૧૭ માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો

વ્યક્ત કર્યા છે અને અમારા ૧૧ ભારતીય જનતા પક્ષના ધારાસભ્યશ્રીઓએ બજેટની માગણીઓને સમર્થન આપ્યું છે અને મારે વિપક્ષના મિત્રોનો પણ આભાર માનવો છે કે કોઇએ કોઇ કડવી કે અણછાજતી ટીકા કોઇએ અમારા બંને વિભાગ માટે કરી નથી. ભાઇ નિરંજનભાઇએ કરી તો પણ એ માગણીના સ્વરૂપમાં ટકોર કરી છે. એટલે મને આનંદ છે કે અમારા બંને વિભાગ અબજો રૂપિયાનું બજેટ વાપરવા છતાં સાહેબ, કોઇ પણ જગ્યાએ આક્ષેપ કે ટીકા કે ભ્રષ્ટાચારની વાત અમારા વિભાગ ઉપર નથી થઇ. બંને વિભાગના મંત્રી તરીકે મને આનંદ અને સંતોષ છે કે હું સન્માનનીય સભ્યોનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આપણુ આગળ પડતું રાજ્ય છે અને બીજા રાજ્યોની સરખામણીમાં શહેરીકરણ આપણા ગુજરાત રાજ્યમાં વધારે થાય છે. બીજા રાજ્યોમાં વીસેક ટકાથી પચ્ચીસ ટકાની વચ્ચે શહેરીકરણ થાય પણ આપણે ત્યાં ગુજરાતમાં લોકો સુખી થયા. વધુ પ્રગતિ કરવા માટે એક છોકરો ગામડામાં રહે, એક છોકરો શહેરમાં મકાન લે. શહેરની વસ્તી વધતી જાય એના સાથે સાથે ગુજરાત જે વાયબ્રન્ટ બન્યું છે, વેપાર–ઉદ્યોગ–ધંધાથી ધમધમ્યું છે એના કારણે દર વર્ષે હજારો લોકો ગુજરાત બહારથી પણ ઉત્તર પ્રદેશ હોય, બિહાર હોય, ઓરિસ્સા હોય, રાજસ્થાન હોય એવા રાજ્યોમાંથી પણ દર વર્ષે હજારો પરિવાર એ ગુજરાતમાં સ્થાયી થવા માટે આવે છે. ત્યારે એમની જરૂરિયાત, એમના માટેના મકાન, એમના માટે પીવાનું પાણી, એમના બાળકોને ભણવાની પ્રાથમિક શાળાની વ્યવસ્થા આ બધું જ કામ અમારો શહેરી વિકાસ વિભાગ કરી રહ્યો છે. શહેરોનો વિકાસ થતો જાય એટલે ટાઉન પ્લાનીંગ પણ કરવું પડે. સાહેબ તકલીફ હોય એ હું સ્વીકારું છું કોઇ જગ્યાએ પણ ગુજરાતનું ટાઉન પ્લાનીંગ આખા દેશની અંદર સૌથી વધુ મોડલરૂપ છે અને બીજા રાજ્યો, મને ખબર છે હું અગાઉ પણ જ્યારે શહેરી વિકાસ મંત્રી હતો ત્યારે હું ખાતરીથી કહું કે જ્યારે એ કોંગ્રેસની બીજા રાજ્યોમાં વધારે સરકારો હતી, હવે તો એક જ રહ્યું છે કર્ણાટક બાકી લગભગ પુરું થઇ ગયું. મણીપુરમાં પણ હાલ ભા.જ.પ.ના મુખ્યમંત્રીશ્રીએ શપથ લઇ લીધા, ગોવામાં પણ લઇ લીધા એટલે આ બધી જગ્યાએ, ભૂતકાળમાં તમારી કોંગ્રેસની સરકાર હતી એ પણ ટાઉન પ્લાનીંગને જોવા માટે, શીખવા માટે, સમજવા માટે ગુજરાત આવતા હતા અને તમે બધા ટીકા કરો છો? પણ મને આનંદ છે અને તમને યાદ કરાવું કે, યુ.પી.એ.ની સરકાર હમણાં અઢી વર્ષ પહેલાં હતી, માનનીય વડાપ્રધાન મનમોહનસિંઘના હાથે બેસ્ટ ગુજરાતની પર્ફોમન્સની મેટ્રોની કામગીરી હોય, અમદાવાદની બી.આર.ટી.એસ.ની કામગીરી હોય, રસ્તાઓની કામગીરી હોય, આપણા કાંકરિયા લેકની કામગીરી હોય, રિવર ફ્રન્ટની કામગીરી હોય, સુરતની કામગીરી હોય કે રાજકોટની કામગીરી હોય સાહેબ હું પોતે માનનીય વડાપ્રધાન મનમોહનસિંઘજીના હાથે ગુજરાતમાં સારામાં સારું કામ થાય છે, દેશની તમામ રાજયનો સરખામણીમાં એવા એવોર્ડ હું પોતે લઇ આવેલો છું. અને તમારે જોઇએ તો હું ફોટા આપીશ. કોંગ્રેસના રાજ્યોને નહતા મળતા એવોર્ડ, ફોટા નહીં હોય. અમે તો ગર્વ સાથે કહેતા હતા કે, અમારું ગુજરાત. કોંગ્રેસની સરકાર અન્યાય કરતી હતી, તો પણ બેસ્ટમાં બેસ્ટ પર્ફોમન્સ કરી અને ગુજરાતે દેશમાં સૌથી વધુ આગળ પડતું કામ અમારા શહેરી વિકાસ વિભાગે કર્યું છે.

સાહેબ, બી.આર.ટી.એસ. રોજ લાખ્ખો પેસેન્જરો એમાં મુસાફરી કરે છે. આપણે બધા ગાડીઓ વાળા છીએ એટલે આપણને ખબર ના પડે પણ જે લોકો બસો પકડે છે. એસ.ટી., ગુજરાતની એસ.ટી.માં રોજ ચોવીસ લાખ મુસાફરો આખા રાજ્યમાં મુસાફરી કરે, આઠ હજાર બસો અમારા વલ્લભભાઇના નેતૃત્વમાં ફરતી હોય. આ બધું તો સાહેબ જે લોકોને મળતું હોય એને ખબર પડે. જે ગરીબોને મકાન સાહેબ, અમારી સરકારે જે મકાનો બનાવ્યા છે એ પછી પ્રધાનમંત્રી આવાસ યોજના હોય, મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના હોય, ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના હોય, હું તમને આમંત્રણ આપું છું કે, સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટમાં અમારી ભારતીય જનતા પક્ષની બોડી જ્યાં છે ત્યાં મકાનો બનાવ્યા છે, તમારે નજર લાગી જાય એવા મકાનો ભા.જ.પ.ની સરકારે બનાવ્યા છે.

સાહેબ, ઇન્દ્રનીલભાઇ અહીંયા બોલતા હતા, મને લાગે છે કે, નીકળી ગયા. એમનું કાયમ આવું જ કામ હોય છે. કાંઇ વાંધો નહીં. સાહેબ, હું આમંત્રણ આપું અમે જે ગરીબ આવાસો બનાવ્યા છે, મધ્યમવર્ગ માટે આવાસો બનાવ્યા છે, અમારા હાઉસીંગ બોર્ડ જે શહેરી વિકાસ વિભાગમાં જ આવે હાઉસીંગ બોર્ડે જે મકાનો બનાવ્યા છે, તમારે જોવા ખાનગીમાં જવું હોય તો ખાનગીમાં જજો, અમારી સાથે આવવું હોય તો વેલ કમ. સાહેબ, એ મકાન જોઇને તમે અમને અભિનંદન ના આપો ને તો મારે રાજકારણ છોડી દેવું સાહેબ, એટલા સુંદર મકાન આ ભા.જ.પ.ની સરકારે બનાવ્યા છે. સાહેબ, અમે જે બનાવેલા મકાનો તમે જુઓ તો ખબર પડે.(અંતરાય) બળદેવજીને નહીં લઇ જઉં, એ તો હું છું ને એ બધું અમારું એક જ છે સાહેબ. મેં જોયેલું એ એમણે જ જોયેલું છે. હું કહું છું હજુ એમની વાતનો જવાબ આપુ છું. સાહેબ, મારે દૂર જવાની વાત નથી, ગાંધીનગરમાં બનાવ્યા છે. આપને બધાને આ અશોકભાઇ લઇ જશે, શંભુજીભાઇ લઇ જશે, ગાંધીનગરમાં અમારી સરકારે બનાવેલા ગરીબ–મધ્યમ વર્ગના આવાસો તો જુઓ તમે. આ ભારતીય જનતા પક્ષની સરકાર એ ગરીબ લક્ષી કામ કરે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ એ પણ આ વખતે બજેટમાં શહેરી ગરીબો માટેની હાઉસીંગની ખૂબ મોટી યોજના મૂકી. અમે પણ અમારા બજેટમાં શહેરી ગરીબો જે મધ્યમ વર્ગ બેન્કમાંથી લોન લે એને વ્યાજ સહાય આપવાની પાંચ લાખ રૂપિયા સુધી, એક–એક ફ્લેટ સસ્તો પડે એ પ્રમાણે અમારી આ ભા.જ.પ.ની સરકારે, અમે કામગીરી કરી છે.

સ્વચ્છતા સૌથી વધુ જરૂરી છે. નિરંજનભાઇના મુદ્દામાં આ હતું, હું એમની વાતને આવકારું છું. બધું હોય પણ જો સ્વચ્છતા ન હોય તો આપણને ત્યાં રહેવું ગમે નહીં. રોગચાળો થાય, અમારા શંકરભાઇનું કામ વધી જાય, આરોગ્યની જવાબદારી વધી જાય. એ બધું ના થાય એટલા માટે આખા ગુજરાતમાં, ગામડામાં અને શહેરોમાં ગરીબોના જેના ઘરે શૌચાલય નથી એવી મારી બહેનોને ખાસ કહેવું છે કે સાહેબ, કલ્પના કરી જુઓ કે આપણી બહેન દીકરી સવારે પરોઢીયે અંધારુ થાય એ

પહેલા એને શૌચાલય જવું પડે, બાવળીયાના ઠુંઠાની કે ઝાડની આડશ લેવી પડે. કોઇ ટ્રક આવે, લાઇટ થાય ઉભા થઇ જવું પડે એવો ભૂતકાળ હતો. ગરીબોના ઘેર સંડાસ નહોતા. ગરીબ લોકોને કુદરતી હાજતે જવું હોય તો રોકી રાખવી પડે. સગર્ભા મહિલા હોય એને કેટલી તકલીફ પડે આ બધું આપણે જાણતા હતા પણ કમનસીબે કોઇએ એના ઉપર ધ્યાન નહોતું આપ્યું. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નકકી કર્યું કે આ સરકારના કામ બધા ઘણા છે. સંરક્ષણનું કામ કરવું, દેશના વિકાસનું કામ કરવું, ઉદ્યોગો વધારવા, રોજગારી વધારવી પણ ગરીબલક્ષી કામ, સ્વચ્છતાનું કામ, શૌચાલય બનાવવાનું કામ, સાહેબ, કોઇ વડાપ્રધાન કલ્પના ના કરે પહેલા લોકો મશ્કરી કરતા હતા કે આ શૌચાલયની વાત કરે છે પણ નરેન્દ્રભાઇએ શૌચાલયનો વિચાર મૂકી અને જે રીતે આખા દેશમાં એક એક ગરીબના ઘેર અને મફત નહીં સાહેબ, ભારતીય જનતા પક્ષની સરકાર તરફથી ૧૨ થી ૧૫૦૦૦ રૂપિયા સબસીડી આપીએ છીએ કે આ ઘર તમારું, આ પૈસા અમે આપીએ તમે શૌચાલય બનાવો, તમારી બહેન દીકરી અમારી બહેન દીકરી છે. એની લાજ મર્યાદા જાળવવાની અમારી ભા.જ.પ.ની સરકારની જવાબદારી છે. ભલે ભૂતકાળમાં કોઇ સરકારે બહેન દીકરીઓની લાજ ન જાળવી પણ આ ભા.જ.પ.ની સરકાર જાળવે એ પ્રમાણે શૌચાલય બનાવવાનું કામ પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે. વીજળી બચાવવાનું, માનનીય અશોકભાઇએ, અમારા ધારાસભ્યશ્રીએ વાત કરી. વિકાસની વાત જુઓ, દ્રષ્ટિની વાત જુઓ. એલ.ઇ.ડી. ટેકનોલોજી મોદી સાહેબે નકકી કર્યું કે આખા દેશની અંદર વીજળીની બચત થાય, લોકોના પૈસા બચે અને અજવાળું વધારે આવે એ પ્રકારની એલ.ઇ.ડી. લાઇટો બધી જગ્યાએ વધુમાં વધુ લગાવાય તો સારું. મોદીસાહેબની લાગણી એ અમારા માથાભેર. અમારા શહેરી વિકાસ વિભાગે નકકી કર્યું કે આખા ગુજરાતની તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની લાખોની સંખ્યામાં જે સ્ટ્રીટ લાઇટો છે એ બધી સ્ટ્રીટ લાઇટોને એલ.ઇ.ડી. લાઇટ લગાવી દેવાની અને એક પૈસો રોકવાનો નહીં. ભારત સરકારની જ કંપની સાથે એમ.ઓ.યુ. કર્યું. એ જ કંપની બધો ખર્ચો કરે અને લાઇટ બીલમાં જે બચત થાય એમાંથી જ પૈસા ચૂકવાય એ પ્રમાણે આજે લાખો રૂપિયાની બચત અને હું આખા ગુજરાતની દ્રષ્ટિએ કહું તો કરોડો રૂપિયાની વીજળીની બચત નગરપાલિકા, મહાનગરપાલિકાની કરવાનો વિચાર જો કોઇને આવ્યો હોય તો નરેન્દ્રભાઇ મોદી જેવા વડાપ્રધાનને જ આવે અને એનો અમલ કરનાર ગુજરાતની અમારી ભારતીય જનતા પક્ષની સરકારે, અમે નિર્ણય કર્યો છે કે આ વર્ષે આખા રાજયની તમામ નગરપાલિકાઓમાં એલ.ઇ.ડી. લાઇટ સ્ટ્રીટ લાઇટ લગાવવાનું કામ આ સરકાર દ્વારા પૂરું કરવામાં આવશે અને ઝળહળતા સરસમાં સરસ સુંદર ભવ્ય શહેરો બની જાય એ કામ અમે કરીએ છીએ. આ જ પ્રમાણે અમે જે વિવિધ યોજનાઓ નીચે ગરીબોના આવાસ બનાવ્યા છે ૩૮૨૦૦૦ ગરીબ, મધ્યમ વર્ગના મકાનોનું અમે આયોજન કર્યું છે. એ પૈકી ૧,૫૭,૦૦૦ મકાનો બનાવી દીધા, ગરીબોને અર્પણ કરી દીધા, ચાવીઓ આપી દીધી અને પરિવાર સહિત એ ગરીબો ત્યાં વસતા થઇ ગયા. જે ઝુંપડપટ્ટીમાં વસતા હતા, ગંદકીમાં વસતા હતા એ લોકો આજે સ્વચ્છ, સુંદર મકાનમાં એમના પરિવાર સાથે રહેતા થઇ ગયા. અમારું કામ પીવાનું પાણી આપવાનું, શહેરની સ્વચ્છતા કરવાની, ભૂગર્ભ ગટર બનાવી આપવાની, અન્ય વ્યવસ્થાઓ કરી આપવાની એ બધું જ આપણે કરીએ છીએ અને એના માટે આ વખતે અમે ૪૦૨૬ કરોડ રૂપિયા નિરંજનભાઇ કહેતા હતા કે બધી સત્તા, સાહેબ, પૈસા સરકાર આપે, ટેકનોલોજી સરકાર આપે, મ્યુનિસિપાલીટીની મર્યાદા હોય કામ કરવાની, એન્જીનીયર પણ હોય, ન હોય આ બધી સ્થિતિ હોય. અમે ૪૦૨૬ કરોડ રૂપિયા ફકત ગુજરાતની શહેરી વિસ્તારની પ્રજા માટે ગુજરાતની ભા.જ.પ. સરકાર એ નગરપાલિકાઓને આપશે. તમારી પેટલાદની નગરપાલિકા કોંગ્રેસની નગરપાલિકા છે છતાં પૈસા આપે છે કોણ? ગુજરાતની ભા.જ.પ.ની નગરપાલિકા. તમારો વહીવટ સારો ન હોય એટલે બધું પડી રહયું હશે. વહીવટ સુધારો ત્યાં આગળ. માનનીય અધ્યક્ષશ્રી, આંતર માળખાકીય સુવિધાઓ માટે અમે ૧૭૧૦ કરોડ રૂપિયા આપ્યા. પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર માટે ૧૧૧૬ કરોડ રૂપિયા, મુખ્યમંત્રી શહેરી સડક યોજના એટલે કે નગરપાલિકામાં રસ્તા બનાવવા, કોર્પોરેશનમાં રસ્તા બનાવવા ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આગવી ઓળખ એટલે કે દરેક નગરપાલિકામાં ટાઉનહોલ હોય, પોતાની માલિકીનું નગરપાલિકાનું મકાન હોય, કોઇ સુંદર હરવા ફરવાનું સ્થળ હોય જે નગરપાલિકાને જે વિકસાવવું હોય તેના માટે નગરપાલિકા દીઠ પાંચ કરોડ, ત્રણ કરોડ વસતિના આધારે અમે આપીએ છીએ. તેના માટે ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અમદાવાદ આપણું મોટામાં મોટું શહેર છે. દાયકાઓ જૂની, રાજાશાહી વખતની ખારીકટ કેનાલ હતી તે પહેલાં શહેરની બહાર નીકળતી હતી. હવે શહેરનો વિકાસ થઇ ગયો એટલે તેને સ્વચ્છ રાખવી, તેમાં ગંદકી ન થાય તે જોવું તે બધુ કરવા માટે અમે શરૂઆત કરી છે અને ૧૦૦ કરોડ રૂપિયા અમદાવાદ શહેર માટે અમારા ભાજપના ધારાસભ્યશ્રીઓએ રજુઆત કરી હતી તેના આધારે ફાળવ્યા છે. તેની સ્પીડ જુઓ સાહેબ, મેં કમિશ્નર અને અમારા ધારાસભ્ય મિત્રોને કહ્યું કે ઝડપથી આનો અમલ કરવો છે, તેની ડિઝાઇન બનાવો તો ગયા અઠવાડિયે કોર્પોરેશન ડિઝાઇન બનાવીને અમારા મિત્રોને આપી હતી. તે ડિઝાઇન મારા વિભાગમાં આવી ગઇ. આ વિધાનસભા પૂરી થાય એટલે તેનો નિર્ણય કરી તેનું કામ આપણે ચાલુ કરાવી દઇશું. ફલાય ઓવર બનાવવા. દરેક શહેરની અંદર ટ્રાફિકની સમસ્યા વધતી જાય છે તે આપણે બધા જાણીએ છીએ. નગરપાલિકા, મહાનગરપાલિકાની આર્થિક રીતે મર્યાદા હોય છે. આ વર્ષે અને ગયા વર્ષે અમે નકકી કરેલું કે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને ફલાય ઓવર માટે અને રેલવે અન્ડરબ્રીજ માટે સરકાર તરફથી શહેરી વિકાસ વિભાગ તરફથી ગ્રાન્ટ ફાળવવી. તે રીતે તમામ શહેરોમાં ફલાય ઓવર અને રસ્તાઓ બનાવવા માટે કામ મંજૂર કર્યા છે. તે પ્રમાણે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જુનાગઢ તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં આ રસ્તાઓ અને કામોની ફાળવણી કરી છે. આજે આપણે બધા છાતી ઉપર હાથ મૂકીને દિલથી પૂછો, રાજકોટની વાત કરીને નીકળી ગયા

છે. ફરી કહું કે રાજકોટ દસ–પંદર વર્ષ પહેલાં કેવું હતું. આજે રાજકોટ શહેર કેવું સ્વચ્છ, સુંદર અને રળિયામણું બની ગયું છે તે આપણે જોઇએ છીએ. સાહેબ સુરતનો તો આખા ભારતમાં પહેલો નંબર આવે છે. અમારા રણજીતભાઇએ જે પ્રવચન કર્યુ તે વન ઓફ ધી બેસ્ટ લેકચર ટુડે. તે બેસ્ટ પ્રવચન સુરત માટે કર્યુ છે માટે તેમને હું અભિનંદન આપું છું. અમારા મનિષાબેને વડોદરાનું વર્ણન કર્યુ છે. બેસ્ટમાં બેસ્ટ કામ વડોદરાની ભાજપની કોર્પોરેશને કર્યુ છે. આ કામ કેમ સારા થાય છે? માનનીય નિરંજનભાઇએ શરૂઆત કરેલી કે આટલી મહાનગરપાલિકાઓ ભાજપની, આટલી નગરપાલિકાઓ ભાજપની, તે બધી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ભાજપનું શાસન છે ત્યાં બેસ્ટમાં બેસ્ટ પ્રજાકીય કામ અમારા સૌ કોર્પોરેટરો કરે છે અને અમે તેમને સરકારમાંથી બધી જ રીતે મદદ કરીએ છીએ. અમે મહાત્મા ગાંધીજીને યાદ કર્યા. સાબરમતી આશ્રમમાં આપણે ગ્રાન્ટ ફાળવી છે. રાજકોટની અંદર આલ્ફ્રેડ હાઇસ્કૂલ કે જયાં મહાત્મા ગાંધીએ અભ્યાસ કરેલો તે સ્કૂલને ગાંધીજીના જીવન આધારિત ત્યાં પ્રદર્શન થાય, વિડીયો પ્રોજેકટરથી એનીમેશન થાય, ગ્રાફીકસ થાય તે બધુ કરવા માટે દસ કરોડ રૂપિયા મહાત્મા ગાંધીજીના જીવનને સમર્પિત કરી કામ મંજૂર કર્યુ છે. દરેક શહેરોમાં અમે જુદા જુદા પ્રકારના કામો આપ્યા છે. જુનાગઢ શહેરના વિસ્તારમાં ટીંબાવાડી વિસ્તારમાં સ્વામિનારાયણ ફલાય ઓવર અને બાયપાસ પાસે ફલાય ઓવરનું કામ અમે મંજૂર કર્યુ છે. વાપી નગરપાલિકાને કોમ્યુનિટી હોલ આપ્યો છે. નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર હવે જરૂરી છે. તેના માટે એસટીપીના કામો માટે કે જેમાં આવેલ પાણી, એકઠું થયેલ પાણી સુપ્રીમ કોર્ટના આદેશ તથા ભારત સરકારના પર્યાવરણ વિભાગની ગાઇડ લાઇન પ્રમાણે શુદ્ધિકરણ કરીને છોડવા માટે ૮૫૫ કરોડની જોગવાઇ કરી છે. જે વિસ્તારના પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટરના કામો બાકી છે, ઉમેરો કરવાનો છે ત્યાં ૧૫૦ કરોડની જોગવાઇ કરી છે. ૩૯ નગરપાલિકાઓમાં પીવાના પાણી માટે ૧૧૧ કરોડની જોગવાઇ કરી છે. ભારત સરકારે પણ અમૃત મીશન યોજનામાં દેશના ૫૦૦ શહેરો જે પસંદ કર્યા ૧ લાખથી વધુ વસતિવાળા એમાં ગુજરાતના ૩૧ શહેરોને ભારત સરકારે મંજૂર કર્યા છે, માન્ય કર્યા છે. ૫૦ ટકા ભારત સરકાર અને ૫૦ ટકા રાજય કરકારે આપવાના છે એના માટે પણ અમે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને એમાં શહેરોના તમામ કામો સારામાં સારા થાય એ માટે અમે આયોજન કર્યું છે. સ્માર્ટ સીટી અમારા સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે સારામાં સારું કામ ભારત સરકારે જે કર્યું દરેક શહેરને પાંચ વર્ષ સુધીમાં ૧૦૦૦ કરોડ રૂપિયા ભારત સરકાર અને રાજય સકારના સહયોગથી અપાશે એમાં આપણે ત્યાં અમદાવાદ, સુરત અને વડોદરા સ્માર્ટ સીટી તરીકે સિલેકટ થયા છે એની ફોર્મ્યુલા હોય એ પ્રમાણે આપણે એને લાભ આપીશું અને એ પણ આપણને વધુ ઉપયોગી થવાના છે. રાજયમાં કેપિટલ સ્માર્ટ સીટી તરીકે ૨૨ કરોડ રૂપિયાના કામોનો અમલ થઇ ગયો, કામ પૂરું થઇ ગયું છે એમાં ૨૦૭ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા અને આખું ગાંધીનગર સી.સી.ટી.વી. કેમેરાથી આવરી લીધું અને નાગરિકોના તમામ બિલો, ચૂકવણી બધું ઓનલાઇન થાય અને પારદર્શકતાથી બધું ઓનલાઇન થાય એ પ્રમાણે અને આખા ગાંધીનગરમાંથી અત્યારે લગભગ ૭૦ ટકા વિસ્તારને વાઇફાઇ સર્વિસ હેઠળ આવરી લીધું છે અને ૭૫૫ એકસેસ પોઇન્ટ ઉભા કર્યા છે એટલે ટેકનોલોજીનો પણ યુવાનો, ભાઇઓ, બહેનો ઉપયોગ કરી શકે એ કામ અમે કરી રહ્યા છીએ. શહેરી વિકાસમાં પહેલા બાજપેયી વિકાસ યોજના હતી એ પછી સ્વર્ણિમ જયંતીની ૫૦ વર્ષની ઉજવણીમાં મંજૂર કરેલ યોજનામાં પણ આપણે અનેક રકમો આપી અને ગુજરાતની અમારી સરકાર દ્વારા નાનામાં નાનું અમદાવાદ શહેર હોય કે "ડ" વર્ગનું નાનામાં નાનું ૧૫–૨૦ હજારની વસતિ ધરાવતું શહેર હોય એ બધાને આપણે સરકાર તરફથી કરોડો રૂપિયાની ગ્રાન્ટો આપીએ છીએ અને એનો લાભ દરેક શહેરને મળે છે. ઝૂપડપટ્ટી પુનર્વસન યોજના નીચે પણ અમે લાભ આપ્યો છે, ૨૦૧૭–૧૮માં ગરીબ અને મધ્યમ વર્ગને આવાસ બનાવવા ૧૩૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આમ જેટલું યાદ કરો, એફોર્ડેબલ હાઉસીંગ એ બધું જ કામ અમે કર્યું છે એટલે શહેરી વિકાસ વિભાગ, ૪૪ ટકા વસતિ શહેરોમાં રહે છે દરેકને એનો લાભ મળે એ રીતે કામ કરે છે અને એનું બજેટ પણ અહીં રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે બીજો મારો વિભાગ છે એ માર્ગ મકાન વિભાગ. રસ્તાઓની ફાળવણી વગેરેના માર્ગ મકાન વિભાગમાં પણ ઘણાં કામો કર્યા છે. માર્ગ મકાન વિભાગમાં જે મોટી અને અગત્યની વાતો છે એજ હું પહેલા સભ્યશ્રીઓને જણાવું. છેલ્લા ત્રણ વર્ષનો આંકડો કહીશ તો તમને નવાઇ લાગશે પણ ઓફિશિયલ રેકોર્ડ ઉપરનો બજેટેડ આંકડો છે. ભારતીય જનતા પક્ષની અમારી સરકારે ૨૩૩૮૦ કરોડ રૂપિયાના માર્ગ મકાનના ત્રણ વર્ષના કામો મંજૂર કર્યા છે એ પૈકી ૨૦૧૪–૧૫માં અમે જે ફાળાવણી કરી હતી એ પૈકીના ૨૭૮૩ કામો પૂર્ણ થયા છે, ૨૦૧૫–૧૬માં ૨૬૦૭ કામો પૂરા થયા અને ૨૦૧૬–૧૭માં ૧૮૦ કામો પૂરા થયા છે. એટલે ગુજરાતના રસ્તા તમારા કોઇ મહેમાન આવે, કોંગ્રેસના કોઇ મોટા આગેવાન આવે તો પૂછજો કારણ કે નેતાઓ તો આખા દેશમાં બધા રાજયોમાં ફરતા હોય દરેક પક્ષના, તો એમને પુછજો કે સાચું કહે કે ગુજરાતના રસ્તાની બાબતમાં તમારો શું અભિપ્રાય છે? ગુજરાતના શહેરોના ઇન્ફ્રાસ્ટ્રક્ચર બાબતમાં પછી એ રિવરફ્રન્ટ હોય, કાંકરિયા હોય કે આખા ગુજરાતના અનેક સ્થળો હોય, ચોક્કસ હું કહીશ કે તમારા પક્ષના નેતાઓ પણ ખાનગીમાં ચોક્કસ એવું કહેશે કે રાસ્તે તો સબ સે અચ્છે ગુજરાત કે હી હૈ. એ તમને કહેશે જ. તમે પણ જાણો છો આપણે ભલે અહીંયા બોલીએ, ટીકા ટિપ્પણ કરીએ પણ બહાર તો આપણા ગુજરાતનું જ માથું ઉંચું રાખવાનું છે એ સમજી લેજો બધા તમે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક જાહેરાતો કરવી છે. અહીંયા સભ્યશ્રીઓએ જે લાગણી પ્રદર્શિત કરી છે એક તો અગત્યનું એ છે કે, પંચાયત હસ્તકના રસ્તા એ માર્ગ અને મકાન વિભાગમાં લેવા, પૂંજાભાઇ જે રજૂઆત કરીને ગયા, એના માટેની રજૂઆત ઘણા બધા વિસ્તારોમાંથી આવી છે. એટલે અમે આ વર્ષથી નક્કી કર્યું છે કે લગભગ આઠ હજાર કિલોમીટરના મુખ્ય જિલ્લા માર્ગો જે પંચાયત વિભાગ પાસે છે જેની લંબાઇ ૧૦ કિલોમીટરથી વધુ હોય અને મુખ્ય જિલ્લા માર્ગ હોય અને જિલ્લા મથકોને અરસપરસ જોડતા હોય એવા

૮૦૦૦ કિલોમીટરના રસ્તા જે અત્યારે પંચાયત હસ્તક છે એ સ્ટેટ હસ્તક લેવાનો અમે નીતિ વિષયક જ નિર્ણય કર્યો છે. એટલે કયા ધારાસભ્યનું આવે છે તે જોવાની જરૂર નથી. ભા.જ.પ. કોંગ્રેસ કશું જુદુ નહિ પાડીએ. દરેકના અમે લઇ લઇશું. એ લાભ સ્ટેટ હસ્તકના રસ્તા થશે એટલે આપણે કરીશું. બીજું, બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓની એક વ્યવહારિક રજૂઆત આવે છે બેય બાજુ રસ્તો પહોળો હોય પણ કદાચ શકય છે કે વચ્ચે રસ્તો સાંકડો હોય, બેય બાજુ સાત સાત મીટર હોય અને વચ્ચે પાંચ મીટર હોય, સાડા ત્રણ મીટર હોય એટલે રસ્તાની સળંગ લંબાઇ પૂરી પહોળાઇવાળી રહેતી નથી. એટલે અમે નક્કી કર્યું છે કે આવા રસ્તા જ્યાં બેય બાજુ પહોળા છે અને વચ્ચે રસ્તાની લંબાઇ સાંકડી છે એવા રસ્તાઓ પણ એ પંચાયતના હોય તો પંચાયતને આપી દઇ આખો રસ્તો સળંગ પહોળો કરી દેવાનો. સ્ટેટનો હોય તો સ્ટેટ પાસેથી લઇ આખો રસ્તો સળંગ પહોળો કરી દેવાનો પણ થ્રુ આઉટ રસ્તો સળંગ પહોળો રહે એવો પણ અમે નીતિ વિષયક નિર્ણય લીધો છે.

ત્રીજો એક નિર્ણય એવો કર્યો કે વરસો પહેલાં એટલે કે લગભગ ૧૯૯૩–૯૭માં આર.આર.પી. વર્લ્ડ બેન્કના રસ્તા, એ બન્યાને ઘણા વરસો થઇ ગયા, જે તે વખતે વહીવટી નિર્ણય એવો થયો હશે કે એની જાળવણી માર્ગ અને મકાન, સ્ટેટ કરે, પણ સ્ટેટ માટે એ કામ નાનું છે. મોટા હાઇવે હોય, ફોરલેન રોડ હોય, સિક્સલેન રોડ હોય, એટલે નાના ગામડાના દૂર દૂરના ડેરી રસ્તાઓની માવજત ઓછી થતી હતી. એટલે હવે અમે નક્કી કર્યું કે હવે આર.આર.પી.ના તમામ રસ્તાઓ, રાજ્યની અંદર જે છે કુલ ૩૮૦૦ કિલોમીટરના એ પંચાયત વિભાગને આપી દઇએ છીએ. એની ગ્રાન્ટ પણ પંચાયત વિભાગને આપીશું અને એનું મેઇન્ટેનન્સ પંચાયત વિભાગ કરશે. અગત્યના જે નવ કોરીડોર આપણે ત્યાં છે એ રસ્તાઓ માનનીય મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે મંજૂર કરેલા છે એવા રસ્તાઓ માટે પણ નક્કી કર્યું છે કે, જે લાંબા અંતરના છે જેનું લિસ્ટ હું બોલી જઉં છું બે મિનિટમાં – પીપાવાવ–રાજુલા–સાવરકુંડલાનો ૨૭ કિલોમીટરનો રસ્તો, અમરેલી – ચાવંડનો ૩૦ કિલોમીટરનો રસ્તો, બોટાદ–સાયલા–મૂળી–સુરેન્દ્રનગરનો ૫૬ કિલોમીટરનો રસ્તો, સુરેન્દ્રનગર–માલવણ–બજાણા–પાટડી–દસાડા–સમીનો ૧૧૨ કિલોમીટરનો રસ્તો, પાટણ–સિદ્ધપુર–ખેરાલુનો ૪૫ કિલોમીટરનો રસ્તો, હારીજ–ચાણસ્મા ૨૧ કિલોમીટરનો રસ્તો, બગોદરા–ધોળકા–ખેડા, અમારા માનનીય ભૂપેન્દ્રસિંહજીનો ૩૨ કિલોમીટરનો રસ્તો, ભાઇ અમીતભાઇને લાગુ પડશે. નવસારી–ગણદેવી–ચિખલીનો ૩૯ કિલોમીટરનો રસ્તો, ચિખલી–વાંસદા–વઘઇનો ૩૬ કિલોમીટરનો રસ્તો, વઘાઇ–આહવા–ચિખલી–બાબુલઘાટનો ૬૮ કિલોમીટરનો રસ્તો, આ દસ રસ્તા અત્યારે જે પહોળા છે આ બધાને ચારમાર્ગીય બનાવવાનું કામ અમે મંજૂર કરી દીધું છે એટલે આ બધા રસ્તા હવે ફોરલેન બનશે. એટલે ખૂબ મોટો ટ્રાફિક એના ઉપરથી સારી રીતે પસાર થાય એ આપણે કરીશું. મોટી નદીઓ ઉપર પુલ બનાવવા માટે ૫૫૪ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે તેમાં નર્મદા નદી ઉપર માલસર જે પવિત્ર યાત્રાનું ધામ છે, પૂજય ડોંગરેજી મહારાજનો આશ્રમ છે ત્યાં આગળ નવો પુલ નર્મદા નદી ઉપર બનાવવાનું કામ આપણે મંજૂર કર્યુ છે. એવી રીતે મહિસાગર નદી ઉપર અંબા–ગલતેશ્વર રોડ ઉપર હયાત જે કોઝવે છે ત્યાં આગળ નવો પુલ ઉપરનો પુલ બનાવવાનું કામ પણ મંજૂર કર્યુ છે. એવી રીતે શેત્રુંજી નદી, ભાવનગર જિલ્લામાં ટીંબાળા દંત્રાલ રસ્તા ઉપર શેત્રુંજી નદી ઉપર પણ નવો બ્રીજ બનાવવાનું કામ ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં હારીજ–ટોટાણા રસ્તા ઉપર નવો પુલ બનાવવાનું કામ મંજૂર કર્યુ છે. તાપી નદી ઉપર અમારા મોહનભાઇ અને બધા બહુ ઉત્સાહમાં હતા દક્ષિણ ગુજરાત, આદિવાસી વિસ્તાર, નદીઓ વધારે, વરસાદ વધારે એટલે તેમને પુલ સ્વભાવિક વધારે જોઇએ. એટલે તાપી નદી ઉપર ઉનકોસાડી પાસે નવો પુલ બારડોલી આજુબાજુ બનાવવાનું કામ મંજૂર કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા રસ્તાઓ જે કર્યા છે અહીંયા વિકાસ પથ અને ગૌરવ પથની વાત થઇ. ભાઇ મહેન્દ્રસિંહે બધાએ વાત કરી. અમે નક્કી કર્યુ છે કે ૧૮૭ તાલુકા મથકોમાંથી જે વિકાસ પથ પસાર થાય છે તે વિકાસ પથ શહેર મોટું થયુ, શહેરની વસતિ વધી, લોકોની અવર–જવર વધી, ટ્રાફિક વધ્યો એટલે તે બધાજ રસ્તાઓને વધારાની જરૂરિયાત જેટલી જમીન પ્રાપ્ત થાય એટલા ફોર લેન્ડ સુધી પહોળાં કરવાનું કામ સરકારે મંજૂર કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા જે તાલુકા બન્યાં તે તાલુકાઓની અંદર પણ હવે વિકાસ પથ અને બીજા રસ્તાઓ બનાવવા માટે ૧૧૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આમ તો સાડા આઠ હજાર કરોડનો હિસાબ તમારે મારી પાસે માગવાનો અધિકાર છે પણ આ પૂરું કરો, પૂરું કરો એવું કહો છો એટલે હું સંપૂર્ણ હિસાબ નહીં આપું પણ જેને જે માહિતી જોઇએ તે મારી પાસે માગજો. તમારા મત વિસ્તારની, તમારા તાલુકાની કે જિલ્લાની તમામ માહિતીઓ આપને આપીશ. અને મોટામાં મોટી વાત મુખ્યમંત્રી ગ્રામ્ય માર્ગ પાકા કરવાની સૌથી વધુ લોકપ્રિય યોજના એના માટે પણ આ વર્ષે ૨૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. બધા ધારાસભ્યશ્રીઓને પત્રો લખ્યાં છે કે ૧૦–૧૦ કરોડના જોબ નંબર તમને મળશે તમે રજૂઆત આપી દો અને એ કામ આપણે ચાલુ કરી દઇશું. સૌનો આભાર.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન પાસેથી બે બાબતો જાણવા માગુ છું. એક ભચાઉથી ભુજ સુધીનો મુખ્ય રસ્તો છે જેના ઉપર આપે પીપીપીમાં ટોલ સાથેની વાત કરેલી હતી વચ્ચેથી એજન્સી કોઇ કારણોસર કાં કામ છોડીને ગઇ છે કે શું પરિસ્થિતિ છે તેની ખબર નથી. મુખ્ય રસ્તો ભુજને જોડતો અને અત્યંત ખરાબ પરિસ્થિતિ અધૂરાં કામો છૂટેલા છે અને ખૂબ લોકોને પરેશાની છે. તો આ કામ એજન્સીના ખર્ચે અને જોખમે કે જે રીતે પણ વહેલામાં વહેલી રીતે કયારે પૂરું કરવા માગો છો ? બીજું નખત્રાણાં તાલુકામાં વજીરા વાંઢ ગામ છે, નાનુ ગામ છે પણ ત્યાં એક પણ બારમાસી રસ્તો નથી. આ ગામને પ્રાયોરિટી આપીને નખત્રાણાના વજીરા વાંઢને બારમાસી રસ્તો કમસે કમ એક મળે

તે માટેની શું વ્યવસ્થા કરવા માગો છો ? અને શહેરી વિકાસ મંત્રીશ્રી તરીકે આપણે જે એલ.ઇ.ડી.બલ્બ અને એલ.ઇ.ડી.લાઇટનું કામ એક પીએસયુનું બનેલું એક પેટા પીએસયુ મારફતે કરાવીએ છીએ જેમાં મારી બહુ આધારભૂત મેળવેલી માહિતીથી આપને કહું છું આપણે કલેઇમ કરે છે તે કે ૫૦ ટકા વીજળી વપરાશના બિલો ઘટશે. નવસારીની મેળવેલી આર.ટી.આઇ.ની માહિતી પ્રમાણે આ બિલ ઘટતું નથી અને કોઇ પણ જાતના થર્ડ પાર્ટી ચેકીંગ વગર ગવર્નમેન્ટ પીએસયુ હોય તો પણ આ પ્રકારે એલ.ઇ.ડી.ની લાઇટો નાંખવાથી નગરપાલિકાઓને પણ નુકસાન થશે આનું કોઇ આપ ચેકીંગ કરાવવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલાં રસ્તાની જે એમણે વાત કરી એ બી.યુ.પી. ધોરણે કામ આપ્યું હતું એ કંપની આર્થિક રીતે નબળી થઇ ગઇ છે અને એણે કામ છોડી દીધું. ચાર થી પાંચ વખત અમારે ત્યાં મેં એમને મુંબઇથી બોલાવ્યા અને વારંવાર પ્રયત્નો કર્યા પણ કામ નથી કરી શક્યા એટલે લગભગ હમણાં જ અમે નિર્ણય ઉપર આવ્યા છીએ કે એનો ખર્ચ અમે ભોગવી અને આપણા તરફથી એનું કામ અમે હાથ ઉપર લેવાના છીએ. કચ્છના તમામ ધારાસભ્યશ્રીએ વારંવાર રજૂઆત કરી છે. એનો પ્રશ્ન મને પૂછાયો નથી પણ જે બગોદરાવાળા રસ્તાનો પ્રશ્ન છે એમાં પણ એ કંપની આર્થિક રીતે નબળી થઇ છે. એક LAQમાં પણ મેં જવાબ આપ્યો છે કે, અમે સાત બેંકો પાસે લોન લીધી છે એ બેંકોની સંમતી લઇ બીજી એક મોટી કંપનીને એ કામ સોંપી દઇશું. એટલે ટૂંકા ગાળામાં બંને કંપનીનઓનું કામ શરૂ કરાવવા અમે પૂરેપૂરા પ્રયત્નશીલ છીએ. બીજું આપ એલ.ઇ.ડી.ની જે વાત કરો છો એમાં અશોક ભાઇએ આંકડાકીય માહિતી આપી અને રેકોર્ડ ઉપર પણ છે. હું પણ નગર પાલિકાનો સભ્ય રહી ચૂક્યો છું એટલે મને ખબર છે. એક નગર પાલિકાનું એક મહિનાનું બિલ એક લાખ રૂપિયા આવતું હતું એ ૭૦,૦૦૦ થઇ જાય છે. તમને યોગ્ય લાગે ત્યાં તમે ચકાસણી કરાવી લેજો. LED એ Proven ટેકનોલોજી છે અને એમાં આપણે એક રૂપિયો પણ કોઇને આપતા નથી. એક લાખનું બિલ આવતું હોય અને ૭૦,૦૦૦ આવ્યું તો ૩૦,૦૦૦ જ એ કંપનીને મળે છે. એટલે એમાં આપણે કાંઇ આપતા નથી. એલ.ઇ.ડી. લાઇટ તો આખા દેશમાં ઉપકારક છે અને અમને આનંદ છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ઉજાલા બલ્બ યોજના અંતર્ગત સાડા ત્રણ થી ચાર કરોડ બલ્બ ગુજરાતના નાગરિકોને ઓફર કરી. શરૂઆતમાં મોંભી હોવા છતાં નાગરિકોએ હોંશે હોંશે એની ખરીદી કરી અને મોટા પ્રમાણમાં નાગરિકોની વીજળીનો ખર્ચ પણ ઘટ્યો છે. હવે એવા જ પંખા પણ મૂક્યા છે અને એનો લાભ પણ ખૂબ મોટા પ્રમાણમાં નાગરિકો લઇ રહ્યા છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આજે નીતિનભાઇએ ઘણા સારા નિર્ણયો લીધા જે મુખ્ય જિલ્લા માર્ગોને સ્ટેટમાં લેવાનો નિર્ણય કર્યો એ ઘણો સારો નિર્ણય કર્યો. મારે મંત્રીશ્રીને એ કહેવું છે કે, જે અમારો મુખ્ય જિલ્લા માર્ગ છે ભિલોડાથી વીરપુર સુધી જે આપે સાત કિ.મી. આપ્યા પણ બાકીના છ કિ.મી. હજી રહી જાય છે અને સાત વર્ષ જે ડેડલાઇન કરતાં પણ વધુ એટલે કે ૧૦ વર્ષ થઇ ગયા છે. તો એમાં આપ કાંઇ કરવા માગો છો કે કેમ અને બીજું કે એ ટેન્ડરમાં ૯૦ લાખની બચત છે તો એમાંથી પણ જે કાંઇ શક્ય બને એ કરવા માગો છો કે કેમ? બીજું કે મારા તાલુકાના ચાર ગામો અને મેઘરજ તાલુકાના ૧૦ ગામો એવા છે જયાં એક પણ રસ્તો નથી તો મીનીમમ એક રસ્તો આ ગામને મળે એવું આપ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શક્ય છે ત્યાં પાકા ડામરના રસ્તા બધા આપી જ દીધા છે. ગુજરાતના કોઇ ગામ બાકી નથી પણ જ્યાં વન વિસ્તારનો પ્રશ્ન હોય કે બીજો કોઇ જમીનના કબજાનો પ્રશ્ન હોય તેવા ગણ્યાં ગાઠ્યાં ગામો રહી ગયા છે. છતાં આપ આપજો જમીન મળતી હશે તો આપણે કરવાનું જ છે. બીજું જે આપે કહ્યું કે અમે તો આ કામ જે માર્ગ અને મકાન વિભાગના કર્યા છે. ૭૦ લાખની બચત છે. અમારી સરકાર પ્રમાણિકતાથી કામ કરે છે. પહેલાં બજેટો પહેલાં આવતા હતા. અત્યારે તો ૩૦ થી ૪૦ ટકા બિલો આવે છે. આ પહેલી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે કે ટેન્ડરો નીચા આવે છે. બાકી પહેલાં તો બધી ગોઠવણ થઇ જતી હતી. અમે બધું ઓનલાઇન કર્યુ છે. કોઇ જગ્યાએ સિંડીકેટ ના થાય, મીલીભગત ના થાય એ કામ ભાજપની સરકારે કર્યું છે.

ગૃહનો સમય લંબાવવા બાબત.

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરા થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : ગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, નિર્ણય સારા લીધા પણ મારો અનુભવ છે કે ચાર–પાંચ વખત લખીને આપ્યું. મુખ્યમંત્રી સડક યોજનામાં સહી કરીને આપી પણ જોબ નંબર નથી મળતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ યોજનાની શરૂઆત આપણે ગયા વર્ષે કરી છે. આખા ગુજરાતમાં હજારો કાચા નેડિયાવાળા રસ્તા છે. અમારી બાજુ નેડિયા કહે છે. ખેડૂતોના ખેતરમાં જવા માટેના રસ્તા છે, આ ભારતીય જનતા પક્ષની અમારી સરકારે પહેલીવાર ગુજરાતમાં આ કામ શરૂ કર્યું છે એટલે તબક્કાવાર બધું થશે, ગઇ વર્ષે થયા, આ વર્ષે થશે પછી આવતી સાલ થશે. પાંચેક વર્ષમાં લગભગ આ પ્રશ્ન મોટા પ્રમાણમાં આપણે હળવો કરી શકીશું.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ હમણા એવું કહ્યું છે કે, જે અનઇવન રસ્તા છે એટલે જે એવા રસ્તાઓ કે જે ચાર લાઇનના વચ્ચે બે લાઇન થઇ જાય તો ચાર લાઇન કરી આપવા માટે સાહેબે હા પાડી

છે,ત્યારે મારે એટલું જ ધ્યાન દોરવાનું છે કે, વચ્ચે વચ્ચે એ રોડ ઉપર આવતા પુલ જે સાંકડા થઇ જાય છે ત્યારે ચાર વ્હિકલ એક સાથે જાય છે ત્યારે પણ એ પુલ કામ આવે એવા બનાવે એવું મારું સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રણજીતભાઇનું સૂચન બહુ અગત્યનું છે, રોડ પહોળા થઇ ગયા હોય અને પુલો સાંકડા રહ્યા હોય એવા ઘણાં કિસ્સા છે, તબકકાવાર બધું આપણે કરતા રહીશું. હજુ આવતા પાંચ વરસ આપણે કરવાનું જ છે ને બધું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગયા વર્ષના બજેટમાં આપ આરોગ્ય મંત્રી હતા અને મારા મત વિસ્તારમાં હોસ્પિટલ આપે આપી હતી એને એક વર્ષ થઇ ગયું, આપનું ડિપાર્ટમેન્ટ પણ બદલાઇ ગયું. અમદાવાદ શહેરમાં ટી.પી. ના પડવાના કારણે પ્લોટ મળતો નથી અને પ્લોટ ના મળવાના કારણે આપે આપેલી હોસ્પિટલ એક વરસ થવા છતાં પણ આજે અસ્તિત્વમાં આવી નથી તો અમદાવાદ શહેરની ટી.પી.બાબતમાં એ કરશો અને બીજું, મેટ્રો સીટી વાત કરો છો બધું છે પણ મારા મત વિસ્તારમાં પ્રભારી મંત્રીશ્રી પણ જાણે છે આજે પણ પાણીના ટેન્કરોથી ૨૨૦૦૦ લોકો પીવાનું પાણી પીએ છે. મારા વિધાનસભા વિસ્તારમાં આજે પણ લોકો ટેન્કરનું પાણી પીએ છે અને પાણીની લાઇન નથી ત્યાં તો આપ આ અંગે શહેરી વિકાસ મંત્રી છો અને આપને પત્ર લખેલો છે કે પાણી માટેની વ્યવસ્થા કરી આપવા વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પી.એચ.સી., સી.એચ. સી. ટાઇપના આજે જ અમારા આરોગ્ય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું છે અને આ પણ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કર્યું છે કે મહાનગરોમાં દા. ત. વી. એસ. હોય, સુરતમાં હોસ્પિટલ હોય, રાજકોટમાં હોય પણ આવડા મોટા શહેરમાં એક હોસ્પિટલમાં જાય, પહોંચી શકે નહીં, એટલે આરોગ્ય વિભાગ તરફથી સી.એચ.સી. ટાઇપના દવાખાના બનાવવા માટે કોરપોરેશનને અમે ગ્રાન્ટ આપી, મહેકમ આપ્યું, જયાં જગ્યા ના મળે ત્યાં ભાડાના મકાનમાં પણ હોસ્પિટલ ચાલુ કરે સી.એચ. સી., અને જયાં ટી.પી. પડતી જાય ત્યાં પ્લોટ આપશું, તમારા ત્યાં અભ્યાસ કર્યો, દાણીલીમડા એ જૂનો વિસ્તાર છે. ભરચક વિસ્તાર છે, દાયકાઓ પહેલાં ટી.પી. બની હશે ત્યાં પ્લોટ જ ઉપલબ્ધ નથી એટલે આપણે નથી કરતા, પણ અમારા મંત્રીશ્રી શંકરભાઇ, તમારા એ પ્રશ્નના આખા શહેરમાં લગભગ પંદરેક સી.એચ.સી. અમદાવાદમાં કરવાના છે એટલે તમને લાભ મળવાનો છે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી છે કે, અમદાવાદ–બાલાસીનોર–લુણાવાડા રાજય ધોરી માર્ગ ઉપર હાલોલનો લોઅર લેવલ બ્રીજ છે, લગભગ આ રસ્તો બંધ રહે છે અને સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો છે કે, નવો હાઇલેવલ બ્રીજ બનાવવાનો, તો સરકાર એ કામ ઝડપથી કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ સૂચન છે, જોઇ લઇશું, આખા રાજયમાં આવડા મોટા રાજયનું બધી અહીંયાં મારી પાસે માહિતી હોય નહીં.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ઘણા બધા રસ્તાઓ એવા છે કે, કુલ લંબાઇમાંથી અમુક રસ્તાઓની લંબાઇ માર્ગ અને મકાન વિભાગ જોડે હોય, અમુક રસ્તાઓની લંબાઇ સિંચાઇ વિભાગ પાસે હોય અને બીજા રસ્તા એવા છે કે, માર્ગ અને મકાન વિભાગના રસ્તા હોય અને એમાં જે નદી નાળા આવતાં હોય, કોઝવે હોય એ સિંચાઇ વિભાગના હોય, તો આ બન્નેનું એકત્રીકરણ કરી માર્ગ અને મકાન વિભાગ હસ્તક આ રસ્તા લેવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે, વિશ્વ મહિલા દિવસે મહિલા ધારાસભ્યશ્રીઓને જે એક કરોડ રૂપિયા આપ્યા હતા એવી રીતે આજે પુરુષ ધારાસભ્યોને કોઇ ગ્રાન્ટ આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે કયાં પુરુષ દિવસ છે? સાહેબ, હું સમયની મર્યાદા હોવાના કારણે ઘણુ જાહેર નથી કરી શક્યો, અમે સાહેબ એક નિર્ણય એ પણ કર્યો છે અને માનનીય ધારાસભ્યશ્રીઓને જાણીને આનંદ થશે કે, સિંચાઇ વિભાગના જયાં કોઝવે આવતા હોય, બંને બાજુ રોડ આર એન્ડ બી નો હોય. એટલે અમારા માનનીય મંત્રીશ્રી નાનુભાઇ સાથે મેં ચર્ચા કરી. સિંચાઇ વિભાગની કામગીરી પાણી આપવાની છે પુલ બનાવવાની નથી. તેથી એ બધા પુલ અને કોઝવે માર્ગ અને મકાન વિભાગ હસ્તક લઇ લીધા છે અને એની મરામત અને પહોળા કરવાની કામગીરી તબક્કાવાર કરવામાં આવશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : અમદાવાદમાં મકરબામાં ટીપી ૨૦૪માં ખેડૂતોની જમીન કપાતમાં ગઇ તેથી એમને ફાઇનલ પ્લોટ બીજા ગામ જેવા સરખેજ, ઓકાફ ગામે આપવામાં આવ્યા છે. તો એ રદ કરીને મૂળ જગ્યાએ મકરબામાં આપવા માગે છે કે કેમ, બીજું મારો પ્રશ્ન એ છે કે મારા મત વિસ્તારમાં આવેલ જી.આઇ.ડી.સીમાં છેલ્લા દસ વર્ષથી ખેડૂતોએ જમીનો આપી છે એની વિધાનસભામાં રજૂઆત કરી, માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરી, લેખિતમાં રજૂઆત કરી તેમ છતાં આઠ ગામના એપ્રોચ રસ્તાઓ સારા રિપેર અથવા તો નવા કર્યા નથી તો એ રસ્તાઓ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રીએ ટીપીનો પ્રશ્ન કર્યો છે એનો અભ્યાસ કરીશું. નિયમ પ્રમાણે જે કાર્યવાહી થતી હશે એ કરવામાં આવશે એમાં કોઇ પ્રશ્ન નથી. જી.આઇ.ડી.સી.ના રસ્તા મારા હસ્તક નથી એટલે તમે ઉદ્યોગ મંત્રીશ્રીને રજૂઆત કરજો. સાણંદનો બાયપાસ પૂરો થઇ ગયો, કડી સાથે જોડી દીધા, સૌરાષ્ટ્ર સાથે જોડયા, અમદાવાદ, વિરામગામ, બાવળા સાથે જોડી દીધા. ચારે બાજુ મેદાન ખુલ્લુ છે.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૨ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.
માગણી ક્રમાંક ૧૦૧, ૧૦૨, ૮૫, ૮૬, અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૭–૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળવા મુલતવી રહ્યું.